॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી ૐકારાય નમઃ ॥
॥ લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

(સંસ્કૃત છાયા ગુજરાતી ભાવાર્થ સાથે)


-ઃ ભાવાનુવાદક ઃ-
પૂજ્યપાદ ધર્મદિવાકર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
**ભુવનતિલકસૂરીશ્વરજી મ.સા.** ના પટ્ટધર પૂજ્યપાદ
સંસ્કૃતવિશારદ, કર્નાટકકેશરી, શ્રાવસ્તીતીર્થોદ્ધારક
સ્વ. આચાર્યદેવ **શ્રીભદ્રંકરસૂરીશ્વરજીમહારાજા**

ઃ શુભાશિષ ઃ
પૂ. ૐકારતીર્થ સ્થાપક આચાર્ય **શ્રીપુણ્યાનંદસૂરીશ્વરજી** મ.સા.

-ઃ સંપાદક ઃ-
ગણિવર્ય શ્રી **વિક્રમસેનવિજયજી** મ.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી ૐકારાય નમઃ ॥
॥ લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

(શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વર જૈન ગ્રંથમાલા)

# શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

(સંસ્કૃત છાયા ગુજરાતી ભાવાર્થ સાથે)

-: ભાવાનુવાદક :-

પૂજ્યપાદ ધર્મદિવાકર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
**ભુવનતિલકસૂરીશ્વરજી મ.સા.** ના પટ્ટધર પૂજ્યપાદ
સંસ્કૃતવિશારદ, કર્ણાટકકેશરી, શ્રાવસ્તીતીર્થોદ્ધારક
સ્વ. આચાર્યદેવ **શ્રીભદ્રંકરસૂરીશ્વરજીમહારાજા**

: શુભાશિષ :

પૂ. ૐકારતીર્થ સ્થાપક આચાર્ય **શ્રીપુણ્યાનંદસૂરીશ્વરજી** મ.સા.

-: સંપાદક :-

ગણિવર્ય શ્રી **વિક્રમસેનવિજયજી** મ.

**: પ્રકાશક :**

શ્રી ૐકાર જૈન તીર્થ - પદમલા

વિ.સં. ૨૦૬૦ • વીર સં.૨૫૩૦ • લબ્ધિ સં.-૪૨
ભદ્ર સં. ૧૦ • ઈસ્વીસન્ ૨૦૦૪

પૂ. સાધુ-સાધ્વી મ.ને પ્રાપ્તિસ્થાનના સરનામે રૂા.૫-૦૦ની પોષ્ટ સ્ટેમ્પ મોકલવાથી ઉત્તરાધ્યયનસૂત્ર ભેટ મળશે.

મૂલ્ય :- રૂા. ૭૦-૦૦

પ્રાપ્તિસ્થાન :-

**લબ્ધિ-ભુવન જૈન સાહિત્ય સદન**
C/o. રાજેશભાઈ નટવરલાલ શાહ
કાપડના વહેપારી, બજારમાં,
પો. છાણી ૩૯૧ ૭૪૦, જી. વડોદરા. (ગુજરાત)
ફોનઃ- ૨૭૭૧૦૮૮

મુદ્રક :- **કિરીટ ગ્રાફિક્સ**
૨૦૯, આનંદ શોપીંગ સેન્ટર અમદાવાદ-૧.
ફોન- (૦૭૯) ૨૫૩૫૨૬૦૨

# પ્રકાશકીય

આજે આપની સમક્ષ **શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર ભાગ-૨** પુનરાવૃત્તિરૂપે પ્રકાશિત કરતાં અતીવ હર્ષ થાય છે.

આજથી ઘણા વર્ષ પહેલાં અમોએ ઉત્તરાધ્યયનસૂત્રને બે ભાગરૂપે સંસ્કૃત છાયા ગુજરાતી ભાવાર્થ સાથે ૩૬ અધ્યયનોથી સંપૂર્ણ ગ્રંથ પ્રકાશિત કર્યો હતો.

સાધુ-સાધ્વીઓને અભ્યાસ માટે આ ગ્રંથ એટલો ઉપયોગી બની ગયો કે તેની નકલો થોડા જ સમયમાં ખલાસ થઈ ગઈ. તો પણ સાધુ-સાધ્વીઓની માંગણી એટલી બધી આવી કે જેના માટે જલ્દી ચોથી આવૃત્તિ પ્રકાશિત કરવાની ફરજ થઈ પડી. આ ગ્રંથ બુકાકારે હોવાથી વિહારમાં પણ સાથે રાખવામાં ઘણી સુગમતા રહે છે.

અમારી સંસ્થાના સદા ઉત્કર્ષને ચાહતા પરમોપકારી સ્વ. ભદ્રપ્રકૃતિ પરમ પૂ. આ. શ્રીમદ્વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજશ્રીના ઉપકારાના શા વર્ણન કરીયે...! તેઓશ્રીની અમિદૃષ્ટિ સંસ્થા પર વર્ષતી રહે, એજ વંદના સાથે અર્જ કરીયે છીએ.

પુસ્તક પ્રકાશન આદિ કાર્યમાં સહયોગ અર્પનાર પૂ. આ. શ્રી **પુણ્યાનંદસૂરીશ્વરજી** મ. સા. ગણિવર્ય શ્રી **વિક્રમસેન વિ.મ.** આદિને કેમ વિસરાય.....તેઓશ્રી સંસ્થાના પ્રકાશનો પ્રત્યે આત્મિયભાવે સુંદર સહકાર આપતા જ રહે છે. તેઓશ્રીને વંદના કરી આનંદ અનુભવીયે છીએ. પુસ્તક પ્રકાશનમાં આર્થિક સહયોગ-દાતા શ્રુતપ્રેમી મહાનુભાવો તથા શ્રુતધર્મરસીક સંઘની સહર્ષ નોંધ લેતા તેમની શ્રુતધર્મપ્રતિ ભક્તિની અનુમોદના કરી આભાર માનીએ છીએ. જેઓ આવી રીતે સમ્યગ્જ્ઞાનની ભક્તિ કરતા રહી આત્માની સાચી લક્ષ્મી કેવલ્યલક્ષ્મીને પ્રાપ્ત કરે.

ગ્રંથના પ્રુફ સંશોધનમાં પૂ. સાધ્વી **હર્ષપદ્માશ્રી** આદિ શિષ્યાનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો, તેમજ પુસ્તકને શુદ્ધ અને સ્વચ્છ પ્રકાશન કરવામાં **કિરીટ ગ્રાફિક્સ**ના સહયોગને આ તકે કેમ ભૂલાય ! તેમની મહેનત વગર આવું સુંદર પ્રકાશન ન જ થાત....!

અંતમાં સૂત્રના અધિકારી સાધુ-સાધ્વી આ અધ્યયનોને ભણી-ભણાવી કર્મ નિર્જરા કરી આત્મકલ્યાણ સાધે એજ શુભ પ્રાર્થના.

**–પ્રકાશક**

## પ્રાક્‌વચન

સંસારની સપાટી ઉપર જીવ અનાદિકાળથી વિવિધ સ્વાંગો સજીને નાટકીયાની જેમ નાટક કરી રહ્યો છે. કર્મ સૂત્રધાર છે. જીવને તે આદેશઈસારા કરીને નાનાવિધ નાચ નચાવી રહ્યો છે. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી વીતરાગદેવની સ્તવના કરતાં મુક્તકંઠે લલકારે છે કે "કર્મ નચાવે તિમહી નાચત" અનાદિનો નાટારંભ સંસારની રંગભૂમિ ઉપર સતત્ ચાલ્યા કરે છે. આ જીવ પ્રબલ પુણ્યના પ્રતાપે માનવજન્મને મેળવે છે અને તેમાંય નાચ તો નાચવો જ પડે છે. માનવની બુદ્ધિ જરા સ્વસ્થ થાય, શાસ્ત્રાધ્યયન કે શ્રવણથી બુદ્ધિમાં સંસ્કાર સિંચાય અને સ્વભાવને દેખી પરભાવનો પરિત્યાગ કરીને સ્વરમણતા મેળવે, તો જીવને કર્મજનિત નાચ ઓછો થાય અને બાહ્ય રંગ ઉડી જાય છે. આથી તે અંતર્મુખ બને છે અને અભ્યંતરના ઉત્થાનમાં ડોકીયું કરે છે. પછી તો કર્મ ગુન્હેગારની જેમ લાચાર બને છે. કર્મનો જંગ જીતતાં જીવાત્મા કર્મ ઉપર વિજય મેળવે છે-સાચો વિજેતા બને છે.

પ્રાણી માત્રને સંસારનિવાસ એ પરવશતાનો-પારકાષ્ઠાનો દારૂણ પાશ છે. સંસારને શાસ્ત્રકાર મહારાજાઓ સાગરની, દાવાનળની અને કેદખાનાની ઉપમાઓ અર્પે છે, તેમ જ પ્રાણીઓને એ ભયંકર સ્થાનમાંથી મુક્ત થવાની પ્રેરણા આપે છે. તેઓશ્રી સંસારની દારુણ-દુઃખ દાવાનળથી બળેલા જીવને પૂર્ણ શીતલતાભર્યું જો કોઈ સ્થાન હોય, તો તે અચલ અને અવ્યાબાધ એક મોક્ષ જ છે-એમ પોકારી પોકારીને પ્રદર્શિત કરે છે. સંસારસાગરમાં ડૂબતા પ્રાણીઓને તરવાનું સ્થિર અને શાશ્વત સ્થલ મુકિત જ છે-એય નિશ્ચિત વિદિત કરે છેઃ સંસારરૂપી કેદખાનામાં-પરતંત્ર દેહમાં માત્ર દુઃખ, દુઃખ અને દુઃખને જ અનુભવતા જીવોને માત્ર સુખ, સુખ, અને સુખમય સ્થાન મોક્ષ જ છે-એવું પ્રતિપાદન કરે છે.

માનવજન્મ મેળવ્યો એને સાથે સાથે જન્મ પણ જૈનધર્મીના ઘરમાં પુણ્યપ્રભાવે થયો. વળી શ્રી જિનશાસનની ઓળખ થઈ, તેમજ તે પ્રત્યે અવિચલ શ્રદ્ધા જન્મી અને પાપસ્થાનકોનો પરિત્યાગ કરીને વ્રતધારી બનાવાની સુભાવના-લતા વિકસી. વ્રતગ્રહણ કર્યા પછી સંયમી જીવોને પુષ્ટ કરવાનું, સંયમી જીવનને સાર્થક બનાવવાનું અને સંયમીજીવનની ઉચ્ચ કક્ષાએ

પહોંચવાનું રસાયણ કહો કે પ્રબલ અવલંબન કહો તો તે સ્વાધ્યાય જ છે. માનવોને જીવવા માટે જેમ પાણી, પ્રકાશ અને પવનની આવશ્યકતા રહે છે, તેમ સંસારત્યાગી સંયમધરોને સંયમજીવનને જીવંત અને મનને ઉજ્જવલ રાખવા માટે આહાર કહો કે જડીબુટ્ટી કહો, તો તે આત્મકલ્યાણ સાધનારા શ્રી વીતરાગદેવની વાણીથી ઓતપ્રોત સુશાસ્ત્રોનો સ્વાધ્યાય જ આધાર છે. એક ઉક્તિ છે કે- "**स्वाध्यायहीनो यतिः**" જેમ વસ્ત્ર વગરનો માનવ નગ્નાટી જેવો કહેવાય છે. તેમ સ્વાધ્યાયવિહુણો યતિ-સંયમી પણ સંયમજીવનને બદતર બનાવી દે છે, પતનના પંથે પરવરે છે. ઈન્દ્રિયોના ચંચલ તુરંગોના લગામ, મનમર્કટને સ્વેચ્છાનું ફૂલ વર્તાવવાની શ્રૃંખલા, વચનબળને નિરવદ્ય અને પુણ્યરૂપ સિદ્ધ બનવાવનું યંત્ર અને કાયાની કંપનીનો ભરચક નફો મેળવવાની સુંદર સીઝન જો કોઈ હોય, તો શાસ્ત્રકારો સ્વાધ્યાયને જ ઉત્તમ અને અનુપમ ઉપાય રૂપે દર્શાવે છે. મનને કાંઈ ને કાંઈ મનન જોઈએ છીએ. પછી ભલે એને દુર્ભાવનાનું મેદાન મળે કે સુભાવનાનું સુરદ્રુમ મળે કે મન દુર્ભાવનાના દુર્દાંત દાવાનાલમાં દગ્ધ બને, એટલી એની આજ્ઞાવર્તી પાંચેય ઈન્દ્રિયો કૂદાકૂદ કરી મૂકે છે. વાસનાના વિરાટ વનમાં પાંચેય ઈન્દ્રિયો છૂટી થયા પછી ત્રેવીશ વિષેયોના વિવરોમાં તે વિલસ્યા કરે છે. આ તો તોફાન એવું જામે છે કે-તેનો કાબુ તો દૂર રહ્યો, પણ તેનાથી જીવ હેરાન-પરાશાન થઈ ને "पतति नरको-ऽशुचौ" અથવા નરકની અશુચિમાં જીવ બિચારો સીધો ગબડી જ પડે છે.

આ જીવાત્માને જો ઉર્ધ્વીકરણ કરવું હોય, મનને સ્વવશ રાખવું હોય, પાંચેય ઈન્દ્રિયોથી પેદા થતી વાસનને બાળીને ખાખ બનાવવી હોય, તો પ્રતિદિન મનને સ્વાધ્યાય-સુધાના પાનથી તરબતર-તરબોળ રાખવું એ જ ઉચિત છે.

શાસ્ત્રોમાં પૂર્વમહર્ષિઓના આયુષ્યો ક્રોડો વર્ષોનાં દર્શાવ્યા છે. રાજાઓ-મહારાજાઓ રાજ્યને તૃણની જેમ અસાર સમજીને ત્યાગ કરતાં હતાં, ધાનાઢ્યો અઢળક ઋદ્ધિ-સિદ્ધિનો બળતા ઘરની જેમ ત્યાગ કરીને સંયમ-પંથના પ્રાવાસી બનતા હતા, અન્યો સ્વમાનેલી સર્વ વ્યામોહજનક વસ્તુઓને તરછોડીને નિર્ગ્રન્થ બનતા હતા એ અબ્જો વર્ષો પર્યંત સંયમને શુદ્ધ પાલન કરતા હતા. એટલો દીર્ઘકાલ તોઓના પરિણામની વિશુદ્ધિ, મનની દૃઢતા અને ભવોલ્લાસની પવિત્રતા માત્ર સ્વાધ્યાય જ ટકાવી રાખતો હતો, -એમ શાસ્ત્રાભ્યાસના અનુભવથી સ્પષ્ટ જણાય છે સંસાર તરવાની ભાવનાવાળા

ભવ્ય જીવોઓ સ્વાધ્યાયનો રસ લખલૂટ લુંટવો જ જોઇએ. અતૂટ ભાવનાથી સંયમ સ્થિરીકરણ કરવા માટે સ્વાધ્યાય-સુધાસાગરમાં મગ્ન-લીન રહેવું જ જોઇએ. જેમ નવપરણિત તરુણને.

નવવધૂનું સૌન્દર્ય-લાવણ્ય-વચન-વિલાસો રૂપ અને રંગ પ્રતિક્ષા ચિત્તભુમિ ઉપર સ્મરણ થયા જ કરે છે, તેમ સંયમ પામનાર પવિત્ર ત્યાગી પુરુષોને હૃદયપટ ઉપર શાસ્ત્રસ્વાધ્યાય, તેના વિષયો, તેનું પરિણામ અને ચિંત્વન પ્રતિક્ષણ રમતું રહેવું જ જોઇએ. પરિણામે તે સંયમી નિરતિચાર સંયમનું પવિત્ર પાલન કરીને, કર્મવનને બાળીને અને મોક્ષ-પદને જલ્દી મેળવીને, આત્યંતિક અને એકાન્તિક સુખનો શાશ્વત ભોક્તા બને છે.

શ્રી સર્વજ્ઞભગવંતોએ નિર્મલ કેવલજ્ઞાન દ્વારા વિશ્વભરના જંતુઓને સત્ય પરિપૂર્ણ અને અનંત જ્ઞાન દર્શાવ્યું છે, તેમ જ તે જ્ઞાન શ્રી ગણધર ભગવંતોએ સ્વસ્મૃતિમાં અંકિત કરીને સૂત્ર-અગમરૂપે ગુંથ્યું છે. ચરમ તીર્થપતિ શ્રી મહાવીર ભગવાનનું અગાધજ્ઞાન આજે જે આગમોમાં મળે છે, તે શ્રી ગણધર ભગવાનોઓ પરમ કૃપાથી શાસ્ત્રોમાં યોજેલું તે જ છે. શ્રી વીતરાગદેવનું જ્ઞાન જે કોઇ પણ આગમમાં ગુંથેલું હોય, તે સર્વ સ્વાધ્યાય યોગ્ય જ છે. તે જ્ઞાનનું ચિંત્વન અને પરિશીલન આત્માને સ્થિર-સ્વભાવી બનાવે જ છે. આત્માનું સાચું દર્શન કરાવવાને એ સમર્થ જ હોય છે.

સર્વ જીવોને સરલતાથી સ્વાધ્યાય યોગ્ય અને રસભરપૂર તેમજ વૈરાગ્ય, આધ્યાત્મ તથા ત્યાગથી તરબોળ વર્તમાનકાળમાં '**શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર**' ઘણું જ પ્રચલિત અને પ્રસિદ્ધ છે. શ્રી વીર ભગવંતના પવિત્ર શાસનમાં નવદીક્ષીત સંયમીને જીવનની સ્થિરતા, દૃઢતા તથા રસમયતા અર્થે શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર જ પ્રથમ ભણવવામાં આવતું હતું. સૂત્રાધ્યયનના નિમિત્તને મેળવીને ભવ્યાત્માઓ અણીશુદ્ધ ચારિત્રનું પાલન કરી સ્વશુદ્ધિ મેળવતા હતા. શ્રી વીર પ્રભુની અંતિમ વાણી રૂપ આ છત્રીસ અધ્યયનોથી શોભિત શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર અનેકોને સ્વાધ્યાયથી ઉપકારજનક બની રહ્યું છે. પ્રત્યેક અધ્યયનોમાં આધ્યાત્મિક જીવનની રસધારા સમા રસિક બોધોત્પાદક અનેક વિષયોનું વિશદ વિવેચન છે. મૂલ પ્રાકૃત ભાષામાં સંકલિત છે. અને એ સૂત્ર ઉપર અનેક મહાપુરુષોની વિદ્વદ્‌ભોગ્ય અનેક ટીકાઓ રચાયેલી છે. તેમાં વાદિવેતાલ પૂ. શ્રી શાંતિસૂરિજી મહારાજની ટીકા તો સર્વશ્રેષ્ઠ સર્વ દર્શનોના

જ્ઞાનની સાથે જૈનદર્શનનું દૃઢીકરણ કરવા માટે અમોઘ શસ્ત્ર જેવી છે. આમતો આ ગ્રંથ કથાનુયોગમાં પ્રવિષ્ટ છે. પરન્તુ અનેક રસભર્યા વિષયોની વાણી તે પીરસી જાય છે. એ તો એના અધ્યયનશીલોને વિદિત જ છે.

"सज्जाय समो तवो नत्थि" શ્રી જૈનશાસનમાં સ્વાધ્યાયને તપ કહ્યો છે. સ્વાધ્યાય સમાન અન્ય તપ નથી. તેમા શ્રી ઉત્તરાધ્યયનસૂત્રનો સ્વાધ્યાય સર્વમુખ્ય છે. તપ્ત થયેલા પ્રાણીગણને આ સ્વાવધ્યાય શીતલ ચંદન જેવો અનુપમ છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોને સાગરોપમોનો કાળ તત્ત્વદ્રવ્યાનુ-યોગના સ્વાધ્યાયમાં વ્યતીત થાય છે. એ દેવનું સુખ પણ સર્વદેવાધિકતમ કહેલું છે એનું કારણ સ્વાધ્યાય-રસનંદનું જ છે. આ ગ્રંથને વર્તમાનમાંય આત્માર્થી અને ખપી સાધુ-સાધ્વી મહારાજો જીવનસાથી જેવો માનીને તેનો સ્વાધ્યાયમાં ઉપયોગ કરી રહ્યાં છે. મૂલ ગ્રંથને જ સ્વાધ્યાય તરીકે કરતાં અર્થવિહીનતા જોઈને તેવો રસ નથી જન્માવતી. એ હેતુને લક્ષ્યમાં રાખીને સાર્થ-મૂલ શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર છાપવાનો શુભાશય થયો અને એ સ્વપ્ન, આ ગ્રંથ તરીકે પ્રગટ થતાં આકાર લઈ રહ્યું છે-એમ કેમ ન માનાય ?

આ સ્વાધ્યાય-ઉચિત સાર્થ-મૂલ શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર પ્રગટ થઈ રહ્યું છે. આશા છે-કે સ્વાધ્યાયરસિક પુણ્યાત્માઓ એનો સ્વાધ્યાયમાં અર્થ-જ્ઞાન સાથે ઉપયોગ કરશે એન પ્રસ્તુત પ્રયાસને સાર્થક બનાવશે જ.

શાસનરક્ષક સૂરિસાર્વભૌમ, કવિકુટલકિરીટ, પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **લબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ, સ્વ-વૃદ્ધાવસ્થામાં પ્રતિદિન આત્માને શમ-પ્રશમ-શાન્તરસમાં તરબોળ બનાવવા માટે આ જ શ્રી ઉત્તરાધ્યયસૂત્રને સ્વ-સ્વાધ્યાયનું એક મુખ્ય અંગ બનાવ્યું હતું, એટલું જ નહિ પણ મૂલ સૂત્રને કંઠસ્થ કર્યું હતું અને દિવસે કે રાત્રિના વેદનાના અવસરે તેઓશ્રીએ પોતાના આત્માને આ જ સૂત્રના રટણથી સ્થિર પ્રાશાન્ત રાખ્યો હતો, -એમ અનુભવસિદ્ધો જાણાવી રહ્યા છે. એટલે આ ગ્રંથનું શુભાભિધાન જ્યારે મુખથી નીકળે છે. ત્યારે એ પૂજ્યપુરુષનું સ્મરણ સહજ જ થઈ આવે છે.

આ ગ્રંથની પ્રસ્તાવના જો કે અહીં સંપૂર્ણ થાય છે, પરંતુ ગ્રંથ જ એવો છે કે-એની પ્રસ્તાવના માટે સોના ઉપર ઢોળ ચઢાવવા જેવું છે, છતાં પણ શિષ્ટાચાર સચવાય તે હેતુથી ટૂંકું ગ્રંથબોધન કરવામાં આવ્યું છે.

આ ગ્રંથ મુદ્રણમાં જે મહાશયોએ જ્ઞાનભક્તિ અર્થે સ્વદ્રવ્યવ્યય કરી પોતાની ઉદારતા દાખવી છે, તે અનુમોદનાને પાત્ર છે. **-અતિથી.**

# વિષયાનુક્રમણિકા


| ક્રમ | અધ્યયન | પેજ નં. |
|---|---|---|
| ૧. | શ્રી વિનયશ્રુત અધ્યયન. | ૧ |
| ૨. | શ્રી પરીષહાધ્યયન. | ૧૪ |
| ૩. | શ્રી ચતુરંગીય અધ્યયન. | ૨૮ |
| ૪. | શ્રી પ્રમાદાપ્રમાદાધ્યયન. | ૩૪ |
| ૫. | શ્રી અકામમરણીયઅધ્યયન. | ૩૮ |
| ૬. | શ્રી ક્ષુલ્લકનિગ્રન્થીયાધ્યયન. | ૪૭ |
| ૭. | શ્રી ઉરભ્રીયાધ્યયન. | ૫૨ |
| ૮. | શ્રી કાપિલીયાધ્યયન. | ૬૦ |
| ૯. | શ્રી નમિપ્રવ્રજ્યાધ્યયન. | ૬૬ |
| ૧૦. | શ્રી દ્રુમપત્રકાધ્યયન. | ૮૧ |
| ૧૧. | શ્રી બહુશ્રુતપૂજાધ્યયન. | ૯૧ |
| ૧૨. | શ્રી હરિકેશીયાધ્યયન. | ૧૦૦ |
| ૧૩. | શ્રી ચિત્રસંભુતાધ્યયન. | ૧૧૪ |
| ૧૪. | શ્રી ઈષુકારયાધ્યયન. | ૧૨૪ |
| ૧૫. | શ્રી સભિક્ષુ અધ્યયન. | ૧૩૯ |
| ૧૬. | શ્રી બ્રહ્મચર્ય સમાધિસ્થાનાધ્યયન. | ૧૪૪ |
| ૧૭. | શ્રી પાપશ્રમણીયાધ્યયન. | ૧૫૬ |
| ૧૮. | શ્રી સંયતાધ્યયન. | ૧૬૨ |
| ૧૯. | શ્રી મૃગાપુત્રીયાધ્યયન. | ૧૭૭ |
| ૨૦. | શ્રી મહાનિર્ગંથીયાધ્યાયન. | ૨૦૧ |
| ૨૧. | શ્રી સમુદ્રપાલીયાધ્યયન. | ૨૧૭ |
| ૨૨. | શ્રી રથનેમિયાધ્યયન. | ૨૨૪ |
| ૨૩. | શ્રી કેશિ-ગૌતમીયાધ્યયન. | ૨૩૫ |
| ૨૪. | શ્રી પ્રવચન-માતૃ અધ્યન. | ૨૫૭ |
| ૨૫. | શ્રી યજ્ઞીયાધ્યયન. | ૨૬૪ |
| ૨૬. | શ્રી સમાચારી અધ્યયન. | ૨૭૪ |
| ૨૭. | શ્રી ખલુંકીયાધ્યયન. | ૨૮૯ |
| ૨૮. | શ્રી મોક્ષમાર્ગગતિ અધ્યયન. | ૨૯૪ |
| ૨૯. | શ્રી સમ્યક્ત્વપરાક્રમાધ્યયન. | ૩૦૫ |
| ૩૦. | શ્રી તપોમાર્ગગતિ અધ્યયન. | ૩૩૭ |
| ૩૧. | શ્રી ચરણવિધિ અધ્યયન. | ૩૪૭ |
| ૩૨. | શ્રી પ્રમાદસ્થાનાધ્યયન. | ૩૫૮ |
| ૩૩. | શ્રી શ્રી કર્મપ્રકૃત્તિ અધ્યયન. | ૩૮૮ |
| ૩૪. | શ્રી શ્રી લેશ્યાઅધ્યયન. | ૩૯૭ |
| ૩૫. | શ્રી અનગારમાર્ગગતિ અધ્યયન | ૪૧૩ |
| ૩૬. | શ્રી જીવાજીવવિભક્તિ અધ્યયન. | ૪૧૯ |

वर्तमानशासननायक श्रीमन्महावीराय नमः
सूरि आत्म-कमल-लब्धि-भुवनतिलक-भद्रंकर सद्गुरूभ्यो नमः

# શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર

## [મૂલ-ગાથા, સંસ્કૃત-છાયા, ગુજરાતી-ભાવાર્થ સહિત]

## શ્રી વિનયશ્રુત અધ્યયન-૧

**संजोगा विप्पमुक्कस्स, अणगारस्स भिक्खुणो ।**
**विणयं पाउकरिस्सामि, आणुपुव्विं सुणेह मे ॥ १ ॥**

**संयोगाद् विप्रमुक्तस्य, अनगारस्य भिक्षोः ।**
**विनयं प्रादुष्करिष्यामि, आनुपूर्वी शृणुत मे ॥ १ ॥**

દ્રવ્યભાવસંયોગથી સર્વથા રહિત અને દ્રવ્ય ભાવ ઘરથી રહિત એવા સાધુના વિનયને પ્રગટ કરીશ. ક્રમસર મારા તરફથી કહેવાતા વિનયને તમે સાંભળો ! ૧.

**आणाणिद्देसकरे, गुरूणमुववायकारए ।**
**इंगियागारसंपण्णे, से विणीए त्ति वुच्चइ ॥ २ ॥**

**आज्ञा निर्देशेकरः गुरूणामुपपातकारकः ।**
**इङ्गिताकारसम्पन्नः, स विनीत इत्युच्यते ॥ २ ॥**

આચાર્ય વિગેરેની આજ્ઞાના પાલન કરનારા, ગુરુની પાસે રહેનારા, આંખનો ઈશારો આદિ, દિશાનું અવલોકન આદિ આકારરૂપ ચેષ્ટાના જ્ઞાતા જે શિષ્ય આદિ હોય છે. તેને તીર્થંકર આદિ વિનીત કહે છે. ૨.

**आणाऽणिद्देसकरे, गुरूमणुववायकारए ।**
**पडिणीए असंबुद्धे, अविणीए त्ति वुच्चइ ॥ ३ ॥**

**आज्ञाऽनिर्देशकरो, गुरूणामनुपपातकारकः ।**
**प्रत्यनीकोऽसंबुद्धः, अविनीत इत्युच्यते ॥ ३ ॥**

ગુરુની આજ્ઞાનું પાલન નહીં કરનારા, ગુરુની પાસે નહીં રહેનારા, ગુરુથી સદા પ્રતિકૂલ વર્તનારા, તત્ત્વના અજ્ઞાતા, જે શિષ્યાદિ હોય છે. તેને તીર્થંકર આદિ, અવિનીત કહે છે. ૩.

**जहा सुणी पूइकण्णी, निक्कसिज्जइ सव्वसो ।**
**एवं दुस्सील पडिणीए मुहरी निक्कसिज्जइ ॥ ४ ॥**

**यथा शुनी पूतिकर्णी, निष्कास्यते सर्वतः ।**
**एवं दुःशीलः प्रयत्नीकः मुखरी निष्कास्यते ॥ ४ ॥**

જેમ સડેલા કાનોવાળી કુતરી સઘળા સ્થાનોથી હાંકી કાઢવામાં આવે છે. તેમ કુશીલ, પ્રતિકૂલવર્તી, વાચાલ, અવિનીત શિષ્યાદિ કુલ-ગણ-સંઘ વિ. માંથી બહિષ્કૃત કરવામાં આવે છે. ૪

**कणकुंडगं चइत्ताणं, विट्ठं भुंजइ सूयरो ।**
**एवं सीलं चइत्ताणं, दुस्सीले रमइ मिए ॥ ५ ॥**

**कण्कुण्डकं त्यक्त्वा खलु, विष्टां भुङ्क्ते सूकरः ।**
**एवं शीलं त्यक्त्वा खलु, दुःशीले रमते मृगः ॥ ५ ॥**

જેમ ભુંડ, ચોખા વિ. ના ઉત્તમ ભોજનથી ભરપૂર થાળને છોડી વિષ્ટા ખાય છે તેમ અવિનીત, શીલને છોડી દુઃશીલમાં રમે છે. જેમ ગીતપ્રેમી હરણ શિકારીનો શિકાર થાય છે તેમ આ અવિનીત, અધોગતિને નહીં જોતો અવિવેકી થઈ દુરાચારનું સેવન કરે છે. ૫.

**सुणियाऽभावं साणस्स, सूयरस्स नरस्स य ।**
**विणए ठविज्ज अप्पाणं, इच्छंतो हियमप्पणो ॥ ६ ॥**

**श्रुत्वाऽभावं शून्याः, सूकरस्य नरस्य च ।**
**विनये स्थापयेद् आत्मानं, इच्छन् हितमात्मनः ॥ ६ ॥**

કૂતરી, સૂકરરૂપ દૃષ્ટાંત અને દાષ્ટાંતિકરૂપ અવિનીત શિષ્યના સર્વથી હાંકી કાઢવારૂપ અશોભન દશાને સાંભળી, સર્વથા હિતૈષી શિષ્યે, પોતાના આત્માને વિનયધર્મમાં સ્થાપિત કરવો જોઈએ. ૬.

**तम्हा विणयमेसिज्जा, सीलं पडिलभेज्जओ ।**
**बुद्धपुत्ते नियागट्ठी न, निक्कसिज्जइ कण्हुइं ॥ ७ ॥**

**तस्माद् विनयमेषयेत्, शीलं प्रतिलभेत यतः ।**
**बुद्धपुत्रो नियागार्थी न, निष्कास्यते कुतश्चित् ॥ ७ ॥**

તેથી વિનયધર્મનું પાલન કરવું. જેથી શીલધર્મની પ્રાપ્તિ થાય છે. આ શીલવાળો, આચાર્ય વિ. નો પુત્ર જેવો-ગુરુકૃપાપાત્ર બનેલો, મોક્ષાર્થી વિનીત, ગચ્છાદિથી બહિષ્કૃત બનતો નથી. પરંતુ સર્વત્ર મુખ્ય જ કરાય છે. ૭.

**निसंते सियाऽमुहरी, बुद्धाणं अंतिए सया ।**
**अट्ठजुत्ताणि सिक्खिज्जा, निरट्ठाणि उ वज्जए ॥ ८ ॥**

**निशान्तः स्यात् अमुखर- बुद्धानाम् अन्तिके सदा ।**
**अर्थ युक्तानि शिक्षेत निरर्थकानि तु वर्जयेत् ॥ ८ ॥**

ઉપશાન્ત બની પ્રિયભાષી બનવું જોઈએ, આચાર્યાદિની પાસેથી સૂત્ર-અર્થરૂપ જિનાગમનો અભ્યાસ કરવો જોઈએ. નિરર્થક-અન્ય શાસ્ત્રનો અભ્યાસ ન કરવો જોઈએ, જેથી વિનયની સાધના થાય છે. ૮.

**अणुसासिओ न कुप्पिज्जा खंतिं सेविज्ज पंडिए ।**
**खुड्डेहिं सह संसगं, हासं कीडं च वज्जए ॥ ९ ॥**

**अनुशिष्टो न कुप्येत्, क्षान्ति सेवेत पण्डितः ।**
**क्षुद्रैः सह संसर्ग, हासं क्रीडां च वर्जयेत् ॥ ९ ॥**

ગુરુઓ દ્વારા કઠોર વચનોથી પણ શિક્ષા મેળવનારે, શિક્ષા આપનારા ઉપર ક્રોધ ન કરવો જોઈએ. પણ બુદ્ધિમાને તે સહન કરવાં, સ્વચ્છંદી-ક્ષુદ્ર સાધુઓની સોબત છોડવી. તથા હાસ્ય-ક્રીડાનો ત્યાગ કરવો, જેથી શિક્ષણની સાધના સધાય છે. ૯.

**मा य चण्डालियं कासी, बहुयं मा य आलवे ।**
**कालेण य अहिज्जित्ता, तओ झाइज्ज एगओ ॥ १० ॥**

**मा च चण्डालीकं कार्षीद्, बहुकं मा च आलपेत् ।**
**कालेन चाधीत्य, ततो ध्यायेत् एकक: ॥ १० ॥**

હે શિષ્યો ! તમે ક્રોધ વિ. થી બોલાયેલા અસત્યવચનને કદી પણ છુપાવો નહીં ! પરંતુ યથાકાલ, અધ્યયન કરી, શુદ્ધ પ્રદેશમાં એકલા, ધ્યાન-ચિંતન કરો ! આ પ્રમાણે કર્તવ્યની વિધિ, અકર્તવ્યનો નિષેધ કહેલો છે. ૧૦.

**आहच्च चण्डालियं कट्टु, न निन्हुविज्ज कयाइवि ।**
**कडं कडेत्ति भासेज्जा, अकडं नो कडेत्ति य ॥ ११ ॥**

**कदाचित् चण्डालीकं कृत्वा, न निह्नुवीत कदाचिदपि ।**
**कृतं कृतमिति भाषेत, अकृतं नो कृतमिति च ॥ ११ ॥**

કદાચ ક્રોધ વિ. થી બોલાયેલા અસત્યવચનને કદી પણ છુપાવો નહીં ! હું જુઠ્ઠું નથી બોલ્યો એમ ન બોલો ! અસત્ય ન બોલ્યા હોય તો હું જુઠ્ઠું બોલ્યો છું એમ ન બોલો. ૧૧.

**मा गलियस्सेव कसं, वयणमिच्छे पुणो पुणो ।**
**कसं व दट्ठुमाइन्ने, पावगं परिवज्जए ॥ १२ ॥**

**मा गल्यश्व इव कशां, वचनम् इच्छेत् पुनः पुनः ।**
**कशाम् इव दृष्ट्वा आकीर्णः, पापकं परिवर्जयेत् ॥ १२ ॥**

જેમ અવિનીત ઘોડો ચાબુકના પ્રહાર સિવાય પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરતો નથી, તેમ સુશિષ્યે પ્રવૃત્તિ-નિવૃત્તિની બાબતમાં વારંવાર ગુરુવચનની અપેક્ષા નહીં કરવી. જેમ જાતવાન ઘોડો ચાબુકને જોતાંવેંત અવિનયને છોડે છે તેમ વિનીત શિષ્યે, ગુરુના આકાર જોઈ પાપરૂપ અનુષ્ઠાન છોડી દેવું. ૧૨.

**अणासवा थूलवया कुसीला, मिउंपि चण्डं पकरंति सीसा ।**
**चित्ताणुया लहु दक्खोववेया, पसायए ते हु दुरासयंपि ॥ १३ ॥**

**अनाश्रवाः स्थूलवचसः कुशीलाः मृदुमपि चण्डं प्रकुर्वन्ति शिष्याः ।**
**चित्तानुगा लघु दाक्ष्योपपेताः, प्रसादयेयुः ते हु दुराशयमपि ॥ १३ ॥**

ગુરુવચનને નહીં માનનારા, વિચાર્યા વગર બોલનારા સ્વચ્છંદાચારી શિષ્યો, શાન્ત ગુરુને કોપવાળા બનાવે છે. ગુરુની આજ્ઞામાં રહેલા ગુરુની સમાધિને ચાહનારા હોઈ-ચતુર હોઈ વિલંબ વગર કાર્ય કરનારા શિષ્યોએ કોપવાળા ગુરુને પણ પ્રસન્ન-શાન્ત કરવા જોઈએ. ૧૩.

**नापुट्ठो वागरे किंचि, पुट्ठो वा नालियं वए ।**
**कोहं असच्चं कुव्विज्जा, धारिज्जा पियमप्पियं ॥ १४ ॥**

**नापृष्टो व्यागृणीयात् किंचित्, पृष्टो वा नालीकं वदेत् ।**
**क्रोधम् असत्यं कुर्वीत, धारयेत् प्रियमप्रियम् ॥ १४ ॥**

ગુરુના પૂછ્યા સિવાય કાંઈ બોલે નહીં. ગુરુ પૂછે તો જુઠ્ઠું બોલે નહીં, પેદા થયેલ ક્રોધને દબાવી દેવો જોઈએ. નિંદા કે સ્તુતિવાળા વચનમાં રાગ-દ્વેષ ન કરવો જોઈએ. ૧૪.

**अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।**
**अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥ १५ ॥**

**आत्मा एव दमितव्यः आत्मा हु खलु दुर्दमः ।**
**आत्मा दान्तः सुखी भवति, अस्मिन् लोके परत्र च ॥ १५ ॥**

આત્માનો-મનનો રાગ-દ્વેષના ત્યાગપૂર્વક વિજય કરવો જોઈએ. કેમકે આત્મવિજય દુષ્કર છે. મનોવિજેતા આલોકમાં, પરલોકમાં સુખી થાય છે.૧૫.

**वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।**
**माऽहं परेहिं दम्मंतो, बंधणेहिं वहेहि य ॥ १६ ॥**

**वरं मे आत्मा दान्तः संयमेन तपसा च ।**
**माऽहं परैर्दमितः बन्धनैः वधैश्च ॥ १६ ॥**

સંયમ, તપ દ્વારા મારે શરીર-મનનો વિજય કરવો સર્વશ્રેષ્ઠ છે. તેમ કરવાથી હું બીજાઓ દ્વારા બંધનો, વધોથી દુઃખિત ન બની શકું. ૧૬.

**पडिणीयं च बुद्धाणं, वाया अदुव कम्मुणा ।**
**आवी वा जइ वा रहस्से, नेव कुज्जा कयाइ वि ॥ १७ ॥**

**प्रत्यनीकं च बुद्धानां, वाचा अथवा कर्मणा ।**
**आविर्वा यदि वा रहसि, नैव कुर्यात् कदाचिदपि ॥ १७ ॥**

વચનથી કે કર્મથી જન સમક્ષ કે એકાંતમાં કદી પણ આચાર્ય વિ. ના પ્રતિ પ્રતિકૂલ કરણી નહીં કરવી જોઈએ. ૧૭

**न पक्खओ न पुरओ, नेव किच्चाण पिट्ठओ ।**
**न जुंजे ऊरुणा ऊरुं, सयणे नो पडिस्सुणे ॥ १८ ॥**

**न पक्षतो न पुरतो, नैव कृत्यानां पृष्ठतः ।**
**न युञ्ज्याद् ऊरुणा ऊरुं, शयने नो प्रतिशृणुयात् ॥ १८ ॥**

વંદનીય ગુરુ આદિ પ્રતિ પડખે, આગળ કે પાછળ, સાથળથી સાથળ લગાડીને ન બેસવું જોઈએ. શયનાસનમાં સુતાં કે બેઠાં જવાબ ન આપવો જોઈએ. ૧૮.

**नेव पल्हत्थियं कुज्जा, पक्खपिंडं च संजए ।**
**पाए पसारिए वावि, न चिट्ठे गुरुणंतिए ॥ १९ ॥**

**नैव पर्यस्तिकां कुर्यात्, पक्षपिण्डं च संयतः ।**
**पादौ पसार्य वापि, न तिष्ठेद् गुरूणामन्तिके ॥ १९ ॥**

સાધુ, ગુરુ આદિની પાસે પગ ઉપર પગ ન ચઢાવે. પડખે, ગોઠણ વિ. પર બે હાથ ન લગાવે. પગ લાંબા ન કરે, અર્થાત્ વિયનપૂર્વક ઉભો રહે કે બેસે. ૧૯.

**आयरिएहिं वाहित्तो, तुसिणीओ न कयाइ वि ।**
**पसायपेही नियागट्ठी, उवचिट्ठे गुरुं सया ॥ २० ॥**

**आचार्यै र्व्याहृतः तूष्णीको न कदाचिदपि ।**
**प्रसादप्रेक्षी नियागार्थी, उपतिष्ठेत् गुरुं सदा ॥ २० ॥**

આચાર્ય વિ. જયારે બોલાવે ત્યારે કદી પણ ચુપચાપ ન રહી, ગુરુના પ્રસાદને જોનારો બની, મોક્ષાર્થી શિષ્યે, મત્થએણ વંદામિ વિ. બોલતા, વિનયપૂર્વક આચાર્યાદિ ગુરુની પાસે હંમેશાં જવું જોઈએ. ૨૦.

**आलवंते लवंते वा, न निसिएज्ज कयाइ वि ।**
**चइऊण आसणं धीरो, जओ जत्तं पडिस्सुणे ॥ २१ ॥**

**आलपति लपति वा, न निषीदेत् कदाचिदपि ।**
**त्यक्त्वा आसनं धीरो, यतो यत्तत् प्रतिशृणुयात् ॥ २१ ॥**

જયારે ગુરુ, એકવાર, અનેકવાર કોઈ કામ કરવાનું કહે તે વખતે કદી પણ બેસી ન રહેવું, પરંતુ આસન છોડી બુદ્ધિમાન-યત્નવાન શિષ્યે, ગુરુનું જે કાંઈ હોય તે કરવું જોઈએ. ૨૧.

**आसणगओ न पुच्छिज्जा, नेव सेज्जागओ कयाइवि ।**
**आगम्मुक्कुडुओ संतो, पुच्छिज्जा, पंजली उडो ॥ २२ ॥**

**आसनगतो न पृच्छेत्, नैव शय्यागतः कदाचिदपि ।**
**आगम्योत्कुटुकः सन्, पृच्छेत् प्राञ्जलिपुटः ॥ २२ ॥**

આસન કે શય્યામાં બેઠાં બેઠાં કે સુતાં સુતાં, સૂત્ર વિ. નો પ્રશ્ન ન કરવો. પરંતુ ગુરુની પાસે આવીને આસન ઉપર બેસીને કે બેઠા વગર હાથ જોડી વિનયપૂર્વક પ્રશ્ન કરવો. ૨૨.

**एवं विणयजुत्तस्स, सुत्तं अत्थं च तदुभयं ।**
**पुच्छमाणस्स सीसस्स, वागरिज्ज जहासुयं ॥ २३ ॥**

**एवं विनययुक्तस्य, सूत्रम् अर्थं च तदुभयम् ।**
**पृच्छतः शिष्यस्य, गृणीयात् यथाश्रुतम् ॥ २३ ॥**

પૂર્વોક્ત પ્રકારથી વિનયવાળા, સૂત્ર, અર્થ કે તદુભયને પૂછનારા શિષ્યને ગુરુ સંપ્રદાયથી પ્રાપ્ત સૂત્ર વિ. નો ગુરુ મહારાજે જવાબ આપવો જોઈએ. ૨૩.

**मुसं परिहरे भिक्खू, न य ओहारणिं वए ।**
**भासादोसं परिहरे, मायं च वज्जए सया ॥ २४ ॥**

**मृषां परिहरेद् भिक्षुः, न चावधारणीं वदेत् ।**
**भाषादोषं परिहरेत्, मायां च वर्जयेत् सदा ॥ २४ ॥**

સાધુએ સર્વથા અસત્યનો પરિહાર કરવો, નિશ્ચયાત્મક ભાષા ન બોલવી, ભાષાના દોષનો ત્યાગ કરવો, અસત્યના કારણભૂત માયા વિ. નું વર્જન કરવું. ૨૪.

**न लवेज्ज पुट्ठो सावज्जं, न निरट्ठं न मम्मयं ।**
**अप्पणट्ठा परट्ठा वा, उभयस्संतरेण वा ॥ २५ ॥**

**न लपेत् पृष्टः सावद्यं, न निरर्थं न मर्मगम् ।**
**आत्मार्थं परार्थं वा, उभयस्य अन्तरेण वा ॥ २५ ॥**

કોઈ પૂછે તો સાવદ્ય વચન નહીં બોલવું, નિરર્થક તેમજ મર્મવાચક વચન ન બોલવું તથા પોતાના, પરના કે ઉભયના નિમિત્તે પ્રયોજન વગર ન બોલવું. ૨૫

**समरेसु अगारेसु, संधीसु य महापहे ।**
**एगो एगित्थिए सद्धिं, नेव चिट्ठे न संलवे ॥ २६ ॥**

**समरेषु अगारेषु, संधिषु च महापथे ।**
**एकः एकस्त्रिया सार्थं, नैव तिष्ठेत् न संलपेत् ॥ २६ ॥**

લુહારની કોડ વિ. સમસ્ત નીચ સ્થાનોમાં, બે ઘરોના અંતરાળમાં, રાજમાર્ગમાં, એકલાં સાધુએ, એકલી સ્ત્રીની સાથે ઉભા ન રહેવું તથા તેની સાથે બોલવું નહીં. ૨૬.

**जं मे बुद्धाऽणुसासंति, सीएण फरुसेण वा ।**
**मम लाभो त्ति पेहाए, पयओ तं पडिस्सुणे ॥ २७ ॥**

**यन्मां बुद्धा अनुशासति, शीतेन परूषेण वा ।**
**मम लाभ इति प्रेक्षया, प्रयतस्तत् प्रतिशृणुयात् ॥ २७ ॥**

જે મને ગુરુ મહારાજ, આલ્હાદક કે કઠોર વચનથી શિક્ષણ આપે છે, તે મારા હિતમાં જ છે. આવી વિશિષ્ટ બુદ્ધિ રાખી પ્રયત્નવાન શિષ્યે, તે શિક્ષાનો સ્વીકાર કરવો જોઈએ. ૨૭.

**अणुसासणमोवायं, दुक्कडस्स य चोयणं ।**
**हियं तं मन्नए पन्नो, वेस्सं होइ असाहुणो ॥ २८ ॥**

**अनुशासनमौपायं, दुष्कृतस्य च चोदनम् ।**
**हितं तत् मन्यते प्राज्ञः, द्वेष्यं भवति असाधोः ॥ २८ ॥**

કોમલ, કઠોર ભાષણયુક્ત, ગુરુનું શિક્ષાવાક્ય દુષ્કૃતના નિવારણાર્થે કરેલી ગુરુની પ્રેરણાને, બુદ્ધિમાન શિષ્ય, હિતકારી તરીકે સ્વીકારે છે. પણ અવિનીત શિષ્ય અહિતકારી માને છે. ૨૮.

**हियं विगयभया बुद्धा, फरुसं पि अणुसासणं ।**
**वेस्सं तं होइ मूढाणं, खंतिसोहिकरं पयं ॥ २९ ॥**

**हितं विगतभया बुद्धाः, परुषमपि अनुशासनम् ।**
**द्वेष्यं तत् भवति मूढानां, क्षान्तिशोधिकरं पदम् ॥ २९ ॥**

નિર્ભય તત્ત્વજ્ઞાની શિષ્યો, ગુરુના કઠોર શિક્ષાવચનને પણ હિત કરનારૂં માને છે. ક્ષમા અને શુદ્ધિકારક, જ્ઞાનાદિ ગુણોના સ્થાનરૂપ ગુરુનું તે જ શિક્ષાવચન, અવિવેકી શિષ્ય માટે દ્વેષકારી બને છે. ૨૯.

**आसणे उवचिट्ठिज्जा अणुच्चे अकुए थिरे ।**
**अप्पुट्ठाई निरुट्ठाई निसीएज्जप्पकुक्कुए ॥ ३० ॥**

**आसने उपतिष्ठेत् अनुच्चे अकुचे स्थिरे ।**
**अल्पोत्थायि निरूत्थायी, निषीदेत् अल्पकौकुच्यः ॥ ३० ॥**

સરખા પાયાવાળા, નહીં હાલવાવાળા, ચટચટ વિ. શબ્દ નહીં કરતાં એવા વર્ષાકાલમાં પાટ વિ. રૂપ તથા ઋતુબદ્ધકાલમાં પાદપુંછનરૂપ આસનથી નીચા આસનમાં બેસવું જોઈએ, પરંતુ વારંવાર કે કારણ વગર ન ઉઠવું. તથા હાથ, પગ, ભ્રુ, વિ. નું અશુભ સંચાલન ન કરવું. ૩૦.

**कालेण निक्खमे भिक्खू, कालेण य पडिक्कमे ।**
**अकालं च विवज्जिता, काले कालं समायरे ॥ ३१ ॥**

**कालेन निष्क्रामेद् भिक्षुः, कालेन च प्रतिक्रामेत् ।**
**अकालं च विवर्ज्य, काले कालं समाचरेत् ॥ ३१ ॥**

સાધુ, કાલમાં ગોચરી માટે જાય અને પાછો આવે. તે-તે ક્રિયાના અસમયને છોડી, કાલ વખતે તે-તે કાલમાં ઉચિત પડિલેહણા વિ. ક્રિયાને કરે. ૩૧.

**परिवाडीए न चिट्ठेज्जा, भिक्खू दत्तेसणं चरे ।**
**पडिरूवेण एसित्ता, मियं कालेण भक्खए ॥ ३२ ॥**

**परिपाट्यां न तिष्ठेत्, भिक्षुः दत्तेषणां चरेत् ।**
**प्रतिरूपेण एषित्वा, मितं कालेन भक्षयेत् ॥ ३२ ॥**

મુનિ, જમતા લોકોની પંગતમાં ન ઉભો રહે, તથા ચિરંતન મુનિના પ્રતીકરૂપ મુનિવેશના ધારણ કરવાપૂર્વક અર્થાત્ ગ્રહણૈષણાનું ધ્યાન રાખી, શુદ્ધ ગોચરી લાવી આગમમાં કહેલ સમયાનુસારે પરિમિત ભોજન કરે. ૩૨.

**नाइदूरमणासन्ने नन्नेर्सिं चक्खुफासओ ।**
**एगो चिट्ठेज्ज भत्तट्ठं, लंघिआ तं नाइक्कमे ॥ ३३ ॥**

**नातिदूरमनासन्ने, नान्येषां चक्षुःस्पर्शतः ।**
**एकस्तिष्ठेद् भक्तार्थं, उल्लंघ्य तं नातिक्रमेत् ॥ ३३ ॥**

ગોચરી માટે ગયેલ સાધુ, ઘણે દૂર કે અતિ સમીપમાં, ગૃહસ્થની નજર પડે એ રીતે ન ઉભો રહે. પરંતુ એકલો એકાંતમાં ઉભો રહે, પહેલા ભિક્ષા માટે ગયેલ ભિક્ષુ જયાં સુધી બહાર ન નીકળે ત્યાં સુધી ભિક્ષા માટે ગૃહસ્થના ઘરમાં પ્રવેશ ન કરે. ૩૩.

**नाइउच्चे न नीए वा, नासण्णे नाइदूरओ ।**
**फासुयं परकडं पिंडं, पडिगाहिज्ज संजए ॥ ३४ ॥**

**नात्युच्चे न नीचे वा, नासन्ने नातिदूरतः ।**
**प्रासुकं परकृतं पिण्डं, प्रतिगृह्णीयात् संयतः ॥ ३४ ॥**

ઘરની ઉપરની ભૂમિ ઉપર ચડી, કે ભોંયરા વિ. માં રહી તથા અતિ નજીક કે અતિ દૂર રહી, સાધુ નિર્દોષ તથા ગૃહસ્થે પોતાના નિમિત્તે બનાવેલ આહાર ન સ્વીકારે. આ ગ્રહણૈષણાની વિધિ જાણવી. ૩૪.

**अप्पपाणेऽप्पबीयम्मि, पडिच्छन्नम्मि संवुडे ।**
**समयं संजए भुंजे, जयं अपरिसाडियं ॥ ३५ ॥**

**अल्पप्राणेऽल्पबीजे, प्रतिच्छन्ने संवृत्ते ।**
**समकं संयतो भुञ्जीत, यतमानोऽपरिशाटितम् ॥ ३५ ॥**

ત્રસ, સ્થાવર રહિત, ઉપર આચ્છાદિત, ચારે બાજુથી સાદડી, ભીંત વિ. થી આવૃત્ત સ્થાનમાં અન્ય મુનિઓની સાથે ચબચબ આદિ અવાજને નહીં કરતો, હાથ કે મુખથી એક પણ અન્નનો કણ નીચે ન પડે તે રીતે આહાર કરે. આ ગ્રહણૈષણાની વિધિ જાણવી. ૩૫.

**सुकडेत्ति सुपक्केत्ति, सुच्छिन्ने सुहडे मडे ।**
**सुनिट्ठिए सुलट्ठेत्ति, सावज्जं वज्जए मुणी ॥ ३६ ॥**

**सुकृतमिति सुपक्वमिति, सुच्छिन्नं सुहृतं मृतम् ।**
**सुनिष्ठितं सुलष्टमिति, सावद्यं वर्जयेन्मुनिः ॥ ३६ ॥**

અન્ન વિ. સારૂં બનાવ્યું છે, ઘેબર વિ. ઘી માં સારી રીતે પકવવામાં આવ્યા છે, શાક વિ. સારા સુધાર્યા છે, શાક વિ. માંથી કડવાશ આદિ સારી રીતે દૂર કરેલ છે, લાડવા વિ. માં સારૂં ઘી સમાવ્યું છે, સરસ સ્વાદિષ્ટ રસોઈ બનાવી છે, આલ્હાદક બનાવી છે, ઇત્યાદિ સાવદ્ય વચનને મુનિ ન બોલે ! ૩૬.

**रमए पंडिए सासं, हयं भद्दं व वाहए ।**
**बालं सम्मइ सासंतो, गलियस्सं व वाहए ॥ ३७ ॥**

**रमते पण्डितान् शासत्, हय भद्रमिव वाहकः ।**
**बालं श्राम्यति शासत्, गल्यश्वमिव वाहकः ॥ ३७ ॥**

વિનીત શિષ્યોને શિક્ષણ આપતાં ગુરુ ખુશ થાય છે. દા.ત. જેમ કલ્યાણકારી ઘોડાનો શિક્ષક ઘોડેસ્વાર ખુશ થાય છે.

અવિનીત શિષ્યને શિક્ષણ આપતાં ગુરુ ખિન્ન બને છે. દા.ત. જેમ અવિનીત ઘોડાનો શિક્ષક ઘોડેસ્વાર ખિન્ન થાય છે. ૩૭.

**खड्डुया मे चवेडा मे, अक्कोसा य वहा य मे ।**
**कल्लाणमणुसासंतो, पावदिट्ठित्ति मन्नई ॥ ३८ ॥**

**खड्डुका मे चपेटा मे, आक्रोशाश्च वधाश्च मे ।**
**कल्याणमनुशासतं पापदृष्टिरिति मन्यते ॥ ३८ ॥**

ટકોર, થપ્પડ, કઠોર વચનો, દંડાના ઘા વિ. મને જ ગુરુ મહારાજ આપે છે. આમ અવિનીત શિષ્ય, હિતકારી શિક્ષણ આપનાર ગુરુને પાપ બુદ્ધિવાળા તરીકે માને છે. અથવા કુશિષ્ય, ગુરુવચનને ખડ્ડુક આદિરૂપ માને છે. ૩૮.

**पुत्तो मे भायणाइत्ति, साहू कल्लाण मन्नइ ।**
**पावदिट्ठि उ अप्पाणं, सासं दासेति मन्नइ ॥ ३९ ॥**

**पुत्रो मे भ्राता ज्ञातिरितिः, साधु कल्याणं मन्यते ।**
**पापदृष्टिस्तु आत्मानं, शास्यमानं दास इति मन्यते ॥ ३९ ॥**

મને પુત્ર, ભાઈ, સ્વજનની માફક માની ગુરુ સારૂં શિક્ષણ આપે છે એમ વિનીત શિષ્ય માને છે. જ્યારે અવિનીત-પાપદષ્ટિ, આ ગુરુ શિક્ષા આપતાં મને દાસ ગણે છે એમ માને છે. ૩૯.

**न कोवए आयरियं, अप्पाणं पि न कोवए ।**
**बुद्धोवघाई न सिया, न सिया तोत्तगवेसए ॥ ४० ॥**

**न कोपयेत् आचार्यम्, आत्मानमपि न कोपयेत् ।**
**बुद्धोपघाती न स्यात्, न स्यात् तोत्रगवेषकः ॥ ४० ॥**

વિનીત, આચાર્ય વિ. ને કોપિત ન કરે, શિક્ષા લેતાં પોતે કોપિત ન થાય, કદાચ ક્રોધાવેશ આવે તો પણ આચાર્ય વિ નો ઉપઘાતી ન થાય. જાત્યાદિ દૂષણગર્ભિત વચનો, શું આ ગુરુને કહું એવો વિચાર સરખો ન કરે. ૪૦.

**आयरियं कुवियं नच्चा, पत्तिएण पसायए ।**
**विज्झविज्ज पंजलीउडो, वज्जए न पुणुत्तिय ॥ ४१ ॥**

**आचार्यं कुपितं ज्ञात्वा, प्रीतिकेन प्रसादयेत् ।**
**विध्यापयेत् प्राञ्जलिपुटः, वदेत् न पुनरिति च ॥ ४१ ॥**

આચાર્ય વિ. કુપિત થયા છે એમ જાણ્યા બાદ, પ્રીતિ-પ્રતીતિકારક વાક્યથી આચાર્ય વિ. ને પ્રસન્ન કરે. બે હાથ જોડી, હે સ્વામિન્ ! હવે પછી આવી ભૂલ નહીં કરૂં એમ બોલી ગુરુને શાંત કરે. ૪૧.

**धम्मज्जियं च ववहारं, बुद्धेहायरियं सया ।**
**तमायरंतो ववहारं, गरहं नाभिगच्छइ ॥ ४२ ॥**

**धर्मार्जितश्च व्यवहारः, बुद्धैः आचरितः सदा ।**
**तमाचरन् व्यवहारं, गर्हां नाभिगच्छति ॥ ४२ ॥**

ક્ષમા વિ. ધર્મ દ્વારા ઉપાર્જિત, તત્ત્વજ્ઞાની દ્વારા સદાસેવિત, સાધુવ્યવહારને આચરનાર સાધુ, 'આ અવિનીત છે' એવી નિંદાને કદી પામતો નથી જેથી ગુરુના કોપને કારણ નથી મળતું. ૪૨.

**मनोगयं वक्कगयं, जाणित्तायरियस्स उ ।**
**तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ॥ ४३ ॥**

**मनोगतं वाक्यगतं, ज्ञात्वा आचार्यस्य तु ।**
**तत् परिगृह्य वाचा, कर्मणा उपपादयेत् ॥ ४३ ॥**

બુદ્ધિદ્વારા પહેલાં મન-વચન-કાયાગત, ગુરુના કાર્યને જાણી, હું કાર્ય કરૂં છું એમ વાણીથી બોલી કાર્ય કરે, જેથી ગુરુની સેવા બજાવી કહેવાય. ૪૩.

**वित्ते अचोइए निच्चं, खिप्पं हवइ सुचोइए ।**
**जहोवइट्ठं सुकयं, किच्चाई कुव्वइ सया ॥ ४४ ॥**

**वित्तः अनोदितः नित्यं, क्षिप्रं भवति सुनोदितः ।**
**यतोपदिष्टं सुकृतं, कृत्यानि करोति सदा ॥ ४४ ॥**

વિનયથી પ્રસિદ્ધ શિષ્ય, પ્રેરણા વગર જ દરેક સમયે ગુરુકાર્યોમાં પ્રવૃત્તિ કરે છે. જો પ્રેરણા થાય તો તરત જ યથોચિત કાર્ય બને છે. ગુરુના ઉપદેશ મુજબ, હંમેશાં સારી રીતે કાર્યો બજાવે છે. ૪૪.

**नच्चा नमइ मेहावी, लोए कित्ती से जायए ।**
**हवइ किच्चाण सरणं, भूयाणं जगई जहा ॥ ४५ ॥**

**ज्ञात्वा नमति मेधावी, लोके कीर्तिस्तस्य जायते ।**
**भवति कृत्यानां शरणं, भूतानां जगती यथा ॥ ४५ ॥**

જે ઉપરોક્ત અર્થ જાણી તે તે કાર્ય કરવામાં નમ્ર, ઉદ્યત, મર્યાદાવર્તી થાય છે તેથી ‘આનો જન્મ સફલ છે.’ ‘આ સંસારસાગર તરી ગયો’ આવી કીર્તિ લોકમાં પ્રગટે છે. જેમ પૃથ્વી પ્રાણીઓના આધારભૂત છે તેમ આ પુણ્ય ક્રિયાઓનો આધાર બને છે. ૪૫.

**पुज्जा जस्स पसीयंति, संबुद्धा पुव्वसंथुया ।**
**पसन्ना लाभइस्संति, विउलं अट्ठियं सुयम् ॥ ४६ ॥**

**पूज्या यस्य प्रसीदन्ति, संबुद्धाः पूर्वसंस्तुताः ।**
**प्रसन्ना लम्भयिष्यन्ति, विपुलं आर्थिकं श्रुतम् ॥ ४६ ॥**

જે શિષ્યના ઉપર આચાર્ય વિ. પૂજ્યો પ્રસન્ન થાય છે. તેને સમ્યગ્ તત્ત્વજ્ઞાની, પૂર્વ પરિચિત, પ્રસન્ન ગુરુઓ, તાત્કાલિક શ્રુતનો, પરંપરાએ મોક્ષનો લાભ કરાવનારા થાય છે. ૪૬.

**स पुज्जसत्थे सुविणीयसंसए, मणोरुई चिट्ठइ कम्मसंपया ।**
**तवो समायारि समाहिसंवुडे, महज्जुई पंचवयाइ पालिया ॥ ४७ ॥**

**स पूज्यशास्त्रः सुविनीतसंशयः, मनोरुचिस्तिष्ठति कर्मसंपदा ।**
**तपःसमाचारी समाधिसंवृत्तः, महाद्युतिः पञ्च व्रतानि पालयित्वा ॥ ४७ ॥**

તે શિષ્ય, પૂજ્યશાસ્ત્રવાળો, સંશયવગરનો, ગુરુના મનને અનુસરનારો સાધુસમાચારીની સમૃદ્ધિથી સંપન્ન રહે છે. તથા તપનું આચરણ અને સમાધિથી સંવરવાળો બની, પાંચ મહાવ્રતો પાળી, મોટી તપસ્તેજમયી કાન્તિવાળો બને છે. ૪૭.

**स देवगंधव्वमणुस्सपूइए, चइत्तु देहं मलपंकपूइयं ।**
**सिद्धे वा हवइ सासए, देवे वा अप्परए महिड्डिएत्ति बेमि ॥ ४८ ॥**

**स देवगन्धर्वमनुष्यपूजितः, त्यक्त्वा देहं मलपङ्कपूतिकम् ।**
**सिद्धो वा भवति शाश्वतः, देवो वा अल्परजा महर्द्धिक इति ब्रवीमि ॥ ४८ ॥**

તે વિનીત શિષ્ય, વૈમાનિક-જ્યોતિષી ભવનપતિ-વ્યંતર વિ. થી તથા રાજા વિ. મનુષ્યોથી પૂજિત થયેલો, શુક્ર-શોણિતરૂપ પ્રથમ કારણજન્ય આ ઔદારિક શરીરને છોડી શાશ્વત સિદ્ધ બને છે. જો સિદ્ધ ન બને તો લઘુકર્મા મહર્દ્ધિક વૈમાનિકદેવ બને છે.

આ પ્રમાણે વિનયશ્રુત નામનું અધ્યયન તીર્થંકર ગણધર વિ. ના ઉપદેશથી મેં તારી આગળ કહ્યું. એમ સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે.

## પહેલું વિનયશ્રુતાધ્યયન સંપૂર્ણ

# श्री परीषहाध्ययन-२

**सुअं मे आउसं तेणं भगवया एवमक्खायं, इह खलु बावीसं परीसहा, समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइआ, जे भिक्खू सोच्चा णच्चा जिच्चा अभिभूय भिक्खायरिआए परिव्वयंतो पुट्ठो ण विहणेज्जा ॥ १ ॥**

**श्रुतं मे आयुष्मन् ! तेन भगवता एवमाख्यातं, इह खलुद्वाविंशतिः परीषहाः श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदिताः, यान् भिक्षुः श्रुत्वा ज्ञात्वा जित्वा अभिभूय भिक्षाचर्यायां परिव्रजन् स्पृष्टः नो विहन्येत ॥ १ ॥**

**અર્થ –** ભગવાન સુધર્માસ્વામી જંબૂસ્વામીને કહે છે કે, હે આયુષ્મન્ જંબૂ ! તે ભગવાન મહાવીરસ્વામીએ વક્ષ્યમાણ પ્રકારથી જે કહ્યું છે તે મેં સાંભળ્યું છે કે, આ જિનપ્રવચનમાં શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપગોત્રીએ બાવીશ પરીષહો ઉપદેશ્યા છે. જે પરીષહોને સાધુ સાંભળીને, સારી રીતે જાણીને, વારંવાર અભ્યાસથી પરિચિત કરીને, જીતીને ભિક્ષા માટે જતાં પરીષહોથી હત-પ્રહત ન બને અર્થાત્ મોક્ષમાર્ગથી પાછો ન પડે. ૧.

**कयरे ते खलु बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइआ जे भिक्खू सोच्चा णच्चा जिच्चा अभिभूय भिक्खायरिआए परिव्वयंतो पुट्ठो णो विहणेज्जा ॥ २ ॥**

**कतरे ते खलु द्वाविंशतिः परिषहाः श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदिताः यान् भिक्षुः श्रुत्वा ज्ञात्वा जित्वा अभिभूय भिक्षाचर्यायां परिव्रजन् स्पृष्टः नो विहन्येत ॥ २ ॥**

**પ્રશ્ન –** શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપગોત્રીએ દર્શાવેલા જે બાવીશ પરીષહોને ભિક્ષુ સાંભળી, જાણી, પરિચિત કરી, જીતીને ભિક્ષા માટે જતાં પરિષહોથી આક્રાંત બનેલો સંયમમાર્ગથી ચલિત ન બને, તે પરિષહોના નામ કયા કયા છે ? ૨.

**इमे ते खलु बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइआ, जे भिक्खू सोच्चा नच्चा जिच्चा अभिभूय भिक्खायरिआए परिव्वयंतो पुट्ठो नो विनिहन्नेज्जा ॥ ३ ॥**

**इमे ते खलु द्वाविंशतिः परीषहाः श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदिताः, यान् भिक्षुः श्रुत्वा ज्ञात्वा जित्वा अभिभूय भिक्षाचर्यायां परिव्रजन् स्पृष्टो नो विनिहन्येत ॥ ३ ॥**

ઉત્તર – જે બાવીશ પરીષહો, શ્રમણ ભગવાન મહાવીર કાશ્યપગોત્રીએ દર્શાવ્યા છે. તે પરીષહોને ભિક્ષુ સાંભળી, જાણી, પરિચિત કરી, જીતીને ભિક્ષા માટે જતાં પરીષહોથી સ્પૃષ્ટ બનેલો મોક્ષમાર્ગથી અચ્યુત બને. ૩.

**तं जहा दिगिंच्छापरीसहे १, पिवासापरीसहे २, सीअपरीसहे ३, उसीणपरीसहे ४, दंसमसयपरीसहे ५, अचेलपरीसहे ६, अरइपरीसहे ७, इत्थीपरीसहे ८, चरिआपरीसहे ९, निसीहिआपरीसहे १०, सिज्जापरीसहे ११, अक्कोसपरीसहे १२, वहपरीसहे १३, जायणापरीसहे १४, अलाभपरीसहे १५, रोगपरीसहे १६, तणफासपरीसहे १७, जल्लपरीसहे १८, सक्कारपुरक्कार-परीसहे १९, पन्नापरीसहे २०, अन्नाणपरीसहे २१, दंसणपरीसहे २२ ॥ ४ ॥**

**तद् यथा-क्षुधापरीषहः १, पिपासापरीषहः २, शीतपरीषहः ३, उष्णपरीषहः ४, दंशमशकपरीषहः ५, अचैलपरीषहः ६, अरतिपरीषहः ७, स्त्रीपरीषहः ८, चर्यापरीषहः ९, नैषेधिकीपरीषहः १०, शय्यापरीषहः ११, आक्रोशपरीषहः १२, वधपरीषहः १३, याचनापरीषहः १४, अलाभपरीषहः १५, रोगपरीषहः १६, तृणस्पर्शपरीषहः १७, जल्लपरीषहः १८, सत्कारपुरस्कारपरीषहः १९, प्रज्ञापरीषहः २०, अज्ञानपरीषहः २१, दर्शनपरीषहः २२ ॥ ४ ॥**

તે આ પ્રમાણે-૧. ભૂખ પરીષહ, ૨. તૃષા પરીષહ, ૩. શીત પરીષહ, ૪. ઉષ્ણ પરીષહ, ૫. દંશમશક પરીષહ, ૬. અચેલ પરીષહ, ૭. અરતિ પરીષહ, ૮. સ્ત્રી પરીષહ, ૯. ચર્યા પરીષહ, ૧૦. નૈષેધિકી પરીષહ. ૧૧. શય્યા પરીષહ, ૧૨. આક્રોશ પરીષહ, ૧૩. વધ પરીષહ, ૧૪. યાચના પરીષહ, ૧૫. અલાભ પરીષહ, ૧૬. રોગ પરીષહ, ૧૭. તૃણ સ્પર્શ પરીષહ, ૧૮. જલન પરીષહ, ૧૯. સત્કારપુરસ્કાર પરીષહ, ૨૦. પ્રજ્ઞા પરીષહ, ૨૧. અજ્ઞાન પરીષહ, ૨૨. દર્શન પરીષહ. ૪.

**परीसहाणं पविभत्ती, कासवेणं पवेइआ ।**
**तं भे उदाहरिस्सामि, आणुपुव्विं सुणेह मे ॥ १ ॥**

**परीषहाणां प्रविभक्तिः, काश्यपेन प्रवेदिता ।**
**तां भवतां उदाहरिष्यामि, आनुपूर्व्या शृणुत मे ॥ १ ॥**

**અર્થ –** પૂર્વોક્ત પરીષહોનો વિભાગ, જે ભગવાન મહાવીરસ્વામી કાશ્યપગોત્રીએ દર્શાવ્યો છે, તે વિભાગને હે શિષ્યો ! તમારી આગળ હું ક્રમસર બતાવું છું, માટે તમે સાંભળો. ૧-૪૯.

**दिगिंछा परिगए देहे, तवस्सी भिक्खू थामवं ।**
**न छिंदे न छिंदावए, न पए न पयावए ॥ २ ॥**

**क्षुधापरिगते देहे, तपस्वी भिक्षुः स्थामवान् ।**
**न छिन्द्यात् न छेदयेत्, न पचेत् न पाचयेत् ॥ २ ॥**

**અર્થ –** ક્ષુધા સમાન કોઈ વેદના નથી, માટે પહેલાં ભૂખ પરીષહને કહે છે કે, તપસ્વી, સંયમબલી મુનિ, શરીરમાં ભૂખ લાગવા છતાંય, ફલ વિ. ને પોતે ન તોડે કે તોડાવે તથા પોતે ન પકાવે કે પકાવડાવે તથા તોડનાર કે પકાવનારની ન અનુમોદના કરે. એ પ્રમાણે ન ખરીદે, ખરીદાવે કે ખરીદનારની ન અનુમોદના કરે. અર્થાત્ ભુખ્યો સાધુ નવ કોટી શુદ્ધ જ આહારને સ્વીકારે. ૨-૫૦.

**कालीपव्वंगसंकासे, किसे धमणिसंतए ।**
**मायन्ने असणपाणस्स, अदीणमणसो चरे ॥ ३ ॥**

**कालीपर्वसंकाशाङ्गः, कृशः धमनीसंततः ।**
**मात्रज्ञः अशनपानस्य, अदीनमनाश्चरेद् ॥ ३ ॥**

**અર્થ –** કાકજંઘા નામની વનસ્પતિના પર્વ જેવા અંગવાળા અત એવ કૃશ શરીરવાળો, નસોથી વ્યાપ્ત, આવી દશાવાળો પણ અશન-પાનના પરિણામનો જ્ઞાતા, ચિત્તની આકુલતા વગરનો બની, સાધુ સંયમમાર્ગમાં વિચરે. ૩-૫૧.

**तओ पुट्ठो पिवासाए, दोगुंच्छी लज्जसंजए ।**
**सीओदगं न सेविज्जा, विअडस्सेसणं चरे ॥ ४ ॥**

**ततः स्पृष्टः पिपासया, जुगुप्सी लज्जा संयतः ।**
**शीतोदकं न सेवेत, विकृतस्य एषणां चरेत् ॥ ४ ॥**

**અર્થ –** ભૂખ પરીષહના બાદ તરસથી ઘેરાયેલો મુનિ, અનાચાર પ્રતિ તિરસ્કારવાળો, સંયમમાં સમ્યગ્ પ્રયત્નશીલ, સચિત્ત જલનું સેવન ન કરે, પરંતુ અગ્નિ વિ. થી અચિત્ત બનેલ જલની ગવેષણા કરે. ૪-૫૨.

**छिन्नावाएसु पंथेसु, आउरे सुपिवासिए ।**
**परिसुक्कमुहाद्दीणे, तं तितिक्खे परीसहं ॥ ५ ॥**

**छिन्नापातेषु, पथिषु, आतुरः सुपिपासितः ।**
**परिशुष्कमुखादीनः, तं तितिक्षेत परीषहम् ॥ ५ ॥**

**અર્થ –** જન વગરના માર્ગોમાં જતાં અત્યંત આકુલ શરીરવાળો, અત્યંત તરસ્યો, થુંક સુકાવાથી સુકા મુખવાળો અને અદીન બનેલો તૃષા પરીષહને સહન કરે. ૫-૫૩.

**चरंतं विरयं लूहं, सीअं फुसइ एगया ।**
**नाइवेलं मुणी गच्छे, सोच्चा णं जिणसासणं ॥ ६ ॥**

**चरन्तं विरंत रूक्षं, शीतं स्पृशति एकदा ।**
**नातिवेलं मुनिर्गच्छेत्, श्रुत्वा खलु जिनशासनम् ॥ ६ ॥**

**અર્થ –** મોક્ષમાર્ગમાં કે ગ્રામાનુગ્રામ વિચરનાર, સર્વવિરતિવાળા, લુખા શરીરવાળા મુનિને, શીતકાલમાં ઠંડી લાગે ત્યારે જિનાગમને સાંભળી (જીવ અને શરીર જુદાં છે. વિ.) સ્વાધ્યાય વિ. સમયનું ઉલ્લંઘન કરી, શીતભયથી બીજા સ્થાનમાં ન જાય. ૬-૫૪.

**न मे निवारणं अत्थि, छवित्ताणं न विज्जइ ।**
**अहं तु अग्गिं सेवामि, इति भिक्खू न चिंतए ॥ ७ ॥**

**न मे निवारणं अस्ति, छवित्राण न विद्यते ।**
**अहं तु अग्निं सेवे, इति भिक्षुर्न चिन्तयेत् ॥ ७ ॥**

**અર્થ –** ઠંડા પવન વિ. થી બચાવી શકે તેવા મકાન વિ. નથી, શરીર ઉપર ઓઢવા કંબલ, વસ્ત્ર વિ. નથી, તો હું ઠંડી દૂર કરવા અગ્નિ સેવું, એવો વિચાર પણ ભિક્ષુ ન કરે. ૭-૫૫.

**उसिणप्परिआवेणं, परिदाहेण तज्जिए ।**
**घिंसु वा परिआवेणं, सायं नो परिदेवए ॥ ८ ॥**

**उष्णपरितापेन, परिदाहेन तर्जितः ।**
**ग्रीष्मे वा परितापेन, सातं नो परिदेवेत ॥ ८ ॥**

**અર્થ –** ગરમ રેતી વિ. ના પરિતાપથી, પરસેવો મેલ રૂપ બહારના તથા અંદરના તરસથી થયેલ દાહથી અત્યંત પીડિત તથા ગ્રીષ્મ વિ. માં સૂર્યકિરણોએ કરેલ તાપથી પીડિત મુનિ, સુખના પ્રતિ 'હા ! ક્યારે ચન્દ્ર, ચંદન વિ. સુખના હેતુઓ મળશે' વિ. પ્રલાપ ન કરે. ૮-૫૬.

**उण्हाहि तत्तो मेहावी, सिणाणं नो वि पत्थए ।**
**गायं नो परिसिंचेज्जा, न वीएज्जा य अप्पयं ॥ ९ ॥**

**उष्णाभितप्तः मेधावी, स्नानं नो अपि प्रार्थयेत् ।**
**गात्रं नो परिषिञ्चेत्, न वीजयेच्च आत्मानम् ॥ ९ ॥**

**અર્થ –** ગરમીથી પીડાયેલો, મર્યાદાવર્તી મુનિ, સ્નાનની અભિલાષા ન કરે, પોતાના શરીર ઉપર થોડું પાણી છાંટી ભીનું ન કરે, વીંજણા વિ. થી જરા પણ હવા ન નાંખે. ૯-૫૭.

**पुट्ठो य दंसमसएहिं, सम एव महामुणी ।**
**नागो संगामसीसे वा, सूरो अभिहणे परं ॥ १० ॥**

**स्पृष्टश्च दंशमशकैः सम एव महामुनिः ।**
**नागः संग्रामशीर्षे वा, शूरोऽभिहन्यात् परम् ॥ १० ॥**

**અર્થ –** શત્રુ-મિત્ર પ્રત્યે સમાન ચિત્તવાળો મહામુનિ, ડાંસ-મચ્છર-જુ-માંકડ વિ. થી પીડિત થવા છતાં યુદ્ધના મોખરે પરાક્રમી હાથીની માફક ક્રોધ વિ. શત્રુ પર વિજય મેળવે. ૧૦-૫૮.

**न संतसे न वारेज्जा, मणंपि न पओसए ।**
**उवेह न हणे पाणे, भुंजंते मंससोणियं ॥ ११ ॥**

**न संत्रसेत् न वारयेत्, मनोऽपि न प्रदूषयेत् ।**
**उपेक्षेत न हन्यात प्राणिनः, भुञ्जानान् मांसशोणितम् ॥ ११ ॥**

**અર્થ –** મુનિ, ડાંસ વિ. થી ઉદ્વેગ ન પામે, ડાંસ વિ. ને ન હટાવે, મનને દુષ્ટ ન કરે, મધ્યસ્થ ભાવથી જુએ. તેથી જ માંસ-લોહીને ખાનારા જીવોને ન હણે. ૧૧-૫૯.

**परिजुन्नेहिं वत्थेहिं, होक्खामि त्ति अचेलए ।**
**अदुवा सचेलए होक्खं, इति भिक्खू न चिंतए ॥ १२ ॥**

**परिजीर्णैर्वस्त्रैः, भविष्यामि इति अचेलकः ।**
**अथवा सचेलको भविष्यामि, इति भिक्षुः न चिन्तयेत् ॥ १२ ॥**

**અર્થ –** જુનાં વસ્ત્રોથી અલ્પ દિન રહેનાર હોઈ, હું અચેલક થઈશ, એવો વિચાર ન કરે. અથવા જીર્ણ વસ્ત્રવાળો મને જોઈ, કોઈ એક શ્રાવક સુંદર વસ્ત્રો આપશે એટલે હું સચેલક થઈશ, એવો વિચાર ન કરે. ૧૨-૬૦.

**एगया अचेलओ होइ, सचेले आवि एगया ।**
**एअं धम्महिअं नच्चा, नाणी नो परिदेवए ॥ १३ ॥**

**एकदा अचेलको भवति, सचेलश्चापि एकदा ।**
**एतद् धर्महितं ज्ञात्वा, ज्ञानी नो परिदेवेत ॥ १३ ॥**

**अर्थ –** એક વખતે-જિનકલ્પાદિ અવસ્થામાં સર્વથા વસ્ત્રના અભાવથી કે જુનાં વસ્ત્રથી અચેલક થાય છે. એક વખતે-સ્થવિરકલ્પાદિ અવસ્થામાં સચેલક પણ થાય છે. આ બે અવસ્થામાં અચેલકૃત્વ તથા સચેલકૃત્વ, ધર્મમાં ઉપકારક જાણી, જ્ઞાની કોઈ પણ અવસ્થામાં વિષાદ ન કરે. ૧૩-૬૧.

**गामाणुगामं रीअंतं, अणगारं अकिंचणं ।**
**अरई अणुप्पविसे, तं तितिक्खे परीसहं ॥ १४ ॥**

**ग्रामानुग्रामं रीयमाणं, अनगारम् अकिञ्चनम् ।**
**अरतिः अनुप्रविशेत्, तं तितिक्षेत परीषहम् ॥ १४ ॥**

**अर्थ –** ગ્રામાનુગ્રામ વિચરતા અપરિગ્રહી સાધુને જો મનમાં સંયમની અરુચિ પેદા થાય. તો આ અરતિરૂપ પરીષહ સહન કરીને સંયમની અરુચિને મનમાંથી હટાવવી. ૧૪-૬૨.

**अरइं पिट्ठओ किच्चा, विरए आयरक्खिए ।**
**धम्मारामे निरारम्भे, उवसंते मुणी चरे ॥ १५ ॥**

**अरतिं पृष्ठतः कृत्वा, विरतः आत्मरक्षितः ।**
**धर्मारामे निरारम्भः, उपशान्तः मुनिश्चरेत् ॥ १५ ॥**

**अर्थ –** વિરતિવાળો, અપધ્યાન વિ. થી આત્માનો રક્ષક, 'આ ધર્મમાં વિઘ્નરૂપ છે'-આવી રીતે અરતિનો તિરસ્કાર કરી ધર્મમાં રતિવાળો બને; નિરારંભી ઉપશાંત બની મુનિ તરીકે ધર્મના બગીચામાં વિચરે. ૧૫-૬૩.

**संगो एस मणुस्साणं, जाओ लोगंमि इत्थिओ ।**
**जस्स एआ परिण्णाया, सुकडं तस्स सामण्णं ॥ १६ ॥**

**संग एष मनुष्याणां, या लोके स्त्रियः ।**
**यस्य एताः परिज्ञाताः, सुकृतं तस्य श्रामण्यम् ॥ १६ ॥**

**अर्थ –** જેમ માખીઓને શ્લેષ્મ, લેપ બંધન છે, તેમ જગતમાં મનુષ્યોને યુવતિઓ લેપ રૂપ છે. જે સાધુએ "આ લોક કે પરલોકમાં બલવાન્ અનર્થના હેતુ રૂપ સ્ત્રીઓ છે"-એમ જાણી તેનો ત્યાગ કર્યો છે, તે સાધુનું શ્રમણપણું સફળ છે. ૧૬-૬૪.

**एवमादाय मेहावी, पंकभूआ उ इत्थिओ ।**
**नो ताहिं विणिहन्नेजा, चरेज्जत्तगवेसए ॥ १७ ॥**

**एवमादाय मेधावी, पङ्कभूताः तु स्त्रियः ।**
**नो ताभिर्विनिहन्यात्, चरेदात्मगवेषकः ॥ १७ ॥**

**अर्थ** – પૂર્વે કહેલી બાબતને બુદ્ધિપૂર્વક સ્વીકારી, મુક્તિપંથગામી મુનિઓને માટે વિઘ્નકર કે મલિનતાનો હેતુ હોઈ, 'આ સ્ત્રીઓ કાદવ સરખી છે' એવો નિશ્ચય કરી, આ સ્ત્રીઓ મારફત સંયમજીવનધ્વંસ દ્વારા આત્માની હિંસાથી બચે; આત્મચિંતનપરાયણ બની ધર્માનુષ્ઠાનનું સેવન કરે. ૧૭-૬૫.

**एग एव चरे लाढे, अभिभूअ परीसहे ।**
**गामे वा नगरे वावि, निगमे वा रायहाणिए ॥ १८ ॥**

**एक एव चरेत् लाढः, अभिभूय परीषहान् ।**
**ग्रामे वा नगरे वाऽपि, निगमे वा राजधान्याम् ॥ १८ ॥**

**अर्थ** – શુદ્ધ આહારથી પોતાનો નિર્વાહ કરનાર મુનિ, રાગ વિ. થી રહિત બની, ભૂખ વિ. પરીષહોને જીતીને, ગામ અગર નગરે, વેપારી જનોનો વાસ-નિગમમાં, રાજધાની વિ. માં અપ્રતિબદ્ધ વિહાર કરે. ૧૮-૬૬.

**असमाणो चरे भिक्खू, नेव कुज्जा परिग्गहं ।**
**असंसत्तो गिहत्थेहिं, अणिकेओ परिव्वए ॥ १९ ॥**

**असमानश्चरेद् भिक्षुः, नैव कुर्यात् परिग्रहम् ।**
**असंसक्तो गृहस्थैः, अनिकेतः परिव्रजेत् ॥ १९ ॥**

**अर्थ** – ઘર વિ. કે તેની મૂર્છાથી રહિત હોવાથી ગૃહસ્થોથી, અનિયત વિહાર વિ. થી અન્ય તીર્થીઓથી વિલક્ષણ સાધુ, ગામ વિ. માં મમતારૂપ પરિગ્રહ ન કરે; ગૃહસ્થોની સાથે સંબંધ વગરનો, ઘર વગરનો ચારે બાજુ વિહાર કરે. ૧૯-૬૭.

**सुसाणे सुन्नगारे वा, रुक्खमूले व एगओ ।**
**अकुक्कुओ निसीएज्जा, न य वित्तासए परं ॥ २० ॥**

**श्मशाने शून्यागारे वा, वृक्षमूले वा एककः ।**
**अकुत्कुचो निषीदेत्, न च वित्रासयेत् परम् ॥ २० ॥**

**अर्थ** – મુનિ સ્મશાનમાં, સૂના ઘરમાં, વૃક્ષની નીચે, દ્રવ્યભાવથી એકલો, દુષ્ટ ચેષ્ટા વગરનો બનીને બેસે તથા મનુષ્ય વિ. ને ભય ન ઉપજાવે. ૨૦-૬૮.

**तत्थ से चिट्ठमाणस्स, उवसग्गाभिधारए ।**
**संकाभीओ न गच्छेज्जा, उट्ठित्ता अन्नमासणं ॥ २१ ॥**

**तत्र तस्य तिष्ठतः, उपसर्गानभिधारयेत् ।**
**शङ्काभीतोः न गच्छेत्, उत्थायान्यदासनम् ॥ २१ ॥**

**અર્થ –** ત્યાં રહેનાર સાધુ પોતાના ઉપર આવતા દિવ્યાદિ ઉપસર્ગોને સહન કરે, શંકાત્રસ્ત બની, ઉઠી બીજા સ્થાનમાં ન જાય. ૨૧-૬૯.

**उच्चावयाहिं सिज्जाहिं, तवस्सी भिक्खू थामवं ।**
**नाइवेलं विहन्नेज्जा, पावदिट्ठी विहन्नई ॥ २२ ॥**

**उच्चावचाभिः शय्याभिः, तपस्वी भिक्षुः स्थामवान् ।**
**नातिवेलं विहन्यात्, पापदृष्टिर्विहन्यते ॥ २२ ॥**

**અર્થ –** ઉપસર્ગાદિ સહન પ્રતિ સામર્થ્યવાળો, તપસ્વી મુનિ, ઉંચા-નીચા સ્થાનો મળવા છતાં વેલાનું ઉલ્લંઘન કરી, અહીં હું શીતાદિથી ઘેરાયો છું-એમ વિચારી બીજા સ્થાનમાં ન જાય; કારણ કે પાપબુદ્ધિવાળો ઉંચું સ્થાન મળતા રાગ તથા નીચું સ્થાન મળતાં દ્વેષ નહીં કરવાની સમતા રૂપ મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. અર્થાત્ મુનિ સમતાપૂર્વક શય્યા પરીષહને સહન કરે. ૨૨-૭૦.

**पइरिक्कमुवस्सयं लद्धुं, कल्लाणं अदुव पावगं ।**
**किमेगराइं करिस्सइ, एवं तत्थऽहियासए ॥ २३ ॥**

**प्रतिरिक्तमुपाश्रयं लब्ध्वा, कल्याणं अथवा पापकम् ।**
**किमेकरात्रं करिष्यति, एवं तत्राध्यासीत ॥ २३ ॥**

**અર્થ –** સ્ત્રી વિ. થી રહિત સુખદ કે દુઃખદ ઉપાશ્રય મેળવીને એક રાત્રિ સુધી કે કેટલીક રાત્રિ સુધી રહેનાર, સમતાપૂર્વક હર્ષ કે ખેદ ધારણ કર્યા સિવાય તે વસતિમાં રહે. ૨૩-૭૧.

**अक्कोसिज्ज परो भिक्खूं, न तेसिं पडिसंजले ।**
**सरिसो होइ बालाणं, तम्हा भिक्खू न संजले ॥ २४ ॥**

**आक्रोशेत् परो भिक्षुं, न तस्मै प्रतिसंज्वलेत् ।**
**सदृशो भवति बालानां, तस्माद् भिक्षुर्न संज्वलेत् ॥ २४ ॥**

**અર્થ –** જો કોઈ બીજો, સાધુનું ખરાબ વચનોથી અપમાન કરે, તો સાધુ તેના ઉપર ક્રોધવાળો તેના જેવો ન બને; કેમ કે તે અજ્ઞાની સરખો બને છે. તેથી ભિક્ષુ જ્વલિત ન બને. ૨૪-૭૨.

**सोच्चा णं फरुसा भासा, दारुणा, गामकंटया ।**
**तुसिणीओ उवेहेज्जा, न ताओ मणसी करे ॥ २५ ॥**

**श्रुत्वा खलु परुषा भाषाः, दारूणा ग्रामकण्टकाः ।**
**तूष्णीकः उपेक्षेत, न ता मनसि कुर्यात् ॥ २५ ॥**

**અર્થ –** અત્યંત દુઃખકારી, મર્મવેધી કઠોર વચનોને સાંભળી, મુનિ મૌન ધારી તેની ઉપેક્ષા કરે તે વચનોને મનમાં અવકાશ ન આપે, અર્થાત્ તે બોલનાર પ્રત્યે દ્વેષ ન કરે. ૨૫-૭૩.

**हओ न संजले भिक्खु, मणंपि न पओसए ।**
**तितिक्खं परमं नच्चा, भिक्खुधम्मं विचिंतए ॥ २६ ॥**

**हतो न संज्वलेद् भिक्षुः, मनोऽपि न प्रदूषयेत् ।**
**तितिक्षां परमां ज्ञात्वा, भिक्षुधर्मं विचिन्तयेत् ॥ २६ ॥**

**અર્થ –** લાકડી વિ. થી તાડિત થતાં ક્રોધથી ન ધમધમે, મનને દ્વેષવાળું ન કરે, ક્ષમાને ધર્મનું ઉત્કૃષ્ટ સાધન તરીકે જાણી ક્ષમામૂલક ભિક્ષુધર્મનું ચિંતન કરે. ૨૬-૭૪.

**समणं संजयं दंतं, हणेज्जा कोवि कत्थई ।**
**नत्थि जीवस्स नासेत्ति, एवं पेहेज्ज संजए ॥ २७ ॥**

**श्रमणं संयतं दान्तं, हन्यात् कोऽपि कुत्रचित् ।**
**नास्ति जीवस्य नाश इति, एवं प्रेक्षेत संयतः ॥ २७ ॥**

**અર્થ –** ઇન્દ્રિય-મનોવિજેતા, તપસ્વી, સંયમીને જો કોઈ એક દુષ્ટ કોઈ ગામ વિ. માં તાડન કરે, તો સાધુએ એવી ભાવના કરવી કે, 'ચૈતન્યસ્વરૂપી આત્માનો નાશ નથી, પરંતુ શરીરનો જ નાશ થાય છે.' ૨૭-૭૫.

**दुक्करं खलु भो निच्चं, अणगारस्स भिक्खुणो ।**
**सव्वं से जाइअं होइ, नत्थि किंचि अजाइअं ॥ २८ ॥**

**दुष्करं खलु भो ! नित्यं, अनगारस्य भिक्षोः ।**
**सर्वं तस्य याचितं भवति, नास्ति किंचिद् अयाचितम् ॥ २८ ॥**

**અર્થ –** હે જંબૂ ! ચોક્કસ અનગારી ભિક્ષુને જીવે ત્યાં સુધી આહાર-ઉપકરણ વિ. સમસ્ત વસ્તુ યાચિત જ હોય છે. કોઈ પણ ચીજ અયાચિત નથી હોતી. અતએવ નિરુપકારી મુનિને વસ્તુની યાચના કરવી કઠિન હોઈ યાચના પણ એક પરીષહ છે. ૨૮-૭૬.

**गोअरग्गपविट्ठस्स, पाणी नो सुप्पसारए ।**
**सेओ अगारवासोत्ति, इइ भिक्खू न चिंतए ॥ २९ ॥**

**गोचराग्रप्रविष्टस्य, पाणिः नो सुप्रसारकः ।**
**श्रेयान् अगारवासः इति, इति भिक्षुर्न चिन्तयेत् ॥ २९ ॥**

**અર્થ –** ગોચરી વ્હોરવા નીકળેલા મુનિએ 'હું ગૃહસ્થી ઉપર કાંઈ ઉપકાર કરતો નથી, તો તેની આગળ હાથ કેવી રીતે પ્રસારૂં ? એના કરતાં ગૃહસ્થાશ્રમ સ્વીકારવો ઉચિત છે' - આવો વિચાર નહીં કરવો, કેમ કે ગૃહવાસ બહુ સાવદ્ય છે. એટલે ગૃહવાસ શ્રેયસ્કર કેવી રીતે ? (૨૯-૭૭)

**परेसु घासमेसेज्जा, भोयणे परिनिट्ठिए ।**
**लद्धे पिंडे अलद्धे वा, नाणुतप्पेज्ज पंडिए ॥ ३० ॥**

**परेषु ग्रासं एषयत्, भोजने परिनिष्ठिते ।**
**लब्धे पिण्डे अलब्धे वा, नानुतप्येत संयतः ॥ ३० ॥**

**અર્થ –** ભ્રમરની પદ્ધતિથી ભોજનવેલામાં આહારની ગવેષણા કરે. અનિષ્ટ કે સ્વલ્પ આહારનો લાભ અથવા અપ્રાપ્તિ થતાં સાધુએ પશ્ચાત્તાપ ન કરવો. (૩૦-૭૮)

**अज्जेवाहं न लब्भामि, अवि लाभो सुवे सिआ ।**
**जो एवं पडिसंचिक्खे, अलाभो तं न तज्जए ॥ ३१ ॥**

**अद्यवाहं न लभे, अपि लाभः श्वः स्यात् ।**
**य एवं प्रतिसमीक्षते, अलाभस्तं न तर्जयेत् ॥ ३१ ॥**

**અર્થ –** ભલે આજે આહારનો લાભ નથી થયો પણ આવતી કાલે થશે, આ પ્રમાણે જે વિચારે છે તેને અલાભ પરિષહ સંતાપિત કરતો નથી. (૩૧-૭૯)

**नच्चा उप्पइंय दुक्खं, वेयणाए दुहट्ठिए ।**
**अदीणो ठावए पन्नं, पुट्ठो तत्थअहियासए ॥ ३२ ॥**

**ज्ञात्वा उत्पतितं दुःखं, वेदनया दुःखार्तितः ।**
**अदीनः स्थापयेत् प्रज्ञां, स्पृष्टस्तत्र अधिसहेत ॥ ३२ ॥**

**અર્થ –** ઉત્પન્ન જ્વર વગેરે રોગવાળો, વેદનાથી પીડિત થવા છતાંય દીનતા વગરનો બની, દુઃખના કારણે ચલિત થતી બુદ્ધિને સ્વકર્મનું જ આ ફલ છે, એમ ચિંતવી સ્થિર બનાવે. આવી પ્રજ્ઞાની પ્રતિષ્ઠાવાળો રોગજન્ય દુઃખને સહન કરે. (૩૨-૮૦)

**तेगिच्छं नाभिनंदिज्जा, संचिक्खत्तगवेसए ।**
**एअं खु तस्स सामन्नं, जं न कुज्जा न कारए ॥ ३३ ॥**

**चिकित्सां नाभिनन्देत, संतिष्ठेत आत्मगवेषकः ।**
**एतत् खु तस्य श्रामण्यं, यन्न कुर्यात् न कारयेत् ॥ ३३ ॥**

**અર્થ** – જિનકલ્પિક મુનિની અપેક્ષાએ-ચારિત્ર રૂપ આત્માની, તેના વિરોધી-વિઘ્નોના રક્ષણ દ્વારા ગવેષણા કરનાર રોગ પ્રતિકારરૂપ ચિકિત્સા ન કરે, કરાવે કે અનુમોદે, પરંતુ સમાધિપૂર્વક રહે. આ શ્રમણપણું તેને હોય છે. સ્થવીર-કલ્પિક મુનિઓ તો પુષ્ટ આલંબનને ધ્યાનમાં રાખી જયણાથી ચિકિત્સા કરે, કરાવે પણ છે. (૩૩-૮૧)

**अचेलगस्स लूहस्स, संजयस्स तवस्सिणो ।**
**तणेसु सयमाणस्स, होज्जा गायविराहणा ॥ ३४ ॥**

**अचेलकस्य रूक्षस्य, संयतस्य तपस्विनः ।**
**तृणेषु शयानस्य, भवति गात्रविराधना ॥ ३४ ॥**

**અર્થ** – લુખા-કૃશ શરીરવાળા તપસ્વી, દર્ભ વગેરેમાં સુનાર કે બેસનાર, અચેલક સંયતને શરીરમાં તૃણસ્પર્શજન્ય પીડાના સહન દ્વારા તૃણસ્પર્શ પરીષહ-વિજય પ્રાપ્ત થાય છે. (૩૪-૮૨)

**आयवस्स निवाएणं, अउला हवइ वेयणा ।**
**एअं नच्चा न सेवंति, तंतुजं तणतज्जिआ ॥ ३५ ॥**

**आतपस्य निपातेन, अतुला भवति वेदना ।**
**एवं ज्ञात्वा न सेवन्ते, तन्तुजं तृणतर्जिताः ॥ ३५ ॥**

**અર્થ** – ઘાસ-તડકાના પડવાથી મોટી વેદના થાય તો પણ, કર્મક્ષયના અર્થી, દર્ભ વગેરેથી પીડિત મુનિ, વસ્ત્ર-કંબલને નહીં સ્વીકારી, આર્ત્તધ્યાનને નહીં કરતાં તૃણસ્પર્શ પરિષહને જીતે છે. (૩૫-૮૩)

**किलिण्णगाए मेहावि, पंकेण व रएण वा ।**
**घिंसु वा परितावेण, सायं नो परिदेवए ॥ ३६ ॥**

**क्लिन्नगात्रः मेधावी, पङ्केन वा रजसा वा ।**
**ग्रीष्मे वा परितापेन, सातं नो परिदेवेत ॥ ३६ ॥**

**અર્થ** – સ્નાનના ત્યાગરૂપ મર્યાદાવાળો મુનિ, ગ્રીષ્મ વગેરેમાં તાપથી પરસેવો ને પરસેવાથી પલળેલા મેલથી વ્યાપ્ત શરીર બનવા છતાં, 'કેવી રીતે કે ક્યારે મેલ દૂર થવાથી સુખ થશે' એવો પ્રલાપ-વિલાપ ન કરે. (૩૬-૮૪)

**वेएज्ज निज्जरापेही, आरियं धम्मणुत्तरं ।**
**जाव सरिरभेओत्ति, जल्लं काएण धारए ॥ ३७ ॥**

**वेदयेत् निर्जरापेक्षी, आर्यं धर्मं अनुत्तरम् ।**
**यावत् शरीरभेदः इति जल्लं कायेन धारयेत् ॥ ३७ ॥**

**अर्थ –** આત્યંતિક કર્મક્ષયનો અભિલાષી, શુભ આચારમય સર્વોત્તમ શ્રુતચારિત્રરૂપ ધર્મને પામેલો મુનિ, દેહના અવસાન સુધી શરીર દ્વારા મેલને ધારી તેના પરીષહને જીતે. (૩૭-૮૫)

**अभिवायणमब्भुट्ठाणं, सामी कुज्जा निमंतणं ।**
**जे ताइं पडिसेवंति, न तेसिं पिहए मुणी ॥ ३८ ॥**

**अभिवादनमभ्युत्थानं, स्वामी कुर्यात् निमन्त्रणम् ।**
**ये तानि प्रतिसेवन्ते, न तेभ्यः स्पृहयेत् मुनिः ॥ ३८ ॥**

**अर्थ –** રાજા વગેરે વંદન-સ્તવન-અભ્યુત્થાન કે આહાર વગેરે માટેનું આમંત્રણ કરે, તો પણ મુનિ બીજાઓની માફક અભિવાદન વગેરેની સ્પૃહા ન કરે, અર્થાત્ સત્કાર વગેરેનો વિચાર મનમાં ન કરે. (૩૮-૮૬)

**अणुक्कसाई अप्पिच्छे, अन्नाणेसि अलोलुए ।**
**रसेसु नाणुगिज्झिज्जा, नाणुतप्पेज्ज पण्णवं ॥ ३९ ॥**

**अणुकषायी अल्पेच्छः, अज्ञातैषी अलोलुपः ।**
**रसेषु नानुगृध्येत्, नानुतप्येत् प्रज्ञावान् ॥ ३९ ॥**

**अर्थ –** નમસ્કાર વગેરે નહીં કરનાર પ્રત્યે ક્રોધ ન કરે અથવા સત્કાર વગેરે થતાં અહંકારી ન બને, તેમજ તે માટે માયા કે તેમાં આસક્તિ ન કરે; ધર્મોપકરણની જ માત્ર ઈચ્છાવાળો, જાતિ વગેરેથી અજ્ઞાત બની આહારનો ગવેષક, રસના રસમાં લંપટતા વગરનો બની, મધુર વગેરે રસોની આશા ન સેવે તથા વિવેકવાળી બુદ્ધિનો ધણી બનેલો બીજાઓને સત્કારાતા જોઈ પશ્ચાત્તાપ ન કરે. (૩૯-૮૭)

**से अ णूणं मए पुव्वं, कम्माऽणाणफला कडा ।**
**जेणाहं नाभिजाणामि, पुट्ठो केणई कण्हुई ॥ ४० ॥**

**अह पच्छा उइज्जंति, कम्माऽणाणफला कडा ।**
**एवमस्सासि अप्पाणं, णच्चा कम्मविवागयं ॥ ४१ ॥**

**अथ नूनं मया पूर्वं, कर्माणि अज्ञानफलानि कृतानि ।**
**येनाहं नाभिजानामि, पृष्टः केनचित् कस्मिंश्चित् ॥ ४० ॥**

**अथ पश्चाद् उदीर्यन्ते, कर्माणि अज्ञानफलानि कृतानि ।**
**एवमाश्वासयात्मानं, ज्ञात्वा कर्मविपाकम् ॥ ४१ ॥ युग्मम् ॥**

**અર્થ** – ચોક્કસ મેં પહેલાં જ્ઞાનનિંદા વગેરે કારણોથી અજ્ઞાનફલક જ્ઞાનાવરણીય કર્મો કર્યાં છે, કે જેથી કોઈએ મને જીવાદિ સુગમ વસ્તુનો પ્રશ્ન કર્યો હોવા છતાં હું જાણી જવાબ આપી શકતો નથી. બાંધેલા જ્ઞાનાવરણીય કર્મો અબાધાકાલ પછી દ્રવ્ય વગેરે નિમિત્તથી ઉદયમાં આવે છે - અજ્ઞાનરૂપી ફલ આપે છે, માટે તેના નાશ માટે પ્રયત્ન કરવો જોઈએ, ન કે વિષાદ. આ પ્રમાણે કર્મોનો વિચિત્ર વિપાક જાણી આત્માને સ્વસ્થ કરો, મુંઝવણમાં ન મૂકો અર્થાત્ જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમથી ઉત્કૃષ્ટ જ્ઞાનસંપત્તિમાં ગર્વ ન કરો. (૪૦-૪૧) (૮૮-૮૯)

**निरट्ठगं मि विरओ, मेहुणाओ सुसंवुडो ।**
**जो सक्खं नाभिजाणामि, धम्मं कल्लाण पावगं ॥ ४२ ॥**

**निरर्थकं अहं विरतः, मैथुनात् सुसंवृत्तः ।**
**यः साक्षात् नाभिजानामि, धर्मं कल्याणं पापकम् ॥ ४२ ॥**

**અર્થ** – ફોગટ હું બ્રહ્મચારી. ઈન્દ્રિય-મનના સંવરવાળો બન્યો છું, કેમ કે હું સાક્ષાત્ રૂપે વસ્તુસ્વભાવ શુભ-અશુભને જાણી શકતો નથી. આ પ્રમાણેનો અજ્ઞાનતાગર્ભિત વિચાર ભિક્ષુ ન કરે. (૪૨-૯૦)

**तवोवहाणमादाय, पडिमं पडिवज्जओ ।**
**एवं पि विहरओ मे, छउमं न नियट्टइ ॥ ४३ ॥**

**तपउपधानमादाय, प्रतिमां प्रतिपद्यमानस्य ।**
**एवमपि विहरतो मे, छद्म न निवर्तते ॥ ४३ ॥**

**અર્થ** – ભદ્ર, મહાભદ્ર વગેરે તપ, આગમના આરાધનરૂપ આયંબીલ વગેરે ઉપધાન આચરી, અભિગ્રહવિશેષરૂપ માસિકી વગેરે પ્રતિમાનો સ્વીકાર કરનારને, વિશિષ્ટ ચર્યાથી અપ્રતિબંધરૂપે વિચરવા છતાં જ્ઞાનાવરણીય વગેરે કર્મ દૂર ન થાય, તો પણ આ 'કષ્ટક્રિયાથી શું ?' આવો સંકલ્પ ન કરે. (૪૩-૯૧)

**नत्थि नूणं परे लोए, इड्ढी वा वि तवस्सिणो ।**
**अदुवा वंचिओम्हित्ति, इइ भिक्खू न चिंतए ॥ ४४ ॥**

**नास्ति नूनं परो लोकः, ऋद्धिर्वाऽपि तपस्विनः ।**
**अथवा वञ्चितोऽस्मीति, इति भिक्षुर्न चिन्तयेत् ॥ ४४ ॥**

**અર્થ –** ચોક્કસ પરલોક નથી અથવા તપસ્વી એવા મને તપોમાહાત્મ્યરૂપ ઋદ્ધિ નથી કે હું ભોગોથી ઠગાયો છું, એવો સાધુ વિચાર ન કરે. (૪૪-૯૨)

**अभू जिणा अत्थि जिणा, अदुवा वि भविस्सइ ।**
**मुसं ते एव माहंसु, इइ भिक्खू न चिंतए ॥ ४५ ॥**

**अभूवन् जिनाः सन्ति जिनाः, अथवाऽपि भविष्यन्ति ।**
**मृषा ते एवमाहुः, इति भिक्षुर्न चिन्तयेत् ॥ ४५ ॥**

**અર્થ –** કેવલીઓ ભૂતકાળમાં થયા છે, વર્તમાનકાળમાં મહાવિદેહમાં છે અથવા ભવિષ્યકાળમાં ભરત વગેરેમાં થશે, એવું પણ તે યથાર્થવાદીઓ, પૂર્વોક્ત પ્રકારથી અસત્ય કહે છે, એવો વિચાર ભિક્ષુ ન કરે; કેમકે અનુમાન વગેરે પ્રમાણોથી સર્વજ્ઞની સિદ્ધિ સિદ્ધ છે. અથવા કેવલીઓએ જે પરલોક વગેરે કહ્યું છે, તે અસત્ય છે એવો વિચાર ન કરે અર્થાત્ જિન કે જિનકથિત વસ્તુ ત્રૈકાલિક સત્ય છે એમ વિચારે. (૪૫-૯૩)

**एए परीसहा सव्वे, कासवेणं पवेइआ ।**
**जे भिक्खू ण विहण्णेज्जा, पुट्ठो केणइ कण्हुइ ॥ ४६ ॥ त्ति बेमि ॥**

**एते परीषहाः सर्वे काश्यपेन प्रवेदिताः ।**
**यान् भिक्षुर्न विहन्येत, स्पृष्टः केनाऽपि कस्मिंश्चित् ॥ ४६ ॥**

इति ब्रवीमि ॥

**અર્થ –** આ પૂર્વોક્ત તમામ પરિષહો કાશ્યપગોત્રી ભગવાન શ્રી મહાવીરસ્વામીએ કહેલ છે. જે આ પરિષહો જાણી, બાવીશમાંથી કોઈ એક પરિષહથી બાધિત થયા છતાં સાધુ ગમે તે દેશ-કાલમાં પરિષહોથી હારે નહીં. પરંતુ તેઓને જીતે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૪૬-૯૪)

## ॥ બીજું શ્રી પરીષહાધ્યયન સંપૂર્ણ ॥

# શ્રી ચુતરંગીય અધ્યયન-૩

चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।
माणुसत्तं सुइ सद्धा, संजमम्मि अ वीरिअं ॥ १ ॥

चत्वारि परमाङ्गानि, दुर्लभानि इह जन्तोः ।
मानुषत्वं श्रुतिः श्रद्धा, संयमे च वीर्यम् ॥ १ ॥

**અર્થ –** આ સંસારમાં પ્રાણીને, ધર્મના ચાર મુખ્ય કારણો-જેમ કે ૧. મનુષ્યજન્મ, ૨. ધર્મનું શ્રવણ, ૩. ધર્મની શ્રદ્ધા, ૪. સંયમના વિષે સામર્થ્ય દુર્લભ છે. (૧-૯૫)

समावन्ना ण संसारे, नाणागुत्तासु जाइसु ।
कम्मा नाणाविहा कट्टु, पुढो विस्संभआ पया ॥ २ ॥

समापन्नाः खलु संसारे, नानागोत्रासु जातिषु ।
कर्माणि नानाविधानि कृत्वा, पृथक् विश्वभृतः प्रजाः ॥ २ ॥

**અર્થ –** સંસારમાં નાનાવિધ નામવાળી ક્ષત્રિય વગેરે જાતિઓમાં જન્મેલ જનસમૂહ, નાનાવિધ કર્મો કરી-કર્માધીન બની જુદા જુદા આકાશના પ્રત્યેક પ્રદેશોમાં જન્માદિ દ્વારા ફરે છે. અર્થાત્ મનુષ્યજન્મ મેળવીને પણ પોતે કરેલ કર્મના પ્રભાવથી બીજી ગતિઓમાં ભટકનાર જનસમૂહને ફરીથી મનુષ્યજન્મ દુર્લભ બની જાય છે. (૨-૯૬)

एगया देवलोएसु, नरएसुवि एगया ।
एगया आसुरं कायं, अहाकम्मेहिं गच्छइ ॥ ३ ॥

एकदा देवलोकेषु, नरकेष्वपि एकदा ।
एकदा आसुरं कायं, यथाकर्मभिः गच्छति ॥ ३ ॥

**અર્થ –** પુણ્યના ઉદયકાલે સૌધર્મ વગેરે દેવલોકોમાં, પાપના ઉદયના કાલમાં રત્નપ્રભા વગેરે નરકોમાં, કોઈ વખત અસુરનિકાયમાં કર્મના અનુસારે

અર્થાત્ દેવલોકાનુકૂલ સરાગ સંયમ, નરકગતિ-અનુકૂલ મહારંભ, અસુર નિકાયગતિ-અનુકૂલ બાલતપ વગેરે ક્રિયાઓના અનુસારે પ્રાણિઓ, તે તે ગતિમાં જાય છે. (૩-૯૭)

**एगया खत्तिओ होइ, तओ चंडाल बुक्कसो ।**
**तओ कीड पयंगो अ, तओ कुंथु पिवीलिआ ॥ ४ ॥**

**एकदा क्षत्रियो भवति, ततश्चण्डालः बुक्कसः ।**
**ततः कीटः पतङ्गश्च, ततः कुन्थुः पिपीलिका ॥ ४ ॥**

**અર્થ** – કદી જીવ રાજા બને છે, ત્યારબાદ ચંડાલ, વર્ણાન્તર સંકર રૂપે જન્મેલ થાય છે. કદી કીડો પતંગીયું બને છે. ત્યાંથી કદી કંથવા - કીડી રૂપે જન્મે છે. અર્થાત્ ક્રમસર સઘળી ઊંચ-નીચ સંકીર્ણ જાતિઓ તથા સકલ તિર્યંચના ભેદો અહીં સમજવા. (૪-૯૮)

**एवमावट्टजोणीसु, पाणिणो कम्मकिव्विसा ।**
**न निविज्जंति संसारे, सव्वट्ठेसु व खत्तिआ ॥ ५ ॥**

**एवं आवर्तयोनिषु, प्राणिनः कर्मकिल्बिषाः ।**
**न निर्विद्यन्ते संसारे, सर्वार्थेषु इव क्षत्रियाः ॥ ५ ॥**

**અર્થ** – જેમ સઘળા સુવર્ણ વગેરે વૈભવો રાજાઓને ભોગવવા છતાં કંટાળો ઉપજતો નથી, તેમ વિમલરૂપ ચોરાશી લાખ જીવાયોનિઓમાં ક્લિષ્ટ કર્મથી અધમ બનેલા જીવોને વારંવાર ભટકવા છતાં, 'આ સંસારભ્રમણથી ક્યારે છૂટકારો થશે' એવો ઉદ્વેગ જાગતો નથી. બરોબર છે એટલે જ સંસારકર્મનો ક્ષય કરવા માટે જીવો ઉદ્યમ કરતા નથી. (૫-૯૯)

**कम्मसंगेहिं संमूढा, दुक्खिआ बहुवेअणा ।**
**अमाणुसासु जोणीसु, विणिहम्मंति पाणिणो ॥ ६ ॥**

**कर्मसंगैः संमूढाः, दुःखिता बहुवेदनाः ।**
**अमानुषीषु योनिषु, विनिहन्यन्ते प्राणिनः ॥ ६ ॥**

**અર્થ** – કર્મના સંબંધોથી અવિવેકી, દુઃખવાળા ઘણી શારીરિક પીડાવાળા, નરક-તિર્યંચ-આભિયોગિક વગેરે દેવ દુર્ગતિ સંબંધી યોનિઓમાં જીવો પડે છે, પરંતુ તેનાથી ઉગરી શકતા નહીં હોવાથી મનુષ્યજન્મ દુર્લભ છે. (૬-૧૦૦)

**कम्माणं तु पहाणाए, आणुपुव्वि कयाइ उ ।**
**जीवा सोहिमणुप्पत्ता, आययंति मणुस्सयं ॥ ७ ॥**

**कर्मणां तु प्रहाण्या, आनुपूर्व्या कदाचित्तु ।**
**जीवाः शुद्धिमनुप्राप्ताः, आददते मनुष्यताम् ॥ ७ ॥**

**અર્થ** – નરકગતિ વગેરેમાં લઈ જનાર અનંતાનુબંધી વગેરે કર્મોનો ક્રમથી નાશ થવાથી, કદાચિત્ ક્લિષ્ટ કર્મોથી વિનાશ રૂપ શુદ્ધિને પામેલા જીવો મનુષ્યજન્મને પામે છે. (૭-૧૦૧)

**माणुस्सं विग्गहं लद्धुं, सुइ धम्मस्स दुल्लहा ।**
**जं सुच्चा पडिवज्जंति, तवं खंतिमहिंसयं ॥ ८ ॥**

**मानुष्य विग्रहं लब्ध्वा, श्रुतिधर्मस्य दुर्लभा ।**
**यं श्रुत्वा प्रतिपद्यन्ते, तपः क्षान्ति अहिंस्त्रताम् ॥ ८ ॥**

**અર્થ** – મનુષ્યના શરીરને મેળવવા છતાં આળસ વગેરે કારણોથી ધર્મનું શ્રવણ દુર્લભ છે. જે ધર્મને સાંભળી, ભવ્યો તપ, ક્રોધ વગેરે કષાયનો વિજય, અહિંસા વગેરે વ્રતોને પામે છે. (૮-૧૦૨)

**आहच्च सवणं लद्धुं, सद्धा परदुल्लहा ।**
**सोच्चा नेआउयं मग्गं, बहवे परिभस्सइ ॥ ९ ॥**

**कदाचित् श्रवणं लब्ध्वा, श्रद्धा परमदुर्लभा ।**
**श्रुत्वा नैयायिकं मार्गं, बहवः परिभ्रश्यन्ति ॥ ९ ॥**

**અર્થ** – કદાચ મનુષ્યજન્મ, ધર્મનું શ્રવણ થવા છતાં ધર્મરુચિરૂપ શ્રદ્ધા અત્યંત દુર્લભ છે, કેમ કે ન્યાયસંપન્ન, સમ્યગ્દર્શન વગેરે મોક્ષમાર્ગને સાંભળવા છતાં ઘણા જીવો મોક્ષમાર્ગથી પડી જાય છે. (૯-૧૦૩)

**सुइं च लद्धुं सद्धं च, वीरिअं पुण दुल्लहं ।**
**बहवे रोअमाणावि, नो य णं पडिवज्जए ॥ १० ॥**

**श्रुतिं च लब्ध्वा श्रद्धां च, वीर्यं पुनर्दुर्लभम् ।**
**बहवः रोचमाना अपि, नो एनं प्रतिपद्यन्ते ॥ १० ॥**

**અર્થ** – મનુષ્યજન્મ, ધર્મનું શ્રવણ ધર્મની શ્રદ્ધા થવા છતાં સંયમપાલનમાં વીર્યવિશેષ દુર્લભ છે, કેમ કે ઘણા, ધર્મશ્રદ્ધાળુ હોવા છતાં ચારિત્રમોહનીય કર્મના ઉદયથી શ્રેણીક વગેરેની માફક સંયમને સ્વીકારી શકતા નથી. (૧૦-૧૦૪)

**माणुसत्तम्मि आयाओ, जो धम्मं सोच्च सद्दहे ।**
**तवस्सि वीरिअं लद्धुं, संवुडे णिद्धुणे रयं ॥ ११ ॥**

**मानुषत्वे आयातो, यो धर्मं श्रुत्वा श्रद्धत्ते ।**
**तपस्वी वीर्यं लब्ध्वा, संवृतः निर्धुनोति रजः ॥ ११ ॥**

**અર્થ –** મનુષ્યના શરીરમાં આવેલો જે જીવ ધર્મ ઉદ્યમરૂપ વીર્ય મેળવી, આશ્રવદ્વારોને બંધ કરનારો, બંધાયેલ અને બંધાતા કર્મરૂપ રજને સાફ કરી મુક્તિકમલાને વરે છે. (૧૧-૧૦૫)

**सोही उज्जुयभूअस्स, धम्मो सुद्धस्स चिट्ठइ ।**
**निव्वाणं परमं जाइ, घयसित्तिव्व पावए ॥ १२ ॥**

**शुद्धिः ऋजुभूतस्य, धर्मः शुद्धस्य तिष्ठति ।**
**निर्वाणं परमं याति, घृतसिक्त इव पावकः ॥ १२ ॥**

**અર્થ –** મનુષ્યજન્મ વિગેરે મેળવી મુક્તિ તરફ પ્રગતિ કરનાર સરલ આત્માને કષાયની કાલિમાના નાશરૂપ શુદ્ધિ હોય છે, શુદ્ધ ક્ષમાદિ ધર્મ નિશ્ચલરૂપે રહે છે. તે આત્મા અહીં ઘીથી સીંચાયેલ અગ્નિની માફક તપસ્તેજથી જાજવલ્યમાન બનેલો, ઉત્કૃષ્ટ જીવન્મુક્તિરૂપ નિર્વાણનો અનુભવ કરે છે. (૧૨-૧૦૬)

**विगिंच कम्मुणो हेउं, जसं संचिणु खंतिए ।**
**पाढवं सरीरं हिच्चा, उड्ढं पक्कमइ दिसं ॥ १३ ॥**

**विवेचय कर्मणः हेतु, यशः संचिनु क्षान्त्या ।**
**पार्थिवं शरीरं हित्वा, ऊर्ध्वां प्रक्रामति दिशम् ॥ १३ ॥**

**અર્થ –** હે શિષ્ય ! મનુષ્યજન્મ વગેરેના રોકનાર કર્મના હેતુરૂપ મિથ્યાત્વ વગેરેને દૂર કરો ! તથા ક્ષમા વગેરેથી યશસ્કર સંયમ કે વિનયને પુષ્ટ કરો ! આમ કરવાથી પાર્થિવ-ઔદારિક શરીર છોડી અપુનઃ આવૃત્તિરૂપે ઉર્ધ્વદિશા-મોક્ષ તરફ પ્રસ્થાન કરે છે. (૧૩-૧૦૭)

**विसालिसेहिं सीलेहिं, जक्खा उत्तर-उत्तरा ।**
**महासुक्का व दिप्पंता, मन्नंता अपुणच्चवं ॥ १४ ॥**
**अप्पिया देवकामाणं, कामरूवविउव्विणो ।**
**उड्ढं कप्पेसु चिट्ठंति, पुव्वा वाससया बहु ॥ १५ ॥ युग्मम्**

**विसदृशैः शीलैः, यक्षाः उत्तरोत्तराः ।**
**महाशुक्लैव दीप्यमानाः, मन्यमाना अपुनश्च्यवम् ॥ १४ ॥**
**अर्पिता देवकामेभ्यः, नामरूपविकुर्वाणाः ।**
**उर्ध्वं कल्पेषु तिष्ठन्ति, पूर्वाणि वर्षशतानि बहूनि ॥ १५ ॥ युग्मम् ॥**

**અર્થ –** આગળ આગળ શ્રેષ્ઠ, અત્યંત ઉજ્જવલતાએ ચંદ્ર-સૂર્ય જેવા પ્રકાશતા, વિશિષ્ટ કામ વગેરેના પ્રાપ્તિજન્ય સુખ સાગરમાં ડુબેલા અને લાંબી સ્થિતિ હોઈ મનમાં તિર્યંચ આદિમાં ઉત્પત્તિના અભાવને માનતા, પૂર્વકૃત પુણ્યે જાણે, દિવ્ય અંગના સ્પર્શ વગેરે દેવભોગોને સમર્પિત કરેલા, ઇચ્છા પ્રમાણે રૂપ વગેરે કરવાની શક્તિવાળા દેવો, પોતપોતાના ચારિત્રમોહનીય કર્મ, ક્ષયોપશમના અનુસારે અસમાન-ભિન્ન ભિન્ન વ્રતપાલનરૂપ વિશિષ્ટ અનુષ્ઠાનો દ્વારા ક્રમસર સૌધર્મ વગેરે બાર દેવલોક, નવગ્રૈવેયક, પાંચ અનુત્તર કલ્પોમાં સ્વ-સ્વ આયુષ્યની સ્થિતિનો અનુભવ કરે છે. (૧૪-૧૫) (૧૦૮-૧૦૯)

**तत्थ ठिच्चा जहाठाणं, जक्खा आउक्खये चुया ।**
**उवेंति माणुसं जोणिं, से दसंगेअभिजायइ ॥ १६ ॥**

**तत्र स्थित्वा यथास्थानं, यक्षा आयुःक्षये च्युताः ।**
**उपयान्ति मानुषीं योनिं, स दशाङ्गोऽभिजायते ॥ १६ ॥**

**અર્થ –** સૌધર્મ વગેરે દેવલોકમાં સ્વ-અનુષ્ઠાનના અનુસારે મળેલ ઇન્દ્ર વગેરે સ્થાનમાં રહી, દેવો આયુષ્યના ક્ષય બાદ ત્યાંથી ચ્યવીને મનુષ્યજન્મમાં આવે છે. ત્યાં અવશિષ્ટ પુણ્યના અનુસારે દશ જાતના ભોગના ઉપકરણો મેળવે છે. (૧૬-૧૧૦)

**खेत्तं वत्थुं हिरण्णं च, पसवो दास-पोरुसं ।**
**चत्तारि कामखंधाणि, तत्थ से उववज्जइ ॥ १७ ॥**

**क्षेत्रं वास्तु हिरण्यं च, पशवो दासपौरुषेयं ।**
**चत्वारः कामस्कन्धाः, तत्र स उपपद्यते ॥ १७ ॥**

**અર્થ –** ક્ષેત્ર, મકાનો, સોનું વગેરે ધાતુઓ, પશુઓ, નોકરો, ચતુરંગી સેના તથા શબ્દ વગેરે મનોહર કામભોગના હેતુરૂપ પુદ્‌ગલસમુદાય જે કુલમાં હોય તે [1]કુલમાં દેવ ઉત્પન્ન થાય છે. (૧૭-૧૧૧)

**मित्तवं नाइवं होइ, उच्चागोए य वण्णवं ।**
**अप्पायंके महापण्णे, अभिजाए जसो बले ॥ १८ ॥**

**मित्रवान् ज्ञातिमान् भवति, उच्चैर्गोत्रश्च वर्णवान् ।**
**अल्पातङ्क महाप्रज्ञः अभिजातः यशस्वी बली ॥ १८ ॥**

**અર્થ –** [२]મિત્રવાળો, [३]સ્વજનવાળો, [४]ઊંચા ગોત્રવાળો, [५]પ્રશસ્ત શરીરની કાન્તિવાળો, [६]નિરોગી, [७]મહાન પ્રતિભાવાળો, [८]વિનીત, [९]યશસ્વી અને [१०]કાર્ય કરવામાં સામર્થ્યવાળો થાય છે આ પ્રમાણે દેવ દસ અંગવાળો મનુષ્ય બને છે. (૧૮-૧૧૨)

**भुच्चा माणुस्सए भोए, अप्पडिरुवे अहाउयं ।**
**पुव्वं विसुद्धसद्धम्मे, केवलं बोहिबुज्झिया ॥ १९ ॥**
**चउरंगं दुल्लहं णच्चा, संजमं पडिवज्जिया ।**
**तवसा धुअकम्मंसे, सिद्धे हवइ सासए त्ति बेमि ॥ २० ॥ युग्मम्**

**भुक्त्वा मानुष्यकान् भोगान्, अप्रतिरूपः यथायुष्कम् ।**
**पूर्वं विशुद्धसद्धर्मः केवल बोधिं बुद्धवा ॥ १९ ॥**
**चतुरङ्गं दुर्लभं ज्ञात्वा, संयमं प्रतिपद्य ।**
**तपसा धुतकर्मांशः, सिद्धो भवति शाश्वतः इति ब्रवीमि ॥ २० ॥ युग्मम् ॥**

**અર્થ –** આયુષ્ય પ્રમાણે મનુષ્યના અનુપમ-મનોહર શબ્દ વગેરે ભોગો ભોગવીને, પૂર્વજન્મમાં નિદાન વગેરે વગરનો હોઈ સમ્યગ્ ધર્મવાળો, નિષ્કલંક જિનકથિતધર્મ પ્રાપ્તિરૂપ બોધિનો અનુભવ કરીને, પૂર્વોક્ત મનુષ્યત્વ વગેરે ચાર અંગોને દુર્લભ જાણી, સર્વ સાવદ્ય વિરતિરૂપ સંયમ આચરી, બાહ્ય-અભ્યંતર તપથી સકલ કર્મના અંશોનો ક્ષય કરી શાશ્વત સિદ્ધ બને છે. હે જંબૂ ! આ પ્રમાણે હું કહું છું. (૧૯-૨૦) (૧૧૩-૧૧૪)

## ॥ ત્રીજું શ્રી ચતુરંગીય અધ્યયન સંપૂર્ણ ॥

# श्री प्रमादाप्रमादाध्ययन-४

**असंखयं जीविय मा पमायए, जरोवणी अस्स हु नत्थि ताणं ।**
**एवं विआणाहि जणे पमत्ते, किं नु विहिंसा अजया गहिंति ॥ १ ॥**

**असंस्कृतं जीवितं मा प्रमादीः, जरोपनीतस्य हु नास्ति त्राणम् ।**
**एतं विजानीहि जनाः प्रमत्ताः, किं नु विहिंस्रा अयताः ग्रहीष्यन्ति ॥ १ ॥**

**અર્થ –** આ આયુષ્ય, સેંકડો પ્રયત્નોથી વધારી કે તૂટેલું તે સાધી શકાતું નથી. તેથી ચાર અંગો મેળવ્યા પછી પ્રમાદ ન કરો ! જો પ્રમાદ કરશો તો ફરીથી ચાર અંગો દુર્લભ છે. વળી ઘરડાને ઘડપણ દૂર કરનાર શરણ નથી અથવા ઘરડો ધર્મ કરી શકતો નથી, માટે ઘડપણ આવ્યા પહેલાં ધર્મ કરવામાં પ્રમાદ ન કરો. પ્રમાદી, પાપસ્થાનોને સેવનારા, વિવિધ હિંસા કરનારા જીવો, દુઃખસ્થાન નરક વગેરેના મહેમાન બને છે. કોઈ તેઓને બચાવી શકતું નથી, માટે ધર્મમાં પ્રમાદ ન કરો. (૧-૧૧૫)

**जे पावकम्मेहि धणं मणूसा, समाययंति अमइं गहाय ।**
**पहाय ते पासपयट्टिए नरे, वेराणुबद्धा नरयं उविंति ॥ २ ॥**

**ये पापकर्मभिः धनं मनुष्याः, समाददते अमतिं गृहीत्वा ।**
**प्रहाय ते पाशप्रवृत्ताः नराः, वैरानुबद्धाः नरकं उपयान्ति ॥ २ ॥**

**અર્થ –** જે મનુષ્યો ધનની મહત્તાનો નિર્ણય કરી પાપકર્મો કરી ધન કમાય છે, તે સ્ત્રીપાશમાં બંધાયેલા પુરુષો ધનને છોડી, વૈરની પરંપરાવાળા રત્નપ્રભા વગેરે નરકના પ્રતિ પ્રસ્થાન કરે છે. (૨-૧૧૬)

**तेणे जहा संधिमुहे गहीए, स कम्मुणा किच्चइ पावकारी ।**
**एवं पया पेच्च इहं च लोए, कडाण कम्माण न मुक्ख अत्थि ॥ ३ ॥**

**स्तेनो यथा सन्धिमुखे गृहीतः, स्वकर्मणा कृत्यते पापकारी ।**
**एवं प्रजा प्रेत्य इह च लोके, कृतानां कर्मणां न मोक्षोऽस्ति ॥ ३ ॥**

**અર્થ –** જેમ પાપ કરનાર ચોર, ખાતર પાડતાં-ચોરી કરતાં પકડાઈ જતાં તેને પકડનારાઓ કાપી-મારી નાખે છે. તેમ જીવ, આલોક-પરલોકમાં

પોતે કરેલ-કર્મ અને એ કર્મે કરેલ વિવિધ બાધાઓથી પીડાય છે; કેમ કે, કરેલા કર્મોને ભોગવ્યા સિવાય છુટકો નથી. (૩-૧૧૭)

**संसारमावण्ण परस्स अट्ठा, साहारणं जं च करेइ कम्मं ।**
**कम्मस्स ते तस्स उ वेअकाले, न बंधवा बंधवयं उविंति ॥ ४ ॥**

**संसारमापन्नः परस्य अर्थाय, साधारणं यच्च करोति कर्म ।**
**कर्मणस्ते तस्य तु वेदकाले, न बान्धवाः बान्धवतां उपयान्ति ॥ ४ ॥**

**અર્થ –** ઊંચ-નીચ જીવાયોનિમાં ભ્રમણરૂપ સંસારને પામેલો જીવ, 'પુત્ર, સ્ત્રી વગેરે બીજાઓ માટે અથવા સ્વ-પર નિમિત્તે જે ખેતી વગેરે કર્મ કરે છે, પણ તે કર્મના ઉદયકાલમાં સ્વજનો બંધુતા બતલાવતા નથી. અર્થાત્ તે કર્મો તો પોતાને એકલાને જ ભોગવવાં પડે છે. (૪-૧૧૮)

**वित्तेण ताणं न लभे पमत्ते, इमम्मि लोए अदुवा परत्था ।**
**दीवप्पणट्ठे व अणंतमोहे, णेआउयं दट्ठुमदट्ठुमेव ॥ ५ ॥**

**वित्तेन त्राणं न लभते प्रमत्तः, अस्मिँल्लोके अथवा परत्र ।**
**दीपप्रनष्ट इव अनन्तमोहः, नैयायिक दृष्ट्वा अदृष्ट्वैव ॥ ५ ॥**

**અર્થ –** પ્રમાદમાં ફસેલા જીવને આ જન્મમાં કે પરભવમાં ધન, પોતે કરેલ કર્મોથી રક્ષણ આપતું નથી. જેમ દીવાના બૂઝાઈ જવાથી જોયેલી વસ્તુ નહીં જોયેલી જ બની જાય છે; તેમ મિથ્યાજ્ઞાનરૂપ કે દ્રવ્યાદિ-મોહરૂપ અનંત-મોહવાળો, સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગ મેળવનારો છતાં નહીં મેળવનારો જ બની જાય છે. અર્થાત્ ફક્ત ધન સ્વરક્ષક નથી બનતું; એટલું જ નહીં પણ મુશ્કેલીથી મેળવેલ રક્ષણ હેતુ સમ્યગ્દર્શન વગેરેનો પણ વિનાશ કરે છે. (૫-૧૧૯)

**सुत्तेसु यावी पडिबुद्धजीवी, न वीससे पंडिए आसुपन्ने ।**
**घोरा मुहुत्ताः अबलं शरीरं, भारंडपक्खी व चरेऽप्पमत्तो ॥ ६ ॥**

**सुप्तेषु चापि प्रतिबुद्धजीवी, न विश्वसेत् पण्डित आशुप्रज्ञः ।**
**घोरा मुहूर्ता अबलं शरीरं, भारण्डपक्षीव चरेदप्रमत्तः ॥ ६ ॥**

**અર્થ –** ઘણા લોકો દ્રવ્યભાવથી સુષુપ્ત છતાં, વિવેકી જીવ ત્યાં સુધી દ્રવ્યભાવથી જાગૃતિવાળો રહે છે કે- મુહૂર્ત, દિવસ વગેરે કાલવિશેષો; નિરંતર પણ પ્રાણાપહારી હોઈ ભયંકર છે. વળી મૃત્યુદાયી મુહૂર્ત વગેરેને દૂર કરવાને કે સહવાને શરીર અસમર્થ છે. માટે શીઘ્ર પ્રજ્ઞાવાળા પંડિતે, 'બહુજનના આદરભાવને પામેલા પ્રમાદો અનર્થકારી નથી.' - એમ માની પ્રમાદોમાં વિશ્વાસ ન રાખવો જોઈએ. માટે જ ભારંડપંખીની માફક અપ્રમત્ત બની વિચરવું જોઈએ. (૬-૧૨૦)

**चरे पयाइं परिसंकमाणो, जं किंचि पासं इह मन्नमाणो ।**
**लाभंतरे जीविय बूहइत्ता, पच्छा परिन्नाय मलावधंसी ॥ ७ ॥**

**चरेत् पदानि परिशङ्कमानः, यत् किंचित् पाशं इह मन्यमानः ।**
**लाभान्तरे जीवितं बृंहयित्वा, पश्चात् परिज्ञाय मलापध्वंसि ॥ ७ ॥**

**અર્થ –** જે કાંઈ દુર્ધ્યાન વગેરે પ્રમાદસ્થાનને પાશની માફક બંધ હેતુરૂપે માનતા, સંયમની વિરાધના ન થાય એ રીતે મુનિએ ચાલવું જોઈએ. સમ્યગ્દર્શન વગેરે ગુણોના લાભ સુધી જીવનનું રક્ષણ-સંવર્ધન કરી, હવે વિશિષ્ટ ગુણ નિર્જરા, ધર્મધ્યાન વગેરે લાભ થવો અશક્ય છે, એમ જાણી ભક્ત પ્રત્યાખ્યાનપૂર્વક સર્વથા જીવનનિરપેક્ષ થઈ કર્મમલનો નાશ કરનાર થવું જોઈએ. (૭-૧૨૧)

**छंदं निरोहेण उवेइ मोक्खं, आसे जहा सिक्खिअवम्मधारी ।**
**पुव्वाइं वासाइं चरेऽपमत्तो, तम्हा मुणी खिप्पमुवेइ मोक्खं ॥ ८ ॥**

**छन्दोनिरोधेन उपैति मोक्षं, अश्वो यथा शिक्षितवर्मधारी ।**
**पूर्वाणि वर्षाणि चरेदप्रमत्तः, तस्माद् मुनिः क्षिप्रमुपैति मोक्षम् ॥ ८ ॥**

**અર્થ –** જેમ ઘોડો કેળવાયેલો કવચધારી વિજેતા બને છે, તેમ મુનિ ગુરુપારતંત્ર્ય સ્વીકારી, નિરાગ્રહી બની નિષ્કષાયી સંપૂર્ણ સંયમધારી હોઈ મોક્ષ પામે છે. તેથી સ્વચ્છંદતા છોડી પ્રમાદ વગરના આચરણથી મુનિ મુક્તિને મેળવે છે. વાસ્તે હે મુનિ ! પૂર્વ વર્ષો સુધી પણ અપ્રમત્ત બની વિચરજે. (૮-૧૨૨)

**स पुव्वमेवं न लभेज्ज पच्छा, एसोवमा सासयवाइआणं ।**
**विसीअइ सीढिले आउअम्मि, कालोवणीए सरीरस्स भेए ॥ ९ ॥**

**सपूर्वमेवं न लभेत पश्चात्, एषोपमा शाश्वतवादिनाम् ।**
**विषीदति शिथिले आयुषि, कालोपनीते शरीरस्य भेदे ॥ ९ ॥**

**અર્થ –** જે પહેલેથી જ અપ્રમત્ત ન હોય તે અંત્યકાલે પણ પૂર્વની જેમ અપ્રમાદને ન પામી શકે. 'અમે પછીથી ધર્મ કરીશું.' - આવી ધારણા, કદાચ નિરુપક્રમ આયુષ્યવાળા હોઈ પોતાને શાશ્વત તરીકે માન્યતાવાળાઓને યુક્ત થાય, પણ પાણીના પરપોટા જેવા આયુષ્યવાળાઓ તો ઉત્તરકાલમાં ખેદ પામે છે. આત્મપ્રદેશોને છોડનાર, આયુષ્ય થાય કે મૃત્યુના આવ્યા પહેલાં, શરીરથી છૂટા થતાં પહેલાં આત્માએ પ્રમાદનો પરિહાર કરવો જોઈએ. (૯-૧૨૩)

**खिप्पं न सक्केइ विवेगमेउं, तम्हा समुट्ठाय पहाय कामे ।**
**समेच्च लोगं समया महेसी, अप्पाणरक्खी व चरेऽप्पमत्तो ॥ १० ॥**

**क्षिप्रं न शक्नोति विवेकमेतुं, तस्मात् समुत्थाय प्रहाय कामान् ।**
**समेत्य लोकं समतया महर्षिः, आत्मरक्षीव चराप्रमत्तः ॥ १० ॥**

**અર્થ –** તત્કાલ સર્વ સંગત્યાગ કે કષાયત્યાગરૂપ વિવેક પામી શકતો નથી, માટે 'હું પછીથી ધર્મ કરીશ.' - આવા આલસના ત્યાગપૂર્વક ઉદ્યમ કરી, કામભોગોને છોડી, પ્રાણી-સમૂહરૂપ લોકના તરફ સમદૃષ્ટિ રાખી, મોક્ષાભિલાષી બની કુગતિગમન વગેરેથી આત્માને બચાવી, અપ્રમત્તપણે પ્રગતિ સાધવી જોઈએ. (૧૦-૧૨૪)

**मुहुं मुहुं मोहगुणे जयंतं अणेगरुवा समणं चरंतं ।**
**फासा फुसन्ती असमंजसं च, न तेसु भिक्खु मणसापउस्से ॥ ११ ॥**

**मुहुर्मुहुः मोहगुणान् जयन्तं, अनेकरूपाः श्रमणं चरन्तम् ।**
**स्पर्शाः स्पृशन्ति असमंजसं च, न तेषु भिक्षुर्मनसा प्रद्विष्यात् ॥११ ॥**

**અર્થ –** વારંવાર મોહક શબ્દ વગેરેને જીતનાર સંયમમાર્ગમાં વિચરનાર મુનિ, વિવિધ પ્રકારવાળા પ્રતિકૂલ શબ્દ વગેરે વિષયોની ઉપસ્થિતિમાં મનથી પણ દ્વેષ ન કરે અર્થાત્ જેમ અનુકૂલ વિષયોમાં રાગ ન કરે તેમ અનિષ્ટ વિષયોમાં દ્વેષ ન કરે. (૧૧-૧૨૫)

**मंदा य फासा बहुलोहणिज्जा, तहप्पगारेसु मणं न कुज्जा ।**
**रक्खिज्ज कोहं विणइज्ज माणं, मायं न सेवेज्ज पयहिज्ज लोहं ॥ १२ ॥**

**मन्दाश्च स्पर्शा बहुलोभनीयाः, तथाप्रकारेषु मनो न कुर्यात् ।**
**रक्षेत् क्रोधं विनयेत् मानं, मायां न सेवेत प्रजह्यात् लोभम् ॥ १२ ॥**

**અર્થ –** વિવેકીને અવિવેકી બનાવનાર, ચિત્તાકર્ષક કોમલ સ્પર્શ-મધુર રસ વગેરેમાં મુનિ મન મૂકે નહીં તથા ક્રોધને વારે, અહંકારને દૂર કરે, માયા ન સેવે અને આસક્તિને છોડે. (૧૨-૧૨૬)

**जे संखया तुच्छ परप्पवाइ, ते पिज्जदोसाणुगया परज्झा ।**
**एए अहम्मेत्ति दुगुंछमाणो, कंखे गुणे जाव सरीरभेओ त्ति बेमि ॥ १३ ॥**

**ये संस्कृताः तुच्छाः परप्रवादिनः, ते प्रेमद्वेषानुगता परवशाः ।**
**एते अधर्मा इति जुगुप्समानः, काङ्क्षेद् गुणान् यावत् शरीरभेदः इति ब्रवीमि ॥ १३ ॥**

**અર્થ –** જે બાહ્ય શુદ્ધિવાળાઓ, તત્ત્વને નહીં જાણનારા અને યથેચ્છ બોલનારા હોઈ તુચ્છ પરતીર્થિકો છે, તે અનંતાનુબંધી રાગ-દ્વેષવાળા જાણવા. આ તથાવિધ રાગદ્વેષવાળા, અધર્મના હેતુ હોઈ અધર્મ છે એમ તેના સ્વરૂપને સમજી, તેઓની નિંદાના પરિહારપૂર્વક, મરણ સુધી જિન-આગમમાં કહેલ જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણોની અભિલાષા મુનિ કરે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૧૩-૧૨૭)

**॥ ચોથું શ્રી પ્રમાદાપ્રમાદાધ્યયન સંપૂર્ણ ॥**

# શ્રી અકામમરણીયાધ્યયન-૫

**अण्णवंसि महोहंसि, एगे तिण्णे दुरुत्तरे ।**
**तत्थ एगे महापन्ने, इमं पण्हमुदाहरे ॥ १ ॥**

**अर्णवे महौघे, एकस्तीर्णः दुरुत्तरे ।**
**तत्र एको महाप्रज्ञः, इमं प्रश्नम् उदाहरत् ॥ १ ॥**

**अर्थ** – જન્મપરંપરાના પ્રવાહવાળા, દુઃખે ઉતરી શકાય-દુસ્તર, સમુદ્ર જેવા અપાર સંસારમાં રાગ વગેરે રહિત એકલો કાંઠે આવી પહોંચેલો થાય છે. અજોડ પરમૈશ્વર્યવાળા-કેવલજ્ઞાનવાળા પરમાત્માએ એકલાએ, દુરુત્તર સંસારમાં, વિશિષ્ટ સભામાં, આ હવે પછી કહેવાતા પૂછવા યોગ્ય વિષયના પ્રશ્નનું સમાધાન કરેલ છે. (૧-૧૨૮)

**संतिमे य दुवे ठाणा, अक्खाया मरणंतिया ।**
**अकाममरणं चेव, सकाममरणं तहा ॥ २ ॥**

**स्तः इमे च द्वे स्थाने, आख्याते मारणान्तिके ।**
**अकाममरणं चैव, सकाममरणं तथा ॥ २ ॥**

**अर्थ** – મરણ સમયે થયેલ (મારણાંતિક) આ બે સ્થાનો ભગવંતોએ કહેલ છે. (૧) અકામમરણ, (૨) સકામમરણ. (૨-૧૨૯)

**बालाणं अकामं तु, मरणं असइं भवे ।**
**पंडियाणं सकामं तु, उक्कोसेण सइं भवे ॥ ३ ॥**

**बालानां अकामं तु, मरणं असकृद् भवेत् ।**
**पण्डितानां सकामं तु, उत्कर्षेण सकृद् भवेत् ॥ ३ ॥**

**अर्थ** – સત્-અસત્ વિવેક વગરના બાલ જીવોને અકામમરણ વારંવાર થાય છે. પંડિત-ચારિત્રવંતોને સકામમરણ હોય છે. ઉત્કૃષ્ટ રીતે કેવલીને સકામમરણ એક વાર અને જઘન્ય અપેક્ષાએ બાકીના ચારિત્રવંતોને સાત કે આઠ વાર હોય છે. (૩-૧૦)

**तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं ।**
**कामगिद्धे जहाबाले, भिसं कूराइं कुव्वई ॥ ४ ॥**

**तत्रेदं प्रथमं स्थानं, महावीरेण देशितम् ।**
**कामगृद्धो यथा बालः, भृशं क्रूराणि करोति ॥ ४ ॥**

**अर्थ –** ત્યાં મરણના બે સ્થાનો પૈકી આ કહેવાતું પહેલું સ્થાન, ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુએ કહ્યું છે કે-ઈચ્છાવાળો કે વિષયાસક્ત અવિવેકી બાલ જીવ, અત્યંત જીવહિંસા વગેરે ક્રૂર કર્મો, શરીરાદિની શક્તિ હોય તો શક્તિથી કરે છે, અશક્તિ હોય તો મનથી પણ તંદુલમત્સ્યની માફક કરે છે. તે ક્રૂર કર્મો કરી મરવાની ઇચ્છા વગર જ મરે છે. (૪-૧૩૧)

**जे गिद्धे कामभोएसु, एगे कूडाय गच्छइ ।**
**न मे दिट्ठे परे लोए, चक्खुदिट्ठा इमा रई ॥ ५ ॥**

**यो गृद्धः कामभोगेषु, एकः कूटाय गच्छति ।**
**न मया दृष्टः परो लोकः, चक्षुर्दृष्टा इयं रतिः ॥ ५ ॥**

**अर्थ –** જે કામભોગોમાં લંપટ કોઈ અત્યંત ક્રૂર કર્મો કરનાર, અસત્ય ભાષણ વગેરે ભાવ-બંધનમાં આવેલો બોલે છે કે - "ગત-આગામી જન્મરૂપ પરલોક મેં જોયો નથી, વિષયોની આનંદકારી મોજ નજરે જોયેલ છે. તો જોયેલાનો ત્યાગ અને નહીં જોયેલાની યાચના કરી મારી જાતને કેમ ઠગું ?" (૫-૧૩૨)

**हत्थागया इमे कामा, कालिया जे अणागया ।**
**को जाणइ परे लोए, अत्थि वा नत्थि वा पुणो ॥ ६ ॥**

**हस्तागता इमे कामाः, कालिका ये अनागताः ।**
**को जानाति परो लोकः, अस्ति वा नास्ति वा पुनः ॥ ६ ॥**

**अर्थ –** આ પ્રત્યક્ષરૂપે અનુભવાતા સ્વાધીન હસ્તગત થયેલ કામભોગો છે, પરંતુ ભવિષ્યમાં થનારા કામભોગો અનિશ્ચિત લાભવાળા છે. કોણ જાણે પરલોક છે કે નહિ ? અર્થાત્ સંદેહવાળો પરલોક, હોવા છતાં કોણ પ્રત્યક્ષ કામભોગોને છોડી ભવિષ્યના કામભોગો માટે પ્રયત્ન કરે ? આવો અકામમરણવાળા બાલ જીવોનો અભિપ્રાય હોય છે. (૬-૧૩૩)

**जणेण सद्धिं होक्खामि, इइ बाले पगब्भई ।**
**कामभोगाणुराएणं, केसं संपडिवज्जई ॥ ७ ॥**

**जनेन सार्धं भविष्यामि, इति बालः प्रगल्भते ।**
**कामभोगानुरागेण, क्लेशं संप्रतिपद्यते ॥ ७ ॥**

**અર્થ –** 'ઘણા લોકો ભોગાસક્ત છે તો હું પણ તે જ રસ્તે ચાલીશ.' - આવા અભિપ્રાયવાળો બાલ જીવ આવી ધીઠ્ઠાઇ ધારણ કરે છે. અસત્ય બોલી સ્વયં નષ્ટ થયેલ, બીજાઓનો નાશ કરનાર, કામભોગના પ્રચંડ અનુરાગથી આલોક-પરલોકમાં અનંત દુઃખોને પામે છે. (૭-૧૩૪)

**तओ से दंडं समारभइ, तसेसु थावरेसु य ।**
**अट्ठाए य अणट्ठाए, भूयग्गामं विहिंसई ॥ ८ ॥**

**ततः स दण्डं समारभते, त्रसेषु स्थावरेषु च ।**
**अर्थाय च अनर्थाय, भूतग्रामं विहिनस्ति ॥ ८ ॥**

**અર્થ –** તે બાલ જીવ, કામભોગના તીવ્ર અનુરાગથી ધીટ્ઠો બનેલો, બેઇન્દ્રિય વગેરે ત્રસ જીવો, પૃથ્વી વગેરે સ્થાવર જીવો પ્રત્યે સાર્થક-નિરર્થક મન-વચન-કાયાથી દુઃખદાયી અશુભ પ્રયોગો કરે છે; એટલું જ નહીં પરંતુ પ્રાણીસમુદાયની અનેક પ્રકારે હિંસા કરે છે. (૮-૧૩૫)

**हिंसे बाले मुसावाई, माइल्ले पिसुणे सढे ।**
**भुंजमाणे सुरं मंसं, सेयमेयंति मन्नई ॥ ९ ॥**

**हिंस्रः बालो मृषावादी, मायावी पिशुनः शठः ।**
**भुञ्जानः सुरां मांसं श्रेयः, एतदिति मन्यते ॥ ९ ॥**

**અર્થ –** વળી આ બાલ જીવ હિંસક, મૂર્ખ, અસત્યવાદી, કપટી, બીજાના દોષોને પ્રગટ કરનાર, વેષપલ્ટો કરી પોતાને જુદા સ્વરૂપમાં દર્શાવનાર, દારૂડીયો અને માંસભોજી બની પાછો માને છે કે - 'હું બહુ સારૂં કરી રહ્યો છું.' - તેવું બોલે છે.(૯-૧૩૬)

**कायसा वयसा मत्ते, वित्ते गिद्धे य इत्थिसु ।**
**दुहओ मलं संचिणइ, सिसुणागुव्व मट्टियं ॥ १० ॥**

**कायेन वचसा मत्तो, वित्ते गृद्धश्च स्त्रीषु ।**
**द्विधा मलं संचिनोति, शिशुनाग इव मृत्तिकाम् ॥ १० ॥**

**અર્થ –** મન-વચન-કાયાથી મદોન્મત્ત, ધન તેમજ સ્ત્રીજનમાં આસક્ત બની તીવ્ર રાગ-દ્વેષથી આઠ પ્રકારના ચીકણાં કર્મ બાંધે છે. જે શિશુનાગ માટીને ખાય છે એટલે અંદર માટીથી અને ચીકણું શરીર હોવાથી બહારથી પણ માટીથી રગદોળાયેલ હોય છે તથા તેના ઉપર સૂર્યના કિરણો પડવાથી માટી સુકાતાં આ જન્મમાં દુઃખી થાય છે. તેમ બાલજીવ ચીકણાં કર્મ બાંધી અંતે દુઃખી થાય છે. (૧૦-૧૩૭)

**तओ पुट्ठो आयंकेणं, गिलाणो परितप्पई ।**
**पभीओ परलोगस्स, कम्माणुप्पेही अप्पणो ॥ ११ ॥**

**ततः स्पृष्टः आतङ्केन, ग्लानः परितप्यते ।**
**प्रभीतः परलोकस्य, कर्मानुप्रेक्षी आत्मनः ॥ ११ ॥**

**અર્થ –** પાપકર્મોનો સંચય કર્યા બાદ જયારે બાલ જીવ, જીવલેણ શૂલ, વિસૂચિકા વગેરે રોગથી ઘેરાયેલો, માંદો પડેલો ખેદ કરે છે. પોતે કરેલી હિંસા વગેરે ચેષ્ટાનો વિચાર કરતાં પરલોકથી અત્યંત ડરેલો પસ્તાવો કરે છે કે - "મેં જરાય પણ શુભકાર્ય નથી કર્યું, હંમેશાં પોતાને અમર માની કુચેષ્ટા કરવામાં બાકી નથી રાખ્યું, હવે પરલોકમાં મૃત્યુ બાદ કુકર્મોનું પરિણામ ભોગવવું જ પડશે." (૧૧-૧૩૮)

**सुया मे नरए ठाणा, असीलाणं च जा गई ।**
**बालाणं कूरकम्माणं, पगाढा जत्थ वेयणा ॥ १२ ॥**

**श्रुतनि मे नरके स्थानानि, अशीलानां च या गतिः ।**
**बालानां क्रूरकर्मणां, प्रगाढाः यत्र वेदनाः ॥ १२ ॥**

**અર્થ –** મેં નરકમાં કુંભી, વૈતરણી વગેરે સ્થાનો સાંભળ્યાં છે; વળી દુરાચારી જીવોની નરક વગેરે ગતિ થાય છે એ પણ સાંભળ્યું છે; તથા જે નરકાદિ ગતિમાં ક્રુર કર્મવાળા અજ્ઞાની જીવોને ઉત્કૃષ્ટ શીત-ઉષ્ણ વગેરે વેદનાઓ થાય છે એ પણ સાંભળ્યું છે. તથાવિધ ક્રિયાવાળા મારી તેવી જ ગતિ થશે એમ પરિતાપ કરે છે. (૧૨-૧૩૯)

**तत्थोववाइयं ठाणं, जहा मे तमणुस्सुयं ।**
**अहाकम्मेहिं गच्छन्तो, सो पच्छा परितप्पई ॥ १३ ॥**

**तत्रौपपातिकं स्थानं, यथा मे तदनुश्रुतम् ।**
**यथाकर्मभिर्गच्छन् स पश्चात् परितप्यते ॥ १३ ॥**

**અર્થ –** તે નરકોમાં ઔપપાતિક જન્મ હોવાથી અંતર્મુહૂર્ત્ત પછી તરત જ મહાવેદનાનો ઉદય ચાલુ થાય છે. અવિરત વેદના પલ્યોપમ-સાગરોપમ કે જેટલું આયુષ્ય હોય તેના છેડા સુધી રહે છે અહીં અકાલમૃત્યુ નથી. આવું આવું ગુરુ પાસેથી સાંભળેલું વિચારતો તે બાલ જીવ, કર્મના અનુસારે તે પ્રકારના સ્થાનમાં જતો પસ્તાવો કરે છે કે- 'દુષ્ટકર્મકારી મને ધિક્કાર હો ! હવે હું કમનશીબ શું કરૂં ?' (૧૩-૧૪૦)

**जहा सागडिओ जाणं, समं हिच्चा महापहं ।**
**विसमं मग्गभोइण्णो, अक्खे भग्गंमि सोयइ ॥ १४ ॥**

**एवं धम्मं विउक्कम्म, अहम्म पडिवज्जिया ।**
**बाले मच्चुमुहं पत्ते, अक्खे भग्गे व सोयइ ॥ १५ ॥ युग्मम् ॥**

**यथा शाकटिको जानन्, समं हित्वा महापथम् ।**
**विषमं मार्गमवतीर्णः, अक्षे भग्ने शोचति ॥ १४ ॥**

**एवं धर्म व्युत्क्रम्य, अधर्म प्रतिपद्य ।**
**बालः मृत्युमुखं प्राप्तः, अक्षे भग्न इव शोचति ॥ १५ ॥ युग्मम् ॥**

**અર્થ –** જેમ ગાડાવાળો, કાંકરા વગેરે વગરના સમમાર્ગને જાણવા છતાં રાજમાર્ગને છોડી, ખાડા-ટેકરાવાળા વિષમ માર્ગે જાય છે. તો ખાડા વગેરેમાં પડવાને કારણે ધરી તૂટી જતાં શોક કરે છે કે - 'મને ધિક્કાર છે, કેમ કે જાણીને હું કષ્ટ પામ્યો છું.' તેમ ગાડા હાંકનારની માફક સદાચારરૂપ ધર્મનું ઉલ્લંઘન કરી હિંસા વગેરે અધર્મને સ્વીકારી બાલ જીવ, મૃત્યુમુખમાં આવેલો આયુની ધરી તૂટી જતાં ગાડાવાળાની માફક પસ્તાવો કરે છે કે- 'હા, મેં શું કર્યું ?' (૧૪+૧૫, ૧૪૦+૧૪૧)

**तओ से मरणंतम्मि, बाले संतस्सई भया ।**
**अकाममरणं मरइ, धुत्ते वा कलिणा जिए ॥ १६ ॥**

**ततः स मरणान्ते बालः संत्रस्यति भयात् ।**
**अकाममरणेन म्रियते, धूर्त इव कलिना जितः ॥ १६ ॥**

**અર્થ –** અસાધ્યરોગની ઉત્પત્તિમાં પસ્તાવા બાદ મરણનો છેડો ઉપસ્થિત થતાં બાલ જીવ, નરકગતિમાં જવાના ભયથી ડરે છે. (૧૬-૧૪૨)

**एयं अकाममरणं, बालाणं तु पवेइयं ।**
**एत्तो सकाममरणं, पंडिआणं सुणेह मे ॥ १७ ॥**

**एतद् अकाममरणं, बालानां तु प्रवेदितम् ।**
**इतः सकाममरणं, पंडितानां शृणुत मे ॥ १७ ॥**

**અર્થ –** આ અકામમરણ બાલ જીવોને હોય છે, એમ શ્રી તીર્થંકર વગેરે ભગવંતોએ કહેલ છે. હવે પછી પંડિતોને સકામમરણ હોય છે, આ વિષયને મારી પાસેથી તમે સાંભળો. (૧૭-૧૪૩)

**मरणं पि सपुण्णाणं, जहा मे तमणुस्सयं ।**
**विप्पसण्ण-मणाघायं, संजयाण वुसीमओ ॥ १८ ॥**

**मरणमपि सपुण्यानां, यथा मे यदनुश्रुतम् ।**
**विप्रसन्नमनाघातं, संयतानां वश्यवताम् ॥ १८ ॥**

**અર્થ** – પુણ્યશાલી, ચારિત્રધારી અને ઇન્દ્રિયવિજેતા જીવોનું મરણ પણ જે પૂર્વોક્ત પંડિતમરણ છે, તે વિવિધ ભાવના વગેરે પ્રકારોથી પ્રસન્ન ચિત્ત સંબંધી મરણ પણ વિપ્રસન્ન તથા વિશિષ્ટ યતના હોવાથી પર પ્રાણીઓને પીડા નહીં હોવાથી તથા વિધિપૂર્વક શરીરની સંલેખના કરેલ હોઈ આત્માનો આઘાત નહીં હોવાથી આઘાત વગરનું હોય છે. (૧૮-૧૪૪)

**ण इमं सव्वेसु भिक्खुसु, न इमं सव्वेसु गारिसु ।**
**नाणासीला अगारत्था, विसमसीला य भिक्खुणो ॥ १९ ॥**

**नेदं सर्वेषु, भिक्षुषु, नेदं सर्वेषु अगारिषु ।**
**नानाशील अगारस्थाः, विषमशीलाश्च भिक्षवः ॥ १९ ॥**

**અર્થ** – આ પંડિતમરણ, સમસ્ત સાધુઓમાં કે સમસ્ત ગૃહસ્થોમાં સંભવતું નથી, પરંતુ કેટલાક પુણ્યશાલી ભાવસાધુઓ તથા સર્વવિરતિના પરિણામવાળા ગૃહસ્થોને સંભવે છે. અર્થાત્ અનેક પ્રકારના ભાંગાવાળી દેશવિરતિ હોવાથી નાનાશીલ ગૃહસ્થો કહેવાય છે અને નિદાન વગરના, પૂર્ણ શુદ્ધ ચારિત્રવાળા સર્વ સાધુઓ નથી હોતા એટલે વિષમ આચારવાળા સાધુઓ હોય છે. એથી તમામનું એક સરખું મરણ નથી કહેવાતું. (૧૯-૧૪૫)

**संति एगेहिं भिक्खूहिं, गारत्था संजमुत्तरा ।**
**गारत्थेहि अ सव्वेहिं, साहवो संजमुत्तरा ॥ २० ॥**

**सन्ति एकेभ्यः अगारस्थाः संयमोत्तराः ।**
**अगारस्थेभ्यश्च सर्वेभ्यः, साधवः संयमोत्तराः ॥ २० ॥**

**અર્થ** – કુતીર્થિક ભિક્ષુઓ કરતાં સમ્યગ્દર્શનવાળા દેશવિરતિધર ગૃહસ્થો પ્રધાન છે. સઘળાય સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિધર કરતાં સંપૂર્ણ સંયમવાળા સાધુઓ ઉત્તમ છે. (૨૦-૧૪૬)

**चीराजिणं नगिणिणं, जडी संघाडी मुंडिणं ।**
**एयाइं वि न ताइंति, दुस्सीलं परियागयं ॥ २१ ॥**

**चीराजिनं नाग्न्यं, जटित्वं संघाटी मुण्डत्वम् ।**
**एतान्यपि न त्रायन्ते, दुःशीलं पर्यायागतम् ॥ २१ ॥**

**અર્થ** – વસ્ત્રો, મૃગ વગેરેના ચર્મ, નગ્નપણું, જટાધારીપણું, કંથા, મુંડન કરાવવું વગેરે પોતપોતાની પ્રક્રિયા પ્રમાણે કલ્પેલા ભિક્ષુના વેષો,

ભિક્ષુપણાના પર્યાયને પામેલ દુષ્ટ આચારવાળાને નરક વગેરે દુર્ગતિથિ બચાવી શકતા નથી. (૨૧-૧૪૭)

**पिंडोलएव्व दुस्सीले, नरगाओ न मुच्चई ।**
**भिक्खाए वा गिहत्थे वा, सुव्वए कम्मई दिवं ॥ २२ ॥**

**पिण्डावलगो वा दुःशीलः, नरकात् न मुच्यते ।**
**भिक्षादो वा गृहस्थो वा, सुव्रतः क्रामति दिवम् ॥ २२ ॥**

**અર્થ** – ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરનાર પણ દુષ્ટ આચરણવાળો નરકગમનથી બચી શકતો નથી. ભિક્ષુક હોય કે ગૃહસ્થ, પણ શુદ્ધ ભાવપૂર્વક શીલપાલનરૂપ વ્રતનો ધારક સુવ્રતી દેવલોકમાં જાય છે. જો કે મુખ્ય વૃત્તિથી વ્રતપાલન મુક્તિનું કારણ છે, પણ જઘન્યની અપેક્ષાએ દેવલોકની પ્રાપ્તિ કહેલ છે. (૨૨-૧૪૮)

**अगारि सामाइयंगाइं, सड्ढी काएण फासए ।**
**पोसहं दुहओ पक्खं, एगरायं न हावए ॥ २३ ॥**

**अगारी सामायिकाङ्गानि, श्रद्धी कायेन स्पृशति ।**
**पौषधं द्वयोरपि पक्षयोः, एकरात्रि न हापयेत् ॥ २३ ॥**

**અર્થ** – ગૃહસ્થના સમ્યક્ત્વરૂપ સામાયિકના નિઃશંકતા વગેરે, શ્રુતરૂપ સામાયિકના કાલમાં અધ્યયન વગેરે અને દેશ વિરતિરૂપ સામાયિકના અણુવ્રતો વગેરે અંગોને શ્રદ્ધાવાળો મન-વચન-કાયાથી આરાધે છે તથા બન્ને પક્ષની ચૌદશ-પૂનમ વગેરે તિથિઓમાં આહાર વગરેરૂપ પૌષધ, ફક્ત રાતનો પણ ન છોડે અર્થાત્ દિવસ અને રાતનો કરે; પણ વ્યાકુલતાને લીધે દિવસના ન બની શકે તો રાત્રિના અવશ્ય પૌષધ કરે. (૨૩-૧૪૯)

**एवं सिक्खासमावण्णे, गिहवासे वि सुव्वए ।**
**मुच्चई छविपव्वाओ, गच्छे जक्खसलोगयं ॥ २४ ॥**

**एवं शिक्षासमापन्नः गृहवासेऽपि सुव्रतः ।**
**मुच्यते छविपर्वतः गच्छेत् यक्षसलोकताम् ॥ २४ ॥**

**અર્થ** – આ પ્રમાણે વ્રતરૂપ શિક્ષાથી યુક્ત ગૃહ વાસમાં પણ સુવ્રતસંપન્ન, ઔદારિક શરીરથી છૂટી જઈ વૈમાનિક દેવ થાય છે. અહીં પંડિતમરણના અવસરે બાલપંડિત મરણ પણ કહેલ છે. (૨૪-૧૫૦)

**अह जे संवुडे भिक्खू, दुण्हमन्नयरे सिया ।**
**सव्वदुक्खप्पहिणे वा, देवे वावि महिड्ढिए ॥ २५ ॥**

**अथ यः संवृतः भिक्षुः, द्वयोरन्यतरः स्यात् ।**
**सर्वदुःखप्रहीणो वा, देवो वाऽपि महर्द्धिकः ॥ २५ ॥**

**અર્થ** – જે કોઈ સર્વ આશ્રવદ્વારોને બંધ કરનારો ભાવસાધુ, (૧) પહેલાં સંપૂર્ણ દુઃખરહિત-સિદ્ધ ભગવાન બને છેઃ અને સંહનન વગેરેના અભાવે સિદ્ધ ન બને તો અવશ્ય (૨) મહર્દ્ધિક વૈમાનિકદેવ બને છે. (૨૫-૧૫૧)

**उत्तराइं विमोहाइं, जुइमंताणुपुव्वसो ।**
**समाइण्णाइं जक्खेहिं, आवासाइं जसंसिणो ॥ २६ ॥**

**उत्तराः विमोहाः, द्युतिमन्तः अनुपूर्वतः ।**
**समाकीर्णाः यक्षैः, आवासाः यशस्विनः ॥ २६ ॥**

**અર્થ** – ઉપરવર્તી અનુત્તરવિમાન નામવાળા, અલ્પ વેદ વગેરે મોહનીય હોવાથી વિમોહ, દીપ્તિમાન સૌધર્મ વગરે ક્રમથી ઉત્કૃષ્ટ વિમોહ વગેરે વિશેષણવાળા દેવોથી ભરચક આવાસો છે. જ્યાં પુણ્યશ્લોક યશસ્વી દેવો વસે છે. (૨૬-૧૫૨)

**दीहाउया इड्ढिमंता, समिद्धा कामरूविणो ।**
**अहुणोववन्नसंकासा, भुज्जो अच्चिमालिप्पभा ॥ २७ ॥**

**दीर्घायुषः ऋद्धिमन्तः, समिद्धाः कामरूपिणः ।**
**अधुनोपपन्नसंकाशाः, भूयोऽर्चिर्मालिप्रभाः ॥ २७ ॥**

**અર્થ** – લાંબા આયુષ્યવાળા, રત્નાદિ સંપત્તિસંપન્ન અત્યંત દીપ્તિમાન, ઈચ્છા પ્રમાણે રૂપ બનાવનારા અને અનુત્તરમાં આયુષ્ય પર્યંત વર્ણ-કાન્તિ વગેરે સમાન જ રહે છે એટલે તત્કાલ ઉત્પન્ન દેવ સરખા અને ઘણા સૂર્યોની સરખી પ્રભાવાળા દેવો અનુત્તર વિમાનમાં હોય છે. (૨૭-૧૫૩)

**ताणि ठाणाणि गच्छंति, सिक्खित्ता संजमं तवं ।**
**भिक्खाए वा गिहत्थे वा, जे संति परिनिव्वुआ ॥ २८ ॥**

**तानि स्थानानि गच्छन्ति, शिक्षित्वा संयमं तपः ।**
**भिक्षादा वा गृहस्था वा, ये सन्ति परिनिर्वृत्ताः ॥ २८ ॥**

**અર્થ** – સંયમ અને તપનું આરાધન કરી, કષાયની આગને બૂઝવી, પરમ શાંતરસને પામનારા સાધુ કે ગૃહસ્થ પૂર્વોક્ત આવાસરૂપ સ્થાનને પામે છે. (૨૮-૧૫૪)

**तेसिं सोच्चा सपुज्जाणं, संजयाणं वुसीमओ ।**
**न संतसंति मरणंते, सीलवंता बहुस्सुआ ॥ २९ ॥**

**तेषां श्रुत्वा सत्पूज्यानां, संयतानां वश्यवताम् ।**
**न सन्त्रस्यन्ति मरणान्ते, शीलवन्तो बहुश्रुताः ॥ २९ ॥**

**અર્થ** – ઇન્દ્ર વગેરેના પૂજ્ય, ઇન્દ્રિયોના વિજેતા, સંયમધારી પૂર્વોક્ત સ્વરૂપવાળા સાધુઓની પૂર્વોક્ત સ્થાનની પ્રાપ્તિ સાંભળી, મરણનો અંત આવ્યે છતે ચારિત્રવંત આગમવચનશ્રવણથી શુદ્ધ બુદ્ધિવાળાઓ ઉદ્વેગ પામતા નથી. (૨૯-૧૫૫)

**तुलिआ विसेसमादाय, दयाधम्मस्स खंतिए ।**
**विप्पसीएज्ज मेहावी, तहाभूएण अप्पणा ॥ ३० ॥**

**तोलयित्वा विशेषमादाय, दयाधर्मस्य क्षान्त्या ।**
**विप्रसीदेत् मेधावी, तथाभूतेन आत्मना ॥ ३० ॥**

**અર્થ** – બાલમરણ અને પંડિતમરણની પરીક્ષા કરીને પંડિતમરણની અને દયાધર્મની ક્ષમાપૂર્વક વિશિષ્ટતા કરી, મરણકાલ પહેલાં જેમ અનાકુલ મનવાળો હતો, તેમ અંતકાલમાં પણ તેવો પોતે બની મર્યાદાવર્તી મુનિ પ્રસન્નતાને ભજનારો થાય. (૩૦-૧૫૬)

**तओ काले अभिप्पेए, सड्ढी तालिसमंतिए ।**
**विणइज्ज लोमहरिसं भेअं देहस्स कंखए ॥ ३१ ॥**

**ततः काले अभिप्रेते, श्रद्धी तादृशमन्तिके ।**
**विनयेत रोमहर्षं, भेदं देहस्य काङ्क्षेत् ॥ ३१ ॥**

**અર્થ** – કષાયના ઉપશમ બાદ જ્યારે યોગો કામ નથી આપતા, તે વખતે ઇચ્છેલ મરણકાલ આવ્યે છતે, શ્રદ્ધાવાળો ગુરુઓની પાસે મરણભયથી પેદા થયેલ રોમાંચને દૂર કરે, વળી મરણની ઇચ્છાથી દેહના વિનાશની ઇચ્છા ન કરે. (૩૧-૧૫૭)

**अह कालम्मि संपत्ते, आघायाय समुस्सयं ।**
**सकाममरणं मरइ, तिण्हमण्णयरं मुणि त्ति बेमि ॥ ३२ ॥**

**अथ काले संप्राप्ते, आघाताय समुच्छ्रयम् ।**
**सकाममरणं म्रियते, त्रयाणामन्यतरं मुनिरिति ब्रवीमि ॥ ३२ ॥**

**અર્થ** – મરણકાલ પ્રાપ્ત થયે છતે, અભ્યંતર કાર્મણ અને બાહ્ય ઔદારિક શરીરનો સંલેખના વગેરે ક્રમથી વિનાશ માટે (૧) ભક્તપરિજ્ઞા, (૨) ઇંગિની, (૩) પાદપોપગમન રૂપ એ ત્રણમાંથી ગમે તે એક સકામમરણે મુનિ અંતિમ મરણ પામે છે. (૩૨-૧૫૮)

**॥ પાંચમું અકામમરણીયાધ્યયન સંપૂર્ણ ॥**

# श्री क्षुल्लकनिर्ग्रन्थीयाध्ययन-६

**जावंतविज्जा पुरिसा, सव्वे ते दुक्खसंभवा ।**
**लुप्पन्ति बहुसो मूढा, संसारंमि अणंतए ॥ १ ॥**

**यावन्तोऽविद्याः पुरुषाः, सर्वे ते दुःखसम्भवाः ।**
**लुप्यन्ते बहुशो मूढाः, संसारे अनन्तके ॥ १ ॥**

અર્થ – તત્ત્વજ્ઞાન વગરના જેટલા પુરુષો છે, તે બધાય દુઃખની ઉત્પત્તિવાળા, વિવેક વગરના અનંત સંસારમાં ઘણીવાર દરિદ્રતા વગેરેથી પીડિત થાય છે. (૧-૧૫૯)

**समिक्खं पंडिए तम्हा, पासजाइपहे बहू ।**
**अप्पणा सच्चमेसिज्जा, मित्तिं भूएसु कप्पए ॥ २ ॥**

**समीक्ष्य पण्डितस्तस्मात् पाशजातिपथान् बहून् ।**
**आत्मना सत्यमेषयेत्, मैत्रीं भूतेषु कल्पयेत् ॥ २ ॥**

અર્થ – તેથી એકેન્દ્રિય વગેરે જાતિઓને આપનાર ઘણા સ્ત્રી વગેરે સંબંધરૂપી પાશોની આલોચના કરી તત્ત્વજ્ઞાની પોતાની મરજીથી સંયમને ધારણ કરે ! અને પૃથ્વીકાય વગેરે જીવમાત્રમાં મિત્રતા કરે. (૨-૧૬૦)

**माया पिआ ण्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।**
**नालं ते मम ताणाय, लुप्पंतस्स सकम्मुणा ॥ ३ ॥**

**माता पिता स्नुषा भ्राता, भार्या पुत्राश्च औरसाः ।**
**नालं ते मम त्राणाय, लुप्यमानस्य स्वकर्मणा ॥ ३ ॥**

અર્થ – સ્વકર્મથી પીડાતા મને માતા-પિતા પુત્રવધૂ-ભાઈ-ભાર્યા-પોતાનાથી પેદા થયેલ પુત્રો વગેરે સંબંધીઓ બચાવવા સમર્થ થતાં નથી. (૩-૬૧)

**एअमट्ठं संपेहाए, पासे समिअदंसणे ।**
**छिंद गेहिं सिणेहं च, न कंखे पुव्वसंथवं ॥ ४ ॥**

एतमर्थं स्वप्रेक्षया, पश्येत् समितदर्शनः ।
छिन्द्यात गृद्धिं स्नेहं च, न काङ्क्षेत् पूर्वसंस्तवम् ॥ ४ ॥

**અર્થ** – સમ્યગ્દષ્ટિ વિવેકી, પૂર્વોક્ત અર્થને સ્વબુદ્ધિમાં ધારણ કરે ! વિષયોની આસક્તિ અને સ્નેહરાગને છેદી દે ! પૂર્વના સંબંધનું સ્મરણ ન કરે ! કેમ કે - અહીં કે પરલોકમાં દુઃખના ટાણે ધર્મ સિવાય કોઈ રક્ષક નથી. (૪-૧૬૨)

**गवासं मणिकुंडलं, पसवो दासपोरुसं ।**
**सव्वमेअं चइत्ता णं, कामरूपी भविस्ससि ॥ ५ ॥**

गवाश्वं मणिकुंडलं, पशवो दासपौरूषम् ।
सर्वमेतत् त्यक्त्वा खलु, कामरूपी भविष्यसि ॥ ५ ॥

**અર્થ** – ગાય, ઘોડા, સુવર્ણ વગેરેના ભૂષણો, ઘેટા વગેરે પશુધન, નોકર વગેરે પુરુષનો સમુદાય. તેમજ પૂર્વોક્ત સઘળુંય છોડી, સંયમ સ્વીકારી તું ઈચ્છા મુજબરૂપ કરનારો વૈમાનિકદેવ થઈશ. (૫-૧૬૩)

**थावरं जंगमं चेव, धणं धन्नं उवक्खरं ।**
**पच्चमाणस्स कम्मेहिं, नालं दुवखाओ मोअणे ॥ ६ ॥**

स्थावरं जङ्गमं चैव, धनं धान्यं उपस्करः ।
पच्यमानस्य कर्मभिः, नालं दुःखाद् मोचने ॥ ६ ॥

**અર્થ** – ઘર વગેરે સ્થાવર, સ્ત્રી વગેરે જંગમ, ધન-ધાન્ય-રાચરચીલું વગેરે આ બધું કર્મથી પીડાતા જીવને દુઃખથી છોડાવવા સમર્થ થતું નથી. (૬-૧૬૪)

**अज्झत्थं सव्वओ सव्वं, दिस्सं पाणे पिआयए ।**
**न हणे पाणिणो पाणे, भयवेराओ उवरए ॥ ७ ॥**

अध्यात्मं सर्वतः सर्व, दृष्ट्वा, प्राणान् प्रियात्मकान् ।
न हन्यात् प्राणिनः प्राणान्, भयवैराद् उपरतः ॥ ७ ॥

**અર્થ** – મનોગત, ઈષ્ટ સંયોગ વગેરે હેતુઓથી થયેલ સુખ વગરે સઘળું પ્રિય વગેરે સ્વરૂપે જાણી, સર્વને પોતાના પ્રાણો અત્યંત પ્રિય હોય છે. એમ જોઈ, અવૈર અને ભય વગરના મુનિએ પ્રાણિઓના પ્રાણો નહિ હણવા જોઈએ. (૭-૧૬૫)

**आदाणं नरयं दिस्स, नायइज्ज तणामवि ।**
**दोगुंछी अप्पणो पाए, दिन्नं भुंजिज्ज भोअणं ॥ ८ ॥**

आदानं नरकं दृष्ट्वा, माददीतं तृणमपि ।
जुगुप्सी आत्मनः पात्रे, दत्तं भुञ्जीत भोजनम् ॥ ८ ॥

**अर्थ –** ધન વગેરે પરિગ્રહને, નરકનું કારણ હોઈ નરક તરીકે માની તણખલાને પણ ગ્રહણ ન કરે ! આહાર વગેરે ધર્મની ધુરા ધારણ કરવી મુશ્કેલ છે, એમ માનવાવાળો પોતાના પાત્રમાં ગૃહસ્થોએ વહોરાવેલ ભોજન કરે. (૮-૧૬૬)

**इहमेगे उ मन्नंति, अपच्चक्खाय पावगं ।**
**आचरिअं विदित्ता णं, सव्वदुक्खा विमुच्चइ ॥ ९ ॥**

**इह एके तु मन्यन्ते, अप्रत्याख्याय पापकम् ।**
**आचारिकं विदित्वा खलु, सर्वदुःखेभ्यो विमुच्यते ॥ ९ ॥**

**अर्थ –** આ જગતમાં કેટલાક જૈનેતરો માને છે કે પોતપોતાના આચારના અનુષ્ઠાનમાત્રનું જ્ઞાન બરોબર કરી, તે જ્ઞાનમાત્રથી જીવ સર્વ દુઃખથી મુક્ત થાય છે. (૯-૧૬૭)

**भणंता अकरिंता य, बंधमोक्खपइण्णिणो ।**
**वायाविरिअमेत्तेणं, समासासंति अप्पयं ॥ १० ॥**

**भणन्तः अकुर्वन्तश्च, बन्धमोक्षप्रतिज्ञिनः ।**
**वाग्वीर्यमात्रेण, समाश्वासयन्ति आत्मानम् ॥ १० ॥**

**अर्थ –** ફક્ત જ્ઞાન જ મુક્તિનું કારણ છે એમ બોલનાર અને મુક્તિના ઉપાયને અમલી નહિ કરનારા બંધમોક્ષ છે - એમ બોલનારા જ છે, પરંતુ મોક્ષના કારણભૂત પચ્ચક્ખાણ-તપ-વ્રત વગેરેને ઉડાવનારા 'જ્ઞાનથી જ અમે મુક્તિમાં જઈશું.' - એમ ફક્ત બોલીને આત્માને આશ્વાસન આપે છે. (૧૦-૧૬૮)

**ण चित्ता तायए भासा, कओ विज्जाणुसासणं ।**
**विसण्णा पावकम्मेहिं, बाला पंडिअमाणिणो ॥ ११ ॥**

**न चित्रा त्रायते भाषा, कुतो विद्यानुशासनम् ।**
**विषण्णाः पापकर्मभिः, बालाः पण्डितमानिनः ॥ ११ ॥**

**अर्थ –** નાના પ્રકારની, વચનરૂપ પ્રાકૃત-સંસ્કૃત વગેરે ભાષા પાપોથી બચાવનાર થતી નથી. તો વિચિત્ર મંત્રરૂપ વિદ્યાનું શિક્ષણ તો ક્યાંથી બચાવી શકે ? જે બાલો પંડિતમાનીઓ હોય છે, તે જ્ઞાનના ગર્વથી અન્ય જ્ઞાનીનો આશ્રય નહિ કરનારા, પાપકર્મોથી આખરે ખેદવાળા થાય છે. (૧૧-૧૬૯)

**जे केइ सरीरे सत्ता, वण्णे रूवे अ सव्वसो ।**
**मणसा कायवक्केणं, सव्वे ते दुक्खसंभवा ॥ १२ ॥**

**ये केचित् शरीरे सक्ताः, वर्णे रूपे च सर्वशः ।**
**मनसा कायवाक्येन, सर्वे ते दुःखसम्भवाः ॥ १२ ॥**

**અર્થ** – જે કોઈ શરીરના વિષે અને રૂપ-રંગ-સ્પર્શ-શબ્દ વગેરે વિષયોમાં સર્વથા મન-વચન-કાયાથી આસક્ત હોય છે, તે સર્વે 'જ્ઞાનથી મુક્તિ છે' - એમ બોલનારા અહીં, પરલોકમાં દુઃખી થાય છે. (૧૨-૧૭૦)

**आवण्णा दीहमद्धाणं संसारंमि अणंतए ।**
**तम्हा सव्वदिसं पस्स, अप्पमत्तो परिव्वए ॥ १३ ॥**

**आपन्नाः दीर्घमध्वानं, संसारे अनन्तके ।**
**तस्मात् सर्वदिशः पश्यन्, अप्रमत्तः परिव्रजे ॥ १३ ॥**

**અર્થ** – આ પ્રમાણે આ મોક્ષમાર્ગના શત્રુઓ અનંત, સંસારમાં લાંબા-અન્ય અન્ય ભવભ્રમણરૂપ માર્ગને પામેલા દુઃખી થાય છે. તેથી પૃથ્વીકાય વગેરે અઢાર ભેદવાળી ભાવદિશાઓને જોનારો બની, જેમ એકેન્દ્રિય વગેરેની વિરાધના ન થાય અને તેમાં જન્મ ન થાય તેવી રીતે અપ્રમત્ત બની સંયમમાર્ગમાં હે સુશિષ્ય ! તું વિચરજે ! (૧૩-૧૭૧)

**बहिआ उड्ढमादाय, नावकंखे कयाइवि ।**
**पुव्वकम्मक्खयट्ठाए, इमं देहं समुद्धरे ॥ १४ ॥**

**बहिः ऊर्ध्वमादाय, नावकाङ्क्षेत् कदाचिदपि ।**
**पूर्वकर्मक्षयार्थं, इमं देहं समुद्धरेत् ॥ १४ ॥**

**અર્થ** – સંસારથી પર મોક્ષના ઉદ્દેશનો નિશ્ચય કરી કદાચિત્ પણ વિષયવાંછા ન કરે ! પૂર્વકૃત કર્મોના ક્ષય માટે ઉચિત આહાર વગેરેથી આ દેહનું પાલન કરે ! (૧૪-૧૭૨)

**विगिंच कम्मुणो हेउं, कालकंखी परिव्वए ।**
**मायं पिंडस्स पाणस्स, कडं लद्धूण भक्खए ॥ १५ ॥**

**विविच्य कर्मणो हेतुं, कालकाङ्क्षी परिव्रजेत् ।**
**मात्रां पिण्डस्य पानस्य, कृतां लब्ध्वा भक्षयेत् ॥ १५ ॥**

**અર્થ** – કર્મના ઉપાદાન કારણ મિથ્યાત્વ વગેરેનો ત્યાગ કરી, અનુષ્ઠાનના કાલની ઈચ્છાવાળો સંયમમાં વિચરે ! જેટલાથી સંયમનો નિર્વાહ થાય, તેટલો ગૃહસ્થોએ પોતાના માટે કરેલ આહાર-પાણી મેળવી અનાસક્તિપૂર્વક આહાર કરે ! (૧૫-૧૭૩)

**सन्निहिं च न कुव्विज्जा, लेवमायाइ संजए ।**
**पक्खी पत्तं समादाय, निरविक्खो परिव्वए ॥ १६ ॥**

**सन्निधिं च न कुर्यात्, लेपमात्रया संयतः ।**
**पक्षी पत्रं समादाय, निरपेक्षः परिव्रजेत् ॥ १६ ॥**

**અર્થ –** સાધુ પાત્રામાં લેપ લાગેલો રહે તેટલું પણ બીજે દિવસે ભોજન માટે આહાર વિ. ની સ્થાપના ન કરે ! પંખીની માફક પાત્રાં, ઉપકરણો વગેરેનું ગ્રહણ કરનારો અપેક્ષા વગરનો સંયમમાં વિચરે. (૧૬-૧૭૪)

**एसणासमिओ लज्जू, गामे अनियओ चरे ।**
**अप्पमत्तो पमत्तेहिं, पिंडवायं गवेसए ॥ १७ ॥**

**एषणासमितो लज्जालुः, ग्रामे अनियतश्चरेत् ।**
**अप्रमत्तः प्रमत्तेभ्यः, पिण्डपातं गवेषयेत् ॥ १७ ॥**

**અર્થ –** ગોચરીની શુદ્ધિમાં ઉપયોગવાળો સંયમી ગ્રામ વગેરેમાં કાયમ વાસ નહિ કરનારો વિહાર કરે ! તથા અપ્રમાદી બની ગૃહસ્થોના ઘરોમાં ભિક્ષાની ગવેષણા કરે. (૧૭-૧૭૫)

**एवं से उदाहु अणुत्तरनाणी, अणुत्तरदंसी अणुत्तरनाणदंसणधरे ।**
**अरहा णायपुत्ते भगवं वेसालिए, विआहिए त्ति बेमि ॥ १८ ॥**

**एवं स उदाहृतवान्, अनुत्तरज्ञानी अनुत्तरदर्शी, अनुत्तरज्ञानदर्शनधरः ।**
**अर्हन् ज्ञातपुत्रः भगवान् वैशालिकः व्याख्याता इति ब्रवीमि ॥ १८ ॥**

**અર્થ –** સર્વજ્ઞ, સર્વદર્શી, લબ્ધિની અપેક્ષાએ એકી સાથે સર્વોત્કૃષ્ટ જ્ઞાન-દર્શનધારી, તીર્થંકર વૈશાલિક ભગવાન સિદ્ધાર્થનંદન તે શ્રી વર્ધમાન જિનેશ્વરસ્વામીએ આ પ્રકારે સમવસરણમાં ધર્મનું કથન કરેલ છે; એમ હે જંબૂ ! હું કહું છું. (૧૮-૧૭૬)

**॥ છટ્ઠું શ્રી ક્ષુલ્લકનિર્ગ્રન્થીયાધ્યયન સંપૂર્ણ ॥**

# શ્રી ઉરભ્રીયાધ્યયન-૭

**जहाऽऽएसं समुद्दिस्स, कोइ पोसिज्ज एलयं ।**
**ओअणं जवसं दिज्जा, पोसिज्जावि सयंगणे ॥ १ ॥**

**यथाऽऽदेशं समुद्दिश्य कोऽपि पोषयेत् एडकम् ।**
**ओदनं यवसं दद्यात्, पोषयेदपि स्वकाङ्गणे ॥ १ ॥**

**અર્થ** – કોઈ એક ભારેકર્મી, જેમ મહેમાનને ઉદ્દેશીને પોતાના ઘરને આંગણે ઘેટાને ખાધેલામાંથી બાકી રહેલ ભોજન મગ, અડદ વગેરે ધાન્ય ખવરાવીને પોષે છે. (૧-૧૭૭)

**तओ से पुट्ठे परिवूढे, जायमेए महोदरे ।**
**पीणिए विउले देहे, आएसं परिकंखए ॥ २ ॥**

**ततः स पुष्टः परिवृढः, जातमेदाः महोदरः ।**
**प्रीणितः विपुले देहे, आदेशं परिकाङ्क्षति ॥ २ ॥**

**અર્થ** – ભાત વગેરેના ભોજનથી તે ઘેટું માંસની વૃદ્ધિવાળું-સમર્થ-ખૂબ ચરબીવાળું-મોટા પેટવાળું-ખુશ-ખુશાલ અને શરીર વિશાલ થવાથી જાણે મહેમાનની ઇચ્છા કરતું હોય, તેમ લોકોથી કહેવાય છે. (૨-૧૭૮)

**जाव न इए आएसे, ताव जीवइ सेऽदुहि ।**
**अह पत्तंमि आएसे, सीसं छित्तूण भुज्जइ ॥ ३ ॥**

**यावन्न एति आदेशः, तावज्जीवति सोऽदुःखी ।**
**अथ प्राप्ते आदेशे, शिरश्छित्त्वा भुज्यते ॥ ३ ॥**

**અર્થ** – જ્યાં સુધી મહેમાન ઘેર આવતો નથી ત્યાં સુધી તે ઘેટું દુઃખ વગરનું (અથવા આગામી દુઃખથી દુઃખી) જીવે છે. જ્યારે મહેમાન ઘેર આવે છે ત્યારે તેનું મસ્તક છેદી, તેનું તૈયાર કરેલું માંસ મહેમાન સાથે ઘરના માલિક વડે ખવાય છે. (૩-૧૭૯)

**जहा खलु से उरब्भे, आएसाए समीहिए ।**
**एवं बाले अहम्मिट्ठे, ईहए नरयाउयं ॥ ४ ॥**

**यथा खलु स उरभ्रः, आदेशाय समीहितः ।**
**एवं बालः अधर्मिष्ठः ईहते नरकायुष्कम् ॥ ४ ॥**

**અર્થ –** જેમ પૂર્વોક્ત સ્વરૂપવાળો ઘેટો મહેમાન માટે નિર્ધારિત કરાયેલો મહેમાનને ચાહે છે, તેવી રીતે અત્યંત અધર્મી બાલ જીવ નરકના અનુકૂલ આચરણ કરી નરકના જીવનને ચાહે છે. (૪-૧૮૦)

**हिंसे बाले मुसावाई, अद्धाणंमि विलोवए ।**
**अन्न दत्तहरे तेणे, माई कन्नु हरे सढो ॥ ५ ॥**

**इत्थी विसयगिद्धे अ, महारंभपरिग्गहे ।**
**भुंजमाणे सुरं मंसं, परिवूढे परं दमे ॥ ६ ॥**

**अयकक्करभोई अ, तुंदिल्ले चिअलोहिए ।**
**आउअं नरए कंखे, जहाएसं य एलए ॥ ७ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**हिंस्रः बालः मृषावादी, अध्वनि विलोपकः ।**
**अन्यादत्तहरस्तेनः, मायी कन्नुहरः शठः ॥ ५ ॥**

**स्त्री-विषयगृद्धश्च, महारम्भपरिग्रहः ।**
**भुञ्जानः सुरां मांसं, परिवृढः परं दमः ॥ ६ ॥**

**अजकर्करभोजी च, तुन्दिलो चितलोहितः ।**
**आयुष्कं नरके कांक्षति, यथाऽऽदेशमित्र एडकः ॥ ७ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ –** સ્વભાવથી હિંસક, અજ્ઞાની, અસત્યભાષી, માર્ગમાં જતાં જનોને લૂંટનારા, બીજાએ નહિ આપેલી ચીજોને ચોરનારો, ચોરી કરીને જીવનારો ચોર, માયાવાળો, સઘળી વસ્તુઓને હરવા સામર્થ્યવાળો હું છું એવો વિચારક, વાંકા આચારવાળો, સ્ત્રી અને વિષયોમાં આસક્ત, મોટા આરંભ અને પરિગ્રહવાળો, દારૂ અને માંસને ખાવાવાળો, ખૂબ તગડો બનેલો, બીજાને દમનારો, બકરાના અત્યંત પકાવેલ માંસને ખાનારો, ફાંદવાળો, લોહીની વૃદ્ધિવાળો, જેમ પૂર્વોક્ત ઘેટો જાણે મહેમાનને ચાહે છે, તેમ નરકયોગ્ય કર્મ કરનાર હોઈ, જાણે નરકના આયુષ્યને ચાહે છે. (૫ થી ૭, ૧૮૧ થી ૧૮૩)

**आसणं सयणं जाणं, वित्तं कामे अ भुंजिया ।**
**दुस्साहडं धणं हिच्चा, बहु संचिणिआ रयं ॥ ८ ॥**

तओ कम्मगुरूजंतु, पच्चुप्पन्नपरायणे ।
अएव्व आगयाएसे, मरणंतंमि सोअई ॥ ९ ॥ युग्मम् ॥

आसनं शयनं यानं, वित्तं कामान् भुक्त्वा ।
दुःसंहृतं धनं त्यक्त्वा, बहु संचित्य रजः ॥ ८ ॥
ततः कर्मगुरुर्जन्तुः, प्रत्युत्पन्नपरायणः ।
अजवत् आगते आदेशे, मरणान्ते शोचर्ति ॥ ९ ॥ युग्मम् ॥

**અર્થ** – સિંહાસન વિ. આસન, પલંગ વિ. શયન, રથ વિ. વાહન, સોનું વિ. ધન, શબ્દ વિ. કામભોગોને ભોગવી, દુઃખે ભેગું કરેલું ધન, જુગાર વિ. માં વાપરીને, આઠ પ્રકારનું કર્મ ઉપાર્જીને, ભારેકર્મી જીવ, નાસ્તિક મતના અનુસારે પરલોકનિરપેક્ષ માત્ર વર્તમાનમાં પરાયણ જેમ ઘેટો મહેમાન આવતાં શોક કરે છે, તેમ અવસાનના અવસરે શોક કરે છે. (૮+૯, ૧૮૪+૧૮૫)

तओ आउ परिक्खीणे, चुआ देहा विहिंसगा ।
आसुरिअं दिसं बाला, गच्छंति अवसा तमं ॥ १० ॥

ततः आयुषि परिक्षीणे, च्युता देहात् विहिंसकाः ।
आसुरीं दिशं बालाः गच्छन्ति अवशास्तमाम् ॥ १० ॥

**અર્થ** – શોક કર્યા બાદ વિવિધ પ્રકારોથી પ્રાણિ હિંસક શરીરથી છૂટો થયેલ બાલ જીવ, આયુષ્યનો નાશ થયે છતે પરવશ બનેલો, અંધકારવાળી નરકગતિમાં જાય છે. (૧૦-૧૮૬)

जहा कागणिए हेउं, सहस्सं हारए नरो ।
अपत्थं अंबगं भुच्चा, राया रज्जं तु हारए ॥ ११ ॥

यथा काकिण्या हेतो : सहस्त्रं हारयेत् नरः ।
अपथ्यं आम्रकं मुक्त्वा, राजा राज्यं तु हारयेत् ॥ ११ ॥

**અર્થ** – જેમ એક રૂપિયાના એંશીમા ભાગ રૂપ કાકિણીને ખાતર, એક હજાર સોનામહોરોને અજ્ઞાની માણસ હારી જાય છે તથા જેમ અપથ્ય કેરીને ખાઈ રાજા રાજ્યને હારી જાય છે. (૧૧-૧૮૭)

एवं माणुस्सगा कामा, देवकामाणमंतिए ।
सहस्सगुणिआ भुज्जो, आउ कामा य दिव्विआ ॥ १२ ॥

एवं मानुष्यकाः कामाः, देवकामानामन्तिके ।
सहस्त्रगुणिताः भूयः, आयुःकामाश्च दिव्यकाः ॥ १२ ॥

**અર્થ—** આ મનુષ્યના કામભોગો, દેવોના કામભોગોની આગળ કાકિણી અને કેરી જેવા છે. મનુષ્યના આયુષ્ય અને ભોગોની અપેક્ષાએ અનેકવાર હજારના ગુણાકારે ગુણેલા-હજારોગુણા દિવ્ય કામભોગો છે. અર્થાત્ હજાર સોનામહોર અને રાજ્ય જેવાં દેવલોકનાં આયુષ્ય અને કામભોગો છે. (૧૨-૧૮૮)

**अणेगवासानउआ, जा सा पन्नवओ ठिई ।**
**जाणि जीअंति दुम्मेहा, ऊणे वाससयाउए ॥ १३ ॥**

**अनेकवर्षनयुतानि, या सा प्रज्ञावतः स्थितिः ।**
**यानि जीयन्ते दुर्मेधसः, ऊने वर्षशतायुषि ॥ १३ ॥**

**અર્થ —** જ્ઞાનક્રિયાવિભૂષિત મુનિને દેવલોકમાં પલ્યોપમ-સાગરોપમ સુધી સ્થિતિ અને સર્વોત્કૃષ્ટ કામભોગો હોય છે. અજ્ઞાનીઓ અહીંના સ્વલ્પ આયુષ્ય દરમ્યાન તુચ્છ કામભોગોમાં લુબ્ધ બની, ધર્મ નહિ કરવાથી દિવ્ય સ્થિતિ અને કામભોગોને હારી જાય છે. (૧૩-૧૮૯)

**जहा य तिन्नि वणिआ, मूलं घित्तूण निग्गया ।**
**एगोत्थ लहई लाभं, एगो मूलेण आगओ ॥ १४ ॥**

**एगो मूलंपि हारित्ता, आगओ तत्थ वाणिओ ।**
**ववहारे उवमा एसा, एवं धम्मे विआणह ॥ १५ ॥ युग्मम् ॥**

**यथा च त्रयो वाणिजा, मूलं गृहीत्वा निर्गताः ।**
**एकोऽत्र लभते लाभं, एको मूलेनागतः ॥ १४ ॥**

**एको मूलमपि हारयित्वा, आगतस्तत्र वाणिजः ।**
**व्यवहारे उपमा एषा, एवं धर्मे विजानित ॥ १५ ॥ युग्मम् ॥**

**અર્થ —** જેમ ત્રણ વેપારીઓ, મૂલ ધન લઈને વેપાર માટે પરદેશ ગયા. તેમાં પહેલો જે વ્યાપારકલામાં કુશલ હતો તે ખૂબ નફો મેળવી, બીજો વ્યાપારમાં મધ્યમ હતો તે ઘરેથી જેટલું લાવેલો તેટલું જ મૂલ ધન લઈ, ત્રીજો જુગાર વિ. નો વ્યસની-પ્રમાદી હતો તે મૂલ ધન હારી પોતાને ઘેર પાછા આવ્યા. (૧૪+૧૫, ૧૯૦+૧૯૧)

**माणुसत्तं भवे मूलं, लाभो देवगई भवे ।**
**मूलच्छेएण जीवाणं, नरगतिरिक्खत्तणं धुवं ॥ १६ ॥**

**मानुषत्वं भवेत् मूलं, लाभो देवगतिर्भवेत् ।**
**मूलच्छेदेन जीवानां, नरकतिर्यक्त्वं ध्रुवम् ॥ १६ ॥**

**અર્થ –** તેવી રીતે જીવવ્યાપારીને સ્વર્ગાદિ ઉત્તરોત્તર લાભનું કારણ મૂલ ધન સમાન મનુષ્યપણું છે. લાભના સ્થાનમાં દેવપણાની પ્રાપ્તિ સમજવી તથા મનુષ્ય ગતિના હાનિરૂપ મૂલના છેદના સ્થાનમાં નરક-તિર્યંચ-ગતિની પ્રાપ્તિ સમજવી. (૧૬-૧૯૨)

**दुहओ गई बालस्स, आवई वहमूलिजा ।**
**देवत्तं माणुसत्तं च, जंजिए लोलया सढे ॥ १७ ॥**

**द्विधा गतिर्बालस्य, आपद् वधमूलिका ।**
**देवत्वं मानुषत्वं च, यज्जितो लोलता शठः ॥ १७ ॥**

**અર્થ –** બાલ જીવને નરક અને તિર્યંચરૂપ બે ગતિ હોય છે. ત્યાં ગયેલાને વધ વિ. આપત્તિઓ હોય છે. કેમ કે - માંસ વિ. માં લંપટ અને વિશ્વાસુ જનને ઠગનારો બની, દેવ અને મનુષ્યપણું હારી જઈ લંપટતાથી નરકગતિ અને શઠતાથી તિર્યંચગતિ બાલ જીવ પામે છે. (૧૭-૧૯૩)

**तओ जिए सइं होइ, दुविह दुग्गइं गए ।**
**दुल्लहा तस्स उम्मग्गा, अद्धाए सुचिरादवि ॥ १८ ॥**

**ततो जितः सदा भवति, द्विविधां दुर्गतिं गतः ।**
**दुर्लभा तस्य उन्मज्जा, अद्धायां सुचिरादपि ॥ १८ ॥**

**અર્થ –** દેવ અને મનુષ્યપણાનો અભાવ થવાથી અને નરક કે તિર્યંચગતિમાં ગયેલો બાલ જીવ હંમેશાં હારેલો જ થાય છે. કારણ કે-આગામી ઘણા લાંબા કાળમાં પણ નરક કે તિર્યંચગતિરૂપ દુર્ગતિમાંથી તેનું નીકળવું દુર્લભ બને છે. (૧૮-૧૯૪)

**एवं जिअं सपेहाए, तुलिआ बालं च पंडिअं ।**
**मूलिअं ते पवेसंति, माणुसिं जोणिमिंति जे ॥ १९ ॥**

**एवं जितं संप्रेक्ष्य, तोलयित्वा बालं च पण्डितम् ।**
**मौलिकं ते प्रविशन्ति, मानुषीं योनिमायान्ति ये ॥ १९ ॥**

**અર્થ –** પૂર્વોક્ત પ્રકારવાળા બાલ જીવને જોઈ ગુણદોષનો તથા બાલ અને પંડિતનો વિચાર કરી, મૂલધનરક્ષક વેપારી જેવા જીવો મનુષ્યાયુષ્ય બાંધીને મનુષ્યગતિમાં જન્મ લે છે. (૧૯-૧૯૫)

**वेमायाहिं सिक्खाहिं, जे नरा गिहिसुव्वया ।**
**उविंति माणुसं जोणिं, कम्मसच्चा हु पाणिणो ॥ २० ॥**

**विमात्राभिः शिक्षाभिः, ये नरा गृहिसुव्रताः ।**
**उपयान्ति मानुषीं योनिं, कर्मसत्याः खलु प्राणिनः ॥ २० ॥**

**અર્થ –** જે જીવો, ગૃહસ્થી હોવા છતાં સત્પુરુષના વ્રતવાળાઓ, વિવિધ પરિણામવાળું ભદ્રકપણું, વિનીતપણું, દયા-ઈર્ષ્યારહિતપણું વિ. શિક્ષાઓથી મનુષ્યયોનિને પામે છે; કેમ કે-અવશ્ય ફળ દેનાર કર્મવાળા પ્રાણીઓ હોય છે. (૨૦-૧૯૬)

**जसिं तु विउला सिक्खा, मूलिअं ते अइत्थिआ ।**
**सीलवंता सविसेसा, अदीणा जंति देवयं ॥ २१ ॥**

**येषां तु विपुला शिक्षा, मौलिकं ते अतिक्रम्य ।**
**शीलवन्तः सविशेषाः, अदीना यान्ति देवताम् ॥ २१ ॥**

**અર્થ –** જેઓની પાસે વિશાલ ગ્રહણ અને આસેવન રૂપ શિક્ષા છે, તેઓ મૂલ ધનરૂપ મનુષ્યપણું ઉલ્લંઘી, સમ્યગ્દષ્ટિ વિ. રૂપ શીલવંતો અને ઉત્તરોત્તર ગુણપ્રાપ્તિ રૂપ વિશેષવાળાઓ બની દીનતા વગરના દેવલોકને પામે છે. (૨૧-૧૯૭)

**एवमदीणवं भिक्खुं, आगारिं च विआणिआ ।**
**कहं नु जिच्च मे लिक्खं, जिच्चमाणो न संविदे ॥ २२ ॥**

**एवमदैन्यवन्तं भिक्षुं, अगारिणं च विज्ञाय ।**
**कथं नु जेयं ईदृक्षं, जीयमानो न संवित्ते ॥ २२ ॥**

**અર્થ –** પૂર્વોક્ત લાભવાળા, દીનતા વગરના ગૃહસ્થી અને સાધુને વિશેષરૂપે જાણી, આવો દેવપણા વિ. રૂપ લાભ શા માટે ખોવો ? શું આવા લાભને હારતો જાણતો નથી ? જાણે જ છે. માટે એવો પ્રયત્ન કરવો જોઈએ કે જેથી લાભ હારી ન જવાય. (૨૨-૧૯૮)

**जहा कुसग्गे उदगं, समुद्देण समं मिणे ।**
**एवं माणुस्सगा कामा देवकामाण अंतिए ॥ २३ ॥**

**यथा कुशाग्रे उदकं, समुद्रेण समं मिनुयात् ।**
**एवं मानुष्यकाः कामाः, देवकामानामन्तिके ॥ २३ ॥**

**અર્થ –** જેમ કોઈ જીવ, દાભના અગ્રભાગ ઉપર રહેલ જલબિંદુને સમુદ્રના જલ સાથે સરખાવે છે, તેમ અજ્ઞાની જીવ મનુષ્યના ભોગોની સાથે દેવના કામભોગોને સરખાવે છે. (૨૩-૧૯૯)

**कुसग्गमित्ता इमे कामा, संनिरुद्धम्मि आउए ।**
**कस्स हेउं पुरा काउं, जोगक्खेमं न संविदे ॥ २४ ॥**

**कुशाग्रमात्रा इमे कामाः, सन्निरुद्धे आयुषि ।**
**कं हेतुं पुरस्कृत्य, योगक्षेमं न संवित्ते ॥ २४ ॥**

**અર્થ –** મનુષ્યના અલ્પાયુષ્યમાં ભોગો અત્યંત અલ્પ હોઈ દાભના અગ્રભાગ ઉપર રહેલ જલબિંદુ જેવા છે અને દિવ્ય કામભોગો સમુદ્ર જલ જેવાં છે, તે કયા કારણસર જીવ, નહિ પ્રાપ્ત થયેલ ધર્મની પ્રાપ્તિરૂપ યોગને તથા પ્રાપ્ત થયેલ ધર્મના પાલનરૂપ ક્ષેમને જાણતો નથી ? અર્થાત્ ભોગાસક્તિથી યોગ-ક્ષેમને જાણતો નથી. (૨૪-૨૦૦)

**इह कामा निअट्टस्स, अत्तट्ठे अवरज्झई ।**
**सोच्चा नेआउयं मग्गं, जं भुज्जो परिभस्सइ ॥ २५ ॥**

**इह कामानिवृत्तस्य, आत्मार्थः अपराध्यति ।**
**श्रुत्वा नैयायिकं मार्गं, यद् भूयः परिभ्रश्यति ॥ २५ ॥**

**અર્થ –** મનુષ્યપણું કે જૈનધર્મ મળવા છતાં કામ ભોગોથી નહિ અટકનારને સ્વર્ગ વિ. આત્માર્થ નષ્ટ થાય છે, કેમ કે-જીવ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ સાંભળવા કે મેળવવા છતાં ગુરુકર્મના કારણે આત્માર્થથી કે મુક્તિમાર્ગથી પડે છે. (૨૫-૨૦૧)

**इह कामनिअट्टस्स, अत्तट्ठे नावरज्झई ।**
**पूईदेहनिरोहेणं, भवे देवेत्ति मे सुअं ॥ २६ ॥**

**इह कामनिवृत्तस्य, आत्मार्थः नापराध्यति ।**
**पूतिदेहनिरोधेन, भवति देवः इति मे श्रुतम् ॥ २६ ॥**

**અર્થ –** મનુષ્યપણું કે જૈનશાસન પ્રાપ્ત થયે છતે જે કામભોગોથી અટકે છે તેનો સ્વર્ગ વિ. આત્માર્થ નાશ થતો નથી, કારણ કે-લઘુકર્મી જીવ ઔદારિક શરીર છૂટી જતાં મરણ બાદ વૈમાનિક દેવ અથવા સિદ્ધ બને છે. આ મેં પરમગુરુ ભગવાનથી સાંભળેલ છે. (૨૬-૨૦૨)

**इड्ढी जुई जसो वण्णो, आउं सुहमणुत्तरं ।**
**भुज्जो जत्थ मणुस्सेसु, तत्थ से उवज्जई ॥ २७ ॥**

**ऋद्धिर्द्युतिर्यशोवर्णः, आयुः सुखमनुत्तरम् ।**
**भूयो यत्र मनुष्येसु, तत्र स उपपद्यते ॥ २७ ॥**

**અર્થ –** સર્વોત્કૃષ્ટ ઋદ્ધિ-શરીરકાન્તિ-પ્રસિદ્ધિ-ગંભીરતા-ગૌરત્વ વિ. વર્ણ-આયુષ્ય અને ઈષ્ટ વિષયોની પ્રાપ્તિ રૂપ સુખ જે મનુષ્યકુલોમાં હોય છે, ત્યાં ચ્યવીને તેઓ (ધર્મીષ્ઠ) જન્મ લે છે. (૨૭-૨૦૩)

**बालस्स पस्स बालत्तं, अहम्मं पडिवज्जिआ ।**
**चिच्चा धम्मं अहम्मिट्ठे, नरएसु उववज्जई ॥ २८ ॥**

**बालस्य पश्य बालत्वं, अधर्मं प्रतिपद्य ।**
**त्यक्त्वा धर्मं अधर्मिष्ठः नरके उपपद्यते ॥ २८ ॥**

**અર્થ –** મૂઢનું અજ્ઞાનપણું જુઓ કે-વિષયની આસક્તિ રૂપ અધર્મને સ્વીકારી તથા ભોગના ત્યાગરૂપ ધર્મને છોડી, અધર્મીષ્ઠ, નરક વિ. દુર્ગતિમાં ઉત્પન્ન થાય છે. (૨૮-૨૦૪)

**धीरस्स पस्स धीरत्तं, सव्वधम्माणुवत्तिणो ।**
**चिच्च अधम्मं धम्मिट्ठे, देवेसु उववज्जइ ॥ २९ ॥**

**धीरस्य पश्य धीरत्वं, सर्वधर्मानुवर्तिनः ।**
**त्यक्त्वा अधर्मं धर्मिष्ठः देवेषु उपपद्यते ॥ २९ ॥**

**અર્થ –** પંડિતની ધીરતા જુઓ કે-ક્ષમા વિ. સર્વ ધર્મોને અનુકૂલ આચરણ કરનારો, ભોગાસક્તિ રૂપ અધર્મને છોડી, ધર્મીષ્ઠ જીવ, દેવલોકોમાં ઉત્પન્ન થાય છે. (૨૯-૨૦૫)

**तुलिआ णं बालभावं, अबालं चेव पंडिए ।**
**चइऊण बालभावं, अबालं सेवए मुणि त्तिबेमि ॥ ३० ॥**

**तोलयित्वा बालभावं, अबालं चैव पण्डितः ।**
**त्यक्त्वा बालभावं, सेवते मुनिरिति ब्रवीमि ॥ ३० ॥**

**અર્થ –** પૂર્વોક્ત તત્ત્વજ્ઞાની મુનિ, બાલપણાની અને પંડિતપણાની તુલના કરી, બાલભાવને છોડી પંડિતપણાનું સેવન કરે છે. હે જંબૂ ! આ પ્રમાણે હું કહું છું. (૩૦-૨૦૬)

**॥ સાતમું શ્રી ઉરભ્રીયાધ્યયન સંપૂર્ણ ॥**

# શ્રી કાપિલીયાધ્યયન-૮

**अधुवे असासयम्मि, संसारम्मि दुक्खपउराए ।**
**किं नाम होज्ज तं कम्मयं, जेणाहं दुग्गइं न गच्छेज्जा ॥ १ ॥**

**अध्रुवे अशाश्वते, संसारे तु दुःखप्रचुरके ।**
**किं नाम भवेत् तत् कर्मकं, येनाहं दुर्गतिं न गच्छेयम् ॥ १ ॥**

**અર્થ** – અસ્થિર, અનિત્ય, તેમજ ઘણા શારીરિક, માનસિક દુઃખોથી ભરચક સંસારમાં, જે અનુષ્ઠાનથી હું દુર્ગતિગામી ન બનું એવું કોઈ અનુષ્ઠાન છે ? (૧-૨૦૭)

**विजहित्तु पुव्वसंजोगं, न सिणेहं कहिंचि कुव्विज्जा ।**
**असिणेह सिणेहकरेहिं, दोसपओसेहिं मुच्चए भिक्खू ॥ २ ॥**

**विहाय पूर्वसंयोगं, न स्नेहं क्वचित् कुर्वीत ।**
**अस्नेहः स्नेहकरेषु, दोषप्रदोषैर्मुच्यते भिक्षुः ॥ २ ॥**

**અર્થ** – માતા વિ. સ્વજન અને ધનના સંબંધને છોડી, સાધુ બાહ્ય-અભ્યંતર પરિગ્રહમાં આસક્તિ ન કરે ! સ્નેહ કરનારાઓ ઉપર મમતા વગરનો મુનિ, મનના તાપ વિ. દોષો તથા પરલોકમાં નરકપ્રાપ્તિ વિ. પ્રદોષોથી મુક્ત થાય છે. (૨-૨૦૮)

**तो नाणदंसणसमग्गो, हिअनिस्सेअसाए सव्वजीवाणं ।**
**तेसिं विमोक्खणट्ठाए, भासइ मुणिवरो विगयमोहो ॥ ३ ॥**

**ततः ज्ञानदर्शनसमग्रः, हितनिःश्रेयसाय सर्वजीवानाम् ।**
**तेषां विमोक्षणार्थाय, भाषते मुनिवरो विगतमोहः ॥ ३ ॥**

**અર્થ** – કેવલજ્ઞાન-દર્શનથી યુક્ત અને મોહરહિત મુનિવર ભગવાન કપિલ, સર્વ જીવોના તથા તત્કાલ પાંચસો ચોરોના હિતકારી મોક્ષ માટે કહે છે. (૩-૨૦૯)

**सव्वं गंथं कलहं च, विप्पजहे तहाविहं भिक्खू ।**
**सव्वेसु कामजाएसु, पासमाणो न लिप्पई ताई ॥ ४ ॥**

**सर्वं ग्रन्थं कलहं च, विप्रजह्यात् तथाविधं भिक्षुः ।**
**सर्वेषु कामजातेषु, पश्यन् न लिप्यते त्रायी ॥ ४ ॥**

**अर्थ** – કર્મબંધ કરનારા સઘળાં પરિગ્રહ-કષાયોને સાધુ છોડી દે ! શબ્દ વિ. વિષયોને દોષદૃષ્ટિથી જોતો, કર્મોથી આત્મરક્ષક મુનિ લેપાતો નથી. (૪-૨૧૦)

**भोगामिसदोसविसन्ने, हियनिस्सेअसबुद्धिविवज्जत्थे ।**
**बाले य मंदिए मूढे, बज्झई मच्छिआ व खेलम्मि ॥ ५ ॥**

**भोगामिषदोषविषण्णः हितनिःश्रेयसबुद्धिविपर्यस्तः ।**
**बालश्च मन्दः मूढः, बध्यते मक्षिकेव खेले ॥ ५ ॥**

**अर्थ** – ભોગોમાં ડૂબેલો, મોક્ષની બુદ્ધિ વગરનો, અજ્ઞાની, ધર્મકરણી કરવામાં આળસુ અને મોહથી આકુલ મનવાળો જીવ, કફમાં માખીની જેમ કર્મથી લેપાય છે. (૫-૨૧૧)

**दुप्परिच्चया इमे कामा, नो सुजहा अधीरपुरिसेहिं ।**
**अह संति सुव्वया साहू, जे तिरंति अतरं वणिआ वा ॥ ६ ॥**

**दुष्परित्यजा इमे कामाः, नो सुहाना अधीरपुरुषैः ।**
**अथ सन्ति सुव्रताः साधवः, ये तरन्ति अतरं वणिज इव ॥ ६ ॥**

**अर्थ** – મુશ્કેલીથી છોડી શકાય એવા કામભોગો કાયર પુરુષોથી સુખપૂર્વક છોડી શકાય તેમ નથી. અર્થાત્ સાત્ત્વિક પુરુષો તે સુખેથી છોડી શકે છે. જેમ વેપારીઓ જહાજ વિ. સાધનોથી તરવાને અશક્ય એવા સમુદ્રને તરી જાય છે, તેમ નિષ્કલંક વ્રત વિ. સાધનોથી તરવાને અશક્ય એવા સંસારને તરી જાય છે. (૬-૨૧૨)

**समणा मु एगे वयमाणा, पाणवहं मिया अयाणंता ।**
**मंदा निरयं गच्छंति, बाला पावियाहिं दिट्ठीहिं ॥ ७ ॥**

**श्रमणाः स्मः एके वदन्तः, प्राणवधं मृगा अजानन्तः ।**
**मन्दा निरयं गच्छन्ति, बालाः पापिकाभिःर्दृष्टिभिः ॥ ७ ॥**

**अर्थ** – 'અમો શ્રમણો છીએ.' - એમ કેટલાક જૈનેતર ભિક્ષુઓ બોલે છે, પરંતુ મૂઢતાના કારણે હરણની માફક પ્રાણીહિંસાને નહિ જાણતા,

મિથ્યાત્વના મહારોગથી વ્યાકુલ બનેલા તેમજ વિવેક વગરના બાલજીવો પાપજનક દષ્ટિઓથી નરકમાં જાય છે. (૭-૨૧૩)

**न हु पाणवहं अणुजाणे, मुच्चेज्ज कयाइ सव्वदुःखाणं ।**
**एवं आरिएहिं अक्खायं, जेहिं इमो साहुधम्मो पन्नत्तो ॥ ८ ॥**

**नैव प्राणवधं अनुजानन्; मुच्येत कदाचित् सर्वदुःखानाम् ।**
**एवमार्यैराख्यातं यैः, अयं साधुधर्मः प्रज्ञप्तः ॥ ८ ॥**

**अर्थ –** પ્રાણીહિંસા વિ. પાપોને કરનાર, કરાવનાર કે અનુમોદનાર તેઓ કોઈ પણ કાળમાં સર્વ દુઃખોથી મુક્ત થતા નથી. અહિંસા વિ. ધર્મવાળા શ્રમણો જ સંસારને તરી જાય છે. આમ તીર્થંકર વિ. આર્યોએ કથન કરેલ છે. કેમ કે-આ આર્યો જ અહિંસા વિ.ધર્મની પ્રરૂપણા કરનાર છે. (૮-૨૧૪)

**पाणे अ नाइवाएज्जा, से समिए त्ति वुच्चई ताइ ।**
**तओ से पावयं कम्मं, निज्जाइ उदगं व थलाओ ॥ ९ ॥**

**प्राणांश्च नातिपातयेत्, स समित इत्युच्यते त्रायी ।**
**ततोऽथ पापकं कर्म, निर्याति उदकमिव स्थलात् ॥ ९ ॥**

**अर्थ –** હિંસા વિ. ને સર્વથા નહિ કરનાર, કરાવનાર કે અનુમોદનાર જૈન શ્રમણો જ પાંચ સમિતિથી યુક્ત ષડ્જીવનિકાયના રક્ષક હોય છે. તેથી જ જેમ ઊંચી-મજબુત જમીન ઉપરથી પાણી એકદ ઢળી જાય છે, તેમ તેઓમાંથી અશુભ કર્મ નીકળી જાય છે. (૯-૨૧૫)

**जगनिस्सिहिं भूएहिं, तसनामेहिं थावरेहिं च ।**
**नो तेसिमारभे दंडं, मणसा वयसा कायसा चेव ॥ १० ॥**

**जगन्निश्रितेषु भूतेषु, त्रसनामसु स्थावरेषु च ।**
**ना तेषु आरभेत दण्डं, मसा वचसा कायेन चैव ॥ १० ॥**

**अर्थ –** લોકમાં રહેલ સમસ્ત પ્રાણીઓમાં ત્રસનામકર્મના ઉદયવાળા બેઇન્દ્રિય વિ. જીવોની તથા પૃથ્વીકાય વિ. સ્થાવર જીવોની મન-વચન-કાયાથી હિંસા ન કરે ! (૧૦-૨૧૬)

**सुद्धेसणाओ नच्चा णं, तत्थ ठविज्ज भिक्खू अप्पाणं ।**
**जायए घासमेसिज्जा, रसगिद्धे न सिया भिक्खाए ॥ ११ ॥**

**शुद्धैषणाः ज्ञात्वा खलु, तत्र स्थापयेद् भिक्षुरात्मानम् ।**
**यात्रायै ग्रासमेषयेत्, रसगृद्धो न स्याद् भिक्षादः ॥ ११ ॥**

**અર્થ** – સાધુ, સંયમનિર્વાહ રૂપ યાત્રા માટે અશુદ્ધ આહારના ત્યાગપૂર્વક શુદ્ધ આહારનું જ ગ્રહણ કરે ! અને રાગ-દ્વેષના ત્યાગપૂર્વક આહાર કરે ! (૧૧-૨૧૭)

**पंताणि चेव सेविज्जा, सीयपिंडं पुराणकुम्मासं ।**
**अदु बुक्कसं पुलागं वा, जवणट्ठाए निसेवए मंथुं ॥ १२ ॥**

**प्रान्तानि चैव सेवेत, शीतपिण्डं पुराणकुल्माषान् ।**
**अथवा बुक्कसं पुलाकं वा, यापनार्थं निषेवेत मन्थुम् ॥ १२ ॥**

**અર્થ** – સાધુ, જુના મગ વિ. શીત આહાર રૂપ અથવા વાલ વિના તુષ રૂપ નીરસ પદાર્થોનું ભોજન કરે. જિનકલ્પિક વિ. મુનિ જે ગચ્છનિર્ગત છે તે તો નિયમા પ્રાન્ત આહાર કરે. પરંતુ ગચ્છસ્થ મુનિને તો જયાં સુધી શરીરનિર્વાહ થાય ત્યાં સુધી પ્રાન્ત ભોજન કરે અને તેમાં જો વાતપ્રકોપ વિ. આપત્તિ આવે તો સરસ આહાર પણ કરી શકે છે. (૧૨-૨૧૮)

**जे लक्खणं च सुविणं च, अंगविज्जं च जे पउंजंति ।**
**न हु ते समणा वुच्चंति, एवं आयरिएहिं अक्खायं ॥ १३ ॥**

**ये लक्षण च स्वप्नं च, अङ्गविद्यां च ये प्रयुञ्जते ।**
**न हु ते श्रमणा उच्यन्ते, एवमाचार्यैराख्यातम् ॥ १३ ॥**

**અર્થ** – જે સાધુઓ પુષ્ટ આલંબન વગર સામુદ્રિક કે સ્વપ્નશાસ્ત્ર, અંગસ્ફુરણરૂપ અથવા ૐ હ્રીં વિ. અક્ષરોની સ્થાપના રૂપ અંગવિદ્યા વિ. મિથ્યા શ્રુતનો ગમે તે એક કે સમસ્તનો પ્રયોગ કરે છે, તે સાધુઓ કહેવાતા નથી-એમ આચાર્યોએ કહેલ છે. (૧૩-૨૧૯)

**इह जीविअं अनिअमेत्ता, पब्भट्ठा समाहिजोएहिं ।**
**ते कामभोगरसगिद्धा, उववज्जंति आसुरे काए ॥ १४ ॥**

**इह जीवितमनियम्य, प्रभ्रष्टाः समाधियोगेभ्यः ।**
**ते कामभोगरसगृद्धाः उपपद्यन्ते आसुरे काये ॥ १४ ॥**

**અર્થ** – આ જન્મમાં જીવનને તપ વિ. થી નિયંત્રિત નહિ કરવાથી, શુભ મન-વચન-કાયાના યોગથી અત્યંત ભ્રષ્ટ થયેલા અને કામભોગો તેમજ રસોમાં આસક્ત બનેલા, તે લક્ષણાદિ શાસ્ત્રોનો દુરૂપયોગ કરનારા, કાંઈક કષ્ટાનુષ્ઠાન કરતા હોવા છતાં સંયમવિરાધનાથી અસુરોમાં જ પેદા થાય છે. (૧૪-૨૨૦)

**तत्तोऽवि उव्वट्टित्ता, संसारं बहुं अणु परिअटंति ।**
**बहुकम्मलेवलित्ताणं, बोही होई सुदुल्लहो तेसिं ॥ १५ ॥**

**ततोऽपि उद्धृत्य, संसारं बहु अनु पर्यटन्ति ।**
**बहुकर्मलेपलिप्तानां, बोधिर्भवति सुदुर्लभः तेषाम् ॥ १५ ॥**

**અર્થ –** અસુર નિકાયમાંથી ચ્યવીને તેઓ, સંસારમાં ઘણા કાળ સુધી પર્યટન કરશે. વળી ઘણા કર્મના લેપથી લેપાયેલા તે જીવોને બોધિની પ્રાપ્તિ અત્યંત દુર્લભ થઈ જાય છે, માટે સાધુઓએ ઉત્તરગુણની વિરાધનાથી બચવું જોઈએ. (૧૫-૨૨૧)

**कसिणंपि जो इमं लोगं, पडिपुण्णं दलेज्ज इक्कस्स ।**
**तेणावि से न संतुस्से, इह दुप्पूरए इमे आया ॥ १६ ॥**

**कृत्स्नमपि य इमं लोकं, परिपूर्णं दद्यात् एकस्मै ।**
**तेनापि स न संतुष्येत्, इति दुष्पूरकोऽयमात्मा ॥ १६ ॥**

**અર્થ –** જે સુરેન્દ્ર વિ. ધન-ધાન્યથી ભરેલ સકલ લોકને પોતાના ભક્તને આપે, તો પણ લોભી ભક્ત સંતુષ્ટ ન થાય ! આ આત્માની અનંત આશાઓ પૂરી શકાય એમ નહિ હોવાથી આ જીવ દુષ્પૂરક છે. (૧૬-૨૨૨)

**जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।**
**दो मासकयं कज्जं, कोडीए वि न निट्ठिअं ॥ १७ ॥**

**यथा लाभो तथा लोभो, लाभाल्लोभः प्रवर्धते ।**
**द्विमाषकृतं कार्यं, कोट्यापि न निष्ठितम् ॥ १७ ॥**

**અર્થ –** જેમ જેમ દ્રવ્યલાભ થાય તેમ તેમ દ્રવ્યમૂર્ચ્છા થાય છે, કારણ કે-લાભ લોભવૃદ્ધિનું કારણ છે. આ વિષયમાં કપિલ કેવલી પોતે પોતાનું દૃષ્ટાન્ત આપે છે કે-દાસીને સંતોષવા માટે બે માસા સોનાથી જે કામ પતવાનું હતું, તે કામ એક કરોડ સોનામહોરોથી પણ પૂરૂં ન થઈ શક્યું. કેમ કે-અભિલાષાઓ વધતી જ ગઈ. (૧૭-૨૨૩)

**णो रक्खसीसु गिज्झिज्जा, गंडवच्छासुऽणेगचित्तासु ।**
**जाओ पुरिसं पलोभित्ता, खेल्लंति जहा वा दासेहिं ॥ १८ ॥**

**नो राक्षसीषु गृध्येत, गण्डवक्षःसु अनेकचित्तासु ।**
**याः पुरुषं प्रलोभ्य, क्रीडन्ति यथा वा दासैः ॥ १८ ॥**

અર્થ – પીનસ્તન-વક્ષસ્થલવાળી, ચંચલપણાએ અનેક ચિત્તવાળી અને જ્ઞાન વિ. ભાવજીવનનો વિનાશ કરનારી રાક્ષસી જેવી સ્ત્રીઓની અભિલાષા ન કરવી, કારણ કે-તે સ્ત્રીઓ આકર્ષક, વિશ્વાસજનક, મધુર-પ્રિય વચનોથી કુલીન પુરુષને લોભાવી અનેક ક્રીડાઓથી દાસની માફક બનાવી વિલાસ કરે છે. (૧૮-૨૨૪)

**नारीसु नो पगिज्झिज्जा, इत्थी विप्पजहे अणगारे ।**
**धम्मं च पेसलं नच्चा, तत्थ ठविज्ज भिक्खू अप्पाणं ॥ १९ ॥**

**नारीषु नो प्रगृध्येत्, स्त्रियः विप्रजह्यात् अनगारः ।**
**धर्मं च पेशलं ज्ञात्वा, तत्र स्थापयेद् भिक्षुरात्मानम् ॥ १९ ॥**

અર્થ – સાધુ, સ્ત્રીઓની તરફ અનુરાગનો પ્રારંભ પણ ન કરે ! સ્ત્રીઓથી સર્વથા દૂર રહે ! તેમજ એકાન્તે હિતકારી બ્રહ્મચર્ય વિ. રૂપ ધર્મને જ અહીં અને પરલોકમાં અત્યંત સુંદર જાણી તેમાં જ પોતાના જીવને રાખે ! (૧૯-૨૨૫)

**इति एस धम्मे अक्खाए, कविलेणं च विसुद्धपन्नेणं ।**
**तरिंहिति जे काहिंति, तेहिं आराहिअ दुवे लोग त्तिबेमि ॥ २० ॥**

**इति एष धर्म आख्यातः कपिलेन च विशुद्धप्रज्ञेन ।**
**तरिष्यन्ति ये करिष्यन्ति, तैराराधितौ द्वौ लोकौ इति ब्रवीमि ॥ २० ॥**

અર્થ – નિર્મલ જ્ઞાનસંપન્ન કપિલ કેવલીએ આ પ્રમાણે પૂર્વોક્ત મુનિધર્મ કહેલ છે. જે મનુષ્યો આ ધર્મની આરાધના કરશે તેઓ સંસારસાગરને તરી જશે, તેમજ આ જન્મમાં મહાજનપૂજ્ય બની પરલોકમાં સ્વર્ગ-મોક્ષ વિ. ની પ્રાપ્તિ કરનારા થશે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૨૦-૨૨૬)

## ॥ આઠમું શ્રી કાપિલીયાધ્યયન સંપૂર્ણઃ ॥

# શ્રી નમિપ્રવ્રજ્યાધ્યયન-૯

**चइऊण देवलोगाओ, उववण्णो माणुसंमि लोगम्मि ।**
**उवसंतमोहणिज्जो, सरइ पोराणिअं जाइं ॥ १ ॥**

**च्युत्वा देवलोकात्, उत्पन्नो मानुषे लोके ।**
**उपशान्तमोहनीयः, स्मरति पौराणिकीं जातिम् ॥ १ ॥**

**अर्थ** – સાતમા દેવલોકથી ચ્યવીને મનુષ્યલોકમાં ઉત્પન્ન થયેલ અને દર્શનમોહ ઉદયના અભાવથી સમ્યક્ત્વવંત નમિરાજા જાતિસ્મરણજ્ઞાન પામે છે, અર્થાત્ ગતજન્મનું સ્મરણ કરે છે. (૧-૨૨૭)

**जाइं सरित्तु भयवं, सहसंबुद्धो अणुत्तरे धम्मे ।**
**पुत्तं ठवित्तु रज्जे, अभिणिक्खमई नमी राया ॥ २ ॥**

**जातिं स्मृत्वा भगवान्, स्वयंसंबुद्धोऽनुत्तरे धर्मे ।**
**पुत्रं स्थापयित्वा राज्ये, अभिनिष्क्रामति नमी राजा ॥ २ ॥**

**अर्थ** – પૂર્વજન્મનું સ્મરણ કરી ભગવાન નમિ રાજા, સર્વોત્કૃષ્ટ ચારિત્રધર્મ પ્રત્યે સ્વયં પ્રતિબોધ પામી, પુત્રને રાજ્યગાદી ઉપર સ્થાપન કરી શ્રી ભગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે. (૨-૨૨૮)

**सो देवलोगसरिसे, अंतेउरवरगओ वरे भोए ।**
**भुंजित्तु नमी राया, बुद्धो भोगे परिच्चयई ॥ ३ ॥**

**स देवलोकसदृशान्, अन्तः पुरवरगतो वरान् भोगान् ।**
**भुक्त्वा नमी राजा, बुद्धो भोगान् परित्यजति ॥ ३ ॥**

**अर्थ** – દેવલોકમાં રહેલ ભોગો જેવા પ્રધાન ભોગોને ઉત્તમ અંતઃપુરમાં રહેલા, ભોગવી, વિશિષ્ટ તત્ત્વજ્ઞાની નમિરાજા તે ભોગોનો પરિત્યાગ કરે છે. (૩-૨૨૯)

**मिहिलं सपुरजणवयं, बलमोरोहं च परिअणं सव्वं ।**
**चिच्चा अभिनिक्खंत्तो, एगंतमहिट्ठिओ भयवं ॥ ४ ॥**

**मिथिलां सपुरजनपदां, बलमवरोधं च परिजनं सर्वम् ।**
**त्यक्त्वा अभिनिष्क्रान्तः, एकान्तमधिष्ठितो भगवान् ॥ ४ ॥**

**અર્થ** – અન્ય નગરો અને જનપદ સહિત મિથિલા નગરી, ચતુરંગી સેના, અન્તપુરઃ, પરિવાર અર્થાત્ સર્વ સંગનો ત્યાગ કરી, દ્રવ્યથી નિર્જન વન વિ. રૂપ અને ભાવથી હું એકલો જ છું,- આવા નિશ્ચયરૂપ એકાન્તમાં દીક્ષિત થયેલ નમિરાજર્ષિ રહેલ છે. (૪-૨૩૦)

**कोलाहलगसंभूयं, आसी मिहिलाइ पव्वयंतम्मि ।**
**तइआ रायरिसिम्मि, नमिम्मि अभिणिक्खमंतम्मि ॥ ५ ॥**

**कोलाहलकसम्भूतं, आसीत् मिथिलायां प्रव्रजति ।**
**तदा राजर्षौ नमौ, अभिनिष्क्रामति ॥ ५ ॥**

**અર્થ** –જ્યારે નમિરાજર્ષિએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી, ત્યારે મિથિલા નગરીમાં સઘળે ઠેકાણે વિલાપ, કકળાટ વિ. નો કોલાહલ મચી ગયો. (૫-૨૩૧)

**अब्भुट्ठियं रायरिसिं, पव्वज्जाठाणमुत्तमं ।**
**सक्को माहणरूवेण, इमं वयणमब्बवी ॥ ६ ॥**

**अभ्युत्थितं राजर्षि, प्रव्रज्यास्थानमुत्तमम् ।**
**शक्रो ब्राह्मणरूपेण, इदं वचनमब्रवीत् ॥ ६ ॥**

**અર્થ** – જ્ઞાન વિ. ગુણોના આશ્રયરૂપ ઉત્તમ પ્રવ્રજ્યારૂપ સ્થાનમાં આરૂઢ થયેલ નમિરાજર્ષિને બ્રાહ્મણવેષે આવેલા ઇન્દ્ર મહારાજે તેમના મનની પરીક્ષા કરવાની ઇચ્છાથી, આ પ્રમાણે વચન કહેવાની શરૂઆત કરી. (૬-૨૩૨)

**किं नु भो अज्ज मिहिलाए, कोलाहलगसंकुला ।**
**सुच्चंति दारुणा सद्दा, पासाएसु गिहेसु अ ॥ ७ ॥**

**किं नु भोः ! अद्य मिथिलायां, कोलाहलकसंकुला ।**
**श्रूयन्ते दारुणाः शब्दाः, प्रासादेषु गृहेषु च ॥ ७ ॥**

**અર્થ** – હે રાજર્ષિ ! આજે મિથિલા નગરીમાં ઘણા કકળાટથી વ્યાપ્ત, હૃદયના ઉદ્વેગને કરનારા વિલાપ વિ. શબ્દો, રાજમહેલો, હવેલીઓ વિ. માં સઘળે ઠેકાણે કેમ સંભળાઈ રહ્યા છે ? (૭-૨૩૩)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमी रायरिसिं, देविंदं इणमब्बवी ॥ ८ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमी राजर्षिः, देवेन्द्रमिदमब्रवीत् ॥ ८ ॥**

**અર્થ** – કોલાહલ વિ. થી વ્યાપ્ત શબ્દો સંભળાય છે, - એ વાક્યથી સૂચિત હેતુ અને કારણથી અભિનિષ્ક્રમણના નિષેધ માટે પ્રેરણાને પામેલ નમિરાજર્ષિ, આ પ્રમાણે ઇન્દ્રને જવાબ રૂપે કહેવા લાગ્યા. (૮-૨૩૪)

**मिहिलाए चेइए वच्छे, सीयच्छाए मणोरमे ।**
**पत्तपुप्फफलोवेए, बहूणं बहुगुणे सया ॥ ९ ॥**

**मिथिलायां चैत्ये वृक्षः, शीतच्छायः मनोरमः ।**
**पत्रपुष्पफलोपेतः, बहूनां बहुगुणः सदा ॥ ९ ॥**

**અર્થ** – મિથિલાનગરીના ઉદ્યાનમાં શીતલ છાયાવાળું, પાંદડાં-ફૂલ-ફળવાળું, મનોરમ નામનું અને ફલ વિ. થી પક્ષી વિ. ને સદા અત્યંત ઉપકારક વૃક્ષ છે. (૯-૨૩૫)

**वाएण हीरमाणम्मि, चेइअम्मि मणोरमे ।**
**दुहिआ असरणा अत्ता, एए कंदंति भो ! खगा ॥ १० ॥**

**वातेन ह्रीयमाणे, चैत्ये मनोरमे ।**
**दुःखिता अशरणा आर्त्ता, एते क्रन्दन्ति भोः ! खगाः ॥ १० ॥**

**અર્થ** – હે બ્રાહ્મણ ! ઉદ્યાનમાં રહેલ મનોરમ વૃક્ષ પ્રચંડ આંધીના ઝપાટાથી પડી જવાથી, દુઃખવાળા, રક્ષણ વગરના અને પીડિત થયેલા આ પક્ષીઓ કરૂણ ક્રંદન કરે છે, અર્થાત્ આ તમામ લોકો સ્વાર્થ જવાથી રડે છે. તેમાં મારૂં અભિનિષ્ક્રમણ હેતુ-કારણ નથી. (૧૦-૨૩૬)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ॥ ११ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमिं राजर्षिं, देवेन्द्र इदमब्रवीत् ॥ ११ ॥**

**અર્થ** – આ પ્રકારનો સ્પષ્ટ જવાબ સાંભળી, પૂર્વોક્ત હેતુ-કારણના ખંડન કરનાર જવાબથી પ્રેરણાને પામેલ દેવેન્દ્ર ફરીથી નમિરાજર્ષિને પૂછે છે. (૧૧-૨૩૭)

**एस अग्गी अ वाऊ अ, एअं डज्झइ मंदिरं ।**
**भयवं अंतेउरं तेणं, किस णं नावपेक्खह ॥ १२ ॥**

**एष अग्निश्च वायुश्च, एतद् दह्यते मन्दिरम् ।**
**भगवन् ! अन्तःपुरं तेन, कस्मात् खलु नावप्रेक्षसे ॥ १२ ॥**

**અર્થ –** હે ભગવન્ ! આ અગ્નિ અને વાયુ છે. આ આપણો રાજમહેલ બળી રહ્યો છે અને તેથી અંતઃપુર બળી રહ્યું છે, છતાં આ બધા સામે આપ કેમ જોતાં નથી ? (૧૨-૨૩૮)

**एअमट्ठं निसामित्ता हेउकारणचोइओ ।**
**तओ नमी रायरिसिं, देविंदं इणमब्बवी ॥ १३ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमी राजर्षिः, देवेन्द्रं इदमब्रवीत् ॥ १३ ॥**

**અર્થ –** આ વિષયને સાંભળી, હેતુ-કારણના પ્રદર્શનપૂર્વક પૂછાયેલ નમિરાજર્ષિ દેવેન્દ્રને હવે કહેવાતો જવાબ આપે છે. (૧૩-૨૩૯)

**सुहं वसामो जीवामो, जेसिं मो नत्थि किंचणं ।**
**मिहिलाए डज्झमाणीए, न मे डज्झइ किंचणं ॥ १४ ॥**

**सुखं वसामो जीवामः, येषां वयं नास्ति किंचन ।**
**मिथिलायां दह्यमानायां, न मे दह्यते किंचन ॥ १४ ॥**

**અર્થ –** હે ઇન્દ્ર ! અમે સુખે રહીએ છીએ અને જીવીએ છીએ. કોઈ પરવસ્તુ જરા પણ મારી નથી. 'હું પોતે મારો છું, મારૂં કાંઈ નથી.' અર્થાત્ અંતઃપુર વિ. મારૂં છે જ નહિ, કે જેથી રક્ષણયોગ્ય બને ! એથી જ મિથિલા નગરી બળવા છતાં એમાંનું જરા પણ મારૂં બળતું નથી. (૧૪-૨૪૦)

**चत्तपुत्तकलत्तस्स, निव्वावारस्स भिक्खूणो ।**
**पिअं ण विज्जई किंचि, अप्पिअं पि ण विज्जई ॥ १५ ॥**

**त्यक्तपुत्रकलत्रस्य, निर्व्यापारस्य भिक्षोः ।**
**प्रियं न विद्यते किंचित् अप्रियमपि न विद्यते ॥ १५ ॥**

**અર્થ –** સ્ત્રી, પુત્ર, વિ. ના ત્યાગ કરનાર, પાપવ્યાપાર માત્રના પરિહારી ભિક્ષુને કોઈ ચીજ પ્રિય કે અપ્રિય હોતી નથી, સકલ વસ્તુમાં સમભાવ હોય છે. (૧૫-૨૪૧)

**बहुं खु मुणिणो भद्दं, अणगारस्स भिक्खूणो ।**
**सव्वओ विप्पमुक्कस्स, एगंतमणुपस्सओ ॥ १६ ॥**

**बहु खलु मुनेर्भद्रं, अनगारस्य भिक्षोः ।**
**सर्वतो विप्रमुक्तस्य, एकान्तमनुपश्यतः ॥ १६ ॥**

**અર્થ** – બહાર અને અંદરના પરિગ્રહો વિ. વગરના, હું એકલો જ છું- એવા સિદ્ધાન્તને વળગી રહેનાર, તેમજ ઘર વગરના, નિર્દોષ આહાર કરનાર મુનિને ચોક્કસ અહીં ઘણું સુખ છે. (૧૬-૨૪૨)

**एअमट्ठं निसामित्ता हेउकारणचोइओ ।**
**तओ नमि रायरिसिं, देविंदो इणमब्बवी ॥ १७ ॥**

**एतमर्थं निशम्य हेतुकारणनोदितः ।**
**ततो नमिं राजर्षिं, देवेन्द्र इदमब्रवीत् ॥ १७ ॥**

**અર્થ** – આ પૂર્વોક્ત વાત સાંભળી, હેતુ-કારણની અસિદ્ધિ જ્યારે નમિ-રાજર્ષિએ પ્રગટ કરી, ત્યારે ઇન્દ્ર નમિરાજર્ષિને નીચે મુજબ કહે છે. (૧૭-૨૪૩)

**पागारं कारइत्ता णं, गोपुरट्टालगाणि अ ।**
**ओसूलगसयग्घीओ, तओ गच्छसि खत्तिया ॥ १८ ॥**

**प्राकारं कारयित्वा खलु, गोपुराट्टालकानि च ।**
**ओसूलकं शतघ्नीश्च, ततो गच्छ क्षत्रिय ! ॥ १८ ॥**

**અર્થ** – કિલ્લો, મુખ્ય દરવાજો, યુદ્ધ કરવાના સ્થાનો, ખાઈઓ, તોપો વિ. બનાવરાવી, વ્યવસ્થિત કરીને હે ક્ષત્રિય ! પછીથી જ જવું હોય તો જજો. (૧૮-૨૪૪)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमी रायरिसी, देविंदं इणमब्बवी ॥ १९ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमी राजर्षिः, देवेन्द्रमिदमब्रवीत् ॥ १९ ॥**

**અર્થ** – આ વાતને સાંભળી, હેતુ-કારણપૂર્વક ઇન્દ્રની પ્રેરણાને પામેલ નમિરાજર્ષિ નીચે મુજબ જવાબ આપે છે. (૧૯-૨૪૫)

**सद्धं च नगरं किच्चा, तव संवरमग्गलं ।**
**खंतिनिऊणपागारं, तिगुत्तं दुप्पधंसगं ॥ २० ॥**

**धणुं परक्कमं किच्चा, जीवं च ईरिअं सया ।**
**धिइं च केअणं किच्चा, सच्चेणं पलिमंथए ॥ २१ ॥ युग्मम्**

**श्रद्धां च नगरं कृत्वा, तपः संवरमर्गलाम् ।**
**क्षान्तिनिपुणप्राकारं, त्रिगुप्तं दुष्प्रधर्षकम् ॥ २० ॥**

**धनुः पराक्रमं कृत्वा, जीवां च ईर्यां सदा ।**
**धृतिं च केतनं कृत्वा, सत्येनपरिबध्नीयात् ॥ २१ ॥ युग्मम् ॥**

**અર્થ –** તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધાને નગર અને પ્રશમ વિ. ને મુખ્ય દરવાજો તથા આશ્રવનિરોધરૂપ સંવરને સાંકળો કમાડ, ક્ષમારૂપ સમર્થ કિલ્લાને અને તેમાં મનગુપ્તિ વિ. ત્રણ ગુપ્તિરૂપ અટ્ટાલક-ખાઈઓ-તોપો બનાવી, જીવના વીર્યોલ્લાસરૂપ પરાક્રમ નામનું ધનુષ્ય, અને એમાં ઈર્યાસમિતિ વિ. સમિતિરૂપ દોરી તથા ધૈર્ય નામની ધનુષ્યના મધ્યમાં લાકડાની મૂઠ બનાવીને, તેને સત્યરૂપ દોરાથી બાંધવી જોઈએ. (૨૦+૨૧, ૨૪૬+૨૪૭)

**तवनारायजुत्तेणं, भित्तूणं कम्मकंचुअं ।**
**मुणी विगयसंगामो, भवाओ परिमुच्चई ॥ २२ ॥**

**तपोनाराचयुक्तेन, भित्त्वा कर्मकञ्चुकम् ।**
**मुनिर्विगतसंग्रामो, भवात् परिमुच्यते ॥ २२ ॥**

**અર્થ –** તપના બાણથી યુક્ત પરાક્રમરૂપી ધનુષ્ય વડે કર્મના કંચુક (બખ્તર)ને ભેદી, મુનિ સંગ્રામવિજેતા બની સંસારથી મુક્ત બને છે. (૨૨-૨૪૮)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमीं रायरिसीं, देविंदो इणमब्बवी ॥ २३ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमिं राजर्षिं, देवेन्द्र इदमब्रवीत् ॥ २३ ॥**

**અર્થ –** આ પૂર્વોક્ત કથન સાંભળી, હેતુ કારણની અસિદ્ધિથી પ્રેરિત થયેલ દેવેન્દ્ર, નમિરાજર્ષિને નીચેનો વિષય પૂછે છે. (૨૩-૨૪૯)

**पासाए कारइत्ताणं, वद्धमाणगिहाणिअ ।**
**बालग्गपोइआओ अ, तओ गच्छसि खत्तिआ ! ॥ २४ ॥**

**प्रासादान् कारयित्वा खलु, वर्धमानगृहाणि च ।**
**बालाग्रपोतिकाश्च, ततो गच्छ क्षत्रिय ! ॥ २४ ॥**

**અર્થ –** પ્રાસાદોને અને વાસ્તુશાસ્ત્ર મુજબ વર્ધમાન ગૃહોને તથા સમસ્ત વિશિષ્ટ રચનાવાળા ઘરોને બનાવરાવી, હે ક્ષત્રિય ! પછીથી નિષ્ક્રમણ કરજો. (૨૪-૨૫૦)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमीं रायरिसीं, देविंदं इणमब्बवी ॥ २५ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमी राजर्षिः, देवेन्द्रं इदमब्रवीत् ॥ २५ ॥**

**અર્થ** – આ પ્રમાણે ઇન્દ્રે કહેલ સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ નમિરાજર્ષિ, ઇન્દ્રને નીચે જણાવેલ જવાબ આપે છે. (૨૫-૨૫૧)

**संसयं खलु सो कुणइ, जो मग्गे कुणई घरं ।**
**जत्थेव गंतुमिच्छिज्जा, तत्थ कुव्विज्ज सासयं ॥ २६ ॥**

**संशयं खलु स कुरूते, यो मार्गे कुरूते गृहम् ।**
**यत्रैव गन्तुमिच्छेत्, तत्र कुर्वीत स्वाश्रयम् ॥ २६ ॥**

**અર્થ** – ગમનના સંશયવાળો માર્ગમાં ઘર કરે છે. ગમનના નિશ્ચયવાળો તે નથી કરતો. જ્યાં જવાની ઇચ્છા હોય ત્યાં જ જઈ તે આશ્રય કરે છે. અમારે મુક્તિપદમાં જવાની ઇચ્છા છે, માટે દુન્યવી ઘર ન બનાવતાં મુક્તિધામરૂપ આશ્રય બનાવવા અમે પ્રવૃત્તિશીલ છીએ. (૨૬-૨૫૨)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमीं रायरिसीं, देविंदो इणमब्बवी ॥ २७ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमिं राजर्षिं, देवेन्द्र इदमब्रवीत् ॥ २७ ॥**

**અર્થ** – આ પ્રમાણે નમિરાજર્ષિએ કહેલ સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ દેવેન્દ્ર નીચે જણાવેલ બાબતને પૂછે છે. (૨૭-૨૫૩)

**आमोसे लोमहारे अ, गंठिभेए य तक्करे ।**
**नगरस्स खेमं काऊणं, तओ गच्छसि खत्तिया ॥ २८ ॥**

**आमोषान् लोमहारांश्च, ग्रन्थिभेदांश्च तस्करान् ।**
**नगरस्य क्षेमं कृत्वा, ततो गच्छ क्षत्रिय ॥ २८ ॥**

**અર્થ** – ધનવંતને મારીને કે માર્યા વગર ચોરી કરનારા ચોરોને, ખીસ્સાકાતરૂઓને અને હંમેશાં ચોરીનો ધંધો કરનારાઓને બહાર કાઢી મૂકીને, નગરનું ક્ષેમ કરીને, પછીથી તમો હે ક્ષત્રિય ! અભિનિષ્ક્રમણ કરજો, કેમ કે - આ તમારો રાજધર્મ છે. (૨૮-૨૫૪)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमी रायरिसी, देविंदं ईणमब्बवी ॥ २९ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमी राजर्षिः, देवेन्द्रं इदमब्रवीत् ॥ २९ ॥**

**અર્થ** – આ પ્રમાણે દેવેન્દ્રે કહેલ સાંભળી, હેતુકારણથી પ્રેરિત થયેલ નમિરાજર્ષિ નીચે દર્શાવેલ જવાબ આપે છે. (૨૯-૨૫૫)

**असइं तु मणुस्सेहिं, मिच्छादंडो पजुज्जए ।**
**अकारिणोत्थ बज्झंति मुच्चई कारओ जणो ॥ ३० ॥**

**असकृत् तु मनुष्यैः, मिथ्यादण्डः प्रयुज्यते ।**
**अकारिणोऽत्र बध्यन्ते, मुच्यते कारको जनः ॥ ३० ॥**

**અર્થ** – અનેક વાર જે અપરાધ વગરના હોય તેઓના ઉપર પણ અજ્ઞાન વિ. થી મનુષ્ય દંડ કરે છે. એથી આ લોકમાં ચોરી વિ. નહિ કરનારાઓ બેડી વિ. થી જકડાય છે અને ચોરી વિ. કરનારાઓ છૂટી જાય છે. આ જ્ઞાનની અશક્યતાને લીધે અપરાધીને દંડ નહિ અને નિરપરાધીને દંડ કરનાર રાજા, રાજધર્મવાળો અને નગરનું કુશળ કરનારો કેવી રીતે કહેવાય ? (૩૦-૨૫૬)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ॥ ३१ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमिं राजर्षिं, देवेन्द्र इदमब्रवीत् ॥ ३१ ॥**

**અર્થ** – આ વાતને સાંભળી, હેતુ-કારણથી પ્રેરિત થયેલ શક્રેન્દ્ર, રાગની પરીક્ષા કર્યા બાદ દ્વેષના અભાવની પરીક્ષા માટે નીચે મુજબ નમિરાજર્ષિને પૂછે છે. (૩૧-૨૫૭)

**जे केइ पत्थिवा तुब्भं न नमंति नराहिवा !**
**वसे ते ठावइत्ता णं, तओ गच्छसि खत्तिआ ! ॥ ३२ ॥**

**ये केचित् पार्थिवास्तुभ्यं, नानमन्ति नराधिप ! ।**
**वसे तान् स्थापयित्वा खलु, ततो गच्छ क्षत्रिय ॥ ३२ ॥**

**અર્થ** – જે કેટલાક રાજાઓ નમતા નથી તેઓને વશ કરીને, પછી હે ક્ષત્રિય ! તમે જજો. અર્થાત્ જે સમર્થ રાજા હોય છે તે નહીં નમતા રાજાઓને નમાવે છે. આપ તો સમર્થ છો. (૩૨-૨૫૮)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमी रायरिसि, देविंदं इणमब्बवी ॥ ३३ ॥**

**एतमर्थं निशम्यं, हेतुकारणनोदितः ।**
**ततो नमी राजर्षिः, देवेन्द्रं इदमब्रवीत् ॥ ३३ ॥**

**અર્થ** – આ પૂર્વોક્ત અર્થને સાંભળી, હેતુકારણથી પ્રેરિત થયેલ નમિ રાજર્ષિ દેવેન્દ્રને નીચે દર્શાવેલ કહે છે. (૩૩-૨૫૯)

**जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिणे ।**
**एगं जिणिज्ज अप्पाणं, एस से परमो जओ ॥ ३४ ॥**

**ये सहस्रं सहस्राणं, संग्रामे दुर्जय जयेत् ।**
**एकं जयेदात्मानं, एष तस्य परमो जयः ॥ ३४ ॥**

**અર્થ** – જે દુર્જય સંગ્રામમાં દશ લાખ સુભટોને જીતે છે, તે જો વિષય-કષાયમાં પ્રવૃત્ત અતિ દુર્જેય એવા એક આત્માને જીતે, તો તે વિજેતાનો દશ લાખ સુભટોના વિજય કરતાં પરમ વિજય છે. (૩૪-૨૬૦)

**अप्पणामेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ।**
**अप्पणामेवमप्पाणं, जइत्ता सुहमेहए ॥ ३५ ॥**

**आत्मनैव युध्यस्व, किं ते युद्धेन बाह्यतः ।**
**आत्मनैव आत्मानं, जित्वा सुखमेधते ॥ ३५ ॥**

**અર્થ** – હે આત્મન્ ! અનાચારપ્રવૃત્ત આત્માની સાથે જ યુદ્ધ કર ! બાહ્ય રાજાઓની સાથે લડવાથી તને શો લાભ છે? આ પ્રમાણે અનાચારપ્રવૃત્ત આત્માને જીતી લેવાથી મુક્તિસુખરૂપ ઐકાન્તિક સુખને મુનિ પામે છે. (૩૫-૨૬૧)

**पंचिंदिआणि कोहं, माणं मायं तहेव लोभं च ।**
**दुज्जयं चेव अप्पणं, सव्वमप्पे जिए जियं ॥ ३६ ॥**

**पञ्चेन्द्रियाणि क्रोधः, मानो माया तथैव लोभश्च ।**
**दुर्जयश्चैव आत्मा, सर्वमात्मनि जिते जितम् ॥ ३६ ॥**

**અર્થ** – પાંચ ઇન્દ્રિયો, ક્રોધ-માન-માયા-લોભ, દુર્જય મન, મિથ્યાત્વ વિ. સઘળુંય, જો આત્મા એક જીતાય તો સર્વ જીતાયેલું જ છે. વાસ્તેજ હું બાહ્ય શત્રુઓની ઉપેક્ષા કરીને આત્માના જ જયમાં પ્રવૃત્તિશીલ છું. (૩૬-૨૬૨)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ॥ ३७ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमिं राजर्षिं, देवेन्द्रः इदमब्रवीत् ॥ ३७ ॥**

**અર્થ** – આ પૂર્વોક્ત વાત સાંભળી, હેતુકારણથી પ્રેરિત થયેલ ઇન્દ્ર, નમિરાજર્ષિના રાગ અને દ્વેષના અભાવનો નિશ્ચય કરી, જિનધર્મની સ્થિરતાની પરીક્ષા માટે નીચે મુજબ નમિરાજર્ષિને પૂછે છે. (૩૭-૨૬૩)

जइत्ता विउले जन्ने, भोइत्ता समणमाहणे ।
दच्चा भुच्चा य जिट्ठा य, तओ गच्छसि खत्तिया ॥ ३८ ॥

याजयित्वा विपुलान् यज्ञान्, भोजयित्वा श्रमणब्राह्मणान् ।
दत्त्वा भुक्त्वा च इष्ट्वा च, ततो गच्छ क्षत्रिय ॥ ३८ ॥

**अर्थ –** હે ક્ષત્રિય ! મોટા યજ્ઞો કરાવી. શાક્ય વિ. શ્રમણો બ્રાહ્મણોને જમાડી, બ્રાહ્મણ વિ. ને દક્ષિણામાં ગાય વિ. નું દાન આપી, મનોહર શબ્દ વિ. ને ભોગવી અને સ્વયં યજ્ઞો કરી, પછી આપ દીક્ષા લેજો. (૩૮-૨૬૪)

एयमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।
तओ नमी रायरिसि, देविंदं इणमब्बवी ॥ ३९ ॥

एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।
ततो नमी राजर्षिः, देवेन्द्रं इदमब्रवीत् ॥ ३९ ॥

**अर्थ –** આ પૂર્વોક્ત વિષય સાંભળી, હેતુકારણથી પ્રેરિત થયેલ નમિરાજર્ષિ દેવેન્દ્રને નીચે મુજબ જવાબ આપે છે. (૩૯-૨૬૫)

जो सहस्सं सहस्साणं, मासे मासे गवं दए ।
तस्सावि संजमो सेओ, अदिंतस्सवि किंचणं ॥ ४० ॥

यः सहस्रं सहस्राणां, मासे मासे गवां दद्यात् ।
तस्यापि संयमः श्रेयाम्, अददतोऽपि किंचन ॥ ४० ॥

**अर्थ –** જે કોઈ દર મહિને દશ લાખ ગાયોનું દાન કરે છે તો પણ, તેના કરતાં કાંઈ પણ નહીં આપવા છતાં હિંસા વિ. પાપોના પરિહારરૂપ સંયમ. અત્યંત પ્રશસ્ય સર્વશ્રેષ્ઠ છે. (૪૦-૨૬૬)

एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।
तओ नमिं रायरिसिं देविंदो इणमब्बवी ॥ ४१ ॥

एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।
ततो नमिं राजर्षिं, देवेन्द्रः इदमब्रवीत् ॥ ४१ ॥

**अर्थ –** આ પૂર્વોક્ત બીના સાંભળી, હેતુકારણથી પ્રેરિત થયેલ જૈનધર્મની દઢતાનો નિશ્ચય કરી; વ્રતની દઢતાની પરીક્ષા માટે ઇન્દ્ર નમિરાજર્ષિને હવે નીચેની બાબત પૂછે છે. (૪૧-૨૬૭)

घोरासमं चइत्ताणं, अन्नं पत्थेसि आसमं ।
इहेव पोसहरओ, भवाहि मणुयाहिवा ! ॥ ४२ ॥

घोराश्रमं त्यक्त्वा खलु, अन्यं प्रार्थयसि आश्रमम् ।
इहैव पौषधरतः भव मनुजाधिप ! ॥ ४२ ॥

**અર્થ** – અત્યંત દુષ્કર હોઈ ઘોર આશ્રમ ગૃહસ્થાશ્રમને છોડી; દીક્ષારૂપી બીજા આશ્રમની શા માટે ઈચ્છા રાખો છો ? હે રાજન્ ! અહીં જ ગૃહસ્થાશ્રમમાં રહી અષ્ટમી વિ. તિથિઓમાં પૌષધવ્રતધારી બનો ! (૪૨-૨૬૮)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमी रायरिसि, देविंदं इणमब्बवी ॥ ४३ ॥**

एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।
ततो नमि राजर्षिः, देवेन्द्रं इदमब्रवीत् ॥ ४३ ॥

**અર્થ** – આ પૂર્વોક્ત વાત સાંભળી, હેતુકારણથી પ્રેરિત થયેલ નમિરાજર્ષિ ઇન્દ્રને નીચે મુજબ જવાબ આપે છે. (૪૩-૨૬૯)

**मासे मासे उ जो बालो, कुसग्गेणं तु भुंजए ।**
**न सो सुअक्खायधम्मस्स, कलं अग्घइ सोलसिं ॥ ४४ ॥**

मासे मासे तु यो बालः, कुशाग्रेण तु भुङ्क्ते ।
न स स्वाख्यातधर्मस्य, कलामर्हति षोडशीम् ॥ ४४ ॥

**અર્થ** – જે કોઈ અવિવેકી એક એક માસમાં દાભના અગ્રભાગ જેટલો આહાર કરે છે તેવા પ્રકારનો ઘોર તપસ્વી, તીર્થંકરપ્રણીત સર્વસાવદ્યત્યાગરૂપ મુનિધર્મના સોલમા ભાગ સરખો પણ ન થાય ! જેથી પ્રભુએ મુખ્યતયા મુનિધર્મ કહેલ છે, નહિ કે ગૃહસ્થાશ્રમ ! તેથી દીક્ષારૂપ આશ્રમ શ્રેયસ્કર છે. (૪૪-૨૭૦)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमि रायरिसिं, देविंदो इणमब्बवी ॥ ४५ ॥**

एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।
ततो नमिं राजर्षिं, देवेन्द्रः इदमब्रवीत् ॥ ४५ ॥

**અર્થ** – આ પૂર્વોક્ત જવાબ સાંભળી, હેતુકારણથી પ્રેરિત બનેલ ઇન્દ્ર નીરાગતાની પરીક્ષા માટે નમિરાજર્ષિને નીચેની બાબત પૂછે છે. (૪૫-૨૭૧)

**हिरण्णं सुवण्णं मणिमोत्तं, कंसं दूसं च वाहणं ।**
**कोसं व वड्ढावइत्ताणं, तओ गच्छसि खत्तिआ ॥ ४६ ॥**

हिरण्यं सुवर्णं मणिमुक्तं, कांस्यं दुष्यं च वाहनम् ।
कोषं च वर्धयित्वा खलु, ततो गच्छ क्षत्रिय ! ॥ ४६ ॥

**અર્થ** – હે ક્ષત્રિય ! ઘડેલું, નહીં ઘડેલું સોનું, ઇન્દ્રનીલ વિ. મણિઓ, મોતીઓ, કાંસાના વાસણો વિ., દૂષ્ય વસ્ત્ર વિ. વસ્ત્રો, રથ વિ. વાહનો અને ભંડાર વિ. સઘળાયને વધારીને પછી જજો ! (૪૬-૨૭૨)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमी रायरिसी, देविंदं इणमब्बवी ॥ ४७ ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमि राजर्षिः, देवेन्द्रं इदमब्रवीत् ॥ ४७ ॥**

**અર્થ** – આ પૂર્વોક્ત બાબત સાંભળી, હેતુકારણથી પ્રેરિત થયેલ નમિરાજર્ષિ શક્રેન્દ્રને નીચે જણાવેલ જવાબ આપે છે. (૪૭-૨૭૩)

**सुवण्णरूप्पस्स उ पव्वया भवे, सिआ हु केलाससमा असंखया ।**
**नरस्स लुद्धस्स न तेहि किंचि, इच्छा हु आगाससमा अणंतिआ ॥ ४८ ॥**

**सुवर्णरूप्यस्य तु पर्वता भवेयुः, स्यात् हु कैलाससमा असंख्यकाः ।**
**नरस्य लुब्धस्य न तैः किंचित्, इच्छा हु आकाशसमा अनन्तिका ॥ ४८ ॥**

**અર્થ** – સોના રૂપાના મેરૂપર્વત જેવડા અસંખ્યાતા પર્વતો કદાચ મળી જાય, તો પણ તૃષ્ણાતુર મનુષ્યને થોડો પણ સંતોષ થતો નથી; કારણ કે ઇચ્છા આકાશ જેટલી અનંત છે. (૪૮-૨૭૪)

**पुढवी साली जवा चेव, हिरण्णं पसुभिस्सह ।**
**पडिपुण्णं नालमेगस्स, इइ विज्जा तवं चरे ॥ ४९ ॥**

**पृथ्वी शालयः यवाश्चैव, हिरण्यं पशुभिः सह ।**
**प्रतिपूर्णं नालमेकस्य, इति विदित्वा तपश्चरेत् ॥ ४९ ॥**

**અર્થ** – ભૂમિ, લાલ ડાંગર વિ. ડાંગરની જાતિ, જવ વિ. ધાન્ય, સોનું વિ. અને ગાય વિ. પશુધનની સાથે સઘળુંય એક જંતુને ઇચ્છાપૂર્તિ માટે સદા શક્તિમાન થતું નથી. આ પ્રમાણે જાણીને અનશન વિ. બાર પ્રકારના તપનું આચરણ કરવું જોઈએ. (૪૯-૨૭૫)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमिं रायरिसिं, देविंदो इणमब्बवी ॥ ५० ॥**

**एतमर्थं निशम्य, हेतुकारणनोदितः ।**
**ततो नमिं राजर्षिं, देवेन्द्रः इदमब्रवीत् ॥ ५० ॥**

**અર્થ** – આ પૂર્વોક્ત જવાબ સાંભળી, હેતુકારણથી પ્રેરિત થયેલ દેવેન્દ્ર નમિરાજર્ષિને નીચે જણાવેલ વિષય પૂછે છે. (૫૦-૨૭૬)

**अच्छेरगमब्भुदए, भोए चयसि पत्थिवा ।**
**असंते कामे पत्थेसि, संकप्पेण विहन्नसि ! ॥ ५१ ॥**

**आश्चर्यमद्भुतकान् भोगान् त्यजसि पार्थिव ! ।**
**असतः कामन् प्रार्थयसि, संकल्पेन विहन्यसे ॥ ५१ ॥**

**अर्थ –** આશ્ચર્યની વાત છે કે હે રાજન્ ! આપ વિદ્યમાન આશ્ચર્યરૂપ ભોગોને છોડી અવિદ્યમાન સ્વર્ગ વિ. ના કામભોગોને ચાહો છો ! અપ્રાપ્ત ભોગોના સંકલ્પઅનંત ઇચ્છાથી હત પ્રહત બની રહ્યા છો, આપ વિવેકી હોવાથી પ્રાપ્ત ભોગોને અપ્રાપ્ત ભોગોની ઇચ્છાથી ન છોડો ! (૫૧-૨૭૭)

**एअमट्ठं निसामित्ता, हेउकारणचोइओ ।**
**तओ नमी रायरिसी, देविंदं इणमब्बवी ॥ ५२ ॥**

**एतमर्थं निशम्य, हतुकारणनोदितः ।**
**ततो नमि राजर्षिः, देवेन्द्रं इदमब्रवीत् ॥ ५२ ॥**

**अर्थ –** આ પૂર્વોક્ત બીના સાંભળી, હેતુકારણથી પ્રેરિત બનેલ નમિરાજર્ષિ, દેવેન્દ્રને નીચે જણાવેલ જવાબ આપે છે. (૫૨-૨૭૮)

**सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।**
**कामे पत्थयमाणा य, अकामा जंति दुग्गइं ॥ ५३ ॥**

**शल्यं कामा विषं कामाः, कामा आशीविषोपमाः ।**
**कामान् प्रार्थयमानाश्च, अकामा यान्ति दुर्गतिम् ॥ ५३ ॥**

**अर्थ –** પ્રતિક્ષણ પીડાકારી એવા શબ્દ વિ. કામો શલ્ય જેવા છે, તેમજ (ધર્મ) જીવનનાશકની અપેક્ષાએ ઝેર અને સાપ જેવા છે. કામભોગોની ચાહના કરનાર જીવો ભોગો નહિ મળવા કે ભોગવવા છતાં કામનાથી જ પરભવમાં નરક વિ. દુર્ગતિમાં જાય છે. (૫૩-૨૭૯)

**अहे वयइ कोहेणं, माणेणं अहमा गई ।**
**माया गइ पडिग्घाओ, लोहाओ दुहओ भयं ॥ ५४ ॥**

**अधो व्रजति क्रोधेन, मानेन अधमा गतिः ।**
**मायया गतिप्रतिघातो, लोभादुभयतो भयम् ॥ ५४ ॥**

**अर्थ –** ક્રોધથી નરકગતિ, માનથી નીચગતિ, માયાથી સુગતિનો નાશ અને લોભથી આલોક-પરલોકનો ભય થાય છે. અર્થાત્ કામભોગોની કામનાથી ક્રોધ વિ. થાય છે, તો તેથી દુર્ગતિ કેમ નહીં ? (૫૪-૨૮૦)

**अवउज्झिऊण माहणरूवं, विउरुव्विऊण इंदत्तं ।**
**वंदइ अभित्थुणंतो, इमाहिं महुराहिं वग्गूहिं ॥ ५५ ॥**

**अपोह्य ब्राह्मणरूपं, विकृत्य इन्द्रत्वम् ।**
**वन्दते अभिष्टुवन्, इमाभिर्मधुराभिः वाग्भिः ॥ ५५ ॥**

**अर्थ –** હવે દેવેન્દ્ર, બ્રાહ્મણરૂપને છોડી; ઇન્દ્રરૂપ બનાવી, આ નીચે કહેવાતી મનોહર વાણીથી સ્તુતિ કરતો નમસ્કાર કરે છે. (૫૫-૨૮૧)

**अहो ते निज्जिओ कोहो, अहो ते माणो पराजिओ ।**
**अहो ते निरक्किया माया, अहो ! ते लोहो वसीकओ ॥ ५६ ॥**

**अहो ! त्वया निर्जितः क्रोधः, अहो ते मानः पराजितः ।**
**अहो ते निराकृता माया, अहो ते लोभो वशीकृतः ॥ ५६ ॥**

**अर्थ –** આશ્ચર્ય છે કે તમે ક્રોધને જીતી લીધો, માનને હરાવી દીધો, માયાનું નિરાકરણ કર્યું અન લોભ પોતાને આધીન કર્યો છે. (૫૬-૨૮૨)

**अहो ! ते अज्जवं साहु, अहो ते साहु मद्दवं ।**
**अहो ते उत्तमा खंती, अहो ते मुत्ति उत्तमा ॥ ५७ ॥**

**अहो ! ते आर्जवं साधु, अहो ! ते साधु मार्दवम् ।**
**अहो ! ते उत्तमा क्षान्तिः, अहो ! ते मुक्तिरूत्तमा ॥ ५७ ॥**

**अर्थ –** અહો, કેવી સરસ આપની સરલતા છે ! અહો, આપની નમ્રતા અપૂર્વ છે ! અહો, આપની ક્ષમા અલૌકિક છે ! અહો, આપનો સંતોષ અસાધારણ છે ! (૫૭-૨૮૩)

**इहंऽसि उत्तमो भंते !, पेच्चा होहिसी उत्तमो ।**
**लोगुत्तमुत्तमं ठाणं, सिद्धिं गच्छसि नीरओ ॥ ५८ ॥**

**इह असि उत्तमो भदन्त !, पश्चात् भविष्यसि उत्तमः ।**
**लोकोत्तमोत्तमं स्थानं, सिद्धिं गच्छसि नीरजाः ॥ ५८ ॥**

**अर्थ –** હે પૂજ્ય ! આપ ઉત્તમ ગુણસંપન્ન હોઈ આ લોકમાં ઉત્તમ છો અને પરલોકમાં ઉત્તમ બનશો. અહીં કર્મરહિત બનીને લોકના ઉત્તમોત્તમ સ્થાનરૂપ મુક્તિમાં જશો. (૫૮-૨૮૪)

**एवं अभित्थुणंतो, रायरिसिं उत्तमाइ सद्धाए ।**
**पयाहिणं कुणंतो, पुणो पुणो वंदए सक्को ॥ ५९ ॥**

एवमभिष्टुवन्, राजर्षिं उत्तमया श्रद्धया ।
प्रदक्षिणां कुर्वन्, पुनः पुनर्वन्दते शक्रः ॥ ५९ ॥

**અર્થ** – આ પ્રમાણે પૂર્વોક્ત સ્તુતિ કરતો શક્રેન્દ્ર, નમિ રાજર્ષિને ઉત્તમ શ્રદ્ધાથી પ્રદક્ષિણા દેતો વારંવાર પ્રણામ કરે છે. (૫૯-૨૮૫)

**तो वंदिऊण पाए, चक्क-कुस-लखणे मुणिवरस्स ।**
**आगासेणुप्पइओ, ललिअचवलकुंडलकिरीडी ॥ ६० ॥**

ततो वन्दित्वा पादौ, चक्राङ्कुशलक्षणौ मुनिवरस्य ।
आकाशेनोत्पतितः, ललितचपलकुण्डलकिरीटी ॥ ६० ॥

**અર્થ** – ત્યારબાદ નમિરાજર્ષિ-મુનિવરના ચક્ર-અંકુશના લક્ષણવંતા ચરણોમાં વંદના કરીને, વિલાસવાળા હોવાથી લલિત તથા ચંચલ હોવાથી ચપલ કુંડલવાળો અને મુકુટધારી ઇન્દ્ર, આકાશમાર્ગે-દેવલોક ભણી રવાના થઈ ગયા. (૬૦-૨૮૬)

**नमी नमेइ अप्पाणं, सक्खं सक्केण चोइओ ।**
**चइऊण गेहं वइदेही, सामन्ने पज्जुवट्ठिओ ॥ ६१ ॥**

नमिर्नमयति आत्मानं, साक्षात् शक्रेण नोदितः ।
त्यक्त्वा गेहं विदेही, श्रामण्ये पर्युपस्थितः ॥ ६१ ॥

**અર્થ** – નમિરાજર્ષિની પ્રત્યક્ષ થઈને ઇન્દ્રે સ્તુતિ કરવા છતાં, વિદેહદેશના અધિશ્વર નમિરાજર્ષિ, ગર્વિત નહિ બનતાં આત્માને સ્વ-સ્વરૂપ પ્રતિ નમાવનાર બને છે. તેઓ રાજધાનીનો ત્યાગ કરી સંયમની સાધનામાં ઉજમાળ થયા, પરંતુ ઇન્દ્રની પ્રેરણાથી ધર્મથી ખસ્યા નહીં. (૬૧-૨૮૭)

**एवं करिंति संबुद्धा, पंडिआ पविअक्खणा ।**
**विणिअट्टंति भोगेसु, जहा से नमी रायरिसी त्तिबेमि ॥ ६२ ॥**

एवं कुर्वन्ति संबुद्धाः, पण्डिताः प्रविचक्षणाः ।
विनिवर्तन्ते भोगेषु, यथा स नमी राजर्षिः इति ब्रवीमि ॥ ६२ ॥

**અર્થ** – આ પ્રમાણે જેમ નમિરાજર્ષિ, સ્વધર્મમાં નિશ્ચલતાવાળા થયા, તેમ તત્ત્વજ્ઞાની, ગીતાર્થ, અભ્યાસના અતિશયથી ક્રિયામાં નિષ્ણાત બીજા મુનિઓ પણ ભોગોથી વિરામ પામનારા થાય છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૬૨-૨૮૮)

**॥ નવમું શ્રી નમિપ્રવ્રજ્યાધ્યયન સંપૂર્ણ ॥**

# શ્રી દ્રુમપત્રકાધ્યયન-૧૦

**दुमपत्तए पंडुरए जहा, निवडइ राइगणाणं अच्चए।**
**एवं मणुयाण जीविअं, समयं गोयम ! मा पमायए ॥ १ ॥**

**द्रुमपत्रकं पाण्डुरकं यथा निपतति रात्रिगणानामत्यये।**
**एवं मनुजानां जीवितं, समयं गौतम ! मा प्रमादयेः ॥ १ ॥**

**અર્થ** – જેમ વૃક્ષનું પાન, શ્વેતવર્ણી-પરિપક્વ બની વૃક્ષ ઉપરથી તૂટીને નીચે ખરી પડે છે, તેમ રાત્રિ-દિવસોના સમૂહો વ્યતીત થતાં, સ્થિતિ ખલાસ થતાં કે અધ્યવસાય વિ. થી કરાયેલ ઉપક્રમથી મનુષ્યોનું જીવન (જોબન) નાટક સમાપ્ત થાય છે. માટે હે ગૌતમ ! ધર્મસાધનમાં એક સમયનો પ્રમાદ પણ અકરણીય છે. (૧-૨૮૯)

**कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए।**
**एवं मणुआण जीवियं, समयं गोयम ! मा पमायए ॥ २ ॥**

**कुशाग्रे यथा अवस्यायबिन्दुकः, स्तोकं तिष्ठति लम्बमानकः।**
**एवं मनुजानां जीवितं, समयं गौतम ! मा प्रमादयेः ॥ २ ॥**

**અર્થ** – જેમ દાભની અણી ઉપર પડેલું ઝાકળનું બિંદુ થોડા સમય સુધી રહે છે, તેમ મનુષ્યોનું આયુષ્ય અલ્પકાલીન છે. માટે હે ગૌતમ ! એક સમય પણ ધર્મસાધનામાં પ્રમાદ કરવો નહીં. (૨-૨૯૦)

**इइ इत्तरिअम्मि आउए, जीविअए बहुपच्चवायए।**
**विहुणाहि रयं पुरेकडं, समयं गोयम ! मा पमायए ॥ ३ ॥**

**इति इत्वरे आयुषि, जीवितके बहुप्रत्यपायके।**
**विधुनीहि रजः पुराकृतं, समयं गौतम ! मा प्रमादयेः ॥ ३ ॥**

**અર્થ** – આ પ્રમાણે વૃક્ષપત્રની જેમ કે જલબિંદુની જેમ ઘણા પ્રત્યપાયવાળું નિરૂપક્રમ કે સોપક્રમ મનુષ્યાયુષ્ય, અલ્પકાલીન-અનિત્ય જાણી પૂર્વકૃત કર્મરૂપી રજને દૂર કરવી જોઈએ. માટે હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કરશો. (૩-૨૯૧)

**दुल्लहे खलु माणुसे भवे, चिरकालेण वि सव्वपाणिणं ।**
**गाढा य विवाग कम्मुणो, समयं गोयम ! मा पमायए ॥ ४ ॥**

**दुर्लभः खलु मानुषो भवः, चिरकालेनापि सर्वप्राणिनाम् ।**
**गाढाश्च विपाकाः कर्मणां, समयं गौतम ! मा प्रमादयेः ॥ ४ ॥**

**અર્થ –** પુણ્યશૂન્ય સર્વ જીવોને લાંબા ગાળે પણ ફરીથી મનુષ્યજન્મ પામવો દુર્લભ છે, કેમ કે નરગતિ-વિઘાતક પ્રકૃતિરૂપ કર્મોના ઉદયોનો વિનાશ કરવો અશક્ય છે. તેથી હે ગૌતમ ! એક સમયના પ્રમાદને અવકાશ ન આપો ! (૪-૨૯૨)

**पुढवीक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखाईअं, समयं गोयम ! मा पमायए ॥ ५ ॥**

**आउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखाईयं, समयं गोयम ! मा पमायए ॥ ६ ॥**

**तेउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखाईअं, समयं गोयम ! मा पमायए ॥ ७ ॥**

**वाउक्कायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखाइअं, समयं गोयम ! मा पमायए ॥ ८ ॥ –चतुर्भिःकलापकम् ॥**

**पृथिवीकायमतिगतः, उत्कर्षतो जीवस्तु संवसेत् ।**
**कालं संख्यातीतं, समयं गौतम ! मा प्रमादयेः ॥ ५ ॥**

**अपकायमतिगतः, उत्कर्षतो जीवस्तु संवसेत् ।**
**कालं संख्यातीतं, समयं गौतम ! मा प्रमादयेः ॥ ६ ॥**

**तेजस्कायमतिगतः, उत्कर्षतो जीवस्तु संवसेत् ।**
**कालं संख्यातीतं, समयं गौतम ! मा प्रमादयेः ॥ ७ ॥**

**वायुकायमतिगतः, उत्कर्षतो जीवस्तु संवसेत् ।**
**कालं संख्यातीतं, समयं गौतम ! मा प्रमादयेः ॥ ८ ॥ –चतुर्भिःकलापकम् ॥**

**અર્થ –** પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય તેમજ વાયુકાયમાં ગયેલ જીવ, ઉત્કર્ષથી અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ કાલ પર્યંત રહે છે. આ ચારની આટલી ઉત્કૃષ્ટિ સ્વકાયસ્થિતિ છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરશો નહીં. (૫ થી ૮, ૨૯૩ થી ૨૯૬)

**वणस्सइकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालमणंतं दुरंतं, समयं गोयम ! मा पमायए ॥ ९ ॥**

**वनस्पतिकायमतिगतः, उत्कर्षतो जीवस्तु संवसेत् ।**
**कालमनन्तं दुरन्तं, समयं गौतम ! मा प्रमादयेः ॥ ९ ॥**

**અર્થ –** સાધારણ વનસ્પતિકાયમાં ગયેલ જીવ, અનંત ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ અનંતકાલ સુધી રહે છે. વળી આ અનંત દુરંત છે; તેમ જ આ જીવો અત્યંત અલ્પ ચૈતન્યવાળા હોઈ ત્યાંથી નીકળેલાને પણ પ્રાયઃ વિશિષ્ટ મનુષ્ય વિ. ભવ દુર્લભ થાય છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરવો નહીં. (૯-૨૯૭)

**बेइंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखिज्जसन्नियं, समयं गोयम ! मा पमायए ॥ १० ॥**

**तेइंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखिज्जसन्नियं, समयं गोयम ! मा पमायए ॥ ११ ॥**

**चउरिंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**कालं संखिज्जसन्नियं, समयं गोयम ! मा पमायए ॥ १२ ॥**
**-त्रिभिर्विशेषकम् ॥**

**द्वीन्द्रियकायमतिगतः, उत्कर्षतो जीवस्तु संवसेत् ।**
**कालं संख्येयसंज्ञितं, समयं गौतम ! मा प्रमादयेः ॥ १० ॥**

**त्रीन्द्रियकायमतिगतः, उत्कर्षतो जीवस्तु संवसेत् ।**
**कालं संख्येयसंज्ञितं, समयं गौतम ! मा प्रमादयेः ॥ ११ ॥**

**चतुरिन्द्रियकायमतिगतः, उत्कर्षतो जीवस्तु संवसेत् ।**
**कालं संख्येयसंज्ञितं, समयं गौतम ! मा प्रमादयेः ॥ १२ ॥ -त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ –** બે ઈન્દ્રિયવાળા (સ્પર્શન રસના), ત્રણ ઈન્દ્રિયવાળા (પહેલા બે, ઘ્રાણ) અને ચાર ઈન્દ્રિયવાળા (પહેલા ત્રણ, આંખ) કાયમાં ગયેલ જીવ, સંખ્યાત હજાર વર્ષરૂપ સંખ્યાતા કાલ સુધી ઉત્કર્ષથી રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનોય પ્રમાદ આવવા દેશો નહીં. (૧૦ થી ૧૨, ૨૯૮ થી ૩૦૦)

**पंचिंदियकायमइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**सत्तट्ठभवग्गहणे, समयं गोयम ! मा पमायए ॥ १३ ॥**

**पञ्चेन्द्रियकायमतिगतः, उत्कर्षतो जीवस्तु संवसेत् ।**
**सप्ताष्टभवग्रहणानि, समयं गौतम ! मा प्रमादयेः ॥ १३ ॥**

**અર્થ** – પાંચ ઇન્દ્રિયવાળા (ઉપરના ચાર, કર્ણ) તિર્યંચોની અને મનુષ્યોની કાયમાં ગયેલ જીવ, સંખ્યાત આયુષ્યમાં સાત અને અસંખ્યાત આયુષ્યમાં આઠમો એમ સાત કે આઠ ભવ સુધી ઉત્કર્ષથી રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરવા જેવો નથી. (૧૩-૩૦૧)

**देवे नेरइए अइगओ, उक्कोसं जीवो उ संवसे ।**
**इक्किक्क भवग्गहणे, समयं गोयम ! मा पमायए ॥ १४ ॥**

**देवान् नैरयिकानतिगतः, उत्कर्षतो जीवस्तु संवसेत् ।**
**एकैकभवग्रहणं, समयं गौतम ! मा प्रमादयेः ॥ १४ ॥**

**અર્થ** – દેવગતિ અને નરકગતિમાં ગયેલ જીવ, વધારેમાં વધારે એક ભવ સુધી રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં. (૧૪-૩૦૨)

**एवं भवसंसारे, संसरइ सुहासुहेहिं कम्मेहिं ।**
**जीवो पमायबहुलो, समयं गोयम ! मा पमायए ॥ १५ ॥**

**एवं भवसंसारे, संसरन्ति शुभाशुभैः कर्मभिः ।**
**जीवः प्रमादबहुलः, समयं गौतम ! मा प्रमादयेः ॥ १५ ॥**

**અર્થ** – આ પ્રમાણે તિર્યંચ વિ. જન્મોરૂપી સંસારમાં પૃથ્વીકાય વિ. ભવના હેતુરૂપ શુભાશુભ કર્મોથી જીવ પર્યટન કરે છે. જીવ, પ્રમાદની પ્રચુરતાવાળો હોવાથી કર્મો બાંધે છે અને સંસારપ્રવાસી બને છે. માટે હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ પણ વર્જનીય છે. (૧૫-૩૦૩)

**लध्धूणवि माणुसत्तणं, आरिअत्तं पुणरवि दुल्लहं ।**
**बहवे दस्सुआ मिलक्खुआ, समयं गोयम ! मा पमायए ॥ १६ ॥**

**लब्ध्वाऽपि मानुषत्वं, आर्यत्वं पुनरपि दुर्लभम् ।**
**बहवोदस्यवः म्लेच्छाः, समयं गौतम ! मा प्रमादयेः ॥ १६ ॥**

**અર્થ** – કદાચ મનુષ્યજન્મની પ્રાપ્તિ થવા છતાં, મગધ વિ. આર્યદેશમાં ઉત્પત્તિરૂપ આર્યપણું મળવું ઘણું દુર્લભ છે, કેમ કે ધર્માધર્મ, ભક્ષ્યાભક્ષ્ય વિ. ના જ્ઞાન-વિવેક વગરના પશુ સમાન અનાર્ય દેશોમાં મનુષ્યજન્મ મેળવ્યા પછી, કોઈ પણ ધર્મપુરૂષાર્થ સાધી શકતો નથી; અર્થાત્ ચોર અને મ્લેચ્છ તરીકે પ્રખ્યાત થાય છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં. (૧૬-૩૦૪)

**लध्धूणवि आरिअत्तणं, अहीणपंचिंदिअया हु दुल्लहा ।**
**विगलिंदिअया हु दीसई, समयं गोयम ! मा पमायए ॥ १७ ॥**

**लब्ध्वाऽपि आर्यत्वं, अहीनपञ्चेन्द्रियता हु दुर्लभा ।**
**विकलेन्द्रियता हु दृश्यते, समयं गौतम ! मा प्रमादये: ॥ १७ ॥**

**अर्थ –** આ પ્રમાણે આર્યપણું મળવા છતાં કોઈ પણ જાતના દોષ વગરની પરિપૂર્ણ પાંચેય ઇન્દ્રિયોની પ્રાપ્તિ દુર્લભ જ છે, કારણ કે જન્મ થયા પછી પણ રોગ વિ. ના કારણે મનુષ્યોમાં ઇન્દ્રિયોની વિકલતા દેખાય છે. માટે હે ગૌતમ ! એક સમયનોય પ્રમાદ કરીશ નહીં. (૧૭-૩૦૫)

**अहीणपंचंदिअत्तं पि से लहे उत्तमधम्मसुई उ दुल्लहा ।**
**कुतित्थिनिसेवए जणे, समयं गोयम ! मा पमायए ॥ १८ ॥**

**अहीनपञ्चेन्द्रियतामपि स लभेत, उत्तमधर्मश्रुतिस्तु दुर्लभा ।**
**कुतीर्थिनिषेवको जनः, समयं गौतम ! मा प्रमादये: ॥ १८ ॥**

**अर्थ –** મહા પુણ્યે પંચેન્દ્રિયની પટુતા પ્રાણીને પ્રાપ્ત થવા છતાં, તત્ત્વશ્રવણરૂપ ઉત્તમ ધર્મનું શ્રવણ દુર્લભ જ છે. કેમ કે કુતીર્થિક-કુગુરૂની સેવામાં સદાપરાયણ જનતાને જૈનધર્મના તત્ત્વોનું શ્રવણ દુર્લભ બને છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં. (૧૮-૩૦૬)

**लध्धूणवि उत्तमं सुई, सद्दहणा पुणरपि दुल्लहा ।**
**मिच्छत्तनिसेवए जणे, समयं गोयम ! मा पमायए ॥ १९ ॥**

**लब्ध्वाऽपि उत्तमां श्रुतिं, श्रद्धा पुनरपि दुर्लभा ।**
**मिथ्यात्वनिषेवको जनः, समयं गौतम ! मा प्रमादये: ॥ १९ ॥**

**अर्थ –** ઉત્તમ ધર્મનું શ્રવણ થવા છતાં તત્ત્વરુચિરૂપ શ્રદ્ધા દુર્લભ છે, કેમ કે અનાદિ ભવનો અભ્યાસ અને કર્મની ગુરૂતાથી પ્રાયઃ મિથ્યાત્વમાં પ્રવૃત્તિ હોઈ, જન, અતત્ત્વને તત્ત્વ તરીકે માને છે. તેથી હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ હેય જ છે. (૧૯-૩૦૭)

**धम्मंपि हु सद्दहंतया, दुल्लहया, काएण फासया ।**
**इह कामगुणेसु मुच्छिआ, समयं गोयम ! मा पमायए ॥ २० ॥**

**धर्ममपि हु श्रद्दधतोऽपि, दुर्लभकाः कायेन स्पर्शकाः ।**
**इह कामगुणेषुमूर्च्छिताः, समयं गौतम ! मा प्रमादयः ॥ २० ॥**

અર્થ – જીવો ધર્મની શ્રદ્ધા કરવાવાળા છતાં, તે ધર્મની સાધના કરનારા દુર્લભ હોય છે, કારણ કે તેઓ આ જગતમાં શબ્દ વિ. વિષયાસક્તિમાં ગળાડુબ ડૂબેલા હોવાથી ધર્મસામગ્રી મળવા છતાં ધર્મ આરાધતા નથી. માટે હે ગૌતમ ! એક સમયના પ્રમાદનું પણ અવલંબન લઈશ નહીં. (૨૦-૩૦૮)

**परिजूरइते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से सोअबले अ हायई, समयं गोयम ! मा पमायए ॥ २१ ॥**

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से चक्खुबले अ हायई, समयं गोयम ! मा पमायए ॥ २२ ॥**

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से घाणबले अ हायई, समयं गोयम ! मा पमायए ॥ २३ ॥**

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से जिब्भबले अ हायई, समयं गोयम ! मा पमायए ॥ २४ ॥**

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से फासबले अ हायई, समयं गोयम ! मा पमायए ॥ २५ ॥**

**परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।**
**से सव्वबले अ हायई, समयं गोयम ! मा पमायए ॥२६॥ -षड्भिःकुलकम् ॥**

परिजीर्यति ते शरीरकं, केशाः पाण्डुरका भवन्ति ते ।
तत् श्रोत्रबलं च हीयते, समयं गौतम ! मा प्रमादयेः ॥ २१ ॥

परिजीर्यति ते शरीरकं, केशाः पाण्डुरका भवन्ति ते ।
तत् चक्षुर्बलं च हीयते, समयं गौयम ! मा प्रमादयेः ॥ २२ ॥

परिजीर्यति ते शरीरकं, केशाः पाण्डुरका भवन्ति ते ।
तद् घ्राणबलं च हीयते, समयं गौतम ! मा प्रमादयेः ॥ २३ ॥

परिजीर्यति ते शरीरकं, केशाः पाण्डुरका भवन्ति ते ।
तद् जिह्वाबलं च हीयते, समयं गौतम ! मा प्रमादयेः ॥ २४ ॥

परिजीर्यति ते शरीरकं, केशाः पाण्डुरका भवन्ति ते ।
तत् स्पर्शबलं च हीयते, समयं गौतम ! मा प्रमादयेः ॥ २५ ॥

परिजीर्यति ते शरीरकं, केशाः पाण्डुरका भवन्ति ते ।
तत् सर्वबलं च हीयते, समयं गौतम ! मा प्रमादयेः ॥ २६ ॥ -षड्भिःकुलकम् ॥

**અર્થ –** હે ગૌતમ ! ત્હારૂં શરીર વૃદ્ધાવસ્થાથી જર્જરિત થતું જાય છે. તે પહેલાં જનમન-નયનને હરનારા-અત્યંત ભ્રમર જેવા કાળા ત્હારા વાળ હતા, તે ઉંમર થવાથી સફેદ થવા માંડ્યા છે. તે કારણથી કાનનું બલ, આંખનું બલ; નાસિકાનું બલ, જીભનું બલ અને સ્પર્શેન્દ્રિયનું બલ; અર્થાત્ સાંભળવાની, જોવાની, સુંઘવાની, ચાખવાની અને અડકવાની શક્તિ તથા હાથ-પગ વિ. અવયવોની પોતપોતાના વ્યાપારની શક્તિ જરાના કારણે નષ્ટ થતી જાય છે. માટે ઈન્દ્રિય વિ. ની વિદ્યમાન શક્તિ હોયે છતે ધર્મારાધનમાં એક સમયનો પણ પ્રમાદ કરશો નહિ. (૨૧ થી ૨૬, ૩૦૯ થી ૩૧૪)

**अरईगंडं विसूईआ, आयंका विविहा फुसंति ते ।**
**विवडइ विद्धंसइ ते सरीरयं, समयं गोयम ! मा पमायए ॥ २७ ॥**

**अरतिर्गण्डं विसूचिका, आतङ्काः विविधाः स्पृशन्ति ते ।**
**विघटते विध्वंस्यति ते शरीरकं, समयं गौतम ! मा प्रमादयेः ॥ २७ ॥**

**અર્થ –** વાત વિ. થી પેદા થયેલ ચિત્તના ઉદ્વેગરૂપ અરતિ, ગડગુમડ વિ. રૂપ ગંડુરોગ, વિશિષ્ટ અજીર્ણરૂપ વિસૂચિકા રોગ, તત્કાળ મૃત્યુ કરનારા માથાના શૂળ વિ. રોગો તેમજ બીજા વિવિધ રોગો ત્હારા શરીરને અડકે છે, જેથી શરીર શક્તિહીન બને છે અને આગળ જતાં આખરે શરીર જીવરહિત બની નીચે પડી જાય છે. માટે જ્યાં સુધી જરા કે રોગોનું આક્રમણ નથી થયું તે પહેલાં શરીર દ્વારા ધર્મારાધનમાં હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરશો નહીં. જો કે શ્રી ગૌતમસ્વામીના શરીરમાં જરા કે રોગો સંભવિત નથી, છતાં તેમની નિશ્રામાં રહેલ સમસ્ત શિષ્યોના પ્રતિબોધ માટેનું આ કથન સમજવું. (૨૭-૩૧૫)

**वोच्छिंद सिणेहमप्पणो, कुमुअं सारइअं वा पाणियं ! ।**
**से सव्वसिणेहवज्जिए, समयं गोयम ! मा पमायए ॥ २८ ॥**

**व्युच्छिन्धि स्नेहमात्मनः, कुमुदं शारदं वा पानीयम् ।**
**अथ सर्वस्नेहवर्जितः, समयं गौतम ! मा प्रमादयेः ॥ २८ ॥**

**અર્થ –** હે ગૌતમ ! મારા વિષે રહેલ સ્નેહનો તું પરિત્યાગ કર ! જેમ ચંદ્રવિકાસી કમલ (કુમુદ) પહેલાં જલમગ્ન છતાં શરત્કાલના જલને છોડી ઊંચે રહે છે, તેમ તું પણ મારા સ્નેહને છોડી વીતરાગ બન ! માટે તે વીતરાગતા ખાતર એક સમયનો પણ પ્રમાદ કરીશ નહીં. (૨૮-૩૧૬)

**चिच्च्चा धणं च भारिअं, पव्वईओ हि सि अणगारिअं ।**
**मा वंतं पुणोवि आविए, समयं गोयम ! मा पमायए ॥ २९ ॥**

**त्यक्त्वा खलु धनं च भार्यां, प्रव्रजितो हि असि अनगारिताम् ।**
**मा वान्तं पुनरपि आपिबेः, समयं गौतम ! मा प्रमादयेः ॥ २९ ॥**

**અર્થ –** ચતુષ્પદ વિ. રૂપ ધન અને ભાર્યાને છોડી મુનિપણાને પામનાર તું બન્યો છે. હવે વમન-ત્યાગ કરેલ સાંસારિક વિષયોના સેવન તરફ મનને વાળવા દેવાનું નથી. માટે હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ અકરણીય છે. (૨૯-૩૧૭)

**अवउज्झिअ मित्तबंधवं, विउलं चेव धणोहसंचयं ।**
**मा तं बिइअं गवेसए, समयं गोयम ! मा पमायए ॥ ३० ॥**

**अपोह्य मित्रबान्धवं, विपुलं चेव धनौघसंचयम् ।**
**मा तद् द्वितीयं गवेषय, समयं गौतम ! मा प्रमादयेः ॥ ३० ॥**

**અર્થ –** મિત્રો, બાંધવો, કનક વિ. સમુદાયના ભંડાર વિ. પદાર્થોનો ત્યાગ કરી, હવે પછી બીજા મિત્ર વિ. ની ઇચ્છા કરો નહીં, કેમ કે-ફરીથી તેની ઇચ્છા કરવી તે તો વમન કરેલું ખાવા બરાબર છે. માટે હે ગૌતમ ! સ્વીકૃત શ્રામણ્યના પાલનમાં એક સમયનો પ્રમાદ કરશો નહીં. (૩૦-૩૧૮)

**न हु जिणे अज्ज दिस्सई, बहुमई दिस्सई मग्गदेसिए ।**
**संपइ नेआउए पहे, समयं गौयम ! मा पमायए ॥ ३१ ॥**

**नैव जिनोऽद्य दृश्यते, बहुमतः दृश्यते मार्गदेशितः ।**
**सम्प्रति नैयायिके पथि, समयं गौतम ! मा प्रमादयेः ॥ ३१ ॥**

**અર્થ –** જો કે હાલમાં શ્રી અરિહંતદેવ વિદ્યમાન નથી, છતાં તેઓશ્રીએ કહેલો બહુમત-જ્ઞાનાદિરૂપ મોક્ષમાર્ગ દેખાય છે, અને આવો માર્ગ સર્વજ્ઞ સિવાય અસંભવિત છે. આ પ્રમાણે સુનિશ્ચિત મનવાળા ભવિષ્યમાં થનારા ભવ્યો પ્રમાદ ન કરે ! માટે હમણાં હું છું તો ન્યાયયુક્ત મોક્ષમાર્ગમા : હે ગૌતમ ! કેવલજ્ઞાનની ઉત્પત્તિના સંશયને છોડી એક સમયનો પ્રમાદ ન કરીશ. (૩૧-૩૧૯)

**अवसोहिअ कंटगापहं, ओइन्नोऽसि पहं महालयं ।**
**गच्छसि मग्गं विसोहिआ, समयं गोयम ! मा पमायए ॥ ३२ ॥**

**अवशोध्य कण्टकपथं, अवतीर्णोऽसि पन्थानं महालयम् ।**
**गच्छसि मार्गं विशोध्य, समयं गौतम ! मा प्रमादयेः ॥ ३२ ॥**

**અર્થ –** જૈનેતર દર્શનરૂપ ભાવકંટકોથી આકુલ માર્ગનો પરિહાર કરી, સમ્યગ્દર્શન વિ. ભાવમાર્ગમાં તમે પ્રવેશ કરેલ છે, એટલું જ નહીં પણ તે માર્ગનો નિશ્ચય કરી આગળ પ્રગતિ કરી રહ્યા છો. માટે આ ચાલતી સતત સાધનામાં હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરશો નહીં. (૩૨-૩૨૦)

**अबले अहा भारवाहए, मा मग्गे विसमेऽवगाहिआ ।**
**पच्छा पच्छाणुतावए, समयं गोयम ! मा पमायए ॥ ३३ ॥**

**अबलो यथा भारवाहकः, मा मार्गं विषममवगाह्य ।**
**पश्चात् पश्चादनुपातकः, समयं गौतम ! मा प्रमादयेः ॥ ३३ ॥**

**અર્થ –** જેમ બલ વગરનો અને ભાર વહન કરનારો, વિષમમાર્ગમાં પ્રવેશ કરીને, લીધેલા ભારનો ત્યાગ કરનારો પાછળથી પશ્ચાતાપ કરે છે, તેમ તું પણ પ્રમાદાધીન થઈને સંયમરૂપ ભારનો પરિત્યાગ કરી પાછળથી પશ્ચાતાપ કરવાનો વખત ન આવવા દઈશ. તેથી હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરીશ નહીં. (૩૩-૩૨૧)

**तिन्नो हु सि अण्णवं महं, किं पुण चिट्ठसि तीरमागओ ? ।**
**अभितुरं पारंगमित्तए, समयं गोयम ! मा पमायए ॥ ३४ ॥**

**तीर्ण एवासि अर्णवं महान्तं, किं पुनस्तिष्ठसि तीरमागतः ।**
**अभित्वरस्व पारं गन्तुं, समयं गौतम ! मा प्रमादयेः ॥ ३४ ॥**

**અર્થ –** સાગર જેવા મોટા સંસારને તો તું લગભગ તરી ગયો છે. તીરને પ્રાપ્ત કર્યા બાદ આરાધનામાં ઉદાસીનતા ભજવી ઉચિત નથી. પણ મુક્તિપદ પામવા માટે ત્વરા કરવી યુક્ત છે. તેથી હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરવો યુક્ત નથી. (૩૪-૩૨૨)

**अकलेवरसेणिमुस्सिआ, सिद्धिं गोयम ! लोअं गच्छसि ।**
**खेमं च सिवं अणुत्तरं, समयं गोयम ! मा पमायए ॥ ३५ ॥**

**अकलेवरश्रेणिं उच्छ्रित्य, सिद्धिं गौतम ! लोकं गच्छसि ।**
**क्षेमं च शिवमणुत्तरं, समयं गौतम ! मा प्रमादयेः ॥ ३५ ॥**

**અર્થ –** અશરીરી-સિદ્ધ બનવાની ઉત્તરોત્તર શુભ અધ્યવસાયરૂપ ક્ષપકશ્રેણીને, ઉત્તરોત્તર સંયમસ્થાનની પ્રાપ્તિ દ્વારા પ્રાપ્ત કરી, હે ગૌતમ ! સર્વદા અભય-સમસ્ત ઉપદ્રવ રહિત-સર્વોત્કૃષ્ટ સિદ્ધિ નામના લોકને તું પામીશ. માટે હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરીશ નહીં. (૩૫-૩૨૩)

**बुध्धे परिनिव्वुडे चरे, गाम गए नगरे व संजए ।**
**संतिमग्गं च बूहए, समयं गोयम ! मा पमायए ॥ ३६ ॥**

**बुद्धः परिनिर्वृतश्चरेः, ग्रामे गतो नगरे वा संयतः ।**
**शान्तिमार्गं च बृंहयेः, समयं गौतम ! मा प्रमादयेः ॥ ३६ ॥**

**અર્થ –** હેય વિ. વિભાગના જ્ઞાતા, કષાયની અગ્નિ શાંત થવાથી શીતલીભૂત બનીને, ગામ વિ. માં રાગ વગરના રહી સંયમનું સેવન કરો ! સંયમી બનેલા ભવ્યજનોને ઉપદેશ આપી મુક્તિમાર્ગની તમે વૃદ્ધિ કરો ! માટે હે ગૌતમ ! એક સમયનો પ્રમાદ કરશો નહિ. (૩૬-૩૨૪)

**बुद्धस्य निसम्म भासिअं, सुकहियमट्ठपदोवसोहियं ।**
**रागं दोसं च छिंदिआ, सिद्धिं गइं गए भयवं गोयमे त्तिबेमि ॥ ३७ ॥**

**बुद्धस्य निशम्य भाषितं, सुकथितमर्थपदोपशोभितम् ।**
**रागं द्वेषं च छित्त्वा, सिद्धिं गतिं गतो भगवान् गौतम इति ब्रवीमि ॥ ३७ ॥**

**અર્થ –** કેવલજ્ઞાની ભગવાન શ્રી વર્ધમાનસ્વામીની દૃષ્ટાન્ત-ઉપમા વિ. થી ભરચક અને અર્થપ્રધાન પદોથી અલંકૃત વાણી સાંભળીને તથા રાગ-દ્વેષને છેદીને, પ્રથમ ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામી સિદ્ધિગતિમાં પધાર્યા. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૩૭-૩૨૫)

**॥ દશમું શ્રી દ્રુમપત્રકાધ્યયન સંપૂર્ણ ॥**

# શ્રી બહુશ્રુતપૂજાધ્યયન-૧૧

**संजोगा विप्पमुक्कस्स, अणगारस्स भिक्खुणो ।**
**आयारं पाउक्करिस्सामि, आणुपुव्विं सुणेह मे ॥ १ ॥**

**संयोगाद् विप्रमुक्तस्य, अनगारस्य भिक्षोः ।**
**आचारं प्रादुष्करिष्यामि, आनुपूर्वीं शृणुत मे ॥ १ ॥**

**अर्थ** – સર્વથા સંયોગથી રહિત અનગાર સાધુના બહુશ્રુત પૂજારૂપ ઉચિત વિધિ-આચારને ક્રમસર હું પ્રગટ કરીશ. આ મારી પાસેથી પ્રગટ થતા આચારને ધ્યાનથી સાંભળો ! (૧-૩૨૬)

**जे आवि होइ निव्विज्जे, थद्धे लुद्धे अणिग्गहे ।**
**अभिक्खणं उल्लवई, अविणिए अबहुस्सुए ॥ २ ॥**

**यश्चापि भवति निर्विद्यः, स्तब्धो लुब्धः अनिग्रहः ।**
**अभीक्ष्णमुल्लपति, अविनीतः अबहुश्रुतः ॥ २ ॥**

**अर्थ** – સમ્યગ્‌શાસ્ત્રના જ્ઞાન વગરનો અહંકારી, રસ વિ. વિષયોમાં આસક્ત, ઇન્દ્રિય-મનના નિગ્રહ વગરનો, વારંવાર શાસ્ત્રમર્યાદા બહાર જેમ-તેમ બોલનાર અને વિનય વગરનો અબહુશ્રુત કહેવાય છે. (૨-૩૨૭)

**अह पंचहिं ठाणेहिं, जेहिं सिक्खा न लब्भइ ।**
**थंभा कोहा पमाएणं, रोगेणाऽऽलस्सएण य ॥ ३ ॥**

**अथ पञ्चभिः स्थानैर्यैः, शिक्षा न लभ्यते ।**
**स्तम्भात्क्रोधात् प्रमादेन, रोगेणाऽऽलस्यकेन च ॥ ३ ॥**

**अर्थ** – અભિમાન, ક્રોધ, મદ્ય વિ. પ્રમાદથી, કુષ્ઠ વિ. રોગથી, ઉત્સાહના અભાવરૂપ આલસથી, અર્થાત્ આ પાંચેય પ્રકારોથી જે અબહુશ્રુતો, ગ્રહણ-આસેવનરૂપ શિક્ષા મેળવી શકતા નથી, તેથી તેઓને અબહુશ્રુતપણું પ્રાપ્ત થાય છે. (૩-૩૨૮)

अह अट्ठहिं ठाणेहिं, सिक्खासीलेत्ति वुच्चइ ।
अहस्सिरे सया दंते, ण य मम्ममुदाहरे ॥ ४ ॥
णासीले ण विसीले, ण सिआ अइलोलुए ।
अक्कोहणे सच्चरए, सिक्खासीलेत्ति वुच्चइ ॥ ५ ॥ युग्मम् ॥

अथाष्टाभिः स्थानैः, शिक्षाशील इत्युच्यते ।
अहसिता सदा दान्तो, न च मर्मोदाहरेत् ॥ ४ ॥
नाशीलो न विशीलो, न स्यादतिलोलुपः ।
अक्रोधनः सत्यरतः, शिक्षाशील इत्युच्यते ॥ ५ ॥ युग्मम् ॥

**અર્થ** – હવે આઠ પ્રકારોથી જિન વિ. થી શિક્ષાશીલ બહુશ્રુત કહેવાય છે, તે આ પ્રમાણે સમજવા. (૧) નિમિત્ત હોય કે નહીં પરંતુ જે હસતો જ નથી, (૨) હંમેશાં ઇન્દ્રિય-મનનો નિગ્રહ કરનારો, (૩) બીજાની અપભ્રાજના તથા મર્મનું ઉચ્ચારણ નહીં કરનાર, (૪) સર્વથા શીલ વગરનો નહીં, (૫) અતિચારોથી મલિન વ્રત વગરનો, (૬) અત્યંત રસલંપટતા વગરનો, (૭) ક્ષમાવાળો, અને (૮) સત્ય વચનમાં આસક્ત - આ આઠ ગુણવાળો શિક્ષાશીલ કહેવાય છે. (૪+૫, ૩૨૯+૩૩૦)

अह चउद्दसहिं ठाणेहिं, वट्टमाणो उ संजए ।
अविणीए वुच्चइ सो उ, निव्वाणं च न गच्छइ ॥ ६ ॥
अभिक्खणं कोही भवइ, पबंधं च पकुव्वइ ।
मित्तिज्जमाणो वमइ, सुअं लद्धूण मज्जइ ॥ ७ ॥
अवि पावपरिक्खेवी, अवि मित्तेसु कुप्पइ ।
सुप्पियस्सावि मित्तस्स, रहे भासइ पावगं ॥ ८ ॥
पइण्णवाई दुहिले, थद्धे लुद्धे अनिग्गहे ।
असंविभागी अवियत्ते, अविणीएत्ति वुच्चइ ॥ ९ ॥ चतुर्भिःकलापकम् ॥

अथ चतुर्दशसु स्थानेषु, वर्तमानस्तु संयतः ।
अविनीत उच्यते स तु, निर्वाणं च न गच्छति ॥ ६ ॥
अभीक्ष्णं क्रोधी भवति, प्रबन्धं च प्रकरोति ।
मित्रायमाणो वमति, श्रुतं लब्ध्वा माद्यति ॥ ७ ॥
अपि पापपरिक्षेपी, अपि मित्रेभ्यः, कुप्यति ।
सुप्रियस्यापि मित्रस्य, रहसि भाषते पापकम् ॥ ८ ॥

प्रतिज्ञावादी द्रुहिलः, स्तब्धः लुब्धः अनिग्रहः ।
असंविभागि अप्रीतिकः अविनीत इत्युच्यते ॥ ९ ॥ - चतुर्भिःकलापकम् ॥

અર્થ – હવે પછી કહેવાતા ચૌદ સ્થાનોમાં વર્તતો મુનિ અવિનીત કહેવાય છે અને તે અવિનીત મુનિ નિર્વાણપદને પામી શકતો નથી. (૧) કારણ હોય કે નહિ પરંતુ વારંવાર ક્રોધ કરનારો, (૨) અનેક સાંત્વનો મળવા છતાં કોપને અવિચ્છિન રાખનારો, (૩) પહેલાં મિત્રતા બાંધી પાછળથી તોડી નાખનારો, (૪) આગમજ્ઞાન મેળવવા છતાં જ્ઞાનથી અભિમાન કરનારો, (૫) આચાર્ય વિ. ના છિદ્રો શોધી નિંદા કરનારો, (૬) મિત્રજન ઉપર પણ કોપ કરનારો, (૭) અત્યંત વલ્લભ પણ મિત્રની સમક્ષ પ્રિય બોલે અને પરોક્ષમાં આ વિરાધક છે-અતિચાર સેવનાર છે એમ તેના દોષને પ્રગટ કરનારો, (૮) આ આમ જ છે- એ પ્રમાણેના એકાંતવાદરૂપ પ્રતિજ્ઞાથી બોલનારો અથવા સંબંધ વગરનું બોલનારો, (૯) મિત્રનું પણ અપમાન કરનારો, (૧૦) 'હું તપસ્વી છું' ઈત્યાદિ અહંકારવાળો, (૧૧) ભોજનમાં અત્યંત રસવાળો, (૧૨) વિષયોનો ગુલામ, (૧૩) અત્યંત આસક્તિના કારણે મનોહર આહાર વિ. મેળવી બીજાને થોડું પણ નહીં આપનારો અને (૧૪) દર્શન અને સંભાષણ દ્વારા સૌનો અળખામણો બનેલો. આ પૂર્વોક્ત ચૌદ દોષવાળો અવિનીત મુનિ કહેવાય છે. (૬ થી ૯, ૩૩૧ થી ૩૩૪)

**अह पन्नरसहिं ठाणेहिं, सुविणीएत्ति वुच्चई ।**
**नीआवत्ती अचवले, अमाई अकुऊहले ॥ १० ॥**

**अप्पं च अहिक्खिवइ, पबन्धं च न कुव्वइ ।**
**मित्तिज्जमाणो भयइ, सुअं लद्धुं न मज्जइ ॥ ११ ॥**

**न य पावपरिक्खेवी, न य मित्तेसु कुप्पई ।**
**अप्पिअस्सावि मित्तस्स, रहे कल्लाण भासइ ॥ १२ ॥**

**कलहडमरवज्जए, बुद्धे अ अभिजाइए ।**
**हिरिमं पडिसंलीणे, सुविणीएत्ति वुच्चइ ॥ १३ ॥ -चतुर्भिःकलापकम् ॥**

अथ पञ्चदशभिः स्थानैः, सुविनीत इत्युच्यते ।
नीचवर्ती अचपलः, अमायी अकुतूहलः ॥ १० ॥

अल्पं च अधिक्षिपति, प्रबन्धं च न करोति ।
मित्रायमाणो भजति, श्रुतं लब्ध्वा न माद्यति ॥ ११ ॥

न च पापपरिक्षेपि, न च मित्रेभ्यः कुप्यति ।
अप्रियस्यापी मित्रस्य, रहसि कल्याणं भाषते ॥ १२ ॥

**कलहडमरवर्जकः, बुद्धश्च अभिजातिगः ।**
**ह्रीमान प्रतिसंलीनः, सुविनीत इत्युच्यते ॥ १३ ॥ -चतुर्भिःकलापकम् ॥**

**અર્થ** – હવે સુવિનીત મુનિના પંદર સ્થાનો કહેવાય છે તે આ પ્રમાણે. (૧) ગુરુજન પ્રતિ નમ્રવૃત્તિવાળો, (૨) ગતિ, સ્થાન, ભાષા અને ભાવની અપેક્ષાએ ચપલતા વગરનો, (૩) મનોહર આહાર વિ. મળવા છતાં ગુરુજનને નહીં ઠગનારો, (૪) કૌતુક વિ. જોવાની તત્પરતા વગરનો, (૫) કોઈનો પણ તિરસ્કાર નહીં કરનારો, (૬) કોપને કાયમ નહીં રાખનારો, (૭) મિત્ર વગેરે ઉપકારીના ઉપકારને નહીં ભૂલનાર અર્થાત્ પ્રત્યુપકાર વાળે પણ અપકાર નહીં કરનારો, (૮) આગમજ્ઞાન મેળવી તેનાથી અભિમાન નહીં કરનારો, (૯) આચાર્ય વિ. ના છિદ્રો નહીં જોનારો, (૧૦) અપરાધી એવા મિત્રો ઉપર પણ ક્રોધ નહીં કરનારો, (૧૧) મિત્ર તરીકે સ્વીકારેલો મિત્ર સેંકડો અપકાર કરે, તો પણ તેના એક પણ કરેલા ઉપકારને યાદ કરી પરોક્ષમાં તેના દોષ નહીં બોલનારો, (૧૨) જીભાજોડી અને હાથોહાથથી મારામારીરૂપ યુદ્ધને વર્જનારો. (૧૩) જાતિવાન બળદની માફક ઉપાડેલા ભારના નિર્વાહપૂર્વક કુલીનતાવાળો, (૧૪) લજ્જાશીલ અર્થાત્ મન મલિન થવાં છતાં અકાર્ય નહીં કરનારો અને (૧૫) ગુરુની કે બીજાની પાસે રહેનારો, એટલે કે કાર્ય સિવાય જ્યાં ત્યાં નહિ જનારો. આ ઉપરના ગુણોથી અલંકૃત મુનિ સુવિનીત કહેવાય છે. (૧૦ થી ૧૩, ૩૧૫ થી ૩૧૮)

**वसे गुरुकुले निच्चं, जोगवं उवहाणवं ।**
**पिअंकरे पिअंवाई, से सिक्खं लद्धुमरिहई ॥ १४ ॥**

**वसेत् गुरूकुले नित्यं योगवानुपधानवान् ।**
**प्रियंकरः प्रियवादी, स शिक्षां लब्धुमर्हति ॥ १४ ॥**

**અર્થ** – હંમેશાં યાવજ્જીવ સુધી ગુરુની આજ્ઞામાં જે રહેનારો તે વિનીત મુનિ, ધર્મના વ્યાપારવાળો, અંગ વિ. ના અધ્યયનમાં આયંબીલ વિ. તપરૂપ ઉપધાનવાળો, અપ્રિય કરનાર પ્રત્યે પ્રિય કરનારો અને અપ્રિય બોલનાર પ્રત્યે પ્રિય બોલનારો, શાસ્ત્રાર્થનું ગ્રહણ તથા તેની આરાધનારૂપ શિક્ષાપાત્ર બને છે; બીજો નહીં. (૧૪-૩૧૯)

**जहा संखम्मि पयं निहियं, दुहओ वि विरायइ ।**
**एवं बहुस्सुए भिक्खू, धम्मो कित्ती तहा सुयं ॥ १५ ॥**

**यथाशङ्खे पयो निहितं, द्विधापि विराजते ।**
**एवं बहुश्रुते भिक्षौ, धर्मः कीर्तिस्तथा श्रुतम् ॥ १५ ॥**

**અર્થ** – જેમ શંખમાં રહેલું દૂધ પોતાની શ્વેતતા અને શંખની ઉજ્જવલતા એમ બન્ને પ્રકારે સુંદર શોભે છે અર્થાત્ શંખસ્થ દૂધ મલિન, ખાટું તથા નીચે પડવા જેવું થતું નથી, તેમ વિનીત બહુશ્રુતમુનિમાં મુનિધર્મ કીર્તિ-જિનાગમ બરાબર વિશિષ્ટ શોભે છે અર્થાત્ બહુશ્રુતસ્થ ધર્માદિ, મલિન, વિપરીત કે હાનિવાળા થતાં નથી. (૧૫-૩૨૦)

**जहा से कंबोआणं, आइन्ने कंथए सिआ ।**
**आसे जवेण पवरे, एवं भवइ बहुस्सुए ॥ १६ ॥**

**यथा स कम्बोजानामाकीर्णः, कन्थकः स्यात् ।**
**अश्वो जवेन प्रवरः, एवं भवति बहुश्रुतः ॥ १६ ॥**

**અર્થ** – જેમ કંબોજ દેશના ઘોડાઓમાં ગુણ-જાતિ-વાન કંથક નામનો ઘોડો પ્રધાનરૂપે પ્રસિદ્ધ છે, જે વેગની અપેક્ષાએ પ્રધાન અશ્વ હોય છે, તેમ બહુશ્રુત મુનિ સકલ સાધુઓમાં પ્રધાન ગણાય છે. (૧૬-૩૨૧)

**जहाऽऽइण्णसमारुढे, सूरे दढपरक्कमे ।**
**उभओ नंदिघोसेणं, एवं भवइ बहुस्सुए ॥ १७ ॥**

**यथाऽऽकीर्णसमारूढः शूरो दृढपराक्रमः ।**
**उभयतो नन्दिघोषेण, एवं भवति बहुश्रुतः ॥ १७ ॥**

**અર્થ** – જેમ પ્રધાન ઘોડા ઉપર સમારૂઢ થયેલ યોદ્ધો દૃઢ પરાક્રમથી તથા ડાબી અને જમણી બાજુએ બાર પ્રકારના વાજિંત્રોના નાદથી શોભે છે, તેમ બહુશ્રુત, જિનાગમરૂપ અશ્વ ઉપર આરૂઢ થયેલ તથા રાત-દિવસ સ્વાધ્યાયરૂપ નાદથી, અભિમાની પરવાદીઓને જોવા છતાં પરાજિત ન થતાં, નીડર બનેલ, તેઓના પ્રતિ જય કરવામાં સમર્થ થાય છે. (૧૭-૩૨૨)

**जहा करेणुपरिकिन्ने, कुंजरे सट्ठिहायणे ।**
**बलवंते अप्पडिहए, एवं भवइ बहुस्सुए ॥ १८ ॥**

**यथा करेणुपरिकीर्ण, कुञ्जरः षष्टिहायनः ।**
**बलवानप्रतिहतः, एवं भवति बहुश्रुतः ॥ १८ ॥**

**અર્થ** – જેમ હાથીણીઓથી પરિવરેલ સાઈઠ વર્ષનો હાથી, બલવાન અને મદોન્મત્ત બીજા હાથીઓથી અજિત રહે છે, તેમ વિવિધ બુદ્ધિ-વિદ્યાઓથી અલંકૃત બહુશ્રુત મુનિ, સ્થિર મતિવાળો હોઈ બલવાન અને પરવાદીઓથી અપ્રતિહત હોય છે. (૧૮-૩૨૩)

**जहा से तिक्खसंगे, जायक्खंधे विरायइ ।**
**वसहे जूहाहिवइ, एवं भवइ बहुस्सुए ॥ १९ ॥**

**यथा स तीक्ष्णशृंङ्गो, जातस्कन्धो विराजते ।**
**वृषभो यूथाधिपतिः, एवं भवति बहुश्रुतः ॥ १९ ॥**

**અર્થ** – જેમ તીક્ષ્ણ શિંગડાવાળો અને બલીષ્ઠ કાંધવાળો વૃષભ યૂથાધિપતિ તરીકે દીપે છે, તેમ બહુશ્રુત, પરપક્ષના ખંડનની અપેક્ષાએ તીક્ષ્ણ, સ્વ-પર શાસ્ત્રરૂપી શૃંગોથી શોભિત, ગચ્છ વિ. ગુરુના કાર્યરૂપ ધુરા ધારણ કરવામાં ધુરંધર અને સાધુ વિ. ના સમુદાયરૂપ યૂથના અધિપતિરૂપ આચાર્ય બનીને શોભે છે. (૧૯-૩૨૪)

**जहा से तिक्खदाढे, उदग्गे दुप्पहंसए ।**
**सीहे मिआण पवरे, एवं भवइ बहुस्सुए ॥ २० ॥**

**यथा स तीक्ष्णदंष्ट्रः, उदग्रो दुष्प्रधर्षकः ।**
**सिंहो मृगाणां प्रवरः, एवं भवति बहुश्रुतः ॥ २० ॥**

**અર્થ** – જેમ તીક્ષ્ણ દાઢોવાળો અને ઉત્કટ વનરાજ કેસરીસિંહ, બીજાઓના પરાભવથી અશક્ય બનેલ જંગલી જંતુઓનો આગેવાન થાય છે, તેમ બહુશ્રુત. પરપક્ષના ભેદક હોઈ તીક્ષ્ણ દાઢા સમાન તથા નૈગમ વિ. નયો અને પ્રતિભા વિ. ગુણોની ઉત્કટતાથી પરવાદીઓથી અજેય હોય છે. એટલું જ નહીં પરંતુ મૃગ સમાન અન્ય તીર્થિકોમાં પરમ શ્રેષ્ઠ જ ગણાય છે. (૨૦-૩૨૫)

**जहा से वासुदेवे, संखचक्कगदाधरे ।**
**अप्पडिहयबले जोहे, एवं भवइ बहुस्सुए ॥ २१ ॥**

**यथा स वासुदेवः, शङ्खचक्रगदाधरः ।**
**अप्रतिहतबलो योधः एवं भवति बहुश्रुतः ॥ २१ ॥**

**અર્થ** – જેમ વાસુદેવ. પાંચજન્ય શંખ સુદર્શન ચક્ર તથા કૌમોદિકી ગદાને ધારણ કરનાર અને અસ્ખલિત સામર્થ્યવાળો હોય છે, તેમ બહુશ્રુત મુનિ, સ્વાભાવિક પ્રતિભાના બલવાળો અને બીજી બાજુ શંખ-ચક્ર-ગદા સમાન સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રથી અલંકૃત બનેલ યોદ્ધો કર્મવૈરીને જીતવા સમર્થ બને છે. (૨૧-૩૨૬)

**जहा से चाउरंते, चक्कवट्टीमहिड्ढिए ।**
**चउद्दसरयणाहिवई, एवं भवइ बहुस्सुए ॥ २२ ॥**

**यथा स चातुरन्त, श्चक्रवर्ती महर्द्धिकः ।**
**चतुर्दशरत्नाधिपतिः, एवं भवति बहुश्रुतः ॥ २२ ॥**

અર્થ – જેમ હાથી-ઘોડા-રથ-મનુષ્યરૂપ ચતુરંગી સેનાથી શત્રુના વિનાશરૂપ અંતને કરનાર, ષટ્ખંડવાળા ભરતનો અધિપતિ ચક્રવર્તી, દિવ્ય લક્ષ્મીવાળો, ચૌદ રત્નોનો અધિપતિ હોય છે; તેમ દાન વિ. ચાર પ્રકારના ધર્મોથી કર્મશત્રુનો અંત કરનાર, આમર્ષ ઔષધિ વિ. મોટી ઋદ્ધિવાળો, ચૌદ રત્નો સમાન ચૌદ પૂર્વોનો અધિપતિ બહુશ્રુત મુનિ હોય છે. (૨૨-૩૨૭)

**जहा से सहस्सक्खे, वज्जपाणी पुरंदरे ।**
**सक्के देवाहिवई, एवं भवइ बहुस्सुए ॥ २३ ॥**

**यथा स सहस्राक्षो, वज्रपाणिः पुरन्दरः ।**
**शक्रो देवाधिपतिः, एवं भवति बहुश्रुतः ॥ २३ ॥**

અર્થ – જેમ શક્રેન્દ્ર, હજાર આંખોવાળો, હાથમાં વજ્રને ધારણ કરવાવાળો, અસુરોના નગરનો નાશક અને દેવોનો અધિપતિ હોય છે, તેમ બહુશ્રુત, સકલ અતિશયોના ભંડાર શ્રુતજ્ઞાનથી જાણે છે; પ્રશસ્ત લક્ષણવંતા હોઈ હાથમાં વજ્રના ચિહ્નવાળો, દુઃખે તપી શકાય એવા ઘોર તપના અનુષ્ઠાનથી કૃશ શરીરવાળો અને ઉત્કૃષ્ટ ક્રિયાઓની વિશિષ્ટ શક્તિ વડે શક્ર જેવો, ધર્મની દઢતાના કારણે સૂરોથી પૂજિત થતો હોવાથી સુરપતિ કહેવાય છે. (૨૩-૩૨૮)

**जहा से तिमिरविद्धंसे, उत्तिट्ठंते दिवायरे ।**
**जलंते इव तेएणं, एवं भवइ बहुस्सुए ॥ २४ ॥**

**यथा स तिमिर विध्वंसः, उत्तिष्ठन् दिवाकरः ।**
**ज्वलन्निव तेजसा, एवं भवति बहुश्रुतः ॥ २४ ॥**

અર્થ – જેમ અંધકારવિનાશક ઉગતો સૂર્ય, તેજથી જાજ્વલ્યમાન હોય છે, તેમ બહુશ્રુત, અજ્ઞાનરૂપ અંધકારનો વિનાશક અને સંયમસ્થાનોમાં શુદ્ધ-શુદ્ધતમ વિ. અધ્યવસાયોથી ચઢતો તપતેજથી જાજ્વલ્યમાન શોભે છે. (૨૪-૩૨૯)

**जहा से उडुवई चंदे, णक्खत्तपरिवारिए ।**
**पडिपुन्ने पुन्नमासीए, एवं भवइ बहुस्सुए ॥ २५ ॥**

**यथा स उडुपतिश्चन्द्रो, नक्षत्रपरिवारितः ।**
**प्रतिपूर्णः पौर्णमास्याम् एवं भवति बहुश्रुतः ॥ २५ ॥**

અર્થ – જેમ પુનમનો ચંદ્ર, નક્ષત્રોથી પરિવરેલો, નક્ષત્રોનો પતિ અને સકલ કલાઓથી ખીલેલો હોય છે, તેમ બહુશ્રુત મુનિ, નક્ષત્ર સમાન સાધુઓનો પતિ અને સાધુઓથી પરિવરલો સકલ કલાઓથી યુક્ત હોઈ પૂર્ણ હોય છે. (૨૫-૩૩૦)

**जहा से सामाइआणं, कोट्ठागारे सुरक्खिए ।**
**णाणाधन्नपडिपुण्णे, एवं भवइ बहुस्सुए ॥ २६ ॥**

**यथा स सामाजिकानां, कोष्ठागारः, सुरक्षितः ।**
**नानाधान्यप्रतिपूर्णः, एवं भवति बहुश्रुतः ॥ २६ ॥**

**અર્થ** – જેમ સમૂહમાં રહેનારા લોકોનો કોઠાર, સુરક્ષિત થયેલ નાનાવિધ ધાન્યોથી ભરેલ હોય છે; તેમ બહુશ્રુત, ગચ્છવાસીઓને ઉપયોગી અનેકવિધ અંગ વિ. ભેદવાળા વિશિષ્ટ શ્રુતજ્ઞાનોથી ભરેલ સર્વથા સુરક્ષિત હોય છે. (૨૬-૩૩૧)

**जहा सा दुमाण पवरा, जंबू णाम सुदंसणा ।**
**अणाढिअस्स देवस्स, एवं भवइ बहुस्सुए ॥ २७ ॥**

**यथा स द्रुमाणां, प्रवरा जम्बूर्नाम सुदर्शना ।**
**अनादृतस्य देवस्य, एवं भवति बहुश्रुतः ॥ २७ ॥**

**અર્થ** – જેમ સુદર્શના નામનું જંબૂવૃક્ષ, અમૃત ફલવાળું અને જંબૂદ્વિપના અધિપતિ અનાદત નામના વ્યંતરદેવથી અધિષ્ઠિત હોઈ સર્વ વૃક્ષોમાં ઉત્તમ છે; તેમ બહુશ્રુત, અમૃત ફલ સમાન શ્રુતથી યુક્ત, દેવોને પણ પૂજ્ય અને શેષ વૃક્ષસદશ સર્વ સાધુઓમાં પ્રવર છે. (૨૭-૩૩૨)

**जहा सा नईण पवरा, सलिला सागरंगमा ।**
**सीआ नीलवंतप्पवहा, एवं भवइ बहुस्सुए ॥ २८ ॥**

**यथा सा नदीनां प्रवरा, सलिला सागरंगमा ।**
**शीता नीलवत्प्रवहा, एवं भवति बहुश्रुतः ॥ २८ ॥**

**અર્થ** – જેમ નદીઓમાં શ્રેષ્ઠ નદી, ક્ષુદ્ર નદીની માફક અધવચ્ચે ખલાસ ન થતાં સાગરને મળે છે (દા.ત. શીતા નામની નદી મેરૂના ઉત્તરે નીલવંત વર્ષધર પર્વતમાંથી પ્રવાહબંધ નીકળી સમુદ્રને મળે છે.) તેમ બહુશ્રુત, નદી સમાન અન્ય મુનિઓમાં શ્રેષ્ઠ, નિર્મલ જલસદશ શ્રુતજ્ઞાન-સંપન્ન અને નીલવંત પર્વત સરખા ઉચ્ચતમ કુલમાં જન્મેલ સાગર સરખી મુક્તિમાં પહોંચે છે. (૨૮-૩૩૩)

**जहा से नगाण पवरे, सुमहं मंदरे गिरी ।**
**नाणोसहिपज्जलिए, एवं भवइ बहुस्सुए ॥ २९ ॥**

**यथा सा नगानां प्रवरः, सुमहान् मन्दरो गिरिः ।**
**नानौषधिप्रज्वलितः, एवं भवति बहुश्रुतः ॥ २९ ॥**

**અર્થ –** જેમ પર્વતોમાં ઉત્તમ, અત્યંત મોટો અને અનેક મહિમાવંત વનસ્પતિઓથી ઉત્કૃષ્ટ દીપ્તિમાન મેરૂપર્વત હોય છે; તેમ પર્વત સમાન અન્ય સાધુઓની અપેક્ષાએ શ્રેષ્ઠ, શ્રુતના મહિમાથી અત્યંત સ્થિર અને અંધકારમાં પ્રકાશના કારણભૂત આમર્ષોષધિ વિ. લબ્ધિઓથી યુક્ત બહુશ્રુત મુનીશ્વર હોય છે. (૨૯-૩૩૪)

**जहा से संयभुरमणे, उदही अक्खओदए ।**
**नाणारयणपडिपुन्ने, एवं भवइ बहुस्सुए ॥ ३० ॥**

**यथा स स्वयम्भूरमणोदधिरक्षयोदकः ।**
**नानारत्नप्रतिपूर्णः, एवं भवति बहुश्रुतः ॥ ३० ॥**

**અર્થ –** જેમ સ્વયંભૂરમણ સમુદ્ર, અવિનાશી જલવાળો તથા મરકત વિ. અનેકવિધ રત્નોથી પરિપૂર્ણ હોય છે; તેમ અવિનાશી સમ્યગ્જ્ઞાનરૂપી જલવાળો અને નાનાવિધ અતિશયોરૂપી રત્નોથી યુક્ત બહુશ્રુત મહાત્મા હોય છે. (૩૦-૩૩૫)

**समुद्दगंभीर समा दुरासया, अचक्किआ केणई दुप्पहंसया ।**
**सुअस्स पुण्णा विउलस्स ताइणो, खवित्तु कम्मं गइमुत्तमं गया ॥ ३१ ॥**

**समुद्रगाम्भीर्यसमा दुराश्रया, अचकिताः केनापि दुष्प्रधर्षाः ।**
**श्रुतेन पूर्णा विपुलेन त्रायिणः, क्षपयित्वा कर्म्म गतिमुत्तमां गताः ॥ ३१ ॥**

**અર્થ –** સમુદ્રની જેમ ગંભીર, પરીષહો કે પરવાદી વિ. કોઈથી નહિ ડરનારા, સદા અજેય અને વિસ્તીર્ણ આગમથી પૂર્ણ બહુશ્રુતો, સ્વ-પરરક્ષક, જ્ઞાનાવરણ વિ. કર્મોને ખપાવી મુક્તિરૂપી ઉત્તમ ગતિને પામ્યા છે, પામે છે અને પામશે. (૩૧-૩૩૬)

**तम्हा सुअमहिट्ठिज्जा, उत्तमट्ठगवेसए ।**
**जेणप्पाणं परं चेव सिद्धिं संपाउणिज्जासि त्तिबेमि ॥ ३२ ॥**

**तस्मात् श्रुतमधितिष्ठेदुत्तमार्थगवेषकः ।**
**येनात्मानं परं चैव, सिद्धिं सम्प्रापयेत् इति ब्रवीमि ॥ ३२ ॥**

**અર્થ –** બહુશ્રુતના આવા ગુણો છે. આથી મોક્ષાર્થીએ અધ્યયન વિ. દ્વારા આગમનો આશ્રય કરવો જોઈએ; અને આવી રીતિએ આગમનો આશ્રય કરવાથી પોતે મોક્ષને પામે છે અને બીજાને પણ મોક્ષ પમાડે છે, એમ હે જંબૂ ! હું કહું છું. (૩૨-૩૩૭)

**॥ અગીયારમું શ્રી બહુશ્રુતપૂજાધ્યયન સંપૂર્ણ ॥**

# શ્રી હરિકેશીયાધ્યયન-૧૨

**सोवागकुलसंभूओ, गुणुत्तरधरो मुणी ।**
**हरिएसबलो नामं, आसी भिक्खू जिइंदिओ ॥ १ ॥**

**श्वपाककुलसंभूतो, गुणोत्तरधरो मुनिः ।**
**हरिकेशबलो नाम, आसीद् भिक्षुर्जितेन्द्रियः ॥ १ ॥**

**अर्थ** – ચંડાલ વંશમાં ઉત્પન્ન થયેલ, ઉત્કૃષ્ટ જ્ઞાન વિ. ગુણોને ધારણ કરનાર અને જિતેન્દ્રિય, હરિકેશબલ નામના સાધુ હતા. (૧-૩૩૮)

**इरिएसणभासाए, उच्चारे समिईसु अ ।**
**जओ आयाण णिक्खेवे, संजओ सुसमाहिओ ॥ २ ॥**

**मणगुत्तो वयगुत्तो, कायगुत्तो जिइंदिओ ।**
**भिक्खट्ठा बंभइज्जम्मि, जन्नवाडमुवट्ठिओ ॥ ३ ॥ युग्मम् ॥**

**ईर्यैषणाभाषोच्चारसमितिषु च ।**
**यत आदाननिक्षेपे, संयतः सुसमाहितः ॥ २ ॥**

**मनोगुप्तो वचोगुप्तः, कायगुप्तो जितेन्द्रियः ।**
**भिक्षार्थं ब्रह्मेज्ये, यज्ञपाट उपस्थितः ॥ ३ ॥ युग्मम्**

**अर्थ** – સમ્યક્ પ્રવૃત્તિરૂપ ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપ-ઉચ્ચારપ્રશ્રવણ વિ. પરિષ્ઠાપનિકા નામક પાંચ સમિતિઓમાં જયણાવાળો, સંયમયુક્ત, સારી સમાધિવાળો, મન-વચન-કાયાના અશુભ વ્યાપારની નિવૃત્તિરૂપ ગુપ્તિવાળો અને ઈન્દ્રિયવિજેતા તે મુનિ, ગોચરી વહોરવા માટે બ્રાહ્મણો દ્વારા જ્યાં યજ્ઞ થઈ રહ્યા છે એવા યજ્ઞમંડપમાં આવ્યા. (૨+૩, ૩૩૯+૩૪૦)

**तं पासिऊणमेज्जतं, तवेण परिसोसिअं ।**
**पंतोवहिउवगरणं, उवहसंति अणारिआ ॥ ४ ॥**

**तं दृष्ट्वा आयान्तं, तपसा परिशोषितम् ।**
**प्रान्तोपध्युपकरणं, उपहसन्ति अनार्याः ॥ ४ ॥**

**અર્થ –** છઠ્ઠ વિ. તપથી કૃશ બનેલ, જીર્ણ અને મલિન હોઈ અસાર તેમજ, વસ્ત્ર, પાત્ર વિ. રૂપ ઔઘિકોપધિ અને દંડ વિ. ઔપગ્રહિક ઉપકરણવાળા, તે હરિકેશબલ મુનિને આવતા જોઈને અશિષ્ટ બ્રાહ્મણો હસે છે. (૪-૩૪૧)

**जाईमयपडित्थद्धा, हिंसगा अजिइंदिआ ।**
**अबंभचारिणो बाला, इमं वयणमब्बवी ॥ ५ ॥**

**जातिमदप्रतिस्तब्धाः हिंसकाः अजितेन्द्रियाः ।**
**अब्रह्मचारिणो बाला, इदं वचनमब्रुवन् ॥ ५ ॥**

**અર્થ –** અમે બ્રાહ્મણો છીએ. - એવા જાતિમદથી મત્ત બનેલા, પ્રાણીઓના પ્રાણોને લૂંટનારા, ઈન્દ્રિયોને નહિ જીતનારા, મૈથુન સેવનારા અને બાલક્રીડા જેવા અગ્નિહોમ વિ. યજ્ઞોમાં પ્રવૃત્તિ હોવાથી બાલ એવા બ્રાહ્મણો, આવતા મુનિને જોઈને અને હસીને નીચે જણાવેલ વચન બોલ્યા. (૫-૩૪૨)

**कयरे आगच्छइ दित्तरूवे, काले विगराले फोक्कनासे ।**
**ओमचेलए पंसुपिसायभूए, संकरदूसं परिहरिअ कंठे ॥ ६ ॥**

**कतर आगच्छति दीप्तरूपः, कालो विकरालः फोक्कनासः ।**
**अवमचेलकः पांशुपिशाचभूतः, सङ्करदूष्यं परिधृत्य कण्ठे ॥ ६ ॥**

**અર્થ –** બીભત્સ આકારવાળા, કાળા રૂપવાળા, ભયંકર, બેડોળ નાકવાળા, અધમ વસ્ત્રવાળા, શરીર ઉપર ધૂળ ઉડવાથી અથવા અસંસ્કારથી લાંબા દાઢી-નખ-રોમવાળા, ભૂત જેવા દેખાવવાળા અને ઉકરડા ઉપર નાખેલ વસ્ત્ર જેવા અસાર-નિરૂપયોગી-મેલા વસ્ત્રોને પોતાના ગળે ધારણ કરેલ હરિકેશબલ મુનિને દૂરથી આવતા જોઈને, તે બ્રાહ્મણો બોલે છે કે-'આ કોણ આવી રહેલ છે ?' (૬-૩૪૩)

**कयरे तुमं इअ अदंसणिज्जे, का एव आसा इहमागओसि ।**
**ओमचेलगा ! पंसु पिसायभूआ ! गच्छ क्खलाहिकिमिहट्ठिओसि ॥ ७ ॥**

**कतरस्त्वमित्यदर्शनीयः, कया वा आशया इहागतोऽसि ।**
**अवमचेलक ! पांशुपिशाचभूत ! गच्छ स्खल किमिह स्थितोऽसि ॥ ७ ॥**

**અર્થ –** તે બ્રાહ્મણો એકદમ પાસે આવેલા ઉક્ત મુનિને કહે છે કે-પૂર્વોક્ત પ્રકારથી અદર્શનીય તમે કોણ છો ? કયા આશાથી આ યજ્ઞમંડપમાં તમે આવેલ છો ? અરે, મેલા વસ્ત્રવાળા અને ધૂળથી ખરડાએલ પિશાચ જેવા

શરીરવાળા તું અહીંથી ચાલ્યો જા ! જલ્દી અમારી નજરથી દૂર હટી જા ! શા માટે અહીં ઉભો છે ? (૭-૩૪૪)

**जक्खो तहिं तिंदुअरुक्खवासी, अणुकंपओ तस्स महामुनिस्स ।**
**पच्छायइत्ता नियगं सरीरं, इमाइं वयणाइं उदाहरित्था ॥ ८ ॥**

**यक्षस्तत्र तिन्दुकवृक्षवासी, अनुकम्पकः तस्य महामुनेः ।**
**प्रच्छाद्य निजकं शरीरं, इमानि वचनानि उदाहरत् ॥ ८ ॥**

**અર્થ** – આ પ્રકારે તિરસ્કાર થવા છતાં શાંતિપૂર્વક જ્યારે કાંઈ જવાબ નથી આપતા, ત્યારે હરિકેશબલ મુનિની સાન્નિધ્યમાં રહેનાર તિન્દુકવૃક્ષવાસી તેમનો પરમ ભક્ત યક્ષ, મુનિના શરીરમાં પ્રવેશ કરીને નીચે જણાવેલ વચનો બ્રાહ્મણોને કહે છે. (૮-૩૪૫)

**समणो अहं संजओ बंभयारी, विरओ धणपयणपरिग्गहाओ ।**
**परप्पवित्तस्स उ भिक्खकाले, अन्नस्स अट्ठा इहमागओम्हि ॥ ९ ॥**

**श्रमणोऽहं संयतो ब्रह्मचारी, विरतौ धनपचनपरिग्रहात् ।**
**परप्रवृत्तस्य तु भिक्षाकाले, अन्नस्य अर्थाय इहागतोऽस्मि ॥ ९ ॥**

**અર્થ** – ધન, આહારપાક, દ્રવ્યાદિ મૂર્ચ્છાથી નિવૃત્ત, બ્રહ્મચારી અને પાપવ્યાપાર માત્રથી સારી રીતિ એ અટકેલ હું સાધુ છું. ભિક્ષાના કાલમાં મારા માટે નહિ, પરંતુ બીજા માટે તૈયાર કરવામાં આવેલ ભોજન લેવા માટે આ યજ્ઞમંડપમાં હું આવેલો છું. (૯-૩૪૬)

**विअरिज्जइ खज्जइ भोज्जइ अ, अन्नं पभूअं भवयाणमेअं ।**
**जाणाह मे जायणजीविणंति, सेसावसेसं लहऊ तवस्सी ॥ १० ॥**

**वितीर्यते खाद्यते भुज्यते च, अन्नं प्रभूतं भवतामेतत् ।**
**जानीत मां याचनजीविनमिति, शेषावशेषं लभतांतपस्वी ॥ १० ॥**

**અર્થ** – આપ લોકોની આ , ઘેબર વગેરે ભોજન સામગ્રી વધુ પ્રમાણની છે. તેમાંથી તમે દીન વિગેરેને આપો છો અને તમે પણ જમો છોઃ તથા તમે પણ નિશ્ચિતરૂપથી સમજજો કે- 'હું યાચનાથી પ્રાપ્ત થયેલ ભોજનથી નિર્વાહ ચલાવું છું.' વિતરણ અને ખાધા બાદ બચેલા અંતપ્રાંત ભોજનના દાનનો લાભ મને આપી તમે પુણ્યનો લાભ ઉઠાવો ! (૧૦-૩૪૭)

**उवक्खंड भोअण माहणाणं, अत्तट्ठिअं सिद्धमिहेगपक्खं ।**
**न हु वयं एरिसमन्नपाणं, दाहामु तुब्भं किमिहं ठिओ असि ॥ ११ ॥**

उपस्कृतं भोजनं ब्राह्मणेभ्यः, आत्मार्थिकं सिद्धमिहैकपक्षम् ।
न तु वयमीदृशमन्नपानं, दास्यामगुभ्यविमिहस्थितोऽसि ॥ ११ ॥

**અર્થ** – યક્ષના કથન બાદ બ્રાહ્મણો જવાબ આપે છે કે-તૈયાર કરવામાં આવેલ અશન-પાનાદિક ભોજન બ્રાહ્મણોને પોતાના માટે જ છે, અર્થાત્ પોતે જ જમે પણ બીજાને આપી શકે નહિ; કેમ કે-આ ભોજન એક બ્રાહ્મણરૂપ પક્ષનું થયેલ છે. આથી અમે આ ભોજન શુદ્ર એવા તને ન જ આપી શકીએ, માટે તું અહીં કેમ ઉભો છે ? (૧૧-૩૪૮)

**थलेसु बीआइं वयंति कासया, तहेव निन्नेसु अ आससाए ।**
**एआए सद्धाए दलाहि मज्झं, आराहए पुन्नमिणं खु खित्तं ॥ १२ ॥**

स्थलेषु बीजानि वपन्ति कर्षकाः, तथैव निम्नेषु च आशंसया ।
एतया श्रद्धया दत्त, मह्यमाराधयेत्पुण्यमिदं खलु क्षेत्रम् ॥ १२ ॥

**અર્થ** – જેમ ખેડુતો, જો ઘણી વૃષ્ટિ થશે તો ઊંચા ભાગોમાં અને થોડી વૃષ્ટિ થશે તો નીચા ભાગોમાં ફલની પ્રાપ્તિ થશે, - આવી ઇચ્છાથી બન્ને સ્થળે મગ વિ. બીજ વાવે છે; તેમ હે બ્રાહ્મણો ! આ ખેડુતની ઇચ્છા સમાન શ્રદ્ધાથી મને આહાર વિ. આપો ! મને આપેલ ભોજન આપને પુણ્ય પ્રાપ્ત કરાવનાર થશે જ. (૧૨-૩૪૯)

**खित्ताणि अम्हं विइआणि लोए, जहिं पकिन्ना विरुहंति पुण्णा ।**
**जे माहणा जाइविज्जोववेआ, ताइं तु खित्ताइं सुपेसलाइं ॥ १३ ॥**

क्षेत्राणि अस्माकं विदितानि लोके, यत्र प्रकीर्णात् विरोहन्ति पुण्यानि ।
ये ब्राह्मणाः जातिविद्योपेतास्तानि, तु क्षेत्राणि सुपेशलानि ॥ १३ ॥

**અર્થ** – આ જગતમાં ક્ષેત્ર સરખા પાત્રો કોણ છે અને કયા પાત્રોમાં અશન વગેરે આપવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે તે અમે જાણીએ છીએ. જે બ્રાહ્મણત્વ જાતિરૂપ જાતિ અને ચૌદ વિદ્યાસ્થાનરૂપ વિદ્યાથી યુક્ત બ્રાહ્મણો જ છે તે પુણ્યક્ષેત્રો છે, પરંતુ તમારા જેવા શુદ્ધ જાતિવાળા અને વિદ્યા વગરના પુણ્યક્ષેત્રો નથી. એ પ્રમાણે બ્રાહ્મણો બોલ્યા. (૧૩-૩૫૦)

**कोहो अ माणो अ वहो अ जेसिं, मोसं अदत्तं च परिग्गहो अ ।**
**ते माहणा जाइविज्जाविहूणा, ताइं तु खेत्ताइं सुपावगाइं ॥ १४ ॥**

क्रोधश्च मानश्च वधश्च येषां, मृषा अदत्तं च परिग्रहश्च ।
ते ब्राह्मणाः जातिविद्याविहीनास्तानि, तु क्षेत्राणि सुपापकानि ॥ १४ ॥

**અર્થ** — હવે યક્ષ કહે છે કે - જેઓની પાસે ક્રોધ, માન, માયા, લોભ, હિંસા, જુઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ છે, એવા તે બ્રાહ્મણો જાતિ વગરના અને વિદ્યાવિહીન છે તથા તે બ્રાહ્મણરૂપ ક્ષેત્રો અત્યંત પાપરૂપ છે. (૧૪-૩૫૧)

**तुब्भेत्थ भो भारहरा गिराणं, अट्ठं न जाणाह अहिज्ज वेए ।**
**उच्चावयाइं मुणिणो चरंति, ताइं तु खेत्ताइं सुपेसलाइं ॥ १५ ॥**

**यूयमऽत्र भोः ! भारधरा गिरामर्थं न जानीथाधीत्य वेदान् ।**
**उच्चावचानि मुनयश्चरन्ति, तानि तु क्षेत्राणि सुपेशलानि ॥ १५ ॥**

**અર્થ** — વળી આગળ યક્ષ કહે છે કે-વેદોનો અભ્યાસ કરવા છતાં તેના વાસ્તવિક અર્થને જાણતા નહિ હોવાથી તમે માત્ર વેદ-વાણીના ભારને જ ધારણ કરનારા છો. જે મુનિઓ ષડ્જીવનિકાય જીવોના રક્ષણાર્થે વિવિધ ઘરોમાં ભિક્ષા માટે પર્યટન કરે છે, તે જ વેદના સાચા અર્થને જાણે છે અને તેથી જ તે મુનિરૂપ ક્ષેત્રો અત્યંત પુણ્યજનક છે. (૧૫-૩૫૨)

**उवज्झायाणं पडिकूलभासी, पभाससे किं नु सगासि अम्हं ।**
**अवि एअं विणस्स-उ अण्णपाणं, न य णं दाहामु तुमं नियंठा ॥ १६ ॥**

**अध्यापकानां प्रतिकूलभाषी, प्रभाषसे किं नु सकाशेऽस्माकम् ।**
**अप्येतद् विनश्यतु अन्नपानं, न च खलु दास्यामो तुभ्यं निर्ग्रन्थ ! ॥ १६ ॥**

**અર્થ** — આ પ્રમાણે અધ્યાપકના વચનનું ખંડન થતું જોઈ, તેમના છાત્રો કહે છે કે-અમારા અધ્યાપકોની સામે તમે વિરૂદ્ધ કેમ બોલો છો ? તેથી તમને ધિક્કાર છે. અમારી સમક્ષ અમારા અધ્યાપકોનું અપમાન અમે કેમ સહન કરી શકીએ ? ભલે અમારૂં આ અન્નપાન ખરાબ થઈ જાય. હે નિર્ગ્રંથ ! તમને આ અન્નપાન જરા પણ આપીશું નહિ. કેમ કે-તમો અમારા ગુરુના શત્રુ છો. (૧૬-૩૫૩)

**समिईहिं मज्झ सुसमाहिअस्स, गुत्तीहिं गुत्तस्स जीइंदिअस्स ।**
**जइ मे न दाहित्थ अहेसणिज्जं, किमज्ज जन्नाण लभित्थ लाभम् ॥ १७ ॥**

**समितिभिर्मह्यं सुसमाहिताय, गुप्तिभिर्गुप्ताय जितेन्द्रियाय ।**
**यदि मे न दास्यथ अथैषणीयं, किमद्य यज्ञानां लप्स्यध्वे लाभम् ॥ १७ ॥**

**અર્થ** — હવે યક્ષ જવાબ આપે છે કે-ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિઓથી સારી રીતિએ સમાધિસંપન્ન, મનોગુપ્તિ વગેરે ત્રણ ગુપ્તિઓથી યુક્ત અને જિતેન્દ્રિય એવા મને, નિર્દોષ આહારને જે કારણે આપવાનો ઈન્કાર કરી રહ્યા છો, તે કારણથી આ વખતે યજ્ઞનો પુણ્યપ્રાપ્તિરૂપ લાભ તમો શું પામી શકશો ખરા કે ? (૧૭-૩૫૪)

**के इत्थ खत्ता उवजोइआ वा, अज्झावया वा सह खंडिएहिं ।**
**एअं खु दंडेण फलेण हंता, कंठम्मि घित्तूण खलेज्ज जो णं ॥ १८ ॥**

**केऽत्र क्षत्रा उपज्योतिष्का वा, अध्यापका वा सह खण्डिकैः ।**
**एवं खलु दण्डेन फलेन हत्वा, कण्ठे गृहीत्वा स्खलयेयुर्ये खलु ॥ १८ ॥**

**अर्थ** – હવે અધ્યાપક પડકાર કરે છે કે-કોઈ આ યજ્ઞમંડપમાં ક્ષત્રિય જાતિના પુરુષો, અગ્નિની પાસે રહેનાર હવન કરનારા પુરુષો અથવા છાત્રોથી પરિવરેલા અધ્યાપકો છે ? ક્ષત્રિય કે છાત્રોની સાથે મળીને કોઈ અધ્યાપક, આ નિર્ગ્રંથ સાધુને લાકડી વગેરે દંડથી, બીલફળો અથવા કુણીઓથી કે મુઠ્ઠીઓથી મારીને તેમ જ ગળચી પકડીને આ યજ્ઞમંડપમાંથી બહાર-દૂર ધકેલી મૂકે ! (૧૮-૩૫૫)

**अज्झावयाणं वयणं सुणित्ता, उद्धाइआ तत्थ बहू कुमारा ।**
**दंडेहिं वेत्तेहिं कसेहिं चेव, समागया तं इसिं तालयंति ॥ १९ ॥**

**अध्यापकानां वचनं श्रुत्वा, उद्धावितास्तत्र बहवः कुमाराः ।**
**दण्डैर्वेत्रैः कशाभिश्चैव, समागतास्तमृषिं ताडयन्ति ॥ १९ ॥**

**अर्थ** – અધ્યાપકના આવા વચનને સાંભળી છાત્ર વગેરે ઘણા કુમારો જોરથી દોડ્યા, અને 'અહો ! આ ઠીક રમકડું આવ્યું છે' - એમ માની દંડાઓ, નેતરની સોટીઓ અને ચાબુકોના કોરડાઓથી તે મુનિને પાસે આવીને માર મારે છે. (૧૯-૩૫૬)

**रण्णो तहिं कोसलिअस्स धूया, भद्दत्ति नामेण अणिंदिअंगी ।**
**तं पासिआ संजयं हम्ममाणं, कुद्धे कुमारे परिनिव्ववेइ ॥ २० ॥**

**राज्ञस्तत्र कौसलिकस्य दुहिता, भद्रेति नाम्ना अनिन्दिताङ्गी ।**
**तं दृष्ट्वा संयतं हन्यमानं, कुद्धान् कुमारान् परिनिर्वापयति ॥ २० ॥**

**अर्थ** – તે યજ્ઞશાલામાં કૌશલિક રાજાની વિશિષ્ટ સૌન્દર્યવંતી ભદ્રા નામની પુત્રી, સંયમધર મુનિને કુમારો વડે માર મરાતા જોઈને કોપિત થયેલ કુમારોને શાંત કરે છે. (૨૦-૩૫૭)

**देवाभिओगेण निओइएणं, दिन्नामु रण्णा मणसा न झाया ।**
**नरिंददेविंदऽभिवंदिएणं, जेणामि वंता इसिणा स एसो ॥ २१ ॥**

**देवाभियोगेन नियोजितेन, दत्तास्मि राज्ञा मनसा न ध्याता ।**
**नरेन्द्रदेवेन्द्राभिवन्दितेन, येनास्मि वान्ता ऋषिणा स एषः ॥ २१ ॥**

**અર્થ** – તે કુમારોને શાંત કરતાં તથા મુનિના પ્રભાવ અને નિઃસ્પૃહતાની પ્રશંસા કરતાં ભદ્રા કહે કે-દેવના બલાત્કારને વશ બનેલા કૌશલિક રાજાએ (મારા પિતાએ) મને પહેલાં જે મુનિરાજને આપેલ હતી, પરંતુ જેમણે મને મનથી પણ ઇચ્છી નથી, તે આ જ મુનિરાજ છે. નરેન્દ્ર-દેવેન્દ્રવંદિત આ મુનિરાજે મારો ત્યાગ કરેલ છે. તેઓના ઉપર તમે જે કદર્થના આરંભી છે તે જરાય ઉચિત નથી. (૨૧-૩૫૮)

**एसो हु सो उग्गतवो महप्पा, जिइंदिओ संजओ बंभयारी ।**
**जो मे तया निच्छइ दिज्जमाणिं, पिउणा सयं कोसलिएण रन्ना ॥ २२ ॥**

**एष खलु स उग्रतपा महात्मा, जितेन्द्रियः संयतो ब्रह्मचारी ।**
**यो मां तदा नेच्छति दीयमानां, पित्रा स्वयं कोसलिकेन राज्ञा ॥ २२ ॥**

**અર્થ** – આ તે જ ઉગ્ર તપસ્વી-મહાત્મા-જિતેન્દ્રિય-સંયમધારી અને બ્રહ્મચારી છે, કે જેમણે તે વખતે સ્વયં કૌશલિક રાજાવડે અર્પણ કરાતી એવી મારી ઇચ્છા સરખી પણ કરી નહોતી. (૨૨-૩૫૯)

**महाजसो एस महाणुभागो, घोरव्वओ घोरपरक्कमो अ ।**
**मा एअं हीलह अहीलणिज्जं, मा सव्वे तेएण भे णिद्दहिज्जा ॥ २३ ॥**

**महायशा एष महानुभागो, घोरव्रतो घोरपराक्रमश्च ।**
**मैनं हीलयताहीलनीयं, मा सर्वान्तेजसा भवतो निर्द्धाक्षीत् ॥ २३ ॥**

**અર્થ** – મહા યશસ્વી આ મુનિ, અતિશય અચિંત્ય શક્તિવાળા, દુર્ધર મહાવ્રતોને ધારણ કરનાર તેમજ કષાય વગેરે શત્રુઓના જય પ્રતિ ભયંકર સામર્થ્યવાળા છે, જેથી તમો આવા સન્માનનીય મુનિની હિલના કરો નહિ ! જો તમે તેઓને હિલના કરી રૂષ્ટ બનાવશો, તો તે મુનિ તેમના તપતેજથી તમોને બાળી મૂકશે, માટે કદર્થના કરવી છોડી દો ! (૨૩-૩૬૦)

**एयाइं तीसे वयणाइं सुच्चा, पत्तीइ भद्दाइ सुभासिआइं ।**
**इसिस्स वेआवडिअट्ठयाए, जक्खा कुमारे विनिवारयंति ॥ २४ ॥**

**एतानि तस्याः वचनानि श्रुत्वा, पत्न्या भद्रायाः सुभाषितानि ।**
**ऋषेर्वैयावृत्त्यार्थं, यक्षा कुमारान् विनिवारयन्ति ॥ २४ ॥**

**અર્થ** – રુદ્રદેવ પુરોહિતની ભાર્યા ભદ્રાના (રાજપુત્રી) સારી રીતિએ કહેવાયેલા પૂર્વોક્ત વચનોને સાંભળી, ઋષિરાજની વૈયાવૃત્ય માટે યક્ષો, ઉપદ્રવ કરતા કુમારોને અટકાવે છે. (૨૪-૩૬૧)

**ते घोररूवा ठिअ अंतलिक्खे, असुरा तहिं तं जणं तालयंति ।**
**ते भिन्नदेहे रुहिरं वमंते, पासित्तु भद्दा इणमाहु भुज्जो ॥ २५ ॥**

**ते घोररूपा स्थिता अन्तरिक्षे, असुरास्तत्र तं जनं ताडयन्ति ।**
**तान् भिन्नदेहान् रुधिरं वमतो, दृष्ट्वा भद्रेदमाहुर्भूयः ॥ २५ ॥**

**અર્થ –** હવે તે ભયંકર આકારધારી યક્ષો આકાશમાં રહેવા છતાં, તે યજ્ઞમંડપમાં મુનિરાજ ઉપર ઉપદ્રવ કરનાર જનને મારે છે. યક્ષોના પ્રહારોથી કુમારોના શરીરનું વિદારણ થયું અને લોહી વમતા કુમારોને જોઈ ભદ્રા, નીચે જણાવેલ વચનને ફરીથી કહે છે. (૨૫-૩૬૨)

**गिरिं नहेहिं खणह, अयं दंतेहिं खायह ।**
**जायतेअं पाएहिं हणह, जे भिक्खुं अवमन्नह ॥ २६ ॥**

**गिरिं नखैः खनथ, अयो दन्तैः खादथ ।**
**जाततेजसं पादैः हन्यथ, ये भिक्षुमवमन्यध्वे ॥ २६ ॥**

**અર્થ –** જે લોકોએ આ મુનિની હિલના કરી છે, તેઓ સમજી લે કે-તમે લોકોએ પર્વતને નખો વતી ખોદવા જેવું, લોઢાને દાંતોથી ચાવવા જેવું અને જાજ્વલ્યમાન અગ્નિને પગોથી લાત મારવા જેવું કૃત્ય કરેલ છે; અર્થાત્ સાધુનું અપમાન અનર્થ ફલ આપનાર બને એમાં શંકા નથી. (૨૬-૩૬૩)

**आसीविसो उग्गतवो महेसी, घोरव्वओ घोरपरक्कमो अ ।**
**अगणिं व पक्खंद पयंगसेणा, जे भिक्खुअं भत्तकाले वहेह ॥ २७ ॥**

**आशीविष उग्रतपा महर्षिः, घोरव्रतो घोरपराक्रमश्च ।**
**अग्निमिव प्रस्कन्दथ पतङ्गसेना, ये भिक्षुं भक्तकाले विध्यथ ॥ २७ ॥**

**અર્થ –** આ મુનિરાજ શાપ અને અનુગ્રહ કરવામાં સમર્થ આશીર્વિષ લબ્ધિવાળા છે, કેમ કે-તેઓ ઉગ્ર તપસ્વી, ઘોર મહાવ્રતી અને ઘોર પરાક્રમી છે. આવા તપતેજવાળા મુનિને તમે લોકોએ ભોજનવેળાએ આહારદાન ન કરતાં માર માર્યો છે, જેથી તમોએ અગ્નિમાં પડતી પતંગીયાઓની શ્રેણી એકદમ વિનાશને નોતરે તેમ વિનાશ નોતર્યો છે, એમ કહેવું એ અતિશયોક્તિભર્યું નથી. (૨૭-૩૬૪)

**सीसेण एअं सरणं उवेह, समागया सव्वजणेण तुब्भे ।**
**जइ इच्छह जीविअं वा धणं वा, लोअंपि एसो कुविओ डहेज्जा ॥ २८ ॥**

**शीर्षेण एतं शरणं उपेत, समागताः सर्वजनेन यूयम् ।**
**यदीच्छत जीवितं वा धनं वा, लोकमपि एष कुपितो दहेत् ॥ २८ ॥**

અર્થ – જો તમો તમારા જીવન અથવા ધનની સલામતી ઇચ્છતા હો, તો તમારૂં કર્તવ્ય એ છે કે-અહીં મળેલા તમે બધા સર્વ જનોને સાથે લઈ, મસ્તક ઝુકાવી આ મુનિરાજની શરણાગતિ સ્વીકારો ! જો તમો શરણું નહિ સ્વીકારો, તો આ કુપિત મુનિ, જગતને પણ ભસ્મસાત્ કરે તેવા શક્તિશાળી છે, એ સમજજો. (૨૮-૩૬૫)

**अवहेडिअ पिट्ठ सउत्तभंगे, पसारिआबाहु अकम्मचिट्ठे ।**
**निब्भेरितच्छे रुहिरं वमंते, उड्ढंमुहे निग्गय जीहनेत्ते ॥ २९ ॥**

**ते पासिआ खंडिअ कट्ठमूए, विमण्णो विसण्णो अह माहणो सो ।**
**इसिं पसादेति सभारिआओ, हीलं च निंदं च खमाह भंते ! ॥ ३० ॥ युग्मम् ॥**

**अवहेठितपृष्ठसदुत्तमाङ्गाः, प्रसारितबाहूकर्मचेष्टाः ।**
**प्रसारितान्यक्षीणि रुधिरं वमतः, उर्द्धमुखान् निर्गतजिह्वानेत्रान् ॥ २९ ॥**

**तान् दृष्ट्वा खण्डिकान् काष्ठभूतान्, विमना विषण्णः अथ ब्राह्मणः सः ।**
**ऋषिं प्रसादयति सभार्याको, हीलां च निंदां च क्षमध्वं भदन्त ! ॥ ३० ॥ युग्मम् ॥**

અર્થ – જેમની પીઠ તથા સારા માથાઓ નીચે નમી ગયેલ છે, અગ્નિમાં લાકડાં હોમવા વગેરેરૂપ ક્રિયા વગરના જેમના હાથો ફેલાયેલા પડેલાં છે, જેમની આંખો ફાટ-ફાટ થઈ રહી છે, જે લોહી વમતા તેમજ ઊંચા મુખવાળા છે અને જેમની જીભ અને આંખો બહાર નીકળી પડી છે; આવા બદ હાલતવાળા તે બ્રાહ્મણોને તથા લાકડા જેવા અત્યંત નિશ્ચેષ્ટ છાત્રોને જોઈને, આ કેવી રીતિએ સાજા થશે-એવી ચિંતામાં ડૂબેલ તે અધ્યાપક, આ બધું જોયા પછી પોતાની પત્ની ભદ્રાની સાથે રૂદ્રદેવ પુરોહિત, મુનિને પ્રસન્ન કરવા લાગ્યા; અને કહેવા લાગ્યા કે-હે ભગવાન ! સશિષ્ય અમારા તરફથી આપની અવજ્ઞા, દોષ પ્રગટ કરવારૂપ નિંદા, તાડન વિ. જે થયેલ છે, તેની હું માફી માગું છું. આપ તેની ક્ષમા કરો ! માફી આપો ! (૨૯+૩૦, ૩૩૬+૩૬૭)

**बालेहिं मूढेहिं आयाणएहिं, जं हीलीआ तस्स खमाह भंते ।**
**महप्पसाया इसिणो हवंति, न हु मुणी कोवपरा हवंति ॥ ३१ ॥**

**बालैः मूढैः अजानद्भि, यत् हीलिताः तत् क्षमध्वं भदन्त ! ।**
**महाप्रसादा ऋषयो भवन्ति, न खलु मुनयः कोपपरा भवन्ति ॥ ३१ ॥**

અર્થ – વળી હે મુનિ ! બાલ્ય અવસ્થાના કારણે તેમજ કષાયના ઉદયથી ભાન ભૂલેલા અને હિતાહિતના વિવેક વગરના આ મારા છાત્રોએ આપની ખૂબ હિલના કરેલ છે. પ્રભો ! આપ તેઓને ક્ષમા આપો ! કેમ કે-આ છોકરાઓ

મૂઢ હોઈ સજ્જનોને કોપ યોગ્ય નથી, પરંતુ દયાપાત્ર છે. વળી ઋષિઓ હંમેશાં શત્રુ, અપરાધી અને અપમાનીઓ ઉપર કૃપાવંત હોય છે. તેઓ કદિ પણ કોપવંત થતા નથી. (૩૧-૩૬૮)

**पुव्विं च इण्हिं च अणागयं च, मणप्पओसो न मे अत्थि कोई ।**
**जक्खा हु वेआवडीअं करेन्ति, तम्हा हु एए निहया कुमारा ॥ ३२ ॥**

**पूर्वे चेदानीं चानागते च, मनःप्रद्वेषो न मे अस्ति कोऽपि ।**
**यक्षाः खलु वैयावृत्यं कुर्वन्ति, तस्मात्खलु एते निहताः कुमाराः ॥ ३२ ॥**

**अर्थ** – મુનિરાજે જણાવ્યું કે-હે પુરોહિત ! પહેલાં મારા મનમાં જરા પણ દ્વેષ હતો નહીં, હમણાં નથી અને ભવિષ્યમાં થશે નહીં. તો તમને પ્રશ્ન થશે કે-આ છાત્રોની આવી સ્થિતિ કેમ થઈ ? તો આનો ખુલાસો એવો છે કે-જે યક્ષલોકો મારી સેવામાં છે, તે સેવક યક્ષોએ મારી હિલના કરનાર તમારા છાત્રોને શિક્ષા કરેલ છે. એમાં મારો દ્વેષ કારણભૂત નથી. (૩૨-૩૬૯)

**अत्थं च धम्मं च विआणमाणा, तुब्भे णवि कुप्पह भूइप्पण्णा ।**
**तुब्भं तु पाए सरणं उवेमो, समागया सव्वजणेण अम्हे ॥ ३३ ॥**

**अर्थं च धर्मं च विजानन्तो, यूयं नापि कुप्यथ भूतिप्रज्ञाः ।**
**युष्माकं तु पादौ शरणं उपेमः, समागताः सर्वजनेन वयम् ॥ ३३ ॥**

**अर्थ** – હવે મુનિશ્રીના ગુણોથી આકર્ષાયેલા અધ્યાપક વિ. કહે છે કે-શાસ્ત્રોના રહસ્ય, ક્ષમા વિ. અને સાધુધર્મને વિશેષથી જાણનારા આપ કદી કોપ કરો જ નહીં. સર્વ મંગલ, વૃદ્ધિ અને સર્વજીવસંરક્ષણથી વિશિષ્ટ આપ બુદ્ધિસંપન્ન છો, તેથી અમે બધાં ભેગા થયેલા સર્વજનોની સાથે આપ પૂજ્યના ચરણકમલનું શરણ સ્વીકારીએ છીએ. (૩૩-૩૭૦)

**अच्चेमु ते महाभाग !, न ते किंचि न अच्चिमो ।**
**भुंजाहि सालिमं कूरं, नाणावंजणसंजुअं ॥ ३४ ॥**

**अर्चयामः त्वां महाभाग !, न तव किञ्चिन्न अर्चयामः ।**
**भुङ्क्ष्व शालिमयं कूरं, नानाव्यञ्जनसंयुतम् ॥ ३४ ॥**

**अर्थ** – હે મહાભાગ ! અમે આપની પૂજા કરીએ છીએ, આપની ચરણધૂલી વિ. જે કાંઈ છે તે અમારે સઘળું પૂજ્ય છે-અપૂજનીય નથી, તેમજ આ યજ્ઞમંડપમાંથી નાના વ્યંજનરૂપ દહીં વિ. થી સંયુક્ત ચોખાનું ભોજન ગ્રહણ કરીને આપ આહાર કરો ! (૩૪-૩૭૧)

**इमं च मे अत्थि पभूअमन्नं, तं भूंजसू अम्हमणुग्गहट्ठा ।**
**बाढंति पडिच्छइ भत्तपाणं, मासस्स उ पारणए महप्पा ! ॥ ३५ ॥**

**इदं च ममाऽस्ति प्रभूतमन्नं, तत् भुङ्क्ष्व अस्माकमनुग्रहार्थम् ।**
**बाढमिति प्रतिच्छति भक्तपानं, मासस्यैव पारणकं ह्यत्मा ॥ ३५ ॥**

**अर्थ –** આ પ્રત્યક્ષ દેખાતા મારા માલપૂડા વિ. ઘણા ભોજનને અમારા ઉપર કૃપા કરીને આપ ગ્રહણ કરી વાપરો ! આ પ્રકારની તેની ભક્તિ-વિનંતિ જોઈ, તે મહાત્માએ, માસખમણના પારણાના દિવસે 'ભલે એમ હો' - એમ કહીને, દ્રવ્યાદિથી શુદ્ધ આહારને પુરોહિત પાસેથી સ્વીકાર કર્યો. (૩૫-૩૭૨)

**तहिअं गंधोदयपुप्फवासं, दिव्वा तहिं वसुहारा य वुट्ठा ।**
**पहयाओ दुंदुहीओ सुरेहिं, आगासे अहो दाणं च धुट्ठं ॥ ३६ ॥**

**तत्र गन्धोदकपुष्पवर्षं, दिव्या तत्र वसुधारा च वृष्टा ।**
**प्रहत्ता दुन्दुभिमयः सुरैः, आकाशे अहो दानं च धुष्टम् ॥ ३६ ॥**

**अर्थ –** જ્યારે મુનિશ્રીએ વહોર્યું, તે સમયે યજ્ઞમંડપમાં દેવોએ સુગંધીદાર જલ અને પુષ્પોનો વરસાદ વરસાવ્યો અને શ્રેષ્ઠ સોનૈયાની ધારાબંધ વૃષ્ટિ કરી, તેમ જ દુંદુભિઓ બજાવી અને આકાશમાં 'અહો દાનં-અહો દાનં'ની ઉદ્‌ઘોષણા કરી. (૩૬-૩૭૩)

**सक्खं खु दीसइ तवोविसेसो, न दीसई जाइविसेसु कोई ।**
**सोवागपुत्तं हरिएस साहुं, जस्सेरिसा इड्ढि महाणुभागा ॥ ३७ ॥**

**साक्षादेव दृश्यते तपोविशेषः, न दृश्यते जातिविशेषः कोऽपि ।**
**श्वपाकपुत्रं हरिकेशसाधुं, यस्येदृशी ऋद्धिर्महानुभागा ॥ ३७ ॥**

**अर्थ –** તે જોઈને આશ્ચર્યચકિત બનેલા બ્રાહ્મણો પણ આ પ્રમાણે બોલે છે કે-ખરેખર સાક્ષાત્ તપનું માહાત્મ્ય જ દેખાય છે, પરંતુ જાતિનું થોડું પણ માહાત્મ્ય દેખાતું નથી; કારણ કે-ચંડાલ પુત્ર હરિકેશ સાધુને તમે આંખો ખોલી જુઓ, કે જે મુનિની પાસે દેવસાન્નિધ્યરૂપી અત્યંત માહાત્મ્યવાળી ઋદ્ધિ છે. (૩૭-૩૭૪)

**किं माहणा जोई समारभंता, उदएण सोहिं बहिआ विमग्गह ।**
**जं मग्गहा बाहिरिअं विसोहिं, न तं सुदिट्ठं कुसला वयंति ॥ ३८ ॥**

**किं ब्राह्मणाः ज्योतिः समारभमाणाः, उदकेन शोधिं बाह्यां विमार्गयथ ।**
**यद् मार्गयथ बाह्यां विशुद्धिं, न तत् सुदृष्टं कुशला वदन्ति ॥ ३८ ॥**

**अर्थ –** અગ્નિનો આરંભ કરી યજ્ઞને કરનારા હે બ્રાહ્મણો ! શું તમે ફક્ત જલ દ્વારા બાહ્ય વિશુદ્ધિની ઇચ્છા કરી રહ્યા છો ? જો હા, તો તે ઠીક

નથી; કેમ કે-તત્ત્વજ્ઞાની પુરુષો માત્ર શરીરની શુદ્ધિરૂપ બાહ્યશુદ્ધિને મોક્ષદાયક-આત્મિક શુદ્ધિકારક કહેતા નથી. (૩૮-૩૭૫)

**कुसं च जूवं तणकट्ठमग्गिं, सायं च पायं उदयं फुसंता ।**
**पाणाइं भूआइं विहेडयंता, भुज्जोवि मंदा पकरेह पावं ॥ ३९ ॥**

**कुशं च यूपं तृणकाष्ठमग्निं, सातं च प्रातरुदकं स्पृशन्तः ।**
**प्राणिनो भूतान् विहेठमानाः, भूयोऽपि मन्दा प्रकुरुथ पापम् ॥ ३९ ॥**

**અર્થ –** દર્ભ, યજ્ઞસ્તંભ, વીરણ વિ. તૃણ, લાકડાં અને અગ્નિનો સંચય કરનારા, તેમજ પ્રભાતે અને સંધ્યાકાલે સ્નાન વિ. ક્રિયા કરનારા, બેઇન્દ્રિય જીવો, પૃથ્વી-અપ-તેજસ-વનસ્પતિકાય વિ. જીવોની હિંસા કરવા દ્વારા મૂર્ખતાવાળા તમે ઉત્કૃષ્ટ પાપકર્મ ભેગું કરો છો. (૩૯-૩૭૬)

**कहं चरे भिक्खु वयं जयामो, पावाइं कम्माइं पणोल्लयामो ।**
**अक्खाहि णो संजय जक्खपूइआ, कहं सुइट्ठं कुसला वयन्ति ॥ ४० ॥**

**कथं चरामो भिक्षो ! वयं जयामो, पापानि कर्माणि प्रणुदामः ।**
**आख्याहि नो संयत यक्षपूजित !, कथं स्विष्टं कुशला वदन्ति ॥ ४० ॥**

**અર્થ –** હે ભગવાન્ ! આપ કહો છો કે-અમે કેવી રીતિએ યજ્ઞ માટે પ્રવૃત્તિ તથા યજ્ઞને કરીએ ?, કે જેથી પાપ કર્મોને દૂર કરી શકીએ. હે યક્ષપૂજિત ! સંયમધર ! અમે જે યજ્ઞ પ્રારંભ્યો તે તો આપે દોષિત દર્શાવ્યો, તો અમોને બીજા કોઈ યજ્ઞનો ઉપદેશ આપો ! તત્ત્વજ્ઞોને પુણ્યયજ્ઞ જે સારી રીતિએ ઈષ્ટ છે, તે કૃપા કરી દર્શાવો ! (૪૦-૩૭૭)

**छज्जीवकाए असमारभंता, मोसं अदत्तं च असेवमाणा ।**
**परिग्गहं इत्थिओ माणमाय, एअं परिण्णाय चरंति दंता ॥ ४१ ॥**

**षड्जीवकायानसमारभमाणा, मृषां अदत्तं चासेवमाना ।**
**परिग्रहं स्त्रियो मानंमायां, एतत्परिज्ञाय चरन्ति दान्ताः ॥ ४१ ॥**

**અર્થ –** પૃથ્વીકાય વિ. ષડ્જીવનિકાયની અહિંસાનું પાલન કરનારા તેમ જ અસત્ય અને ચોરીને નહીં આચરનારા, મૂર્છારૂપ પરિગ્રહને, સ્ત્રીઓને, માન વિ. ચાર કષાયોને અર્થાત્ આ સઘળાયને જ્ઞપરિજ્ઞાથી આ પાપનું બીજ છે-એમ જાણી, પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી છોડીને જિતેન્દ્રિય પુરુષો યજ્ઞમાં પ્રવૃત્તિ કરે છે; અર્થાત્ તત્ત્વજ્ઞ પુરુષો અહિંસાદિ પ્રધાન યજ્ઞમાં પ્રવૃત્તિ કરવી એમ ઇચ્છે છે. (૪૧-૩૭૮)

**सुसंवुडा पंचहिं संवरेहिं, इह जीविअं अणवकंखमाणा ।**
**वोसट्ठकाया सुइचत्तदेहा महाजयं जयई जण्णसिट्ठं ॥ ४२ ॥**

**सुसंवृताः पञ्चभिः संवरैः, इह जीवितमनवकांक्षन्तः ।**
**व्यत्सृष्टकायाः शुचित्यक्तदेहाः, महाजयं यजन्ति यज्ञश्रेष्ठम् ॥ ४२ ॥**

**અર્થ –** પ્રાણાતિપાતવિરમણ વિ. પંચ મહાવ્રતોરૂપ સંવરોથી આશ્રવદ્વારોને સ્થગિત કરનારા, આ જન્મ કે પરલોકમાં અસંયમી જીવનને નહીં ઇચ્છનારા, પરિષહો અને ઉપસર્ગોને સહન કરનારા હોઈ સર્વથા કાયાને છોડનારા તથા નિરતિચાર મહાવ્રતોના પાલક હોઈ પરમ પવિત્ર અને કાયાના સંસ્કારોને છોડનારા, કર્મરૂપી શત્રુઓના પરાજયરૂપ મહાજય જયાં છે. એવા યજ્ઞને સાધુપુરુષો કરે છે. આથી આપ લોકો શ્રેષ્ઠ યજ્ઞને કરો, કે જેથી પાપકર્મોનો જલ્દી વિધ્વંસ થાય ! (૪૨-૩૭૯)

**के ते जोई किं व ते जोइठाणं, का ते सुआ किं व ते कारिसंगं ।**
**एहा य ते कयरा संति भिक्खू, कयरेण होमेण हुणासि जोइं ॥ ४३ ॥**

**किं ते ज्योतिः ? किं वा ते ज्योतिः स्थानं ?, कास्ते स्रुचो किं वा ते करीषाङ्गम् ।**
**एधाश्च ते कतरा शान्तिर्भिक्षो !, कतरेण होमेन जुहोषि ज्योतिः ॥ ४३ ॥**

**અર્થ –** આપે જે શ્રેષ્ઠ યજ્ઞ દર્શાવ્યો, તો કહો કે-આપના યજ્ઞનો અગ્નિ કેવો છે ?, અગ્નિકુંડ કેવો છે ?, ઘી વિ. નાખવાના સાધનરૂપ કડછી વિ. કેવા છે ?, અગ્નિને પ્રદીપ્ત કરવાના સાધનરૂપ સુકા છાણના ટુકડાના સ્થાને કોણ છે ? જેથી અગ્નિ પ્રજ્વલિત થાય છે તે ઇંધનસ્વરૂપ કોણ છે ?, પાપના ઉપશમમાં હેતુ-અધ્યયન-પદ્ધતિરૂપ શાન્તિના સ્થાનમાં કોણ છે ? અને જે વડે અગ્નિને તર્પણ કરવામાં આવે છે તે આહુતિઓના સ્થાનમાં કયી વસ્તુ છે ? (૪૩-૩૮૦)

**तवो जोई जीवो जोइठाणं, जोगा सुआ सरीरं कारिसंगं ।**
**कम्मे इहा संजमजोगसंति, होमं हुणामि इसिणं पसत्थं ॥ ४४ ॥**

**तपो ज्योतिर्जीवो ज्योतिः स्थानं, योगा स्रुचः शरीरं करीषांगम् ।**
**कर्म एधाः संयमयोगाः शान्तिः, होमेन जुहोमिऋषीणां प्रशस्तम् ॥ ४४ ॥**

**અર્થ –**બાહ્ય અને અભ્યંતરરૂપ બે ભેદવાળો તપ અહીં અગ્નિસ્થાને છે, કેમકે-તે કર્મરૂપી ભાવકાષ્ઠોને બાળે છે. અગ્નિનો આધાર જીવ છે. કેમકે-તપનો આશ્રય જીવ છે. મન-વચન-કાયાના યોગો સ્રુચાનાસ્થાને છે, કેમ કે-આ યોગો દ્વારા ઘીના સ્થાનરૂપ શુભ વ્યાપાર, કે જે તપરૂપી અગ્નિને પ્રદીપન કરવામાં હેતુ છે. છાણાના સ્થાને શરીર છે. કેમ કે-શરીરથી તપ સાધ્ય બને છે. કાષ્ઠના સ્થાનમાં કર્મ છે, કેમ કે-તપથી તે ભસ્મીભૂત થાય છે. શાન્તિના

સ્થાને સંયમવ્યાપારો છે, કેમ કે-તેથી સર્વ જીવોના ઉપદ્રવ-ભય દૂર કરી શકાય છે. અહિંસાના કારણે વિવેકથી પ્રશંસિત ઋષિ સંબંધી સમ્યગ્ચારિત્રરૂપ હોમ-આહુતિથી વિશિષ્ટ યજ્ઞને હું કરું છું. (૪૪-૩૮૧)

**के ते हरए के अ ते संतितित्थे, कहिंसि ण्हाओ व रयं जहासि ।**
**अक्खाहि णो संजयजक्खपूइआ, इच्छामु नाउं भवओ सगासे ॥ ४५ ॥**

**कस्तेह्र दो ? किं च ते शान्त्यै तीर्थं ?, कस्मिन् स्नातः वा रजः जहासि ।**
**आचक्ष्व नो संयत यक्षपूजित !, इच्छामो ज्ञातुं भवतः सकाशे ॥ ४५ ॥**

**અર્થ** – યજ્ઞની વિધિ અને સ્વરૂપ સાંભળી બ્રાહ્મણો સ્નાનના સ્વરૂપને પૂછે છે કે-હે મુનિવર ! આપના મતે જલાશય કયું છે ?, પાપોપશમ માટે કયું તીર્થ છે ?, અથવા કયા સ્થાનમાં સ્નાન કરી પવિત્ર બનેલા આપ ધૂળ જેવા કર્મનો ત્યાગ કરો છો ? હે યક્ષપૂજિત સંયત ! આપની પાસેથી આ સર્વ જાણવા સારૂ અમે ઇચ્છીએ છીએ, માટે આપ કૃપા કરી અમોને કહો ! (૪૫-૩૮૨)

**धम्मे हरए बंभे संतितित्थे, अणाइले अत्तपसन्नलेसे ।**
**जहिंसि ण्हाओ विमलो विसुद्धो, सुसीतिभूओ पजहामि दोसं ॥ ४६ ॥**

**धर्मः, ह्रदः ब्रह्म शान्तितीर्थं, अनाविले आत्मप्रसन्नलेश्यम् ।**
**यस्मिन् स्नातो विमलो विशुद्धः, सुशीतीभूतो प्रजहामि दोषम् ॥ ४६ ॥**

**અર્થ** – અહિંસા વિ. રૂપ ધર્મ એ જલાશય છે. શાન્તિતીર્થસ્થાન એ બ્રહ્મચર્ય છે. આ અધિકૃત હ્રદશાંતિતીર્થ અત્યંત નિર્મલ હોઈ, આત્માની પ્રસન્ન-પ્રશસ્ત પીત-પદ્મ-શુક્લમાંથી કોઈ એક લેશ્યાવાળું છે. આ તીર્થમાં સ્નાન કરી ભાવમલ વગરનો-કલંક વગરનો બની, રાગ વિ. ના પ્રચંડ તાપથી મુક્ત થઈ, કર્મ નામના દોષને સર્વથા હું છોડું છું. (૪૬-૩૮૩)

**एअं सिणाणं कुसलेहिं दिट्ठं, महासिणाणं इसिणं पसत्थं ।**
**जहिंसि णाया विमला विशुद्धा, महारिसी उत्तमठाणं पत्त त्तिबेभि ॥ ४७ ॥**

**एतत् स्नानं कुशलैर्दृष्टं, महास्नानं ऋषीणां प्रशस्तं ।**
**येन स्नाता विमला विशुद्धा, महर्षयः उत्तमस्थान प्राप्ता इति ब्रबीमि ॥ ४७ ॥**

**અર્થ** – આ પૂર્વોક્ત સ્નાન તત્ત્વજ્ઞોએ જોયેલ છે-કહેલ છે. આ જ મહાસ્નાન સકલમલાપહારી હોઈ મહર્ષિઓની પ્રશંસાને પામે છે. આ સ્નાનથી વિમલ-વિશુદ્ધ બનેલા મહર્ષિઓ મુક્તિરૂપ ઉત્તમ સ્થાનમાં ગયા છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૪૭-૩૮૪)

**॥ બારમું શ્રી હરિકેશીધ્યાયન સંપૂર્ણ ॥**

# શ્રી ચિત્રસંભૂતાધ્યયન-૧૩

**जाई पराजिओ खलु, कासि निआणं तु हत्थिण पुरंमि ।**
**चुलणीइ बंभदत्तो, उववन्नो पउमगुम्माओ ॥ १ ॥**

**जातिपराजितः खलु, अकार्षीन्निदानं तुः हस्तिनापुरे ।**
**चुलन्यां ब्रह्मदत्त, उत्पन्नः पद्मगुल्मात् ॥ १ ॥**

**અર્થ** – પૂર્વભવમાં ચાંડાલ જાતિથી પરાજિત થયેલ સંભૂતમુનિએ, હસ્તિનાપુરમાં વંદનાના સમયે ચક્રવર્તીની પટરાણીના વાળના સ્પર્શજનિત સુખના અનુભવના કારણે, મારા તપનું જો કોઈ ફળ હોય, તો 'હું આવતા ભવમાં ચક્રવર્તી બનું.'-આવું નિયાણું બાંધી મરણ સાધ્યું. સંભૂતમુનિ, નલિનીગુલ્મ વિમાનમાં દિવ્ય સુખો ભોગવી, ત્યાંથી ચ્યવી, બ્રહ્મરાજાની પત્ની ચુલણી રાણીની કુખે બ્રહ્મદત્ત નામે પુત્રરૂપે અવતર્યા. (૧-૩૮૫)

**कंपिल्ले संभूओ चित्तो, पुण जाओ पुरिमतालंमि ।**
**सिट्ठिकुलंमि विसाले, धम्मं सोऊण पव्वईओ ॥ २ ॥**

**काम्पील्ये सम्भूतश्चित्रः, पुनर्जातः पुरिमताले ।**
**श्रेष्ठिकुले विशाले, धर्मं श्रुत्वा प्रव्रजितः ॥ २ ॥**

**અર્થ** – કાંપીલ્ય નામના નગરમાં પૂર્વભવના સંભૂત નામવાળો બ્રહ્મદત્ત નામે અને ચિત્રનો જીવ, પુરિમતાલ નગરમાં પુત્ર-પૌત્રાદિથી વિશાલ ધનસાર શેઠના ઘરે ગુણસાર નામે પુત્રરૂપે ઉત્પન્ન થયો. ગુણસારે ભરયુવનીમાં તથાવિધ આચાર્યની પાસે ધર્મ સાંભળી દીક્ષાને સ્વીકારી. (૨-૩૮૬)

**कंपिल्लंमि अ णयरे, समागया दोवि चित्तसंभूआ ।**
**सुहदुक्खफलविवागं, कहंति ते इक्कमिक्कस्स ॥ ३ ॥**

**काम्पील्ये च नगरे, समागतौ द्वावपि चित्रसम्भूतौ ।**
**सुखदुःखफलविपाकं, कथयतस्तौ एकैकस्य ॥ ३ ॥**

**અર્થ** – કાંપિલ્ય નગરમાં ચિત્રનો જીવ મુનિરાજ અને સંભૂતનો જીવ બ્રહ્મદત્ત ચક્રવર્તી એ બન્ને મળ્યા. પૂર્વભવના નામથી ચિત્ર અને સંભૂત, અરસપરસ પુણ્ય અને પાપકર્મના અનુભવરૂપ સુખ-દુઃખફલના વિપાકને કહે છે. (૩-૩૮૭)

**चक्कवट्टी महिड्डीओ, बंभदत्तो महायसो ।**
**भायरं बहुमाणेणं, इमं वयणमब्बवी ॥ ४ ॥**

**चक्रवर्ती महर्द्धिको, ब्रह्मदत्तो महायशाः ।**
**भ्रातरं बहुमानेन, इदं वचनमब्रवीत् ॥ ४ ॥**

**અર્થ** – મહર્દ્ધિક-મહા યશસ્વી બ્રહ્મદત્ત ચક્રવર્તી, પૂર્વભવના મોટા ભાઈ મુનિને પ્રેમપૂર્વક નીચે જણાવેલ વિગત કહે છે. (૪-૩૮૮)

**आसिमो भायरा दोवि, अन्नमन्नवसाणुगा ।**
**अन्नमन्नमणुरत्ता, अन्नमन्नहिएसिणो ॥ ५ ॥**

**आवां भ्रातरौ द्वावपि, अन्योन्यवशानुगौ ।**
**अन्योन्यमनुरक्तौ, अन्योन्यं हितैषिणौ ॥ ५ ॥**

**અર્થ** – હે મુનિ ! હું અને તમે બન્ને પૂર્વભવમાં પરસ્પર સગા ભાઈ, પરસ્પર એકબીજાને આધીન, પરસ્પર પરમ પ્રેમવંત અને પરસ્પર શુભાભિલાષાવાળા હતા, અર્થાત્ આપણા બંનેનું ચિત્ત એક સરખું હતું. (૫-૩૮૯)

**दासा दसण्णे आसि, मिआ कालिंजरे नगे ।**
**हंसा मयंगतीराए, सोवागा कासिभूमिए ॥ ६ ॥**
**देवा य देवलोगम्मि, आसि अम्हे महिड्डिया ।**
**इमा णो छट्ठिआ जाई, अन्नमन्नेण जा विणा ॥ ७ ॥ युग्मम् ॥**

**दासौ दशार्णे अभूव, मृगौ कालिंजरे नगे ।**
**हंसौ मृतगङ्गातीरे, श्वपाकौ काशीभूमौ ॥ ६ ॥**
**देवौ च देवलोके, अभूव आवां महर्द्धिकौ ।**
**इयं आवयोः षष्टिका जातिः, अन्योन्येन या विना ॥ ७ ॥ युग्मम् ॥**

**અર્થ** – પહેલાં દશાર્ણ દેશમાં આપણે બંને દાસ, પછી કાલિંજર નામના પર્વતમાં હરણ, પછી મૃતગંગા તીરે હંસ, પછી કાસી દેશમાં ચાંડાલ અને પછી સૌધર્મ દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયા હતા. ત્યાર પછી આ આપણા બંનેનો જન્મ પરસ્પર સંયોગ વગરનો થયો છે. (૬+૭, ૩૯૦+૩૯૧)

**कम्मा निआणप्पगडा, तुमे राय ! विचिंतिआ ।**
**तेसिं फलविवागेणं, विप्पओगमुवागया ॥ ८ ॥**

**कर्माणि निदानप्रकृतानि, त्वया राजन् ! विचिन्तितानि ।**
**तेषां फलविपाकस्तेन, विप्रयोगमुपागतौ ॥ ८ ॥**

**अर्थ** – હે રાજન્ ! તમે સંભૂતમુનિના ભવમાં વિષયાભિલાષાથી નિયાણું કરી, તેના હેતુરૂપ આર્ત્તધ્યાન કરી કર્મો બાંધ્યા. તે બાંધેલ કર્મોના ફલરૂપ વિપાકથી આપણે બંને વિખુટા પડ્યા છીએ. (૮-૩૯૨)

**सच्चसोअप्पगडा कम्मा मए पुरा कडा ।**
**ते अज्ज परिभुंजामो, किं नु चित्तोवि से तहा ॥ ९ ॥**

**सत्यशौचप्रकटानि, कर्माणि मया पुराकृतानि ।**
**तान्यद्य परिभुंजे, किं नु चित्रोऽपि तानि तथा ॥ ९ ॥**

**अर्थ** – હે મુનિ ! સત્ય અને નિષ્કપટ અનુષ્ઠાનથી પ્રકટ શુભાનુષ્ઠાનો જે મેં પહેલાં કરેલ છે, તેથી આજે ચક્રવર્તીનું સુખ હું ભોગવું છું. ચિત્ર નામવાળા આપ તો તે સુખો ભોગવતાં નથી, કેમ કે-આપ ભિક્ષુક છો. તો શું મારી સાથે પેદા કરેલાં આપના શુભ કર્મો નિષ્ફળ ગયાં ? (૯-૩૯૩)

**सव्वं सुचिण्णं सफलं नराणं, कडाण कम्माण न मुक्खु अत्थि ।**
**अत्थेहि कामेहि य उत्तमेहिं, आया ममं पुण्णफलोववेए ॥ १० ॥**

**सर्वं सुचीर्णं सफलं नराणां, कृतेभ्यो कर्मभ्यो न मोक्षोऽस्ति ।**
**अर्थैः कामैश्च उत्तमैः, आत्मा मम पुण्यफलोपपेतः ॥ १० ॥**

**अर्थ** – સારી રીતિએ આચરેલું સઘળું તપ વિ. અનુષ્ઠાન, મનુષ્ય વિ. સકલ પ્રાણીઓને ફલજનક અવશ્ય થાય છે. કરેલાં કર્મોનો છૂટકારો ભોગવ્યા સિવાય હોઈ શકતો નથી. પ્રધાન દ્રવ્યો અને પ્રધાન શબ્દ વિ. કામભોગોથી યુક્ત મારો આત્મા પણ પુણ્યફલસંપન્ન છે. (૧૦-૩૯૪)

**जाणासि संभूअ महाणुभागं, महिड्ढिअं पुण्णफलोववेअं ।**
**चित्तंपि जाणाहि तहेव रायं, इड्ढी जुई तस्सवि अ प्पभूआ ॥ ११ ॥**

**जानासि सम्भूत ! महानुभागं, महर्द्धिकं पुण्यफलोपपेतम् ।**
**चित्रमपि जानीहि तथैव राजन् !, ऋद्धिर्द्युतिः तस्यापि च प्रभूता ॥ ११ ॥**

**અર્થ** – હે સંભૂત ! જે તું તારી જાતને સાતિશય સંપત્તિસંપન્ન અને ચક્રવર્તી પદની પ્રાપ્તિથી પુણ્યફલયુક્ત માને છે, તેમ હે રાજન્ ! પૂર્વજન્મના ચિત્ર નામવાળા એવા મારી પાસે પણ પુણ્યફલસંપન્ન સંપદા અને દીપ્તિ ગૃહસ્થાવસ્થામાં હતી-એમ તું સમજજે ! (૧૧-૩૯૫)

**महत्थरूवा वयणप्पभूआ, गाहाणुगीआ नरसंगमज्झे ।**
**जं भिक्खुणोसीलगुणोववेआ, इहज्जयंते समणोम्हिजाओ ॥ १२ ॥**

**महार्थरूपा वचनाप्रभूता, गाथानुगीता नरसङ्घमध्ये ।**
**यां भिक्षवो शीलगुणोपपेता, इह यतन्ते श्रमणोस्मि जातः ॥ १२ ॥**

**અર્થ** – જો આવી ઋદ્ધિ હતી તો સાધુ કેમ બન્યા ? તેના જવાબમાં કહે છે કે-બહુ અર્થગંભીર અને સ્વલ્પ અક્ષરવાળી, ધર્મનું કથન કરનારી સૂત્રરૂપ ગાથા, અર્થાત્ શ્રોતાઓને અનુકૂલ કહેવાયેલ ધર્મદેશના જનસમુદાયની વચ્ચે સાંભળી, જેમ મુનિઓ ચારિત્ર અને જ્ઞાનથી સંપન્ન બનેલા જિનપ્રવચનમાં પ્રયત્નશીલ બને છે, તેમ હું પણ ધર્મદેશના સાંભળી જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળો શ્રમણ બન્યો છું. (૧૨-૩૯૬)

**उच्चोदए महुकक्के अ बंभे, पवेइआ आवसहा य रम्मा ।**
**इमं गिहं चित्तधणप्पभूअं, पसाहि पंचालगुणोववेअं ॥ १३ ॥**

**उच्चोदयो मधुः कर्कः च ब्रह्मा, प्रवेदिता आवसथाश्च रम्या ।**
**इदं गृहं चित्रधनप्रभूतं, प्रशाधि पाञ्चालगुणोपपेतम् ॥ १३ ॥**

**અર્થ** – હવે ચક્રી પોતાની સંપત્તિ દ્વારા મુનિને આમંત્રણ આપતાં કહે છે કે-ઉચ્ચોદય, મધુ, કર્ક, મધ્ય, બ્રહ્મા-આ પાંચ પ્રાસાદો અને બીજા પણ રમણીય ભવનો છે. વળી ઘણા ચિત્રો અને મણિ, માણેક વિ. ધનથી ભરચક મારો સ્પેશીયલ રાજમહાલય છે અને તે કાળમાં પાંચાલ દેશની અતિ સમૃદ્ધ શ્રેષ્ઠ વસ્તુઓ હતી તેનાથી તે અતિ સુશોભિત છે. તે પ્રાસાદોને-મહેલને આપ યથેચ્છ ભોગવો ! (૧૩-૩૯૭)

**नट्टेहिं गीएहि अ वाइएहिं, नारीजणाइं परिवारयंतो ।**
**भुंजाहि भोगाइं इमाइं भिक्खू, मम रोअइपव्वज्जा हु दुक्खं ॥ १४ ॥**

**नृत्यैर्गीतैश्च वादित्रैः, नारीजनान्, परिवारयन् ।**
**भुंक्ष्व भोगानिमान् भिक्षो ! मह्यं रोचते प्रव्रज्या हु दुःखम् ॥ १४ ॥**

**અર્થ** – હે સાધો ! નૃત્યો-ગીતો-વાજિંત્રોની સાથે નારીવર્ગને સ્વ-પરિવાર બનાવી આ પ્રત્યક્ષ ભોગોને ભોગવો ! મને આ દીક્ષા દુઃખરૂપ જ દેખાય છે, માટે આપ સહર્ષ અમારા આમંત્રણને સ્વીકારો. (૧૪-૩૯૮)

**तं पुव्वनेहेण कयाणुरागं, नराहिवं कामगुणेसु गिद्धं ।**
**धम्मस्सिओ तस्स हिआणुपेहि, चित्तो इमं वयणमुदाहरित्था ॥ १५ ॥**

**तं पूर्वस्नेहेन कृतानुरागं, नराधितं कामगुणेषु गृद्धम् ।**
**धर्माश्रितस्तस्य हितानुप्रेक्षी, चित्रः इदं वचनमुदाहृतवान् ॥ १५ ॥**

**અર્થ** – પૂર્વભવના સ્નેહથી પોતાના તરફ અનુરાગી બનેલ વિષયાસક્ત બ્રહ્મદત્ત ચક્રવર્તીને, તે ચક્રવર્તીના હિતૈષી, ધર્મારૂઢ બનેલ ચિત્રના જીવરૂપ મુનિ, નીચે જણાવેલ ઉપદેશવાકયને કહે છે. (૧૫-૩૯૯)

**सव्वं विलविअं गीअं, सव्वं नट्टं विडंबिअं ।**
**सव्वे आहारणा भारा, सव्वे कामा दुहावहा ॥ १६ ॥**

**सर्वं विलसितं गीतं, सर्वं नृत्यं विडम्बितम् ।**
**सर्वाण्याभरणानि भाराः, सर्वे कामा दुःखावहाः ॥ १६ ॥**

**અર્થ** – હે ચક્રવર્તી ! આ સઘળુંય ગીત અમારે મન વિલાપ-રૂદન સરખું છે, સઘળુંય નૃત્ય વિડંબના સરખું છે તથા સઘળાં આભરણો ભારભૂત તેમ જ સઘળાં કામભોગો નરકહેતુ હોઈ દુઃખદાયક છે. (૧૬-૪૦૦)

**बालाभिरामेसु दुहावहेसु, न तं सुहं कामगुणेसु रायं ! ।**
**विरत्तकामाण तवोधणाणं, जं भिक्खुणं सीलगुणे रयाणं ॥ १७ ॥**

**बालाभिरामेषु दुःखावहेषु, न तत्सुखं कामगुणेषु राजन् ।**
**विरक्तकामानां तपोधनानां, यद् भिक्षूणां शीलगुणे रतानाम् ॥ १७ ॥**

**અર્થ** – અજ્ઞાની જીવોના ચિત્તમાં આનંદ આપનાર, અર્થાત્ આરંભે જે મધુર અને પરિણામે જે ખેદ આપનાર દુઃખદાયી મનોહર શબ્દ વિ. ભોગવાતા વિષયોમાં પણ હે રાજન્ ! સુખ નથી પણ સુખાભાસ છે; કેમ કે-વાસ્તવિક સુખશાન્તિ જે કામવિરક્ત સાધુઓને શીલગુણની મસ્તીમાં છે, તેનો અનંતમો અંશ પણ કામભોગમાં નથી. (૧૭-૪૦૧)

**नरिंद जाई अहमा नराणं, सोवागजाई दुहओ गयाणं ।**
**जहिं वयं सव्व जणस्स वेसा, वसीअ सोवागनिवेसणेसु ॥ १८ ॥**

नरेन्द्र ! जातिरधमा नराणां, श्वपाकजाति द्वयोर्गतयोः ।
यस्यां आवां सर्वजनस्य द्वेष्यौ, अवसाव श्वपाक निवेशनेषु ॥ १८ ॥

**અર્થ** – હે નરેન્દ્ર ! મનુષ્યોમાં ચાંડાલ જાતિ અધમ જાતિ છે. જયારે આપણે તે જાતિમાં જન્મ્યા, ત્યારે સર્વજનોને અપ્રીતિકર-નિંદ્ય તરીકે રહ્યા હતા. (૧૮-૪૦૨)

**तीसे अ जाईअ उ पाविआए, वुच्छा मु सोवगनिवेसणेसु ।**
**सव्वस्स लोगस्स दुगुंछणिज्जा, इहं तु कम्माइं पुरेकडाइं ॥ १९ ॥**

तस्यां च जातौ तु पापिकायां, उषितावावां श्वपाकनिवेशनेषु ।
सर्वस्व लोकस्य जुगुप्सनीयौ, अस्मिन् तु कर्माणि पुराकृतानि ॥ १९ ॥

**અર્થ** – તે ચાંડાલ જાતિમાં-ચાંડાલના ઘરોમાં રહેલાં સઘળાં લોકોની હિલના-ધૃણાના પાત્ર બન્યા હતા. હમણાં આ ચાલુ જન્મમાં પૂર્વે કરેલ શુભ અનુષ્ઠાનરૂપ કર્મોનો ઉદય હોઈ શુભજાતિ વિ. નો અનુભવ થઈ રહ્યો છે, તો ફરીથી વિષયાસક્તિમાં વ્યાકુલ ન બનતાં શુભકર્મોની કમાણી કરવી જોઈએ. (૧૯-૪૦૩)

**सो दर्णिसि राय महाणुभागो, महिड्ढिओ पुण्णफलोववेओ ।**
**चइत्तु भोगाइं असासयाइं, आयाणहेऊ अभिनिक्खमाहि ॥ २० ॥**

स इदानीं राजा महानुभागो, महर्द्धिकः पुण्यफलोपपेतः ।
त्यक्त्वा भोगानशाश्वतान्, आदानहेतोरभिनिष्क्राम ॥ २० ॥

**અર્થ** – હે ચક્રવર્તી ! જે સંભૂતમુનિ પહેલાં હતા, તે તું હમણાં મહાનુભાગ, મહર્દ્ધિક પુણ્યફલસંપન્ન છો. તે સાધુતાનો પ્રચંડ પ્રભાવ તેં તો જોઈ લીધો છે, તો વિનશ્વર ભોગોનો ત્યાગ કરી સર્વ ચારિત્રધર્મને પાલન કરવા માટે શ્રી ભાગવતી દીક્ષા ધારણ કરો ! (૨૦-૪૦૪)

**इह जीवीए राय असासयंमि, धणिअं तु पुण्णाइं अकुव्वमाणो ।**
**से सोअइ मच्चुमुहोवणीए, धम्मं अकाऊण परम्मि लोए ॥ २१ ॥**

इह जीविते रजन्नशाश्वते, अतिशयेन तु पुण्यानि अकुर्वाणः ।
स शोचति मृत्युमुखोपनीतः, धर्ममकृत्वा परस्मिंश्च लोके ॥ २१ ॥

**અર્થ** – અહીં મનુષ્યનું આયુષ્ય અતિશય અસ્થિર છે. વળી જયાં પુણ્ય કર્તવ્ય છે, ત્યાં શુભ ક્રિયાને નહીં કરનારો જીવ, મૃત્યુમુખમાં પ્રવેશ કરનાર,

ધર્મ કર્યા સિવાય નરક વિ. પરલોકમાં ગયેલો શશીરાજાની માફક અસહ્ય વેદનાથી આર્ત બનેલો પશ્ચાત્તાપ કરે છે કે-મેં મનુષ્યજન્મમાં પુણ્ય કર્યું નહીં પણ ઘોર પાપ કર્યું-ઘણું પાપ કર્યું.' (૨૧-૪૦૫)

**जहेहे सीहो व मिअं गहाय, मच्चू नरं नेइ हु अंतकाले ।**
**न तस्स माया व पिआ व भाया, कालंमि तम्मि सहरा भवंति ॥ २२ ॥**

**यथेह सिंहो वा मृगं गृहीत्वा, मृत्युः नरं नयति हु अन्तकाले ।**
**न तस्य माता वा पिता वा भ्राता, काले तस्मिन्नंशधरा भवन्ति ॥ २२ ॥**

**અર્થ** – જેમ આ દુનિયામાં સિંહ, મૃગને પકડીને પરલોકમાં પહોંચાડે છે, તેમ અંતકાળે મનુષ્યને મૃત્યુ પરલોકમાં પહોંચાડે છે. તે વખતે માતા, પિતા, ભાઈ વિ. સ્વજનવર્ગ મરનારને મૃત્યુથી બચાવી શકતા નથી, અર્થાત્ પોતાના જીવનનો અંશ આપી જીવતા બનાવી શકતા નથી. (૨૨-૪૦૬)

**न तस्स दुक्खं विभयंति नाइओ, न मित्तवग्गा न सुआ न बंधवा ।**
**इक्को सयं पच्चणुहोइ दुक्खं, कत्तारमेवं अणुजाई कम्मं ॥ २३ ॥**

**न तस्य दुःखं विभजन्ते ज्ञातयो, न मित्रवर्गाः न सुताः न बान्धवाः ।**
**एकः स्वयं प्रत्यनुभवति दुःखं, कर्तारमेवं अनुयाति कर्म ॥ २३ ॥**

**અર્થ** – મરતી વખતે મરનાર વ્યક્તિને તત્કાલ પ્રાપ્ત થયેલ શારીરિક અને માનસિક દુઃખને, દૂરસ્થ સ્વજનવર્ગ, મિત્રવર્ગ, પુત્રો અને બંધુવર્ગ વ્હેંચી શકતા નથી અર્થાત્ દૂર કરવામાં સમર્થ થતા નથી, પરંતુ એકલો પોતે જ દુઃખને અનુભવે છે, કેમ કે-કર્મ કર્તાની જ પાછળ કે સાથે જાય છે. (૨૩-૪૦૭)

**चिच्चा दुपयं च चउप्पयं च खित्तं गिहं धणं धन्नं च सव्वं ।**
**सकम्मप्पबीओ अवसो पयाइ, परं भवं सुन्दरं पावगं वा ॥ २४ ॥**

**त्यक्त्वा द्विपदं च चतुष्पदं च, क्षेत्रं गृहं धनं धान्यं च सर्वम् ।**
**स्वकर्मात्मद्वितीयः अवशो प्रयाति, परं भवं सुन्दरं पापकं वा ॥ २४ ॥**

**અર્થ** – સ્ત્રી વિ. બે પગવાળાને, ચાર પગવાળા હાથી વિ. ને, ક્ષેત્રને, ઘરને, ધનને, ધાન્યને-એમ સઘળાંયને છોડીને, કર્મપરાધીન બનેલો સ્વકર્માનુસાર સ્વર્ગ વિ. સુંદર પરલોકમાં અથવા નરક વિ. ખરાબ પરલોકમાં જીવ એકલો જાય છે. (૨૪-૪૦૮)

**तं इक्कगं तुच्छ शरीरगं से, चिईगयं दहिअ उ पावगेणं ।**
**भज्जा य पुत्तोवि अ नायओ वा, दायारमन्नं अणुसंकमंति ॥ २५ ॥**

तदेककं तुच्छशरीरकं तस्य, चितिगतं दग्ध्वा तु पावकेन ।
भार्या च पुत्रोऽपि च ज्ञातयश्च, दातारमन्यमनुसंक्रामति ॥ २५ ॥

**અર્થ –** તે મરનારે છોડેલા એકલા નિર્જીવ શરીરને-શબને ચિતામાં રાખી, અગ્નિથી બાળીને, સ્ત્રી, પુત્ર, સ્વજનવર્ગ વિ. પોતાના સ્વાર્થસાધક બીજા માણસોનો આશ્રય લે છે. મરનારને થોડા દિવસ પછી ભૂલી જાય છે. (૨૫-૪૦૯)

**उवनिज्जइ जीविअमप्पमायं, वण्णं जरा हरइ नरस्स रायं ।**
**पंचालराया वयणं सुणाहि, मा कासि कम्माइं महालयाइं ॥ २६ ॥**

उपनीयते जीवितमप्रमादं, वर्णं जरा हरति नरस्य राजन् ।
पाञ्चालराजा ! वचनं श्रृणु, मा कार्षीः कर्माणि महालयानि ॥ २६ ॥

**અર્થ –** હે રાજન્ ! તથાવિધ કર્મો, આ ચાલુ જીવનને પ્રમાદ વગર સમયે સમયે મરણરૂપ આવીચિમરણ દ્વારા મૃત્યુની નજીક લઈ જાય છે. વળી મનુષ્યના મનોહર કાન્તિરૂપ લાવણ્યને વૃદ્ધાવસ્થા નષ્ટ કરે છે. તો હે પાંચાલ રાજા ! મારું હિતકર વચન સાંભળો કે-તમે ખૂબ મોટા પંચેન્દ્રિય જીવોની હિંસા વિ. પાપકર્મો કરશો નહિ. (૨૬-૪૧૦)

**अहंपि जाणामि जहेह साहू, जं मे तुमं साहसि वक्कमेअं ।**
**भोगा इमे संगकरा हवंति, जे दुच्चया अज्जो ! अम्हारिसेहि ॥ २७ ॥**

अहमपि जानामि यथेह साधो !, यन्मे त्वं साधयसि वचः एतत् ।
भोगा इमे सङ्गकरा भवन्ति, ये दुस्त्यजा आर्य ! अस्मादृशैः ॥ २७ ॥

**અર્થ –** હે સાધુ ! આપે મને જે આ ઉપદેશરૂપ વચન કહ્યું તે હું પણ સમજું છું, પરંતુ આ પ્રત્યક્ષ ભોગો મોહ-મમતાના ઉત્પાદક હોઈ, હે આર્ય ! અમારા જેવાથી તે છોડી શકાય તેમ નથી. (૨૭-૪૧૧)

**हत्थिणपुरंमि चित्ता, दट्ठूणं नरवइं महिड्ढिअं ।**
**कामभोगेसु गिद्धेणं, निआणमसुहं कडं ॥ २८ ॥**

**तस्स मे अप्पडिकंतस्स, इमं एकारिसं फलं ।**
**जाणमाणेवि जं धम्मं, कामभोगेसु मुच्छिओ ॥ २९ ॥ युग्मम् ॥**

हस्तिनापुरे चित्र !, दृष्ट्वा नरपतिं महर्द्धिकम् ।
कामभोगेषु गृद्धेन, निदानमशुभं कृतम् ॥ २८ ॥

**तस्मात् ममाप्रतिक्रान्तस्य, इदं एतादृशं फलम् ।**
**जानन्पि यद्धर्म, कामाभोगेषु मूर्च्छितो ॥ २९ ॥ युग्मम् ॥**

**અર્થ** – હે પૂર્વભવના ચિત્ર મુનિ ! હસ્તિનાપુરમાં સનતકુમાર ચોથા ચક્રવર્તીને મહર્દ્ધિક જોઈને, કામભોગાસક્ત મેં પાપાનુબંધી પાપરૂપ નિયાણું બાંધ્યું, તે સમયે તમે મને વાર્યો પણ હું સમજીને પાછો હઠ્યો નહીં. જેમ કે-હું ધર્મના જ્ઞાનવાળો હોવા છતાં કામભોગની આસક્તિ-મસ્તીમાં મસ્તાન બન્યો હતો, તેનું આ પરિણામ છે. (૨૮+૨૯, ૪૧૨+૪૧૩)

**नागो जहा पंकजलावसण्णो, दट्ठुं थलं नाभिसमेइ तीरं ।**
**एवं वयं कामगुणेसु गिद्धा, न भिक्खुणो मग्गमणुव्वयामो ॥ ३० ॥**

**नागो यथा पङ्कजलावसन्नो, दृष्ट्वा स्थलं नाभिसमेति तीरम् ।**
**एवं वयं कामगुणेषु गृद्धा, न भिक्षोर्मार्गमनुव्रजामः ॥ ३० ॥**

**અર્થ** – જેમ જલથી ભરેલા કિચડમાં ડૂબેલો હાથી સ્થળ જોવા છતાં કિનારે આવવામાં અસમર્થ હોય છે, તેમ કામભોગના રંગરાગમાં મસ્ત બનેલા અમે સાધુમાર્ગનું અનુસરણ ન કરી શકીએ. (૩૦-૪૧૪)

**अच्चेइ कालो तरंति राईओ, नयावि भोगा पुरिसाण निच्चा ।**
**उविच्च भोगा पुरिसं चयंति, दुमं जहा खीणफलं व पक्खी ॥ ३१ ॥**

**अत्येति कालस्त्वरन्ते रात्रयो, न चापि भोगा पुरुषाणां नित्याः ।**
**उपेत्य भोगाः पुरुषं त्यजन्ति, द्रुमं यथा क्षीणफलं वा पक्षिणः ॥ ३१ ॥**

**અર્થ** – આયુષ્યનો કાળ વીત્યો જાય છે, તેમજ રાત્રિ અને દિવસો વેગથી ચાલ્યા જાય છે. વળી પુરુષોને પ્રાપ્ત થયેલ ભોગો શાશ્વતકાલીન નથી, કેમ કે-જેમ ફલ વગરના વૃક્ષને પંખીઓ છોડી દે છે, તેમ પુણ્યશૂન્ય પુરુષને ભોગો છોડી દે છે. (૩૧-૪૧૫)

**जइ तंसि भोगे चइउं असत्तो, अज्जाइं कम्माइं करेहि रायं ।**
**धम्मट्ठिओ सव्वपयाणुकंपी, तो होहिसि देवो इओ विउव्वी ॥ ३२ ॥**

**यदि त्वमसि भोगांस्त्यक्तुमशक्तः, आर्याणि कर्माणि कुरू राजन् ।**
**धर्मे स्थितः सर्वप्रजानुकम्पी, ततः भविष्यसि देव इतो वैक्रियी ॥ ३२ ॥**

**અર્થ** – જો તમે ભોગત્યાગ કરવા અશક્ત છો, તો હે રાજન્ ! શિષ્ટજનને ઉચિત કાર્યો કરો ! સમ્યગ્દષ્ટિ વિ. ના આચારરૂપ ગૃહસ્થધર્મમાં રહી સર્વ

પ્રાણીઓ ઉપર દયાવાળા બનો ! એટલે આ પછીના ભવમાં તમે વૈક્રિયશરીરધારી વૈમાનિક દેવ બનશો. (૩૨-૪૧૬)

**न तुज्झ भोगे चइऊण बुद्धी, गिद्धोसि आरंभपरिग्गहेसु ।**
**मोहं कओ इत्तिओ विप्पलावो, गच्छामि रायं आमंतिओसि ॥ ३३ ॥**

**न तव भोगान् त्यक्तुं बुद्धि, गृद्धोऽसि आरम्भपरिग्रहेषु ।**
**मोघं कृत एतावान् विप्रलापो, गच्छामि राजन् ! आमंत्रितोऽसि ॥ ३३ ॥**

**અર્થ** – ભોગો અને અનાર્ય કાર્યોને છોડવા માટે તમારી બુદ્ધિ જ થતી નથી તથા પાપવ્યાપારો અને સચિત્તાચિત્ત વસ્તુ સ્વીકારવામાં તમો અત્યંત આસક્ત છો. અત્યાર સુધી તમને સમજાવવા સારૂ કરેલ પ્રયત્ન નિષ્ફળ ગયેલ છે. તો હે રાજન્ ! તમને જણાવું છું કે-હું હવે જાઉં છું. (૩૩-૪૧૭)

**पंचालरायावि अ बंभदत्तो, साहुस्स तस्स वयणं अकाउं ।**
**अणुत्तरे भुंजिय कामभोगे, अणुत्तरे सो नरए पविट्ठो ॥ ३४ ॥**

**पाञ्चालराजोऽपि च ब्रह्मदत्तः, साधोस्तस्य वचनमकृत्वा ।**
**अनुत्तरान् भुक्त्वा कामभोगान्, अनुत्तरे स नरके प्रविष्टः ॥ ३४ ॥**

**અર્થ** – ત્યાર બાદ પાંચાલરાજા વજ્રતંદુલની માફક નહીં ભેદાયેલો, ભારેકર્મી હોઈ તે મુનિનું વચન નહીં પાળીને, સર્વોત્તમ કામભોગોને ભોગવીને, સકલ નરકમાં શ્રેષ્ઠ સાતમી નરકના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં તે નારકી તરીકે ઉત્પન્ન થયો. (૩૪-૪૧૮)

**चित्तो वि कामेहिं विरत्तकामो, उदत्तचारित्ततवो महेसी ।**
**अणुत्तरं संजमं पालइत्ता, अणुत्तरं सिद्धिगइं गय त्तिबेमि ॥ ३५ ॥**

**चित्रोऽपि कामेभ्यो विरक्तकामो, उदात्तचारित्रतपा महर्षिः ।**
**अनुत्तरं संयमं पालयित्वा, अनुत्तरां सिर्द्धि गतिं गतः इति ब्रवीमि ॥ ३५ ॥**

**અર્થ** – વળી ચિત્રમહર્ષિ પણ કામભોગોની અભિલાષાથી રહિત બની, પ્રધાન સર્વવિરતિરૂપ ચારિત્ર અને બાર પ્રકારના તપવાળા થયેલ સર્વોત્તમ સંયમનું પાલન કરી, સર્વ લોકાકાશ ઉપર રહેલ સિદ્ધિ નામની ગતિમાં પહોંચ્યા. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૩૫-૪૧૯)

**॥ તેરમું શ્રી ચિત્રસંભૂતાધ્યયન સંપૂર્ણ ॥**

# શ્રી ઈષુકારીયાધ્યયન-૧૪

देवा भवित्ताण पुरे भवंभि, केई चुआ एगविमाणवासी ।
पुरे पुराणे इसुआर नामे, खाए समिद्धे सुरलोअरम्मे ॥ १ ॥
सकम्मसेसेण पुराकएणं, कुलेसुदग्गेसु अ ते पसूआ ।
निव्विण्णसंसारभया जहाय, जिणिंदमग्गं सरणं पवण्णा ॥ २ ॥
पुमत्तमागम्म कुमार दोवि, पुरोहिओ तस्स जसा य पत्ती ।
विसालकित्ती अ तहेसुआरो, राईत्थ देवी कमलावई अ ॥ ३ ॥
-त्रिभिर्विशेषकम् ॥

देवा भूत्वा पूर्वभवे, केचित् च्युताः एक विमानवासिनः ।
पुरे पुराणे इषुकारनाम्नि, ख्याते समृद्धे सुरलोकरम्ये ॥ १ ॥
स्वकर्मशेषेण पुराकृतेन, कुलेषु उदग्रेषु च ते प्रसूताः ।
निर्विण्णाः संसार भयात् त्यक्त्वा, जिनेन्द्रमार्ग शरणं प्रपन्नाः ॥ २ ॥
पुस्त्वमागम्य कुमारौ द्वावपि, पुरोहितो तस्य यशा च पत्नी ।
विशालकीर्तिश्च तथेषुकारो, राजाऽत्र देवी कमलावती च ॥ ३ ॥
त्रिभिर्विशेषकम् ॥

અર્થ – પૂર્વભવમાં એક નલિનીગુલ્મ નામના વિમાનમાં રહેનારા કેટલાક દેવો થઈને, ત્યાંથી ચ્યવીને, જુના ઈષુકારી નામક સમૃદ્ધ સુરલોક સમાન રમણીય નગરમાં, પૂર્વે કરેલ અને બાકી રહેલ પોતાના પુણ્યપ્રકૃતિરૂપ કર્મથી ઊંચા કુલોમાં જન્મ ધારણ કરનારા, સંસારભયથી ઉદ્વેગ પામી અને ભોગ વિ. છોડી શ્રી જિનેન્દ્રમાર્ગનું શરણ સ્વીકારનારા થયા. તેમાં પુરુષપણું પામનાર બન્નેએ કુમારાવસ્થામાં અને ભૃગુ નામના પુરોહિત, તેની પત્ની યશા તથા વિશાલ કીર્તિવાળા ઈષુકાર રાજા, તેમની પટ્ટરાણી કમલાવતી, એ સર્વેએ શ્રી જિનેન્દ્રમાર્ગ સ્વીકાર્યો. (૧ થી ૩, ૪૨૦ થી ૪૨૨)

**जाइजरामच्चुभयाभिभूआ, बहिंविहाराभिणिविट्ठचित्ता ।**
**संसारचक्कस्स विमोक्खणट्ठा, दट्ठुण ते कामगुणे विरत्ता ॥ ४ ॥**

**पिअपुत्तगा दोण्णिवि माहणस्स, सकम्मसीलस्स पुरोहिअस्स ।**
**सुरित्त पोराणिअ तत्थ जाइं, तहा सुचिण्णं तवसंजमं च ॥ ५ ॥ युग्मम् ॥**

जातिजरामृत्युभयाभिभूतौ, बहिर्विहाराभिनिविष्टचित्तम् ।
संसारचक्रस्य विमोक्षणार्थं, दृष्ट्वा कामगुणे विरक्तौ ॥ ४ ॥

प्रियपुत्रकौ द्वावपि ब्राह्मणस्य, स्वकर्मशीलस्य पुरोहितस्य ।
स्मृत्वा पौराणिकीं तत्र जातिं, तथा सुचीर्णं तपः संयमं च ॥ ५ ॥ युग्मम् ॥

અર્થ – જન્મ-જરા-મૃત્યુના ભયથી ડરેલા અને મુક્તિમાં બદ્ધાગ્રહ ચિત્તવાળા તે બંને કુમારો, સાધુઓને જોઈ સંસારચક્રમાંથી છૂટવા માટે શબ્દ વિ. વિષયો પ્રત્યે વૈરાગી બનેલા, તે ઈષુકારપુરમાં યજ્ઞ વિ. ના અનુષ્ઠાનમાં પરાયણ-શાંતિકર્મ કરનાર ભૃગુ નામના પુરોહિતના પ્રિય પુત્રો, પૂર્વભવ સંબંધી પોતાની જાતને તથા આરાધેલ તપસંયમને યાદ કરી વિષયવાસનાથી વિરક્ત બન્યા. (૪+૫, ૪૨૩+૪૨૪)

**ते कामभोगेसु असज्जमाणा, माणुस्सएसुं जे आवि दिव्वा ।**
**मोक्खाभिकंखी अभिजायसड्ढा, तायं उवागम्म इमे उदाहु ॥ ६ ॥**

तौ कामभोगेषु असजन्तौ, मानुष्यकेषु ये चापि दिव्या ।
मोक्षाभिकांक्षिणौ अभिजातश्रद्धौ, तातमुपागम्येदमुदाहरताम् ॥ ६ ॥

અર્થ – પુરોહિતના આ બંને કુમારો, મનુષ્યના અને દિવ્ય કામભોગોમાં રસ વગરના, મોક્ષાભિલાષી અને ઉત્પન્ન તત્ત્વની રૂચિવાળા, પોતાના પિતાશ્રીની પાસે આવી તેમને નીચે જણાવેલ વચન કહે છે. (૬-૪૨૫)

**असासयं दट्ठुमिमं विहारं, बहु अंतरायं न य दीहमाउं ।**
**तम्हा गिहंसी न रइ लभामो, आमंतयामो चरिसामु मोणं ॥ ७ ॥**

अशाश्वतं दृष्ट्वा इमं विहारं, बहवः अन्तराया न च दीर्घमायुः ।
तस्माद् गृहे न रतिं लभावहे, आमंत्रयावः चरिष्यावो मौनम् ॥ ७ ॥

અર્થ – આ પ્રત્યક્ષ અનુભવાતી મનુષ્યપણાની સ્થિતિ, અનિત્ય, ઘણા રોગ વિ. અંતરાયોવાળી તથા દીર્ઘ આયુષ્ય વગરની જોઈને, હે તાત ! અમે ગૃહસ્થાવાસમાં શાંતિ મેળવી શકતા નથી, તેથી આપની મંજુરી જોઈએ. આપની આજ્ઞા મળતાં જ અમે સંયમનો સ્વીકાર કરવાના છીએ. (૭-૪૨૬)

**अह तायओ तत्थ मुणीण तेसिं, तवस्स वाघायकरं वयासि ।**
**इमं वयं वेय वियो वयंति, जहा न होई असुआण लोगो ॥ ८ ॥**

**अथ तातकः तत्र मुन्योः तयोः, तपसः व्याघातकरं अवादीत् ।**
**इमां वाचां वेदविदो वदन्ति, यथा न भवति असुतानां लोकः ॥ ८ ॥**

**અર્થ** – આ વખતે મુનિભાવને પામનાર બંને કુમારના પિતા, તપ અને તમામ ધર્માનુષ્ઠાનને વ્યાઘાત પહોંચાડનારૂં વચન બોલ્યા કે-હે પુત્રો ! વેદોના વેત્તાઓ કહે છે કે-'પુત્ર વગરના પુરુષોની પરલોકમાં ગતિ નથી.' (૮-૪૨૭)

**अहिज्ज वेए परिविस्स विप्पे, पुत्ते परिट्ठुप्प गिहंसि जाया ।**
**भुच्चाण भोए सह इत्थिआहिं, आरण्णगा होह मुणी पसत्था ॥ ९ ॥**

**अधीत्य वेदान् परिवेष्य विप्रान्, पुत्रान् परिष्ठाप्य गृहे जातौ ।**
**भुक्त्वा भोगान् सह स्त्रीभिः, आरण्यकौ भवतं मुनी प्रशस्तौ ॥ ९ ॥**

**અર્થ** – હે પુત્રો ! તમે બંને વેદોનું અધ્યયન કરી, બ્રાહ્મણોને જમાડી, પુત્રોને ગૃહસ્થાશ્રમમાં તૈયાર કરી તેઓને ભાર સોંપી, તેમજ સ્ત્રીઓની સાથે ભોગોને ભોગવી, પ્રશસ્ત અરણ્યવાસી તાપસવ્રતધારી બનજો ! (૯-૪૨૮)

**सोअग्गिणा आयगुणिंधणेणं, मोहानिला पज्जलणाहिएणं ।**
**संतत्तभावं परितप्पमाणं, लालप्पमाणं बहुहा बहुं च ॥ १० ॥**

**पुरोहिअं तं कमसोऽणुणिंतं, निमंतयंतं स च सुए धणेणं ।**
**जहक्कमं कामगुणेहिं चेव, कुमारगा ते पसमिक्ख वक्कं ॥ ११ ॥ युग्मम् ॥**

**शोकाग्निना आत्मगुणेन्धनेन, मोहनिलात् प्रज्वलनाधिकेन ।**
**सन्तप्तभावं परितप्यमानं, लालप्यमानं बहुधा बहुं च ॥ १० ॥**

**पुरोहितं तं क्रमेणानुनयन्तं, निमंत्रयन्तं, च सुतौ धनेन ।**
**यथाक्रमं कामगुणैश्चैव, कुमारकौ तौ प्रसमीक्ष्य वाक्यम् ॥ ११ ॥ युग्मम् ॥**

**અર્થ** – અનાદિકાલના સહચારી રાગ વિ. ઇંધનવાળા, મોહરૂપી વાયુથી અધિક જલનાર, પુત્રવિયોગની કલ્પના જન્ય શોકાગ્નિથી સંતપ્ત અંતઃકરણવાળા, એથી જ ચારેય બાજુથી દાઝેલા, અનેકવાર ઘણા વચનોને બોલનાર, પુત્રોને મનાવનાર તેમજ ધનથી અને યથાક્રમ ભોગો વિ. દ્વારા રીઝવનારા પોતાના પિતા પુરોહિતને અર્થાત્ મોહાધીન મતિવાળા પિતાને જોઈ, બન્ને કુમારો નીચે જણાવેલ વચનો કહે છે. (૧૦+૧૧, ૪૨૯+૪૩૦)

**वेआ अहीआ न हवंति ताणं, भुत्ता दिआ निंति तमंतमेणं ।**
**जाया य पुत्ता न हवंति ताणं, को नाम ते अणुमन्निज्जएअं ॥ १२ ॥**

**वेदा अधीता न भवन्ति त्राणं, भोजिता द्विजा नयन्ति तमस्तमायां खलु ।**
**जाताश्च पुत्रा न भवन्ति त्राणं, को नाम ? ते अनुमन्येत एतत् ॥ १२ ॥**

**અર્થ** – વેદોનું અધ્યયન માત્ર દુર્ગતિપતનથી બચાવી શકતું નથી. કુમાર્ગપ્રરૂપક પશુવધ વિ. કરનાર બ્રાહ્મણોને પાત્રબુદ્ધિથી આપેલું ભોજન તમસ્તમા નરકમાં લઈ જાય છે. નરકાદિમાં પડતા પ્રાણીઓનું સંરક્ષણ પેદા થયેલા પુત્રો કરી શકતા નથી. તો કોણ વિવેકી પુરુષ આ પૂર્વોક્ત વેદાધ્યયન વિ. ને સત્યરૂપે સ્વીકારી શકે ? (૧૨-૪૩૧)

**खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अनिगामसुक्खा ।**
**संसारमोक्खस्स विपक्खभुआ, खाणी अणत्थाण उ कामभोगा ॥ १३ ॥**

**क्षणमात्रसौख्या बहुकालदुःखाः, प्रकामदुःखा अनिकामसौख्या ।**
**संसारमोक्षस्य विपक्षभूताः, खानिरनर्थानां तु कामभोगाः ॥ १३ ॥**

**અર્થ** – ક્ષણ માત્ર સુખ દેનારા, બહુ કાળ સુધી નરક વિ. ગતિઓમાં દુઃખ દેનારા, તુચ્છ સુખ આપનારા પરંતુ અત્યંત-અનંતદુરંત દુઃખ આપનારા અને સંસારમાંથી મુક્ત બનવા માટે રોકનારા-શત્રુભૂત, અનર્થોની ખાણરૂપ કામભોગો છે. (૧૩-૪૩૨)

**परिव्वयंते अनिअत्तकामे, अहो अ राओ परितप्पमाणे ।**
**अन्नप्पमत्ते धणमेसमाणे, पप्पोति मच्चुं पुरिसे जरं य ॥ १४ ॥**

**परिव्रजन् अनिवृत्तकामः, अह्नि च रात्रौ परितप्यमानः ।**
**अन्यप्रमत्तो धनमेषयन् प्राप्नोति मृत्यु पुरूषो जरां च ॥ १४ ॥**

**અર્થ** – વિષયભોગની તૃષ્ણાની તૃપ્તિ વગરનો, વિષય-સુખના લાભ સારૂ જયાં-ત્યાં ભટકતો, રાત-દિવસ તેની પ્રાપ્તિ માટે ચારે બાજુથી ચિંતાની આગથી સળગતો, સ્વજનના કાર્યમાં આસક્ત ચિત્તવાળો તથા વિવિધ ઉપાયોથી ધનની એષણા કરનાર પુરુષ, જરા અને મૃત્યુને પામે છે. (૧૪-૪૩૩)

**इमं च मे अत्थि इमं च नत्थि, इमं च मे किच्चमिमं अकिच्चं ।**
**तं एवमेवं लालप्पमाणं, हरा हरंतित्ति कहं एमाओ ? ॥ १५ ॥**

**इदं च मे अस्ति इदं च नास्ति, इदं च मे कृत्यं इदमकृत्यम् ।**
**तं एवमेवं लालप्यमानं, हराः हरन्तीति कथं प्रमादः ॥ १५ ॥**

**અર્થ**—આ ધાન્ય વિ. મારાં છે, આ રૂપું વિ. મારાં નથી, આ ઘર વિ. કામ કરવાનાં છે અને આ આરંભેલ વેપાર વિ. કાર્યો કરવાના નથી,-આ પ્રમાણે ફોગટ બકવાદ કરનાર તે પુરુષને, દિવસ અને રાત, આ ભવમાંથી ઉપાડી બીજા ભવમાં લઈ જાય છે; માટે શું ધર્મમાં પ્રમાદ કરવો ? (૧૫-૪૩૪)

**धणं पभूअं सह इत्थिआहिं, सयणा तहा कामगुणा पगामा ।**
**तवं कए तप्पवि जस्स लोओ, तं सव्व साहीणमिहेव तुब्भं ॥ १६ ॥**

**धनं प्रभूतं सह स्त्रीभिः, स्वजनाः तथा कामगुणाः प्रकामाः ।**
**तपः कृते तप्यते यस्य लोकः, तत्सर्व स्वाधीनमिहैव युवयोः ॥ १६ ॥**

**અર્થ** – જે ધન વિ. ના કાજ લોક, કષ્ટાનુષ્ઠાનરૂપ તપને કરે છે, તે સઘળું તમારા બંનેની પાસે આ ઘરમાં ભરેલું છે. જેમ કે-ઘણું ધન, સ્ત્રીઓ, સ્વજનવર્ગ, મનોહર શબ્દ વિ. વિષયો છે. તો કહો બેટા ! તમો કયી વસ્તુ મેળવવા તપસ્યામાં ઉદ્યમી બની રહ્યા છો ? (૧૬-૪૩૫)

**धणेण किं धम्मधुराहिगारे, सयणेण वा कामगुणेहिं चेव ।**
**समणा भविस्सामु गुणोहधारी, बहिं विहारा अभिगम्म भिक्खं ॥ १७ ॥**

**धनेन किं ? धर्मधुराधिकारे, स्वजनेन वा कामगुणैश्चैव ।**
**श्रमणौ भविष्यावो गुणौघधारिणौ, बहिर्विहारौ अभिगम्य भिक्षाम् ॥ १७ ॥**

**અર્થ** – સાત્ત્વિક ધુરંધરો ધર્મને જ વહન કરે છે, માટે ધર્મરૂપી ધુરાના પ્રસ્તાવમાં ધન, સ્વજનો અથવા શબ્દ વિ. વિષયોનું કાંઈ પ્રયોજન નથી. આથી અમે બન્ને ક્ષમા વિ. ગુણસમૂહને ધારણ કરનારા, અપ્રતિબદ્ધ વિહાર કરનારા અને નિર્દોષ ભિક્ષાનો આશ્રય કરનારા શ્રમણ મુનિઓ બનીશું. (૧૭-૪૩૬)

**जहा य अग्गी अरणी असंतो, खीरे घयं तिल्लमहा तिलेसु ।**
**एवमेव जाया सरिरंमि सत्ता, संमुच्छई नासइ नावचिट्ठे ॥ १८ ॥**

**यथा च अग्निः अरणावसन्, क्षीरे घृतं तैलमथ तिलेषु ।**
**एवमेव जातौ ! शरीरे सत्वाः, सम्मूर्च्छन्ति नश्यन्ति नावतिष्ठन्ते ॥ १८ ॥**

**અર્થ** – હે પુત્રો ! જેમ અગ્નિ અરણિના લાકડામાં પહેલાંથી નથી હોતો, પરંતુ રગડવાથી ત્યાં ઉત્પન્ન થાય છે. જેમ દૂધમાં ઘી અને તલમાં તેલ ઉત્પન્ન થાય છે, એજ પ્રમાણે શરીરમાં પૂર્વ અવિદ્યમાન જીવો પણ ઉત્પન્ન થાય છે તથા વાદળાના સમુદાયની માફક વિનાશ પામે છે. શરીરનો નાશ થવાથી આત્માનો (પર્યાયથી) નાશ થાય છે. (૧૮-૪૩૭)

**नो इंदिअगिज्झो अमुत्तभावा, अमुत्तभावावि अ होइ निच्चो ।**
**अज्झत्थहेउं निअओऽस्स बंधो, संसारहेउं च वयंति बंधं ॥ १९ ॥**

**नो इन्द्रियग्राह्यः अमूर्त्तभावाद्, अमूर्त्तभावादपि च भवति नित्यः ।**
**अध्यात्महेतुः नियतोऽस्य बन्धः, संसारहेतुं च वदन्ति बन्धम् ॥ १९ ॥**

**અર્થ** – આ આત્મા રૂપી નહિ હોવાથી ઈંદ્રિયગ્રાહ્ય નથી, પણ અમૂર્ત્તભાવ હોવાથી આકાશની માફક નિત્ય છે. જેમ અમૂર્ત્ત એવા આકાશને મૂર્ત્ત એવા ઘટ વિ. ની સાથે સંબંધ થાય છે, તેમ આત્મસ્થ મિથ્યાત્વ વિ. ના કારણોથી આત્માને કર્મોની સાથે સંયોગસંબંધ નિયત થાય છે, એ જ સંસારનો મુખ્ય હેતુ છે. (૧૯-૪૩૮)

**जहा वयं धम्ममयाणमाणा, पावं पुरा कम्ममकासि मोहा ।**
**उरब्भमाणा परिरक्खिअंता, तं नेव भुज्जोवि समायरामो ॥ २० ॥**

**यथा वयं धर्ममजानन्तौ, पापं पुरा कर्माकार्ष्व मोहात् ।**
**अपरूद्धयमाना परिरक्ष्यमाणा, तत् नैव भूयोऽपि समाचारमः ॥ २० ॥**

**અર્થ** – જેમ અમે બંનેએ પહેલાં સમ્યગ્દર્શન વિ. રૂપ ધર્મને નહીં જાણવાથી અને તત્ત્વને નહીં જાણવારૂપ મોહથી પાપહેતુ કર્માનુષ્ઠાન કર્યું. ઘરમાંથી નીકળવાનું નહીં પામનારા અને નોકરોની રક્ષા નીચે રહેલા અમે, હવે વસ્તુસ્વરૂપનું જ્ઞાન થવાથી મુનિઓના દર્શન વિ. નહીં કરવાનું પાપ કર્મ કરવાના નથી. (૨૦-૪૩૯)

**अब्भाहयंमि लोगंमि, सव्वओ परिवारिए ।**
**अमोहाहिं पडंतीहिं, गिहंसि न रइं लभे ॥ २१ ॥**

**अभ्याहते लोके, सर्वतः परिवारिते ।**
**अमोधाभिः, पतन्तीभिः, गृहे न रतिं लभावहे ॥ २१ ॥**

**અર્થ** – જેમ મૃગબંધની રૂપ વાગુરાથી ઘેરાયેલ હરણ, અમોઘ બાણોથી શિકારીવડે હણાયેલ આનંદ પામી શકતો નથી, તેમ ચારેય બાજુથી પડતી શસ્ત્રસમાન અમોઘાઓથી ઘેરાયેલ અને પીડિતલોકમાં ગૃહવાસમાં અમે બંને આનંદ પામી શકતા નથી.(૨૧-૪૪૦)

**केण अब्भाहओ लोओ, केण वा परिवारिओ ।**
**का वा अमोहा वुत्ता, जाया चिंतावरो हुमि ॥ २२ ॥**

**केन अभ्याहतो लोकः ?, केन वा परिवादितः ? ।**
**का वा अमोघा उक्ताः ?, जाताः ! चिन्तापरो भवामि ॥ २२ ॥**

**અર્થ –** શિકારી સરખા કોનાથી ઘેરાયેલ લોક છે ? અથવા વાગુરાના સ્થાનમાં કોણ છે ? અમોઘ પ્રહરણ જેવા કોણ છે ? હે પુત્રો ! આ પ્રશ્નોનો તમે જવાબ આપો ! હું તે જાણવા ઉત્સુક છું. (૨૨-૪૪૧)

**मच्चुणब्भाहओ लोओ, जराए परिवारिओ ।**
**अमोहा रयणीवुत्ता, एवं ताय विआणह ॥ २३ ॥**

**मृत्युनाभ्याहतो लोकः, जरया परिवारितः ! ।**
**अमोघा रजन्य उक्ताः, एवं तात ! विजानीत ॥ २३ ॥**

**અર્થ –** શિકારી સમાન મૃત્યુથી પીડિત લોક, જાલના સ્થાનમાં જરા અવસ્થા અને અમોઘ શસ્ત્રના સ્થાનમાં રાત્રિ-દિવસો છે, કેમ કે-રાત-દિવસરૂપી શસ્ત્રોના ઘાથી પ્રાણીઓનો નાશ થતો રહે છે. હે તાત ! આ પ્રશ્નોના ઉત્તર આપ સમજો. (૨૩-૪૪૨)

**जा जा वच्चइ रयणी, न सा पडिनिअत्तइ ।**
**अहम्मं कुणमाणस्स, अहला जंति राइओ ॥ २४ ॥**

**या या व्रजति रजनी, न सा प्रतिनिवर्त्तते ।**
**अधर्मं कुर्वतो, अफला यान्ति रात्रयः ॥ २४ ॥**

**અર્થ –** જે જે રાત્રિઓ અને દિવસો જાય છે, તે તે ફરીથી પાછા આવતા નથી અધર્મનું આચરણ કરનાર પ્રાણીઓના તે રાત્રિ-દિવસો નિષ્ફળ જાય છે. અધર્મનું કારણ ગૃહવાસ છે, માટે તેનો ત્યાગ શ્રેયસ્કર છે. (૨૪-૪૪૩)

**जा जा वच्चइ रयणी, न सा पडिनिअत्तइ ।**
**धम्मं च कुणमाणस्स, सहला जंति राइओ ॥ २५ ॥**

**या या व्रजति रजनी, न सा प्रतिनिवर्त्तते ।**
**धर्मं च कुर्वाणस्य, सफला यान्ति रात्रयः ॥ २५ ॥**

**અર્થ –** જે જે રાત્રિ-દિવસો જાય છે, તે તે ફરીથી પાછા આવતા નથી. ધર્મનું આચરણ કરનાર પ્રાણીઓના તે રાત્રિ-દિવસો સફળ છે, માટે અમારો જન્મ સફળ કરવા સારૂ અમે વ્રત-દીક્ષા સ્વીકારીશું. (૨૫-૪૪૪)

**एगओ संवसित्ताणं, दुहओ सम्मत्तसंजुआ ।**
**पच्छा जाया गमिस्सामो, भिक्खमाणा कुलेकुले ॥ २६ ॥**

**एकतः समुष्य, द्वये सम्यक्त्वसंयुताः ।**
**पश्चात् जातौ ! गमिष्यामो भिक्षमाणाः कुले कुले ॥ २६ ॥**

**અર્થ** – એક સ્થાનમાં સાથે રહીને, હું અને તમે બંને એટલે આપણે ત્રણ જણાંઓ સમ્યક્ત્વ સહિત શ્રાવકધર્મનું પહેલાં પાલન કરી, પછીથી દીક્ષા લઈને ઘરે ઘરે ભિક્ષા ગ્રહણ કરનારા વિ. ક્રમથી વિહાર કરનારા થઈશું. (૨૬-૪૪૫)

**जस्सत्थि मच्चुणा सक्खं, जस्स वत्थि पलायणं ।**
**जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुए सिआ ॥ २७ ॥**

**यस्ययास्ति मृत्युना सख्यं, यस्य वास्ति पलायनम् ।**
**या जानाति न मरिष्यामि, स एव कांक्षति श्वः स्यात् ॥ २७ ॥**

**અર્થ** – જેની મૃત્યુની સાથે દોસ્તી છે, જે મૃત્યુથી બીજે નાસી શકે છે તથા જે એમ જાણે છે કે-'હું મરીશ નહીં,' તે જ પ્રાણી આ કાર્ય આવતી કાલે કરીશ-એમ ઈચ્છે કે બોલી શકે; પરંતુ જયાં એ શક્યતા નથી ત્યાં મુલતવી રાખ્યાના માઠાં ફળ છે-એમ વિચારી કાલે, કરવાનું આજે કરો અને આજે કરવાનું હમણાં કરો. (૨૭-૪૪૬)

**अज्जेव धम्मं पडिवज्जयामो, जहिं पवण्णा न पुणब्भवामो ।**
**अणागयं नेव य अत्थि किंचि, सद्धा खमं णे विणइत्तु रागं ॥ २८ ॥**

**अद्यैव धर्म प्रतिपद्यामहे, यं प्रपन्ना न पुनः भविष्यामः ।**
**अनागतं नैव चास्ति किञ्चत्, श्रद्धा क्षमं नो व्यपनीय रागम् ॥ २८ ॥**

**અર્થ** – તો આજે જ અમે શ્રી ભાગવતી દીક્ષા સ્વીકારીશું. દીક્ષાને પામેલા અમે હવે ફરીથી જન્મ વિ. વિભાવ પર્યાયોનો અનુભવ નહીં કરીએ. વળી આ સંસારમાં સુંદર વિષયસુખ વિ. કોઈ વસ્તુ અપ્રાપ્ત નથી, કેમ કે જીવોએ સંસારના સર્વ પદાર્થો અનંતીવાર મેળવેલ છે. આથી સ્વજન સંબંધી સ્નેહરાગનો ત્યાગ કરીને અમોને ધર્માનુષ્ઠાન કરવા સમર્થ શ્રદ્ધા વર્તે છે. (૨૮-૪૪૭)

**पहीणपुत्तस्स हु नत्थि वासो, वासिट्ठि भिक्खायरिआइ कालो ।**
**साहाहिं रुक्खो लहई समाहिं, छिन्नाहिं साहाहिं तमेव खाणुं ॥ २९ ॥**

**प्रहीणपुत्रस्य हु नास्ति वासः, वासिष्ठि ! भिक्षाचर्यायाः कालः ।**
**शाखाभिर्वृक्षो लभते समाधिं, छिन्नाभिः शाखाभिस्तमेव स्थाणुम् ॥ २९ ॥**

**અર્થ** – બંને પુત્રો વગર મારે ઘરે રહેવું ઠીક નથી. હે વાશિષ્ઠિ ! વશિષ્ઠ ગોત્રમાં ઉત્પન્ને ! દીક્ષાનો કાલ વર્તે છે, કેમ કે-શાખાઓથી વૃક્ષો સમાધિ પામે છે. જેમ છેદાયેલી શાખાઓથી તે જ વૃક્ષને લોક ઠુંઠું કહે છે, તેમ મારે પણ આ છોકરાઓ સમાધિના હેતુઓ છે. તેના વગર હું પણ ઠુંઠા જેવો જ છું. (૨૯-૪૪૮)

**पंक्खा विहूणोव्व जहेह पक्खी, मिच्चव्विहूणोव्व रणे नरिंदो ।**
**विवन्नसारो वणिओव्व पो, पहीणपुत्तोम्हि तहा अहंपि ॥ ३० ॥**

**पक्षविहीनो वा यथेह पक्षी, भृत्युविहीनो वा रणे नरेन्द्रो ।**
**विपन्नसारो वणिगिव पोते, प्रहीणपुत्रोऽस्मि तथाहमपि ॥ ३० ॥**

**અર્થ** – વળી જેમ આ લોકમાં પાંખ વગરનો પંખી, નોકર વગરનો રણમાં રાજા અને જહાજ તૂટી ગયા પછી સોનુ વિ. દ્રવ્ય વગરનો વાણીયો-વેપારી, દુઃખ પામી વિષાદ પામે છે, તેમ પુત્ર વગરનો હું દુઃખી બની ખેદ પામું છું. (૩૦-૪૪૯)

**सुसंभिआ कामगुणा इमे ते, संपिंडिआ अग्गरसप्पभूआ ।**
**भुंजामु ता कामगुणे पगामं, पच्छा गमिस्सामि पहाणमग्गं ॥ ३१ ॥**

**सुसम्भृताः कामगुणा इमे ते, सम्पिण्डिताः अग्ररसाः प्रभूताः ।**
**भुञ्जीवहि तत् कामगुणान् प्रकामं, पश्चाद् गमिष्यावः प्रधानमार्गम् ॥ ३१ ॥**

**અર્થ** – આપના ઘરમાં આ પ્રત્યક્ષ દેખાતા પંચેન્દ્રિય સુખદ પદાર્થો ખૂબ ખૂબ ભર્યાં પડેલ છે. વળી તે સઘળાં એક જ સ્થાનમાં ભેગાં કરી રાખેલ છે તથા મધુર રસ વિ. થી સંપન્ન અર્થાત્ શૃંગારરસના ઉત્તેજક છે. તે અલ્પ નહીં પરંતુ પ્રચુર માત્રામાં છે. આથી આ કામભોગોને આપ યથેચ્છ ભોગવો ! જયારે વૃદ્ધાવસ્થા આવશે ત્યારે સંયમને સ્વીકારીશું. (૩૧-૪૫૦)

**भुत्ता रसा भोइ ! जहाइ णे वओ, न जीविअट्ठाए जहामि भोए ।**
**लाभं अलाभं च सुहं च दुक्खं, संविक्खमाणो चरिस्सामि मोणं ॥ ३२ ॥**

**भुक्ताः रसा भवति ! जहाति नो वयः, न जीवितार्थं प्रजहामि भोगान् ।**
**लाभमलाभं च सुखं च दुःखं, संवीक्षमाणः चरिष्यामि मौनम् ॥ ३२ ॥**

**અર્થ** – હે ભવતિ ! બ્રાહ્મણી ! મધુર કે શૃંગારરસ અને કામભોગો મેં ખૂબ ભોગવી લીધેલ છે, જેથી બાકીની જુવાની કે જીવન ખલાસ ન થાય તે પહેલાં અમો દીક્ષા લઈએ તે યુક્ત છે. ભવાંતરમાં ભોગરૂપ અસંયમ જીવનને ખાતર હું આ ભોગોનો ત્યાગ કરતો નથી, પરંતુ લાભાલાભ-સુખ-દુઃખ વિ. માં સમતાભાવને ધારણ કરતો હું સંયમ સ્વીકારીશ. (૩૨-૪૫૧)

**मा हु तुमं सोअरिआण संमरे, जुण्णोव्व हंसो पडिसोअगामी ।**
**भुंजाहि भोगाइं मए समाणं, दुक्खं खु भिक्खायरिआ विहारो ॥ ३३ ॥**

मा हु त्वं सोदर्याणां स्मार्षीः, जीर्णो इव हंसः प्रतिश्रोतगामी ।
भुक्ष्व भोगान् मया समानं, दुःखमेव भिक्षाचर्या विहारः ॥ ३३ ॥

**અર્થ –** જેમ નદીના પ્રવાહમાં પ્રતિકૂળ પ્રવાહે વહેતો બુઢ્ઢો હંસ, અતિ કષ્ટનો આરંભ કરવા છતાં અશક્ત બનેલો પાછળથી અનુકૂળ પ્રવાહમાં દોડે છે, તેમ તમે પણ વ્રતભારને વહન કરવામાં અસમર્થ બનશો, તેમજ સ્વજનો અને ભોગોને પાછા યાદ કરશો. આથી હું કહું છું કે-મારી સાથે ભોગોને ભોગવો ! જુઓ કે-ભિક્ષા માટે ફરવું અને એક ગામથી બીજા ગામે વિહાર કરવો વિ. અનેક પ્રકારનું દુઃખ છે, તેથી પહેલાં વિચાર કરો અને પછી પગલું ભરો. (૩૩-૪૫૨)

**जहा य भोइ ! तणुअं भुअंगमा, निम्मोअणिं हेच्च पलेइ मुत्तो ।**
**एमेए आया पयहंति भोए, तेऽहं कहं नाणुगमिस्समिक्को ॥ ३४ ॥**

**यथा च भवति ! तनुजां भुजङ्गमो, निर्मोचनीं हित्वा पर्येति मुक्तः ।**
**एवमेतौ जातौ प्रजहीतः भोगान्, तौ अहं कथं नाऽनुगमिष्याम्येकः ? ॥ ३४ ॥**

**અર્થ –** હે બ્રાહ્મણી ! જેમ સાપ પોતાના શરીર ઉપરની કાંચળી છોડી મુક્ત બની ફરતો રહે છે અને કાંચળીને ફરીથી પણ જોતો નથી, તેમ આ આપણા બંને પુત્રો ભોગોને જ્યારે છોડી રહ્યા છે તો હું પણ તેમની સાથે દીક્ષા કેમ ગ્રહણ ન કરૂં ? મારે એકલાને ઘરમાં રહેવાથી શું ? હું અવશ્ય દીક્ષા લઈશ અને તે પાળીશ, તેમજ સંસારમાં પાછો આવવાનો નથી જ. (૩૪-૪૫૩)

**छिंदित्तु जाल अबलं व रोहिआ, मच्छा जहा कामगुणे पहाय ।**
**धोरेज्जसीला तवसा उदारा, धीरा हु भिक्खायरिअं चरंति ॥ ३५ ॥**

**छित्त्वा जालमबलमिव रोहिता, मत्स्याः यथा कामगुणान् प्रहाय ।**
**धौरेयाः शीलास्तपसा उदाराः, धीराः हु भिक्षाचर्यां चरन्ति ॥ ३५ ॥**

**અર્થ –** હે બ્રાહ્મણી ! જેમ રોહિત જાતિના માછલાંઓ જુની યા નવી જાળને છેદીને સુખપૂર્વક વિચરે છે, તેમ જાલ સમાન સુંદર વિષયભોગોને છોડી, ધુરંધર વૃષભની માફક ઉપાડેલ ભારને વહન કરવારૂપ શીલસંપન્ન, અનશન વિ. તપથી શ્રેષ્ઠ બનેલ ધીર પુરુષો દીક્ષાને સ્વીકારે છે, તેમ હું પણ તેમની માફક સંયમ ગ્રહણ કરીશ. (૩૫-૪૫૪)

**नभे व कोंचा समइक्कमंता, तताणि जालाणि दलित्तु हंसा ।**
**पलिंति पुत्ता य पईअ मज्झं, तेहं कहं नाणुगमिस्समिक्का ॥ ३६ ॥**

**नभसीव क्रोञ्चाः समतिक्रामन्तः, ततानि जालानि दलित्वा हंसाः ।**
**परियन्ति पुत्रौ च पतिश्च मम, तानहं कथं नानुगमिष्याम्येका ॥ ३६ ॥**

**અર્થ** – જેમ ક્રૌંચ પંખીઓ અને હંસો વિસ્તૃત જાળોનું છેદન કરી તે તે પ્રદેશોનું ઉલ્લંઘન કરતા આકાશમાં સ્વતંત્ર ઉડે છે, તેમ મારા બે પુત્રો અને પતિ વિસ્તૃત જાળ સરખી વિષયાસક્તિને ત્યાગી, આકાશ સમાન નિર્લેપ સંયમમાર્ગમાં તે તે સંયમસ્થાનોનું પાલન કરવા જાય છે; તો હું એકલી તેમના સંયમમાર્ગનું કેમ અનુસરણ ન કરૂં ? અર્થાત્ તેઓની સાથે હું પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. (૩૬-૪૫૫)

**पुरोहिअं तं ससुअं सदारं, सुच्चाऽभिणिक्खम्म पहाय भोए ।**
**कुडुंबसारं विउलुत्तमं तं, रायं अभिक्खं समुवाय देवी ॥ ३७ ॥**

**पुरोहितं तं ससुतं सदारं, श्रुत्वाऽभिनिष्क्रम्य प्रहाय भोगान् ।**
**कुटुम्बसारं विपुलोत्तमं तं, राजानमभीक्ष्णं समुवाच देवी ॥ ३७ ॥**

**અર્થ** – ઘરમાંથી નીકળી, ભોગોને છોડી, પુત્રો અને પ્રિયા સહિત પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર પુરોહિત છે-એમ સાંભળી, તે પુરોહિતે છોડેલ ઉત્તમ અને પુષ્કળ ધન-ધાન્ય વિ. ગ્રહણ કરતા રાજાને કમલાવતી નામની રાણી સારી રીતિએ સમજાવવા લાગી. (૩૭-૪૫૬)

**वंतासी पुरिसो रायं, न सो होइ पसंसिओ ।**
**माहणेण परिच्चत्तं, धणं आयाउमिच्छसि ॥ ३८ ॥**

**वान्ताशी पुरुषो राजन् !, न स भवति प्रशंसितः ।**
**माहनेन परित्यक्तं, धनमादातुमिच्छसि ! ॥ ३८ ॥**

**અર્થ** – હે રાજન્ ! વમન કરેલ-ત્યક્ત વસ્તુને ભોગવનાર પુરુષ બુદ્ધિમાનોથી પ્રશંસાપાત્ર થતો નથી. બ્રાહ્મણે છોડેલ ધનગ્રહણની આપ ઇચ્છા કરો છો, માટે આપ વાંતાશી બનો છો. આપ જેવાઓને વાંતાશી બનવું એ ઉચિત નથી. (૩૮-૪૫૭)

**सव्वं जगं जह तुहं, सव्वं वाऽवि धणं भवे ।**
**सव्वंपि ते अपज्जत्तं, नेव ताणाय तं तव ॥ ३९ ॥**

**सर्वं जगद्यदि तव, सर्वं वाऽपि धनं भवेत् ।**
**सर्वमपि तेऽपर्याप्तं, नैव त्राणाय तत्तव ॥ ३९ ॥**

**અર્થ** – વળી સઘળું જગત્ અથવા સકલ ધન જો આપને આધીન થાય, તો પણ આપની ઇચ્છા પૂરવા માટે તે શક્તિમાન થતું નથી, કેમ કે-આશા

અનંત છે. તેમજ જન્મ-મરણ વિ. ના વિનાશરૂપ રક્ષણ માટે તે સઘળું જગત્ અને ધન સમર્થ નથી. (૩૯-૪૫૮)

**मरिहिसि राय जया तया वा, मणोरमे कामगुणे पहाय ।**
**इक्को हु धम्मो नरदेवताणं, न विज्जइ अन्नमिहेह किंची ॥ ४० ॥**

मरिष्यसि राजन् ! यदा तदा वा, मनोरमान् कामभोगान् प्रजहाय ।
एक एव धर्मो नरदेवत्राणं, न विद्यते अन्यत् इहेह किञ्चित् ॥ ४० ॥

**અર્થ –** હે રાજન્ ! જ્યારે-ત્યારે કોઈ પણ સમયે મનોહર કામભોગોને છોડી આપ અવશ્ય મરવાના જ છો. આપની સાથે કાંઇ પણ આવશે નહીં. નર અને દેવને રક્ષણ કરનાર એક ધર્મ જ છે. આ ધર્મ સિવાય બીજું કાંઇ મરણ સમયે રક્ષક નથી. (૪૦-૪૫૯)

**नाऽहं रमे पक्खिणि पंजरे वा, संताणछिन्ना चरिस्सामि मोणं ।**
**अकिंचणा उज्जुकडा निरामिसा, परिग्गहारम्भनिअत्त दोसा ॥ ४१ ॥**

नाऽहं रमे पक्षिणी पञ्जरे वा, सन्तानछिन्ना चरिष्यामि मौनम् ।
अकिञ्चना ऋजुकृता निरामिषा, परिग्रहारम्भनिवृत्तदोषा ॥ ४१ ॥

**અર્થ –** જેમ પંખી પાંજરામાં સુખનો અનુભવ કરતું નથી, તેમ હું પણ જરા વિ. ઉપદ્રવોથી ભરેલ ભવરૂપી પાંજરામાં સુખનો અનુભવ કરતી નથી. સ્નેહપરંપરાની શૃંખલાને તોડી, પરિગ્રહથી રહિત થઇ, આચરણમાં સરલતા રાખી, વિષયવાસનાહીન બની, તેમજ પરિગ્રહ અને આરંભરૂપી દોષોથી અટકીને હું મુનિપણું આચરીશ. (૪૧-૪૬૦)

**दवग्गिणा जहारण्णे, डज्झमाणेसु जंतुसु ।**
**अन्ने सत्ता पमोअंति, रागद्दोसवसंगया ॥ ४२ ॥**

दवाग्निना यथाऽरण्ये, दह्यमानेषु जन्तुषु ।
अन्ये सत्त्वाः प्रमोदन्ते, रागद्वेषवशङ्गताः ॥ ४२ ॥

**અર્થ –** જેમ વનમાં દાવાનળ દ્વારા બળી રહેલા જંતુઓને જોઈને, રાગ-દ્વેષથી વશીભૂત બનેલા અવિવેકી પ્રાણીઓ ખુશ થાય છે. (૪૨-૪૬૧)

**एवमेव वयं मूढा, कामभोगेसु मुच्छिआ ।**
**दज्झमाणं न बुज्झामो, रागदोसग्गिणा जगं ॥ ४३ ॥**

एवमेव वयं मूढाः, कामभोगेषु मूर्च्छिताः ।
दह्यमानं न बुध्यामहे, रागद्वेषाग्निना जगत् ॥ ४३ ॥

**અર્થ –** એવી રીતિએ અમે મોહવશ ફસાયેલા અને કામભોગોમાં આસક્ત બનેલા, રાગ-દ્વેષાગ્નિથી બળી રહેલા પ્રાણીસમુદાયરૂપ જગતને જાણી શકતા નથી; તેથી અમે પણ ભોગોનો ત્યાગ નહીં કરવાથી અજ્ઞાનીઓ જ છીએ. (૪૩-૪૬૨)

**भोगे भुच्चा वमित्ता य, लहुभूयविहारिणो ।**
**आमोदमाणा गच्छंति, दिया कामकमा इव ॥ ४४ ॥**

**भोगान् भुक्त्वा वान्त्वा च, लघुभूतविहारिणः ।**
**आमोदमानाः गच्छन्ति, द्विजा कामक्रमाः इव ॥ ४४ ॥**

**અર્થ –** પૂર્વકાળમાં ભોગોને ભોગવી અને ઉત્તરકાળમાં તે ભોગોને છોડી, વાયુની માફક અપ્રતિબદ્ધવિહારી બનેલા, તથાવિધ અનુષ્ઠાનથી હર્ષવાળા બની વિવક્ષિત સ્થાનમાં વિચરે છે. જેમ પંખીઓ જ્યાં જ્યાં રૂચિ થાય ત્યાં ત્યાં હર્ષિત બની ફરે, તેમ મુનિઓ પણ મમતા વગર જ્યાં જ્યાં સંયમનિર્વાહ થાય ત્યાં ત્યાં વિચરે છે. (૪૪-૪૬૩)

**इमे अ बद्धा फंदंति, मम हत्थज्जमागया ।**
**वयं च सत्ता कामेसु, भविस्सामो जहा इमे ॥ ४५ ॥**

**इमे च बद्धाः स्पन्दन्ते, मम हस्तं आर्य ! आगताः ।**
**वयं च सक्ताः कामेषु, भविष्यामो यथेमे ॥ ४५ ॥**

**અર્થ –** આ પ્રત્યક્ષ દેખાતાં વિષયો ઘણા ઘણા ઉપાયોથી સુરક્ષિત બનાવવા છતાં સ્વ-સ્વભાવે અસ્થિર છે. વળી આપના હસ્તમાં તે પ્રાપ્ત થયા છતાં, હે આર્ય ! સદાકાળ તે આપના હાથમાં રહેતા નથી, પરંતુ તે વિષયોમાં મોહના કારણે અંધ બનેલા, તેના ભોગવનારા આપણે પણ તે બધું છોડી એક દિવસ ઉપડી જવાના છીએ; માટે પુરોહિતની માફક આપણે પણ તેનો ત્યાગ કરીશું-એમ રાણીએ રાજાને કહ્યું. (૪૫-૪૬૪)

**सामिसं कुललं दिस्स, बज्झमाणं निरामिसं ।**
**आमिसं सव्वमुज्झित्ता, विहरिस्सामो निरामिसा ॥ ४६ ॥**

**सामिषं कुललं दृष्ट्वा, बाध्यमानं निरामिषम् ।**
**आमिषं सर्वमुज्झित्वा, विहरिष्यामो निरामिषाः ॥ ४६ ॥**

**અર્થ –** માંસને ગ્રહણ કરનારા ગીધ અગર સમડીને બીજાં પંખીઓથી પીડાતા જોઈ અને માંસ વગરના તે ગીધ અગર સમડીને જોઈ, આસક્તિના

હેતુરૂપ ધન-ધાન્યાદિ સઘળું આમિષ સરખું છોડીને અમે નિ:સંગ અપ્રતિબદ્ધવિહારી બનીશું. (૪૬-૪૬૫)

**गिद्धोवमे उ नच्चा णं, कामे संसारवड्ढणे ।**
**उरगो सुवण्णपासे वा, संकमाणो तणुं चरे ॥ ४७ ॥**

**गृध्रोपमान् तु ज्ञात्वा खलु, कामान् संसारवर्द्धनान् ।**
**उरगः सुपर्णपार्श्वे इव, शङ्कमानस्तनु चरेः ॥ ४७ ॥**

**અર્થ –** ભવની વૃદ્ધિ કરનારા વિષયોની અભિલાષાવાળા જનોને, માંસવાળા ગીધ સરખા જાણીને, ગરૂડની પાસે ભયગ્રસ્ત શરીરવાળા સાપની માફક યતનાપૂર્વક ક્રિયામાં પ્રવૃત્તિ કરો ! જેવી રીતિએ ગરૂડ સમાન વિષયોથી બાધા ન પહોંચે તેવી રીતિએ પ્રયત્નશીલ બનો ! (૪૭-૪૬૬)

**नागो व्व बंधणं छित्ता, अप्पणो वसइं वए ।**
**एअं पत्थं महारायं, इसुआरेत्ति मे सुयं ॥ ४८ ॥**

**नाग इव बन्धनं छित्वा, आत्मनो वसतिं व्रज ।**
**एतत् पथ्यं महाराज ! इषुकार ! इति मया श्रुतम् ॥ ४८ ॥**

**અર્થ –** જેમ હાથી બંધનરૂપ દોરડાંને તોડી પોતાના સ્થાનરૂપ વિંધ્યાચલની અટવીમાં જાય છે, તેમ કર્મરૂપી બંધનને છેદી શુદ્ધ જીવરૂપ આત્માના આશ્રયરૂપ મુક્તિમાં તમે ગમન કરો ! હે ઈષુકાર મહારાજ ! જે જે મેં આપને હિતકારી વચનો કહ્યાં છે, તે તમામ મેં સાધુઓની પાસેથી સાંભળેલ છે. (૪૮-૪૬૭)

**चइत्ता विउलं रज्जं, कामभोगे अ दुच्चए ।**
**निव्विसया निरामिसा, निन्नेहा निप्परिग्गहा ॥ ४९ ॥**

**त्यक्त्वा विपुलं राज्यं, कामभोगांश्च दुस्त्यजान् ।**
**निर्विषयौ निरामिषौ, निःस्नेहौ निःपरिग्रहौ ॥ ४९ ॥**

**અર્થ –** દુ:ખે છોડી શકાય એવા કામભોગોને અને વિપુલ રાજ્યને છોડી, વિષયરહિત, આસક્તિરહિત, મમતારહિત અને મૂર્ચ્છારહિત તે બંને થયા. (૪૯-૪૬૮)

**सम्मं धम्मं विआणित्ता, चिच्चा कामगुणे वरे ।**
**एवं पगिज्झ जहक्खायं, घोरं घोरपरक्कमा ॥ ५० ॥**

**सम्यग् धर्मं विज्ञाय, त्यक्त्वा कामगुणान् वरान् ।**
**तपः प्रगृह्य यथाख्यातं, घोरं घोरः पराक्रमः ॥ ५० ॥**

**અર્થ** – સર્વોત્તમ કામભોગોને છોડી, શ્રુતચારિત્રરૂપ સમ્યગ્ધર્મને જાણી, અનશન વિ. તપનો સ્વીકાર કરી, જેમ શ્રી જિનવરોએ કહેલ છે તેવા અતિ દુષ્કર અને કર્મશત્રુના જય તરફ ઘોર પરાક્રમવાળા સંયમને સ્વીકારનાર તે બંને થયા. (૫૦-૪૬૯)

**एवं ते कमसो बुद्धा, सव्वे धम्मपरायणा ।**
**जम्ममच्चुभओव्विग्गा दुक्खस्संतगवेसिणो ॥ ५१ ॥**

**यैवं तानि क्रमशः बुद्धानि, सर्वाणि धर्मपरायणानि ।**
**जन्ममृत्युभयोद्विग्नानि, दुःखस्यान्तगवेषकानि ॥ ५१ ॥**

**અર્થ** – આ પ્રકારે પૂર્વોક્ત સઘળાંય છએ છ જીવો ક્રમસર જ્ઞાની બનેલા અને જન્મ-મરણના ભયથી કંટાળેલા, સર્વથા દુઃખ માત્રનો અંત કેમ થાય-એ વાતની ગવેષણામાં લયલીન થયા. (૫૧-૪૭૦)

**सासणे विगयमोहाणं, पुव्विं भावणभाविआ ।**
**अचिरेणेव कालेणं, दुक्खस्संतमुवागया ॥ ५२ ॥**

**शासने विगतमोहानां, पूर्वं भावनाभावितानि ।**
**अचिरेणैव कालेन, दुःखस्यान्तमुपागतानि ॥ ५२ ॥**

**અર્થ** – પહેલાં અન્ય જન્મોમાં ધર્માભ્યાસરૂપ ભાવનાથી રંગાયેલા છએ જીવો, શ્રી અરિહંતદેવના શાસનમાં સ્થિર બની થોડા જ સમયમાં મોક્ષે ગયા. (૫૨-૪૭૧)

**राया य सह देविए, माहणो अ पुरोहिओ ।**
**माहणी दारगा चेव, सव्वे ते परिनिव्वुडत्ति बेमि ॥ ५३ ॥**

**राजा च सह देव्या, माहनश्च पुरोहितः ।**
**माहनी दारकौ चैव, सर्वाणि तानि परिनिर्वृतानि इति ब्रवीमि ॥ ५३ ॥**

**અર્થ** – રાજા ઈષુકાર, તેમની કમલાવતી રાણી, ભૃગુ પુરોહિત, તેમની પત્ની યશા બ્રાહ્મણી તથા તેમના બંને પુત્રો-આ સર્વે જીવો મોક્ષમાં ગયા અર્થાત્ સિદ્ધ પરમાત્મા બની ગયા, એમ હે જંબૂ ! હું કહું છું. (૫૩-૪૭૨)

**॥ ચૌદમું શ્રી ઈષુકારીયાધ્યયન સંપૂર્ણ ॥**

# श्री सभिक्षु अध्ययन-१५

**मोणं चरिस्सामि समेच्च धम्मं, सहिए उज्जुकडे निआणच्छिन्ने ।**
**संथवं जहिज्ज अकामकामे, अण्णाएसी परिव्वए सभिक्खू ॥ १ ॥**

**मौनं चरिष्यामि समेत्य धर्मं, सहितो ऋजुकृतो निदानछिन्नः ।**
**संस्तवं जह्यादकामकामः, अज्ञातैषी परिव्रजेत् स भिक्षुः ॥ १ ॥**

**અર્થ –** 'શ્રમણપણાનું હું પાલન કરીશ'-એવા અભિપ્રાયથી શ્રુતચારિત્રરૂપ ધર્મને પામીને અન્ય મુનિઓની સાથે વિષય વિ.ની આસક્તિરૂપ નિયાણાને છોડી, માતા વિ.ની સાથે પરિચયનો ત્યાગ કરે ! તેમજ કામની અભિલાષા વગરનો બની, 'હું તપસ્વી છું' વિ. જણાવ્યા સિવાય આહાર વિ.ની ગવેષણા કરનારો અનિયતવિહારી બની વિચરે, તે જ ભિક્ષુ છે. (૧-૪૭૩)

**राओवरयं चरिज्ज लाढे, विरए वेअविया आयरक्खिए ।**
**पण्णे अभिभूय सव्वदंसी, जे कम्हिवि न मुच्छिए स भिक्खू ॥ २ ॥**

**रागोपरतं चरेत् लाढः, विरतो वेदविदात्मरक्षितः ।**
**प्राज्ञः अभिभूय सर्वदर्शी, यः कस्मिंश्चित् मूर्च्छितः स भिक्षुः ॥ २ ॥**

**અર્થ –** સમ્યગ્ અનુષ્ઠાનવાળો હોઈ પ્રધાન થઈ, અસંયમથી અટકી, આત્માનું દુર્ગતિથી રક્ષણ કરનારો, સમ્યક્ત્વ વિ. લાભોને ટકાવી રાખનાર, હેય-ઉપાદેયના જ્ઞાનવાળો, આગમવેદી, પરીષહ અને ઉપસર્ગોને જીતીને, સકલ પ્રાણીવર્ગને આત્માની માફક જોનારો અને કોઈ પણ વસ્તુમાં મૂર્ચ્છાભાવ નહીં રાખનારો સાધુ, નિરાગી બની વિહાર કરે ! (૨-૪૭૪)

**अक्कोसवहं विइत्तु धीरे, मुणी चरे लाढे निच्चमायगुत्ते ।**
**अव्वग्गमणे असंपहिट्ठे, जो कसिणं अहिआसए सभिक्खू ॥ ३ ॥**

**आक्रोशवधं विदित्वा धीरः, मुनिश्चरेत् लाढः नित्यमात्मगुप्तः ।**
**अव्यग्रमनः असम्प्रहृष्टः यः कृत्स्नमध्यास्ते स भिक्षुः ॥ ३ ॥**

**અર્થ –** અસંયમસ્થાનોથી આત્માને બચાવનાર, મનની વ્યગ્રતા વગરનો, આક્રોશદાન વિ. માં આનંદ વગરનો, 'આક્રોશ અને વધ-એ સ્વકૃત કર્મનું ફળ છે'-એમ જાણી અક્ષોભ્ય બનેલો મુનિ, સઘળાં આક્રોશ અને વધને સમતાથી સહન કરે છે. (૩-૪૭૫)

**पंतं सयणासणं भइत्ता, सीउण्हं विविहं च दंसमसगं ।**
**अव्वग्गमणे असंपहिट्ठे, जो कसिणं अहिआसए स भिक्खू ॥ ४ ॥**

**प्रान्तं शयनासनं भक्त्वा, शीतोष्णं विविधं च दंशमशकम् ।**
**अव्यग्रमनः असम्प्रहृष्टः, यः कृत्स्नमध्यास्ते स भिक्षुः ॥ ४ ॥**

**અર્થ –** અસાર શયન અને આસન વિ. નું સેવન કરી, શીત અને ઉષ્ણ તથા વિવિધ ડાંસ, મચ્છર મેળવીને મનની વ્યગ્રતા વગરના બની, ડાંસ વિ. થી રહિત સ્થાનના લાભથી પ્રસન્નચિત્ત થતા નથી તથા સમસ્ત શયનાદિ પરીષહને જે સહન કરે, તે ભિક્ષુ છે. (૪-૪૭૬)

**णो सक्किअमिच्छई न पूअं, नो वि अ वंदणगं कओ पसंसं ।**
**से संजए सुव्वए तवस्सी, सहिए आयगवेसए स भिक्खु ॥ ५ ॥**

**नो सत्कृतमिच्छति न पूजां, नो पि च वंदनकं कुतः प्रशंसाम् ।**
**स संयतः सुव्रतः तपस्वी, सहितः आत्मगवेषकः स भिक्षुः ॥ ५ ॥**

**અર્થ –** જે સત્કાર-પૂજા-વંદન વિ. ચાહતા નથી, તે સ્વગુણગાનરૂપ પ્રશંસાને તો ક્યાંથી ચાહે ? ન જ ઇચ્છે. સદનુષ્ઠાન પ્રત્યે સારી યતનાવાળો, પંચમહાવ્રતધારી, પ્રશસ્ત તપસ્વી, તેમજ સમ્યગ્જ્ઞાન-ક્રિયા સહિત જે આત્માની કર્મમલના નાશની શુદ્ધિની ઇચ્છા કરનારો, તે ભિક્ષુ છે. (૫-૪૭૭)

**जेण पुण जहाइ जीविअं, मोहं वा कसिणं निअच्छइ नरनारिं ।**
**पजहे सया तवस्सी, न य कोऊहलं उवेइ स भिक्खू ॥ ६ ॥**

**येन पुनः जहाति जीवितं, मोहं वा कृत्स्नं नियच्छति नरनारिं ।**
**प्रजह्यात् सदा तपस्वी, न च कुतूहलं उपैति स भिक्षुः ॥ ६ ॥**

**અર્થ –** જે નિમિત્ત દ્વારા સંયમજીવનને છોડે છે અથવા કષાય-નોકષાય વિ. રૂપ સઘળાં મોહનીયકર્મ બાંધે છે, તે નિમિત્તરૂપ નર-નારીનો હંમેશાં જે તપસ્વી છે તે ત્યાગ કરે ! જે અભુક્તભોગી હોય તે સ્ત્રી વિ. વિષયવાળા કુતૂહલભાવને ન પામે અને જે ભુક્તભોગી હોય તે સ્ત્રી વિ. ના સ્મરણભાવને ન પામે, તે સાધુ છે. (૬-૪૭૮)

**छिन्नं सरं भोममंतलिक्खं, सुविणं लक्खणदंडवत्थुविज्जं ।**
**अंगविआरं सरस्सविजयं, जो विज्जाहिं जीवई स भिक्खू ॥ ७ ॥**

**छिन्नं स्वरं भौममान्तरिक्षं, स्वप्नं लक्षणं दण्डवास्तुविद्याम् ।**
**अङ्गविकारः स्वरस्य विजयः, यः विद्याभिर्न जीवति स भिक्षुः ॥ ७ ॥**

**અર્થ** – વસ્ત્ર વિ. ના છેદનવિષય શુભાશુભ નિરૂપક વિદ્યા તે છિન્ન, સ્વર સ્વરૂપને કહેનારી વિદ્યા, ભૂકંપ વિ. લક્ષણરૂપ ભૌમશાસ્ત્ર, ગંધર્વનગર વિ.રૂપ આકાશીય વિદ્યા, સ્વપ્નશાસ્ત્ર, સ્ત્રી વિ. ના લક્ષણરૂપ શાસ્ત્ર, દંડસ્વરૂપ કથનરૂપ શાસ્ત્ર, પ્રાસાદ વિ. લક્ષણ કહેનાર વાસ્તુશાસ્ત્ર, મસ્તકસ્ફુરણ વિ. શુભાશુભ કથનરૂપ અંગવિકાર વિદ્યા તથા દુર્ગા વિ. ના શબ્દરૂપ વિદ્યા; આવી જે વિદ્યાઓથી આજીવિકા ન ચલાવે, તે સાધુ કહેવાય છે. (૭-૪૭૯)

**मंतं मूलं विविहं विज्जचिंतं, वमणविरेअणधूमनित्तसिणाणं ।**
**आउरे सरणं तिगिच्छत्तं च, तं परिण्णाय परिव्वए स भिक्खू ॥ ८ ॥**

**मंत्रं मूलं विविधां वैद्यचिन्तां, वमनविरेचनधूमनेत्रस्नानम् ।**
**आतुरे स्मरणं चिकित्सतं च, तत्परिज्ञाय परिव्रजेत् स भिक्षुः ॥ ८ ॥**

**અર્થ** – ૐકારથી માંડી સ્વાહા પર્યંત મંત્રને સહદેવી વિ. મૂલિકારૂપ શાસ્ત્ર, નાનાપ્રકારની ઔષધી વિ. ના વ્યાપારરૂપ ચિંતા, વમનશુદ્ધિરૂપ વિરેચન, મનશિલ વિ. રૂપ ધૂમ, નેત્રસંસ્કારરૂપ અંજન વિ., સંતાન વિ. માટે મંત્રૌષધીથી અભિષેક, રોગવાળી અવસ્થામાં હા-મા વિ. રૂપે સ્મરણ કરવું અને રોગપ્રતિકારાર્થે ચિકિત્સા કરવી; આ સર્વે જ્ઞપરિજ્ઞાથી જાણી અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડી જે સંયમમાર્ગમાં વિચરે છે, તે જ સાધુ છે. (૮-૪૮૦)

**खत्तियगणउग्गरायपुत्ता, माहण भोइ अ विविहा य सिप्पिणो ।**
**नो तेसिं वयइ सलोगपूअं, तं परिण्णाय परिव्वए स भिक्खू ॥ ९ ॥**

**क्षत्रीयगणोग्रराजपुत्राः ब्राह्मणाः भोगिकाः विविधाश्च शिल्पिनः ।**
**नो तेषां वदति श्लोकपूजां, तत्परिज्ञाय परिव्रजेत् स भिक्षुः ॥ ९ ॥**

**અર્થ** – ક્ષત્રિઓ, મલ્લ વિ. સમૂહરૂપ ગણો, આરક્ષક વિ. ઉગ્રો, રાજકુમારો, બ્રાહ્મણો, રાજા વિ. ભોગીજનો, વિવિધ શિલ્પીઓ જે હોય છે, તેઓની બાબતમાં 'આ સારા છે-આનો સત્કાર-પુરસ્કાર કરો.' વિ. જે બોલતો નથી, તેમની શ્લોક (કીર્તિ) પૂજાને સાવદ્ય જાણી તેને છોડી સંયમમાર્ગમાં જે વિચરે છે, તે મુનિ છે. (૯-૪૮૧)

**गिहिणो जे पव्वइएणदिट्ठा, अपव्वइएण व संथुआ हविज्जा ।**
**तेसिं इहलोइअफलट्ठा, जो संथवं न करेइ स भिक्खू ॥ १० ॥**

**गृहिणो ये प्रव्रजितेन दृष्टा, अप्रव्रजितेन वा संस्तुताः भवेयुः ।**
**तैः इहलौकिकफलार्थं, यः संस्तवं न करोति स भिक्षुः ॥ १० ॥**

**અર્થ** – જે ગૃહસ્થો, દીક્ષિત બનેલ સાધુ દ્વારા જોવાયેલ અને પરિચિત થયેલ હોય અથવા દીક્ષા પહેલાંના કાળમાં પરિચિત થયેલ હોય, તે ગૃહસ્થજનની સાથે વસ્ત્ર વિ. આ લોકના લાભની ખાતર જે પરિચય રાખતો નથી, તે મુનિ છે. (૧૦-૪૮૨)

**सयणासणपाणभोअणं, विविहं खाइमसाइमं परेसिं ।**
**अदए पडिसेहिए निअंठे, जे तत्थ न पदूसई स भिक्खू ॥ ११ ॥**

**शयनासनपानभोजनं, विविधं खादिमस्वादिमं परैः ।**
**अददद्भिः प्रतिषिद्धः निर्ग्रन्थः, यः तत्र न प्रदुष्यति स भिक्षुः ॥ ११ ॥**

**અર્થ** – શયન-આસન-પાન-ભોજન-વિવિધ ખજુર વિ. ખાદિમ, લવીંગ વિ. સ્વાદિમ આદિ વસ્તુઓને નહીં આપનાર ગૃહસ્થોએ કહી દીધું હોય કે- 'હે સાધુ ! ભિક્ષાર્થે અમારા ઘરે આવતાં નહીં અને જો ભૂલેચૂકે આવશો તો હું કાંઈ આપીશ નહીં.'-આ પ્રમાણે મનાઈ કરી હોય, છતાંય જે મુનિ નહિ આપનાર ઉપર દ્વેષભાવ રાખતો નથી, તે સાધુ છે. (૧૧-૪૮૩)

**जं किंचि आहारपाणं, विविहं खाइमसाइमं परेसिं लद्धुं ।**
**जो तं तिविहेण नाणुकंपे, मणवयकायसुसंवुडे स भिक्खू ॥ १२ ॥**

**यत्किञ्चिदाहारपानं, विविधं खादिमस्वादिमं परेभ्यो लब्ध्वा ।**
**यः तेन त्रिविधेन नानुकम्पते, मनोवाक्कायसुसंवृत्तः स भिक्षुः ॥ १२ ॥**

**અર્થ** – અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વિ. જે કોઈ વસ્તુઓ ગૃહસ્થોથી મેળવીને જે સાધુ, મન-વચન-કાયાથી બાલ, બીમાર વિ. સાધુઓને આણેલ આહારથી સેવા કરતો નથી તે સાધુ નથી, પરંતુ મન વચન કાયાના સંવરવાળો મુનિ, આણેલ આહારથી સેવા-વૈયાવચ્ચ કરે છે તે મુનિ છે. (૧૨-૪૮૪)

**आयामगं चेव जवोदणं च, सीअं सोवीर जवोदगं च ।**
**नो हीलए पिंडं नीरसंतु, पंतकुलाणि परिव्वए स भिक्खू ॥ १३ ॥**

**आयामकं चैव यवोदनं च, शीतं सौविरं यवोदकं च ।**
**नो हीलयेत् पिण्डं नीरसं तु, प्रान्तकुलानि परिव्रजेत् स भिक्षुः ॥ १३ ॥**

**અર્થ –** ઓસામણ, જવનું ભોજન, શીતલ ભોજન, કાંજી, જવનું ધોવણ પાણી વિ. ની 'આ અનિષ્ટ વસ્તુ નીરસ આહાર છે' એમ માની નિંદા નહીં કરવી જોઈએ. એથી જ જે દરિદ્રોના ઘરોમાં પણ ભિક્ષાર્થે જાય તે ભિક્ષુ છે. (૧૩-૪૮૫)

**सद्दा विविहा भवंति लोए, दिव्वा माणुस्सा तहा तिरिच्छा ।**
**भीमा भयभेरवा उराला, जो सोच्चा न विहिज्जइ स भिक्खू ॥ १४ ॥**

**शब्दा विविधाः भवन्ति लोके, दिव्या मानुष्यका स्तथा तैरश्चाः ।**
**भीमा भयभैरवाः उदाराः, यः श्रुत्वा न बिभेति स भिक्षुः ॥ १४ ॥**

**અર્થ –** પરીક્ષા અને દ્વેષ વિ. ના હેતુથી કરાતા અનેક પ્રકારના શબ્દો લોકમાં થાય છે. જેમ કે દેવ-મનુષ્ય તિર્યંચ સંબંધી રૌદ્ર તેમજ મહા ભયોત્પાદક મોટા શબ્દોને સાંભળી ધર્મધ્યાનથી જે ચલિત થતો નથી, તે સાધુ છે. (૧૪-૪૮૬)

**वायं विविहं समिच्च लोए, सहिए खेदाणुगए स कोविअप्पा ।**
**पण्णे अभिभूअ सव्वदंसी, उवसंते अविहेडए स भिक्खू ॥ १५ ॥**

**वादं विविधं समेत्य लोके, सहितः खेदानुगतः च कोविदात्मा ।**
**प्राज्ञी अभिभूय सर्वदर्शी, उपशान्तः अविहेठकः स भिक्षु ॥ १५ ॥**

**અર્થ –** લોકમાં દર્શનાંતર અભિપ્રાયરૂપ વિવિધ વાદને જ્ઞપરિજ્ઞાથી હાનિકારક જાણી, પ્રત્યાખ્યાનપરિજ્ઞાથી છોડી, જ્ઞાન-ક્રિયાની, જિનવચનની કે મુનિઓની સાથે રહેલો સંયમસંપન્ન, શાસ્ત્રના રહસ્યને પામેલ આત્માવાળો, પ્રાજ્ઞ, પરિષહસહિષ્ણુ, સર્વ આત્માને સ્વતુલ્ય જોનારો, કષાય વગરનો અને કોઈને બાધા નહીં પહોંચાડનાર જે હોય, તે મુનિ છે. (૧૫-૪૮૭)

**असिप्पजीवि अगिहे अमित्ते, जिइंदिए सव्वओ विप्पमुक्के ।**
**अणुक्कसाई लहुअप्पभक्खी, चिच्चागिहं एगचरे स भिक्खू त्ति बेमि ॥ १६ ॥**

**अशिल्पजीवी अगृहो अमित्रः, जितेन्द्रियः सर्वतः विप्रमुक्तः ।**
**अणुकषायी लघ्वल्पभक्षी, त्यक्त्वा गृहं एकचरः स भिक्षुं ॥ १६ ॥ इति ब्रवीमि ॥**

**અર્થ –** ચિત્ર વિ. વિજ્ઞાન દ્વારા જીવનનિર્વાહ નહીં કરનાર, ઘર વગરનો, મિત્ર-શત્રુ વિનાનો, ઈન્દ્રિયવિજેતા, સર્વસંગરહિત, સ્વલ્પ કષાયવાળો, નિઃસાર અને સ્વલ્પ ભોજન કરનારો, દ્રવ્ય-ભાવ ઘરને છોડી રાગ-દ્વેષ વગરનો અને એકલો વિચરનારો જે હોય, તે મુનિ છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૧૬-૪૮૮)

**॥ પંદરમું શ્રી સભિક્ષુ અધ્યયન સંપૂર્ણ ॥**

# શ્રી બ્રહ્મચર્ય સમાધિસ્થાનાધ્યયન-૧૬

**सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं-ईह खलु थेरेहिं भगवन्तेहिं दस बंभचेरसमाहिट्ठाणा पण्णता । जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले संवरबहुले समाहिबहुले गुत्ते गुत्तिदिए गुत्तबंभयारी सया अप्पमत्ते विहरेज्जा ॥ १ ॥**

**श्रुतं मया आयुष्यमन् ! तेन भगवता एवमोख्यातम् इह खलु स्थविरैर्भगवद्भिः दश ब्रह्मचर्यसमाधिस्थानानि प्रज्ञप्तानि । यानि भिक्षुः श्रुत्वा निशम्य संयमबहुलः संवर-बहुलः समाधिबहुलः गुप्तः गुप्तब्रह्मचारी सदा अप्रमत्तः विहरेत् ॥ १ ॥**

**અર્થ –** શ્રી સુધર્માસ્વામી, શ્રી જંબૂસ્વામી પ્રત્યે કહે છે કે-હે આયુષ્યમન્ ! તે ત્રણ લોકમાં પ્રસિદ્ધ જ્ઞાતપુત્ર તીર્થંકર શ્રી મહાવીર ભગવાને આગળ ઉપર કહેવાતા પ્રકારથી કહ્યું, તે મેં સાંભળ્યું છે કે-આ પ્રવચનમાં નિશ્ચયથી સ્થવિર ભગવંતોએ બ્રહ્મચર્યના સમાધિસ્થાનો દશ પ્રરૂપેલાં છે તે સ્થાનો સાંભળીને ભિક્ષુ, સંયમની બહુલતાવાળો, સંવરની પ્રચુરતાવાળો સમાધિની પ્રચુરતાવાળો, ત્રણ ગુપ્તિવાળો ઈન્દ્રિયવિજેતા, અખંડ બ્રહ્મચર્યધારક અને પ્રમાદ વગરનો બની હંમેશાં મોક્ષમાર્ગમાં વિચરે ! (૧-૪૮૯)

**कयरे खलु ते थेरेहिं भगवंतेहिं दस बंभचेरसमाहिट्ठाणा पण्णत्ता ? जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले संवरबहुले समाहिबहुले गुत्ते गुत्तिदिए गुत्तबंभयारी सया अप्पमत्ते विहरेज्जा ॥ २ ॥**

**कतराणि खलु तानि स्थविरैर्भगवद्भिः दश ब्रह्मचर्य समाधिस्थानानि प्रज्ञप्तानि ? यानि भिक्षुः श्रुत्वा निशम्य संयमबहुलः संवरबहुलः समाधिबहुलः गुप्तः गुप्तब्रह्मचारी सदा अप्रमत्तः विहरेत् ॥ २ ॥**

**અર્થ –** શ્રી જંબૂસ્વામી, શ્રી સુધર્માસ્વામીના વચનો સાંભળી એમને પૂછે છે કે, સ્થવિર ભગવંતોએ બ્રહ્મચર્યનાં જે દશ સમાધિસ્થાનો કહેલ છે તે કયા છે ?, કેટલાં છે ?, કે, જે સાંભળીને તથા હૃદયમાં ધારણ કરીને સાધુ,

સંયમ બહુલ, સંવરબહુલ, સમાધિબહુલ, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્તબ્રહ્મચારી અને સદા પ્રમાદ વગરનો બની મોક્ષમાર્ગમાં વિચરે ! (૨-૪૯૦)

**इमे खलु ते थेरेहिं भगवंतेहिं दस बंभचेरसमाहिट्ठाणा पण्णत्ता, जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले संवरबहुले समाहिबहुले गुत्ते गुत्तिंदिए गुत्तबंभयारी सया अप्पमत्ते विहरेज्जा ॥ ३ ॥**

**इमानि खलु तानि स्थविरैर्भगवद्भिः दश ब्रह्मचर्य समाधिस्थानानि प्रज्ञप्तानि, यानि भिक्षुः श्रुत्वा निशम्य संयमबहुलः संवरबहुलः समाधिबहुलः गुप्तः गुप्तेन्द्रियः गुप्तब्रह्मचारी सदा अप्रमत्तः विहरेत् ॥ ३ ॥**

**અર્થ –** હે જંબૂ ! સ્થવિર ભગવંતોએ બ્રહ્મચર્યના આ દશ સમાધિસ્થાનો પ્રરૂપેલાં છે. જે સ્થાનો સાધુ સાંભળી હૃદયમાં ધારી, સંયમબહુલ, સંવરબહુલ, સમાધિબહુલ, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી અને સદા અપ્રમત્ત બની મોક્ષમાર્ગવિહારી બને ! (૩-૪૯૧)

**तं जहा विवित्ताइं सयणासणाइं सेविज्जा से निग्गंथे । नो इत्थी पसुपंडगसत्ताइं सयणासणाइं सेविता हवइ, से निग्गंथे । तं कहमिति चे आयरियाह-निग्गंथस्स खलु इत्थी पसुपंडग संसत्ताइं सयणासणाइं सेवमाणस्स बंभयारीस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ वा धम्माओ भंसेज्जा, तम्हा नो इत्थीपसुपंडग संसत्ताइं सयणासणाइं सेविता हवइ से निग्गंथे ॥ ४ ॥**

**तद्यथा-विविक्तानि शयनासनानि सेवेत स निर्ग्रन्थः । नो स्त्रीपशुपण्डकसंसक्तानि शयनासनानि सेविता भवति, स निर्ग्रन्थः । तत्कथमिति चेदाचार्य आह-निर्ग्रन्थस्य खलु स्त्रीपशुपण्डकसंसक्तानि शयनासनानि सेवमानस्य ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिकं वा रोगातङ्कं भवेत्, केवलिप्रज्ञप्ताद् वा धर्माद् भ्रंसेत् । तस्मात् नो स्त्रीपशुपण्डकसंसक्तानि शयनासनानि सेविता भवति, स निर्ग्रन्थः ॥ ४ ॥**

**અર્થ –** હે જંબૂ ! તે દશ સમાધિસ્થાનો ક્રમસર જણાવતાં, તેમાં પહેલું સ્થાન આ મુજબ છે કે-સ્ત્રી-પશુ-નપુસંક રહિત શયન અને આસનનું સાધુ સેવન કરે ! સ્ત્રી-પશુ-નપુંસક સહિત શયન અને આસનનું સેવન કરનાર મુનિ થતો નથી તેનું શું કારણ ? આ પ્રશ્નોત્તરમાં આચાર્યશ્રી કહે છે કે-સ્ત્રી-પશુ-નપુંસક સહિત શયન, આસનનું સેવન કરનાર બ્રહ્મચારી નિર્ગ્રંથ,

બ્રહ્મચર્યના વિષયમાં મૈથુનના દોષની શંકા, સ્ત્રીસેવનની અભિલાષા, બ્રહ્મચર્યના ફલમાં સંદેહ અને ચારિત્રથી પતનરૂપ ભેદને પામનારો થાય, ચિત્તવિક્ષેપરૂપ ઉન્માદ પામે દીર્ઘકાલિક રોગ અને શીઘ્રઘાતી હૃદયશૂળ વિ. ઉપદ્રવવાળો થાય અથવા કેવલીકથિત ધર્મથી પતિત થાય; તેથી સાધુએ સ્ત્રી-પશુ-નપુંસક-સંબંધી શયન, આસન વિ. નું સેવન ન કરવું અને તેનું સેવન નહીં કરનારો મુનિ થાય છે. (૪-૪૯૨)

**णो इत्थीणं कथं कहेत्ता हवइ से निग्गंथे । तं कहमिति चे आयरियाह-निग्गंथस्स खलु इत्थीणं कहं कहेमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिजज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ वा भंसिज्जा, तम्हा नो इत्थीणं कहं कहेज्जा ॥ ५ ॥**

**नो स्त्रीणां कथां कथयित्वा भवति, स निर्ग्रन्थः । तत्कथमिति चेदाचार्य आह-निर्ग्रन्थस्य खलु स्त्रीणां कथां कथयतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात् दीर्घकालिकं वा रोगातंकं भवेत्, केवलिप्रज्ञप्ताद् धर्माद् वा भ्रंसेत । तस्मात् नो स्त्रीणां कथां कथयेत् ॥५॥**

અર્થ – હવે બીજું સમાધિસ્થાન કહે છે કે, જે સ્ત્રીઓની કથા કહેતો નથી તે મુનિ છે. તે શા માટે ? તેના પ્રશ્નોત્તરમાં આચાર્યશ્રી કહે છે કે, સ્ત્રી સંબંધી-સ્ત્રીઓની આગળ કથા કરનાર બ્રહ્મચારી સાધુ, બ્રહ્મચર્યના વિષયમાં શંકા, અભિલાષા અને ફલસંદેહ પામનારો તેમજ ભેદને મેળવનારો, ઉન્માદવાળો, દીર્ઘકાલિક રોગવાળો બને તથા કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થાય, માટે સ્ત્રીઓની કથાને મુનિ કહે નહીં. (૫-૪૯૩)

**णो इत्थीहिं सद्धिं सन्निसिज्जागए विहरित्ता हवइ, से निग्गंथे । तं कहमिति चे आयरियाह-निग्गंथस्स खलु इत्थीहिं सद्धिं सन्निसिज्जागयस्स बंभचारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिजज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ धम्माओ वा भंसिज्जा, तम्हा खलु नो निग्गंथे इत्थीहिं सद्धिं सन्निसिज्जाए विहरिज्जा ॥ ६ ॥**

**नो स्त्रीभिः सार्द्धं सन्निषद्यागतो विहर्त्ता भवति, न निर्ग्रन्थः । तत्कथमिति चेदाचार्य आह-निर्ग्रन्थस्य खलु स्त्रीभिः सार्द्धं सन्निषद्यागतस्य ब्रह्मचारिणो ब्रह्मचर्ये**

शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिकं वा रोगातङ्कं भवेत् । केवलिप्रज्ञप्तात्, धर्माद् वा भ्रंसेत् । तस्मात् खलु न निर्ग्रन्थः स्त्रीभिः सार्द्धं सन्निषद्यागतो विहरेत् ॥ ६ ॥

**અર્થ –** હવે ત્રીજું સમાધિસ્થાન કહે છે કે-જે સ્ત્રીઓની સાથે એક આસન ઉપર બેસતો નથી તે નિર્ગ્રંથ છે. તે કેમ ? તેના જવાબમાં આચાર્યશ્રી કહે છે કે-સ્ત્રીઓની સાથે એક આસન ઉપર બેસનાર બ્રહ્મચારી મુનિ, બ્રહ્મચર્યના વિષયમાં પૂર્વોક્ત શંકા-અભિલાષા-ફલસંદેહ-ભેદ-ઉન્માદ-દીર્ઘકાલિક રોગવાળો બને છે અને કેવલીકથિત ધર્મથી સરકી જાય છે, માટે સ્ત્રીઓની સાથે એક આસન ઉપર નહિ બેસનારો જે હોય તે સાચો સાધુ છે. (૬-૪૯૪)

**णो इत्थीणं इंदियाइं मणोहराइं मनोरमाइं आलोएत्ता णिज्झाइत्ता हवइ, से निग्गंथे । तं कहमिति चे आयरियाह-निग्गंथस्स खलु इत्थीणं इंदियाइं मणोहराइं मनोरमाइं आलोयमाणस्स निज्झाएमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिजज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ वा भंसेज्जा । तम्हा खलु णो णिग्गंथे इत्थीणं इंदियाइं मनोहराइं मनोरमाइं आलोएज्जा णिज्झाइज्जा ॥ ७ ॥**

नो स्त्रीणां इन्द्रियाणि मनोहराणि मनोरमाणि आलोकयिता निध्याता भवति, स निर्ग्रन्थः । तत्कथमिति चेदाचार्य आह-निर्ग्रन्थस्य खलु स्त्रीणां इन्द्रियाणि मनोहराणि मनोरमाणि आलोकयतो निध्यायतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिकं वा रोगातङ्कं भवेत्, केवलिप्रज्ञप्ताद् धर्माद् वा भ्रंसेत् । तस्मात् खलु नो निर्ग्रन्थः स्त्रीणां इन्द्रियाणि मनोहराणि मनोरमाणि आलोकयेत् निध्यायेत् ॥ ७ ॥

**અર્થ –** ચોથું સ્થાન બતાવે છે કે-જે સ્ત્રીઓની મનોહર-આકર્ષક-મનોરમ તથા આહ્લાદકારક ઇન્દ્રિયોનું દર્શન, સ્મરણ તથા ચિંતન કરતો નથી તે મુનિ છે. તો કેમ ? તેના જવાબરૂપે આચાર્યશ્રી કહે છે કે, આ ચોક્કસ હકીકત છે કે સ્ત્રીઓની મનોહર અને મનોરમ ઇન્દ્રિયોનું દર્શન તથા ચિંતન કરનાર બ્રહ્મચારી નિર્ગ્રંથ, બ્રહ્મચર્યના વિષયમાં પૂર્વોક્ત શંકા અભિલાષા, ફલસંદેહ, ભેદ, ઉન્માદ, દીર્ઘકાલિક રોગાતંકવાળો બની, અંતે કેવલીપ્રણીત ધર્મથી ભ્રષ્ટ થાય છે; માટે સ્ત્રીઓની મનોહર મનોરમ ઇન્દ્રિયોને નહીં જોનારો અને તેનું ચિંતન નહીં કરનારો હોય તે જ સાધુ છે. (૭-૪૯૫)

**णो इत्थीणं कुडुतरंसि वा दूसंतरंसि वा भित्तितरंसि वा कूइयसद्दं वा रुइयसद्दं वा गीयसद्दं वा हसियसद्दं वा थणियसद्दं वा कंदियसद्दं वा विलवियसद्दं वा सुणित्ता भवइ, से निग्गंथे । तं कहमिति चे आयरियाह- निग्गंथस्स खलु इत्थीणं कुडुतरंसि वा दूसंतरंसि वा भित्तितरंसि वा कूइयसद्दं वा रुइयसद्दं वा गीयसद्दं वा हसियसद्दं वा थणियसद्दं वा कंदियसद्दं वा विलवियसद्दं वा सुणमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ वा भंसेज्जा । तम्हा खलु निग्गंथं णो इत्थीणं कुडुंतरंसि वा दूसतरंसि वा भित्तितरंसि वा कूइयसद्दं वा रुइयसद्दं वा गीयसद्दं वा हसियसद्दं वा थणियसद्दं वा विलवियसद्दं वा सुणमाणो विहरेज्जा ॥ ८ ॥**

**नो स्त्रीणां कुड्यान्तरे वा दूष्यान्तरे वा भित्त्यन्तरे वा कूजितशब्दं वा रुदितशब्दं वा गीतशब्दं वा हसितशब्दं वा स्तनितशब्दं वा क्रन्दितशब्दं वा विलपितशब्दं वा श्रोता भवति, स निर्ग्रन्थः । तत्कथमिति चेदाचार्य आह-निर्ग्रन्थस्य खलु स्त्रीणां कुड्यान्तरे वा दूष्यान्तरे वा भित्त्यन्तरे वा कूजितशब्दं वा रुदितशब्दं वा गीतशब्दं वा हसितशब्दं वा स्तनितशब्दं वा क्रन्दितशब्दं वा विलपितशब्दं वा श्रृण्वतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत्, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिकं वा रोगातङ्कं भवेत् । केवलिप्रज्ञप्ताद् धर्माद् वा भ्रंसेत् । तस्मात् खलु निर्ग्रन्थः नो स्त्रीणां कुड्यान्तरे वा दूष्यान्तरे वा भित्त्यन्तरे वा कूजितशब्दं वा रुदितशब्दं वा गीतशब्दं वा हसितशब्दं वा स्तनितशब्दं वा क्रन्दितशब्दं वा विलपितशब्दं वा श्रृण्वन् विहरेत् ॥ ८ ॥**

**અર્થ** – પાંચમું સ્થાન કહે છે કે-પાષાણની ભીંતરૂપ કુડ્યના અંતરાલમાં, વસ્ત્રનિર્મિત પડદાના અંતરાલમાં અને પાકી ઈંટ વિ. થી બનાવેલ ભીંતના અંતરાલમાં રહીને, સ્ત્રીઓના સુરતકાલના શબ્દો, પ્રણયકલહજન્ય રૂદનના શબ્દો, પંચમ રાગ વિ. થી પ્રારંભેલ સંગીતના શબ્દો, હાસ્ય સહિત શબ્દો; ભોગ સમયના અસ્પષ્ટ શબ્દો, ઉચ્ચ સ્વરે રડાતા શબ્દો અને વિલાપના શબ્દોને જે સાંભળતો નથી તે સાધુ છે. તે કેમ ? તેના પ્રશ્નોત્તરમાં આચાર્યશ્રી ફરમાવે છે કે-કૂજિત શબ્દ, રૂદિત શબ્દ, ગીત શબ્દ, હસિત શબ્દ, સ્તનિત શબ્દ, કંદિત શબ્દ અને વિલપિત શબ્દને, સાંભળનાર બ્રહ્મચારી મુનિના બ્રહ્મચર્ય વિષયમાં મુનિ પૂર્વોક્ત શંકા, અભિલાષા, ફલસંદેહ, ભેદ, ઉન્માદ અને દીર્ઘકાલિક રોગાતંકવાળો બની. અંતે કેવલીકથિત ધર્મથી ખસી જાય છે, આથી

ચોક્કસપણે સાધુએ કૂડ્યના, દૂષ્યના અને ભીંતના આંતરે રહીને, કૂજિત-રૂદિત-ગીત-હસિત-સ્તનિત-ક્રંદિત અને વિલપિત શબ્દને નહીં સાંભળતો મુનિ મોક્ષમાર્ગમાં વિચરે છે. (૮-૪૯૬)

**णो इत्थीणं पुव्वरयं वा पुव्वकीलियं वा अणुसरित्ता हवइ, से निग्गंथे । तं कहमिति चे आयरियाह-निग्गंथस्स खलु इत्थीणं पुव्वरयं पुव्वकीलियं अणुसरमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ वा भंसेज्जा । तम्हा खलु नो निग्गंथे इत्थीणं पुव्वकीलियं अणुसरेज्जा ॥ ९ ॥**

**नो स्त्रीभिः पूर्वरतं वा पूर्वक्रीडितं वा अनुस्मर्त्ता भवति, स निर्ग्रन्थः । तत्कथमिति चेदाचार्य आह-निर्ग्रन्थस्य खलु स्त्रीभिः पूर्वरतं पूर्वक्रीडितं अनुस्मरतो ब्रह्मचारिणो शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिकं वा रोगातङ्कं भवेत्, केवलिप्रज्ञप्ताद् धर्माद् भ्रंसेत् । तस्मात् खलु निर्ग्रन्थः नो स्त्रीभिः पूर्वरतं पूर्वक्रीडितमनुस्मरेत् ॥ ९ ॥**

**અર્થ** – હવે છઠ્ઠું સ્થાન કહે છે કે-પૂર્વકાળમાં-ગૃહસ્થજીવનમાં સ્ત્રીઓની સાથે ભોગવેલ ભોગોનું જે સ્મરણ કરતો નથી તે નિર્ગ્રંથ છે. આમ કેમ ? તેના જવાબરૂપે આચાર્યશ્રી કહે છે કે-પૂર્વકાળમાં સ્ત્રીઓની સાથે ભોગવેલ ભોગોનું જે સ્મરણ કરનાર બ્રહ્મચારી નિર્ગ્રંથ, બ્રહ્મચર્યના વિષયમાં શંકા, આકાંક્ષા, ફલસંદેહ, ભેદ, ઉન્માદ અને દીર્ઘકાલિક રોગાતંકવાળો બની, આખરે કેવલીકથિત ધર્મથી પતિત બની જાય છે; માટે નિશ્ચયથી પૂર્વકાળમાં સ્ત્રીઓની સાથે કરેલ ક્રીડાનું સ્મરણ નિર્ગ્રંથ ન કરે ! (૯-૪૯૭)

**णो पणीअं आहारं आहारेत्ता हवइ, से निग्गंथे तं कहमिति चे आयरियाह-निग्गंथस्स खलु पणीअं पाणभोअणं आहारेमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुपज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपन्नत्ताओ धम्माओ वा भंसेज्जा । तम्हा खलु णो निग्गंथे पणीयं आहारं आहारेज्जा ॥ १० ॥**

**नो प्रणीतमाहारमाहारयिता भवति, स निर्ग्रन्थः । तत्कथमिति चेदाचार्य-आह-निर्ग्रन्थस्य खलु प्रणीतं पाणभोजनमाहारयतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिकं वा**

**रोगातङ्कं भवेत्, केवलिप्रज्ञप्ताद् धर्माद् वा भ्रंसेत् । तस्मात् खलु नो निर्ग्रन्थः प्रणीतमाहारमाहरेत् ॥ १० ॥**

**અર્થ** – સાતમું સ્થાન જણાવે છે કે-જે ઘી વિ. સ્નિગ્ધ પદાર્થોથી ભરચક આહારને વાપરતો નથી તે મુનિ છે. એમ કેમ ? આના પ્રત્યુત્તરરૂપે આચાર્યશ્રી કહે છે, સ્નિગ્ધ ભોજન કરનાર બ્રહ્મચારી સાધુ, બ્રહ્મચર્યના વિષયમાં શંકા-કાંક્ષા-ફલસંદેહ-ભેદ-ઉન્માદ અને દીર્ઘકાલિક રોગાતંકવાળો બની, અંતે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે; માટે નિશ્ચયથી સાધુ સ્નિગ્ધ આહારનું ભોજન કરે નહીં ! (૧૦-૪૯૮)

**णो अइमायाए पाणभोअणं आहारेत्ता हवइ, से निग्गंथे । तं कहमिति चे आयरियाह-निग्गंथस्स खलु अइमायाए पाणभोअणं आहारेमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ धम्माओ वा भंसेज्जा । तम्हा खलु णो णिग्गंथे अइमायाए पाणभोअणं भुंजेज्जा ॥ ११ ॥**

**नो अतिमात्रया पानभोजनमाहारयिता भवति, स निर्ग्रन्थः । तत्कथमिति चेदाचार्य आह-निर्ग्रन्थस्य खलु अतिमात्रया पानभोजनमाहारयतो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्यते, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिकं वा रोगातङ्कं भवेत्, केवलिप्रज्ञप्ताद् धर्माद् वा भ्रंसेत । तस्मात् खलु नो निर्ग्रन्थोऽतिमात्रया पानभोजनं भुञ्जीत ॥ ११ ॥**

**અર્થ** – આઠમું સ્થાન જણાવે છે કે-માપનું ઉલ્લંઘન કરી પાનભોજનને જે વાપરતો નથી તે સાધુ છે. આમ કેમ ? તેના જવાબમાં આચાર્યશ્રી કહે છે કે-માત્રાનું ઉલ્લંઘન કરી પાનભોજન કરનાર બ્રહ્મચારી મુનિ, બ્રહ્મચર્યના વિષયમાં શંકા-કાંક્ષા-ફલસંદેહ-ભેદ-ઉન્માદ અને દીર્ઘકાલિક રોગાતંકવાળો બની કેવલીપ્રણીત ધર્મથી પડી જાય છે, તેથી માત્રાતિમાત્ર પાનભોજનનો આહાર સાધુ કરે નહીં ! (૧૧-૪૯૯)

**णो विभूसाणुवाई हवइ, से णिग्गंथे । तं कहमिति चे आयरियाह-विभूसावत्तिए विभूसिय सरीरे इत्थिजणस्स अभिलसणिज्जे हवइ, तओ णं तस्स इत्थिजणेणं अभिलसिज्जमाणस्स बंभचारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा, उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलिपण्णत्ताओ धम्माओ**

**वा भंसेज्जा । तम्हा खलु णो णिग्गंथे विभूसाणुवाई सिया ॥ १२ ॥**

नो विभूषानुपाति भवति स निर्ग्रन्थः । तत्कथमिति चेदाचार्य आह- विभूषावर्तिकः विभूषितशरीरः स्त्रीजनस्य अभिलषणीयो भवति । ततः खलु तस्य स्त्रीजनेन अभिलष्यमाणस्य ब्रह्मचारिणो ब्रह्मचर्ये शङ्का वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिकं वा रोगातङ्कं भवेत्, केवलिप्रज्ञप्ताद् धर्माद् वा भ्रंसेत् । तस्मात् खलु नो निर्ग्रन्थः विभूषानुपाती स्यात् ॥१२॥

અર્થ – નવમું સ્થાન જણાવે છે કે-શરીરની શોભાના સાધનો દ્વારા જે શરીરનો સંસ્કાર કરતો નથી તે સાધુ છે. એમ કેમ ? તો પ્રત્યુત્તરમાં આચાર્યશ્રી કહે છે કે-શરીરની શોભા કરનાર અને સ્નાન વિ. થી સુશોભિત શરીર બનાવનાર સ્ત્રીજનથી ઇચ્છનીય બને છે. તેથી સ્ત્રીજનથી અભિલષણીય બનેલ તે બ્રહ્મચારી નિર્ગ્રન્થ, બ્રહ્મચર્યના વિષયમાં શંકા-કાંક્ષા-ફલસંદેહ-ભેદ-ઉન્માદ અને દીર્ઘકાલિક રોગાતંકવાળો બની કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ બને છે; જેથી નિશ્ચયથી સાધુ વિભૂષા કરનારો બને નહીં. (૧૨-૫૦૦)

**णो सद्दरूवरसगंधफासाणुवाई हवइ, से णिग्गंथे । तं कहमिति चे आयरियाह-निग्गंथस्स खलु सद्दरूवरसगंधफासाणुवाइस्स बंभयारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा, भेयं वा लभेज्जा। उम्मायं वा पाउणिज्जा, दीहकालियं वा रोगायंकं हवेज्जा, केवलि-पण्णत्ताओ धम्माओ वा भंसेज्जा । तम्हा खलु नो निग्गंथे सद्दरूवरस-गंधफासाणुवाई हवेज्जा । दसमे बंभचेरसमाहिट्ठाणे हवइ ॥१३॥**

नो शब्दरूपरसगंधस्पर्शानुपाती भवति, स निर्ग्रन्थः । तत्कथमिति चेदाचार्य आह-निर्ग्रन्थस्य खलु शब्दरूप-रसगन्धस्पर्शानुपातिनो ब्रह्मचारिणो ब्रह्मचर्ये शंका वा काङ्क्षा वा विचिकित्सा वा समुत्पद्येत, भेदं वा लभेत, उन्मादं वा प्राप्नुयात्, दीर्घकालिकं वा रोगातङ्कं भवेत्, केवलि-प्रज्ञप्ताद् धर्माद् वा भ्रंसेत् । तस्मात् खलु नो निर्ग्रन्थः शब्दरूपरसगन्धस्पर्शानुपाती भवेत् । दशमं ब्रह्मचर्यसमाधिस्थानं भवति ॥ १३ ॥

અર્થ – દશમું સ્થાન જણાવે છે કે-જે સ્ત્રીઓના મનોહર શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શોમાં આસક્ત થતો નથી તે સાધુ છે. આમ કેમ ? તો પ્રત્યુત્તરમાં આચાર્યશ્રી કહે છે કે, સ્ત્રીઓના મનોહર શબ્દ આદિમાં આસક્ત બ્રહ્મચારી મુનિ, બ્રહ્મચર્યના વિષયમાં શંકા-કાંક્ષા-ફલસંદેહ-ભેદ-ઉન્માદ અને દીર્ઘકાલિક રોગાતંકવાળો બની છેવટે કેવલીકથિત ધર્મથી ભ્રષ્ટ થાય છે; તેથી નિશ્ચયથી નિર્ગ્રંથ સ્ત્રીઓના શબ્દ આદિમાં આસક્ત બને નહીં. (૧૩-૫૧૦)

## હવે પૂર્વોક્ત વિષયો શ્લોકમાં જણાવે છે.

**जं विवित्तमणाइन्नं, रहियं थीजणेण य ।**
**बंभचेरस्स रक्खट्ठा, आलयं तु निसेवए ॥ १ ॥**

**यो विविक्तः अनाकीर्णः, रहितं स्त्रीजनेन च ।**
**ब्रह्मचर्यस्य रक्षार्थमालयं तु निषेवते ॥ १ ॥**

**અર્થ –** એકાન્તરૂપ અને સ્ત્રીજન વિ. થી રહિત વસતિમાં જે બ્રહ્મચર્યની રક્ષાર્થે રહે છે, તે સાધુ છે. (૧-૫૦૨)

**मणपल्हायजणणिं, कामरागविवड्ढणिं ।**
**बंभचेरओ भिक्खू, थीकहं तु विवज्जए ॥ २ ॥**

**मनः प्रह्लादजननीं, कामरागविवर्द्धनीम् ।**
**ब्रह्मचर्यरतो भिक्षुः, स्त्रीकथां तु विवर्जयेत् ॥ २ ॥**

**અર્થ –** બ્રહ્મચર્યના પાલનમાં પરાયણ મુનિ, ચિત્તને પ્રસન્ન કરનારી અને કામરાગની વિશેષથી વૃદ્ધિ કરનારી સ્ત્રી સંબંધી કથાનો પરિત્યાગ કરે ! (૨-૫૦૩)

**समं च संथवं थीहिं, संकहं च अभिक्खणं ।**
**बंभचेरओ भिक्खू, णिच्चसो परिवज्जए ॥ ३ ॥**

**समं च संस्तवं स्त्रीभिः, संकथां च अभीक्ष्णम् ।**
**ब्रह्मचर्यरतो भिक्षुः, नित्यशः परिवर्जयेत् ॥ ३ ॥**

**અર્થ –** બ્રહ્મચર્યપાલનમાં લીન સાધુ સ્ત્રીઓની સાથે પરિચય. એક આસન ઉપર બેસવાનો તેમજ સ્ત્રીજન જે સ્થળે બેસેલ હોય તે સ્થાને બે ઘડી પહેલાં બેસવાનો અને વારંવાર રાગપૂર્વક વાતચીત કરવાનો સતત ત્યાગ કરે ! (૩-૫૦૪)

**अंगपच्चंगसंठाणं, चारुल्लविय पेहियं ।**
**बंभचेरओ थीणं, चक्खुगेज्झं विवज्जए ॥ ४ ॥**

**अङ्गप्रत्यङ्गसंस्थानं, चारूल्लपितप्रेक्षितम् ।**
**ब्रह्मचर्यरतः स्त्रीणां, चक्षुर्ग्राह्यं विवर्जयेत् ॥ ४ ॥**

**અર્થ –** બ્રહ્મચર્યરત મુનિ, સ્ત્રીઓના સુંદર મસ્તક વિ. અંગો તેમજ વક્ષસ્થળ વિ. ઉપાંગોના આકાર સુંદર વિશિષ્ટ-વ્યંગ વચનો કરનાર મુખ તથા કટાક્ષપૂર્વક જોનાર નેત્ર અર્થાત્ રાગથી જોવાતા સ્ત્રીઓના આકાર, હાવભાવ મુખ, નેત્ર વિ. નું દર્શન છોડી દે ! (૪-૫૦૫)

**कूइयं रुइयं गीयं, हसियं थणियं कंदियं ।**
**बंभचेररओ थीणं, सोयगिज्झं विवज्जए ॥ ५ ॥**

**कूजितं रुदितं गीतं, हसितं स्तनितं क्रन्दितम् ।**
**ब्रह्मचर्यरतः स्त्रीणां, श्रोत्रग्राह्यं विवर्जयेत् ॥ ५ ॥**

**અર્થ –** બ્રહ્મચર્ય પાલનમાં દક્ષ ભિક્ષુ, કુડ્ય વિ. આંતરામાં રહીને શ્રવણેન્દ્રિયના વિષયરૂપ સ્ત્રી સંબંધી કૂજિત-રુ-દિત ગીત-હસિત-સ્તનિત અને કંદિત (પૂર્વે અર્થ કરેલ) શબ્દોનો ત્યાગ કરે ! (૫-૫૦૬)

**हासं कीडं रइं दप्पं, सहसापत्तासियाणि य ।**
**बंभचेररओ थीणं, कयाइवि नाणुचिंते ॥ ६ ॥**

**हासं क्रीडां रतिं दर्पं, सहसाऽवत्रासितानि च ।**
**ब्रह्मचर्यरतः स्त्रीणां, कदाचिदपि नानुचिन्तयेत् ॥ ६ ॥**

**અર્થ –** બ્રહ્મચર્ય પરાયણ નિર્ગ્રંથ સ્ત્રીઓની સાથે પૂર્વકાળમાં કરેલ હાસ્ય-ક્રીડા-પ્રીતિ અને અહંકાર અવળી બનેલ સ્ત્રીને એકદમ ત્રાસ પહોંચાડનાર પોતાના તરફથી આચરાયેલ સ્વમૂર્ચ્છાવસ્થાસૂચક આંખમિંચામણી વિ. ચેષ્ટાઓને કદી પણ યાદ ન કરે ! (૬-૫૦૭)

**पणीयं भत्तपाणं तु, खिप्पं मयविवड्ढणं ।**
**बंभचेररओ भिक्खू, णिच्चसो परिवज्जए ॥ ७ ॥**

**प्रणीतं भक्तपानं तु, क्षिप्रं मदविवर्द्धनम् ।**
**ब्रह्मचर्यरतो भिक्षुः, नित्यशः परिवर्जयेत् ॥ ७ ॥**

**અર્થ –** બ્રહ્મચર્યાસક્ત મુનિ, શીઘ્ર કામવાસનાને જાગૃત કરનાર સ્નિગ્ધ આહાર-પાણી વિ. નો સર્વદા ત્યાગ કરે ! (૭-૫૦૮)

**धम्मलद्धं मियं काले, जत्तत्थं पणिहाणवं ।**
**नाइमत्तं तु भुंजेज्जा, बंभचेररओ सया ॥ ८ ॥**

**धर्मलब्धं मितं काले, यात्रार्थं प्रणिधानवान् ।**
**नातिमात्रं तु भुञ्जीत, ब्रह्मचर्यरतः सदा ॥ ८ ॥**

**અર્થ –** ચિત્તની સમાધિવાળો બ્રહ્મચર્ય પાલનમાં તત્પર મુનિ. સાધુના આચાર અનુસારે મેળવેલ તથા સંયમ નિર્વાહ ખાતર શાસ્ત્રવિહિત કાળે હંમેશાં પરિમિત આહારને આરોગે, પરંતુ તેની માત્રાનું ઉલ્લંઘન કરી આહારને કરે નહીં. (૮-૫૦૯)

**विभूसं परिवज्जेज्जा, सरीरपरिमंडणं ।**
**बंभचेररओ भिक्खू, सिंगारत्थं न धारए ॥ ९ ॥**

विभूषां परिवर्जयेत्, शरीरपरिमण्डनम् ।
ब्रह्मचर्यरतो भिक्षुः, शृङ्गारार्थं न धारयेत् ॥ ९ ॥

અર્થ – બ્રહ્મચર્યપાલનમાં લીન સાધુ અતિ ઉત્કૃષ્ટ વસ્ત્રપરિધાનરૂપ વિભૂષાને છોડે તથા શૃંગાર માટે શરીરની શોભારૂપ વાળ વિ. ના સંસ્કારને ધારણ ન કરે ! (૯-૫૧૦)

**सद्दे रूवे य गंधे य, रसे फासे तहेव य ।**
**पंचविहे कामगुणे, णिच्चसो परिवज्जए ॥ १० ॥**

शब्दान् रूपाणि च गन्धांश्च, रसान् स्पर्शास्तथैव च ।
पञ्चविधान् कामगुणान् नित्यशः परिवर्जयेत् ॥ १० ॥

અર્થ – બ્રહ્મચર્યપાલનમાં રત મુનિ, પાંચ પ્રકારના મનોહર શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શરૂપ કામગુણોનો અનુરાગી ન બનતાં, તેનો ત્યાગ કરે. (૧૦-૫૧૧)

**आलओ थीजणाइण्णो, थीकहा च मनोरमा ।**
**संथवो चेव नारीणं, तासिं इंदियदरिसणं ॥ ११ ॥**

**कूइयं, रुइयं गीयं, हसियं भुत्तासियाणि य ।**
**पणीयं भत्तपाणं च, अइमायं पाणभोयणं ॥ १२ ॥**

**गत्तभूसणमिट्ठं च, कामभोगा य दुज्जया ।**
**नरस्सऽत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥ १३ ॥ -त्रिभिर्विशेषकम् ॥**

आलयः स्त्रीजनाकीर्णः, स्त्रीकथा च मनोरमा ।
संस्तवश्चैव नारीणां, तासामिन्द्रियर्शनम् ॥ ११ ॥

कूजीतं रुदितं गीतं, हसितं भुक्तस्मृतानि च ।
प्रणीतं भक्तपानं च, अतिमात्रं पानभोजनम् ॥ १२ ॥

गात्रभूषणमिष्टं च, कामभोगाश्च दुर्जयाः ।
नरस्यात्मगवेषिणो, विषं तालपुटं यथा ॥ १३ ॥ - त्रिभिर्विशेषकम् ॥

અર્થ – સ્ત્રી-પશુ-નપુસંકવાળી વસતિ, મનોહર સ્ત્રી-કથા, સ્ત્રી સાથેનો પરિચય, સ્ત્રીઓની ઇન્દ્રિયોનું દર્શન, કૂજિત-રૂદિત-ગીત-હસિત-શબ્દનું શ્રવણ, ભોગવેલ ભોગોનું સ્મરણ, સ્નિગ્ધ આહાર-પાણી આરોગવા, પ્રમાણ ઉપરાન્ત આહાર લેવો, સ્ત્રીઓને ઇષ્ટકારક શરીરને સુશોભિત કરવુ અને દુર્જેય કામભોગો, મોક્ષાર્થી આત્મા માટે દ્રવ્યભાવ જીવનનો નાશ કરનાર હોઈ તાલપુટ ઝેર જેવા મહા ભયંકર છે. (૧૧ થી ૧૩, ૫૧૨ થી ૫૧૪)

**दुज्जये कामभोगे य, णिच्चसो परिवज्जए ।**
**संकट्ठाणाणि सव्वाणि, वज्जेज्जा पणिहाणवं ॥ १४ ॥**

**दुर्जयान् कामभोगांश्च, नित्यशः परिवर्जयेत् ।**
**शङ्कास्थानानि सर्वाणि, वर्जयेत् प्रणिधानवान् ॥ १४ ॥**

**અર્થ –** પ્રણિધાનવાળો સાધુ, દુર્જેય કામભોગોનો સર્વદા ત્યાગ કરે ! તથા શંકા વિ. ના જનક, સ્ત્રીજન વિ., સહિત દશ સ્થાનોને છોડી દે ! નહીંતર જિનાજ્ઞાભંગ વિ. દોષો પેદા થાય ! (૧૪-૫૧૫)

**धम्मारामे चरे भिक्खू, धीइमं धम्मसारही ।**
**धम्मारामरए दंते, बंभचेरसमाहिए ॥ १५ ॥**

**धर्मारामे चरेद् भिक्षुः, धृतिमान् धर्मसारथिः ।**
**धर्मारामरतो दान्तः, ब्रह्मचर्यसमाहितः ॥ १५ ॥**

**અર્થ –** ધૈર્યમૂર્તિ, ધર્મસારથિ, ધર્મના ઉદ્યાનમાં વિચરનારો, ઇન્દ્રિય-મનનો વિજેતા અને બ્રહ્મચર્ય-સમાધિ-સંપન્ન બની, મુનિ, શ્રુતચારિત્રરૂપ ધર્મોદ્યાનમાં વિહાર કરનારો બને ! (૧૫-૫૧૬)

**देवदानवगंधव्वा, जक्खरक्खसकिंनरा ।**
**बंभयारी नमंसंति, दुक्करं जे करंति ते ॥ १६ ॥**

**देवदानवगन्धर्वाः, यक्षराक्षसकिन्नराः ।**
**ब्रह्मचारिणो नमस्यन्ति, दुष्करं कुर्वन्ति तान् ॥ १६ ॥**

**અર્થ –** જેઓ દુષ્કર બ્રહ્મચર્યનું પાલન કરે છે, તેઓને વૈમાનિક-જ્યોતિષી દેવો, ભવનપતિનિકાયના દેવો તથા ગંધર્વ-યક્ષ વિ. વ્યંતર-વાણવ્યંતરના દેવો અર્થાત્ સમસ્ત દેવો નમસ્કાર કરે છે. (૧૬-૫૧૭)

**एस धम्मे धुवे णिच्चे, सासए जिणदेसिए ।**
**सिद्धा सिज्झंति चाणेणं, सिज्झिस्संति तहावरेत्ति बेमि ॥ १७ ॥**

**एषः धर्मो ध्रुवो नित्यः, शाश्वतो जिनदेशितः ।**
**सिद्धाः सिध्यन्ति चानेन, सेत्स्यन्ति तथाऽपरे इति ब्रवीमि ॥ १७ ॥**

**અર્થ –** આ ચાલુ અધ્યયનમાં શ્રી જિનદેવકથિત બ્રહ્મચર્ય નામનો ધર્મ ધ્રુવ-નિત્ય-શાશ્વત છે, કેમકે, આ ધર્મારાધનથી ભૂતકાળમાં ભવ્ય જીવો સિદ્ધ થયા છે, વર્તમાનમાં સિદ્ધ થાય છે અને ભવિષ્યમાં સિદ્ધ થશે; એમ હે જંબૂ ! હું તને કહું છું. (૧૭-૫૧૮)

**॥ સોલમું શ્રી બ્રહ્મચર્ય સમાધિસ્થાનાધ્યયન સંપૂર્ણ ॥**

# શ્રી પાપશ્રમણીયાધ્યયન-૧૭

**जे केइ उ पव्वइए नियंठे, धम्मं सुणित्ता विणयोववण्णे ।**
**सुदुल्लहं लहिउं बोहिलाभं, विहरज्ज पच्छा य जहासुहं तु ॥ १ ॥**

**यः कश्चित्त प्रव्रजितो निर्ग्रन्थो, धर्मं श्रुत्वा विनयोपपन्नः ।**
**सुदुर्लभं लब्ध्वा बोधिलाभं, विहरेत् पश्चाच्च यथासुखं तु ॥ १ ॥**

**અર્થ –** કોઈ એક મુમુક્ષુ ધર્મનું શ્રવણ કરી, અત્યંત દુર્લભ બોધિલાભ મેળવી અને વિનીત બની દીક્ષિત થયેલ સાધુ, દીક્ષા બાદ નિદ્રા વિ. ની પરવશતાથી શીયાલ વૃત્તિવાળો-સુખશીલીયો બની શિથિલાચારી બને છે. તે પાપશ્રમણ કહેવાય છે. (૧-૫૧૯)

**सेज्जा दढा पाउरणं मे अत्थि, उप्पज्जइ भोत्तुं तहेव पाउं ।**
**जाणामि जं वट्टइ आउसुत्ति, किं नाम काहामि सुएण भंते ! ॥ २ ॥**

**शय्या दृढा प्रावरणं मेऽस्ति, उपपद्यते भोक्तुं तथैव पातुम् ।**
**जानामि यद्वर्तते, आयुष्मन्निति, किं नाम करिष्यामि श्रुतेन भदन्त ! ॥ २ ॥**

**અર્થ –** જ્યારે ગુરુ આગમના અભ્યાસ માટે પ્રેરણા કરે છે, ત્યારે પાપશ્રમણ શું અથવા કેવું બોલે છે ! સૂત્રકાર તે કહે છે કે-હે આયુષ્મન્ ગુરુમહારાજ ! મારી પાસે વસતિ વિ. દઢ છે, કામળી વિ. ઉપકરણો દઢ છે અને ખાવા-પીવાનું પર્યાપ્ત માત્રામાં મળી જાય છે, જે જીવ વિ. તત્ત્વો છે તે હું જાણું છું; તો હે ભગવાન્ ! હવે આગમશાસ્ત્ર ભણીને મારે બીજું શું કામ છે ? (૨-૫૨૦)

**जे केइ पव्वइए, निद्दासीले पगामसो ।**
**भोच्चा पेच्चा सुहं सुअइ, पावसमणेत्ति वुच्चइ ॥ ३ ॥**

**यः कश्चित् प्रव्रजितः, निद्राशीलः प्रकामशः ।**
**भुक्त्वा पीत्वा, सुखं स्वपिति, पापश्रमणः इत्युच्यते ॥ ३ ॥**

**અર્થ –** જે કોઈ દીક્ષિત સાધુ, અત્યંત અશન વિ. અને દૂધ વિ. મનમાની રીતિએ વાપરીને, નિદ્રા નામના પ્રમાદમાં પડી સુખપૂર્વક સુઈ રહે છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૩-૨૫૧)

**आयरियउवज्झाएहिं, सुयं विणयं च गाहिए ।**
**ते चेव खिंसई बाले, पावसमणेत्ति वुच्चइ ॥ ४ ॥**

**आचार्योपाध्यायः श्रुतं विनयं च ग्राहितः ।**
**तानेव खिंसति बालः, पापश्रमणः इत्युच्यते ॥ ४ ॥**

**અર્થ** – જ્યારે આચાર્ય અને ઉપાધ્યાયે, શાસ્ત્ર ભણવાની અને વિનય-સેવા બાબતનું શિક્ષણ આપેલ હોય, ત્યારે જે અજ્ઞાની સાધુ આચાર્ય વિ. ની નિંદા કરે છે, તે સાધુ પાપશ્રમણ કહેવાય છે. (૪-૫૨૨)

**आयरियउवज्झायाणं, सम्मं न पडितप्पए ।**
**अप्पडिपूयए थद्धे, पावसमणेत्ति वुच्चइ ॥ ५ ॥**

**आचार्योपाध्यायानां, सम्यग् न परितृप्यति ।**
**अप्रतिपूजकः स्तब्धः, पापश्रमणः इत्युच्यते ॥ ५ ॥**

**અર્થ** – જે સાધુ, આચાર્ય વિ. ગુરુજનની શાસ્ત્રોક્ત રીતિએ સેવા-શુશ્રૂષા કરી તેઓને પ્રસન્ન કરતો નથી અને ઉપકારી ગુરુજનને પ્રત્યુપકાર કરતો નથી તથા અહંકારમાં મસ્ત બને છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૫-૫૨૩)

**सम्मद्दमाणे पाणाणि, बीयाणि हरियाणी य ।**
**असंजए संजयमन्नमाणो, पावसमणेत्ति वुच्चइ ॥ ६ ॥**

**संमर्दयन् प्राणान्, बीजानि हरितानि च ।**
**असंयतः संयतं मन्यमानः, पापश्रमणः इत्युच्यते ॥ ६ ॥**

**અર્થ** – બેઇન્દ્રિય વિ. ત્રસ જીવોને, ડાંગર વિ. બીજોને, દુર્વા વિ. લીલી વનસ્પતિને અર્થાત્ સર્વ એકેન્દ્રિય જીવોને ચરણ વિ. થી પીડા પહોંચાડનાર, સંયમભાવથી વર્જિત બની રહેલ હોય તેમ છતાં પણ પોતે પોતાને સંયત માની રહેલ હોય, તે સાધુ પાપશ્રમણ કહેવાય છે. (૬-૫૨૪)

**संथारं फलगं पीढं, निसिज्जं पायकंबलं ।**
**अप्पमज्जियमारुहइ, पावसमणेत्ति वुच्चइ ॥ ७ ॥**

**संस्तारकं फलकं पीठं, निषद्यां पादकम्बलम् ।**
**अप्रमार्ज्यमारोहति, पापश्रमणः इत्युच्यते ॥ ७ ॥**

**અર્થ** – જે સાધુ, શયન-આસન-પાટ-બાજોઠ-સ્વાધ્યાયભૂમિ-પાદકંબલ-ઉનના કે સૂત્રના વસ્ત્રને, રજોહરણ વિ. થી પ્રમાર્જ્યા કે જોયા વગર તેઓના ઉપર બેસે છે કે વાપરે છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૭-૫૨૫)

**दवदवस्स चरइ, पमत्ते य अभिक्खणं ।**
**उल्लंघणे य चंडे य, पावसमणेत्ति वुच्चइ ॥ ८ ॥**

**द्रुतं द्रुतं चरति, प्रमत्तश्चाभीक्ष्णम् ।**
**उल्लङ्घनश्च चण्डश्च, पापश्रमणः इत्युच्यते ॥ ८ ॥**

**અર્થ** – જે સાધુ જલ્દી જલ્દી ચાલે છે, વારંવાર ક્રિયામાં પ્રમાદી બને છે, સાધુમર્યાદાનું ઉલ્લંઘન કરે છે તથા સમજાવનાર સામે ક્રોધ કરે છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૮-૫૨૬)

**पडिलेहेइ पमत्ते अवउज्झइ पायकम्बलं ।**
**पडिलेहणा अणाउत्ते, पावसमाणेत्ति वुच्चई ॥ ९ ॥**

**प्रतिलेखयति प्रमत्तः अपोज्झति पात्रकम्बलम् ।**
**प्रतिलेखनाऽनायुक्तः, पापश्रमणः इत्युच्यते ॥ ९ ॥**

**અર્થ** – જે સાધુ, પ્રમાદી બની વસ્ત્ર-પાત્ર વિ. ની પ્રતિલેખના કરે છે. તેમાં બરોબર ઉપયોગ રાખતો નથી. તેથી તથા પાત્ર-કંબલ વિ. ઉપધિને જ્યાં-ત્યાં છોડી દઈ સંભાળ રાખતો નથી, તે પાપશ્રમણ કહેવાય છે. (૯-૫૨૭)

**पडिलेहेइ पमत्ते से, जं किं चि हु णिसामिया ।**
**गुरुपरिभाए णिच्चं, पावसमणेत्ति वुच्चइ ॥ १० ॥**

**प्रतिलेखयति प्रमत्तः सः, यत् किंचित् खलु निशम्य ।**
**गुरुपरिभावको नित्यं, पापश्रमणः इत्युच्यते ॥ १० ॥**

**અર્થ** – જે સાધુ, અહીં તહીંની વાતો સાંભળતો રહીને વસ્ત્ર-પાત્ર વિ. ની પ્રતિલેખના કરે છે તથા તે પ્રમાદી બનેલો અને હંમેશાં ગુરુની આશાતના કરતો રહે છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૧૦-૫૨૮)

**बहुमायी पमुहरी, थद्धे लुद्धे अणिग्गहे ।**
**असंविभागी अवियत्ते पावसमणेत्ति वुच्चइ ॥ ११ ॥**

**बहुमायी प्रमुखरः, स्तब्धो लुब्धः अनिग्रहः ।**
**असंविभागी अप्रीतिकरः, पापश्रमणः इत्युच्यते ॥ ११ ॥**

**અર્થ** – જે સાધુ, પ્રચુર માયાવાળો, વધારે બકવાદ કરનારો, અહંકારી, લોભી, ઇન્દ્રિયોને વશમાં નહીં રાખનારો, ગ્લાન વિ. સાધુની સેવા નહીં કરનારો અને ગુરુ પ્રત્યે સદ્‌ભાવ નહીં રાખનારો હોય, તે પાપશ્રમણ કહેવાય છે. (૧૧-૫૨૯)

**विवायं च उदीरेइ, अधम्मे अत्तपण्णहा ।**
**वुग्गहे कलहे रते, पावसमणेत्ति वुच्चई ॥ १२ ॥**

**विवादं च उदीरयति, अधर्माऽत्तप्रज्ञाहा ।**
**व्युद्ग्रहे कलहे रक्तः, पापश्रमणः इत्युच्यते ॥ १२ ॥**

**અર્થ** – જે સાધુ, શાંત થયેલ કજીયાને પ્રગટ કરે છે, દશવિધ સાધુધર્મથી રહિત સદ્બોધરૂપ હોઈ સ્વપરહિતકારી સદ્બુદ્ધિને કુતર્કોથી નષ્ટ કરે છે તથા હાથી વિ. ના યુદ્ધમાં તથા વચનના કલહમાં તત્પર રહે છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૧૨-૫૩૦)

**अथिरासणे कुक्कुइए, जत्थ तत्थ निसीयइ ।**
**आसणम्मि अणाउत्ते, पावसमणेत्ति वुच्चइ ॥ १३ ॥**

**अस्थिरासनः कौकुचिकः, यत्र तत्र निषीदति ।**
**आसने अनायुक्तः, पापश्रमणः इत्युच्यते ॥ १३ ॥**

**અર્થ** – જે સાધુ, આસનની સ્થિરતા વગરનો અને ભાંડચેષ્ટા કરનારો જયાં-ત્યાં બેસે છે, તેમજ આસનના વિષયમાં ઉપયોગ વગરનો બને છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૧૩-૫૩૧)

**सरक्खपाओ सुयइ, सेज्जं न पडिलेहइ ।**
**संथारए अणाउत्तो, पावसमणेत्ति, वुच्चइ ॥ १४ ॥**

**सरजस्कपादः स्वपिति, शय्यां न प्रतिलेखयति ।**
**संस्तारके अनायुक्तः, पापश्रमणः इत्युच्यते ॥ १४ ॥**

**અર્થ** – જે સાધુ, સચિત્ત ધૂળ વિ. થી ભરેલા પગવાળો સુઈ જાય છે, વસતિની પ્રતિલેખના કરતો નથી અને સંથારાના વિષયમાં ઉપયોગ વગરનો બને છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૧૪-૫૩૨)

**दुद्धदही विगईओ, आहारेइ अभिक्खणं ।**
**अरए य तवोकम्मे, पावसमणेत्ति वुच्चइ ॥ १५ ॥**

**दुग्धदधिनी विकृतीः, आहारयति अभीक्ष्णम् ।**
**अरतश्च तपःकर्मणि, पापश्रमणः इत्युच्यते ॥ १५ ॥**

**અર્થ** – જે સાધુ, વિના કારણે વારંવાર દૂધ, દહીં વિ. સઘળી વિગઇઓને વાપરે છે, એટલું જ નહીં પણ અનશન વિ. તપમાં તત્પર બનતો નથી. તે પાપશ્રમણ કહેવાય છે. (૧૫-૫૩૩)

**अत्थंतम्मि य सूरम्मि, आहारेइ अभिक्खणं ।**
**चोइओ पडिचोएइ, पावसमणेत्ति वुच्चइ ॥ १६ ॥**

**अस्तान्ते च सूर्ये, आहारयति अभीक्ष्णम् ।**
**नोदितः प्रतिनोदयति, पापश्रमणः इत्युच्यते ॥ १६ ॥**

**અર્થ –** જે સાધુ, સૂર્યાસ્ત સુધી વારંવાર વિશેષ કારણ સિવાય આહાર વાપર્યા કરે છે, જ્યારે જ્ઞાન-ક્રિયાની બાબતમાં ગુરુ વિ. થી પ્રેરણા થાય ત્યારે ગુરુઓની સાથે વિવાદ કરવા લાગી જાય છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૧૬-૫૩૪)

**आयरियपरिच्चाइ परपासंडं सेवए ।**
**गाणं गणिए दुब्भूए, पावसमणेत्ति वुच्चई ॥ १७ ॥**

**आचार्यपरित्यागी, परपाषण्डं सेवते ।**
**गाणङ्गणिको दुर्भूतः, पापश्रमणः इत्युच्यते ॥ १७ ॥**

**અર્થ –** જે સાધુ, આચાર્યનો પરિત્યાગ કરે છે, શ્રી જિનોક્ત ધર્મ છોડી બીજા ધર્મને આચરે છે, સ્વગણ-ગચ્છને છોડી બીજા ગણમાં જાય છે અને દુરાચારી હોઈ અતિ નિંદનીય બને છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૧૭-૫૩૫)

**सयं गेहं परिच्चज्ज, परगेहंसि वावरे ।**
**निमित्तेण य ववहरइ, पावसमणेत्ति वुच्चइ ॥ १८ ॥**

**स्वकं गेहं परित्यज्य, परगेहे व्यापृणोति ।**
**निमित्तेन च व्यवहरति, पापश्रमणः इत्युच्यते ॥ १८ ॥**

**અર્થ –** જે સાધુ, પોતાના ઘરબારનો ત્યાગ કરી અને સાધુપણું સ્વીકારી, ગૃહસ્થના ઘરે આહારાર્થી બની ગૃહસ્થનું કાર્ય કરે છે, વળી શુભાશુભ કથનરૂપ નિમિત્તથી વ્યાપાર કરે છે તે પાપશ્રમણ કહેવાય છે. (૧૮-૫૩૬)

**संनाइपिंडं जेमेइ, निच्छई सामुदाणियं ।**
**गिहिनिसिज्जं च वाहेइ, पावसमणेत्ति वुच्चइ ॥ १९ ॥**

**स्वज्ञातिपिण्डं जेमति, नेच्छति सामुदानिकम् ।**
**गृहिनिषद्यां च वाहयति, पापश्रमणः इत्युच्यते ॥ १९ ॥**

**અર્થ –** જે સાધુ પોતાના બંધુ વિ. જ્ઞાતિએ આપેલ આહારને વાપરે છે, અનેક ઘરોથી આણેલી ભિક્ષાને ઇચ્છતો નથી અને ગૃહસ્થોના પલંગ વિ. બેસવાના કે સુવાના સાધનો ઉપર બેસે છે, તે પાપશ્રમણ કહેવાય છે. (૧૯-૫૩૭)

**एयारिसे पंचकुसीलसंवुडे, रूवंधरे मुणिवराणहिट्ठिमे ।**
**एयंसिलोए विसमेव गराहिए, न से इहं नेव परत्थ लोए ॥ २० ॥**

**एतादृशः पञ्चकुशीलासंवृत्तः, रूपधरो मुनिवराणामधस्तनः ।**
**अस्मिन् लोके विषमिव गर्हितः, न स इह न परत्र लोके ॥ २० ॥**

**અર્થ –** પૂર્વોક્ત સ્વરૂપવાળો સાધુ, પાર્શ્વસ્થ-અવસન્ન-કુશીલ-સંસક્ત-યથાચ્છંદરૂપ પાંચ અવંદનીય કુશીલ સાધુઓની માફક આશ્રવદ્વારોને નહીં રોકનારો, માત્ર મુનિવેષધારી અને ઉત્તમ મુનિઓની અપેક્ષાએ અત્યંત હલકી કોટિનો આ લોકમાં ઝેરની માફક નિંદનીય બને છે. તેના બંને ભવ બગડી જાય છે, કેમ કે-અહીં તે શ્રી ચતુર્વિધ સંઘથી અનાદરણીય અને પરલોકમાં શ્રુતચારિત્રનો વિરાધક થવાથી સ્વર્ગ વિ. ના સુખથી વંચિત બને છે. (૨૦-૫૩૮)

**जे वज्जए एए सया उ दोसे, से सुव्वए होइ मुणीण मज्झे ।**
**अयंसि लोए अमयंव पूइए, आराइए लोगमिणं तहा परं त्तिबेमि ॥ २१ ॥**

**यः वर्जयति एतान् सदा तु दोषान्, स सुव्रतो भवति मुनीनां मध्ये ।**
**अस्मिन्लोके अमृतमिव पूजितः, आराधयति लोकमिव तथा पर इति ब्रवीमि ॥ २१ ॥**

**અર્થ –** જે સાધુ, પૂર્વોક્ત જ્ઞાનાતિચાર વિ.દોષોનો પરિહાર હંમેશાં કરે છે, તે મુનિઓમાં પ્રશસ્ત મહાવ્રતધારી કહેવાય છે; એટલું જ નહીં પરંતુ તે આ લોકમાં અમૃતની માફક શ્રી ચતુર્વિધ સંઘથી પૂજાપાત્ર બનેલો, આલોકને અને પરલોકને આરાધના દ્વારા સફળ બનાવે છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૨૧-૫૩૯)

**॥ સત્તરમું શ્રી પાપશ્રમણીયાધ્યયન સંપૂર્ણ ॥**

# શ્રી સંયતાધ્યયન-૧૮

कंपिल्ले नयरे राया, उदिण्णबलवाहणे ।
नामेणं संजए नामं, मिग्गवं उवनिग्गए ॥ १ ॥

काम्पिल्ये नगरे राजा, उदीर्णं बलवाहनम् ।
नाम्ना संजयो नाम, मृगव्यामुपनिर्गतः ॥ १ ॥

**અર્થ** – વિશાલ સેના અને વાહનસંપન્ન સંજય નામનો પ્રસિદ્ધ રાજા કાંપિલ્ય નગરીમાં રાજ્ય કરતો હતો. તે એક વખતે શિકાર ખેલવા માટે નગરની બહાર નીકળ્યો. (૧-૫૪૦)

हयाणीऐ गयाणीए, रहाणीए तहेव य ।
पायत्ताणीए महया, सव्वओ परिवारिए ॥ २ ॥

मिए छुभित्ता हयगओ, कंपिल्लुजाणकेसरे ।
भीए संते मिए तत्थ वहेइ रसमुच्छिए ॥ ३ ॥ युग्मम् ॥

हयानीकेन गजानीकेन, रथानीकेन तथैव च ।
पादातानीकेन महता, सर्वतः परिवारितः ॥ २ ॥

मृगान् क्षिप्त्वा हयगतः, काम्पील्योद्यानकेशरे ।
भीतान् श्रान्तान् मितान् तत्र, हन्ति रसमूर्च्छितः ॥ ३ ॥ युग्मम् ॥

**અર્થ** – તે રાજા પોતાની વિશાલ અશ્વસેના-હસ્તિસેના-રથસેના અને પાયદળસેનાથી પરિવૃત્ત થઈને મૃગમાંસના આસ્વાદમાં લોલુપ બનેલો, ઘોડેસ્વાર બની, કાંપિલ્ય નગરના કેશર નામના ઉદ્યાનમાં પહોંચી, મૃગોને ક્ષોભવાળા બનાવી, ભયભીત તથા આજુબાજુ દોડવાથી ખિન્ન બનેલા કેટલાંક મૃગોનો રાજાએ શિકાર કરવા માંડ્યો. (૨+૩, ૫૪૧+૫૪૨)

अह केसरंमि उज्जाणे, अणगारे तवोधणे ।
सज्झायझाणसंजुत्ते, धम्मज्झाणं झियायइ ॥ ४ ॥

अफोवमंडवंसि, झायइ खविआसवे ।
तस्सागए मिए पासं, वहेइ से नराहिवे ॥ ५ ॥ युग्मम् ॥

अथ केसरोद्याने, अनगारस्तपोधनः ।
स्वाध्यायध्यानसंसक्तो, धर्मध्यानं ध्यायति ॥ ४ ॥

अफोवमण्डपे ध्यायति, क्षपिताश्रवः ।
तस्यागतान् मृगान् पार्श्वे, हन्ति स नराधिपः ॥ ५ ॥ युग्मम् ॥

**અર્થ –** જ્યારે રાજા મૃગોનો શિકાર કરવા માંડ્યો, ત્યારે આ કેશર નામના ઉદ્યાનમાં સ્વાધ્યાયધ્યાનસંયુક્ત તપરૂપી ધનવાળા એક મુનિરાજ ધર્મધ્યાન નામનું ધ્યાન કરી રહ્યા હતા. વૃક્ષ વિ. થી વ્યાપ્ત નાગરવેલ વિ. ના મંડપમાં આશ્રવોને દૂર કરનાર અને ધ્યાન કરનાર તે ગર્દભાલિ મુનિરાજની પાસે તે હરણો દોડી આવ્યા, છતાં તે મૃગોનો રાજાએ શિકાર કર્યો. (૪+૫, ૫૪૩+૫૪૪)

अह आसगओ राया, खिप्पमागम्म सो तहिं ।
हए मिए उ पासित्ता, अणगारं तत्थ पासई ॥ ६ ॥

अथ अश्वगतो राजा क्षिप्रमागम्य स तस्मिन् ।
हतान् मृगानेव दृष्ट्वा अनगारं तत्र पश्यति ॥ ६ ॥

**અર્થ –** ત્યારબાદ ઘોડેસ્વાર બનેલો રાજા તે મંડપમાં તરત જ આવીને શિકારના ભોગ બનેલા હરણોને જોવા માંડ્યો. આ જ સમયે ત્યાં બેઠેલા એક અહિંસામૂર્તિ મુનિરાજને તે જુએ છે. (૬-૫૪૫)

अह राया तत्थ संभंतो, अमगारो मणाअहो ।
मए उ मंदपुण्णेणं, रहगिद्धेण घण्णुणा ॥ ७ ॥

आसं विसज्जइत्ताणं, अगारस्स सो निवा ।
विणएणं वंदए पाए, भयवं एत्थ मे खमे ॥ ८ ॥

अह मोणेण सो भयवं, अणगारो झाणमस्सिओ ।
रायाणं न पडिमंतेइ, तओ राया भयद्दुओ ॥ ९ ॥

संजओ अहम्स्मीति, भयवं वाहराहि मे ।
कुद्धे तेएण अणगारे, दहिज्ज नरकोडिओ ॥ १० ॥ चतुर्भिःकलापकम् ॥

अथ राजा तत्र सम्भ्रान्तः, अनगारो मनागाहतः ।
मया तु मन्दपुण्येन, रसगृद्धेन धातुकेन ॥ ७ ॥

**अश्वं विसृज्य खलु, अनगारस्य स नृपः ।**
**विनयेन वन्दते पादौ, भगवन् ! अत्र मे क्षमस्व ॥ ८ ॥**

**अथ मौनेन स भगवान्, अनगारो ध्यानमाश्रितः ।**
**राजानं न प्रतिमन्त्रयति, ततो राजा भयद्रुतः ॥ ९ ॥**

**सञ्जयोऽहमस्मीति, भगवन् ! सम्भाषय मे ।**
**क्रुद्धस्तेजसाऽनगारो, दहेन्नरकोटीः ॥ १० ॥ चतुर्भिःकलापकम् ॥**

**અર્થ –** હવે રાજા, ત્યાં મુનિદર્શન થયા બાદ, 'અરે ! રસાસક્ત-કમનસીબ મેં આ મુનિરાજને થોડી ઈજા કરી છે' - એમ જાણી, ભયભીત બની, ઘોડો મૂકી, તે રાજા મુનિરાજના ચરણમાં સવિનય વંદના કરી બોલ્યો કે-હે ભગવન્ ! મારા આ અપરાધની મને માફી આપો !' જ્યારે ધ્યાનસ્થ ભગવાન-મુનિપ્રવર કાંઈ જવાબ આપતા નથી, ત્યારે 'આ કોપાયમાન થયેલ મુનિ શું કરશે તે ખબર પડતી નથી.' - એમ વિચારી, વધારે ભયગ્રસ્ત બની, રાજા પોતાનો પરિચય આપે છે કે-'સાહેબ ! હું સંજય નામનો રાજા છું, માટે હે ભગવન્ ! મને જવાબ આપો ! કેમકે-ક્રોધિત મુનિરાજ તેજથી ક્રોડો મનુષ્યોને બાળી શકે છે, એથી મારું મન ભયાક્રાન્ત થઈ રહ્યું છે; માટે પ્રભો ! મને બોલાવો અને નિર્ભય બનાવો ! (૭ થી ૧૦, ૫૪૬ થી ૫૪૯)

**अभओ पत्थिवा तुब्भं, अभयदाया भवाहि अ ।**
**अणिच्चे जीवलोगंमि, किं हिंसाए पसज्जसि ? ॥ ११ ॥**

**जया सव्वं परिच्चज्ज, गंतव्वमवसस्स ते ! ।**
**अणिच्चे जीवलोगंमि, किं रज्जंमि पसज्जसि ? ॥ १२ ॥**

**जीविअं चेव रूवं च, विज्जुसंपायचंचलं ।**
**जत्थ तं मुज्झसी रायं, पेच्चत्थं नावबुज्झसे ॥ १३ ॥**

**दाराणि अ सुआ चेव, मित्ता य तहा बंधवा ।**
**जीवंतमणुजीवंति, मयं नाणुव्वयंति अ ॥ १४ ॥**

**निहरंति मयं पुत्ता, पिअरं परमदुक्खिआ ।**
**पिअरोऽवि तहापुत्ते, बंधू रायं तवं चरे ॥ १५ ॥**

**तओ तेणऽज्जिए दव्वे, दारे अ परिरक्खिए ।**
**कीलंतन्ने नरा रायं, हट्ठतुट्ठा अलंकिआ ॥ १६ ॥**

**तेणावि जं कयं कम्मं, सुहं वा जइ वाऽसुहं ।**
**कम्मुणा तेण संजुत्तो, गच्छइ उ परं भवं ॥ १७ ॥ सप्तभिःकुलकम् ॥**

**अभयं पार्थिव ! तव, अभयदाता भव च ।**
**अनित्ये जीवलोके, किं हिंसायां, प्रसज्जसि ? ॥ ११ ॥**

**सदा सर्वं परित्यज्य, गन्तव्यमवशस्य ते ।**
**अनित्ये जीवलोके, किं राज्ये प्रसज्जसि ॥ १२ ॥**

**जीवितं चैव रूपं च, विद्युत्सम्पातचञ्चलम् ।**
**यत्र त्वं मुह्यसि राजन् !, प्रेत्यार्थं नावबुध्यसे ॥ १३ ॥**

**दाराश्च सुताश्चैव, मित्राणि च तथा बान्धवाः ।**
**जीवंतमनुजीवन्ति, मृतं नानुव्रजन्त्यपि ॥ १४ ॥**

**निहरन्ति मृतं पुत्राः, पितरं परमदुःखिताः ।**
**पितरोऽपि तथा पुत्रान्, बन्धून् राजंस्तपश्चरेः ॥ १५ ॥**

**ततस् तेनार्जिते द्रव्ये, दारांश्च परिरक्षितान् ।**
**क्रीडन्त्यन्ये नरा राजन् !, हृष्टतुष्टा अलंकृताः ॥ १६ ॥**

**तेनाऽपि यत्कृतं, शुभं वा यदि वा अशुभम् ।**
**कर्मणा तेन संयुक्तः, गच्छति तु परंभवम् ॥ १७ ॥ सप्तमिःकुलकम् ॥**

**અર્થ –** રાજાની આ પ્રાર્થના સાંભળીને મુનિરાજે કહ્યું કે-હે રાજન્ ! મારા તરફથી તને અભયદાન છે. તને કોઈ પણ બાળનાર નથી. તેમજ તને જેમ મૃત્યુનો ભય છે તેમ સર્વ પ્રાણીઓને મૃત્યુભય સમાન છે, માટે સકલ જીવોને તું અભયદાન આપનાર થા ! આ અનિત્ય જીવલોકમાં કેમ તું હિંસાકર્મમાં પરાયણ થાય છે ? તારે નરકહેતુરૂપ આ હિંસા કરવી ઉચિત નથી. જ્યારે ભંડાર અંતઃપુર વિ. સઘળુંય છોડીને ભવાંતરમાં જવાનું નક્કી છે. ત્યારે પરતંત્ર એવો તું શા માટે અનિત્ય જીવલોકમાં અને અનિત્ય રાજ્યમાં આસક્તિ કરે છે ? વળી જોતો ખરો કે-આ જીવન અને આ રૂપ વિજળીના ચમકારા જેવું ફાની છે, માટે જીવન અને રૂપમાં મોહમુગ્ધ બની હે રાજન્ ! પરલોકના કાર્યને કેમ ભૂલો છો ? વળી જુઓ કે-સંસાર કેવો સ્વાર્થી છે કે-આ સ્ત્રીઓ, પુત્રો, મિત્રો અને બાંધવો જીવતા નરના સાથીદાર છે, પણ મરનારની પાછળ તે કોઈ જતું નથી. હે રાજન્ ! જોઈ લો કે-સંસારની ગજબનાક અસારતા. પરમ દુઃખી થયેલા હોવા છતાં પુત્રો મરેલા પિતાને-પિતાના શબને

ઘરમાંથી બહાર કાઢે છે, તેમજ પિતા વિ. પણ મરેલા પુત્ર વિ. ને અને બંધુઓ મરેલા બંધુ વિ. ને ઘરમાંથી બહાર કાઢે છે. આવી સંસારની સ્થિતિ જાણી તમો તમારા જીવનને ધન્ય બનાવવા માટે સંયમને ગ્રહણ કરો ! હે રાજન્ ! ધન ઉપાર્જન કરનાર વ્યક્તિના મૃત્યુ બાદ, તેણે અર્જિત્ કરેલ ધન અને સુરક્ષિત કરેલ સ્ત્રીજનને પ્રાપ્ત કરી બીજી વ્યક્તિ મોજ માણે છે, તેમજ બહારથી રોમાંચિત બની અંદરથી ઘણો ખુશ થયેલો તે શરીરને શણગારી ઠાઠમાઠથી લ્હેર ઉડાવે છે. આવી ભવની સ્થિતિ છે તો તમે તપને તપો ! હે રાજન્ ! તે મરનાર વ્યક્તિએ જે શુભ કે અશુભ કર્મ કરેલ હોય તે તેની સાથે ભવાંતરમાં જાય છે, પરંતુ ધન વિ. સાથે લઈને કોઈ જીવ પરલોકમાં જતો નથી. જો શુભાશુભ કર્મ જ સાથે જનાર છે, તો શુભકર્મ હેતુરૂપ તપ-સંયને જ તમે આચરો ! (૧૧ થી ૧૭, ૫૫૦ થી ૫૫૬)

**सोउण तस्स सो धम्मं, अणगारस्स अंतिए ।**
**महया संवेगनिव्वेअं, समावण्णो नराहिवो ॥ १८ ॥**

**संजओ चइउं रज्जं, णिक्खंतो जिणसासणे ।**
**गद्दभालिस्स भगवओ, अणगारस्स अंतिए ॥ १९ ॥**

**चिच्चा रट्ठं पव्वइए, खत्तिए परिभासई ।**
**जहा ते दीसइ रूवं, पसन्नं ते तहा मणो ॥ २० ॥**

**किं नामे ? किं गोत्ते ?, कस्सट्ठाए व माहणे ? ।**
**कहं पडिअरसीबुद्धे ?, कहं विणीएत्ति वुच्चसी ? ॥ २१ ॥**
**चतुर्भिःकलापकम् ॥**

श्रुत्वा तस्य स धर्मं, अनगारस्यान्तिके ।
महत् संवेगनिर्वेदं, समापन्नो नराधिपः ॥ १८ ॥

संजयस्त्यक्त्वा राज्यं, निष्क्रान्तः जिनशासने ।
गर्द्दभालेर्भगवतोऽनगारस्याऽन्तिके ॥ १९ ॥

त्यक्त्वा राष्ट्रं प्रव्रजितः, क्षत्रियः परिभाषते ।
यथा ते दृश्यते रूपं, प्रसन्नं ते तथा मनः ॥ २० ॥

किं नामा ? किं गोत्रः ?, कस्मै अर्थाय वा ब्राह्मणः ? ।
कथं प्रतिचरसि बुद्धान् ?, कथं विनीत इत्युच्यसे ? ॥ २१ ॥
चतुर्भिःकलापकम् ॥

**અર્થ** – તે મુનિરાજની પાસેથી ધર્મને સાંભળી મોટા સંવેગ અને વૈરાગ્યવાળો સંજય રાજા થયો. રાજ્યનો ત્યાગ કરીને શ્રી જિનશાસનમાં ગર્દભાલિ મુનિ-ભગવાન પાસે તે રાજા દીક્ષા ગ્રહણ કરનારો બન્યો ! આ પ્રમાણે દીક્ષાને ધારણ કરી સંજયમુનિ ગીતાર્થ બની ગયા અને સાધુ-સામાચારીનું સુંદર પાલન કરતાં તે એક નગરીમાં પધાર્યા. પૂર્વભવમાં જે વૈમાનિકદેવ હતો, તે ચ્યવીને તે નગરીમાં ક્ષત્રિયકુલમાં રાજા થયેલો, પરંતુ કોઈ પણ નિમિત્તથી તે જાતિસ્મરણવાળો બનતાં વૈરાગી બની તેમણે દીક્ષા ગ્રહણ કરી. વિહાર કરતા ક્ષત્રિય મુનિ સંજયમુનિને જોઈ, તેમની પરીક્ષા માટે કહે છે કે-જેવું આપનું પ્રસન્નરૂપ છે તેવું જ મન પણ પ્રસન્ન વર્તતું લાગે છે, તો આપનું નામ અને ગોત્ર શું છે ? કયા ઉદ્દેશથી આપ શ્રમણ બન્યા છો ?, કયા પ્રકારથી આચાર્ય વિ. ની આપે સેવા કરી ? તથા આપ કેવી રીતિએ આચાર્ય વિનીત કહેવાયા ? (૧૮ થી ૨૧; ૫૫૭ થી ૫૭૦)

**संजयो नाम नामेणं, तहा गोत्तेण गोअमो ।**
**गद्दभाली ममायरिआ, विज्जाचरणपारगा ॥ २२ ॥**

**सञ्जयोनाम नाम्ना, तथा गोत्रेण गौतमः ।**
**गर्द्दभालयो ममाऽऽचार्याः, विद्याचरणपारगाः ॥ २२ ॥**

**અર્થ** – હું સંજય નામવાળો અને ગૌતમ ગોત્રવાળો છું, તેમજ જ્ઞાન અને ચારિત્રમાં પારંગત ગર્દભાલિ નામના મારા આચાર્ય છે. આ આચાર્યશ્રીએ મને જીવહિંસાથી અટકાવી, સદુપદેશ આપી મુક્તિરૂપી ફલ દર્શાવ્યું છે. તે મુક્તિ માટે હું દીક્ષિત બન્યો છું. તે ગુરુભગવંતના ઉપદેશ પ્રમાણે ગુરુની સેવા કરનારો અને આચારોને પાળનારો હોવાથી હું વિનીત બન્યો છું. (૨૨-૫૬૧)

**किरिअ अकिरिअं विणअं, अण्णाणं च महामुणी ! ।**
**एएहिं चउहिं ठाणेहिं, मेअण्णे किं पभासति ? ॥ २३ ॥**

**क्रिया अक्रिया विनयः, अज्ञानं च महामुने ! ।**
**एतैः चतुर्भिः स्थानैः, मेयज्ञाः किं प्रभाषन्ते ॥ २३ ॥**

**અર્થ** – ક્રિયાવાદીઓ, આત્મા છે-એમ માનનારા હોવા છતાં સર્વવ્યાપી, કર્તારૂપી વિ. એકાંતવાદમાં પડેલા છે. 'આત્મા નથી' - એમ માનનારા અક્રિયાવાદીઓ, સર્વ જીવરાશિને નમસ્કાર કરવાથી જ કર્મક્ષય માનનારા વિનયવાદીઓ અને કષ્ટથી જ મુક્તિને માનનાર અજ્ઞાનવાદીઓ

ક્રિયા-અક્રિયા-વિનય અને અજ્ઞાનરૂપ ચાર સ્થાનોથી વસ્તુતત્ત્વને જણાવે છે, તે મિથ્યા-ઐકાન્તિક-અસત્‌ભાષણ છે. (૨૩-૫૬૨)

**इइ पाउकरे बुद्धे, नायए परिनिव्वुडे ।**
**विज्जाचरण संपन्ने, सच्चे सच्चपरक्कमे ॥ २४ ॥**

**इति प्रादुरकार्षीत् बुद्धः, ज्ञातकः परिनिर्वृतः ।**
**विद्याचरणसम्पन्नः, सत्यः सत्यपराक्रमः ॥ २४ ॥**

**અર્થ –** કષાયની આગ શાંત થઈ જવાથી સર્વથા શીત થયેલ, ક્ષાયિક જ્ઞાન-ચારિત્રસંપન્ન, તત્ત્વજ્ઞાની, સત્યવાદી, અનંતવીર્ય જ્ઞાતપુત્ર શ્રી મહાવીર પ્રભુએ જ 'આ ક્રિયાવાદી વિ. એકાંતવાદીઓ અસત્ય બોલે છે.' વિ. પૂર્વોક્ત સ્વરૂપ દર્શાવેલ છે. (૨૪-૫૬૩)

**पडंति नरए घोरे, जे नरा पावकारिणो ।**
**दिव्वं च गइं गच्छन्ति, चरित्ता धम्ममारिअं ॥ २५ ॥**

**पतन्ति नरके घोरे, ये नराः पापकारिणः ।**
**दिव्यां च गतिं गच्छन्ति, चरित्वा धर्ममार्यम् ॥ २५ ॥**

**અર્થ –** જે ક્રિયાવાદી વિ. જીવો અસત્ પ્રરૂપણારૂપી પાપ કરે છે, તે પાપી જીવો ઘોર નરકમાં પડે છે. જે પુણ્યવંત જીવો સત્પ્રરૂપણારૂપી ઉત્તમ ધર્મ કરે છે, તે સર્વગતિપ્રધાન સિદ્ધિગતિ અથવા દેવગતિમાં જાય છે, માટે અસત્પ્રરૂપણાને છોડી હે સંજય મુનિ ! તમારે સત્પ્રરૂપણાપરાયણ બનવું જોઈએ. (૨૫-૫૬૪)

**मायाबुइअमेअं तु, मुसाभासा निरत्थिआ ।**
**संजममाणो वि अहं, वसामि हरिआमि अ ॥ २६ ॥**

**मायोक्तं एतद् तुः, मृषाभाषा निरर्थिका ।**
**संयच्छन्नेव अहं, वसामि ईरे च ॥ २६ ॥**

**અર્થ –** ક્રિયાવાદીઓએ જે પૂર્વે કહેલ છે તે સઘળું માયાપૂર્વકનું કથન છે તથા તેઓની જુઠ્ઠી વાણી, વાસ્તવિક અર્થ વગરની છે. આથી હું ક્રિયાવાદીઓ વિ. ની વાણીશ્રવણ વિ. થી સર્વથા દૂર રહીને જ સ્વસ્થાનમાં રહું છું અને ગોચરી વિ. ના કારણે બહાર જાઉં છું. (૨૬-૫૬૫)

**सव्वे ते विइआ मज्झं, मिच्छादिट्ठी अणारिआ ।**
**विज्जमाणे परे लोए, सम्मं जाणामि अप्पयं ॥ २७ ॥**

**सर्वे ते विदिता मम, मिथ्यादृष्टयः अनार्याः ।**
**विद्यमाने परलोके, सम्यग् जानाम्यात्मानम् ॥ २७ ॥**

**અર્થ –** સઘળાં ક્રિયાવાદીઓ વિ. ને, મેં પશુહિંસા વિ. અનાર્ય કાર્ય કરનારા હોઈ અનાર્ય અને મિથ્યાદૃષ્ટિ તરીકે જાણી લીધા છે, કેમ કે-બીજા ભવમાંથી આવેલા તે આત્માઓને હું જાણું છું; અર્થાત્ પરલોક અને આત્માનું સમ્યગ્જ્ઞાન હોવાથી મેં એકાંતવાદીઓને જાણ્યા છે, એટલે તેમણે કહેલ વાણીનું શ્રવણ વિ. મેં બંધ કરી દીધેલ છે. (૨૭-૫૬૬)

**अहमासि महापाणे, जुइमं वरिससओवमे ।**
**जा सा पाली महापाली, दिव्वा वरिससओवमा ॥ २८ ॥**

**से चुए बंभलोआओ, माणुस्सं भवमागओ ।**
**अप्पणो अ परेसिं च, आउं जाणे जहा तहा ॥ २९ ॥ युग्मम् ॥**

**अहमासं महाप्राणे, द्युतिमान् वर्षशतोपमः ।**
**या सा पालि महापाली, दिव्या वर्षशतोपमा ॥ २८ ॥**

**ततः च्युतो ब्रह्मलोकाद्, मानुष्यं भवमागतः ।**
**आत्मनश्च परेषांश्च, आयुर्जानामि यथातथा ॥ २९ ॥ युग्मम् ॥**

**અર્થ –** જેમ અહીં હમણાં સો વર્ષના આયુષ્યવાળો મનુષ્ય પૂર્ણ આયુષ્યવાળો કહેવાય છે, તેમ હું ગતભવમાં બ્રહ્મલોક વિમાનમાં કાન્તિમાન પૂર્ણ આયુષ્યવાળો હતો. દેવલોકમાં પાલી એટલે પલ્યપ્રમાણ અને મહાપાલી એટલે સાગરોપમપ્રમાણ સ્થિતિ હોય છે, જે પૂર્ણ સ્થિતિ કહેવાય છે. બ્રહ્મલોકની પૂર્ણ સ્થિતિ પૂર્ણ થયા બાદ, ત્યાંથી ચ્યવીને હું મનુષ્યભવમાં આવેલો છું. આમ હું જાતિસ્મરણથી જાણું છું તથા મારૂં અને બીજાનું પણ આયુષ્ય જેવું છે તેવું હું જાણું છું. (૨૮+૨૯, ૫૬૭+૫૬૮)

**नाणारुइं च छंदं च, परिवज्जिजज्ज संजए ।**
**अणट्ठा जे अ सव्वत्था, इइ विज्जामणु संचरे ॥ ३० ॥**

**नानारुचिं च छन्दश्च, परिवर्जयेत् संयतः ।**
**अनर्थाः ये च सर्वत्र, इति विद्यां अनुसञ्चरेः ॥ ३० ॥**

**અર્થ –** હે સંજય ! આત્માએ અનેક પ્રકારની અર્થાત્ ક્રિયાવાદી વિ. ના મતવિષયક ઇચ્છાનો તેમજ સ્વમતિકલ્પિત અભિપ્રાયનો પરિત્યાગ કરવો તથા સર્વત્ર અનર્થ વ્યાપારોનો પરિત્યાગ કરવો ! આ પ્રકારની સમ્યગ્જ્ઞાનરૂપ વિદ્યાનું લક્ષ્ય કરીને સમ્યક્ સંયમમાર્ગમાં વિચરવું જોઈએ. (૩૦-૫૬૯)

**पडिक्कमामि पसिणाणं, परमंतेहिं वा पुणो ।**
**अहो उट्ठिए अहोरायं, इइ विज्जा तवं चरे ॥ ३१ ॥**

**प्रतिक्रमामि प्रश्नेभ्यः, परमन्त्रेभ्यो वा पुनः ।**
**अहो उत्थितो अहोरात्रं, इति विद्वान् तपः चरेः ॥ ३१ ॥**

**અર્થ** – શુભાશુભસૂચક અંગુષ્ઠ પ્રશ્ન વિ. પ્રશ્નોથી તથા ગૃહસ્થોના તે તે કાર્યના આલોચનરૂપ મંત્રોથી હું સર્વદા નિવૃત્ત થયેલ છું. જે સંયમ પ્રત્યે ઉત્થાનવાળો છે. તે અહો ! ધર્મના પ્રત્યે ઉદ્યમશીલ છે. આ પ્રમાણે પૂર્વોક્ત હંમેશાં જાણનારો તપનું જ આચરણ કરે, પણ પ્રશ્ન વિ.નું આચરણ ન કરે ! (૩૧-૫૭૦)

**जं च मे पुच्छसी काले, सम्मं सुद्धेण चेअसा ।**
**ताइं पाउकरे बुद्धे, तं नाणं जिणसासणे ॥ ३२ ॥**

**यच्च मे पृच्छसि काले, सम्यक् शुद्धेन चेतसा ।**
**तत् प्रादुष्कृतवान् बुद्धः, तज्ज्ञानं जिनशासने ॥ ३२ ॥**

**અર્થ** – તમે મને જે કાલ વિષયનો પ્રશ્ન સારી રીતિએ શુદ્ધ આશયથી કરો છો. તો તેનો જવાબ એવો છે કે-કાલનો વિષય સર્વજ્ઞ પ્રભુ શ્રી મહાવીરદેવે પ્રકટ કરેલ છે. એથી જ કાલ વિષયનું જ્ઞાન શ્રી જિનશાસનમાં જ છે, પણ બીજા બુદ્ધ વિ.ના શાસનમાં નથી; માટે તે વિષયના જિજ્ઞાસુએ શ્રી જિનશાસનમાં જ પ્રયત્ન કરવો જોઈએ. જે હું શ્રી જિનશાસનની સેવાથી તે વિષયને જાણું છું, તેમ તમે પણ જાણશો. (૩૨-૫૭૧)

**किरिअं च रोअए धीरो, अकिरिअं परिवज्जिए ।**
**दिट्ठिए दिट्ठिसंपन्ने, धम्मं चर सुदुच्चरं ॥ ३३ ॥**

**क्रियां च रोचयेत् धीरः, अक्रियां परिवर्जयेत् ।**
**दृष्ट्या दृष्टिसम्पन्नः, धर्मं चर सुदुश्चरम् ॥ ३३ ॥**

**અર્થ** – ધૈર્યશાલી મુનિએ, 'જીવ વિ. છે' ઇત્યાદિરૂપ અથવા સદનુષ્ઠાન-રૂપ ક્રિયાની રૂચિ કરવી અને બીજાને કરાવવી જોઈએ, 'આત્મા નથી' ઇત્યાદિરૂપ અક્રિયાનું વર્જન કરવું-કરાવવું જોઈએ અને સમ્યગ્દર્શન સહિત જ્ઞાનસંપન્ન બની અત્યંત કષ્ટથી સાધ્ય ક્રિયાનું આચરણ કરવું જોઈએ. આથી તમો પણ સમ્યગ્દર્શન-જ્ઞાનવાળા બની સુદુશ્ચર ક્રિયાને કરો ! (૩૩-૫૭૨)

**एअं पुण्णपयं सोच्चा, अत्थधम्मोवसोहिअं ।**
**भरहो वि भारहं वासं, चिच्चा कामाइं पव्वए ॥ ३४ ॥**

**एतत् पुण्यपदं श्रुत्वा, अर्थधर्मोपशोभितम् ।**
**भरतोऽपि भारतं वर्षं, त्यक्त्वा कामांश्च प्रव्रजितः ॥ ३४ ॥**

હવે સંજયમુનિને મહાપુરુષોના દૃષ્ટાન્તોથી સ્થિર કરવા માટે કહે છે.

**અર્થ** – આ પૂર્વોક્ત, સ્વર્ગાપવર્ગ વિ. અર્થ અને તેના ઉપાયરૂપ શ્રુતધર્મ વિ.થી ઉપશોભિત તથા પુણ્યહેતુ હોઈ પુણ્ય એવા શબ્દ સંદર્ભરૂપ પદને સાંભળી, પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજાએ ભારતવર્ષરૂપ ભરતક્ષેત્રનો અને સર્વ કામભોગોનો ત્યાગ કરી શ્રી ભાગવતી પ્રવ્રજ્યા સ્વીકારી હતી. (૩૪-૫૭૩)

**सगरोवि सागरंतं, भरहवासं नराहिवो ।**
**इस्सरिअं केवलं हिच्चा, दयाए परिनिव्वुए ॥ ३५ ॥**

**सगरोऽपि सागरान्तं, भरतवर्षं नराधिपः ।**
**ऐश्वर्यञ्च केवलं हित्वा, दयया परिनिर्वृतः ॥ ३५ ॥**

**અર્થ** – પૂર્વ - વિ. ત્રણ દિશામાં સમુદ્ર સુધીનું અને ઉત્તર દિશામાં હિમવંત પર્યંતનું ભરતક્ષેત્રનું સામ્રાજ્ય બીજા ચક્રવર્તી સગર મહારાજા છોડીને તથા સંયમસામ્રાજ્ય સંપૂર્ણ સાધીને મુક્તિનગરમાં પહોંચ્યા. (૩૫-૫૭૪)

**चइत्ता भारहं वासं, चक्कवट्टी महिड्ढीओ ।**
**पव्वज्जमब्भुवगओ, मघव नाम महायसो ॥ ३६ ॥**

**त्यक्त्वा भारतं वर्षं, चक्रवर्ती महर्द्धिकः ।**
**प्रव्रज्यामभ्युगतः, मघवः नाम महायशाः ॥ ३६ ॥**

**અર્થ** – મહા યશસ્વી મહર્દ્ધિક મઘવ નામના ત્રીજા ચક્રવર્તી, ભરતક્ષેત્રની ષટ્‌ખંડની ઋદ્ધિનો ત્યાગ કરી પ્રવ્રજ્યાને સ્વીકારનાર થયા. (૩૬-૫૭૫)

**सणंकुमारो मणुस्सिंदो, चक्कवट्टी महिड्ढीओ ।**
**पुत्तं रज्जे ठवित्ता णं, सोवि राया तवं चरे ॥ ३७ ॥**

**सनत्कुमारो मनुष्येन्द्रः चक्रवर्ती महर्द्धिकः ।**
**पुत्रं राज्ये स्थापयित्वा खलु, सोऽपि राजा तपोऽचरत् ॥ ३७ ॥**

**અર્થ** – મનુષ્યોના ઇન્દ્ર મહર્દ્ધિક સનત્કુમાર ચક્રવર્તીએ, પોતાના પુત્રને રાજ્યગાદી ઉપર સ્થાપિત કરી ચારિત્રની સુચાર રૂપે સાધના કરી હતી. (૩૭-૫૭૬)

**चइत्ता भारहं वासं, चक्कवट्टी महिड्ढीओ ।**
**संती संतीकरे लोए, पत्तो गइमणुत्तरं ॥ ३८ ॥**

**त्यक्त्वा भारतं वर्षं, चक्रवर्ती महर्द्धिकः ।**
**शान्तिः शान्तिकरो लोके, प्राप्तो गतिमनुत्तराम् ॥ ३८ ॥**

**અર્થ** – લોકમાં શાંતિ કરનારા મહર્દ્ધિક પાંચમા ચક્રવર્તી અને સોલમા તીર્થંકર શ્રી શાન્તિનાથ પ્રભુએ ષટ્ખંડની ઋદ્ધિનો પરિત્યાગ કરી સર્વોત્કૃષ્ટ સિદ્ધિરૂપ પંચમ ગતિ પ્રાપ્ત કરી. (૩૮-૫૭૭)

**इक्खागरायवसभो, कुन्थू नाम नराहिवो ।**
**विक्खायकित्ती भयवं, पत्तो गइमणुत्तरं ॥ ३९ ॥**

**इक्ष्वाकुराजवृषभः कुन्थुर्नाम नराधिपः ।**
**विख्यातकीर्त्तिर्भगवान्, प्राप्तो गतिमनुत्तराम् ॥ ३९ ॥**

**અર્થ** – ઇક્ષ્વાકુવંશના રાજાઓમાં શ્રેષ્ઠ શ્રી કુંથુનાથ નામના છઠ્ઠા ચક્રવર્તી અને પ્રસિદ્ધ કીર્તિસંપન્ન સત્તરમા તીર્થંકર તરીકે ભગવાન બની, સર્વોત્કૃષ્ટ સિદ્ધિગતિ મેળવનાર થયા. (૩૯-૫૭૮)

**सागरंतं चइत्ताणं, भरहं नरवरीसरो ।**
**अरोवि अरयंपत्तो पत्तो गइमणुत्तरं ॥ ४० ॥**

**सागरान्तं त्यक्त्वा खलु, भारतं नरवरेश्वरः ।**
**अरोऽपि अरजस्प्राप्तः, प्राप्तो गतिमनुत्तराम् ॥ ४० ॥**

**અર્થ** – મનુષ્યોના અધિપતિ અર નામના સાતમા ચક્રવર્તી પણ વૈરાગ્યને પ્રાપ્ત કરી સાગરાન્ત ભરતક્ષેત્રનો નિશ્ચયથી પરિત્યાગ કરીને, અઢારમા તીર્થંકર તરીકે ભગવાન બની સર્વોત્કૃષ્ટ સિદ્ધિગતિ મેળવનાર થયા. (૪૦-૫૭૯)

**चइत्ता भारहवासं, चक्कवट्टी महिड्ढीओ ।**
**चइत्ता उत्तमे भोए, महापउमो तवं चरे ॥ ४१ ॥**

**त्यक्त्वा भारतं वर्षं, चक्रवर्ती महर्द्धिकः ।**
**त्यक्त्वा उत्तमान् भोगान् महापद्मस्तपोऽचरत् ॥ ४१॥**

**અર્થ** – ચૌદ રત્ન અને નવ નિધિ આદિમહા ઋદ્ધિના અધિપતિ મહાપદ્મ નામના આઠમા ચક્રવર્તી, ભારતવર્ષ અને ઉત્તમ ભોગોનો પરિત્યાગ કરીને નિર્મલ તપ વિ. ની આરાધના કરી મોક્ષમાં પધાર્યા. (૪૧-૫૮૦)

**एगछत्तं पसाहित्ता, महिं माणनिसूरणो ।**
**हरिसेणो मणुस्सिंदो, पत्तो गइमणुत्तरं ॥ ४२ ॥**

**एकं छत्रं प्रसाध्य, महीं माननिसूरणः ।**
**हरिषेणो मनुष्येन्द्रः, प्राप्तो गतिमनुत्तराम् ॥ ४२ ॥**

**અર્થ –** અભિમાની શત્રુઓના અહંકારનું મર્દન કરનાર મનુષ્યેન્દ્ર હરિષેણ નામના દશમા ચક્રવર્તી પૃથ્વીનું એકછત્રી સામ્રાજ્ય ભોગવી, વૈરાગી બની, તેનો ત્યાગ કરી સર્વોત્કૃષ્ટ સિદ્ધિગતિને મેળવનાર થયા. (૪૨-૫૮૧)

**अन्निओ राय सहस्सेहिं, सुपरिच्चाइ दमं चरे ।**
**जय नामो जिणक्खायं, पत्तो गइमणुत्तरं ॥ ४३ ॥**

**अन्वितो राजसहस्त्रैः, सुपरित्यागी दममचरत् ।**
**जयनामा जिनाख्यातं, प्राप्तो गतिमनुत्तराम् ॥ ४३ ॥**

**અર્થ –** હજાર રાજાઓની સાથે રાજ્ય-પુત્ર-સ્ત્રી વિ. નો ત્યાગ કરનાર જય નામના ચક્રવર્તી, શ્રી ભાગવતી પ્રવ્રજ્યાને આદરી અને તેનું નિરતિચારપણે પાલન કરી સર્વોત્કૃષ્ટ ગતિ-સિદ્ધિગતિ પામનાર બન્યા. (૪૩-૫૮૨)

**दसण्णरज्जं मुइअं, चइत्ता णं मुणी चरे ।**
**दसण्णभद्दो निक्खंतो, सक्खं सक्केण चोइओ ॥ ४४ ॥**

**दशार्णराज्यं मुदितं, त्यक्त्वा खलु मुनिरचरत् ।**
**दशार्णभद्रो निष्क्रान्तः, साक्षात् शक्रेण नोदितः ॥ ४४ ॥**

**અર્થ –** સાક્ષાત્ શકેન્દ્ર દ્વારા અધિક સંપત્તિ બતાવી ધર્મ તરફ પ્રેરિત કરવામાં આવેલા દશાર્ણભદ્ર નામના રાજા, સમૃદ્ધિશાળી દશાર્ણ દેશના રાજ્યનો ત્યાગ કરી, દીક્ષિત બની અને અપ્રતિબદ્ધપણે વિચરી મુક્તિવિહારી બન્યા. (૪૪-૫૮૩)

**नमी नमेहि अप्पाणं, सक्खं सक्केण चोइओ ।**
**चइऊण गेहं वइदेही, सामण्णे पज्जुवट्ठिओ ॥ ४५ ॥**

**नमिर्नमयति आत्मानं, साक्षात् शक्रेण नोदितः ।**
**त्यक्त्वा गेहं वैदेहः, श्रामण्ये पर्युपस्थितः ॥ ४५ ॥**

**અર્થ –** વિદેહદેશમાં ઉત્પન્ન થયેલા નમિ નામના રાજા, ઘરનો ત્યાગ કરી સાધુધર્મના પાલનમાં પરાયણ બન્યા હતા. જો કે તેમની સાક્ષાત્ બ્રાહ્મણનું રૂપ

ધરીને ઇન્દ્રે જ્ઞાનચર્ચામાં પરીક્ષા કરી હતી, તો પણ તેમણે પોતાના આત્માને ન્યાયમાર્ગમાં જે સ્થાપિત કર્યો તેથી જ તેઓ કર્મરહિત થયા હતા. (૪૫-૫૮૪)

**करकंडु कलिंगेसु, पंचालेसु अ दुम्मुहो ।**
**नमिराया विदेहेसु, गंधारेसु अ नग्गई ॥ ४६ ॥**

**एए नरिंदवसहा, निक्खंता जिणसासणे ।**
**पुत्ते रज्जे ठवेऊणं, सामण्णे पज्जुवट्ठिया ॥ ४७ ॥ युग्मम् ॥**

करकण्डूः कलिङ्गेषु, पञ्चालेषु च द्विमुखः ।
नमी राजा विदेहेषु, गन्धारेषु च नग्गतिः ॥ ४६ ॥

एते नरेन्द्रवृषभा, निष्क्रान्ता जिनशासने ।
पुत्रान् राज्ये स्थापयित्वा, श्रामण्ये पर्युपस्थिताः ॥ ४७ ॥ युग्मम् ॥

**અર્થ** – કલિંગદેશમાં કરકંડૂ નામના, પંચાલદેશમાં દ્વિમુખ નામના, વિદેહદેશમાં નમિ નામના અને ગંધાર દેશમાં નગગતિ નામના ચાર ઉત્તમ રાજાઓએ, પોતપોતાના પુત્રોને રાજયગાદી સોંપીને, શ્રી જિનશાસનમાં દીક્ષા અંગીકાર કરી ચારિત્રની આરાધનાથી મુક્તિપદ પ્રાપ્ત કર્યું, અર્થાત્ આ ચાર રાજાઓ પ્રત્યેકબુદ્ધો બની સિદ્ધ બન્યા. (૪૬+૪૭, ૫૮૫+૫૮૬)

**सोवीररायवसहो, चइत्ताण मुणीचरे ।**
**उद्दायणोपव्वइओ, पत्तो गइमणुत्तरं ॥ ४८ ॥**

सौवीरराजवृषभः, त्यक्त्वा मुनिश्चरेत् ।
उदायनः प्रव्रजितः, प्राप्तो गतिमनुत्तराम् ॥ ४८ ॥

**અર્થ** – સૌવીર દેશના સર્વોત્તમ રાજા ઉદાયને સઘળા રાજયનો ત્યાગ કરી, જૈન શ્રમણપણાનું પાલન કરી સર્વોત્કૃષ્ટ ગતિરૂપ સિદ્ધિગતિ પ્રાપ્ત કરી. (૪૮-૫૮૭)

**तहेव कासीराया, सेओसच्चपरक्कमे ।**
**कामभोगे परिच्चिचच्च पहणे कम्ममहावणं ॥ ४९ ॥**

तथैव काशिराजः, श्रेयःसत्यपराक्रमः ।
कामभोगान् परित्यज्य, प्रहतवान् कर्ममहावनम् ॥ ४९ ॥

**અર્થ** – પૂર્વોક્ત રાજાઓની માફક શ્રેયસ્કર સંયમમાં પરાક્રમી કાશીદેશના અધિપતિ નંદન નામના સાતમા બલદેવે, પ્રાપ્ત સમસ્ત

કામભોગોનો સર્વથા પરિત્યાગ કરી દીક્ષા સ્વીકારી, તેમજ અતિ ગહન કર્મરૂપી મહા વનનો નાશ કરી અખંડાનંદરૂપ મુક્તિપદ પ્રાપ્ત કર્યું. (૪૯-૫૮૮)

**तहेव विजयो राया, अणट्ठाकित्ति पव्वए ।**
**रज्जं तु गुणसमिद्धं, पयहित्तु महायसो ॥ ५० ॥**

**तथैव विजयो राजा, अनष्टकीर्तिः प्राव्राजीत् ।**
**राज्यं तु गुणसमृद्धं, प्रहाय महायशाः ॥ ५० ॥**

**અર્થ –** તેવી રીતિએ ચારેય બાજુથી અપકીર્તિ વગરના-મહા યશસ્વી વિજય નામના બીજા બલદેવે, ગુણસંપન્ન રાજ્યનો ત્યાગ કરી અને નિરતિચાર શ્રામણ્યનું પાલન કરી મુક્તિસ્થાન મેળવ્યું. (૫૦-૫૮૯)

**तहेव उग्गतवं किच्चा, अव्वक्खित्तेण चेअसा ।**
**महब्बलो रायरिसी, आदाय सिरसा सिरी ॥ ५१ ॥**

**तथैव उग्रं तपः कृत्वा, अव्याक्षिप्तेन चेतसा ।**
**महाबलो राजर्षिः, आदाय शिरसा श्रियम् ॥ ५१ ॥**

**અર્થ –** તેવી જ રીતિએ વ્યાક્ષેપ વગરના ચિત્તથી મહાબલ નામના રાજર્ષિ, પ્રચંડ સંયમનો સ્વીકાર કરી, જીવનનિરપેક્ષ બની, તેમજ સંયમરૂપ ભાવલક્ષ્મીની સાધના કરી ત્રીજા ભવમાં મોક્ષલક્ષ્મી પામનાર બન્યા. (૫૧-૫૯૦)

**कह धीरे अहेऊहिं, उम्मत्तोव्व महिं चरे ।**
**एए विसेसमादाय, सूरा दढपरक्कमा ॥ ५२ ॥**

**कथं धीरोऽहेतुभिः, उन्मत्त इव महीं चरेद् ।**
**एते विशेषमादाय, शूरा दृढपराक्रमा ॥ ५२ ॥**

**અર્થ –** કેવી રીતિએ ધીર પુરુષ, ઉન્મત્તની માફક અને ખોટી યુક્તિઓ દ્વારા તત્ત્વોનો અપલાપ કરી-નિરર્થક બકતો રહી પૃથ્વી ઉપર વિહાર કરી શકે ? અર્થાત્ એવી રીતિએ તે પૃથ્વીવિહાર કરી શકતો નથી. જેમ પૂર્વોક્ત ભરત વિ. મહારાજાઓએ મિથ્યાદર્શનો કરતાં શ્રી જિનશાસનની વિશિષ્ટતા સ્વીકારી, દઢ પરાક્રમીઓએ આ શ્રી જિનશાસનના શરણે જઈ અને સાધના કરી મુક્તિપદ હાંસલ કર્યું; તેમ હે મુનિ ! વિશેષજ્ઞ ધીર બની, તમારે પણ આ જ શ્રી જિનશાસનમાં ચિત્તને નિશ્ચલ કરી સાધના કરવી, જેથી ઝટ મુક્તિપદ મળે ! (૫૨-૫૯૧)

**अच्चंतनिआणखमा, सच्चा मे भासिआ वई ।**
**अतरिसु तरंतेगे, तरिस्संति अणागया ॥ ५३ ॥**

**अत्यन्तनिदानक्षमा, सत्या मे भाषिता वाक् ।**
**अतार्षुः तरन्ति एके, तरिष्यन्त्यनागता ॥ ५३ ॥**

**અર્થ** – 'શ્રી જિનશાસન શરણયોગ્ય છે.'-આવી સત્યવાણી જે મેં કહી છે, તે અત્યંત રીતિએ કર્મમલની શુદ્ધિમાં સમર્થ છે. વળી આ વાણીને અંગીકાર કરીને ભૂતકાળમાં ભવ્યો સંસારસાગરના પારને પામ્યા છે, હમણાં પણ કાળની કે ક્ષેત્રાન્તરની અપેક્ષાએ તેઓ પાર પામી રહ્યા છે અને ભવિષ્યમાં પણ તે ભાગ્યશાળી ભવ્યો પાર પામશે. (૫૩-૫૯૨)

**कहं धीरे अहेऊहिं, अत्ताणं परिआवसे ।**
**सव्वसंगविणिमुक्के, सिद्धो हवइ नीरएत्ति बेमि ॥ ५४ ॥**

**कथं धीरोऽहेतुभिः, आत्मानं पर्यावासयेत् ।**
**सर्वसङ्गविनिर्मुक्तः, सिद्धो भवति नीरजा इति ब्रवीमि ॥ ५४ ॥**

**અર્થ** – જે પ્રજ્ઞાશાલી ધીર આત્મા છે, તે ક્રિયા વિ. વાદીઓએ કલ્પિત કુહેતુઓથી પોતે પોતાને કેવી રીતિએ વાસિત કરી શકે ? અર્થાત્ કદી પણ વાસિત કરી શકે નહીં. આથી આવો આત્મા, દ્રવ્યની અપેક્ષાએ ધન-સ્વજન વિ. ના સંગથી, ભાવની અપેક્ષાએ મિથ્યાત્વસ્વરૂપી ક્રિયા વિ. વાદોથી રહિત, અર્થાત્ સર્વ સંગથી રહિત બની કર્મરહિત બની સિદ્ધ પરમાત્મા બને છે.

આ પ્રમાણે ક્ષત્રિય મુનિએ હિતોપદેશ આપી વિહાર કર્યો અને સંજય મુનિ પણ તે બોધને હૃદયસ્થ કરી, લાંબા કાળ સુધી વિચરી, કેવલી થઈ સિદ્ધ ભગવાન બન્યા. આ પ્રમાણે હે જંબૂ ! હું તને શ્રી મહાવીર પ્રભુ પાસેથી સાંભળેલું કહું છું,-એમ શ્રી સુધર્મા સ્વામી કહી રહ્યા છે. (૫૪-૫૯૩)

## ॥ અઢારમું શ્રી સંયતાધ્યયન સંપૂર્ણ ॥

## श्री મૃગાપુત્રીયાધ્યયન-૧૯

**सुग्गीवे नयरे रम्मे, काणणुज्जाणसोहिए ।**
**राया बलभद्दोत्ति, मिया तस्सग्गमहिसी ॥ १ ॥**

**सुग्रीवनगरे रम्ये, काननोद्यानशोभिते ।**
**राजा बलभद्र इति, मृगा तस्याग्रमहिषी ॥ १ ॥**

**અર્થ –** મોટા-મોટા વૃક્ષોના આધારભૂત વનરાજીથી અને ક્રીડાવનો રૂપી ઉદ્યાનોથી સુશોભિત, સુગ્રીવ નામના રમણીય નગરમાં બલભદ્ર રાજા અને મૃગા નામની પટ્ટરાણી છે. (૧-૫૯૪)

**तेसि पुत्ते बलसिरी, मियापुत्तेत्ति विस्सुए ।**
**अम्मापिऊहिं दइए, जुवराया दमीसरे ॥ २ ॥**

**तयोः पुत्रो बलश्रीर्मृगापुत्र इति विश्रुतः ।**
**अम्बापित्रोर्दयितो, युवराजो दमीश्वरः ॥ २ ॥**

**અર્થ –** 'બલશ્રી' એવું મા-બાપે પાડેલ નામવાળો, લોકમાં 'મૃગાપુત્ર' તરીકે પ્રસિદ્ધ, મા-બાપને ઘણો વહાલો અને યુવરાજ, ભવિષ્યમાં મુનીશ્વર થનારો તે બંનેનો પુત્ર છે. (૨-૫૯૫)

**नन्दणे सोउ पासाए, कीलए सह इत्थीहिं ।**
**देवो दोगुंदगो चेव, निच्चं, मुदितमाणसो ॥ ३ ॥**

**नन्दने स तु प्रासादे, क्रीडति सह स्त्रीभिः ।**
**देवो दोगुन्दगश्चैव, नित्यम्मुदितमानसः ॥ ३ ॥**

**અર્થ –** તે મૃગાપુત્ર લક્ષણવંતો હોઈ સમૃદ્ધિજનક રાજમહાલયમાં સ્ત્રીવર્ગની સાથે દોગુંદક દેવની જેમ (નિત્ય ભોગપરાયણ ત્રાયસ્ત્રિંશ જાતિના દેવ 'દોગુંદક' કહેવાય છે.) નિરંતર પ્રસન્ન મનવાળો બની હંમેશાં આનંદ-ક્રીડા કરે છે. (૩-૫૯૬)

**मणिरयणकुट्टिमतले, पासायालोयणे ठिओ ।**
**आलोएइ नगरस्स, चउक्कतियचच्चरे ॥ ४ ॥**

**मणिरत्नकुट्टिमतले, प्रासादालोकने स्थितः ।**
**आलोकते नगरस्य, चतुष्कत्रिकचत्वराणि ॥ ४ ॥**

**અર્થ –** ચંદ્રકાન્ત વગેરે મણિઓથી અને કર્કેતન વગેરે રત્નોથી મંડિત કુટ્ટિમ (ઘરની પત્થર વગેરેથી બાંધેલી ભૂમિ-ફરસબંધ જમીન) તલવાળા પ્રાસાદના ગવાક્ષમાં (ગોખ-ઝરૂખામાં) ઉભા રહેલા તે મૃગાપુત્ર, નગરાન ચકલા-ચૌટા-ચોકને અને ત્રણ કે ઘણા રસ્તા ભેગા થાય તેવા સ્થાનોને જોઈ રહ્યા છે. (૪-૫૯૭)

**अह तत्थ अइच्छंतं, पासई समणसंजयं ।**
**तवनियमसंजमधरं, सीलड्ढं गुणआगरं ॥ ५ ॥**

**अथ तत्रातिक्रामन्तं, पश्यति श्रमणसंयतम् ।**
**तपोनियमसंयमधरं, शीलाढ्यं गुणाकरम् ॥ ५ ॥**

**અર્થ –** ત્યારબાદ તે મૃગાપુત્ર, ત્રણ-ચાર-ઘણા રસ્તાવાળા સ્થાનોમાં ફરતાં, તપ-નિયમ-સંયમના ધારક, શીલસંપન્ન, જ્ઞાનાદિ ગુણના આકાર (ખાણ) એવા શ્રમણસંયત રૂપ જૈન મુનિને જુએ છે. (૫-૫૯૮)

**तं पेहई मियापुत्ते, दिट्ठीए अणिमिसाइ उ ।**
**कहिं मन्नेरिसं रूवं, दिट्ठपुव्वं मए पुरा ॥ ६ ॥**

**तं पश्यति मृगापुत्रो, दृष्ट्याऽनिमेषया तु ।**
**क्व मन्ये ईदृशं रूपं, दृष्टपूर्वं मया पुरा ॥ ६ ॥**

**અર્થ –** જ્યારે મૃગાપુત્ર તે મુનિને આંખ મીંચ્યા સિવાય એક દષ્ટિથી જોઈ રહ્યો છે, ત્યારે તેણે વિચાર્યું કે– 'આવું રૂપ મેં પૂર્વજન્મમાં ક્યાંય દેખેલું છે.' (૬-૫૯૯)

**साहुस्स दरिसणे तस्य, अज्झवसाणम्मि सोहणे ।**
**मोहंगयस्य संतस्स, जातीसरणं समुप्पन्नं ॥ ७ ॥**

**साधोर्दर्शने तस्य, अध्यवसाने शोभने ।**
**मोहंगतस्य सतो, जातिस्मरणं समुत्पन्नम् ॥ ७ ॥**

**અર્થ –** તે સાધુના વિશિષ્ટ દર્શનમાં સુંદર પરિણામ થતાં, 'ક્યાંક આ

મેં જોયેલું છે.' – એવા ચિંતન રૂપ મુંઝવણમાં મૂકાયેલા તે મૃગાપુત્રને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. (૭-૬૦૦)

**जातीसरणे समुपन्ने, मियापुत्ते मिहिड्ढिए ।**
**सरइ पोराणिअं जाइं, सामण्णं च पुरा कयं ॥ ८ ॥**

**जातिस्मरणे समुत्पन्ने मृगापुत्रो महर्द्धिकः ।**
**स्मरति पौराणिकीं जातिं, श्रामण्यं च पुराकृतम् ॥ ८ ॥**

**અર્થ** – જાતિસ્મરણ રૂપ જ્ઞાનને પામેલો મહર્દ્ધિક મૃગાપુત્ર, પૂર્વભવને યાદ કરે છે અને પહેલાં પાળેલ શ્રમણપણાનું સ્મરણ કરે છે. (૮-૬૦૧)

**विसएसु अरज्जन्तो, रज्जन्तो संजमंमि य ।**
**अम्मापियरं उवागम्म, इमं वयणमब्बवी ॥ ९ ॥**

**विषयेष्वरजन्, रजन्संयमे च ।**
**अम्बापितरावुपागम्येदं, वचनमब्रवीत् ॥ ९ ॥**

**અર્થ** – વિષયોના વિષે રાગભાવ નહિ કરતો અને સંયમમાં અનુરાગ કરતો મૃગાપુત્ર, પોતાના મા-બાપની પાસે આવીને નીચે કહેવાતું વચન બોલ્યો. (૯-૬૦૨)

**सुयाणि मे पंचमहव्वयाणि, नरएसु दुक्खं च तिरिक्खजोणिसु ।**
**निव्विण्णकामो मि महाणराओ, अणुजाणह पव्वइस्सामि अम्मो ॥ १० ॥**

**श्रुतानि मया पञ्चमहाव्रतानि, नरकेषु दुःखं च तिर्यग्योनिषु ।**
**निर्विण्णकामोऽस्मि महार्णवादनुजानीत प्रव्रजिष्याम्यम्बे ! ॥ १० ॥**

**અર્થ** – હે મા-બાપ ! મેં વિશિષ્ટ જ્ઞાનથી પૂર્વભવમાં પાંચ મહાવ્રતો સાંભળ્યાં-જાણ્યાં-અનુભવ્યાં છે, તેમજ નરકોમાં, તિર્યંચ યોનિમાં તથા દેવ-મનુષ્યમાં જે દુઃખ છે તે પણ સાંભળ્યું-જાણ્યું-અનુભવ્યું છે. આથી મહા ભયંકર સંસાર-સાગરમાંથી વૈષયિક સુખ-ભોગોની જરા પણ કામના મારા દિલમાં રહી નથી, માટે હું સકલ દુઃખના ધ્વંસ ખાતર શ્રી પારમેશ્વરી પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. (૧૦-૬૦૩)

**अम्मताय ! मए भोगा, भुत्ता विसफलोवमा ।**
**पच्छा कडुयविवागा, अणुबंधदुहावहा ॥ ११ ॥**

**अम्बतातौ ! मया भोगा, भुक्ता विषफलोपमाः ।**
**पश्चात्कटुकविपाका, अनुबन्धदुःखावहाः ॥ ११ ॥**

**અર્થ** – હે માત-પિતા ! ભોગવ્યા પછી કટુક ફલ દેનારા, નિરંતર દુ:ખદ અને વિષવૃક્ષના ફલ જેવા ભોગો મેં ખૂબ ભોગવી લીધેલા છે, જેથી કોઈ પણ વખત હવે ભોગો ભોગવવાની વાત કરવી નહિ. (૧૧-૬૦૪)

**इमं सरीरं अणिच्चं, असुइं असुइसंभवं ।**
**असासयावासमिणं, दुक्खक्केसाण भायणं ॥ १२ ॥**

**इदं शीररमनित्यमशुच्यशुचिसम्भवम् ।**
**अशाश्वतावासमिदं दुःखक्लेशानां भाजनम् ॥ १२ ॥**

**અર્થ** – વળી આ શરીર સ્વભાવથી જ અપવિત્ર છે, કેમ કે—તે અપવિત્ર શુક્ર-શોણિતથી જ પેદા થયેલું છે. આ શરીરમાં જીવનું અવસ્થાન અશાશ્વત–અનિત્ય છે. આ શરીર દુ:ખના હેતુ, ક્લેશ રૂપ જ્વર વગેરે રોગોનું પાત્ર છે. (૧૨-૬૦૫)

**असासए सरीरंमि, रइं नोवलभामहं ।**
**पच्छा पुरा व चइयव्वे, फेणबुब्बुयसन्निभे ॥ १३ ॥**

**अशाश्वते शरीरे, रतिं नोपलभेऽहं ।**
**पश्चात्पुरा वा त्यक्तव्ये, फेनबुद्बुदसन्निभे ॥ १३ ॥**

**અર્થ** – પછી કે (ભુકતભોગવાળી અવસ્થા) પહેલાં (ભુક્તભોગ વગરની અવસ્થા) છોડવાને યોગ્ય, પાણીના પરપોટા જેવા અર્થાત્ કોઈ પણ અવસ્થામાં મૃત્યુનું આગમન શક્ય છે, એવા પ્રકારના અનિત્ય શરીરમાં હું રાગ ધારણ કરતો નથી. (૧૩-૬૦૬)

**माणुसत्ते असारम्मि, वाहीरोगाण आलए ।**
**जरामरणघत्थमि, खणंपि न रमामहं ॥ १४ ॥**

**मानुषत्वेऽसारे, व्याधिरोगानामालये ।**
**जरामरणग्रस्ते, क्षणमपि न रमेऽहम् ॥ १४ ॥**

**અર્થ** – અગાધ પીડાના હેતુ કોઢ વગેરે વ્યાધિઓના અને જ્વર વગેરે રોગોના ઘર રૂપ તેમજ જરા અને મરણથી ગ્રસ્ત, અસાર એવા મનુષ્યજીવનમાં ક્ષણવાર પણ હું રમણતા-રાગ કરતો નથી. (૧૪-૬૦૭)

**जम्म दुक्खं जरा दुक्खं, रोगाय मरणाणि य ।**
**अहो दुक्खो हु संसारो, जत्थ कीसन्ति जंतुणो ॥ १५ ॥**

**जन्म दुःखं जरा दुःखं, रोगाश्च मरणानि च ।**
**अहो ! दुःखो हु संसारो, यत्र क्लिश्यन्ति जन्तवः ॥ १५ ॥**

**અર્થ** – જન્મ દુઃખ રૂપ, જરા દુઃખ રૂપ અને રોગો તથા મરણો દુઃખ રૂપ છે. અહો ! આખોય સંસાર દુઃખહેતુ હોઈ દુઃખ રૂપ છે. જ્યાં જીવો જન્માદિથી દુઃખી થાય છે. (૧૫-૬૦૮)

**खित्तं वत्थुं हिरण्णं च, पुत्तदारं च बंधवा ।**
**चइत्ताण इमं देहं गंतव्वमवसस्स मे ॥ १६ ॥**

**क्षेत्रं वास्तु हिरण्यं च, पुत्रदारांश्च बान्धवान् ।**
**त्यक्त्वा इदं देहं, गन्तव्यमवशस्य मे ॥ १६ ॥**

**અર્થ** – જે સંસારમાં ક્ષેત્ર, ઘર, દુકાન વગેરે વાસ્તુ, તેમજ સ્ત્રી, પુત્ર, બંધુ વગેરેને તથા આ દેહને પણ છેવટે છોડી અવશ્ય મારે જવાનું જ છે, તો તેમાં વળી મોહ શો ! (૧૬-૬૦૯)

**जह किंपागफलाणं, परिणामो न सुंदरो ।**
**एवं भुत्ताण भोगाणं, परिणामो न सुंदरो ॥ १७ ॥**

**यथा किम्पाकफलानां, परिणामो न सुन्दरः ।**
**एवं भुक्तानां भोगानां, परिणामो न सुन्दरः ॥ १७ ॥**

**અર્થ** – જેમ કિંપાક વૃક્ષના ખાધેલ ફળોનું પરિણામ સુંદર નથી, તેમ ભોગવેલા ભોગોનું પરિણામ પણ સુંદર નથી. (૧૭-૬૧૦)

**अद्धाणं जो महंतं तु, अपाहेज्जो पवज्जई ।**
**गच्छंतो सो दुही होइ, छुहातण्हाइ पीडिओ ॥ १८ ॥**

**एवं धम्मं अकाऊणं, जो गच्छइ परं भव ।**
**गच्छंतो सो दुही होइ, वाहिरोगेहि पीडिओ ॥ १९ ॥ ॥ युग्मम् ॥**

**अध्वानं यो महान्तं, त्वपाथेयः प्रपद्यते ।**
**गच्छन् स दुःखी भवति, क्षुधा तृषा पीडितः ॥ १८ ॥**

**एवं धर्ममकृत्वा, यो गच्छति परं भवम् ।**
**गच्छन् स दुःखी भवति, व्याधिरोगैः पीडितः ॥ १९ ॥ ॥ युग्मम् ॥**

**અર્થ** – જેમ ભાતા વગરનો મુસાફર મોટા માર્ગની મુસાફરી કરતો ભૂખ-તરસથી પીડિત બનેલો અત્યંત દુઃખી થાય છે, તેમ અહીં ધર્મ વગરનો જ્યારે પરલોકમાં જાય છે ત્યારે વ્યાધિ આદિ રોગોથી પીડિત બનેલો અત્યંત દુઃખી થાય છે. (૧૮+૧૯ – ૬૧૧+૬૧૨)

**अद्धाणं जो महंतं तु, सपाहेज्जो पवज्जई ।**
**गच्छंतो सो सुही होइ, छूहातण्हाविवज्जिओ ॥ २० ॥**

**एवं धम्मंपि काऊणं, जो गच्छइ परं भवं ।**
**गच्छंतो सो सुही होइ, अप्पकम्मे अवेयणे ॥ २१ ॥ युग्मम् ॥**

**अध्वानं यो महान्तं तु, सपाथेयः प्रपद्यते ।**
**गच्छन् स सुखी भवति, क्षुधातृष्णाविवर्जितः ॥ २० ॥**

**एवं धर्ममपि कृत्वा, यो गच्छति परं भवं ।**
**गच्छन् स सुखी भवति, अल्पकर्माऽवेदनः ॥ २१ ॥ युग्मम् ॥**

**અર્થ –** જેમ ભાતાવાળો મુસાફર મોટા માર્ગની મુસાફરી કરે છે ત્યારે ભૂખ અને તરસથી નિશ્ચિંત બનેલો અત્યંત સુખી થાય છે, તેમ ધર્મ-પુણ્યશાળી જીવ જ્યારે પરલોકમાં જાય છે ત્યારે તે અલ્પ-લઘુકર્મી આત્મા, ધર્મ-ધનવાળો હોવાથી દુઃખનો અનુભવ ન કરતાં સુખનો અનુભવ કરે છે. (૨૦+૨૧ – ૬૧૩+૬૧૪)

**जहा गेहे पलित्तंमि, तस्स गेहस्स जो पहू ।**
**सारभंडाणि नीणेइ, असारं अवउज्झइ ॥ २२ ॥**

**एवं लोए पलित्तंमि जराए मरणेण य ।**
**अप्पाणं तारइस्सामि, तुब्भेहिं अणुमन्निओ ॥ २३ ॥ युग्मम् ॥**

**यथा गृहे प्रदीप्ते, तस्य गृहस्थ यः प्रभुः ।**
**सारभाण्डानि निष्काश्य, असारमपोहति ॥ २२ ॥**

**एवं लोके प्रदीप्ते, जरया मरणेन च ।**
**आत्मानं तारयिष्यामि, युष्माभिरनुमतः ॥ २३ ॥ युग्मम् ॥**

**અર્થ –** જેમ ઘર સળગ્યે છતે, ઘરનો માલિક મહાકીમતી વસ્ત્ર વગેરેને બહાર કાઢે છે અને અલ્પ કીમતના પદાર્થને છોડે છે, તેમ જરા અને મરણથી સળગતા સંસારમાં મહા કીમતી વસ્તુ સમાન આત્માને હું આપની અનુમતિ મળતાં અવશ્ય તારીશ અને કામભોગ વગેરે અસાર પદાર્થોનો ત્યાગ કરીશ. (૨૨+૨૩ – ૬૧૫+૬૧૬)

**तं बिन्ति अम्मापियरो, सामण्णं पुत्त ! दुच्चरं ।**
**गुणाणं तु सहस्साणि, धारेयव्वाइं भिक्खुणा ॥ २४ ॥**

**तं ब्रूतः अम्बापितरौ, श्रामण्यं पुत्र ! दुश्चरं ।**
**गुणानां तु सहस्राणि, धारयितव्यानि भिक्षुणा ॥ २४ ॥**

**હવે તેના મા-બાપે આપેલો જવાબ વીસ શ્લોકોથી કહે છે.**

**અર્થ** – તે મૃગાપુત્રને તેના મા-બાપ કહે છે કે–પુત્ર ! શ્રમણપણાનું પાલન ઘણું કપરૂં છે, કેમ કે-ત્યાં સાધુના ઉપકારક શીલના અંગ રૂપ ગુણો હજારો પ્રમાણના કે પ્રકારના ધારણ કરવા પડે છે. (૨૪-૬૧૭)

**समया सव्वभूएसु, सत्तुमित्तेसु वा जगे ।**
**पाणाइवायविरई, जावज्जीवाय दुक्करं ॥ २५ ॥**

**समता सर्वभूतेषु, शत्रुमित्रेषु वा जगति ।**
**प्राणातिपातविरतिः, यावज्जीवं दुष्करम् ॥ २५ ॥**

**અર્થ** – ત્યાં જગત ઉપર, શત્રુ-મિત્ર ઉપર કે સર્વ પ્રાણીઓ ઉપર રાગ-દ્વેષના ત્યાગ દ્વારા સમતા રૂપ સામાયિક ધારવું પડે છે અને જીવનપર્યંત અહિંસાનું મહાવ્રત કે જે દુષ્કર છે તે પાળવું પડે છે. (૨૫-૬૧૮)

**निच्चकालप्पमत्तेणं, मुसावायविवज्जणं ।**
**भासियव्वं हियं सच्चं, निच्चाउत्तेण दुक्करं ॥ २६ ॥**

**नित्यकालाप्रमत्तेन, मृषावादविवर्जनम् ।**
**भाषितव्यं हितं सत्यं, नित्यायुक्तेन दुष्करम् ॥ २६ ॥**

**અર્થ** – હંમેશાં જાગૃત બની મૃષાવાદનો ત્યાગ કરવાનો છે. સદા ઉપયોગી બની હિતકારી સત્ય ભાષણ કરવું અતિ દુષ્કર છે. (૨૬-૬૧૯)

**दंतसोहणमाइस्स, अदत्तस्स विवज्जणं ।**
**अणवज्जेसणिज्जस्स, गिण्हणा अवि दुक्करं ॥ २७ ॥**

**दन्तशोधनमादेरदत्तस्य विवर्जनम् ।**
**अनवद्यैषणीयस्य, ग्रहणमपि दुष्करम् ॥ २७ ॥**

**અર્થ** – બીજી વસ્તુ તો દૂર રહી, પણ નાની સરખી દંતશોધની વગેરેની ચોરીનો ત્યાગ કરવાનો છે. બીજાએ આપેલી પણ જો તે વસ્તુ નિષ્પાપ-શુદ્ધ હોય તે જ લેવાની હોય છે. માટે ત્રીજા મહાવ્રતનું પાલન દુષ્કર છે.(૨૭-૬૨૦)

**विरई अबम्भचेरस्स, कामभोगरसन्नुणा ।**
**उग्गं महव्वयं बम्भं, धारेयव्वं सुदुक्करं ॥ २८ ॥**

**विरतिरब्रह्मचर्यस्य, कामभोगरसज्ञेन ।**
**उग्रं महाव्रतं ब्रह्म, धर्तव्यं सुदुष्करम् ॥ २८ ॥**

**અર્થ** – કામભોગના રસના જાણકાર તારાથી (કદાચ માનો કે–કામભોગના રસથી અજ્ઞાતને ઇચ્છા ન થાય પણ તારાથી) અબ્રહ્મની વિરતિ રૂપ ઘોર બ્રહ્મચર્ય નામના મહાવ્રતનું પાલન અતિ દુષ્કર થશે. (૨૮-૬૨૧)

**घणधन्नपेसवग्गेसु, परिग्गहविवज्जणं ।**
**सव्वारम्भपरिच्चाओ, निम्ममत्तं सुदुक्करं ॥ २९ ॥**

**धनधान्यप्रेष्यवर्गेषु, परिग्रहविवर्जनम् ।**
**सर्वारम्भपरित्यागो, निर्ममत्वं सुदुष्करम् ॥ २९ ॥**

**અર્થ** – ધન-ધાન્ય-નોકરવર્ગના સ્વીકાર રૂપ પરિગ્રહનો ત્યાગ, દ્રવ્યના ઉપાર્જન માટેના સઘળા આરંભ-વ્યાપારોનો ત્યાગ અર્થાત્ મમતાનો અભાવ અતિ દુષ્કર છે. (૨૯-૬૨૨)

**चउव्विहे वि आहारे, राईभोयणवज्जणा ।**
**सन्निही संचओ चेव, वज्जेयव्वो सुदुक्करं ॥ ३० ॥**

**चतुर्विधेऽप्याहारे, रात्रिभोजनवर्जना ।**
**सन्निधिसंचयश्चैव, वर्जितव्यस्सुदुष्करम् ॥ ३० ॥**

**અર્થ** – ચતુર્વિધ આહારના વિષયમાં પણ રાત્રિભોજનનો સર્વથા ત્યાગ, તેમજ ઉચિત કાલનો અતિક્રમ કરી ઘી વગેરેની સ્થાપના રૂપ સંનિધિ સંચયનો ત્યાગ અતિ દુષ્કર છે. (૩૦-૬૨૩)

**छुहा तण्हा य सीउण्हं, दंसमसगा य वेयणा ।**
**अक्कोसा दुक्खसिज्जा य, तणफासा जल्लमेव य ॥ ३१ ॥**
**तालणा तज्जणा चेव, वहबंधपरीसहा ।**
**दुक्खं भिक्खायरिया जायणा य अलाभया ॥ ३२ ॥ युग्मम् ॥**

**क्षुधा तृष्णा च शीतोष्णं, दंशमशकवेदनाः ।**
**आक्रोशा दुःखशय्या च, तृणस्पर्शो मल एव च ॥ ३१ ॥**
**ताडना तर्जना चैव, वधबन्धपरिषहौ ।**
**दुःखं भिक्षाचर्या, याचना चालाभता ॥ ३२ ॥ युग्मम् ॥**

**અર્થ** – ભૂખ, તરસ, શીતોષ્ણ, ડાંશ-મચ્છર, આક્રોશ, દુઃખકારી શય્યા, તૃણસ્પર્શ, મલ, તાડના, તર્જના, વધ, બંધ વગેરેના દુઃખ રૂપ પરિષહો; ભિક્ષાચર્યા, યાચના, અલાભ વગેરેના દુઃખ રૂપ પરિષહો સહવા અતિ દુષ્કર છે. (૩૧+૩૨ – ૬૨૪+૬૨૫)

**कावोया जा इमा वित्ती, केसलोओ अदारुणो ।**
**दुक्खं बम्भव्वयं घोरं, धारेउं अमहप्पणो ॥ ३३ ॥**

**कापोती येयं वृत्तिः, केशलोचश्च दारुणः ।**
**दुःखं ब्रह्मव्रतं घोरं, धर्त्तुममहात्मनः ॥ ३३ ॥**

**અર્થ –** જેમ કબુતરો કણ વગેરેના ગ્રહણમાં હંમેશાં શંકિત થઈ પ્રવર્તે છે, તેમ મુનિગણ ગોચરીના દોષોથી ડરતા જ ભિક્ષા વગેરેમાં પ્રવર્તે છે. આવી જે કાપોતી વૃત્તિ અને વાળનો લોચ ભયંકર છે. તથા ઘોર-દુર્ધર બ્રહ્મચર્યનું ધારણ કરવું અમહાત્મા એવા તારા માટે ઘણું કઠિન છે. (૩૩-૬૨૬)

**सुहोइओ तुमं पुत्ता !, सुकुमालो सुमज्जिओ ।**
**न हुसी पभू तुमं पुत्ता !, सामण्णमणुपालिया ॥ ३४ ॥**

**सुखोचितस्त्वं पुत्र !, सुकुमालस्सुमज्जितः ।**
**न भवसि प्रभुस्त्वं पुत्र !, श्रामण्यमनुपालयितुम् ॥ ३४ ॥**

**અર્થ –** તેલમાલીસ વગેરેથી સ્નાન કરનાર અને સકલ અલંકારોથી અલંકૃત હોવાથી કોમલતાવાળો તું સુખને યોગ્ય છે. શ્રમણપણાનું પાલન કરવા માટે હે પુત્ર ! તું સમર્થ નથી. (૩૪-૬૨૭)

**जावज्जीवमविस्सामो, गुणाणं तु महब्भरो ।**
**गुरुओ लोहभारुव्व, जो पुत्तो ! होइ दुव्वहो ॥ ३५ ॥**

**यावज्जीवमविश्रामो, गुणानां तु महाभरः ।**
**गुरुको लोहभार इव, यः पुत्र ! भवति दुर्वहः ॥ ३५ ॥**

**અર્થ –** હે પુત્ર ! જાવજ્જીવ સુધી નિરંતર, ભારે લોઢાના ભારની માફક અને દુઃખે કરી વહી શકાય એવો મુનિગુણોનો મોટો ભાર તારે વહન કરવો પડશે. (૩૫-૬૨૮)

**आगासे गंगसोउव्व, पडिसोउव्व दुत्तरो ।**
**बाहाहिं सागरो चेव, तरियव्वो य गुणोदही ॥ ३६ ॥**

**आकाशे गंगाश्रोत इव, प्रतिश्रोत इव दुस्तरः ।**
**बाहुभ्यां च सागर इव, तरितव्यो गुणोदधिः ॥ ३६ ॥**

**અર્થ –** લોકરૂઢિથી આકાશીય ગંગાશ્રોતની માફક શેષ નદી વગેરેમાં ઉલટો જલપ્રવાહ જેમ દુસ્તર છે અને બે બાહુથી સાગર જેમ દુસ્તર છે, તેમ જ્ઞાનાદિ ગુણોનો સાગર તરવો દુસ્તર છે. (૩૬-૬૨૯)

**वालुयाकवले चेव, निरस्साए उ संजमे ।**
**असिधारागमणं चेव, दुक्करं चरिउं तवो ॥ ३७ ॥**

**वालुकाकवल इव च, निरास्वादस्तु संयमः ।**
**असिधारागमनमिव च, दुष्करं चरितुं तपः ॥ ३७ ॥**

**अर्थ –** રેતીના કોળીયાની માફક (વિષયાસક્તોને નિરસતાનો હેતુ હોઈ) સંયમ, રસ વગરનો છે. તલવારની ધાર ઉપર ચાલવાની માફક ચારિત્રનું આચરણ દુષ્કર છે. (૩૭-૬૩૦)

**अहीवेगन्तदिट्ठीए चरित्ते पुत्त ! दुक्करे ।**
**जवा लोहमया चेव, चावेयव्वा सुदुक्करं ॥ ३८ ॥**

**अहीवैकान्तदृष्ट्या, चारित्रं पुत्र ! दुष्करम् ।**
**यवा लोहमया इव च, चर्वयितव्यास्सुदुष्करम् ॥ ३८ ॥**

**अर्थ –** અનન્ય દૃષ્ટિથી સાપની માફક ઇન્દ્રિય-મન દુર્જેય હોવાથી બુદ્ધિથી ઉપલક્ષિત ચારિત્ર દુષ્કર છે. લોઢાના જવને ચાવવાની માફક ચારિત્ર અતિ દુષ્કર છે. (૩૮-૬૩૧)

**जहा अग्गिसिहा दित्ता, पाउं होइ सुदुक्करा ।**
**तह दुक्कर करेउं जे, तारुण्णे समणत्तणं ॥ ३९ ॥**

**यथाग्निशिखा दीप्ता, पातुं भवति सुदुष्करा ।**
**तथा दुष्करं कर्तुं, तारुण्ये श्रमणत्वम् ॥ ३९ ॥**

**अर्थ –** જેમ દીપ્તિમાન અગ્નિજવાલાનું પાન કરવું મનુષ્યોથી દુષ્કર થાય છે, તેમ તરૂણાવસ્થામાં શ્રમણપણાનું પાલન કરવું એ અતિ દુષ્કર થાય છે. (૩૯-૬૩૨)

**जहा दुक्खं भरेउं जे, होइ वायस्स कुत्थलो ।**
**तहा दुक्खं करेउं जे कीवेणं समणत्तणं ॥ ४० ॥**

**यथा दुःखं भर्तुं, भवति वायुना कोत्थलः ।**
**तथा दुष्करं कर्तुं, क्लीबेन श्रमणत्वम् ॥ ४० ॥**

**अर्थ –** જેમ વસ્ત્ર વગેરેનો બનાવેલ કોથળો વાયુથી ભરવો મુશ્કેલ છે, તેમ નિઃસત્ત્વ પુરૂષથી શ્રમણપણાનું પાલન કરવું એ અતિ મુશ્કેલ છે. (૪૦-૬૩૩)

**जहा तुलाए तोलेउं, दुक्कर मंदरो गिरि ।**
**तहा निहुअनीसंक, दुक्कर समणत्तण ॥ ४१ ॥**

यथा तुलया तोलयितुं, दुष्करो मन्दरो गिरिः ।
तथा निभृतं निःशंकं, दुष्करं श्रमणत्वम् ॥ ४१ ॥

અર્થ – જેમ કાંટાથી-ત્રાજવાથી મેરૂપર્વતને તોલવો મુશ્કેલ છે, તેમ નિશ્ચલ અને શરીરનિરપેક્ષ બની શ્રમણપણું પાળવું એ દુષ્કર છે. (૪૧-૬૩૪)

**जहा भुयाहिं तरिउं, दुक्कर रयणायरो ।**
**तहा अणुवसंतेणं, दुक्कर दमसागरो ॥ ४२ ॥**

यथा भुजाभ्यां तरितुं, दुष्करो रत्नाकरः ।
तथानुपशान्तेन, दुष्करो दमसागरः ॥ ४२ ॥

અર્થ – જેમ ભુજાઓથી સમુદ્ર તરવો અતિ કઠિન છે, તેમ ઉત્કટ કષાયવાળા પુરૂષથી ઉપશમના સમુદ્ર રૂપ સંયમ પાળવું એ દુષ્કર છે. (૪૨-૬૩૫)

**भुंज माणुस्सए भोए, पंचलक्खणए तुमं ।**
**भुत्तभोगी तओ जाया, पच्छा धम्म चरिस्ससि ॥ ४३ ॥**

भुङ्क्ष्व मानुष्यकान् भोगान्, पञ्चलक्षणकांस्त्वम् ।
भुक्तभोगी ततो जात !, पश्चाद्धर्मं चरेः ॥ ४३ ॥

અર્થ – હે પુત્ર ! આ ભોગયોગ્ય વયમાં પ્રથમ પાંચ વિષયોના સ્વરૂપવાળા મનુષ્ય સંબંધી ભોગોને તું ભોગવી, ભુક્તભોગી બન્યા બાદ પછી વૃદ્ધાવસ્થામાં ચારિત્રધર્મને પાળજે ! (૪૩-૬૩૬)

**सो बितम्मापिअरो, एवमेयं जहाफुडं ।**
**इह लोए निप्पिवासस्स, नत्थि किंचिवि दुक्करं ॥ ४४ ॥**

सः ब्रूते अम्मापितरौ !, एवमेतद्यथास्फुटम् ।
इहलोके निष्पिपासितस्य, नास्ति किंचिदपि दुष्करम् ॥ ४४ ॥

હવે મૃગાપુત્ર ૩૧ ગાથાઓથી મા-બાપને જવાબ આપે છે.

અર્થ – તે મૃગાપુત્ર કહે છે કે—હે મા-બાપ ! તમોએ દીક્ષાની દુષ્કરતાનું વર્ણન કર્યું તે સ્પષ્ટ રીતિએ સાચું છે, તો પણ આ લોકમાં નિઃસ્પૃહ મહાપુરૂષને અતિ કષ્ટકારી પણ અનુષ્ઠાન કરવું જરા પણ દુષ્કર નથી. (૪૪-૬૩૭)

**सारीरमाणसा चेव, वेयणा उ अणंतसो ।**
**मए सोढाओ भीमाओ, असइं दुक्खभयाणि य ॥ ४५ ॥**

शारीरमानस्यश्चैव, वेदना तु अनंतशः ।
मया सोढा भीमा, असकृद्दुःखभयानि च ॥ ४५ ॥

**अर्थ** – હે મા-બાપ ! શરીર અને મન સંબંધી વેદનાઓ નરકાદિમાં અનંતી વાર સહન કરેલી છે. વળી વારંવાર દુઃખકારક ભયો પણ સહન કરેલા છે. (૪૫-૬૩૮)

**जरामरणकंतारे, चाउरंते भयागरे ।**
**मए सोढाणि भीमाइं, जम्माइं मरणाणि य ॥ ४६ ॥**

**जरामरणकान्तारे, चतुरन्ते भयाकरे ।**
**मया सोढानि भीमानि, जन्मानि मरणानि च ॥ ४६ ॥**

**अर्थ** – જન્મ અને મરણથી અતિ ગહન હોવાથી મહાભયંકર અરણ્ય જેવા, ભયની ખાણ રૂપ ચાર ગતિ રૂપ સંસારમાં મેં અનંતીવાર જન્મ અને મરણો સહન કરેલાં છે. (૪૬-૬૩૯)

**जहा इहं अगणी उण्हो, इत्तो णन्तगुणो तहिं ।**
**नरएसु वेयणा उण्हा, अस्साया वेइया मए ॥ ४७ ॥**

**यथेहाग्निरुष्णो, इतोऽनंतगुणस्तत्र ।**
**नरकेषु वेदनोष्णाऽसाता वेदिता मया ॥ ४७ ॥**

**अर्थ** – જેમ અહીં અગ્નિ ગરમ છે, તેના કરતાં અનંત ગુણી (જે નરકોમાં ઉત્પન્ન થયો તેમાં, જો કે અહીં બાદર અગ્નિનો અભાવ હોવાથી પૃથ્વીનો તથાવિધ સ્પર્શ સમજવો.) દુઃખ રૂપ ઉષ્ણતાના અનુભવ રૂપે વેદનાઓ મેં અનુભવેલી છે. (૪૭-૬૪૦)

**जहा इहं इमं सीयं, इत्तो णन्तगुणं तहिं ।**
**नरएसु वेयणा सीया, अस्साया वेइया मए ॥ ४८ ॥**

**यथेहेदं शीतमितोऽनंतगुणं तत्र ।**
**नरकेषु वेदना शीताऽसाता वेदिता मया ॥ ४८ ॥**

**अर्थ** – જેમ અહીં ઠંડી છે, તેના કરતાં અનંત ગુણી તે નરકોમાં દુઃખ રૂપ ઠંડીના અનુભવ રૂપે વેદનાઓ મેં સહન કરેલી છે. (૪૮-૬૪૧)

**कंदंतो कंदुकुम्भीसु, उड्ढपाओ अहोसिरो ।**
**हुयासणे जलन्तम्मि, पक्कपुव्वो अणंतसो ॥ ४९ ॥**

**क्रन्दन् कन्दुकुम्भीषूर्ध्वपादोऽधोशिराः ।**
**हुताशने ज्वलति, पक्वपूर्वोऽनन्तशः ॥ ४९ ॥**

**अर्थ** – લોઢા વગેરેની પાકભાજન વિશેષ રૂપ કંદુકુંભીઓમાં ક્રંદન

કરતો અને દેવમાયાથી બનાવેલ જલતી આગમાં અનંતી વાર પહેલાં હું પકાયો હતો. (૪૯-૬૪૨)

**महादवग्गिसंकासे, मरुम्भि वइरवालुए ।**
**कलंबवालुयाए उ, दड्ढपुव्वो अणंतसो ॥ ५० ॥**

**महादवाग्निसङ्काशे, मरौ वज्रवालुके ।**
**कदम्बवालुकायां तु, दग्धपूर्वोऽनंतशः ॥ ५० ॥**

**अर्थ** – મહા દાવાનલ સમાન અને મરૂદેશની સ્થલી પ્રદેશની રેતીના ઢગલા સમાન વજ્રવાલુકાવાળી નદીની કોરી પડેલી રેતાળ જમીનમાં તથા કદંબવાલુકાવાળી નદીની રેતાળ જમીનમાં અનંતીવાર પહેલાં હું બળ્યો હતો. (૫૦-૬૪૩)

**रसंतो कंदुकुम्भीसु, उड्ढं बद्धो अबन्धवो ।**
**करवत्तकरकयाईहिं छिन्नपुव्वो अणंतसो ॥ ५१ ॥**

**रसन्कन्दुकुम्भीषूर्ध्वं, बद्धोऽबान्धवः ।**
**करपत्रक्रकचादिभिश्छिन्नपूर्वोऽनंतशः ॥ ५१ ॥**

**अर्थ** – કંદુકુંભીમાં ફેંકાયેલો હું રડતો હતો. ઉંચે વૃક્ષની શાખા વગેરેમાં બંધાયેલો હું અશરણ હતો. વિશિષ્ટ કરવતોથી અનંતી વાર હું પહેલાં કપાયો હતો. (૫૧-૬૪૪)

**अइतिक्खकण्टगाइण्णे, तुंगे सिंबलिपायवे ।**
**खेवियं पासबद्धेणं, कड्ढोकड्ढाहिं दुक्करं ॥ ५२ ॥**

**अतितीक्ष्णकंटकाकीर्णे, तुङ्गे शाल्मलिपादपे ।**
**खिन्नं पाशबद्धेन, कर्षापकर्षणैर्दुष्करम् ॥ ५२ ॥**

**अर्थ** – અત્યંત તીક્ષ્ણ કાંટાઓથી વ્યાપ્ત ઉંચા શાલ્મલી વૃક્ષ ઉપર, પાશથી બંધાયેલ મારા વડે પરમાધામીઓએ કરેલ આકર્ષણ-પ્રકર્ષણ દ્વારા દુઃસહ દુઃખ-ખેદનો અનુભવ કરાયો હતો. (૫૨-૬૪૫)

**महाजंतुसु ऊच्छूवा, आरसन्तो सुभेरवं ।**
**पीलिओमि सकम्मेहिं, पावकम्मो अणंतसो ॥ ५३ ॥**

**महायंत्रेष्विक्षुरिवारसन्सुभैरवम् ।**
**पीडितोस्मि स्वकर्मभिः, पापकर्माऽनंतशः ॥ ५३ ॥**

**अर्थ** – મહાયંત્રોમાં શેરડીની માફક પીલાતાં, પાપકર્મ કરનાર હું સ્વકર્મોથી અનંતી વાર મહા ભયંકર ચીસ પાડતો દુઃખને અનુભવતો હતો. (૫૩-૬૪૬)

**कूवंतो कोलसुणएहिं, सामेहिं सबलेहिं य ।**
**पाडिओ फालिओ छिन्नो, विप्फुरन्तो अणेगसो ॥५४ ॥**

**कूजन्कोलशुनकैश्श्यामैश्शबलैश्च ।**
**पातितः स्फाटितः छिन्नः, विस्फुरन्ननेकशः ॥५४ ॥**

**અર્થ –** રડતા એવા મને ભૂંડ-શ્વાનરૂપધારી શ્યામ અને શંબલ નામના પરમાધામીઓએ ભૂમિ પર પટક્યો, જૂના વસ્ત્રની માફક મને ફાડ્યો અને અનેક વાર આમ-તેમ ફરતા મને કાપી નાખ્યો હતો. (૫૪-૬૪૭)

**असीहिं अयसिवण्णेहिं, भल्लीहिं पट्टिसेहि य ।**
**छिन्नो भिन्नो विभिन्नो य, उववन्नो पावकम्मुणा ॥**

**असिभिरतसीवर्णैर्भल्लीभिः पट्टिशैश्च ।**
**छिन्नो भिन्नो विभिन्नश्च, उत्पन्नः पापकर्मणा ॥५५ ॥**

**અર્થ –** અતસીના ફૂલ જેવી કાળી તલવારોથી, ભાલાઓથી અને ખરપલીઓથી પાપકર્મથી નરકમાં ઉત્પન્ન થયેલા મને ચીરી નાખ્યો-ફાડી નાખ્યો તથા મારા સૂક્ષ્મ ટૂકડે ટૂકડા કરી નાખ્યા હતા. (૫૫-૬૪૮)

**अवसो लोहरहे जुत्तो, जलन्ते समिलाजुए ।**
**चोइओ तुत्तजुत्तेहिं, रुज्झो वा जह पाडिओ ॥५६ ॥**

**अवशो लोहरथे योजितो, ज्वलति समिलायुते ।**
**चोदितस्तोत्रयोक्त्रै, रोज्झ इव यथा पातितः ॥५६ ॥**

**અર્થ –** પરતંત્ર હોવાથી હું લોખંડના રથ-ગાડામાં જોડાયેલો, જ્વાલાવાળા ગાડામાં ધુંસરી-ધુંસરીની ખીલી-જોતરા વગેરેથી યુક્ત બનેલો અને પરોણા-ચાબુક વગેરેથી પ્રેરિત થયેલો હતો, અથવા રોઝની માફક લાકડી વગેરેથી પીટીને મને પાડ્યો હતો-કૂટ્યો હતો. (૫૬-૬૪૯)

**हुयासणे जलंतंमि, चियासु महिसो विव ।**
**दड्ढो पक्को य अवसो, पावकम्मेहिं पाविओ ॥५७ ॥**

**हुताशने ज्वलति, चितासु महिष इव ।**
**दग्धः पक्वश्चावशः, पापकर्मभिः प्रापितः ॥५७ ॥**

**અર્થ –** પરમાધામીઓએ બનાવેલ ચિતાઓમાં સળગાવેલ આગમાં પાડાની માફક પાપકર્મોથી નરકમાં આવેલા પરતંત્ર એવા મને ભસ્મસાત્ બનાવ્યો અને પકાવ્યો હતો. (૫૭-૬૫૦)

**बला संडासतुंडेहिं, लोहतुंडेहिं पक्खिहिं ।**
**विलुत्तो विलवन्तोऽहं, ढङ्कगिद्धेहिंऽणंतसो ॥ ५८ ॥**

**बलात्संदशतुण्डैर्लोहतुण्डैः पक्षिभिः ।**
**विलुप्तो विलपन्नहं, ढंकगृद्धैरनंतशः ॥ ५८ ॥**

**અર્થ –** બલાત્કારથી સાણસાના આકારના મુખવાળા અને લોઢાના મુખવાળા ઢંકગૃધ્ર પંખીઓએ અનંતી વાર (અહીં પંખીઓ વૈક્રિય સમજવા, કેમકે-ત્યાં તિર્યંચો નથી.) રડતા એવા મને પીંખી નાખ્યો-છેદી નાખ્યો હતો. (૫૮-૬૫૧)

**तण्हाकिलंतो धावंतो, पत्तो वेयरणिं नइं ।**
**जलं पाहंति चिंतंतो, खुरधाराहिं विवाइओ ॥ ५९ ॥**

**तृष्णया क्लाम्यन् धावन्, प्राप्तो वैतरणीं नदीम् ।**
**जलं पास्यामीति चिन्तयन्, क्षुरधाराभिर्व्यापादितः ॥ ५९ ॥**

**અર્થ –** 'હું પાણીનું પાન કરીશ.' – એવું વિચારીને, તૃષાતુર બનેલો દોડતો-દોડતો હું જ્યારે વૈતરણી નદીમાં આવ્યો, ત્યારે મને છરાની ધારથી માર્યો હતો. (૫૯-૬૫૨)

**उण्हाभितत्तो संपत्तो, असिपत्तं महावणं ।**
**असिपत्तेहिं पडंतेहिं, छिन्नपुव्वो अणेगसो ॥ ६० ॥**

**उष्णाभितप्तः संप्राप्तोऽसिपत्रं महावनम् ।**
**असिपत्रैः पतद्भिः, छिन्नपूर्वोऽनेकशः ॥ ६० ॥**

**અર્થ –** વજ્રવાલુકા વગેરેના તાપથી તપેલો હું જ્યારે ખડ્ગોની માફક ભેદનાર પત્રોવાળા મહા-વનમાં આવ્યો, ત્યારે નીચે પડતા અસિપત્રોથી અનેક વાર પહેલાં છેદાયો હતો. (૬૦-૬૫૩)

**मुग्गरेहिं मुसुंढीहिं, सूलेहिं मूसलेहि य ।**
**गयासंभग्गगत्तेहिं पत्तं दुक्खं अणंतसो ॥ ६१ ॥**

**मुद्गरैर्मुसंढिभिः शूलैर्मुशलैश्च ।**
**गताशंभग्नगात्रैः, प्राप्तं दुःखमनंतशः ॥ ६१ ॥**

**અર્થ –** ઘન-મગદળ-મોગરી-ગોળ લોહના ખીલાથી યુક્ત લાકડાની બનેલી મુષુંઢી (શસ્ત્રવિશેષ)-ત્રિશૂળ-મુશળ વગેરેથી રક્ષણની આશા વગરનો, ગાત્રભંગવાળો હું અનંતી વાર દુઃખ પામ્યો હતો. (૬૧-૬૫૪)

**खुरेहिं तिक्खधाराहिं, छुरियाहिं कप्पणीहि य ।**
**कप्पिओ फालिओ छिन्नो, उक्कित्तो य अणेगसो ॥ ६२ ॥**

**क्षुरैस्तीक्ष्णधारैः, क्षुरिकाभिः कल्पनीभिश्च ।**
**कल्पितः स्फालितश्छिन्न, उत्कृत्तश्चानेकशः ॥ ६२ ॥**

**અર્થ** – કાતરોથી વસ્ત્રની માફક મને કાતર્યો, તીક્ષ્ણ ધારવાળા છરાઓથી મને છોલ્યો અને છરીઓથી મને અનેક વાર વાંકો ચીર્યો હતો. (૬૨-૬૫૫)

**पासेहिं कूडजालेहिं, मिओ वा अवसो अहं ।**
**वाहिओ बद्धरुद्धो वा, बहुसो चेव विवाइओ ॥ ६३ ॥**

**पाशैः कूटजालैः, मृग इवावशोऽहम् ।**
**वाहितो बद्धो रुद्धश्च, बहुशश्चैव व्यापादितः ॥ ६३ ॥**

**અર્થ** – હરણ વગેરેને બાંધવાના સાધનો-પાશ, જાળ, ફાંસા આદિથી મૃગની માફક પરતંત્ર એવા મને છેતરી, દોરડાઓથી બાંધ્યો, રોક્યો અને અનેક વાર હત-પ્રહત કર્યો હતો. (૬૩-૬૫૬)

**गलेहिं मगरजालेहिं, मच्छो वा अवसो अहं ।**
**उल्लिओ फालिओ गहिओ मारिओय अणंतसो ॥ ६४ ॥**

**गलैर्मकरजालैः, मत्स्य इवावशोऽहम् ।**
**उल्लिखितः पाटितो गृहीतो, मारितश्चानन्तशः ॥ ६४ ॥**

**અર્થ** – માછલાં પકડવાના આંકડાઓથી અને જાળોથી મત્સ્યની માફક પહેલાં મને આંકડાઓથી વેધ્યો અને મગર રૂપી પરમાધામીઓએ મને પકડ્યો. વળી તેઓએ બનાવેલ જાળોથી મને બાંધ્યો અને બધાએ માર્યો. (૬૪-૬૫૭)

**विदंसएहिं जालेहिं, लिप्पाहिं सउणो विव ।**
**गहिओ लग्गो य बद्धो य मारिओ य अणंतसो ॥ ६५ ॥**

**विदंशकैर्जालैर्लेप्याभिः शकुनिरिव ।**
**गृहीतो लगितश्च बद्धश्च, मारितश्चानन्तशः ॥ ६५ ॥**

**અર્થ** – તથાવિધ બંધનરૂપ શ્યેન-સીંચાણો-બાજપક્ષી વગેરેથી પંખીની માફક પકડાયેલો અને વજ્રલેપ આદિ લેપોથી સંયોગવાળો બનેલો હું બધાથી મરાયો હતો. (૬૫-૬૫૮)

**कुहाडपरसुमाइहिं, वड्ढईहिं दुमो विव ।**
**कुट्टिओ फालिओ छिन्नो, तच्छियो य अणंतसो ॥ ६६ ॥**

**कुठारपर्श्वादिकैर्वर्द्धकिभिर्द्रुम इव ।**
**कुट्टितः स्फाटितश्छिन्नः, तक्षितश्चानन्तशः ॥ ६६ ॥**

**અર્થ –** પરશુ, કુહાડો વગેરેથી સુથારો જેમ વૃક્ષને પ્રહાર કરે, છેદે, ફાડે કે છોલે, તેમ હું અનંતી વાર કપાયો, છેદાયો, ફડાયો અને છોલાયો હતો. (૬૬-૬૫૯)

**चवेडमुट्ठिमाईहिं, कुमारेहिं अयं विव ।**
**ताडिओ कुट्टिओ भिन्नो, चुण्णिओ य अणंतसो ॥ ६७ ॥**

**चपेटामुष्ट्यादिभिः कुमारैरज इव ।**
**ताडितः कुट्टितो भिन्नश्चूर्णितश्चानन्तशः ॥ ६७ ॥**

**અર્થ –** લુહારો જેમ ઘન વગેરેથી લોઢાને કૂટે, મારે, છેદે અને ટૂકડા કરે; તેમ લપડાક-મુઠ્ઠી આદિથી મને માર્યો, કૂટ્યો, છેદ્યો અને મારા નાના-નાના ટૂકડા કર્યા હતા. (૬૭-૬૬૦)

**तत्ताइं तम्बलोहाइं, तउआइं सीसगाणि य ।**
**पाइओ कलकलंताइं, आरसन्तो सुभेरवं ॥ ६८ ॥**

**तप्तानि ताम्रलोहानि, त्रपूणि शीशकानि च ।**
**पायितः कलकलन्तान्यारसन्सुभैरवम् ॥ ६८ ॥**

**અર્થ –** તપાવેલ તાંબુ, લોઢું, સીસુ વગેરેના ગરમાગરમ કલકલ શબ્દ કરતા પ્રવાહી રસો, ભયંકર સીત્કાર કરતા એવા મને પીવડાવવામાં આવ્યા હતા. (૬૮-૬૬૧)

**तुहप्पियाइं मंसाइं, खंडाइं, सुल्लगाणि य ।**
**खाविओ मि समंसाइं, अग्गिवण्णाइं णेगसो ॥ ६९ ॥**

**तव प्रियाणि मांसानि, खंडानि सोल्लकानि च ।**
**खादितोऽस्मि स्वमांसानि, अग्निवर्णान्यनेकशः ॥ ६९ ॥**

**અર્થ –** કેમ, તને માંસ-ખંડ રૂપ અગ્નિમાં પાકેલું માંસ પ્રિય હતું ને ?– એમ યાદ કરાવીને મારા શરીરમાંથી કાઢી-કાપી, ઉષ્ણ હોવાથી અગ્નિવર્ણવાળું મારૂં માંસ મને અનેક વાર ખવડાવવામાં આવ્યું હતું. (૬૯-૬૬૨)

**तुहं पिया सुरा सीहू, मेरओ य महूणि य ।**
**पज्जिओ मि जलन्तीओ, वसाओ रुहिराणि प ॥ ७० ॥**

**तव प्रिया सुरा सीधु, मैरेयं च मधूनि च ।**
**पायितोऽस्मि ज्वलन्तीः, वसा रुधिराणि च ॥ ७० ॥**

**અર્થ –** કેમ, તને સુરા, સીધુ, મૈરેય અને મધુ (દારૂના પ્રકારવિશેષો) પ્યારૂં હતું ને ?—એમ યાદ દેવડાવીને ગરમાગરમ મેદ-ચરબી-લોહી આદિ મને પીવડાવવામાં આવ્યું હતું. (૭૦-૬૬૩)

**निच्चं भीएण तत्थेण, दुहिएण वहिएण य ।**
**परमा दुहसंबद्धा, वेयणा वेइया मए ॥ ७१ ॥**

**नित्यं भीतेन त्रस्तेन, दुःखितेन व्यथितेन च ।**
**परमा दुःखसम्बद्धा, वेदना वेदिता मया ॥ ७१ ॥**

**અર્થ –** હંમેશાં ઉત્પન્ન ભયવાળા અને ત્રાસવાળા, ઉત્પન્ન વિવિધ દુઃખના સમૂહવાળા અને થરથરતા સઘળા શરીરવાળા મેં દુઃખસંબંધવાળી પરમ વેદનાઓ સહેલી છે. (૭૧-૬૭૪)

**तिव्वं चण्डप्पगाढाओ, घोराओ अइदुस्सहा ।**
**महब्भयाओ भीमाओ, नरएसु वेइया मए ॥ ७२ ॥**

**तीव्रचण्डप्रगाढा, घोरा अतिदुस्सहाः ।**
**महाभया भीमा, नरकेषु वेदिता मया ॥ ७२ ॥**

**અર્થ –** રસની અપેક્ષાએ તીવ્ર, ઉત્કટ, મોટી સ્થિતિવાળી, રૌદ્ર, અતિ દુઃસહ, મહા ભયંકર અને સાંભળ્યા બાદ પણ ભય આપનારી વેદનાઓ મેં નરકોમાં સહન કરેલી છે. (૭૨-૬૬૫)

**जारिसा माणुसे लोए, ताया ? दीसन्ति वेयणा ।**
**इत्तो अणंतगुणिया, नरएसु दुक्खवेयणा ॥ ७३ ॥**

**यादृश्यो मानुषे लोके, तात ! दृश्यन्ते वेदनाः ।**
**इतोऽनन्तगुणिता, नरकेषु दुःखवेदनाः ॥ ७३ ॥**

**અર્થ –** પિતાજી ! મનુષ્યલોકમાં જે પ્રકારની-જેવી વેદનાઓ દેખાય છે, તેના કરતાં અનંતગુણી દુઃખ રૂપ વેદનાઓ નરકોમાં છે. (૭૩-૬૬૬)

**सव्वभवेसु अस्साया, वेयणा वेइया मए ।**
**निमिसन्तरमित्तंपि, जं साया नत्थि वेयणा ॥ ७४ ॥**

**सर्वभवेष्वसाता, वेदना वेदिता मया ।**
**निमेषान्तरमात्रमपि, यत्साता नास्ति वेदना ॥ ७४ ॥**

**અર્થ –** નિમેષ માત્રના આંતરા વગર અર્થાત્ નિરંતર સર્વ ભવોમાં દુઃખનો અનુભવ છે પણ સુખનો અનુભવ નથી. અહીં વૈષયિક સુખ પણ

ઈર્ષ્યા આદિ અનેક દુઃખોથી ઘેરાયેલ હોઈ અને કટુક વિપાક દેનાર હોઈ દુઃખ રૂપ છે-એમ સમજવું. આવી વ્યથાનો અનુભવ કરનાર એવા મને દીક્ષા કેમ દુષ્કર થાય ? અર્થાત્ ન જ થાય. માટે મારે દીક્ષા લેવાની જ છે. (૭૪-૬૬૭)

**तं बिंतऽमापियरो छन्देणं पुत्त ! पव्वया ।**
**नवरं पुण सामण्णे, दुक्खं निप्पडिकम्मया ॥ ७५ ॥**

**तं ब्रूतोऽम्बापितरौ, छन्देन पुत्र ! प्रव्रज ।**
**नवरं पुनः श्रामण्ये, दुःखं निष्प्रतिकर्मता ॥ ७५ ॥**

**અર્થ –** મૃગાપુત્રને પોતાના મા-બાપ કહે છે કે—બેટા ! જો તારી દીક્ષાની ઇચ્છા છે, તો યથારૂચિ દીક્ષા લેજો. પરંતુ એક વાત બરાબર ધ્યાનમાં લેશો કે—સાધુપણામાં રોગ આદિની ઉત્પત્તિમાં જ્યારે ઉપચાર-પ્રતિકાર નહિ થાય, ત્યારે તમને દુઃખ થશે ને ? (૭૫-૬૬૮)

**सो बिंतऽमापियरो, एवमेयं जहा फुड ।**
**पडिकम्मं को कुणई, अरण्णे मिगपक्खिणं ॥ ७६ ॥**

**स ब्रूतेऽम्बापितरौ, एवमेतद्यथास्फुटम् ।**
**प्रतिकर्म कः करोत्यरण्ये मृगपक्षिणाम् ॥ ७६ ॥**

**અર્થ –** તે મૃગાપુત્ર, મા-બાપને જવાબ આપે છે કે—હે મા-બાપ ! તમોએ જે રોગ આદિની ચિકિત્સા રૂપ પ્રતિકાર દુઃખ રૂપ છે એમ જે કહ્યું તે બરાબર છે. પરંતુ વિચારો કે—વનમાં મૃગપક્ષિઓની ચિકિત્સા કોણ કરે છે ? તેઓ પણ જીવે છે અને વિચરે છે. આથી રોગનું દુઃખરૂપપણું નકામું છે. (૭૬-૬૬૯)

**एगब्भूओ अरण्णे वा जहा उ चरई मिगो ।**
**एवं धम्मं चरिस्सामि, संजमेण तवेण य ॥ ७७ ॥**

**एकभूतोऽरण्ये वा, यथा तु चरति मृगः ।**
**एवं धर्मं चरिष्यामि, संयमेन तपसा च ॥ ७७ ॥**

**અર્થ –** અટવીમાં જેમ એકલો મૃગ ફરે છે, તેમ સંયમ અને તપની સાધનાપૂર્વક ધર્મનું હું પાલન કરીશ જ. (૭૭-૬૭૦)

**जहा मिगस्स आयंको, महारण्णम्मि जायई ।**
**अच्छंतं रुक्खमूलंमि, को णं ताहे तिगिच्छई ॥ ७८ ॥**

**यदा मृगस्यातंको, महारण्ये जायते ।**
**तिष्ठन्तं वृक्षमूले, क एनं तदा चिकित्सति ? ॥ ७८ ॥**

**अर्थ –** જ્યારે મહાન જંગલમાં હરણને રોગ થાય છે તો વૃક્ષના મૂલમાં રહેતા મૃગને ત્યારે કોણ ચિકિત્સા કરી નિરોગી બનાવે છે ? કોઈ જ નહિં. (૭૮-૬૭૧)

**को वा से ओसहं देइ ?, को वा से पुच्छई सुहं ?**
**को से भत्तं व पाणं वा ?, आहरित्तु पणामई ॥ ७९ ॥**

**को वाऽस्मै औषधं ददाति ?, को वाऽस्य सुखं पृच्छति ? ।**
**को वाऽस्य भक्तं वा पानं वा ?, आहृत्य प्रणामयेत् ॥ ७९ ॥**

**अर्थ –** કોણ તે બીમાર મૃગને ઔષધ આપે છે ? કોણ કુશલ પ્રશ્ન કરે છે ? અને કોણ ઘાસ વગેરે ભોજન-પાણી લાવીને આપે છે ? (૭૯-૬૭૨)

**जया य से सुही होइ, तया गच्छइ गोयरं ।**
**भत्तपाणस्स अट्ठाए, वल्लराणि सराणि य ॥ ८० ॥**

**यदा च स सुखी भवति, तदा गच्छति गोचरम् ।**
**भक्तपानस्यार्थाय, वल्लराणि सरांसि च ॥ ८० ॥**

**अर्थ –** જ્યારે તે આપમેળે રોગ વગરનો સુખી થાય છે, ત્યારે ભોજન-પાન માટે વનો અને સરોવરોમાં ભ્રમણ કરે છે. (૮૦-૬૭૩)

**खाइत्ता पाणियं पाउं, वल्लरेहिं सरेहि य ।**
**मिगचारियं चरित्ताणं, गच्छई मिगचारियं ॥ ८१ ॥**

**खादित्वा पानीयं पीत्वा, वल्लरेभ्यस्सरोभ्यश्च ।**
**मृगचर्यां चरित्वा, गच्छति मृगचर्याम् ॥ ८१ ॥**

**अर्थ –** વનોમાં પોતાના ભક્ષ્યનું ભોજન કરી, સરોવરોમાં પાણીનું પાન કરી અને આમ-તેમ ફલંગ-ફાલ મારવા રૂપ મૃગચર્યાનું આચરણ કરી, સ્વેચ્છાથી બેસવા વગેરે ચેષ્ટા રૂપ ચર્યાવાળી આશ્રયભૂમિને પામે છે. (૮૧-૬૭૪)

**एवं समुट्ठिए भिक्खू, एवमेव अणेगए ।**
**मिगचारियं चरित्ताणं, ऊड्ढं पक्कमई दिसिं ॥ ८२ ॥**

**एवं समुत्थितो भिक्षुरेवमेवानेकगः ।**
**मृगचर्यां चरित्वोर्ध्वं प्रक्रामति दिशम् ॥ ८२ ॥**

**अर्थ –** આ પ્રમાણે મૃગની માફક સંયમાનુષ્ઠાનમાં પ્રયત્નશીલ બનેલો સાધુ તથાવિધ રોગની ઉત્પત્તિ થવા છતાંય ચિકિત્સા સન્મુખ થતો નથી. આ પ્રમાણે એક જ વૃક્ષતલમાં જેમ હરણ રહેતું નથી, તેમ મુનિ પણ અનિયત સ્થાન હોવાથી અનેક સ્થાનોમાં રહે છે. તે મુનિ ચિકિત્સા નહિ કરાવવા વગેરે

રૂપ મૃગચર્યાનું આચરણ કરી, સમસ્ત કર્મોનો સર્વથા નાશ કરી સર્વોપરી સ્થાન રૂપ સિદ્ધિગતિમાં શાશ્વત સ્થાયી બને છે. (૮૨-૬૭૫)

**जहा मिए अेग अणेगचारी, अणेगवासे धुवगोयरे य ।**
**एवं मुणी गोयरियं पविट्ठ, नोहीलए नोविय खिंसइज्जा ॥ ८३ ॥**

**यथा मृगः एकः अनेक चार्यनेकनासो ध्रुवगोचरश्च ।**
**एवम्मुनिर्गोचर्यां प्रविष्टो, न हीलयेन्नापि च खिंसयेत् ॥ ८३ ॥**

**अर्थ –** જેમ હરણ, એકલો-અનેક ઠેકાણે ફરનારો, ફરતાં-ફરતાં જે ઘાસ-પાણી મળે તેને વાપરે છે; તેમ મુનિ એકલો-એક જગ્યાએ વાસ નહિ કરનારો; ગોચરી દરમિયાન જે કાંઈ અન્ન આદિ મળે તેની હેલના કર્યા સિવાય આહાર-પાણીને ગ્રહણ કરનારો અને આહાર વગેરેની પ્રાપ્તિ ન થાય તો સ્વ-પરની નિંદા નહિ કરનારો બને છે. (૮૩-૬૭૬)

**मिगचारियं चरिस्सामि, एवं पुत्ता जहासुहं ।**
**अम्मापिऊहिं णुन्नाओ, जहाइ उवहिं तओ ॥ ८४ ॥**

**मृगचर्यां चरिष्याम्येवं पुत्र ! यथासुखम् ।**
**अम्बापितृभिरनुज्ञातो, चहात्युपधिं ततः ॥ ८४ ॥**

**अर्थ –** આ પ્રમાણે મૃગચર્યાનું હું પાલન કરીશ-એમ જ્યારે મૃગાપુત્રે કહ્યું, ત્યારે તેના મા-બાપે જણાવ્યું કે બેટા તને જેમ સુખ ઉપજે તેમ તું કરી શકે છે-અમારી અનુમતિ છે. આ પ્રમાણે અનુજ્ઞા પામેલો મૃગાપુત્ર ઉપાધિ રૂપ પરિગ્રહ-સંસારને છોડવા તૈયાર થાય છે. (૮૪-૬૭૭)

**मिगचारियं चरिस्सामि, सव्वदुक्खविमुक्खणिं ।**
**तुब्भेहिं अब्भणुन्नाओ, गच्छ पुत्त ! जहासुहं ॥ ८५ ॥**

**मृगचर्यां चरिष्यामि, सर्वदुःखविमोक्षणीम् ।**
**युवाभ्यामभ्यनुज्ञातो, गच्छ पुत्र ! यथासुखम् ॥ ८५ ॥**

**अर्थ –** તમારી રજા મળતાં, સર્વ દુ:ખોમાંથી છોડાવનારી હું મૃગચર્યાને સ્વીકારીશ. ત્યારે મા-બાપે જવાબ આપ્યો કે-બેટા ! જેમ સુખ ઉપજે તેમ તમે મૃગચર્યાને સ્વીકારજો. (૮૫-૬૭૮)

**एवं सो अम्मापियर, अणुमाणित्ताण बहुविहं ।**
**ममत्तं छिंदई ताहे, महानागुव्व कंचुयं ॥ ८६ ॥**

**एवं स अम्बापितरावनुमान्य बहुविधं ।**
**ममत्वं छिनत्ति तदा, महानाग इव कञ्चुकम् ॥ ८६ ॥**

**अर्थ** – આ પ્રમાણે તે મૃગાપુત્ર, મા-બાપની રજા મેળવી, મહાનાગ જેમ કાંચળીને ફેંકી દે છે, તેમ અનાદિ ભવોની અભ્યાસવાળી ઘણા પ્રકારની મમતાને છોડે છે. (૮૬-૬૭૯)

**इड्ढी वित्तं च मित्तेय, पुत्तदारं च नायओ ।**
**रेणुयं व पडे लग्गं, निद्धुणित्ता ण निग्गओ ॥ ८७ ॥**

**ऋद्धिं वित्तं च मित्राणि च, पुत्रदारांश्च ज्ञातीन् ।**
**रेणुमिव पटे लग्नं निर्द्धूय निर्गतः ॥ ८७ ॥**

**अर्थ** – જેમ વસ્ત્ર ઉપર લાગેલી ધૂળને ફેંકી દેવામાં આવે છે, તેમ ઘોડા-હાથી વગેરે ઋદ્ધિ, ધન, મિત્રો, પુત્ર, સ્ત્રીઓ અને સ્વજનોને છોડી, ઘરમાંથી નીકળી મૃગાપુત્ર દીક્ષિત થાય છે. (૮૭-૬૮૦)

**पंचमहव्वयजुत्तो पंचसमिओ तिगुत्तिगुत्तो य ।**
**सब्भिंतरबाहिरिए, तवोवहाणंमि उज्जुओ ॥ ८८ ॥**

**पञ्चमहाव्रतयुक्तः पञ्चसमितः त्रिगुप्तिगुप्तश्च ।**
**साभ्यन्तरबाह्ये, तपउपधान उद्युक्तः ॥ ८८ ॥**

**अर्थ** – આમ તે મૃગાપુત્ર, પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઓથી યુક્ત બનેલા બાહ્યાભ્યંતર તપમાં અને શ્રુતારાધના રૂપ ઉપધાનમાં ઉદ્યમવંત થયા. (૮૮-૬૮૧)

**निम्ममो निरहंकारो, निस्संगो चत्तगारवो ।**
**समो य सव्वभूएसु, तसेसु थावरेसु य ॥ ८९ ॥**
**लाभालाभे सुहे दुक्खे, जीविए मरणे तहा ।**
**समो निंदापसंसासु तहा माणावमाणओ ॥ ९० ॥**
**गारवेसु कसाएसुं दंडसल्लभएसु य ।**
**नियत्तो हाससोगाओ, अनियाणो अबंधणो ॥ ९१ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**निर्ममो निरहंकारो, निस्संगस्त्यक्तगौरवः ।**
**समश्च सर्वभूतेषु, त्रसेषु स्थावरेषु च ॥ ८९ ॥**
**लाभालाभयोस्सुखे दुःखे, जीविते मरणे तथा ।**
**समो निन्दाप्रशंसयोस्तथा मानापमानयोः ॥ ९० ॥**
**गौरवेभ्यः कषायेभ्यो, दण्डशल्यभयेभ्यश्च ।**
**निवृत्तो हास्यशोकाभ्यामनिदानोऽबन्धनः ॥ ९१ ॥ त्रिभिर्विशेषकम् ॥**

અર્થ – મમતા વગરના, નિરભિમાની, નિઃસંગ, ગૌરવના ત્યાગી (ઋદ્ધિ-રસ-શાતાના અભિમાનના ત્યાગી), ત્રસ અને સ્થાવર રૂપ સર્વ જીવોમાં સ્વ-સમાનતાદર્શી. તેમ જ લાભ કે અલાભ, સુખ કે દુઃખ, જીવન કે મરણ, નિંદા કે પ્રશંસા, માન કે અપમાનમાં રાગ-દ્વેષના અભાવ રૂપ સમતાવાળા, ગૌરવ, કષાયો, (અશુભ વ્યાપારના) દંડના ત્રણ ભેદ, માયા આદિ ત્રણ શલ્યો અને હાસ્ય-શોકથી અટકેલા, દુન્યવી પુદ્ગલ સંબંધી ઇચ્છા રૂપ નિયાણા વગરના અને રાગ આદિ બંધન વગરના તે મૃગાપુત્ર બન્યા. (૮૯ થી ૯૧ - ૬૮૨ થી ૬૮૪)

**अणिस्सिओ इहं लोए, परलोए अणिस्सितो ।**
**वासीचंदणकप्पो य, असणे अणसणे तहा ॥ ९२ ॥**

**अनिश्रित इह लोके, परलोकेऽनिश्रितः ।**
**वासीचन्दनकल्पश्चाशनेऽनशने तथा ॥ ९२ ॥**

અર્થ – આ લોકના ફળ કે પરલોકના ફળની નિશ્રાએ-અપેક્ષાએ તપનું અનુષ્ઠાન નહિ કરનારા, વાંસલા સરખા નિંદક પુરૂષ અને ચંદન સરખા સ્તુતિ કરનાર પુરૂષ ઉપર સમદર્શી તથા આહાર આપનાર કે નહિ આપનાર પુરૂષ ઉપર આશીર્વાદ અને શાપ-એમ બન્નેથી રહિત સમભાવવાળા તે મૃગાપુત્ર મુનિ બન્યા. (૯૨-૬૮૫)

**अप्पसत्थेहिं दारेहिं, सव्वओ पिहियासवे ।**
**अज्झप्पज्झाणजोगेहिं, पसत्थे दमसासणे ॥ ९३ ॥**

**अप्रशस्तेभ्यो द्वारेभ्यस्सर्वतः पिहिताश्रवः ।**
**अध्यात्मध्यानयोगैः, प्रशस्तो दमशासनः ॥ ९३ ॥**

અર્થ – કર્મ ઉપાર્જનના ઉપાયભૂત હિંસા આદિ અપ્રશસ્ત દ્વારોથી સર્વથા નિવૃત્ત, તેથી જ કર્મના આગમનને રોકનાર, આત્મા વિષે શુભ ધ્યાનવ્યાપાર રૂપ ધ્યાનયોગોથી પ્રશસ્ત, ઉપશમ અને જિનાગમ રૂપ શાસનના સાધક તે મૃગાપુત્ર મુનિ થયા. (૯૩-૬૮૬)

**एवं नाणेण चरणेण, दंसणेण तवेण य ।**
**भावणाहि य सुद्धाहिं, सम्मं भावित्तु अप्पयं ॥ ९४ ॥**

**बहुयाणि उ वासाणि, सामण्णमणुपालिया ।**
**मासिएण उ भत्तेण, सिद्धिं पत्तो अणुत्तरं ॥ ९५ ॥ युग्मम् ॥**

**एवं ज्ञानेन चरणेन, दर्शनेन तपसा च ।**
**भावनाभिश्च शुद्धाभिः, सम्यग्भावयित्वाऽऽत्मानम् ॥ ९४ ॥**

बहुकानि तु वर्षाणि, श्रामण्यमनुपाल्य ।
मासिकेन तु भक्तेन, सिद्धिं प्राप्तोऽनुत्तराम् ॥ ९५ ॥ युग्मम् ॥

अर्थ – આ પ્રમાણે જ્ઞાન-ચારિત્ર-દર્શન-તપથી શુદ્ધ (નિયાણા વગરની) વ્રત વિષયક કે અનિત્યત્વ આદિ ભાવનાઓથી આત્માને સારી રીતિએ તન્મય બનાવી, ઘણા વર્ષો સુધી શ્રમણપણાનું પાલન કરી અને ભક્તપ્રત્યાખ્યાન રૂપ એક માસનું અનશન કરી શ્રી મૃગાપુત્ર મહર્ષિ અનુત્તર-સિદ્ધિગતિને પામ્યા. (૯૪+૯૫ - ૬૮૭+૬૮૮)

**एवं करन्ति संबुद्धा, पण्डिया पवियक्खणा ।**
**विणिअट्टन्ति भोगेसु, मियापुत्ते जहारिसी ॥ ९६ ॥**

एवं कुर्वन्ति सम्बुद्धाः, पण्डिताः प्रविचक्षणाः ।
विनिवर्तन्ते भोगेभ्यो, मृगापुत्रो यथर्षिः ॥ ९६ ॥

अर्थ – આ પ્રમાણે શ્રી મૃગાપુત્ર મહર્ષિનું ઉદાહરણ લઈ, સંબુદ્ધ, પંડિત અને પ્રવિચક્ષણો ઉત્તમ પ્રવૃત્તિ કરે છે તથા ભોગોથી નિવૃત્ત બને છે. (૯૬-૬૮૯)

**महप्पभावस्स महाजसस्स, मियाइ पुत्तस्स निसम्म भासियं ।**
**तवप्पहाणं चरियं च उत्तमं, गइप्पहाणं च तिलोगविस्सुतं ॥ ९७ ॥**

**वियाणिया दुक्खविवड्ढणं धणं, ममत्तबंधं च महाभयावहं ।**
**सुहावहं धम्मधुरं अणुत्तरं, धारेज्ज निव्वाणगुणावहं महं त्तिबेमि ॥ युग्मम् ॥**

महाप्रभावस्य महायशसो, मृगापुत्रस्य निशम्य भाषितम् ।
तपः प्रधानं चरित्रं चोत्तमं, प्रधानगतिं च त्रिलोकविश्रुताम् ॥ ९७ ॥

विज्ञाय दुःखविवर्धनं धनं, ममत्वबन्धं च महाभयावहम् ।
सुखावहां धर्मधुरामनुत्तरां, धारयत निर्वाणगुणावहां महतीम् ॥ ९८ ॥ इति ब्रवीमि ॥
॥ युग्मम् ॥

अर्थ – મહાપ્રભાવ-સંપન્ન અને મહા-યશસ્વી શ્રી મૃગાપુત્રનું સંસારની અસારતાનું તથા દુઃખપ્રચુરતાનું જ્ઞાપક વચન, તપપ્રધાન ઉત્તમ ચારિત્ર અને ત્રણ લોકમાં પ્રસિદ્ધ સિદ્ધિ ગતિ રૂપ પ્રધાન ગતિ સાંભળી; તેમજ દુઃખની વૃદ્ધિ કરનારૂં ધન, સ્વજન વગેરે વિષયક મમતાનો પાશ, કે જે મહા ભયંકર છે અને તેનાથી જ આ લોક કે પરલોકના ભયો મેળવાય છે-એમ જાણી; હે ભવ્યો ! અનંત જ્ઞાન-દર્શન આદિ નિર્વાણ ગુણોને કરનારી, સુખને આપનારી, ઉત્કૃષ્ટ અને અમિત મહિમાથી ભરપૂર મોટી ધર્મધુરાને ધારણ કરો ! આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૯૭+૯૮ - ૬૯૦+૬૯૧)

## ઓગણીસમું શ્રી મૃગાપુત્રીયાધ્યયન સંપૂર્ણ

# શ્રી મહાનિર્ગ્રંથીયાધ્યયન-૨૦

**सिद्धाण नमोकिच्चा, संजयाणं च भावओ ।**
**अत्थधम्मगइं तच्चं, अणुसिट्ठिं सुणेह मे ॥ १ ॥**

**सिद्धेभ्यो नमस्कृत्य, संयतेभ्यश्च भावतः ।**
**अर्थधर्मगतिं तथ्यामनुशिष्टिं शृणुत मम ॥ १ ॥**

**अर्थ –** તીર્થંકરસિદ્ધ આદિ સર્વસિદ્ધોને અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુ રૂપ સર્વ સંયતોને ભાવ-ભક્તિથી નમસ્કાર કરીને, અવિપરીત અર્થવાળી અને હિતાર્થીઓથી પ્રાર્થનાયોગ્ય એવા ધર્મના જ્ઞાનવાળી, મારા વડે કહેવાતી શિક્ષાને સાવધાન બની સાંભળો ! (૧-૬૯૨)

**पभूयरयणो राया, सेणिओ मगहाहिवो ।**
**विहारजत्तं निज्जाओ, मण्डिकुच्छिसि चेइए ॥ २ ॥**

**प्रभूतरत्नो राजा, श्रेणिको मगधाधिपः ।**
**विहारयात्रया निर्यात्तो, मण्डिकुक्षौ चैत्ये ॥ २ ॥**

**अर्थ –** વૈડૂર્ય વગેરે અથવા હાથી-ઘોડા આદિ રૂપ ઘણા રત્નોવાળો મગધાધિપતિ શ્રેણિક રાજા, ક્રીડા માટે ઘોડા વહાવવા વગેરે રૂપ વિહારયાત્રા દ્વારા નગરમાંથી નીકળી મંડિતકુક્ષિ નામના ઉદ્યાનમાં આવ્યો. (૨-૬૯૩)

**नाणादुमलयाइणं, नाणापक्खिनिसेविण्णं ।**
**नाणाकुसुमसंछन्नं, उज्जाणं नंदणोवमं ॥ ३ ॥**

**तत्थ सो पासई साहुं, संजयं सुसमाहियं ।**
**निसन्नं रुक्खमूलम्मि, सुकुमालं सुहोइयं ॥ ४ ॥ युग्मम् ॥**

**नानाद्रुमलताकीर्णं, नानापक्षिनिषेवितम् ।**
**नानाकुसुमसंछन्नमुद्यानं, नन्दनोपमम् ॥ ३ ॥**

**तत्र स पश्यति साधुं, संयतं सुसमाहितम् ।**
**निषण्णं वृक्षमूले, सुकुमालं सुखोचितम् ॥ ४ ॥ युग्मम् ॥**

**અર્થ** – આ મંડિતકુક્ષિ ઉદ્યાન અનેક વૃક્ષો અને લતાઓથી અલંકૃત, અનેક પક્ષીઓથી સેવિત અને અનેક પુષ્પોથી વિભૂષિત નંદનવન સરખું છે. ત્યાં તે રાજા વૃક્ષમૂલમાં બેઠેલા સુકોમલ, સુખયોગ્ય અને સુસમાધિવાળા સાધુને દેખે છે. (૩+૪-૬૯૪+૬૯૫)

**तस्स रूवं तु पासित्ता, राइणो तम्मि संजए ।**
**अच्चंतपरमो आसी, अउलो रूवविम्हओ ॥ ५ ॥**

**तस्य रूपं तु दृष्ट्वा, राज्ञस्तस्मिन्संयते ।**
**अत्यंतपरम आसीदतुलरूपविस्मयभः ॥ ५ ॥**

**અર્થ** – તે સાધુના વિષે રૂપને જોઈ, તે રાજાને અત્યંત પ્રધાન-મહાન રૂપનો વિસ્મય થયો. (આશ્ચર્યભાવ) (૫-૬૯૬)

**अहो ! वण्णो अहो ! रूवं, अहो ! अज्जस्स सोमया ।**
**अहो ! खंती अहो ! मुत्ति, अहो ! भोगे असंगता ॥ ६ ॥**

**अहो ! वर्णोऽहो ! रूपमहो ! आर्यस्य सौम्यता ।**
**अहो ! क्षान्तिरहो ! मुक्तिरहो ! भोगेऽसंगता ॥ ६ ॥**

**અર્થ** – અરે, આ મુનિનો ગૌર વગેરે વર્ણ કોઈ અપૂર્વ છે ! અરે, આકાર-રૂપ કોઈ અલૌકિક છે ! અરે, જોનારને આનંદ આપનારી ચંદ્રની જેમ સૌમ્યતા કોઈ અદ્ભુત છે ! અરે, ક્ષમા કોઈ ચમત્કારી છે ! અરે, સંતોષ તો કોઈ ગજબનો છે ! અરે, નિઃસ્પૃહતા તો કોઈ અજોડ છે ! (૬-૬૯૭)

**तस्स पाए उ वन्दित्ता, काऊण य पयाहिणं ।**
**नाइदूरमणासन्ने, पंजली पडिपुच्छती ॥ ७ ॥**

**तस्य पादौ तु वन्दित्वा, कृत्वा च प्रदक्षिणाम् ।**
**नातिदूरमनासन्नः, प्रांजलिः प्रतिपृच्छति ॥ ७ ॥**

**અર્થ** – તે મુનિરાજના ચરણારવિંદમાં વંદના કરી અને પ્રદક્ષિણા આપી, મહારાજથી બહુ નજીક કે દૂર નહિ તેવી રીતિએ બેઠક લઈ, તેમજ સવિનય બે હાથ જોડી શ્રેણિક રાજા પ્રશ્નો પૂછે છે. (૭-૬૯૮)

**तरुणोसि अज्जो ! पव्वइओ, भोगकालम्मिसंजया ! ।**
**उवट्ठिओ सि सामण्णे, एअमट्ठे सुणामि ता ॥ ८ ॥**

**तरुणोऽस्यार्य ! प्रव्रजितो, भोगकाले संयत ! ।**
**उपस्थितोऽसि श्रामण्ये, एतमर्थं शृणोमि तावत् ॥ ८ ॥**

અર્થ – હે આર્ય ! આપ તરૂણ-યુવાન છો ! ભોગના કાળમાં આપ પ્રવ્રજિત થઈ-સાધુ બની જે હેતુથી શ્રમણપણામાં ઉદ્યમશીલ બન્યા છો, તે હેતુને હું પહેલાં આપની પાસેથી સાંભળવા ઈચ્છું છું, તો આપ તે હેતુ દર્શાવો ! (૮-૬૯૯)

**अणाहो मि महाराय, नाहो मज्झ न विज्जइ ।**
**अणुकम्पयं सुहिं वावि, कंची नाभिसमेमहं ॥ ९ ॥**

**अनाथोऽस्मि महाराज ! नाथो मम न विद्यते ।**
**अनुकम्पकं सुहृदं वापि, कंचिद् नाभिसमेम्यहम् ॥ ९ ॥**

અર્થ – મુનિશ્રી જવાબ આપે છે કે-હે રાજન્ ! હું અનાથ છું, કેમકે-યોગ-ક્ષેમકારી નાથ મને કોઈ મળ્યો નથી તથા કોઈ દયા કરનાર કે કોઈ મિત્રને હું મેળવી શક્યો નથી. આ કારણસર યુવાવસ્થામાં પણ હું સંયમી બન્યો છું. (૯-૭૦૦)

**तओ सो पहसिओ राया सेणिओ मगहाहिवो ।**
**एवं ते इड्ढिमंतस्स, कहं नाहो न विज्जइ ॥ १० ॥**

**ततः स प्रहसितो राजा, श्रेणिको मगधाधिपः ।**
**एवं तवर्द्धिमतः कथं नाथो न विद्यते ? ॥ १० ॥**

અર્થ – આ પ્રમાણે ચમત્કારી વર્ણ વગેરેથી સંપત્તિશાલી એવા આપને નાથ કેમ ન હોય ? એમ વિચારી, મગધ મહારાજા શ્રેણિક અનાથતાનો હેતુ સાંભળી હસી પડ્યા. (૧૦-૭૦૧)

**होमि नाहो भयंताणं, भोगे भुंजाहि संजया ।**
**मित्तनाईपरिषुडो, माणुस्सं खु सुदुल्लहं ॥ ११ ॥**

**भवामि नाथो भदन्तानां, भोगान् भुङ्क्ष्व संयत ! ।**
**मित्रज्ञातिपरिवृतो, मानुष्यं खलु सुदुर्लभम् ॥ ११ ॥**

અર્થ – શ્રેણિક રાજા આ હેતુ સાંભળી કહે છે કે-હે આર્ય ! જો આમ જ છે, તો આપનો નાથ બનવા હું તૈયાર છું. અને જો હું નાથ બનું તો તેમને મિત્ર-જ્ઞાતિ-ભોગ આદિ સુલભ છે એમ માની, રાજા કહે છે કે-હે સંયત ! આપ મિત્ર, જ્ઞાતિ વગેરેથી પરિવરેલ ભોગોને ભોગવો ! કેમ કે-મનુષ્યજન્મ અત્યંત દુર્લભ છે. (૧૧-૭૦૨)

**अप्पणावि अणाहोसि, सेणिया मगहाहिवा ।**
**अप्पणा अणाहो संतो, कहं मे नाहो भविस्ससि ? ॥ १२ ॥**

**आत्मनाऽप्यनाथोऽसि, श्रेणिक ! मगधाधिप ! ।**
**आत्मनाऽनाथस्सन्, कथं मम नाथो भविष्यसि ? ॥ १२ ॥**

**અર્થ** – હે મગધાધિપતિ શ્રેણિક રાજન્ ! તું પોતે જ અનાથ છે. જે સ્વયં અનાથ હોય, તે મારો નાથ કેવી રીતિએ બની શકે ? (૧૨-૭૦૩)

**एवं वुत्तो नरिंदो सो, सुसंभंतो सुविम्हिओ ।**
**वयणं अस्सुयपुव्वं, साहुणा विम्हयं निओ ॥ १३ ॥**

**एवमुक्तो नरेन्द्रस्स, सुसम्भ्रान्तस्सुविस्मितः ।**
**वचनमश्रुतपूर्वं, साधुना विस्मयं नीतः ॥ १३ ॥**

**અર્થ** – જો કે શ્રેણિક રાજા પહેલાં રૂપ વગેરે વિષયથી વિસ્મયવાળો હતો, પણ જ્યારે આ પ્રમાણે કદી નહિ સાંભળેલા મુનિના વચન સાંભળીને તે અત્યંત આશ્ચર્યચકિત અને અત્યંત સંભ્રમ-આવેગવાળો બની નીચેની બાબત કહે છે. (૧૩-૭૦૪)

**अस्सा हत्थी मणुस्सा मे, पुरं अंतेउरं च मे ।**
**भुंजामि माणुसे भोए, आणाइस्सरिअं च मे ॥ १४ ॥**

**अश्वा हस्तिनो मनुष्या मे, पुरमन्तःपुरं च मे ।**
**भुनज्मि मानुषान्भोगानाज्ञश्वर्यं च मे ॥ १४ ॥**

**અર્થ** – હે આર્ય ! મારી પાસે ઘોડા, હાથી, પુર અને અંતેઉર છે. હું મનુષ્ય યોગ્ય ભોગોને ભોગવું છું. મારી પાસે અસ્ખલિત શાસન રૂપ આજ્ઞા અને સમૃદ્ધિ કે પ્રભુતા રૂપ ઐશ્વર્ય છે.(૧૪-૭૦૫)

**एरिसे संपयग्गम्मि, सव्वकामसमप्पिओ ।**
**कहं अणाहो भवई, मा हु भंते मुसं वए ॥ १५ ॥**

**ईदृशे सम्पदग्रे, सर्वकामसमर्पितः ।**
**कथमनाथो भवति ?, मा हु भदन्त ! मृषा वादीः ॥ १५ ॥**

**અર્થ** – હે આર્ય ! આવો મારી પાસે સંપદાનો ઉત્કર્ષ અને સકલ કામનાઓને પૂરી કરનારો હોઈ હું અનાથ કેમ થાઉં ? કેમ કે-જેની પાસે કાંઈ ન હોય તે અનાથ કહેવાય, પરન્તુ સર્વાંગીણ સંપદાનો નાથ હું અનાથ નથી. આથી હે આર્ય ! અસત્ય ન બોલવું જોઈએ. (૧૫-૭૦૬)

**न तुमं जाणे अणाहस्स, अत्थ पोत्थं च पत्थिवा ।**
**जहा अणाहो भवइ, सणाहो वा नराहिव ॥ १६ ॥**

**न त्वं जानीषे अनाथस्यार्थं प्रोत्थां च पार्थिव !।**
**यथाऽनाथो भवति, सनाथो वा नराधिप ! ॥ १६ ॥**

**અર્થ –** હે રાજન્ ! અનાથ શબ્દના અર્થને તેમજ કયા અભિપ્રાયથી મેં અનાથ શબ્દ વાપર્યો છે, એના મૂલની ઉત્પત્તિ રૂપ પ્રોત્થાને તમે જાણતા નથી. આથી જે પ્રકારે અનાથ કે સનાથ થાય છે, તે પ્રકાર તમે જાણતા નથી. (૧૬-૭૦૭)

**सुणेहि मे महाराय, अवक्खित्तेण चेयसा ।**
**जहा अणाहो भवई, जहा मे अ पवत्तिअं ॥ १७ ॥**

**श्रृणु मे महाराज !, अव्याक्षिप्तेन चेतसा ।**
**यथाऽनाथो भवति, यथा मे च प्रवर्त्तितम् ॥ १७ ॥**

**અર્થ –** હે મહારાજ ! ચિત્તના વિક્ષેપ વગર સાવધાન થઈને, જે પ્રકારે અનાથ શબ્દથી વાચ્યપુરૂષ બને છે અને 'મારું અનાથપણું મેં કહ્યું,' તે વિષયને તમે સાંભળો ! (૧૭-૭૦૮)

**कोसंबी नाम नयरी, पुराणपुरभेयिणी ।**
**तत्थ आसी पिया मज्झं, पभूअधणसंचओ ॥ १८ ॥**

**कोशम्बी नाम्नी नगरी, पुराणपुरभेदिनी ।**
**तत्रासीत् पिता मम, प्रभूतधनसञ्चयः ॥ १८ ॥**

**અર્થ –** પોતાના ગુણો વડે જુના નગરોથી ચઢીયાતી જુદી ભાત પાડનારી કૌશંબી નામની નગરી છે. ત્યાં મારા પિતા ઘણા જ ધનના સંગ્રહવાળા હતા. (૧૮-૭૦૯)

**पढमे वये महाराय, अउला मे अच्छिवेयणा ।**
**अहोत्था विउलो दाहो, सव्वगत्तेसु पत्थिवा ! ॥ १९ ॥**

**प्रथमे वयसि महाराज !, अतुला मेऽक्षिवेदना ।**
**अभूद्विपुलो दाहस्सर्वगात्रेषु पार्थिव ! ॥ १९ ॥**

**અર્થ –** હે મહારાજ ! યુવાનીમાં મને નેત્રમાં અતુલ વેદના ઉત્પન્ન થઈ અને રાજન્ ! સર્વ શરીરના અવયવોમાં વિપુલ દાહ પેદા થયો. (૧૯-૭૧૦)

**सत्थं जहा परमतिक्खं, सरीरविवरंतरे ।**
**आवीलिज्ज अरी कुद्धो, एवं मे अच्छिवेअणा ॥ २० ॥**

**शस्त्रं यथा परमतीक्ष्णं, शरीरविवरान्तरे ।**
**आपीडयेत् अरिः क्रुद्ध, एवं मे अक्षिवेदना ॥ २० ॥**

**અર્થ** – જેમ કોપાયમાન શત્રુ કાન, નાક વગેરેના અંદરના ભાગમાં પરમ તીક્ષ્ણ શસ્ત્ર ચલાવે અને જે પીડા થાય, તેવી મારી નેત્ર-વેદના હતી. (૨૦-૭૧૧)

**तियं मे अंतरिच्छं च, उत्तमंगं च पीडई ।**
**इंदासणिसमा घोरा, वेयणा परमदारुणा ॥ २१ ॥**

**त्रिकं मे अन्तरिच्छां, चोत्तमाङ्गं च पीडयति ।**
**इन्द्राऽशनिसमा घोरा, वेदना परमदारुणा ॥ २१ ॥**

**અર્થ** – અત્યંત દાહને ઉત્પન્ન કરનાર હોઈ ઇન્દ્રના વજ્ર સમાન અને ઘોર-પરમ દુઃખજનક વેદના, કેડના બહારના અને અંદરના ભાગના મધ્યમાં, વક્ષઃસ્થલમાં અને મસ્તકમાં બાધા-દુઃખ પહોંચાડનાર હતી. (૨૧-૭૧૨)

**उवट्ठिआमे आयरिया, विज्जामंतचिगिच्छगा ।**
**अबीया सत्थकुसला, मंतमूलविसारया ॥ २२ ॥**

**उपस्थिताः मे आचर्या, विद्यामन्त्रचिकित्सकाः ।**
**अद्वितीयाः शास्त्रकुशला, मन्त्रमूलविशारदाः ॥ २२ ॥**

**અર્થ** – મારી વેદનાના પ્રતિકાર માટે, મંત્ર અને મૂલમાં વિશારદ, શાસ્ત્રકુશલ અને અજોડ વિદ્યા અને મંત્રથી ચિકિત્સા કરનારા પ્રાણાચાર્યો-વૈદરાજો ઉદ્યમ કરનારા થયા. (૨૨-૭૧૩)

**ते मे तिगिच्छं कुव्वंति, चाउप्पायं जहाहियं ।**
**न य मे दुःक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया ॥ २३ ॥**

**ते मे चिकित्सां कुर्वन्ति, चतुष्पदां यथाहितम् ।**
**न च मे दुःखाद्विमोचयन्त्येषा मेऽनाथता ॥ २३ ॥**

**અર્થ** – વૈદ્ય, ઔષધ, રોગી અને માવજત કરનાર-પ્રતિચારક, એમ ચાર વિભાગવાળી મારા રોગની ચિકિત્સાને હિત કે શાસ્ત્રકથનને અપેક્ષી વૈદ્યરાજો કરે છે, તો પણ તે વૈદ્યરાજો મને દુઃખથી છોડાવી શક્યા નહિ. આ મારી પહેલી અનાથતા છે. (૨૩-૭૧૪)

**पिया मे सव्वसारंपि, दिज्जाहि मम कारणा ।**
**न य दुक्खा विमोयत्ति, एसा मज्झ अणाहया ॥ २४ ॥**

**पिता मे सर्वसारमपि, दद्यान्मम कारणात् ।**
**न च दुःखाद्विमोचयत्येषा मेऽनाथता ॥ २४ ॥**

**અર્થ –** મારા પિતાએ મારા કારણે સર્વપ્રધાન વસ્તુ રૂપ સર્વ સારને આપવાની તૈયારી કરી, તો પણ મને દુઃખથી પિતાજી પણ છોડાવી શક્યા નહિ. આ મારી અનાથતા હતી. (૨૪-૭૧૫)

**माया वि मे महाराय, पुत्तसोगदुहट्टिआ ।**
**न य दुक्खा विमोयत्ति, एसा मज्झ अणाहया ॥ २५ ॥**

**माताऽपि मे महाराज !, पुत्रशोकदुःखार्दिता ।**
**न च दुःखाद्विमोचयत्येषा, मेऽनाथता ॥ २५ ॥**

**અર્થ –** હે મહારાજ ! પુત્રદુઃખથી શોકાર્ત બનેલી મારી માતા પણ મને દુઃખથી મૂકાવી શકી નહિ. એ જ મારી અનાથતા હતી. (૨૫-૭૧૬)

**भायरा मे महाराय, सगा जिट्ठकणिट्ठगा ।**
**न य दुक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया ॥ २६ ॥**

**भ्रातरो मे महाराज !, स्वका ज्येष्ठकनिष्ठकः ।**
**न च दुःखाद्विमोचयन्त्येषा मेऽनाथता ॥ २६ ॥**

**અર્થ –** હે રાજન્ ! મારા સગા મોટા-નાના ભાઈઓ પણ મને દુઃખથી છોડાવી શક્યા નહિ. એ મારી અનાથતા હતી. (૨૬-૭૧૭)

**भइणीओ मे महाराय, सगा जिट्ठकणिट्ठगा ।**
**न य दुक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया ॥ २७ ॥**

**भगिन्यो मे महाराज !, स्वका ज्येष्ठकनिष्ठिकाः ।**
**न च दुःखाद्विमोचयन्त्येषा मेऽनाथता ॥ २७ ॥**

**અર્થ –** હે મહારાજ ! મારી સગી નાની-મોટી બહેનો પણ મને દુઃખથી છોડાવી શકી નહિ. એ મારી અનાથતા જાણો. (૨૭-૭૧૮)

**भारिया मे महाराय, अणुरत्ता अणुव्वया ।**
**अंसुपुण्णेहिं नयणेहिं, उर मे परिसिंचई ॥ २८ ॥**

**भार्या मे महाराज !, अनुरक्ताऽनुव्रता ।**
**अश्रुपूर्णाभ्यां नयनाभ्यामुरो मे परिसिञ्चति ॥ २८ ॥**

**અર્થ –** હે મહારાજ ! અનુરાગવાળી પતિવ્રતા એવી મારી સ્ત્રીઓ તો આંસુભીની આંખોથી મારા વક્ષઃસ્થલને સિંચનારી બની હતી. એ મારી અનાથતા હતી. (૨૮-૭૧૯)

**अन्नं पाणं च ण्हाणं च, गंधमल्लविलेवणं ।**
**मए नायमनायं वा, सा बाला नोवभुंजई ॥ २९ ॥**

**खणंपि मे महाराय, पासाओवि न फिट्टई ।**
**न य दुक्खा विमोएइ, एसा मज्झ अणाहया ॥ ३० ॥ युग्मम् ॥**

**अन्नं पानं च स्नानं च, गन्धमाल्यविलेपनम् ।**
**मया ज्ञातमज्ञातं वा, सा बाला नोपभुङ्क्ते ॥ २९ ॥**

**क्षणमपि मे महाराज !, पार्श्वादपि नापयाति ।**
**न च दुःखाद्विमोचयत्येषा मेऽनाथता ॥ ३० ॥ युग्मम् ॥**

**અર્થ –** વળી અન્ન, પાણી, સ્નાન, ખુશબોદાર પુષ્પમાલા, વિલેપન વગેરે મારા દેખતાં કે નહિ દેખતાં મારી સ્ત્રીઓએ વાપર્યા નહિ; એટલું જ નહિ પણ સ્ત્રીઓ મારી પાસેથી દૂર જતી નહિ, તોપણ તે મારી સ્ત્રીઓ મને દુઃખમાંથી છોડાવવા શક્તિશાળી બની નહિ. એ જ મારી અનાથતા હતી. (૨૯+૩૦ - ૭૨૦+૭૨૧)

**तओ हं एवमाहंसु, दुक्खमा हु पुणो पुणो ।**
**वेयणा अणुभविउं जे, संसार मि अणंतए ॥ ३१ ॥**

**ततोऽहमेवमुक्तवान्, दुःक्षमा एव पुनर्पुनः ।**
**वेदना अनुभवितुं याः, संसारेऽनंतके ॥ ३१ ॥**

**અર્થ –** રોગની અશક્યતા બાદ હું આગળ ઉપર કહેવાતા પ્રકારથી, મારો નિર્ણય જણાવતાં પહેલાં કહું છું કે-'આ અનંત સંસારમાં વારંવાર વેદનાઓ અનુભવવી દુઃસહ્ છે.' (૩૧-૭૨૨)

**सयं च जइ मुच्चिज्जा, वेअणा विउला इओ ।**
**खंतो दंतो निरारंभो, पव्वइए अणगारिअं ॥ ३२ ॥**

**सकृच्च यदि मुच्ये, वेदनातो विपुलात इतः ।**
**क्षान्तो दान्तो निरारम्भः, प्रव्रजेयं अनगारितां ॥ ३२ ॥**

**અર્થ –** જો આ અનુભવાતી વિપુલ વેદનાથી એક વાર પણ હું મુક્ત થાઉં, તો 'ક્ષમાવાન્, ઇન્દ્રિયમનનો વિજેતા અને નિરારંભી બની સાધુતા સ્વીકાર કરનારો બનું; કારણ કે-જે સાધુતાથી સંસારનો ઉચ્છેદ થવાથી મૂલથી જ વેદનાનો અભાવ થાય. (૩૨-૭૨૩)

**एवं च चिंतइत्ताणं, पसुत्तोमि नराहिव ।**
**परियत्तन्तीइ राईए, वेयणा मे खयं गया ॥ ३३ ॥**

**एवं च चिन्तयित्वा खलु, प्रसुप्तोऽस्मि नराधिप ! ।**
**परिवर्तमानायां रात्रौ, वेदना मे क्षयं गता ॥ ३३ ॥**

**अर्थ** – હે રાજન્ ! આ પ્રમાણે બોલીને જ નહિ પરન્તુ ચિંતન કરી હું નિદ્રાધીન થયો. આમ શુભ ચિંતનના પ્રભાવથી રાત્રિ પૂરી થતાંની સાથે જ મારી વેદના ખતમ થઈ ગઈ. (૩૩-૭૨૪)

**तओ कल्ले पभायम्मि, आपुच्छित्ताण बंधवे ।**
**खंतो दंतो निरारंभो, पव्वइओ अणगारियं ॥ ३४ ॥**

**ततः कल्ये प्रभाते, आपृच्छय बान्धवान् ।**
**क्षान्तो दान्तो निरारम्भः, प्रव्रजितोऽनगारताम् ॥ ३४ ॥**

**अर्थ** – વેદનાની સમાપ્તિ થયા પછી નીરોગી થયેલો હું પ્રભાતકાળમાં પિતા, બંધુ વગેરેની રજા મેળવી, ક્ષમાવાન્, દમનવાળો અને નિરારંભી સાધુતાનો સ્વીકારનારો હું સાધુ બન્યો. (૩૪-૭૨૫)

**तओहं नाहो जाओ, अप्पाणो य परस्स य ।**
**सव्वेसिं चेव भूआणं, तसाणं थावराण य ॥ ३५ ॥**

**ततोऽहं नाथो जात, आत्मनश्च परस्य च ।**
**सर्वेषां चैव भूतानां, त्रसानां स्थावराणां च ॥ ३५ ॥**

**अर्थ** – હે રાજન્ ! શ્રી પારમેશ્વરી પ્રવ્રજ્યાના સ્વીકારથી હું પોતાનો અને પરનો યોગક્ષેમકારી-નાથ થયો. (પોતાને નહિ પ્રાપ્ત થયેલ વસ્તુનો લાભ તે યોગ, મળેલી વસ્તુની રક્ષા કરવી તે ક્ષેમ, બીજાઓને ધર્મનું દાન તે યોગ અને ધર્મમાં સ્થિરતા કરવી તે ક્ષેમ. આ બન્ને વડે કરી બીજા જીવોનું નાથપણું સમજવું.) ત્રસ અને સ્થાવર રૂપ સર્વ જીવોનો નાથ-રક્ષક હું બન્યો. (૩૫-૭૨૬)

**अप्पा नई वेअरणी, अप्पा मे कूडसाल्मली ।**
**अप्पा कामदुहा धेणू, अप्पा मे नंदणं वणं ॥ ३६ ॥**

**आत्मा नदी वैतरणी, आत्मा मे कूटशाल्मली ।**
**आत्मा कामदुधा धेनुः, आत्मा मे नन्दनं वनम् ॥ ३६ ॥**

**अर्थ** – આત્મા જ વૈતરણી નદી છે, કેમકે-ઉદ્ધત આત્મા તેનું કારણ છે. આત્મા જ જંતુની યાતનાના હેતુ રૂપ કૂટયંત્ર (પાશયંત્ર) વજ્રકંટકોથી

યુક્ત શાલ્મલી વૃક્ષ છે. આત્મા જ કામદુધા ધેનુ જેવો છે, કેમ કે-સ્વર્ગાપવર્ગ-ઈષ્ટની પ્રાપ્તિનો હેતુ છે. આત્મા જ નંદન વન જેવો છે, કેમ કે-ચિત્તના આનંદનો હેતુ છે. (૩૬-૭૨૭)

**अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।**
**अप्पा मित्तममित्तं च, दुप्पट्ठियसुपट्ठिओ ॥ ३७ ॥**

**आत्मा कर्ता विकर्ता च, सुखानां च दुःखानां च ।**
**आत्मा मित्रममित्रं च, दुष्प्रस्थितस्सुप्रस्थितः ॥ ३७ ॥**

**અર્થ** – આત્મા જ સુખ-દુઃખનો કરનારો અને દૂર ફેંકનારો છે. આત્મા જ માનસિક, વાચિક અને કાયિક દુષ્ટ પ્રવૃત્તિ કરનારો દુશ્મન અને ત્રિવિધ સત્-શુભ પ્રવૃત્તિ કરનારો મિત્ર છે. આથી જ સંયમનું નિરતિચાર પાલન હોવાથી મારી સ્વ-પરની નાથતા છે. (૩૭-૭૨૮)

**इमा हु अन्नावि अणाहया निवा, तामेगचित्तो निहुओ सुणेहि मे ।**
**नियंठधम्मं लहिआण वी जहा, सीदंति एगे बहु कायरा नरा ॥ ३८ ॥**

**इयं ही अन्याप्यनाथता नृप !, तामेकचित्तः निभृतश्शृणु मे ।**
**निर्ग्रन्थधर्मं लब्ध्वाऽपि यथा, सीदन्त्येके बहुकातरा नराः ॥ ३८ ॥**

**અર્થ** – આ અને કહેવાતી બીજી અનાથતાના અભાવથી હું નાથ થયો. તે બાબતને હે રાજન્ ! તમે દત્તચિત્ત બની સાંભળો ! કેટલાક ઘણા સત્ત્વ વગરના મનુષ્યો, સાધુના આચાર રૂપ નિર્ગ્રંથ ધર્મને મેળવવા છતાં તે આચાર તરફ શિથિલ બની જાય છે. તેઓ પોતાની અને પરની રક્ષા કરવામાં સમર્થ થતા નથી. આથી આ સીદાવા-શિથિલતા રૂપ બીજી અનાથતા જાણવી. (૩૮-૭૨૯)

**जे पव्वइत्ताण महव्वयाइं, सम्मं च नो फासयई पमाया ।**
**अणिग्गहप्पा य रसेसु गिद्धे, न मूलओ छिंदइ बंधणं से ॥ ३९ ॥**

**यः प्रव्रज्य महाव्रतानि, सम्यग् न स्पृशति प्रमादात् ।**
**अनिग्रहात्मा च रसेषु गृद्धो, न मूलतः छिनत्ति बन्धनं सः ॥ ३९ ॥**

**અર્થ** – જે આત્મા શ્રી ભાગવતી દીક્ષા ગ્રહણ કર્યા બાદ પ્રમાદના કારણે સારી રીતિએ મહાવ્રતોનું પાલન કરતો નથી, તે આત્માનો નિગ્રહ નહિ કરનારો, રસોમાં આસક્ત બનેલો અને મૂળથી રાગ-દ્વેષ રૂપી બંધનને છેદી શકતો નથી. (૩૯-૭૩૦)

**आउत्तया जस्स य नत्थि काई, इरियाइ भासाइ तहेसणाए ।**
**आयाणनिक्खेव दुगुंछणाए, न वीरजायं अणुजाइ मग्गं ॥ ४० ॥**

**आयुक्तता यस्य च नास्ति कापीर्यायां भाषायां तथैषणायाम् ।**
**आदाननिक्षेपयोर्जुगुप्सायां, न वीरयातमनुयाति मार्गम् ॥ ४० ॥**

**અર્થ –** જે આત્માની ઈર્યા-ભાષા-એષણા-ઉપકરણો લેવા-મૂકવા રૂપ આદાનનિક્ષેપ અને પરિષ્ઠાપનામાં સાવધાનતા (ઉપયોગ) જરા પણ હોતી નથી, તે આત્મા, વીર પુરૂષો જ જયાં ગમન કરી શકે છે, એવા સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગનો અનુયાયી બની શકતો નથી. (૪૦-૭૩૧)

**चिरंपि से मुण्डरुई भवित्ता, अथिरव्वए तवनियमेहिं भट्ठे ।**
**चिरंपि अप्पाण किलेसइत्ता, न पारए होइ हु संपराए ॥ ४१ ॥**

**चिरमपि स मुण्डरुचिर्भूत्वाऽस्थिरव्रतः तपोनियमेभ्यो भ्रष्टः ।**
**चिरमप्यात्मानं क्लेशयित्वा, न पारगो भवति खलु सम्परायस्य ॥ ४१ ॥**

**અર્થ –** સકલ અનુષ્ઠાનોથી વિમુખતા કરી, લાંબા કાળ સુધી મુંડનમાં જ રૂચિવાળો થઈ, ચંચલવ્રતી, તપ અને નિયમોથી ભ્રષ્ટ થયેલો અને કેશલુંચન વગેરેથી આત્માને લાંબા કાળ સુધી ક્લેશવાળો બનાવી સંસારના પારને પામનારો બનતો નથી. (૪૧-૭૩૨)

**पुल्लेव मुट्ठी जह से असारे, अयंतिते कूडकहावणे य ।**
**राढामणी वेरुलियप्पगासे, अमहग्घए होइ हु जाणएसु ॥ ४२ ॥**

**पौल्लेव मुष्टिर्यथा सः असारोऽयंत्रितः कूटकार्षापणश्च ।**
**काचमणिः वैडूर्यप्रकाशो, अमहार्घकः भवति हु ज्ञेषु ॥ ४२ ॥**

**અર્થ –** પોલી મુટ્ઠીની માફક દ્રવ્યમુનિ અસાર છે. જેમ ખોટા રૂપિયાને કોઈ સંઘરતું નથી, તેમ આ દ્રવ્યમુનિ નિર્ગુણ હોઈ સઘળે ઠેકાણે ઉપેક્ષિત બને છે. જેમ કાચમણિ બહારથી વૈડૂર્ય મણિ જેવો દેખાય છે, પણ-જાણકારોમાં કીંમત વગરનો બને છે, તેમ દ્રવ્યમુનિ પરીક્ષક-જાણકારોમાં કીંમત વગરનો બને છે. આમ દ્રવ્યમુનિ પરીક્ષક જાણકારોમાં કીંમત વગરનો થાય છે, કેમ કે-તે ભોળા જનોને ઠગે છે. (૪૨-૭૩૩)

**कुसीललिंगं इह धारइत्ता, इसिज्झयं जीविय वूहइत्ता ।**
**असंजए संजयलप्पमाणे, विणिघायमागच्छइ से चिरंपि ॥ ४३ ॥**

**कुशीललिंगमिह धारयित्वार्षिध्वजं जीविकायै बृहंयित्वा ।**
**असंयतस्संयतं लपन्, विनिघातमागच्छति स चिरमपि ॥ ४३ ॥**

**અર્થ** – આ જન્મમાં પાસત્થા વગેરેના વેષને ધારણ કરી, ઉદરભરણ માટે આ જ પ્રધાન છે-એમ જણાવવાપૂર્વક સાધુના ચિહ્ન રૂપ રજોહરણ વગેરેને પ્રશંસી, એથી જ અસંયમી હોતો, પોતાને સંયત તરીકે કહેતો, લાંબા કાળે પણ નરક આદિમાં તે દ્રવ્યમુનિ વિવિધ અભિઘાત રૂપ વિનિપાતને પામે છે. (૪૩-૭૩૪)

**विसं तु पीयं जह कालकूडं, हणाइ सत्थं जह कुग्गहीयं ।**
**एसेव धम्मे विसओववन्नो, हणाइ वेयाल इवाविवन्नो ॥ ४४ ॥**

**विषं तु पीतं यथा कालकूटं, हन्ति शस्त्रं यथा कुगृहीतम् ।**
**एष एवं धर्मो विषयोपपन्नो, हन्ति वेताल इवाविपन्नः ॥ ४४ ॥**

**અર્થ** – જેમ પીધેલું કાલકૂટ ઝેર, ખરાબ રીતિએ પકડેલું શસ્ત્ર અને મંત્ર વગેરેથી નહિ બંધાયેલ વેતાલ સાધકને હણે છે, તેમ આ શબ્દ-રૂપ વગેરે વિષયોની લંપટતા સહિત સાધુધર્મ, દ્રવ્યમુનિને હણે છે-દુર્ગતિમાં પાડે છે. (૪૪-૭૩૫)

**जोलक्खणं सुविण पउंजमाणो, निमित्तकोऊहलसंपगाढे ।**
**कुहेडविज्जासवदारजीवी, न गच्छई सरणं तम्मि काले ॥ ४५ ॥**

**यो लक्षणं स्वप्नं प्रयुञ्जानो, निमित्तकुतूहलसंप्रगाढः ।**
**कुहेटकविद्याश्रवद्वारजीवी, न गच्छति शरणं तस्मिन् काले ॥ ४५ ॥**

**અર્થ** – જે લક્ષણ-સ્વપ્નનો પ્રયોગ કરે છે, જે અષ્ટાંગ જયોતિષ રૂપ નિમિત્ત અને અપત્ય વગેરે માટે સ્નાન આદિ રૂપ કૌતુકમાં અત્યંત આસક્ત હોય છે અને જે ઇન્દ્રજાલ, જાદુ, મંત્ર, તંત્ર અને જ્ઞાન રૂપ કુહેટક વિદ્યારૂપી આશ્રવદ્વારોથી (કર્મબંધના હેતુ હોઈ) જીવે છે, તે ફલના ઉપભોગ રૂપ ઉદયવાળા કાળમાં તે દ્રવ્યમુનિ શરણને પામી શકતો નથી. અર્થાત્ દ્રવ્યમુનિ અનાથતાવાળો છે. (૪૫-૭૩૬)

**तमंतमेणेव उ से असीले, सया दुही विप्परिआमुवेइ ।**
**संधावइ नरगतिरिक्खजोणी, मोणं विराहित्तु असाहुरूवे ॥ ४६ ॥**

**तमस्तमसैव तु सः अशीलः, सदा दुःखी विपर्यासमुपैति ।**
**संधावति नरकं तिर्यग्योनीः, मौनं विराध्यासाधुरूपः ॥ ४६ ॥**

**અર્થ** – અતિ મિથ્યાત્વથી હણાયેલ હોઈ ઉત્કૃષ્ટઅજ્ઞાનથી જ તે દ્રવ્યમુનિ, શીલહીન બનેલો, સદા દુઃખી થઈ, તત્ત્વોમાં વિપરીતપણું પામે છે અને તેથી જ ચારિત્રની વિરાધના કરી અસાધુ રૂપ હોતો સતત નરક-તિર્યંચ યોનિઓમાં જાય છે. (૪૬-૭૩૭)

**उद्देसिअं कीअगडं निआगं, न मुंचई किंचि अणेसणिज्जं ।**
**अग्गी विवा सव्वभक्खी भवित्ता, इओ चुओ गच्छइ कट्टु पावं ॥ ४७ ॥**

**उद्देशिकं क्रीतकृतं नित्यकं, न मुञ्चति कञ्चिदनेषणीयम् ।**
**अग्निरिव वा सर्वभक्षी भूत्वा, इतश्च्युतो गच्छति कृत्वा पापम् ॥ ४७ ॥**

**અર્થ –** ઔદ્દેશિક-ક્રીતકૃત-નિત્યપિંડરૂપ નિયાગને તથા જે કોઈ અશુદ્ધ-દોષિત આહાર હોય તે સર્વ આહારને કરનારો, અગ્નિની માફક સર્વ દોષિત આહારભક્ષી બની, પાપ કરી, અહીંથી મરેલો તે દ્રવ્યમુનિ દુર્ગતિમાં જાય છે. (૪૭-૭૩૮)

**न तं अरी कंठछित्ता करेइ, जं से करे अप्पणिआ दुरप्पा ।**
**से नाहिई मच्चुमुहं तु पत्ते, पच्छाणुतावेण दयाविहूणो ॥ ४८ ॥**

**न तमरिः कण्ठछेत्ता करोति, यत्तस्य कुर्यादात्मीया दुरात्मता ।**
**स ज्ञास्यति मृत्युमुखं तु प्राप्तः, पश्चादनुतापेन दयाविहीनः ॥ ४८ ॥**

**અર્થ –** ગરદનનો છેદ કરનાર દુશ્મન તે અનર્થને કરી શકતો નથી, કે જે અનર્થ તે દ્રવ્યમુનિને પોતાની દુષ્ટાચાર પ્રવૃત્તિ રૂપ દુરાત્મતા કરે છે. જ્યારે મૃત્યુમુખને પામેલા પોતાને દુરાત્મતાનો ખ્યાલ આવશે, ત્યારે સંયમહીન બનેલો પોતે પશ્ચાત્તાપને પામેલો થશે. અર્થાત્ દુરાત્મતા એ અનર્થ અને પશ્ચાત્તાપનો હેતુ છે, માટે પહેલેથી જ દુરાત્મતાને છોડી દેવી જોઈએ. (૪૮-૭૩૯)

**निरत्थया नागरुई उ तस्स, जे उत्तमट्ठे विवयासमेइ ।**
**इमे वि से नत्थि परेवि लोए, दुहओवि से सिज्झइ तत्थलोए ॥ ४९ ॥**

**निरर्थका नाग्न्यरुचिः तु तस्य, य उत्तमार्थे विपर्यासमेति ।**
**अयमपि तस्य नास्ति परोऽपि लोकः, द्विधाऽपि क्षीयते तस्य लोकः ॥ ४९ ॥**

**અર્થ –** જે પ્રાંત સમયની આરાધના રૂપ ઉત્તમ અર્થમાં પણ દુરાત્મતામાં તો સુંદર આત્મતા રૂપ વિપર્યાસને પામે છે તેની શ્રમણપણાની રૂચિ નિરર્થક છે, કેમ કે-જે મોહને છોડી દુરાત્મતાને દુરાત્મતા રૂપે જાણે છે તેને તો સ્વનિંદા વગેરેથી કિંચિત્ ફલ પણ થાય, પણ દુરાત્મતાને સુંદર આત્મતા રૂપે માને તેને કાંઈ પણ ફળ મળતું નથી. વિપર્યસ્ત દષ્ટિવાળાનો આ લોક કાયક્લેશના હેતુ રૂપ લોચ આદિનું સેવન હોવાથી બગડે છે અને કુગતિમાં ગમન થવાથી પરલોક બગડે છે. જેમ ઉભય લોકના અર્થસંપત્તિવાળા જનોને જોઈ, 'ઉભય ભ્રષ્ટ એવા મને ધિક્કાર છે'-એમ ચિંતન કરી તે અહીં દુઃખી થાય છે. (૪૯-૭૪૦)

**एमेव हाछंदकुसीलरूवे, मग्गं विराहित्तु जिणुत्तमाणं ।**
**कुररीविवा भोगरसाणुगिद्धा, निरट्ठसोआ परितावमेइ ॥५० ॥**

**एवमेव यथाछन्दकुशीलरूपो, मार्गं विराध्य जिनोत्तमानाम् ।**
**कुररीव भोगरसानुगृद्धा, निरर्थशोका परितापमेति ॥ ५० ॥**

**અર્થ –** પૂર્વોક્ત મહાવ્રતના અસ્પર્શન વગેરે પ્રકારથી યથાછંદ-કુશીલ સ્વભાવવાળા દ્રવ્યમુનિઓ શ્રી જિનેશ્વરદેવના માર્ગની વિરાધના કરી, જેમ બીજા પંખીઓએ મુખમાંથી લઈ લીધેલ માંસની પેશીથી માંસમાં લુબ્ધ કુરરી નામના પંખીની માફક વિપત્તિની પ્રાપ્તિમાં શોક કરે છે અને વિપત્તિનો પ્રતિકાર ન થતાં પસ્તાવો કરે છે, તેમ વિરાધક આત્માઓ ભોગરસમાં આસક્ત બનેલા ઉભય લોક વિપત્તિની પ્રાપ્તિ થતાં પશ્ચાત્તાપ કરે છે. આવા આત્માઓની સ્વ-પર રક્ષામાં અસમર્થતા હોઈ અનાથતા સમજવી. (૫૦-૭૪૧)

**सुच्चाण मेहावि सुभासियं इमं, अणुसासणं नाणगुणोववेअं ।**
**मग्गं कुसीलाण जहाय सव्वं, महानिअंठाण वए पहेणं ॥५१ ॥**

**श्रुत्वा मेधाविन् ! सुभाषितमिदमनुशासनं ज्ञानगुणोपपेतम् ।**
**मार्गं कुशीलानां त्यक्त्वा सर्वं, महानिर्ग्रंथानां व्रजेः पथा ॥ ५१ ॥**

**અર્થ –** હે બુદ્ધિશાલિન્ ! પૂર્વોક્ત જ્ઞાન-દર્શન-ચારિત્રથી યુક્ત સુશિક્ષણ સાંભળી, કુશીલીઓનો સર્વ માર્ગ છોડી, મહાનિર્ગ્રંથોના માર્ગે તું ચાલજે ! (૫૧-૭૪૨)

**चरित्तमायारगुणन्निए तओ, अणुत्तरं संजम पालिआणं ।**
**निरासवे संखविआण कम्मं, उवेइ ठाणं विउलुत्तमं धुवं ॥ ५२ ॥**

**चारित्राचारगुणान्वितस्ततोऽनुत्तरं संयमं पालयित्वा ।**
**निराश्रवः सङ्क्षेप्य कर्मोपैति स्थानं विपुलोत्तमं ध्रुवम् ॥ ५२ ॥**

**અર્થ –** ચારિત્રાચાર અને જ્ઞાન રૂપ ગુણસંપન્ન બનેલો મુનિ, તે મહા નિર્ગ્રંથોના માર્ગે ચાલવાથી; યથાખ્યાત ચારિત્ર રૂપ પ્રધાન સંયમનું પાલન કરી અને આશ્રવ વગરનો બનેલો કર્મોનો સર્વથા ક્ષય કરી, અનંતોની ત્યાં સ્થિતિ હોવાથી વિપુલ, અને પ્રધાન હોવાથી ઉત્તમ ધ્રુવ-નિત્ય સ્થાન રૂપ મુક્તિન પામે છે. (૬૨-૭૪૩)

**एवुग्गदन्ते वि महातवोधणे, महामुणी महापइन्ने महायसे ।**
**महानियंठिज्जमिणं महासुयं, से कहेइ महया वित्थरेणं ॥५३ ॥**

एवमुग्रदान्तोऽपि महातपोधनो, महामुनिर्महाप्रतिज्ञो महायशाः ।
महानिर्ग्रन्थीयमिदं महाश्रुतं, स कथयति महता विस्तरेण ॥ ५३ ॥

અર્થ – કર્મશત્રુ પ્રત્યે ઉગ્ર અને ઇન્દ્રિય-મનોવિજેતા હોવાથી દાંત અર્થાત્ ઉગ્ર દાંત, મહા તપોધન, દઢવ્રતી અને એથી જ મહા યશસ્વી તે અનાથી મુનિ, મહાનિર્ગ્રંથોને હિતકારી આ પૂર્વોક્ત મહા-નિર્ગ્રંથીય મહાશ્રુતને મોટા વિસ્તારથી કહે છે. (૫૩-૭૪૪)

तुट्ठोय सेणिओ राया, इणमुदाहु कयंजली ।
अणाहयं जहाभूयं, सुट्ठु मे उवदंसियं ॥ ५४ ॥

तुष्टश्च श्रेणिको राजा, इदमुदाहृतवान् कृताञ्जलिः ।
अनाथत्वं यथाभूतं, सुष्ठु मे उपदर्शितम् ॥ ५४ ॥

અર્થ – ત્યાર બાદ ખુશ થયેલો શ્રેણિક રાજા હાથ જોડીને કહે છે કે- 'આપે મને અનાથતાનું સત્ય સ્વરૂપ સારી રીતિએ દર્શાવ્યું છે. (૫૪-૭૪૫)

तुज्झं सुलद्धं खु मणुस्सजम्मं, लाभा सुलद्धा य तुमे महेसी ।
तुब्भे सणाहा य सबंधवा य, जं भे ठिआ मग्गि जिणुत्तमाणं ॥ ५५ ॥

तव सुलब्धं खलु मानुष्यजन्म, लाभाः सुलब्धाश्च त्वया महर्षे ।
यूयं सनाथांश्च सबान्धवाश्च, यद्भवन्तः स्थिता मार्गे जिनोत्तमानाम् ॥ ५५ ॥

અર્થ – હે મહર્ષિ ! આપે મનુષ્યજન્મ મેળવ્યો તે સફળ કરી લીધો અને આપે જ વર્ણાદિ પ્રાપ્તિ રૂપ લાભો મેળવ્યા તે સફળ કરી દીધા. જે કારણથી આપ જિનોત્તમના માર્ગે સ્થિર થઈ રહેલા છો તેથી સનાથ-સશરણ છો. (૫૫-૭૪૬)

तंसि नाहो अणाहाणं, सव्वभूयाण संजया ।
खामेमि ते महाभाग ! इच्छामि अणुसासिउं ॥ ५६ ॥

त्वमसि नाथोऽनाथानां, सर्वभूतानां संयत ! ।
क्षाम्यामि त्वां महाभाग ! इच्छाम्यनुशासितुम् ॥ ५६ ॥

અર્થ – હે આર્ય ! સંયત ! આપ જ ખરેખર અનાથ-સર્વ પ્રાણીઓના નાથ છો. હે મહાભાગ ! આપને હું ખમાવું છું. આપની પાસેથી હું અનુશાસન-શિક્ષણની ઇચ્છા રાખું છું. (૫૬-૭૪૭)

पुच्छिऊण मए तुब्भं, झाणविग्घो उ जो कओ ।
निमंतिआ य भोगेहिं, तं सव्वं मरिसेह मे ॥ ५७ ॥

पृष्ट्वा मया तव, ध्यानविघ्नश्च यः कृतः ।
निमंत्रितश्च भोगैस्तत्सर्वं मर्षय मे ॥ ५७ ॥

**અર્થ –** 'આપે જુવાનીમાં કેમ દીક્ષા લીધી ?' વગેરે પ્રશ્નો પૂછીને, આપના ધ્યાનમાં મેં વિઘ્ન કરેલ છે તથા મેં આપને ભોગોના માટે આમંત્રણ આપ્યું તે બદલ હું ક્ષમા માગું છું. આપ મને ક્ષમા આપો ! (૫૭-૭૪૮)

**एवं थुणित्ताण स रायसीहोऽणगारसीहं परमाइ भत्तिए ।**
**सओरोहो सपरिअणो ( सबंधवो ) धम्माणुरत्तो विमलेण चेअसा ॥ ५८ ॥**

एवं स्तुत्वा स राजसिंहोऽनगारसिंहं परमया भक्त्या ।
सावरोधः सपरिजनः सबान्धवो, धर्मानुरक्तो विमलेन चेतसा ॥ ५८ ॥

**અર્થ –** આ પ્રમાણે રાજસિંહ શ્રેણિક મહારાજા, અનગારસિંહ અનાથી મુનિની સ્તુતિ કરીને સ્વજન, પરિજન અને અંતેઉરીઓની સાથે નિર્મલ ચિત્તથી શ્રી જિનધર્માનુરાગી થયો. (૫૮-૭૪૯)

**ऊससियरोमकूवो, काउण य पयाहिणं ।**
**अभिवन्दिऊण सिरसा, अइजाओ नराहिवो ॥ ५९ ॥**

उच्छ्वसितरोमकूपः, कृत्वा च प्रदक्षिणाम् ।
अभिवन्द्य शिरसाऽतियातो नराधिपः ॥ ५९ ॥

**અર્થ –** જેની રોમરાજી ખડી થઈ છે એવો શ્રેણિક રાજા, મુનિરાજને પ્રદક્ષિણા દઈને અને મસ્તકથી નમસ્કાર કરીને પોતાના સ્થાને ગયો. (૫૯-૭૫૦)

**इयरोवि गुणसमिद्धो तिगुत्तिगुत्तो तिदंडविरओ य ।**
**विहग इव विप्पमुक्को, विहरइ वसुहं विगयमोहो त्तिबेमि ॥ ६० ॥**

इतरोऽपि गुणसमृद्धस्त्रिगुप्तिगुप्तस्त्रिदण्डविरतश्च ।
विहग इव विप्रमुक्तो विहरति वसुधां विगतमोहः । इति ब्रवीमि ॥ ६० ॥

**અર્થ –** ગુણોની સમૃદ્ધિવાળા, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, મન-વચન-કાયાના અશુભ વ્યાપાર રૂપ ત્રણ દંડથી રહિત, તેમજ પક્ષીની માફક પ્રતિબંધ વગરના અને મોહ વગરના બની, ક્રમથી ઉત્પન્ન કેવલજ્ઞાનસંપન્ન અનાથી મુનિરાજ વસુધાતલ ઉપર વિચરે છે. આ પ્રમાણે હે જંબૂ ! : હું તને કહું છું. (૬૦-૭૫૧)

**વીસમું શ્રી મહાનિર્ગ્રંથીયાધ્યયન સંપૂર્ણ**

# શ્રી સમુદ્રપાલીયાધ્યયન-૨૧

**चंपाए पालिए नाम, सावए आसि वाणिए ।**
**महावीरस्स भगवओ, सीसे सो उ महप्पणो ॥ १ ॥**

**चम्पायां पालितो नाम, श्रावक आसीद्वणिग् ।**
**महावीरस्य भगवतः, शिष्यः स तु महात्मनः ॥ १ ॥**

**અર્થ –** ચંપા નગરીમાં પાલિત નામનો વણિક જાતિનો શ્રાવક હતો, કે જે ભગવાન શ્રી મહાવીરદેવથી પ્રતિબોધ પામેલો હોવાથી તેઓશ્રીના શિષ્ય તરીકે પ્રસિદ્ધ હતો. (૧-૭૫૨)

**निग्गंथे पावयणे, सावए से वि कोविए ।**
**पोएण ववहरंते, पिहुंडं नगरमागए ॥ २ ॥**

**नैर्ग्रन्थे प्रवचने, श्रावकः सोऽपि कोविदः ।**
**पोतेन व्यवहरन्, पिहुण्डं नगरमागतः ॥ २ ॥**

**અર્થ –** તે શ્રાવક, નિર્ગ્રંથપ્રવચન-જૈનશાસનમાં મહાન્ પંડિત બનેલો અને એક સમયે વહાણો દ્વારા વ્યાપાર કરતો પિહુંડ નામના નગરમાં આવ્યો. (૨-૭૫૩)

**पिहुंडे ववहरंतस्स, वाणिओ देइ धूअरं ।**
**तं ससत्तं पइगिज्झ, सदेसमह पत्थिओ ॥ ३ ॥**

**पिहुण्डे व्यवहरते वणिग् ददाति दुहितरम् ।**
**तां ससत्त्वां प्रतिगृह्य, स्वदेशमथ प्रस्थितः ॥ ३ ॥**

**અર્થ –** પિહુંડ નગરમાં વ્યાપાર કરતા પાલિત શ્રાવકને, તેના ગુણથી આકર્ષાયેલ કોઈ વાણીયાએ પોતાની દીકરી પરણાવી. તે કેટલાક કાળ સુધી ત્યાં રહ્યો અને સમય જતાં ગર્ભવંતી પોતાની પ્રિયાને સાથે લઈ સમુદ્રમાર્ગે સ્વદેશ તરફ રવાના થયો. (૩-૭૫૪)

**अह पालिअस्स घरणी, समुद्दमि पसवई ।**
**अह दारए तहिं जाए, समुद्दपालित्ति नामए ॥ ४ ॥**

**अथ पालितस्य गृहिणी, समुद्रे प्रसूते ।**
**अथ दारकस्तत्र जातः, समुद्रपाल इति नामतः ॥ ४ ॥**

**અર્થ –** હવે સમુદ્રમાર્ગમાં પાલિતની પત્નીએ પુત્રને જન્મ આપ્યો. સમુદ્રમાં બાળક જન્મેલો હોવાથી 'સમુદ્રપાલ' - એ નામથી તે પ્રસિદ્ધ થયો. (૪-૭૫૫)

**खेमेण आगए चंपं, सावए वाणिए घरं ।**
**संवड्ढए घरे तस्स, दारए से सुहोइए ॥ ५ ॥**

**क्षेमेण आगतश्चम्पां, श्रावको वणिग् गृहम् ।**
**संवर्द्धते गृहे तस्य, दारकः स सुखोचित ॥ ५ ॥**

**અર્થ –** ક્ષેમકુશલપૂર્વક ચંપાનગરીમાં સ્ત્રી-પુત્રસહિત, તે પાલિત શ્રાવક પોતાના ઘરે આવી પહોંચ્યો. હવે તે સમુદ્રપાલ સુખયોગ્ય લાડકોડમાં પાલિતના ઘરે મોટો થઈ રહ્યો છે. (૫-૭૫૬)

**बावत्तरीकलाओ अ, सिक्खिए नीइकोविए ।**
**जुव्वणेण अ अप्फुण्णे, सुरूवे पियदंसणे ॥ ६ ॥**

**द्वासप्तर्ति कलाश्च, शिक्षितो नीतिकोविदः ।**
**यौवनेन च व्याप्तः, सुरूपः प्रियदर्शनः ॥ ६ ॥**

**અર્થ –** બ્હોંતેર કલાઓની શિક્ષાને પામેલ અને નીતિપંડિત બનેલો પ્રિયદર્શન-રૂપવંત સમુદ્રપાલ હવે યૌવનવંત બન્યો. (૬-૭૫૭)

**तस्स रूववइ भज्जं, पिआ आणेइ रूविणिं ।**
**पासाए कीलए रम्मे, देवो दोगुंदगो जहा ॥ ७ ॥**

**तस्य रूपवतीं भार्यां, पिताऽऽनयति रूपिणीम् ।**
**प्रासादे क्रीडति रम्ये, देवो दोगुन्दको यथा ॥ ७ ॥**

**અર્થ –** પાલિત પિતાએ રૂપવંતી રૂપિણી નામની કન્યા સાથે સમુદ્રપાલને પરણાવ્યો અને દોગુંદક દેવની માફક રમણીય પ્રાસાદ-મહેલમાં રૂપિણી સાથે રમે છે. (૭-૭૫૮)

**अह अन्नया कयाई, पासायालोयणे ठिओ ।**
**वज्झमण्डणसोभागं, वज्झं पासइ बज्झगं ॥ ८ ॥**

**अथान्यदा कदाचित्, प्रासादालोकने स्थितः ।**
**वध्यमंडनशोभाकं वध्यं पश्यति वध्यगम् ॥ ८ ॥**

**અર્થ –** હવે એક સમયે ગવાક્ષમાં ઉભો રહેલ સમુદ્રપાલ, લાલ ચંદનનું વિલેપન, કરેણની ફૂલમાળા આદિ રૂપ વધ્યમંડનોથી શોભતા કોઈ એક વધયોગ્ય પુરૂષને વધ્યભૂમિમાં લઈ જવાતો જુએ છે. (૮-૭૫૯)

**तं पासिऊण संविग्गो, समुद्दपालो इणमब्बवी ।**
**अहो असुहाण कम्माणं, निज्जाणं पावगं इमं ॥ ९ ॥**

**तं दृष्ट्वा संविग्नः, समुद्रपाल इदमब्रवीत् ।**
**अहो अशुभानां कर्मणां, निजानां पापकमिदम् ॥ ९ ॥**

**અર્થ –** સંવેગના કારણ રૂપ આ દૃશ્ય જોઈ સમુદ્રપાલ આ પ્રમાણે બોલ્યો કે-અહો ! અશુભ કર્મોનો કેવો અશુભ અંત-વિપાક છે કે-જુઓ ! આ દયાપાત્ર બીચારાને વધ માટે લઈ જવાય છે. (૯-૭૬૦)

**संबुद्धो सो तहिं भयवं, परमं संवेगमागओ ।**
**आपुच्छयाम्मापिअरो, पव्वए अणगारियं ॥ १० ॥**

**सम्बुद्धः स तत्र भगवान्, संवेगमागतः ।**
**आपृच्छ्य मातापितरौ, प्राव्राजीदनगारिताम् ॥ १० ॥**

**અર્થ –** આ પ્રમાણે વિચાર કરતાં જાગૃતિને પામેલ ઝરૂખામાં ઉભા રહેલ સમુદ્રપાલ, પરમ સંવેગમાં આવીને મા-બાપથી રજા મેળવી સાધુતાને પામ્યો. (૧૦-૭૬૧)

**जहित्तु संगं च महाकिलेसं, महंतमोहं कसिणं भयावहं ।**
**परिआयधम्मं चऽभिरोअइज्जा वयाणि सीलाणि परीसहे य ॥ ११ ॥**

**हित्वा सङ्गं च महाक्लेशं, महामोहं कृत्स्नं भयावहम् ।**
**पर्यायधर्मं चाभिरोचयेत्, व्रतानि शीलानि परीषहांश्च ॥ ११ ॥**

**અર્થ –** કૃષ્ણ લેશ્યાના કારણ રૂપ કે સંપૂર્ણ અને વિવેકીઓને ભયજનક, સ્વજનો વગેરે સંબંધ રૂપ સંગને અને મહા દુઃખજનક સ્ત્રી વગેરે વિષયવાળા કે અજ્ઞાનરૂપ મહામોહને છોડી, હે આત્મન્ ! તું મહાવ્રત વગેરે રૂપ પર્યાયધર્મને પસંદ કરજે ! તેમજ મહાવ્રતોને, ઉત્તરગુણ રૂપ શીલોને અને પરીષહોને પણ સહવાનું તું પસંદ કરજે ! (૧૧-૭૬૨)

**अहिंस सच्चं च अतेणगं च, तत्तो य बंभं अपरिग्गहं च ।**
**पडिवज्जिया पंच महव्वयाणि, चरिज्ज धम्मं जिणदेसियं विऊ ॥ १२ ॥**

**अहिंसां सत्यं चास्तैन्यं च, ततश्च ब्रह्म अपरिग्रहं च ।**
**प्रतिपद्य पञ्च महाव्रतानि, चरेत् धर्मं जिनदेशितं विद् ॥ १२ ॥**

**અર્થ –** હે મહાત્મન્ ! અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-આ પાંચ મહાવ્રતોને સ્વીકારી તેનું યથાર્થ પાલન તારે કરવાનું છે. તેમજ વિદ્વાન એવા આપે શ્રી જિનકથિત શ્રુત-ચારિત્ર રૂપ ધર્મનું પાલન કરવાનું છે. (૧૨-૭૬૩)

**सव्वेहिं भूएहिं दयाणुकंपी, खंतिक्खमे संजयबंभयारी ।**
**सावज्जजोगे परिवज्जयन्तो, चरिज्ज भिक्खू सुसमाहिइन्दिए ॥ १३ ॥**

**सर्वेषु भूतेषु दयानुकम्पी, क्षान्तिक्षमः संयतब्रह्मचारी ।**
**सावद्ययोगं परिवर्जयन्, चरेद् भिक्षुः सुसमाहितेन्द्रिय : ॥ १३ ॥**

**અર્થ –** હે સાધુ ! સઘળાં પ્રાણીઓ ઉપર હિતના ઉપદેશ રૂપ અને રક્ષણ રૂપ દયાથી અનુકંપન સ્વભાવવાળા, ક્ષમા વડે નહિ કે અશક્તિથી દુર્વચન વગેરે સહન કરનારા, સમ્યગ્ યતનાવાળા, બ્રહ્મચારી, તેમજ ઈન્દ્રિય-મનોવિજેતા બની અને સર્વથા પાપમય પ્રવૃત્તિને છોડી તમારે સંયમમાં વિચરવું જોઈએ. (૧૩-૭૬૪)

**कालेण कालं विहरिज्ज रट्ठे, बलाबलं जाणिय अप्पणो य ।**
**सीहो व सद्देण न संतसिज्जा, वइजोग सुच्चा न असब्भमाहु ॥ १४ ॥**

**कालेन कालं विहरेद्राष्ट्रे, बलाबलं ज्ञात्वाऽऽत्मनश्च ।**
**सिंह इव शब्देन न संत्रस्येद्वाग्योगं श्रुत्वा नासभ्यं ब्रूयात् ॥ १४ ॥**

**અર્થ –** હે સાધો ! સમયમસર અને સમયોચિત પડિલેહણ-પ્રતિક્રમણ વગેરે કાર્યો કરનાર તમારે જેમ સંયમયોગની હાનિ ન થાય, તેમ પોતાના સહિષ્ણુત્વ-અસહિષ્ણુત્વ રૂપ બલાબલને જાણી દેશ-ગ્રામ વગેરે સ્થળોમાં વિહાર કરવો જોઈએ. હે આત્મન્ ! તમારે સિંહની માફક ભયંકર શબ્દ સાંભળી સત્ત્વથી ચલિત નહિ થવાનું, તેમજ કોઈનું અશુભ વચન સાંભળી અસભ્ય વચન પણ નહિ બોલવાનું. (૧૪-૭૬૫)

**उवेहमाणो उ परिव्वइज्जा, पियमप्पियं सव्व तितिक्खइज्जा ।**
**न सव्व सव्वत्थ अभिरोयएज्जा, न यावि पूयं गरहव संजए ॥ १५ ॥**

उपेक्षमाणस्तु परिव्रजेत्, प्रियमप्रियं सर्वं तितिक्षेत् ।
न सर्वं सर्वत्राभिरोचयेन्नापि पूजां गर्हां च संयतः ॥ १५ ॥

**અર્થ –** હે ભિક્ષુક ! તમારે ખરાબ બોલનારની ઉપેક્ષા કરી ચારિત્રમાં વિચરવાનું, પ્રિય અને અપ્રિય સઘળું સહન કરવાનું, દેખ્યા પ્રમાણે સઘળી વસ્તુની અભિલાષા નહિ કરવાની તથા પરનિંદા કે સ્વપૂજા-પ્રશંસાની અભિલાષા નહિ કરવાની. (૧૫-૭૬૬)

**अणेगछंदा इह माणवेहिं, जे भावओ संपकरेइ भिक्खू ।**
**भयभेरवा तत्थ उइन्ति भीमा, दिव्वा मणुस्सा अदुवा तिरिच्छा ॥ १६ ॥**
**परीसहा दुव्विसहा अणेगे, सीयंति जत्थ बहुकायरा नरा ।**
**से तत्थ पत्ते न वहिज्ज भिक्खू संगामसीसे इव नागराया ॥ १७ ॥ युग्मम् ॥**

अनेकछन्दा इह मानवेषु, यान् भावतः सम्प्रकरोति भिक्षुः ।
भयभैरवास्तत्रोद्यन्ति भीमाः, दिव्या मानुष्यका यदुत तैरश्चाः ॥ १६ ॥
परीषहा दुर्विषहाः अनेके, सीदन्ति यत्र बहु कातरा नराः ।
स तत्र प्राप्तो न व्यथेत भिक्षुः, संग्रामशीर्ष इव नागराजः ॥ १७ ॥ युग्मम् ॥

**અર્થ –** જેમ આ જગતમાં મનુષ્યોમાં અનેક અભિપ્રાયો થાય છે, તેમ કર્મવશ બનેલો સાધુ પણ ચિત્તવૃત્તિથી અનેક અભિપ્રાયો અત્યંત કરે છે અને તેથી મુનિએ આ પ્રમાણે જ આત્માને અનુશાસન કરવું જોઈએ. વળી વ્રતના અંગીકારમાં દેવ-મનુષ્ય-તિર્યંચકૃત ભયંકર-રૌદ્ર ઉપસર્ગો ઉદયમાં આવે છે. જ્યારે અનેક દુઃસહ પરિષહો ઉદયમાં આવે છે, ત્યારે અત્યંત સત્ત્વ વગરના-કાયર મનુષ્યો સંયમ પ્રત્યે શિથિલ થાય છે, પરંતુ સત્ત્વશાલી તમારે હે ભિક્ષુક ! યુદ્ધના મોખરે રહેલ ગજરાજની માફક તે ઉપસર્ગો કે પરીષહો પ્રાપ્ત થવા છતાંય સત્ત્વથી ચલિત નહિ થવું. (૧૬+૧૭-૭૬૭+૭૬૮)

**सीओसिणा दंसमसगा य फासा, आयंका विविहा फुसन्ति देहं ।**
**अकुक्कुओ तत्थऽहियासइज्जा रयाइं खेविज्ज पुराकडाइं ॥ १८ ॥**

शीतोष्णदंशमशकाश्च स्पर्शाः, आतङ्का विविधा स्पृशन्ति देहम् ।
अकुकूजः तत्राध्यासयेद्रजांसि क्षिपेत् पुराकृतानि ॥ १८ ॥

**અર્થ –** હે સાધુ ! જ્યારે તમારા શરીરને શીત-ઉષ્ણ-દંશમશક-તૃષ્ણસ્પર્શ-રોગ વગેરે વિવિધ પરિષહો સ્પર્શે - પીડા કરે, ત્યારે તમારે ચુંકે

ચાં કર્યા સિવાય પૂર્વોક્ત પરીષહો સહન કરવાના છે અને સહિષ્ણુ બની પૂર્વકૃત કર્મોનો ક્ષય કરવાનો છે. (૧૮-૭૬૯)

**पहाय रागं च तहेव दोसं, मोहं च भिक्खू सययं वियक्खणो ।**
**मेरुव्व वाएण अकंपमाणो परीसहे आयगुत्ते सहिज्जा ॥ १९ ॥**

प्रहाय रागं च तथैव द्वेषं, मोहं च भिक्षुः सततं विचक्षणः ।
मेरुरिव वातेनाकम्प्यमानः, परीषहानात्मगुप्तः सहेत् ॥ १९ ॥

**અર્થ –** રાગ, દ્વેષ અને મોહને સતત છોડી વિચક્ષણ મુનિએ, પવનથી નહિ કંપનાર મેરૂપર્વતની માફક અડગ રહી-ગુપ્ત આત્મા બની પરીષહો જીતવાના છે. (૧૯-૭૭૦)

**अणुण्णए नावणए महेसी नयावि पूअं गरहं च संजए ।**
**से उज्जुभावं पडिवज्ज संजये, निव्वाणमग्गं विरए उपेइ ॥ २० ॥**

अनुन्नतो नावनतो महर्षिः, न चापि पूजां गर्हां च सजेत् ।
स ऋजुभावं प्रतिपद्य संयतो, निर्वाणमार्गं विरत उपैति ॥ २० ॥

**અર્થ –** મહર્ષિ, પૂજા-સત્કાર થતાં ઉન્નતિ-અભિમાનનો સંગ ન કરે ! તથા જો પરકૃત નિંદા-ગર્હા થાય તો અવનતિ-દીનતાનો સંગ ન કરે ! આ પ્રમાણે આત્માના અનુશાસનને પામેલો સરલતા-સમતા મેળવી સંયમી-વિરતિધર તે મહર્ષિ, સમ્યગ્જ્ઞાન આદિ રૂપ મોક્ષમાર્ગને પામે છે. (૨૦-૭૭૧)

**अरइरइसहे पहीणसंथवे, विरए आयहिए पहाणवं ।**
**परमट्ठपयेहिं चिट्ठई, छिन्नसोए अममे अकिंचणे ॥ २१ ॥**

अरतिरतिसहः प्रहीणसंस्तवः विरत आत्महितः प्रधानवान् ।
परमार्थपदेषु तिष्ठति, छिन्नशोकः, अममः, अकिञ्चनः ॥ २१ ॥

**અર્થ –** સંયમના વિષે અરતિને અને અસંયમના વિષે રતિને સહન કરનારો, એ બન્નેથી બાધિત નહિ થનારો, પહેલાંના કે પછીના પરિચયથી રહિત, વિરતિધર, આત્મહિતકારી, સંયમ રૂપ પ્રધાનવાળો અને શોક-મમતા-પરિગ્રહ વગરનો મુનિ, મોક્ષના સમ્યગ્દર્શન વગેરે પદોમાં સ્થિર રહે છે. (૨૧-૭૭૨)

**विवित्तलयणाणि भइज्ज ताई, निरूवलेवाइं असंथडाइं ।**
**इसीहिं चिण्णाइं महायसेहिं, कायेण फासिज्ज परीसहाइं ॥ २२ ॥**

विविक्तलयनानि भजेत् त्रायी, निरुपलेपान्यसंस्कृतानि ।
ऋषिभिश्चीर्णानि महायशोभिः, कायेन स्पृशति परीषहान् ॥ २२ ॥

**અર્થ –** બીજ આદિથી અવ્યાપ્ત, ભાવથી રાગરહિત, દ્રવ્યથી તેના માટે નહિ લેપાએલ અને મહા યશસ્વી ઋષિઓથી આચરેલ, ષડ્જીવનિકાયરક્ષક મુનિ, સ્ત્રી વગેરેથી રહિત ઉપાશ્રયોનું સેવન કરે તથા શરીરથી પરિષહોને સહન કરે. (૨૨-૭૭૩)

**सन्नाणनाणोवगए महेसी, अणुत्तरं चरिउं धम्मसचयं ।**
**अणुत्तरे नाणधरे जसंसी, औभासई सूरइवंतलिक्खे ॥ २३ ॥**

**सन्नानाज्ञानोपगतो महर्षिरनुत्तरं चरित्वा धर्मसंचयं ।**
**अनुत्तरो ज्ञानधरो यशस्व्यवभासते सूर्य इवान्तरिक्षे ॥ २३ ॥**

**અર્થ –** તે સમુદ્રપાલ મહર્ષિ, શ્રુતજ્ઞાનથી ક્રિયાકલાપના જ્ઞાન સહિત અનુત્તર ક્ષમા વગેરેનો ધર્મસંચય કરી, આકાશમાં સૂર્યની માફક યશસ્વી અને અનુત્તર જ્ઞાનધારી-કેવલજ્ઞાની જગતમાં પ્રકાશે છે. (૨૩-૭૭૪)

**दुविहं खवेऊण य पुण्णपावं, निरंजणे सव्वओ विप्पमुक्के ।**
**तरित्ता समुद्दं व महाभवोहं, समुद्दपालो अपुणागमं गए त्तिबेमि ॥ २४ ॥**

**द्विविधं क्षपयित्वा च पुण्यपापं, निरञ्जनः सर्वतो विप्रमुक्तः ।**
**तीर्त्वा समुद्रमिव महाभवौघं, समुद्रपालोऽपुनरागमं गतः ॥ इति ब्रवीमि ॥ २४ ॥**

**અર્થ –** ઘાતી-અઘાતી ભેદથી બે પ્રકારનું, શુભ-અશુભ પ્રકૃતિ રૂપ બે પ્રકારનું અર્થાત્ કર્મ માત્રનો ક્ષય કરી, સંયમ પ્રતિ નિશ્ચલ અર્થાત્ શૈલેશી અવસ્થાને પામેલ, સર્વથી-બાહ્ય-અભ્યંતર રાગહેતુ માત્રથી રહિત, તેમજ સમુદ્ર સમાન દેવ વગેરે જન્મપ્રવાહને તરીને, સમુદ્રપાલ મહર્ષિ, અપુનરાગમન ગતિ રૂપ મુક્તિમાં ગયા. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૨૪-૭૭૫)

**એકવીસમું શ્રી સમુદ્રપાલીયાધ્યયન સંપૂર્ણ.**

# શ્રી રથનેમિયાધ્યયન-૨૨

सोरियपुरं मि नयरे, आसि राया महड्ढिए ।
वसुदेवत्ति नामेणं, रायलक्खणसंजुए ॥ १ ॥

तस्स भज्जा दुवे आसि रोहिणी देवई तहा ।
तासिं दोण्हपि दो पुत्ता, इट्ठा रामकेसवा ॥ २ ॥

सोरियपुरंमि नयरे, आसि राया महड्ढिए ।
समुद्दविजये नामं, रायलक्खणसंजुए ॥ ३ ॥

तस्स भज्जा सिवा नाम, तीसे पुत्तो महायसो ।
भयवं अरिट्ठनेमित्ति, लोगनाहे दमीसरे ॥ ४ ॥ चतुर्भिःकलापकम् ॥

शौर्यपुरे नगरे आसीत्, राजा महर्द्धिकः ।
वसुदेव इति नाम्ना, राजलक्षणसंयुक्तः ॥ १ ॥

तस्य भार्ये द्वे अभूतां, रोहिणी देवकी तथा ।
तयोर्द्वयोरपि द्वौ पुत्रौ, इष्टौ रामकेशवौ ॥ २ ॥

शौर्यपुरे नगरे आसीत्, राजा महर्द्धिकः ।
समुद्रविजयो नाम, राजलक्षणसंयुक्तः ॥ ३ ॥

तस्य भार्या शिवा नाम्नी, तस्याः पुत्रो महायशाः ।
भगवानरिष्टनेमिरिति, लोकनाथो दमीश्वरः ॥ ४ ॥ चतुर्भिःकलापकम् ॥

**અર્થ –** શૌર્યપુર નગરમાં ચક્ર, સ્વસ્તિક, અંકુશ આદિ કે શૌર્ય, ઔદાર્ય આદિ રૂપ રાજલક્ષણવંતા, મહર્દ્ધિક વસુદેવ નામના રાજા હતા. તેમને રોહિણી અને દેવકી બે રાણીઓ હતી. તે બન્નેને ક્રમસર રામ અને કેશવ નામના બે વ્હાલા પુત્રો હતા. વળી આ જ નગરમાં રાજલક્ષણયુક્ત, મહર્દ્ધિક સમુદ્રવિજય નામના રાજા હતા. તેમને શીવા નામની રાણી હતી. તે રાણીને કૌમારવયમાં કામવિજેતા હોવાથી દમીશ્વર મહા યશસ્વી, લોકનાથ ભગવાન શ્રી અરિષ્ટનેમિ નામના પુત્ર હતા. (૧ થી ૪-૭૭૬ થી ૭૭૯)

सो रिट्ठनेमिनामो उ, लक्खणस्सरसंजुओ ।
अट्ठसहस्सलक्खणधरो, गोअमो कालगच्छवी ॥ ५ ॥

वज्जरिसहसंघयणो, समचउरंसो झसोदरो ।
तस्स राईमई कन्नं, भज्जं जायइ केसवो ॥ ६ ॥

अह सा रायवरकन्ना, सुसीला चारुपेहिणी ।
सव्वलक्खणसंपन्ना, विज्जुसोयामणिप्पभा ॥ ७ ॥ त्रिभिर्विशेषकम् ॥

सोऽरिष्टनेमिनामा तु, लक्षणस्वरसंयुतः ।
अष्टसहस्रलक्षणधरः, गौतमः कालकच्छविः ॥ ५ ॥

वज्रर्षभसंहननः, समचतुरस्रः झषोदरः ।
तस्य राजीमतीं कन्यां, भार्यां याचते केशवः ॥ ६ ॥

अथ सा राजवरकन्या, सुशीला चारुप्रेक्षिणी ।
सर्वलक्षणसंपन्ना, विद्युत्सौदामिनीप्रभा ॥ ७ ॥ त्रिभिर्विशेषकम् ॥

**अर्थ –** માધુર્ય, ગાંભીર્ય વગેરે સ્વરના લક્ષણવાળા, શુભસૂચક રેખા રૂપ એક હજાર ને આઠ ચક્ર આદિ લક્ષણધારી, ગૌતમ ગોત્રવાળા, શ્યામ ચામડીવાળા, મત્સ્યના આકારના ઉદરવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા અને સમચતુરસ્ર સંસ્થાનવાળા અરિષ્ટ નેમિકુમારને, રાજીમતી કન્યાને પરણાવવા માટે કેશવજીએ, રાજીમતીના પિતા ઉગ્રસેનની પાસે, સુશીલા, મનોહર દેખાવવાળી, વિજળી સમાન પ્રભા અને વર્ણવાળી, સર્વલક્ષણવંતી રાજીમતીની અરિષ્ટ નેમિ માટે યાચના કરી. (૫ થી ૭-૭૮૦ થી ૭૮૨)

अहाह जणओ तीसे, वासुदेवं महड्ढियं ।
इहागच्छउ कुमारो, जा से कन्न दलामहं ॥ ८ ॥

सव्वोसहीहिं ण्हविओ, कयकोउअमंगलो ।
दिव्वजुअलपरिहिओ, आभरणेहिं विभूसिओ ॥ ९ ॥

मत्तं च गंधहित्थं च, वासुदेवस्स जिट्ठगं ।
आरूढो सोहई अहिअं, सिरे चूडामणी जहा ॥ १० ॥

अह ऊसिएण छत्तेण, चामराहि अ सोहिओ ।
दसारचक्केण तओ, सव्वओ परिवारिओ ॥ ११ ॥

चउरंगिणीए सेणाए, रइआए जहक्कमं ।
तुडिआणं सन्निनाएणं, दिव्वेणं गगणंफुसे ॥ १२ ॥

**एयारिसीए इड्ढीए, जुइए उत्तमाए य ।**
**नियमाओ भवणाओ, निज्जाओ वण्हिपुंगवो ॥ १३ ॥ षड्भिः कुलकम् ॥**

**अथाह जनकस्तस्याः, वासुदेवं महर्द्धिकम् ।**
**इहागच्छतु कुमारो, येन तस्मै कन्यां ददाम्यहम् ॥ ८ ॥**

**सर्वौषधिभिस्स्नपितः, कृतकौतुकमङ्गलः ।**
**दिव्ययुगलपरिहितः, आभरणैर्विभूषितः ॥ ९ ॥**

**मत्तं च गन्धहस्तिनं, वासुदेवस्य ज्येष्ठकम् ।**
**आरूढश्शोभतेऽधिकं, शिरसि यथा चूडामणिः ॥ १० ॥**

**अथोच्छ्रितेन छत्रेण, चामराभ्यां च शोभितः ।**
**दशार्हचक्रेण ततस्सर्वतः परिवारितः ॥ ११ ॥**

**चतुरङ्गिण्या सेनया, रचितया यथाक्रमम् ।**
**तूर्याणां सन्निनादेन, दिव्येन गगनस्पृशा ॥ १२ ॥**

**एतादृश्या ऋद्धया, द्युत्योत्तमया च ।**
**निजकाद् भवनाद् निर्यातो, वृष्णिपुङ्गवः ॥ १३ ॥ षड्भिः कुलकम् ॥**

**अर्थ –** હવે યાચના કર્યા બાદ તે રાજીમતીના પિતાએ, મહર્દ્ધિક વાસુદેવને કહ્યું કે–'ખુશીથી અરિષ્ટ નેમિકુમાર અહીં પધારે ! કે જેથી તેમને વિવાહ-વિધિપૂર્વક મારી રાજીમતી કન્યા પરણાવું.' આ પ્રમાણે ઉગ્રસેનના કથન બાદ બંને કુલમાં વધામણાં થયાં. કોષ્ટુકી જોષીએ આપેલ નજીકના વિવાહના મુહૂર્ત્તે, જેમણે જયા-વિજયા-ૠદ્ધિ-વૃદ્ધિ વગેરે સર્વ ઔષધીઓથી સ્નાન કર્યું છે, જેમણે લલાટમાં મુશલનો સ્પર્શ આદિ કૌતુક અને દહીં-અક્ષત વગેરે મંગલો કર્યાં છે, જેમણે દિવ્ય-દેવદૂષ્યની જોડીનું પરિધાન કર્યું છે અને જેઓ બરાબર ભૂષણોની વિભૂષાવાળા છે, એવા અરિષ્ટ નેમિકુમાર, વાસુદેવના જયેષ્ઠ પટ્ટહાથી ઉપર આરૂઢ થયેલા મસ્તકમાં રહેલ ચૂડામણિની માફક અત્યંત શોભી રહ્યા છે. મસ્તક ઉપર ધરાયેલ છત્રથી અને બંને બાજુએ વીંજાતા ચામરોથી શોભતા, સમુદ્રવિજયાદિ વાસુદેવ પર્યંતના દશ ભાઈઓ રૂપ દશાર્હોથી યુક્ત, સઘળા પરિવારથી પરિવરેલા, ક્રમસર ગોઠવાયેલી ચતુરંગી સેના સહિત, આકાશવ્યાપી દિવ્ય વાજિંત્રોના સુંદર ધ્વનિઓથી યુક્ત, ઉત્તમ દીપ્તિસંપન્ન, પૂર્વોક્ત સાહ્યબીના દબદબાપૂર્વક અને યદુવંશ રૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન અરિષ્ટ નેમિકુમાર, પોતાના રાજમહાલયમાંથી નીકળી ધામધુમથી વાજતે-ગાજતે લગ્નમંડપના નજીક પ્રદેશમાં આવી પહોંચ્યા. (૮ થી ૧૩-૭૮૩ થી ૭૮૮)

अह सो तत्थ निज्जंतो, दिस्स पाणे भयद्दुए ।
वाडेहिं पंजरेहिं च, सन्निरुद्धे सुदुक्खिए ॥ १४ ॥

जीवियंतं तु संपत्ते, मंसट्ठा भक्खियव्वए ।
पासित्ता से महापन्ने, सारहिं इणमब्बवी ॥ १५ ॥

कस्स अट्ठा इमे पाणा, एए सव्वे सुहेसिणो ।
वाडेहिं पंजरेहिं च, सन्निरुद्धा य अच्छहिं ॥ १६ ॥

अह सारही तओ भणइ, एए भद्दा उ पाणिणो ।
तुज्झं विवाहकज्जंभि, भोयावेउं बहु जणं ॥ १७ ॥

सोऊण तस्स वयणं, बहुपाणिविणासणं ।
चिंतेइ से महापन्ने, साणुक्कोसे जिएहि उ ॥ १८ ॥

जइ मज्झ कारणा एए हम्मन्ति सुबहू जिया ।
न मे एयं तु निस्सेसं, परलोगे भविस्सई ॥ १९ ॥

सो कुण्डलाण जुयलं सुत्तगं च महायसो ।
आहरणाणि य सव्वाणि, सारहिस्स पणामई ॥ २० ॥ सप्तभिः कुलकम् ॥

अथ स तत्र निर्यन्, दृष्ट्वा प्राणान् भयद्रुतान् ।
वाटकैः पञ्जरैश्च, सन्निरुद्धान्सुदुःखितान् ॥ १४ ॥

जीवितान्तं तु सम्प्राप्तान्मांसार्थं भक्षयितव्यान् ।
दृष्ट्वा स महाप्रज्ञस्सारथिमिदमब्रवीत् ॥ १५ ॥

कस्यार्थमिमे प्राणा, एते सर्वे सुखैषिणः ।
वाटकैः पञ्जरैश्च, सन्निरुद्धाश्च आसते ॥ १६ ॥

अथ सारथिस्ततो भणत्येते भद्रास्तु प्राणिनः ।
तव विवाहकार्ये, भोजयितुं बहून् जनान् ॥ १७ ॥

श्रुत्वा तस्य वचनं, बहुप्राणिविनाशनम् ।
चिन्तयति स महाप्राज्ञस्सानुक्रोशो जीवेषु तु ॥ १८ ॥

यदि मम कारणादेते, हनिष्यन्ते, सुबहवो जीवाः ।
न मे एतत्तु निःश्रेयसं, परलोके भविष्यति ॥ १९ ॥

स कुण्डलयोर्युगलं, सूत्रकं च महायशाः ।
आभरणानि च सर्वाणि सारथये अर्पयति ॥ २० ॥ सप्तभिः कुलकम् ॥

**અર્થ** – હવે અરિષ્ટ નેમિકુમાર, મંડપ નજીકના પ્રદેશમાં આગળ જતાં, મરણના અવસરે પહોંચેલા, અવિવેકીઓથી માંસ માટે ભક્ષણીય, વાડા અને પાંજરાઓમાં અત્યંત પૂરાયેલા, એથી જ ઘણા દુઃખી, ભયત્રસ્ત મૃગ આદિ પ્રાણીઓને જોઈ, મહા જ્ઞાની ભગવાન મહાવતને પૂછે છે કે-કયા હેતુથી સુખના ઇચ્છુક આ તમામ મૃગો વગેરે પ્રાણીઓ વાડા અને પાંજરાઓમાં પૂરાયેલા રહેલા છે ? તેનો સારથી જવાબ આપે છે કે-'આપના ગૌરવ આદિ રૂપ વિવાહકાર્યમાં ઘણા જનને જમાડવા માટે કલ્યાણ રૂપ હરણ આદિ પ્રાણીઓને વાડા વગેરેમાં પૂરેલા છે.' સારથિના આવાં વચન સાંભળ્યા બાદ, જીવો ઉપર કરુણાવાળા મહાજ્ઞાની ભગવાન, બહુ પ્રાણીઓનો વિનાશ જોઈ ચિંતન ચલાવે છે કે-જો મારા નિમિત્તે આ સઘળા જીવો હણાશે તો આ જીવહિંસા, ભવાન્તરોમાં પરલોક-ભીરૂતાનો અત્યંત અભ્યાસ કરેલો હોવાથી કહે છે કે ભવિષ્યના પરલોકમાં કલ્યાણ રૂપ નથી. પ્રભુનો આ પ્રમાણે અભિપ્રાય જાણીને, વાડા અને પાંજરાઓમાંથી મૃગ વગેરે સઘળાં પ્રાણીઓને જ્યારે સારથી છોડાવે છે-અભયદાન અપાવે છે, ત્યારે મહા-યશસ્વી ભગવાન પરમ આનંદપૂર્વક તે સારથીને બે કુંડલો, કંદોરો અને સઘળાં આભરણોને પારિતોષિક રૂપે આપે છે. (૧૪ થી ૨૦-૭૮૯ થી ૭૯૫)

**मणपरिणामो अ कओ, देवा य जहोइयं समोइण्णा ।**
**सव्विड्ढीइ सपरिसा निक्खमणं तस्स काउं जे ॥ २१ ॥**

**देवमणुस्सपरिवुडो, सिबियारयणं तओ समारूढो ।**
**निक्खमिय बारगाओ रेवययंमि ठ्ठिओ भयवं ॥ २२ ॥**

**उज्जाणं संपत्तो, ओइण्णो उत्तमाओ सीयाओ ।**
**साहस्सीइ परिवुडो अह निक्खमई उ चित्ताहिं ॥ २३ ॥**

**अह सो सुगंधगंधिए, तुरिअं मउअकुंचिए ।**
**सयमेव लुंचई केसे पंचमुट्ठीहिं समाहिओ ॥ २४ ॥**

**वासुदेवो अ णं भणई, लुत्तकेसं जिइन्दिअं ।**
**इच्छिअमणोरहं तुरियं, पावसू तं दमीसरा ॥ २५ ॥**

**नाणेणं दंसणेणं च, चरित्तेणं तवेण य ।**
**खन्तीए मुत्तीए, वड्ढमाणो भवाहिं अ ॥ २६ ॥**

एवं ते रामकेसवा, दसारा य बहुजणा ।
अरिट्ठनेमिं वंदित्ता, अइगया बारगाउरिं ॥ २७ ॥

सोऊण रायवरकन्ना, पव्वज्जं सा जिणस्स उ ।
णीहासा उ णिराणंदा, सोगेण उ समुच्छिया ॥ २८ ॥

राईमई विचिंतेइ, धिरत्थु मम जीविअं ।
जाहं तेण परिच्चत्ता, सेअं पव्वइउं मम ॥ २९ ॥ नवभिर्कुलकम् ॥

मनःपरिणामश्च कृतः, देवाश्च यथोचितं समवतीर्णाः ।
सर्व्वर्द्धयां सपर्षदः, निष्क्रमणं तस्य कर्त्तुम् ॥ २१ ॥

देवमनुष्यपरिवृतः, शिबिकारत्नं ततस्समारूढः ।
निष्क्रम्य द्वारक्वातो, रैवतके स्थितः भगवान् ॥ २२ ॥

उद्यानं सम्प्राप्तोऽवतीर्णः, उत्तमायाश्शिबिकायाः ।
सहस्रेण परिवृतोऽथ, निष्क्रामति तु चित्रायाम् ॥ २३ ॥

अथ स सुगंधगंधिकान्, त्वरितं मृदुककुञ्चितान् ।
स्वयमेव लुञ्चति केशान्, पञ्चमुष्टिभिस्समाहितः ॥ २४ ॥

वासुदेवश्च एनं भणति, लुप्तकेशं जितेन्द्रियम् ।
ईप्सितमनोरथं त्वरितं, प्राप्नुहि त्वं दमीश्वर ! ॥ २५ ॥

ज्ञानेन दर्शनेन च, चारित्रेण तपसा च ।
क्षान्त्या मुक्त्या, वर्धमानो भव च ॥ २६ ॥

एवं तौ रामकेशवौ, दशार्हाश्च बहवो जनाः ।
अरिष्टनेमिं वन्दित्वा, अतिगताः द्वारकापुरीम् ॥ २७ ॥

श्रुत्वा राजवरकन्या, प्रव्रज्यां सा जिनस्य तु ।
निर्हासा च निरानन्दा, शोकेन तु समवस्तृता ॥ २८ ॥

राजीमती विचिन्तयति, धिगस्तु मम जीवितम् ।
यद्यहं तेन परित्यक्ता, श्रेयो प्रव्रजितुं मम ॥ २९ ॥ नवभिः कुलकम् ॥

**અર્થ** – સમુદ્રવિજય વગેરેના સમજાવવા છતાં પ્રભુ સર્વેને સમજાવી, પાછા ફરી અને લોકાન્તિક દેવોના આગમન બાદ વાર્ષિક દાન દઈ, જ્યારે અરિષ્ટનેમિકુમારે મનથી પ્રવ્રજ્યા સ્વીકારવાનો પરિણામ કર્યો, ત્યારે તે પ્રભુનો દીક્ષા કલ્યાણક મહોત્સવ ઉજવવા માટે, નિજ-નિજ પરિવારથી પરિવરેલા સર્વ ઋદ્ધિથી યુક્ત ચારેય નિકાયના દેવો અહીં ઉતરી આવ્યા હતા, દેવ અને મનુષ્યોથી પરિવરેલા તથા દેવોએ બનાવેલા ઉત્તરકુરૂ નામની શ્રેષ્ઠ

શિબિકામાં બેઠેલા અરિષ્ટનેમિકુમાર દ્વારકામાંથી નીકળી રૈવતાચલ આગળ આવ્યા અને સહસામ્રવન નામના ઉદ્યાનમાં પધાર્યા. તેઓશ્રી ઉત્તમ શિબિકામાંથી ઉતરીને, હજાર પુરૂષોની સાથે ચિત્રા નક્ષત્રમાં, સ્વભાવથી જ ખુશબોદાર, કોમલ-કુટિલ કેશોનો જલદી પોતે જ , સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગપૂર્વક અને સમાધિવાળા બની, પાંચ મુઠીઓથી લોચ કરી દીક્ષા ગ્રહણ કરે છે. બાદ તરત જ તેઓશ્રીને મનઃપર્યાયજ્ઞાનની પ્રાપ્તિ થતાં, કેશના લોચવાળા-જિતેન્દ્રિય શ્રી નેમિનાથ પ્રભુને વાસુદેવ વગેરે કહે છે કે-હે જિતેન્દ્રિય શિરોમણિ ! આપ જલદીમાં જલદી મહોદયની પ્રાપ્તિ રૂપ ઈષ્ટ મનોરથને પામજો ! વળી જ્ઞાનદર્શન-ચારિત્રથી તેમજ ક્ષમાથી અને પરમ સંતોષથી વધતા-વધતા થજો ! આ પ્રમાણે વાસુદેવ, દશાર્હો તેમજ ઘણા લોકો સ્તુતિ કરી, વંદના કરી દ્વારિકા નગરીમાં આવી ગયા. હવે રાજકન્યા રાજીમતી, શ્રી નેમિનાથ ભગવાનની દીક્ષા સાંભળી, સંગમની આશાનો ભંગ થવાથી તે સમયે હાસ્ય-આનંદ વગરની, શોકથી ઘેરાયેલી વિચારે છે કે-'ધિક્કાર છે મારા જીવનને !' બીજો પણ તે વિચાર કરે છે કે-'જો હું તે પ્રભુથી તજાયેલ છું તો મારે પ્રવ્રજ્યા લેવી એ જ શ્રેયસ્કર છે, કેમ કે-અન્ય જન્મમાં મને આવું દુઃખ ન થાય ! બીજી વાત એ છે કે-સતી સ્ત્રીઓ પતિને અનુસરનારી હોય છે-એવું વાક્ય પણ ચરિતાર્થ થાય !' (૨૧ થી ૨૯-૭૯૬ થી ૮૦૪)

**अह सा भमरसन्निभे, कुच्चफणगपसाहिए ।**
**सयमेव लुंचई केसे, धिइमंता ववस्सिआ ॥ ३० ॥**

**वासुदेवो यणं भणइ, लुत्तकेसं जिइंदियं ।**
**संसारसायरं घोरं, तर कण्णे लहुं लहुं ॥ ३१ ॥**

**सा पव्वइआ संती, पव्वावेसी तहिं बहुं ।**
**सयणं परिअणं चेव, सीलवंता बहुस्सुआ ॥ ३२ ॥ त्रिभिर्विशेषकम् ॥**

अथ सा भ्रमरसन्निभान्, कूर्चफणकप्रसाधितान् ।
स्वयमेव लुञ्चति केशान्, धृतिमती व्यवसिता ॥ ३० ॥

वासुदेवश्च एनां भणति, लुप्तकेशां जितेन्द्रियाम् ।
संसारसागरं घोरं, तर कन्ये ! लघु लघु ॥ ३१ ॥

सा प्रव्रजिता सती, प्रव्राजयामास तत्र बहून् ।
स्वजनान्परिजनांश्चैव, शीलवती बहुश्रुता ॥ ३२ ॥ त्रिभिर्विशेषकम् ॥

**અર્થ** – હવે તે રાજીમતી, કાંસકી વગેરેથી સંસ્કારિત કરેલ ભ્રમર જેવા શ્યામ કેશોને પોતે જ સ્વસ્થ ચિત્તવાળી અને ધર્મ પ્રત્યે ઉદ્યમવાળી બની લોચ કરે છે દીક્ષા સ્વીકારે છે. વળી વાસુદેવ, કેશના લોચવાળી-જિતેન્દ્રિય સાધ્વી રાજીમતીને કહે છે કે-'હે રાજકન્યે ! તમે જલદી-જલદી સંસારસાગર તરી જાઓ !' આર્યાવર્યા રાજીમતીએ દીક્ષા ગ્રહણ કર્યા બાદ બહુશ્રુતા-શીલવંતા બનીને ઘણા સ્વજન-પરિજન વર્ગને દીક્ષા અપાવી. (૩૦ થી ૩૨-૮૦૫ થી ૮૦૭)

**गिरिं च रेवययं जंती, वासेणोल्ला उ अंतरा ।**
**वासंते अंधयारम्मि, अंतो लयणस्स सा ठिआ ॥ ३३ ॥**

**चीवराइं विसारंती, जहा जायत्ति पासिआ ।**
**रहणेमी भग्गचित्तो, पच्छा दिट्ठो अ तीईवि ॥ ३४ ॥**

**भीया य सा तहिं दट्ठुं, एगंते संजयं तयं ।**
**बाहाहिं काउं संगोफं, वेवमाणी निसीयई ॥ ३५ ॥**

**अह सो पि रायपुत्तो, समुद्दविजयंगओ ।**
**भीयं पवेवियं दट्ठुं, इमं वक्कमुदाहरे ॥ ३६ ॥**

**रहनेमी अहं भद्दे, सुरूवे चारुभासिणी ।**
**गमां भयाहि सुअणु, न ते पीला भविस्सई ॥ ३७ ॥**

**एहि ता भुजिमो भोए, माणुस्सं खु सुदुल्लहं ।**
**भुत्तभोगा पुणो पच्छा, जिणमग्गं चरिस्सिमो ॥ ३८ ॥ षड्भिः कुलकम् ॥**

गिरिं रैवतकं यान्ती, वर्षेणार्द्रा त्वन्तरा ।
वर्षत्यन्धकारे, अन्तर्लयनस्य सा स्थिता ॥ ३३ ॥

चीवराणि विस्तारयन्ती, यथाजातेति दृष्ट्वा ।
रथनेमिर्भग्नचित्तः, पश्चाद्दृष्टश्च तयाऽपि ॥ ३४ ॥

भीता च सा तत्र दृष्ट्वा, एकान्ते संयतं तकम् ।
बाहुभ्यां कृत्वा संगोफं, वेपमाना निषीदती ॥ ३५ ॥

अथ सोऽपि राजपुत्रः, समुद्रविजयाङ्गजः ।
भीतां प्रवेपितां दृष्ट्वा, इदं वाक्यमुदाहरत् ॥ ३६ ॥

रथनेमिरहं भद्रे ! सुरूपे ! चारुभाषिणि ! ।
मां भजस्व सुतनो ! न ते पीडा भविष्यति ॥ ३७ ॥

एहि तस्माद् भुञ्जामहे भोगान्, मानुष्यं खलु सुदुर्लभं ।
भुक्तभोगाः पुनः पश्चात् जिनमार्गं चरिष्यामः ॥ ३८ ॥ षड्भिः कुलकम् ॥

**અર્થ** – એક વખત ભગવાન શ્રી નેમિનાથને વંદન કરવા માટે રૈવતાચલ ઉપર જતી સાધ્વી રાજીમતી, વરસાદથી ભિંજાયેલ વસ્ત્રવાળી બનેલી, મેઘ વરસતો હોવાથી પ્રકાશરહિત અંધકાર થવાથી અર્ધા રસ્તે ગિરિગુફામાં ગયાં, ત્યાં વસ્ત્રો સુકવતી તે આવરણ વગરની જન્માવસ્થા જેવી થઈ. આવી રીતિએ તે રાજીમતીને જોતાં રથનેમિ સંયમ પ્રતિ ભગ્નચિત્તવાળો બન્યો અર્થાત્ કામાતુર થયો. તે પછી રાજીમતીએ પણ તે રથનેમિને જોયો. ત્યારબાદ 'બળાત્કારથી આ મારા શીલનો ભંગ ન કરે.'-એમ ધારી, ભયવાળા બની, ત્યાં એકાંતમાં તે સાધુને જોતાં બે હાથથી સ્તન ઉપર મર્કટ બંધ કરી, રાજીમતી શીલભંગના ભયથી થરથરતી બેસે છે. હવે સમુદ્રવિજયના પુત્ર રથનેમિ પણ તેવા પ્રકારની રાજીમતીને જોતાં આ પ્રમાણે વાક્ય કહે છે કે-'હે મનોહરભાષિણી ! સુરૂપે ! ભદ્રે ! હું રથનેમિ છું. તું મારો સ્વીકાર કર ! તને કોઈ પીડા થશે નહિ. પીડાની શંકાથી તું કેમ ધ્રુજે છે ? વિષયસેવન એ પીડાનો હેતુ નથી, પરન્તુ સુખનો જ હેતુ છે. આવો, આપણે બંને ભોગો ભોગવીએ; કેમ કે-મનુષ્યભવ અતિ દુર્લભ છે. ભુક્તભોગી બનીને પછીથી આપણે શ્રી જિનમાર્ગને આચરીશું. (૩૩ થી ૩૮-૮૦૮ થી ૮૧૩)

**दट्ठूण रथनेमिं तं, भग्गुऽजोअपराइअं ।**
**राईमई असंभंता, अप्पाणं संवरे तहिं ॥ ३९ ॥**

**अह सा रायवरकन्ना, सुट्ठिआ निअमव्वए ।**
**जाइं कुलं च सीलं च, रक्खमाणी तयं वए ॥ ४० ॥**

**जइमि रूवेण वेसमणो, ललिएण नलकूबरो ।**
**तहावि ते न इच्छामि, जइसि सक्खं पुरंदरो ॥ ४१ ॥**

**धिरत्थु ते जसो कामी, जो तं जीवियकारणा ।**
**वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे ॥ ४२ ॥**

**अहं च भोगरायस्स, तं च सि अंधगवण्हिणो ।**
**मा कुले गंधणा होमो, संजमं निहुओ चर ॥ ४३ ॥**

**जइ तं काहिसि भावं, जा जा दिच्छसि नारिओ ।**
**वायाविद्धुव्व हडो, अट्ठिअप्पा भविस्ससि ॥ ४४ ॥**

**गोवालो भंडवालो वा, जहा तद्दव्वणिस्सरो ।**
**एवं अणिस्सरो तं पि, सामण्णस्स भविस्ससि ॥ ४५ ॥ सप्तभिः कुलकम् ॥**

**दृष्ट्वा रथनेमिं तं, भग्नोद्योगपराजितं ।**
**राजीमत्यसम्भ्रान्ताऽऽत्मानं समवारीत् तत्र ॥ ३९ ॥**

**अथ सा राजवरकन्या, सुस्थिता नियमव्रते ।**
**जातिं कुलं च शीलं च, रक्षन्ती तकमवादीत् ॥ ४० ॥**

**यद्यसि रूपेण वैश्रमणो, लालित्येन नलकूबरः ।**
**तथाऽपि त्वां नेच्छामि, यद्यसि साक्षात्पुरंदरः ॥ ४१ ॥**

**धिगस्तु ते अयशस्कामिन् ! यस्त्वं जीवितकारणात् ।**
**वान्तमिच्छस्यापातुं श्रेयस्ते मरणं भवेत् ॥ ४२ ॥**

**अहं च भोगराजस्य, त्वं चास्यंधकवृष्णोः ।**
**मा कुले गन्धनानां भूव, संयमं निभृतश्चर ॥ ४३ ॥**

**यदि त्वं करिष्यति भावं, या या द्रक्ष्यसि नारीः ।**
**वाताविद्धो इव हडो, अस्थितात्मा भविष्यसि ॥ ४४ ॥**

**गोपालो भण्डपालो वा, यथा तद्द्रव्यस्यानीश्वरः ।**
**एवमनीश्वरस्त्वमपि, श्रामण्यस्य भविष्यसि ! ॥ ४५ ॥ सप्तभिः कुलकम् ॥**

**અર્થ –** હવે સંયમમાં ઉત્સાહના ભંગવાળા અને સ્ત્રી-પરીષહથી હારેલા તે રથનેમિને જોઈ, બળાત્કારથી આ અકાર્ય કરનાર નથી-એમ માની, નિર્ભય બનેલા રાજીમતી, વસ્ત્રોથી પોતાના શરીરને ઢાંકી દે છે. ઈન્દ્રિયસંયમમાં અને દીક્ષામાં અત્યંત સ્થિરતાવાળી, જાતિ-કુલ-શીલની રક્ષા કરતી રાજવર કન્યા રાજીમતી હવે તેને પડકારવા લાગી કે-'ભલે તું રૂપથી વૈશ્રમણ કે સવિલાસ ચેષ્ટાથી નલકુબેર હો કે સાક્ષાત્ ઈન્દ્ર હો ! તો પણ ત્રણેય કાળમાં હું તને ચાહનારી નથી. હે કામિન્ ! તારા મહાકુલના જન્મથી થયેલ યશને ધિક્કાર હો ! અથવા અપકીર્તિના અભિલાષી તને ધિક્કાર હો ! શું તું અસંયમ જીવન માટે દીક્ષા સ્વીકારી વમેલા ભોગસુખને ભોગવવાની ઈચ્છા કરે છે ? તેના કરતાં મરણનો સ્વીકાર શ્રેયસ્કર છે, પરન્તુ વમેલાનું પાન કરવું હિતકર નથી. વળી હું ઉગ્રસેનની પુત્રી છું અને તું યદુકુલમાં પેદા થયેલ છે. આપણે બંને ઉચ્ચતમ કુલનાં છીએ, માટે ગંધનકુલના સાપ જેવા આપણે બનીએ નહિ એનો ખ્યાલ કરીને અને સ્થિર બનીને સંયમનું સેવન-આરાધન કરો ! વળી જો તું જે જે નારીઓને જોઈને તેઓના વિષે ભોગની ઇચ્છા રૂપ ભાવ કરીશ, તો પવનથી હલાવાયેલ હડ નામના વૃક્ષની માફક અસ્થિર મનવાળો થઈશ. બીજાની ગાયોનું પાલન કરે તે ગોવાળ અને બીજાના ભાંડોનું ભાડું વગેરેથી પાલન કરે તે ભાંડપાલ કહેવાય છે. તેઓ જેમ બીજાની ગાયોના-દ્રવ્યોના ઈશ્વર નથી, તેમ

તું પણ વેષ માત્રનો ધારક-શ્રામણ્યનો ઈશ્વર થઈશ નહિ, કેમ કે ભોગાભિલાષાથી શ્રામણ્યના ફલનો અભાવ છે. (૩૯ થી ૪૫-૮૧૪ થી ૮૨૦)

**तीसे सो वयणं सुच्चा, संजईए सुभासियं ।**
**अंकुसेण जहा नागो, धम्मे संपडिवाइओ ॥ ४६ ॥**

**मणगुत्तो वयगुत्तो, कायगुत्तो जिइंदिओ ।**
**सामण्णं निच्चलं फासे, जावज्जीवं दढव्वओ ॥ ४७ ॥ युग्मम् ॥**

**तस्याः स वचनं श्रुत्वा, संयतायास्सुभाषितम् ।**
**अङ्कुशेन यथा नागो, धर्मे संप्रतिपातितः ॥ ४६ ॥**

**मनोगुप्तो वचोगुप्तः, कायगुप्तो जितेन्द्रियः ।**
**श्रामण्यं निश्चलं स्पृशति, यावज्जीवं दृढव्रतः ॥ ४७ ॥ युग्मम् ॥**

**અર્થ –** તે રથનેમિ, તે સંયમધારિણી રાજીમતીનું વચન સાંભળી, જેમ અંકુશથી હાથી માર્ગમાં સ્થિર થાય તેમ ચારિત્ર નામના ધર્મમાં સ્થિર થયા, તેમજ મન-વચન-કાયાની ગુપ્તિથી ગુપ્ત, જિતેન્દ્રિય અને દઢવ્રતી બની યાવજ્જીવ સુધી શ્રામણ્યનો નિશ્ચલતાથી સ્પર્શ કરનાર બન્યા. (૪૬+૪૭-૮૨૧+૮૨૨)

**उग्गं तवं चरित्ताणं, जाया दुण्णिवि केवली ।**
**सव्वं कम्मं खवित्ताणं, सिद्धिं पत्ता अणुत्तरं ॥ ४८ ॥**

**उग्रं तपश्चरित्वा, जातौ द्वावपि केवलिनौ ।**
**सर्वं कर्म क्षपयित्वा, सिद्धिं प्राप्तावनुत्तराम् ॥ ४८ ॥**

**અર્થ –** ઉગ્ર તપ આચરીને બંને જણ (રથનેમિ અને રાજીમતી) કેવલી બન્યા અને સર્વ કર્મોને ખપાવી અનુત્તર સિદ્ધગતિને પામ્યા. (૪૮-૮૨૩)

**एवं करिंति सम्बुद्धा, पंडिआ पविअक्खणा ।**
**विणीअट्टंति भोगेसु, जहा से पुरिसात्तमो त्तिबेमि ॥ ४९ ॥**

**एवं कुर्वन्ति सम्बुद्धाः, पण्डिताः प्रविचक्षणाः ।**
**विनिवर्तन्ते भोगेभ्यः, यथा स पुरुषोत्तमः इति ब्रवीमि ॥ ४९ ॥**

**અર્થ –** જેમ આ પુરુષોત્તમ રથનેમિ સ્ખલના થવા છતાં વિશેષથી તેને સુધારી ભોગોથી અટકી ગયા, તેમ સંબુદ્ધ, પંડિત અને પ્રવિચક્ષણો સ્ખલનાને સુધારી ભોગોથી અટકી જાય છે. એમ હે જંબૂ ! હું કહું છું. (૪૯-૮૨૪)

**બાવીશમું શ્રી રથનેમિયાધ્યયન સંપૂર્ણ.**

# શ્રી કેશિગૌતમીયાધ્યયન-૨૩

जिणे पासित्ति नामेणं, अरहा लोगपूइए ।
संबुद्धप्पा य सव्वण्णू, धम्मतित्थयरे जिणे ॥ १ ॥

जिनः पार्श्व इति नाम्ना, अर्हन् लोकपूजितः ।
सम्बुद्धात्मा च सर्वज्ञः, धर्मतीर्थकरो जिनः ॥ १ ॥

**અર્થ** – ત્રણ લોકના લોકથી પૂજિત, સંબુદ્ધાત્મા, સર્વજ્ઞ, ધર્મતીર્થંકર, રાગ-દ્વેષ વગેરેના વિજેતા અને સકળ કર્મવિજેતા શ્રી પાર્શ્વનાથ નામના ત્રેવીશમા તીર્થંકર અરિહંત ભગવાન હતા. (૧-૮૨૫)

तस्स लोगपईवस्स, आसि सीसे महायसे ।
केसी कुमारसमणे विज्जाचरणपारगे ॥ २ ॥

ओहिनाणसुए बुद्धे, सीससंघसमाउले ।
गामाणुगामं रीयते, सेऽवि सावत्थिमागए ॥ ३ ॥

तिंदुयं नाम उज्जाणं, तम्मि नगरमंडले ।
फासुए सिज्जसंथारे, तत्थ वासमुवागए ॥ ४ ॥ त्रिभिर्विशेषकम् ॥

तस्य लोकप्रदीपस्य, आसीच्छिष्यो महायशाः ।
केशिकुमारः श्रमणो, विद्याचरणपारगः ॥ २ ॥

अवधिज्ञानश्रुताभ्यां, बुद्धश्शिष्यसंघसमाकुलः ।
ग्रामानुग्रामं रीयमाणो, सोऽपि श्रावस्तीमागतः ॥ ३ ॥

तिन्दुकं नामोद्यानं, तस्याः नगरमण्डले ।
प्रासुके शय्यासंस्तारके, तत्र वासमुपागतः ॥ ४ ॥ त्रिभिर्विशेषकम् ॥

**અર્થ** – જ્ઞાન-ચારિત્રમાં પારંગત, શ્રી કેશી નામના કુમારશ્રમણ, લોકપ્રદીપ શ્રી પાર્શ્વનાથ પ્રભુના તે મહાયશસ્વી શિષ્ય-સંતાનીય શિષ્ય તરીકે

હતા તે શ્રી કેશીકુમારશ્રમણ મતિ-શ્રુત-અવધિજ્ઞાનથી જ્ઞાની બનેલા, શિષ્યોના સંઘથી પરિવરેલા અને ગ્રામાનુગ્રામ વિહાર કરતા, શ્રાવસ્તી નગરીના સીમાડામાં રહેલ તંદુલ નામના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં તેઓશ્રી સ્વાભાવિક કે આગંતુક જંતુરહિત-શુદ્ધ જગ્યા-શિલાફલક વગેરેવાળા બગીચામાં નિવાસ કરી રહ્યા છે. (૨ થી ૪-૮૨૬ થી ૮૨૮)

**अह तेणेव कालेणं, धम्मत्थियरे जिणे ।**
**भयवं वद्धमाणुत्ति, सव्वलोगंमि विस्सुए ॥ ५ ॥**

**तस्स लोगपईवस्स, आसि सीसे महायसे ।**
**भयवं गोयमे नाम, विज्जाचरणपारगे ॥ ६ ॥**

**बारसंगविऊ बुद्धे, सीससंघसमाउले ।**
**गामाणुगामं रीयंते, सेऽवि सावत्थिमागए ॥ ७ ॥**

**कोट्ठगं नाम उज्जाणं, तंमि नगरमण्डले ।**
**फासुए सिज्जसंथारे, तत्थ वासमुवागए ॥ ८ ॥ चतुर्भिः कलापकम् ॥**

**अथ तस्मिन्नेव काले, धर्मतीर्थकरो जिनः ।**
**भगवान् वर्धमान इति, सर्वलोके विश्रुतः ॥ ५ ॥**

**तस्य लोकप्रदीपस्यासीच्छिष्यो महायशाः ।**
**भगवान् गौतमनाम्ना, विद्याचरणपारगः ॥ ६ ॥**

**द्वादशाङ्गविद् बुद्धो, शिष्यसंघसमाकुलः ।**
**ग्रामानुग्रामं रीयमाणः, सोऽपि श्रावस्तीमागतः ॥ ७ ॥**

**क्रोष्टुकं नामोद्यानं, तस्याः नगरमण्डले ।**
**प्रासुके शय्यासंस्तारके, तत्र वासमुपागतः ॥ ८ ॥ चतुर्भिः कलापकम् ॥**

અર્થ – હવે તે જ કાળમાં રાગ વગેરેના વિજેતા ધર્મતીર્થંકર ભગવાન શ્રી વર્ધમાન નામે સર્વ લોકમાં પ્રસિદ્ધ છે. તે લોકપ્રદીપ શ્રી વર્ધમાન સ્વામીના જ્ઞાન-ક્રિયામાં પારંગત અને મહાયશસ્વી શ્રી ગૌતમ નામના શિષ્ય હતા. તે શ્રી ગૌતમસ્વામી પણ બાર અંગના જાણકાર, જ્ઞાની, શિષ્ય-સમુદાયથી પરિવરેલા ગ્રામાનુગ્રામ વિહાર કરતા શ્રાવસ્તી નગરીમાં પધાર્યા. તે નગરીની પર્યંતભૂમિમાં ક્રોષ્ટુક નામનું ઉદ્યાન હતું. શુદ્ધ શય્યા-સંસ્તારકવાળા તે ઉદ્યાનમાં તેઓશ્રી આવી વસ્યા હતા. (૫ થી ૮-૮૨૯ થી ૮૩૨)

**केसी कुमारसमणे, गोअमे अ महायसे ।**
**उभओतत्थविहरिंसु, अल्लीणा सुसमाहिआ ॥ ९ ॥**

**केशीकुमारश्रमणः, गौतमश्च महायशाः ।**
**उभावपि तत्र व्यवहार्ष्टाम्, आलीनौ सुसमाहितौ ॥ ९ ॥**

**अर्थ –** શ્રી કેશીકુમારશ્રમણ અને મહાયશ શ્રી ગૌતમસ્વામી ત્યાં બંને ઉદ્યાનમાં મન-વચન-કાયાગુપ્તિથી ગુપ્ત અને સારી સમાધિવાળા વિહરણ કરે છે. (૯-૮૩૩)

**उभओ सिस्ससंघाणं, संजयाण तवस्सिणं ।**
**तत्थ चिंता समुप्पन्ना, गुणवंताण ताइणं ॥ १० ॥**

**उभयतश्शिष्यसंघानां, संयतानां तपस्विनां ।**
**तत्र चिंता समुत्पन्ना, गुणवतां त्रायिणाम् ॥ १० ॥**

**अर्थ –** તે બંને સ્વામીઓના ગુણવંત રક્ષક,તપસ્વી અને સંયત-એવા શિષ્યોને નીચે કહેવાતી ચિન્તા પેદા થઈ. (૧૦-૮૩૪)

**केरिसो वा इमो धम्मो, इमो धम्मो व केरिसो ।**
**आयारधम्मप्पणिही, इमा वा सा वा केरिसी ॥ ११ ॥**

**कीदृशो वायं धर्मोऽयं, धर्मो वा कीदृशः ? ।**
**आचारप्रणिधिरियं, वा सा वा कीदृशीः ? ॥ ११ ॥**

**अर्थ –** શ્રી ગૌમતસ્વામીના પક્ષમાં મહાવ્રત રૂપ ધર્મ કેવો છે ? અને ધર્મહેતુ હોઈ વેષધારણ વગેરે ક્રિયાકલાપની વ્યવસ્થા કેવી છે ? એવો શ્રી કેશીપક્ષીય શિષ્યોને વિચાર થાય છે.

જ્યારે શ્રી કુમારશ્રમણ કેશીના પક્ષમાં મહાવ્રત રૂપ ધર્મ કેવો છે ? અને ધર્મહેતુ હોઈ વેષધારણ વગેરે ક્રિયાકલાપની વ્યવસ્થા કેવી છે ?-એવો શ્રી ગૌતમપક્ષીય શિષ્યોને વિચાર થાય છે. અર્થાત્ બંનેનો ધર્મ શ્રી સર્વજ્ઞકથિત છે, તો તેના સાધનોમાં કેમ ભેદ છે ?-આ વસ્તુને અમો જાણવા ઈચ્છીએ છીએ આવી ચિન્તા-વિચાર શ્રાવસ્તી નગરીમાં રહેલ બંનેના શિષ્યોમાં ઉદ્ભવ્યો. (૧૧-૮૩૫)

**चाउम्जामो य जो धम्मो, जो इमो पंचसिक्खिओ ।**
**देसिओ वद्धमाणेणं, पासेण य महामुणी ॥ १२ ॥**

**चतुर्यामश्च यो धर्मः, योऽयं पञ्चशिक्षितः ।**
**देशितो वर्धमानेन, पार्श्वेन च महामुनिना ॥ १२ ॥**

**અર્થ –** મહામુનિ શ્રી પાર્શ્વનાથસ્વામીએ ચાર મહાવ્રત રૂપ ચાતુર્યામ ધર્મ પ્રરૂપ્યો છે, જ્યારે મહામુનિ શ્રી વર્ધમાનસ્વામીએ પાંચ મહાવ્રત રૂપ સાધુધર્મ દર્શાવ્યો છે. અહીં શિષ્યોનો ધર્મવિષયક સંશય વ્યક્ત કરેલ છે. (૧૨-૮૩૬)

**अचेलगो य जो धम्मो, जो इमो संतरुत्तरो ।**
**एगकज्जपवन्नाणं, विसेसे किं नु कारणं ॥ १३ ॥**

**अचेलकश्च यो धर्मो, योऽयं सान्तरोत्तरः ।**
**एककार्यप्रपन्नानां, विशेषे किं नु कारणम् ? ॥ १३ ॥**

**અર્થ –** શ્રી વર્ધમાનસ્વામીએ અચેલક રૂપ આચારધર્મ દર્શાવ્યો છે, જ્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુએ શ્રી વીરસ્વામીની અપેક્ષાએ માન-વર્ણથી વિશેષિત રૂપ સાન્તર અને મહા મૂલ્યપણાએ પ્રધાનરૂપ ઉત્તર વસ્ત્રોવાળો આચારધર્મ કહ્યો છે. એક મુક્તિ રૂપ કાર્ય-ફલને ઉદ્દેશી પ્રવૃત્ત થયેલ બંને પ્રકારના આચારધર્મમાં ભેદનું શું કારણ છે ? - આવો આચાર-વ્યવસ્થાધર્મનો સંશય વ્યક્ત કર્યો છે-એમ સમજવું. (૧૩-૮૩૭)

**अह ते तत्थ सीसाणं, विन्नाय पवियक्कयं ।**
**समागमे कयमई, उभओ केसिगोयमा ॥ १४ ॥**

**गोयमो पडिरूवन्नू, सीससंघसमाउले ।**
**जिट्ठं कुलमविक्खंतो, तिंदुयं वणमागओ ॥ १५ ॥**

**केसीकुमारसमणे, गोयमं दिस्समागयं ।**
**पडिरूवं पडिवत्तिं, सम्मं संपडिवज्जई ॥ १६ ॥**

**पलालं फासुयं तत्थ, पंचमं कुसतणाणि य ।**
**गोयमस्स निसिज्जाए, खिप्पं संपणामए ॥ १७ ॥ चतुर्भिः कलापकम् ॥**

**अथ तौ तत्र शिष्याणां, विज्ञाय प्रवितर्कितम् ।**
**समागमे कृतमती, उभौ केशिगौतमौ ॥ १४ ॥**

**गौतमः प्रतिरूपज्ञः, शिष्यसंघसमाकुलः ।**
**ज्येष्ठं कुलमपेक्षमाणस्तिन्दुकं वनमागतः ॥ १५ ॥**

**केशीकुमारश्रमणः, गौतमं दृष्ट्वाऽऽगतम् ।**
**प्रतिरूपां प्रतिपत्तिं, सम्यक् संप्रतिपद्यते ॥ १६ ॥**

**पलालं प्रासुकं तत्र, पञ्चमानि कुशतृणानि च ।**
**गौतमस्य निषद्यायै, क्षिप्रं तु सम्प्रणामयति ॥ १७ ॥ चतुर्भिः कलापकम् ॥**

**અર્થ –** આ પ્રમાણે પરસ્પર શિષ્યોની ચિન્તા પ્રગટ થતાં શ્રી કેશી અને શ્રી ગૌતમસ્વામીએ શું કર્યું ? તેનું વર્ણન કરે છે કે-શ્રાવસ્તીના ઉદ્યાનમાં રહેલા શિષ્યોનો આ વિચાર જાણી બંને યૂથપતિઓ સમાગમ-મિલનમાં બુદ્ધિવાળા થયા અને ભેગા થવાનો સંકલ્પ કર્યો. યથોચિત વિનય રૂપ પ્રતિપત્તિના જાણકાર પહેલાં થયેલ હોવાથી, જયેષ્ઠ શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાન રૂપ કુલને ગણતા શ્રી ગૌતમસ્વામી શિષ્યસમુદાયની સાથે પહેલ કરી તિંદુક વનમાં પધાર્યા. હવે શ્રી કેશીકુમારશ્રમણ શ્રી ગૌતમસ્વામીને પધારેલા જોતાં, અભ્યાસગત કર્ત્તવ્ય રૂપ-યથોચિત પ્રતિપત્તિ રૂપ વિનયને સારી રીતિએ કરે છે. શ્રી ગૌતમસ્વામીજીને બેસવા માટે પ્રાસુક પલાલના પાંચમા ભેદ રૂપ કુશતૃણોનું સમર્પણ શ્રી કેશીકુમાર શ્રમણ કરે છે. (૧૪ થી ૧૭-૮૩૮ થી ૮૪૧)

**केसीकुमारसमणे, गोअमे अ महायसे ।**
**उभओ निसन्ना सोहन्ति, चंदसूरसमप्पहा ॥ १८ ॥**

**केशीकुमारश्रमणः, गौतमश्च महायशाः ।**
**उभौ निषण्णौ शोभेते, चन्द्रसूर्यसमप्रभौ ॥ १८ ॥**

**અર્થ –** મહાયશ શ્રી કેશીકુમારશ્રમણ અને મહાયશ શ્રી ગૌતમસ્વામી બંને, પોતપોતાના આસન ઉપર બેઠેલા ચંદ્ર અને સૂર્યની સમાન પ્રભાવવાળા શોભી રહ્યા છે. (૧૮-૮૪૨)

**समागया बहू तत्थ, पासंडा कोउगामिआ ।**
**गिहत्थाणमणेगाओ, साहस्सीओ समागया ॥ १९ ॥**

**देवदाणवगंधव्वा, जक्खरक्खसकिन्नरा ।**
**अदिस्साण य भूआणं, आसि तत्थ समागमो ॥ २० ॥ युग्मम् ॥**

**समागताः बहवस्तत्र पाषण्डाः कौतुकामृगा ।**
**गृहस्थानामनेकाः, सहस्राः समागताः ॥ १९ ॥**

**देवदानवगन्धर्वाः, यक्षराक्षसकिन्नराः ।**
**अदृश्यानां च भूतानां, आसीत् तत्र समागमः ॥ २० ॥ युग्मम् ॥**

**અર્થ –** આ સમયે અજ્ઞ હોઈ મૃગ જેવા જૈનેતર સાધુઓ અને અનેક હજારોની સંખ્યામાં ગૃહસ્થીઓ આવ્યા, તેમજ દેવ-દાનવ-ગંધર્વો તથા યક્ષ-

રાક્ષસ-કિન્નરો દશ્ય રૂપે અને કેલીકિલ વ્યંતરો અદશ્ય રૂપે ભેગા થયા. (૧૯+૨૦-૮૪૩+૮૪૪)

**पुच्छामि ते महाभाग ! केसी गोअममब्बवी ।**
**तओ केसीं बुवंतं तु, गोअमो इणमब्बवी ॥ २१ ॥**

**पुच्छ भंते ! जहिच्छं ते, केसी गोअममब्बवी ।**
**तओ केसी अणुण्णाए, गोअमं इणमब्बवी ॥ २२ ॥ युग्मम् ॥**

**पृच्छामि त्वां महाभाग ! केशिः गौतममब्रवीत् ।**
**ततः केशिं ब्रुवन्तं तु, गौतमः इदमब्रवीत् ॥ २१ ॥**

**पृच्छ भदन्त ! यथेच्छं त्वं, केशिं गौतमोऽब्रवीत् ।**
**ततः केशिरनुज्ञातो, गौतममिदमब्रवीत् ॥ २२ ॥ युग्मम् ॥**

**અર્થ –** શ્રી કેશીશ્રમણ શ્રી ગૌતમને કહે છે કે-હે મહાભાગ ! અતિશય અચિંત્ય શક્તિશાળી ! હું તમોને પૂછવાની ઇચ્છા રાખું છું. ત્યારે શ્રી ગૌતમે શ્રી કેશીને આ પ્રમાણે કહ્યું કે-હે ભદંત ! ભગવન્ ! આપ મને ઇચ્છા પ્રમાણે પૂછી શકો છો. બાદ અનુજ્ઞાને પામેલા શ્રી કેશી શ્રી ગૌતમને પૂછે છે. (૨૧+૨૨-૮૪૫+૮૪૬)

**चाउज्जामो अ जो धम्मो जो इमो पंचसिक्खिओ ।**
**देसिओ वद्धमाणेणं, पासेण च महामुणी ॥ २३ ॥**

**एगकज्जपवन्नाणं, विसेसे किं नु कारणं ।**
**धम्मे दुविहे मेहावी, कहं विप्पच्चओ न ते ॥ २४ ॥ युग्मम् ॥**

**चातुर्यामश्च यो धर्मो, योऽयम् पञ्चशिक्षितः ।**
**देशितो वर्द्धमानेन, पार्श्वेन च महामुनिना ॥ २३ ॥**

**एककार्यप्रपन्नानां, विशेषे किं नु कारणम् ।**
**धर्मे द्विविधे मेधाविन् ! कथं विप्रत्ययो न ते ॥ २४ ॥ युग्मम् ॥**

**અર્થ –** મહામુનિ શ્રી પાર્શ્વનાથસ્વામીએ ચાતુર્યામ રૂપ જે ધર્મ બતાવ્યો અને મહામુનિ શ્રી વર્ધમાનસ્વામીએ પંચમહાવ્રત રૂપ જે આ ધર્મ પ્રરૂપ્યો, તો એક જ કાર્ય માટે પ્રવૃત્ત થયેલ બંને ધર્મોના ભેદમાં શું કારણ છે ? હે મેધાવિન્ ! આ બે પ્રકારના ધર્મોમાં આપને કેમ અવિશ્વાસ નથી થતો ? કેમ કે-જો સર્વજ્ઞપણું સમાન છે તો શા માટે આ મતભેદ કર્યો ? (૨૩+૨૪-૮૪૭+૮૪૮)

**तओ केसिं बुवन्तं तु, गोयमो इणमब्बवी ।**
**पन्ना समिक्खए धम्मं तत्तं तत्तविणिच्छियं ॥ २५ ॥**

**पुरिमा उज्जुजडा उ, वक्कजडा य पच्छिमा ।**
**मज्झिमा उज्जुपण्णा उ, तेण धम्मे दुहा कए ॥ २६ ॥**

**पुरिमाणं दुव्विसुज्झो उ, चरिमाणं दुरणुपालओ ।**
**कप्पो मज्झिमगाणं तु, सुविसुज्झो सुपालओ ॥ २७ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**ततः केशिं ब्रुवन्तं तु, गौतमः इदमब्रवीत् ।**
**प्रज्ञा समीक्ष्यते धर्मतत्त्वं, तत्त्वविनिश्चयम् ॥ २५ ॥**

**पूर्वे ऋजुजडाः तु, वक्रजडाश्च पश्चिमाः ।**
**मध्यमा ऋजुप्रज्ञाः तु, तेन धर्मो द्विधा कृतः ॥ २६ ॥**

**पूर्वेषां दुर्विशोध्यः तु, चरमाणां दुरनुपालकः ।**
**कल्पो मध्यमकानां तु, सुविशोध्यः सुपालकः ॥ २७ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ** – ત્યારબાદ શ્રીકેશીને શ્રીગૌતમે કહ્યું કે-બુદ્ધિ જેનાથી જીવાદિ તત્ત્વોનો વિનિશ્ચય છે-એવા ધર્મપરમાર્થને જુએ છે. અર્થાત્ વાક્યના શ્રવણ માત્રથી જ અર્થનો નિર્ણય થતો નથી, પરન્તુ પ્રજ્ઞાવશથી થાય છે. પહેલા તીર્થંકરના મુનિઓ સરલ અને જડ છે તે હેતુથી, છેલ્લા તીર્થંકરના સાધુઓ વક્ર પ્રકૃતિના કારણે વક્ર અને જડ છે તે હેતુથી અને મધ્યમ તીર્થંકરના સાધુઓ સરલ અને સુબોધતાને કારણે પ્રાજ્ઞ છે તે હેતુથી, એક કાર્યમાં પ્રવૃત્ત હોવા છતાં ધર્મ બે પ્રકારનો છે. પહેલા તીર્થંકરના સાધુઓને સાધુકલ્પ-આચાર દુઃખે કરી શુદ્ધ કરી શકાય. એવો છે, કેમ કે-ગુરૂ દ્વારા સમજાવવા છતાં પણ જડતાના કારણે ગુરૂનું વાક્ય સમ્યક્ જાણી શકવા તેઓ સમર્થ થતા નથી. જ્યારે છેલ્લા તીર્થંકરના સાધુઓને સાધુ-આચાર દુઃખે કરી પાળી શકાય એવા છે. કારણ કે-તેઓ કોઈ પણ રીતિએ જાણતા હોવા છતાં પણ વક્ર-જડતાના કારણે યથાર્થ રીતિએ પાળી શકતા નથી. તેમ જ મધ્યમ તીર્થંકરના સાધુઓને સાધુ-આચાર સુવિશોધ્ય અને સુપાલક થાય છે, કેમ કે-તેઓ ઋજુ-પ્રાજ્ઞતાના કારણે તે સુખે જાણે છે અને પાળે છે અને તેથી તેઓ ચાતુર્યામના કથનમાં પંચમ યામને જાણવા અને પાળવા માટે સમર્થ છે. કહ્યું છે કે-'અપરિગૃહીત સ્ત્રીનો ભોગ અસંભવિત છે, માટે પરિગ્રહના પચ્ચક્ખાણમાં સ્ત્રીનું પચ્ચક્ખાણ આવી ગયું-એમ બુદ્ધિથી તેઓ જાણે છે.' આવી રીતિએ (તે તે અપેક્ષાએ) શ્રી

પાર્શ્વનાથસ્વામીએ ચાતુર્યામ ધર્મ કહ્યો છે. પૂર્વના કે પછીના તેવા નહિ હોવાથી શ્રી ઋષભદેવસ્વામીએ અને શ્રી વર્ધમાનસ્વામીએ પંચમહાવ્રત રૂપ ધર્મ કહ્યો છે. આ પ્રમાણે વિચિત્ર બુદ્ધિવાળા શિષ્યોના ઉપકારને માટે ધર્મના બે પ્રકારો છે. તે વાસ્તવિક કે તાત્ત્વિક નથી. (૨૫ થી ૨૭-૮૪૯ થી ૮૫૧)

**साहु गोअम ! पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अन्नो वि संसओ मज्झं, तं मे कहसु गोअमा ! ॥ २८ ॥**

**अचेलओ य जो धम्मो, जो इमो संतरुत्तरो ।**
**देसिओ वद्धमाणेण, पासेण य महामुणी ॥ २९ ॥**

**एगकज्जपवन्नाणं, विसेसे किं नु कारणं ।**
**लिंगे दुविहे मेहावी, कहं विप्पच्चओ न ते ॥ ३० ॥**

**केसिमेवं बुवाणं तु, गोयमो इणमब्बवी ।**
**विन्नाणेण समागम्म, धम्मसाहणमिच्छिअं ॥ ३१ ॥**

**पच्चयत्थं च लोगस्स, नाणाविहविकप्पणं ।**
**जत्तत्थं गहणत्थं च, लोगे लिंगपओयणं ॥ ३२ ॥**

**अह भवे पइन्ना उ, मुक्खसब्भूयसाहणा ।**
**नाणं च दंसणं चेव, चरित्तं चेव निच्छए ॥ ३३ ॥ षड्भिः कुलकम् ॥**

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम, तं मे कथय गौतम ! ॥ २८ ॥

अचेलकश्च यो धर्मः, योऽयं सान्तराणि ।
देशितो वर्द्धमानेन, पार्श्वेन च महामुनिना ॥ २९ ॥

एककार्यप्रपन्नानां, विशेषे किं नु कारणम् ? ।
लिंगे द्विविधे मेधाविन् ! कथं विप्रत्ययो न ते ॥ ३० ॥

केशिमेवं ब्रुवन्तं तु, गौतमः इदमब्रवीत् ।
विज्ञानेन समागम्य, धर्मसाधनमीप्सितम् ॥ ३१ ॥

प्रत्ययार्थं च लोकस्य, नानाविधविकल्पनम् ।
यात्रार्थं ग्रहणार्थं च, लोके लिङ्गप्रयोजनम् ॥ ३२ ॥

अथ भवेत् प्रतिज्ञा तु, मोक्षसद्भूतसाधनानि ।
ज्ञानं च दर्शनं चैव, चारित्रं चैव निश्चये ॥ ३३ ॥ षड्भिः कुलकम् ॥

**અર્થ** – હે ગૌતમ ! તમારૂં જ્ઞાન શ્રેષ્ઠ છે અને તેનાથી તમે અમારા શિષ્યોનો સંશય દૂર કર્યો. વળી જે બીજો સંશય છે તેને પણ તમે દૂર કરો ! તે એ કે-મહા યશસ્વી શ્રી વર્ધમાનસ્વામીએ અચેલક કલ્પ કહ્યો છે અને મહાયશ શ્રી પાર્શ્વનાથસ્વામીએ શ્રી મહાવીર-શિષ્યોની અપેક્ષાએ વિશિષ્ટમાન-વર્ણ તથા બહુ મૂલ્યવંત પ્રધાન વસ્ત્રવાળો કલ્પ કહ્યો છે. એક કાર્ય માટે પ્રવૃત્ત બંનેના કલ્પના ભેદનું શું કારણ છે ? હે મેધાવિન્ ! બે પ્રકારના લિંગભેદમાં શું અવિશ્વાસ થતો નથી ?

શ્રી કેશીના આ પ્રશ્નનો શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે-કેવલજ્ઞાન રૂપી વિજ્ઞાનથી જે જેને ઉચિત હોય, તે તેને તે રીતિએ જાણીને વર્ષાકલ્પ વગેરે ધર્મોપકરણ-સાધન દર્શાવ્યું છે. પહેલાંના અને છેવટના સાધુઓને જો લાલ વસ્ત્રો આદિની અનુજ્ઞા આપવામાં આવે, તો ઋજુ-વક્ર-જડતાના કારણે વસ્ત્રોને રંગવા વગેરેમાં પણ પ્રવૃત્તિ કરી બેસે ! આથી તેની રજા આપી નથી. શ્રી પાર્શ્વનાથ પ્રભુના શિષ્યો તેવા નહિ હોવાથી તેઓને લાલ વગેરે વસ્ત્રની અનુજ્ઞા કરેલ છે. વળી 'આ જૈન સાધુઓ છે'-એની પ્રતીતિ માટે નિયત-રજોહરણ વગેરેના નાનાવિધ ઉપકરણની વ્યવસ્થા-રચના કરેલ છે. વળી સંયમનિર્વાહ રૂપ યાત્રા માટે મુનિવેષ રૂપ લિંગનું પ્રયોજન છે, કેમ કે-વર્ષાકલ્પ-કંબલ વગેરે વિના વૃષ્ટિ વગેરેમાં સંયમની બાધા જ થાય ! વળી 'હું મુનિ છું'-એવા પોતાના જ્ઞાન માટે મુનિવેષ રૂપ લિંગનું પ્રયોજન છે, કેમ કે-કોઈ વખત મનની અસ્થિરતાવાળી દશામાં પણ 'હું મુનિ છું' તેનું ભાન રહે છે. વળી જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નત્રયી જે મોક્ષનાં તાત્ત્વિક કારણો છે.'-એવી પ્રતિજ્ઞા-સ્વીકાર શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરમાં એક જ છે, એમાં ભેદ નથી. જ્ઞાનાદિ રત્નત્રયી જ મુક્તિનું સાધન છે પરન્તુ લિંગ નહિ, એવી નિશ્ચયનયની દૃષ્ટિ છે. વ્યવહારનયની દૃષ્ટિએ મુક્તિનું સાધન રત્નત્રયી અને તેનું સહાયક-રક્ષક-ઉપકારક મુનિવેષ પણ મુક્તિનું સાધન છે. આમ બંને નયો શ્રી જૈનશાસનમાં માન્ય છે. આથી પંડિતોને તેનો ભેદ વિસંવાદ-અવિશ્વાસનો હેતુ બનતો નથી. (૨૮ થી ૩૩-૮૫૨ થી ૮૫૭)

**साहु गोअम ! पण्णा ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोवि संसओ मज्झं, तं मे कहसु गोअमा ! ॥ ३४ ॥**

**अणेगाण सहस्साणं, मज्झे चिट्ठसि गोअमा ।**
**ते अ ते अभिगच्छंति, कहं ते णिज्जिआ तुमे ? ॥ ३५ ॥**

एगे जिए जिआ पञ्च पञ्च जिए जिआ दस ।
दसहा उ जिणित्ताणं, सव्वसत्तू जिणामहं ॥ ३६ ॥

सत्तू अ इइ के उत्ते, केसी गोअमब्बवी ।
तओ केसीं बुवन्तं तु, गोअमो इणमब्बवी ॥ ३७ ॥

एगप्पा अजिए सत्तू, कसाया इंदिआणि अ ।
ते जिणित्तु जहाणायं, विहरामि अहं मुणी ॥ ३८ ॥ पंचभिः कुलकम् ॥

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम, तं मे कथय गौतम ! ॥ ३४ ॥

अनेकानां सहस्त्राणां, मध्ये तिष्ठसि गौतम ! ।
ते च त्वामभिगच्छन्ति, कथं ते निर्जितास्त्वया ॥ ३५ ॥

एकस्मिन् जिते जिताः पञ्च पञ्चसु जितेषु जिता दश ।
दशधा तु जित्वा नु, सर्वशत्रून् जयाम्यहम् ॥ ३६ ॥

शत्रुः क इति उक्तः, केशी गौतममब्रवीत् ।
ततः केशीं ब्रुवन्तं तं, गौतम इदमब्रवीत् ॥ ३७ ॥

एक आत्माऽजितश्शत्रुकषाया इन्द्रियाणि च ।
तान् जित्वा यथान्यायं, विहराम्यहं मुने ! ॥ ३८ ॥ पंचभिः कुलकम् ॥

**અર્થ** – હે ગૌતમ ! આપની પ્રજ્ઞા ઉત્તમ છે અને આથી આ આચારવિષયક સંશય આપે અમારા શિષ્યોનો દૂર કર્યો. હવે જે બીજો સંશય આપની પાસે રજૂ થાય છે તેને પણ આપ દૂર કરો ! હે ગૌતમ ! આપ હજારો શત્રુઓની વચ્ચે ઉભા રહ્યા છો. જે શત્રુઓ આપના તરફ દોડી રહ્યા છે, તે શત્રુઓને આપે કેવી રીતિએ હરાવ્યા ?

હવે શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે-એક શત્રુને જીતવાથી પાંચ શત્રુઓ જીતાયા અને પાંચ શત્રુઓને જીતવાથી દશ શત્રુઓ જીતાયા, તેમજ દશ શત્રુઓને જીતીને અનેક હજાર શત્રુઓ-સર્વ શત્રુઓને હું જીતું છું.

હવે શ્રી કેશી શ્રી ગૌતમને પૂછે છે કે-તમે જે શત્રુ કહ્યો તે શત્રુ કોણ છે?

તેનો શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે-અજીત એટલે નહિ જીતાયેલ એક આત્મા, એટલે જીવ અથવા મન (અભેદ ઉપચારથી) શત્રુ છે, કેમ કે-તે અનેક અનર્થોની પ્રાપ્તિનો હેતુ છે. વળી નહિ જીતાયેલા કષાયો શત્રુઓ છે, અર્થાત્

આત્માની સાથે મેળવતાં એક જીવ અથવા મન અને ચાર કષાયો એમ પાંચ શત્રુઓ છે. તે ઉપરાન્ત અજીત પાંચ ઈન્દ્રિયો પણ શત્રુઓ છે. એટલે ઉપરના પાંચની સાથે આ પાંચ ઈન્દ્રિયો મેળવતાં દશ શત્રુઓ સમજવા. આ દશ શત્રુઓને જીતતાં હાસ્ય વગેરે નવ નોકષાય આદિ સર્વ શત્રુઓ જીતાયા જ સમજવા. આ રીતિએ શત્રુઓને જીતીને, હે મુનિ ! પૂર્વોક્ત ન્યાય પ્રમાણે તેઓના મધ્યમાં રહેવા છતાં પણ અપ્રતિબદ્ધ વિહારિતા રૂપે હું વિચરું છું. (૩૪ થી ૩૮-૮૫૮ થી ૮૬૨)

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोवि संसओ मंज्झं, तं कहसु गोअमा ॥ ३९ ॥**

**दीसंति बहवे लोए, पासबद्धा सरीरिणो ।**
**मुक्कपासो लहुब्भूओ, कह तं विहरसी मुणी ! ॥ ४० ॥**

**ते पासे सव्वसो छित्ता, निहंतूण उवायओ ।**
**मुक्कपासो लहुब्भूओ, विहरामि अहं मुणी ! ॥ ४१ ॥**

**पासा य इइ के वुत्ता ? केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥ ४२ ॥**

**रागद्दोसादओ तिव्वा, नेहपासा भयंकरा ।**
**ते छिंदित्तू जहानायं, विहरामि जहक्कम्मं ॥ ४३ ॥ पंचभिः कुलकम् ॥**

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम, तं मे कथय गौतम ! ॥ ३९ ॥

दृश्यन्ते बहवो लोकाः, पाशबद्धाश्शरीरिणः ।
मुक्तपाशो लघुभूतः, कथं त्वं विहरसि मुने ! ॥ ४० ॥

तान्वाशान्सर्वतश्छित्वा, निहत्योपायतः ।
मुक्तपाशो लघुभूतो, विहराम्यहं मुनिः ॥ ४१ ॥

पाशा इति क उक्ता, केशिगौतममब्रवीत् ।
केशिमेवं ब्रुवन्तं तु, गौतम इदमब्रवीत् ॥ ४२ ॥

रागद्वेषादयस्तीव्राः, स्नेहपाशभयंकराः ।
तान् छित्वा यथान्यायं, विहरामि यथाक्रमम् ॥ ४३ ॥ पंचभिः कुलकम् ॥

**અર્થ** – શ્રી કેશી કહે છે કે-હે ગૌતમ ! તમારી બુદ્ધિ ઉત્તમ છે, કે જે બુદ્ધિથી આ સંશય તમે દૂર કર્યો. હવે હું તમોને જે બીજો સંશય પૂછું છું તેને

તમે કહો ! હે મુનિ ! આ લોકમાં પાશથી બંધાયેલા ઘણા પ્રાણીઓ દેખાય છે. તમો પાશથી મુક્ત બની સઘળે પ્રતિબંધ વગરના હોઈ, વાયુની જેમ લઘુભૂત-હલકા બનેલા કેમ વિચરો છો ! શ્રી ગૌતમસ્વામી તેનો જવાબ આપે છે કે-સત્ય ભાવનાના અભ્યાસ રૂપ ઉપાયથી સર્વ પાશોને ફરીથી ન બંધાય તે રીતિએ છેદીને, પાશથી મુક્ત બની લઘુભૂત થયેલો હે મુનિ ! હું વિચરું છું. હવે શ્રી કેશી શ્રી ગૌતમને પૂછે છે કે-પાશ શબ્દવાચ્ય કયા પાશો કહેલા છે ? શ્રી ગૌતમે જણાવ્યું કે-ગાઢ રાગ-દ્વેષ-મોહ વગેરે પરવશતાના હેતુ હોઈ, પાશ સમાન પુત્ર વગેરે સંબંધ રૂપ સ્નેહો અનર્થકારી હોઈ ભયંકર પાશો છે. તો યથા ન્યાયે આધ્યાત્મિક સર્વ પાશોને છેદી, યતિવિહિત આચારના અનુસારે હું વિચરું છું. (૩૯ થી ૪૩-૮૬૩ થી ૮૬૭)

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोवि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥ ४४ ॥**

**अंतोहिअय संभूया, लया चिट्ठइ गोयमा ! ।**
**फलेइ विसभक्खीणं, सा उ उद्धरिया कहं ॥ ४५ ॥**

**तं लयं सव्वसो छित्ता, उद्धरित्तु समूलियं ।**
**विहरामि जहानायं, मुक्कोमि विसभक्खणं ॥ ४६ ॥**

**लया य इइ का वुत्ता ? केसी गोयममब्बवी ।**
**केसिमेवं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥ ४७ ॥**

**भवतण्हा लया वुत्ता, भीमा भीमफलोदया ।**
**तमुद्धित्तु जहानायं, विहरामि महामुणी ! ॥ ४८ ॥ पंचभिः कुलकम् ॥**

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम, तं मे कथय गौतम ! ॥ ४४ ॥

अन्तर्हृदयं सम्भूता, लता तिष्ठति गौतम ! ।
फलति विषभक्ष्याणि, सा तु उद्धृता कथम् ॥ ४५ ॥

तां लतां सर्वां छित्त्वा, उद्धृत्य समूलिकाम् ।
विहरामि यथान्यायं, मुक्तोऽस्मि विषभक्षणात् ॥ ४६ ॥

लता चेति का उक्ता, केशिगौतममब्रवीत् ।
केशिमेवं ब्रुवन्तं तु, गौतम इदमब्रवीत् ॥ ४७ ॥

भवतृष्णा लतोक्ता, भीमा भीमफलोदया ।
तामुद्धृत्य यथान्यायं, विहरामि महामुने ! ॥ ४८ ॥ पंचभिः कुलकम् ॥

**અર્થ** – શ્રી કેશી કહે છે કે-હે ગૌતમ ! આપની બુદ્ધિ અત્યુત્તમ છે, કે જેથી પૂછાયેલ સંશય દૂર થયો. હવે જે બીજો સંશય થાય છે તેનો તમો જવાબ આપશો. હે ગૌતમ ! મનમાં ઉત્પન્ન થયેલી એક લતા છે, કે જે પરિણામે ભયંકર વિષ જેવા ફલોને આપે છે. એવી લતાનું તમોએ કેવી રીતિએ ઉન્મૂલન કર્યું ? શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે-તે સંપૂર્ણ લતાને છેદીને અને તેનું રાગ-દ્વેષાદિ મૂલ સહિત ઉન્મૂલન કરીને વિષ ફલના આહાર સમાન ક્લિષ્ટ કર્મથી મુક્ત બનેલો હું છું અને પૂર્વોક્ત ન્યાયે હું વિચરું છું. હવે શ્રી કેશી શ્રી ગૌતમને પૂછે છે કે-તમોએ એ લતા કઈ કહેલી છે ? શ્રી ગૌતમ કહે છે કે-સ્વરૂપથી ભય આપનારી દુઃખહેતુ હોઈ ભીમ જેવી અને જેનાથી ક્લિષ્ટ કર્મ રૂપ ફલોનો ઉદય-વિપાક છે એવી ભવતૃષ્ણા (સાંસારિક સુખવિષયક લોભ) એ આધ્યાત્મિક-મનઃસ્થ લતા કહેલ છે. હે મહામુનિ ! તે લતાનું મૂલતઃ ઉન્મૂલન કરી હું ન્યાય પ્રમાણે વિચરું છું. (૪૪ થી ૪૮-૮૬૮ થી ૮૭૨)

**साहु गोअम ! पण्णा ते, छिन्नो मे संसओ इमो ।**
**अण्णोवि संसओ मज्झं, तं मे कहसु गोअमा ॥ ४९ ॥**

**संपज्जलिआ घोरा, अग्गी चिट्ठइ गोअमा ! ।**
**जे डहंति सरीरत्था, कहं विज्झाविया तुमे ? ॥ ५० ॥**

**महामेहप्पसूआओ, गिज्झ वारि जलोत्तमं ।**
**सिंचामि सययं ते उ, सित्ता नो अ दहंति मे ॥ ५१ ॥**

**अग्गी अ इइ के वुत्ते, केसी गोअममब्बवी ।**
**तओ केसीं बुवंतं तु, गोअमो इणमब्बवी ॥ ५२ ॥**

**कसाया अग्गिणो वुत्ता, सुअसीलतओ जलं ।**
**सुअधाराभिहया संता, भिन्ना हु न डहंति मे ॥ ५३ ॥ पंचभिः कुलकम् ॥**

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम तं मे कथय गौतम ! ॥ ४९ ॥

सम्प्रज्वलिताः घोराः, अग्नयः तिष्ठन्ति गौतम ! ।
ये दहन्ति शरीरस्थाः, कथं विध्यापितास्त्वया ॥ ५० ॥

महामेघप्रसूतात्, गृहीत्वा वारि जलोत्तमम् ।
सिञ्चामि सततं तान् तु, सिक्ताः नैव दहन्ति माम् ॥ ५१ ॥

अग्नयेश्चेति क उक्ताः, केशिः गौतममब्रवीत् ।
ततः केशिं ब्रुवन्तं तु, गौतम इदमब्रवीत् ॥ ५२ ॥

कषाया अग्नयः उक्ता, श्रुतशीलतपः जलम् ।
श्रुतधाराभिहताः सन्तः, भिन्ना हु न दहन्ति माम् ॥ ५३ ॥ पंचभिः कुलकम् ॥

**અર્થ** – હે ગૌતમ ! આપની બુદ્ધિ સર્વશ્રેષ્ઠ છે, કે જે બુદ્ધિએ સંશયનો નિરાસ કર્યો. હવે બીજો પ્રશ્ન રજૂ કરવામાં આવે છે કે-હે ગૌતમ ! શરીરમાં રહેલી ચારેય બાજુએથી ઉત્કૃષ્ટ રીતિએ જવલિત અને ઘોર અગ્નિઓ તમે કેવી રીતિએ બુઝાવી ? હવે શ્રી ગૌતમસ્વામી કહે છે કે-'મહા મેઘથી પેદા થયેલ જલપ્રવાહમાંથી તમામ જલ કરતાં ચડીયાતું જલ લઈ તે અગ્નિઓને હું બુઝાવું છું અને તેથી સિંચાયેલ તે અગ્નિઓ મને બાળતી નથી હવે શ્રી કેશી શ્રી ગૌતમને પૂછે છે કે-તમે કોને અગ્નિ અને મહામેઘ કહો છો ? તેનો શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે-શ્રી જિનેશ્વરોએ 'કષાયો' તપાવનાર-શોષવનાર હોઈ તેને અગ્નિ તરીકે કહ્યા છે. કષાયના ઉપશમહેતુ શ્રુતાન્તર્ગત ઉપદેશ, મહાવ્રત રૂપ શીલ અને તપ એ 'જલ' છે. જગતને આનંદ આપનાર હોઈ તીર્થંકર 'મહામેઘ'ના સ્થાને છે. તેઓશ્રીથી ઉત્પન્ન થયેલ શ્રી જિનાગમ રૂપ 'શ્રોત' છે. શ્રુત વગેરે જલથી પરિભાવના આદિ રૂપ ધારાઓથી હણાયેલ-સિંચાયેલ પૂર્વોક્ત સ્વરૂપવાળી અગ્નિઓ ભિન્ન-ભેદાયેલ અને શાન્ત થયેલી મને બાળી શકતી નથી. (૪૯ થી ૫૩-૮૭૩ થી ૮૭૭)

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
अन्नोवि संसओ मज्झ, तं मे कहसु गोयमा ॥ ५४ ॥

अय साहस्सीओ भीमो, दुट्ठस्सो परिधावई ।
जंसि गोयम ! आरूढो, कहं तेण न हीरसि ? ॥ ५५ ॥

पहवंतं निगिण्हामि, सुयरस्सी समाहियं ।
न मे गच्छइ उम्मग्गं, मग्गं च पडिवज्जई ॥ ५६ ॥

आसे य इइ के वुत्ते ? केसी गोयममब्बवी ।
तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥ ५७ ॥

**मणो साहस्सीओ भीमो, दुट्ठसो परिधावइ ।**
**तं सम्मं तु निगिण्हामि, धम्मसिक्खाइ कंथगं ॥ ५८ ॥ पंचभिः कुलकम् ॥**

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम, तं मे कथय गौतम ! ॥ ५४ ॥

अयं साहसिको भीमो, दुष्टाश्वः परिधावति ।
यस्मिन् गौतम ! आरूढः कथं तेन न ह्रियसे ॥ ५५ ॥

प्रधावन्तं निगृह्णामि, श्रुतरश्मिसमाहितम् ।
न मे गच्छत्युन्मार्गं मार्गं च प्रतिपद्यते ॥ ५६ ॥

अश्वश्चेति क उक्तः, केशिः गौतममब्रवीत् ।
ततः केशिं बुवन्तं तु, गौतम इदमब्रवीत् ॥ ५७ ॥

मनस्साहसिको भीमो, दुष्टाश्वः परिधावति ।
तं सम्यग्निगृह्णामि, धर्मशिक्षायै कन्थकम् ॥ ५८ ॥ पञ्चभिः कुलकम् ॥

**અર્થ** – હે ગૌતમ ! આપની બુદ્ધિ સરસ છે, કે જે બુદ્ધિએ આ સંશયનું ખંડન કર્યું. હવે એક બીજો પ્રશ્ન રજૂ થાય છે તેનો આપ ખુલાસો કરો. હે ગૌતમ ! આ સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો દોડી રહ્યો છે, કે જેના ઉપર આપ આરૂઢ થયેલા છો, છતાં તે ઘોડો આપને ઉન્માર્ગમાં કેમ લઈ જતો નથી ? ત્યારે શ્રી ગૌતમ કહે છે કે-ઉન્માર્ગ તરફ દોડતા તે ઘોડાને હું આગમ રૂપી રજ્જુથી બંધાયેલો કરૂં છું યાને આગમ રૂપી લગામથી હું ઘોડાને કબજે રાખું છું. આ ઘોડો ભલે દુષ્ટ હોય તો પણ તે ઉન્માર્ગે જતો નથી પરન્તુ માર્ગે ચાલે છે. હવે શ્રી કેશીએ શ્રી ગૌતમને કહ્યું કે-તમે જે ઘોડો કહ્યો તે કોણ ? ત્યારે શ્રી ગૌતમ સ્વામી જવાબ આપે છે કે-સાહસિક-ભીમ મન એ દુષ્ટ અશ્વ છે. જે મન રૂપી દુષ્ટ અશ્વ દોડી રહ્યો છે, તેને ધર્મ-અભ્યાસ માટે કંથક-જાતિમાન ઘોડાની માફક સારી રીતિએ હું લગામમાં-કાબૂમાં કરૂં છું, અર્થાત્ દુષ્ટ ઘોડો પણ જો નિગ્રહ-યોગ્ય હોય તો જાતિવાન અશ્વ જેવો જ છે. (૫૪ થી ૫૮-૮૭૮ થી ૮૮૨)

**साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोवि संसओ मज्झं, त मे कहसु गोयमा ! ॥ ५९ ॥**

**कुप्पहा बहवो लोए, जेहिं नासंति जंतुणो ।**
**अद्धाणे कह वट्टंतो, तुं न नस्ससि गोअमा ? ॥ ६० ॥**

**जे य मग्गेण गच्छंति, जे य उम्मग्गपट्ठिया ।**
**ते सव्वे विइया मज्झं, तो न नस्सामहं मुणी ! ॥ ६१ ॥**

**मग्गे य इइ के वुत्ते ! केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु गोयमो इणमब्बवी ॥ ६२ ॥**

**कुप्पवयणपासंडी, सव्वे उम्मग्गपट्ठिया ।**
**सम्मग्गं तु जिणक्खायं, एस मग्गे हि उत्तमे ॥ ६३ ॥ पंचभिः कुलकम् ॥**

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम, तं मे कथय गौतम ! ॥ ५९ ॥

कुपथा बहवो लोके, यैः नश्यन्ति जन्तवः ।
अध्वनि कथं वर्त्तमानस्त्वं, न नश्यति गौतम ! ॥ ६० ॥

ये च मार्गेण गच्छन्ति, ये चोन्मार्गप्रस्थिताः ।
ते सर्वे विदिता मम, ततो न नश्याम्यहं मुने ! ॥ ६१ ॥

मार्गश्चेति क उक्तः, केशिर्गौतममब्रवीत् ।
ततः केशिं ब्रुवन्तं तु, गौतम इदमब्रवीत् ॥ ६२ ॥

कुप्रवचनपाषण्डिनः, सर्वे उन्मार्गप्रस्थिताः ।
सन्मार्गस्तु जिनाख्यातः, एष मार्गो हि उत्तमः ॥ ६३ ॥ पञ्चभिः कुलकम् ॥

**અર્થ** – હે ગૌતમ ! આપની બુદ્ધિ શ્રેષ્ઠ છે કે જે બુદ્ધિ આ મારો સંશય તોડી નાખનારી બની. હવે બીજો સંશય જે જણાવવામાં આવે છે તેનો આપ ખુલાસો કરો ! હે ગૌતમ ! લોકમાં ઉન્માર્ગો ઘણા છે, કે જે ઉન્માર્ગોથી જંતુઓ નષ્ટ થાય છે. તો તમે સન્માર્ગમાં કેમ વર્તી રહ્યા છો ? સન્માર્ગથી કેમ પડી જતા નથી ? ત્યારે શ્રી ગૌતમસ્વામી જવાબ આપે છે કે-હે મુનિ ! જેઓ માર્ગથી જાય છે અને ઉન્માર્ગે જાય છે. તે તમામ માર્ગો મેં જાણ્યા છે. આ સર્વ માર્ગો માર્ગ અને ઉન્માર્ગના જ્ઞાનથી જણાય છે. આથી માર્ગ અને ઉન્માર્ગના જ્ઞાનથી હું નષ્ટ થતો નથી. હવે શ્રી કેશીએ શ્રી ગૌતમને પૂછયું કે-જે તમે માર્ગો અને ઉન્માર્ગો જાણ્યા છે તે કયા છે ? શ્રી ગૌતમ કહે છે કે-કુપ્રવચનપાખંડી-કપિલ વગેરે દર્શનમાં રહેલ ઈતર દર્શનીઓ, કુપ્રવચન એ કુમાર્ગ કહેવાય છે તેથી તે બધા ઉન્માર્ગગામીઓ છે, જયારે શ્રી જિનેશ્વરે કહેલ ધર્મ-જૈનશાસન સન્માર્ગ છે. આથી આધ્યાત્મિક જૈનદર્શન રૂપ માર્ગ બીજા દર્શનો રૂપી માર્ગોથી ઉત્તમ-ઉત્કૃષ્ટ છે. (૫૯ થી ૬૩-૮૮૩ થી ૮૮૭)

साहु गोयम ! पन्ना ते, छिन्नो मे संसओ इमो ।
अन्नोवि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥ ६४ ॥

महाउदगवेगेणं, वुज्झमाणाण पाणिणं ।
सरणं गइ पइट्ठा य, दीवं कं मन्नसी मुणी ! ॥ ६५ ॥

अत्थि एगो महादीवो, वारिमज्झे महालओ ।
महाउदगवेगस्स, गई तत्थ न विज्जई ॥ ६६ ॥

दीवे य इइ के वुत्ते ? केसी गोयममब्बवी ।
तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥ ६७ ॥

जरामरणवेगेणं, वुज्झमाणाण पाणिणं ।
धम्मो दीवो पइट्ठा य, गई सरणमुत्तमं ॥ ६८ ॥ पंचभिः कुलकम् ॥

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम, तं मे कथय गौतम ! ॥ ६४ ॥

महोदकवेगेन, वाह्यमानानां प्राणिनां ।
शरणं गतिं प्रतिष्ठां च, द्वीपं कं मन्यसे मुने ! ॥ ६५ ॥

अस्त्येको महाद्वीपो, वारिमध्ये महालयः ।
महोदकवेगस्य, गतिस्तत्र न विद्यते ॥ ६६ ॥

द्वीपश्चेति क उक्तः, केशिगौतममब्रवीत् ।
ततः केशिं ब्रुवन्तं तु, गौतम इदमब्रवीत् ॥ ६७ ॥

जरामरणवेगेन, वाह्यमानानां प्राणिनाम् ।
धर्मो द्वीपं प्रतिष्ठा च, गतिश्शरणमुत्तमम् ॥ ६८ ॥ पञ्चभिः कुलकम् ॥

**અર્થ –** હે ગૌતમ ! આપની બુદ્ધિ પરમ શ્રેષ્ઠ છે, કે જે પ્રજ્ઞાએ આ મારો સંશય દૂર કર્યો છે. હવે બીજો પણ સંશય જે રજૂ થાય છે તેનો પણ આપ ખુલાસો કરો ! હે ગૌતમ મુનિ ! મહાસાગરના મહા-જલના વેગથી તણાતા પ્રાણીઓને શરણ રૂપ, ગતિ રૂપ કે પ્રતિષ્ઠા રૂપ કોઈ દ્વીપને આપ જાણો છો ? શ્રી ગૌતમ જણાવે છે કે-મહાસાગરના જલ મધ્યે ઊંચો અને વિશાલ હોઈ મહાન સ્થાન રૂપ એક મહાન દ્વીપ છે, કે જેમાં મહા-જલના વેગની ગતી થતી નથી. શ્રી કેશી પૂછે છે કે-આપ મહા દ્વીપ કયો કહો છો ? શ્રી ગૌતમ કહે છે કે-જરા-મરણ રૂપી જલપ્રવાહના વેગથી તણાતાં પ્રાણીઓને ગતિ-પ્રતિષ્ઠા-

શરણ રૂપ ઉત્તમ શ્રુતધર્મ વગેરે રૂપ દ્વીપ છે. ભવસાગરમાં રહ્યા છતાં મુક્તિનો હેતુ હોઈ તે સત્ય દ્વીપ છે અને તેથી ત્યાં જરા-મરણ રૂપ જલપ્રવાહનો વેગ ગતિ કરી શકતો નથી. (૬૪ થી ૬૮-૮૮૮ થી ૮૯૨)

**साहु गोअम ! पण्णा ते, छिण्णो मे संसओ इमो ।**
**अन्नोवि संसओ मज्झं, तं मे कहसु गोअमा ॥ ६९ ॥**

**अण्णवंसि महोहंसि, नावा विप्परिधावइ ।**
**जंसि गोअममारूढो, कहं पारं गमिस्ससि ॥ ७० ॥**

**जा उ अस्साविणी नावा न सा पारस्स गामिणी ।**
**जा निरस्साविणी नावा, सा उ पारस्स गामिणी ॥ ७१ ॥**

**नावा य इइ का वुत्ता ! केसी गोयममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोयमो इणमब्बवी ॥ ७२ ॥**

**सरीरमाहु नावत्ति, जीवो वुच्चइ नाविओ ।**
**संसारो अण्णवो वुत्तो जं तरंति महेसिणो ॥ ७३ ॥ पंचभिः कुलकम् ॥**

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम, तं मे कथय गौतम ! ॥ ६९ ॥

अर्णवे महौघे, नौः विपरिधावति ।
यस्यां गौतम आरूढो, कथं पारं गमिष्यसि ? ॥ ७० ॥

या आश्राविणी नौः, न सा पारस्य गामिनी ।
या निराश्राविणी नौः, सा तु पारस्य गामिनी ॥ ७१ ॥

नौश्चेति कोक्ता, केशिर्गौतममब्रवीत् ।
ततः केशिं ब्रुवन्तं तु, गौतम इदमब्रवीत् ॥ ७२ ॥

शरीरमाहुः नौरिति, जीव उच्यते नाविकः ।
संसारोऽर्णव उक्तोऽयं, तरन्ति महर्षयः ॥ ७३ ॥ पञ्चभिः कुलकम् ॥

અર્થ – હે ગૌતમ ! આપની બુદ્ધિ સર્વશ્રેષ્ઠ છે, કે જે બુદ્ધિએ આ મારો સંશય પણ દૂર કર્યો છે. હવે બીજો પણ સંશય મૂકવામાં આવે છે તો તેનું પણ તમે સમાધાન કરો ! હે ગૌતમ ! મહા પ્રવાહવાળા સમુદ્રમાં નાવ વિશેષથી ચારેય બાજુ ચાલી જાય છે, તો તમે જે નાવમાં આરૂઢ થયા છો તેથી કેવી રીતિએ સામે કાંઠે પહોંચશો ? શ્રી ગૌતમ જણાવે છે કે-જે નાવ છિદ્રવાળી-પાણી ગ્રહણ કરનારી છે તે સમુદ્રના કિનારે પહોંચાડનારી નથી. પણ જે નાવ

છિદ્ર વગરની-જલના આગમન વગરની છે તે સમુદ્રને પાર કરનારી છે. આથી છિદ્ર વગરની નાવ ઉપર આરૂઢ થયેલો હું પારગામી બનીશ. શ્રી કેશી કહે છે કે-જે નાવ ઉપર આપ ચડ્યા છો તે નાવ કયા પ્રકારની છે ? શ્રી ગૌતમ જણાવે છે કે-નિરૂદ્ધ આશ્રવદ્વારવાળું શરીર અહીં નાવ કહેવાય છે, કેમ કે-તે રત્નત્રયીની આરાધનાનો હેતુ હોઈ સંસારસાગરથી તારનાર છે. અહીં જીવ નાવિક કહેવાય છે, કેમ કે-તેજ સંસારસાગરને તરી જાય છે. સંસાર સાગર કહેવાય છે અને તે સાગરની માફક અપાર હોઈ તરવાનો છે-તાર્ય છે. (૬૯ થી ૭૩-૮૯૩ થી ૮૯૭)

**साहु गोयम ! पण्णा ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोवि संसओ मज्झं, तं मे कहसु गोयमा ! ॥ ७४ ॥**

**अंधयारे तमोघोरे, चिट्ठन्ति पाणिणो बहू ।**
**को करिस्सइ उज्जोयं, सव्वलोअम्मि पाणिणं ? ॥ ७५ ॥**

**उग्गओ विमलो भाणू, सव्वलोअप्पह करो ।**
**सो करिस्सइ उज्जोयं, सव्वलोअंमि पाणिणं ॥ ७६ ॥**

**भाणू अ इइ के वुत्ते ? केसी गोअममब्बवी ।**
**तओ केसिं बुवंतं तु, गोअमो इणमब्बवी ॥ ७७ ॥**

**उग्गओ खीणसंसारो, सव्वण्णू जिणभक्खरो ।**
**सो करिस्सइ उज्जोयं, सव्वलोअम्मि पाणिणं ॥ ७८ ॥ पञ्चभिः कुलकम् ॥**

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम, तं मे कथय गौतम ! ॥ ७४ ॥

अन्धकारे तमसि घोरे, तिष्ठन्ति प्राणिनो बहु ।
कः करिष्यत्युद्योतं, सर्वलोके प्राणिनाम् ॥ ७५ ॥

उद्गतो विमलो भानुस्सर्वलोकप्रभाकरः ।
स करिष्यत्युद्योतं, सर्वलोके प्राणिनाम् ॥ ७६ ॥

भानुश्चेति क उक्तः, केशिर्गौतममब्रवीत् ।
ततः केशिं ब्रुवन्तं तु, गौतम इदमब्रवीत् ॥ ७७ ॥

उद्गतः क्षीणसंसारो, सर्वज्ञो जिनभास्करः ।
स करिष्यत्युद्योतं, सर्वलोके प्राणिनाम् ॥ ७८ ॥ पञ्चभिः कुलकम् ॥

અર્થ – હે ગૌતમ ! આપની પ્રજ્ઞા પ્રકૃષ્ટ છે, કે જે પ્રજ્ઞાએ મારો સંશય છિન્ન કર્યો છે. હવે બીજો પ્રશ્ન જે કરવામાં આવે છે તેનું આપ સમાધાન કરો ! શ્રી કેશી કહે છે કે-હે ગૌતમ ! આંધળાની જેમ જનને અંધ કરનાર હોઈ અંધકાર-તમસમાં ઘણા પ્રાણીઓ રહે છે, તો સર્વલોકમાં પ્રાણીઓને કોણ પ્રકાશ કરનાર હશે ? શ્રી ગૌતમ કહે છે કે-સર્વલોકમાં પ્રાણીઓને સર્વલોક-પ્રકાશકર, ઉગેલો અને નિર્મલ ભાનુ પ્રકાશ કરશે. શ્રી કેશી કહે છે કે-તમે કહેલ આ ભાનુનો પરમાર્થ શો ? શ્રી ગૌતમ જણાવે છે કે-સદા ઉદિત, ક્ષીણકર્મસંબંધ રૂપ સંસારવાળા, સર્વજ્ઞ અને શ્રી જિનેશ્વર રૂપી ભાસ્કર, સર્વલોકમાં પ્રાણીઓને મોહ રૂપી અંધકારને દૂર કરવા દ્વારા સર્વવસ્તુવિષયક પ્રકાશ રૂપી ઉદ્યોત આપશે. (૭૪ થી ૭૮-૮૯૮ થી ૯૦૨)

**साहु गोअम ! पण्णा ते, छिन्नो मे संसओ इमो ।**
**अन्नोवि संसओ मज्झं, तं मे कहसु गोअमा ? ॥ ७९ ॥**

**सारीरमाणसे दुक्खे, बज्झमाणाण पाणिणं ।**
**खेमं सिवमणाबाहं, ठाणं किं मन्नसी मुणी ? ॥ ८० ॥**

**अत्थि एगं धुवं ठाणं, लोगग्गंमि दुरारुहं ।**
**जत्थ नत्थि जरामच्चू, वाहिणो वेअणा तहा ॥ ८१ ॥**

**ठाणे अ इइ के वुत्ते, केसी गोअममब्बवी ।**
**केसामेवं बुवंतं तु, गोअमो इणमब्बवी ॥ ८२ ॥**

**निव्वाणंति अबाहन्ति, सिद्धिलोगग्गमेव य ।**
**खेमं सिवं अणाबाहं, जं चरंति महेसिणो ॥ ८३ ॥**

**तं ठाणं सासयं वासं, लोगग्गंमि दुरारुहं ।**
**जं संपत्ता न सोअंति, भवोहंतकरा मुणी ॥ ८४ ॥ षड्भिः कुलकम् ॥**

साधु गौतम ! प्रज्ञा ते छिन्नो मे संशयोऽयम् ।
अन्योऽपि संशयो मम, तं मे कथय गौतम ! ॥ ७९ ॥

शारीरमानसैः दुःखै, र्बाध्यमानानां प्राणिनाम् ।
क्षेमं शिवमनाबाधं, स्थानं किं मन्यसे मुने ! ॥ ८० ॥

अस्त्येकं ध्रुवं स्थानं, लोकाग्रे दुरारोहम् ।
यत्र नास्ति जरामृत्यू, व्याधयो वेदनास्तथा ॥ ८१ ॥

स्थानमिति क उक्तः, केशिगौतममब्रवीत् ।
ततः केशिं ब्रुवन्तं तु, गौतम इदमब्रवीत् ॥ ८२ ॥

निर्वाणमित्यबाधमिति, सिद्धि र्लोकाग्रमेव च ।
क्षेमं शिवमनाबाधं, यं चरन्ति महर्षयः ॥ ८३ ॥

तं स्थानं शाश्वतं वासं, लोकाग्रे दुरारोहम् ।
यत्सम्प्राप्ता न शोचन्ति, भवौघान्तकरा मुनयः ॥ ८४ ॥ षड्भिः कुलकम् ॥

**અર્થ** – હે ગૌતમ ! તમારી પ્રતિભા પરમ છે, કે જે પ્રતિભાએ મારા સંશયનું નિરાકરણ કર્યું. હવે હું બીજો પ્રશ્ન મૂકું છું તેનું તમે નિરાકરણ કરો ! શ્રી કેશી કહે છે કે-હે મુનિ ! શરીર અને મનના દુઃખોથી રીબાતા પ્રાણીઓને માટે, વ્યાધિના અભાવથી ક્ષેમ રૂપ, સર્વ ઉપદ્રવના અભાવથી શિવ રૂપ, સ્વાભાવિક બાધા વગરનું હોઈ અનાબાધ રૂપ સ્થાન કયું તમે જાણો છો ? શ્રી ગૌતમ જણાવે છે કે-લોકના અગ્રે દુઃખે ચઢી શકાય એવું એક ધ્રુવસ્થાન છે, કે જ્યાં જરા અને મરણ નથી એટલે શિવત્વ છે, તેમજ શરીર અને મનના દુઃખના અનુભવ રૂપ વેદનાઓ નથી અર્થાત્ અનાબાધત્વ છે અને વ્યાધિઓ નથી એટલે ક્ષેમત્વ છે. શ્રી કેશી કહે છે કે-એ સ્થાનને શાસ્ત્રમાં કયા-કયા શબ્દથી સંબોધેલ છે ? શ્રી ગૌતમ જણાવે છે કે-નિર્વાણ, અબાધ, સિદ્ધિ, લોકાગ્ર, ક્ષેમ, શિવ અને અનાબાધ-આવા શબ્દોથી ધ્રુવસ્થાન સંબોધાય છે. તેને મહર્ષિઓ મેળવે છે. વળી નારક વગેરે ભવપ્રવાહના અંત કરનારા મુનિઓ, તે લોકના અગ્ર ઉપર દુઃખે કરી ચઢી શકાય એવા તે નિત્ય અવસ્થિતિવાળા-શાશ્વત્ આવાસને પામેલા શોકરહિત બને છે. (૭૯ થી ૮૪-૯૦૩ થી ૯૦૮)

साहु गोयम ! पण्णा ते, छिन्नो मे संसओ इमो ।
नमो ते संसयाईय, सव्वसुत्तमहोयही ! ॥ ८५ ॥

एवं तु संसए छिन्ने, केसी घोरपरक्कमे ।
अभिवंदित्ता सिरसा, गोयमं तु महायसं ॥ ८६ ॥

पंचमहव्वयं धम्मं, पडिवज्जइ भावओ ।
पुरिमस्स पच्छिमंमि, मग्गे तत्थ सुहावहे ॥ ८७ ॥ त्रिभिर्विशेषकम् ॥

साधु गौतम ! प्रज्ञा ते, छिन्नो मे संशयोऽयम् ।
नमस्ते संशयातीत ! सर्वसूत्रमहोदधे ! ॥ ८५ ॥

एवं तु संशये छिन्ने, केशिः घोरपराक्रमः ।
अभिवन्द्य शिरसा, गौतमं तु महायशसम् ॥ ८६ ॥

पञ्चमहाव्रतं धर्मं, प्रतिपद्यते भावतः ।
पूर्वस्य पश्चिमे मार्गे, तत्र शुभावहे ॥ ८७ ॥ त्रिभिर्विशेषकम् ॥

**અર્થ –** શ્રી કેશી કહે છે કે-હે ગૌતમ ! આપની બુદ્ધિ ઉત્તમ છે, કે જે બુદ્ધિએ અમારો સંશય દૂર કરી દીધો. માટે હે સંશયથી અતીત-રહિત ! હે સર્વત્ર-મહાસાગર ! આપને મારો નમસ્કાર હો ! આ પ્રમાણે ઘોર પરાક્રમી શ્રી કેશીકુમારશ્રમણ, મહાયશ શ્રી ગૌતમસ્વામીને મસ્તકથી પ્રણામ કરીને, પ્રથમના જિનને અભિમત અને અંતિમ તીર્થંકર સંબંધી તીર્થ રૂપ કલ્યાણકારી માર્ગમાં પંચમહાવ્રત રૂપ ધર્મને સ્વીકારે છે. (૮૫ થી ૮૭-૯૦૯ થી ૯૧૧)

**केसी गोअमओ णिच्चं, तंमि आसि समागमे ।**
**सुयसीलसमुक्करिसो, महत्थत्थविणिच्छओ ॥ ८८ ॥**

**तोसिआ परिसा सव्वा सम्मग्गं समुवट्ठिया ।**
**संथुआ ते पसीअन्तु, भयवं केसीगोअम त्तिबेमि ॥ ८९ ॥ युग्मम् ॥**

केशिगौतमतो नित्यं, तस्मिन्नासीत्समागमे ।
श्रुतशीलसमुत्कर्षो, महार्थार्थविनिश्चयः ॥ ८८ ॥

तोषिता परिषत् सर्वा, सन्मार्गं समुपस्थिता ।
संस्तुतौ तौ प्रसीदतां, भगवंतौ केशिगौतमाविति ब्रवीमि ॥ ८९ ॥ युग्मम् ॥

**અર્થ –** તે નગરીમાં કરેલ સ્થિરતા દરમ્યાન થયેલ શ્રી કેશીકુમારશ્રમણ અને શ્રી ગૌતમસ્વામીના મધુર મિલનમાં જ્ઞાન અને ચારિત્રનો ઉત્કર્ષ, તેમજ મુક્તિના સાધક હોઈ મહા પ્રયોજનવાળા શિક્ષા અને વ્રત વગેરે રૂપ અર્થોનો વિશિષ્ટ નિશ્ચય શિષ્યોની અપેક્ષાએ લાભદાયક સમજવો. વળી ખુશખુશાલ થયેલી સઘળી પર્ષદા મોક્ષમાર્ગને આરાધવા ઉજમાળ બની એ સભાગત બીજો લાભ જાણવો. આ પ્રમાણે તે બંનેના ચરિત્રવર્ણન દ્વારા સ્તુતિ કરી પ્રાર્થના કરે છે કે-સારી રીતિએ સ્તુતિ કરાયેલા શ્રી કેશીકુમારશ્રમણ અને શ્રી ગૌતમસ્વામી-એ બંને ભગવંતો પ્રસન્ન થાઓ !' આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૮૮+૮૯-૯૧૨+૯૧૩)

## ત્રેવીસમું શ્રી કેશિગૌતમીયાધ્યયન સંપૂર્ણ.

# શ્રી પ્રવચન-માતૃ અધ્યયન-૨૪

**अट्ठप्पवयणमायाओ, समिई गुत्ती तहेव य ।**
**पंचेव य समीइओ तओ गुत्तीउ आहिआ ॥ १ ॥**

**ईरिआभासेसणा दाणे, उच्चारे समिई इय ।**
**मणगुत्ती वयगुत्ती, कायगुत्ती उ अट्ठमा ॥ २ ॥**

**एयाओ अट्ठ समिईओ समासेण विआहिआ ।**
**दुवालसंगं जिणक्खायं, मायं जत्थ उ पवयणं ॥ ३ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**अष्ट प्रवचनमातरः, समितयः गुप्तयः तथैव च ।**
**पञ्चैव च समितयः, तिस्त्रः गुप्तयः, आख्याताः ॥ १ ॥**

**ईर्याभाषैषणादाने, उच्चारे समितिः इति ।**
**मनगुप्तिर्वचनगुप्तिः, कायगुप्तिस्त्वष्टमा ॥ २ ॥**

**एता अष्ट समितयः, समासेन व्याख्याताः ।**
**द्वादशाङ्कं जिनख्यातं, मातं यत्र तु प्रवचनम् ॥ ३ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ** – પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ અષ્ટપ્રવચનમાતાઓ કહેવાય છે. હવે તે નામપૂર્વક જણાવે છે કે-૧. ઈર્યાસમિતિ, ૨. ભાષાસમિતિ, ૩. એષણાસમિતિ, ૪. આદાનનિક્ષેપ સમિતિ, ૫. ઉચ્ચારાદિ પારિષ્ઠાપનિકા-સમિતિ, ૬. મનગુપ્તિ, ૭. વચનગુપ્તિ અને ૮. કાયગુપ્તિ. (સમ્ સારી રીતિએ શ્રી જિનવચનાનુસારે, ઈતિ-આત્માની ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ.) અહીં ગુપ્તિઓને સમિતિ શબ્દથી વાચ્ય કરેલ છે, જેથી સમિતિ પ્રવૃત્તિ રૂપ અને ગુપ્તિ પ્રવૃત્તિ-નિવૃત્તિ રૂપ છે-એમ કથંચિત્ ભેદ જાણવો. આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ આઠ સમિતિઓ પ્રવચનમાતાઓ કહેવાય છે. આ પ્રવચનમાતાઓમાં શ્રી જિનકથિત દ્વાદશાંગી રૂપ પ્રવચનનો સમાવેશ થાય છે, જેથી તેજ ચારિત્ર રૂપ છે. વળી જ્ઞાન-દર્શન હોય તો જ ચારિત્ર છે. એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રથી ભિન્ન, અર્થની અપેક્ષાએ બીજી દ્વાદશાંગી નથી. આમ આ આઠ પ્રવચનમાતાઓમાં સમસ્ત જૈન પ્રવચન સમાઈ જાય છે. (૧ થી ૩-૯૧૪ થી ૯૧૬)

आलंबणेण कालेण, मग्गेण जयणाइ य ।
चउकारणपरिसुद्धं, संजए इरियं रिए ॥ ४ ॥

तत्थ आलंबणं नाणं, दंसणं चरणं तहा ।
काले य दिवसे वुत्ते, मग्गे उप्पहवज्जिए ॥ ५ ॥

दव्वओ खित्तओ चेव, कालओ भावओ तहा ।
जयणा चउव्विहा वुत्ता, तं मे कित्तयओ सुण ॥ ६ ॥

दव्वओ चक्खुसा पेहे, जुगमित्तं च खित्तओ ।
कालओ जाव रीइज्जा, उवउत्तो य भावओ ॥ ७ ॥

इंदिअत्थे विवज्जित्ता, सज्झायं चेव पंचहा ।
तम्मुत्ती तप्पुरक्कारे, उवउत्ते रियं रिए ॥ ८ ॥ पञ्चभिः कुलकम् ॥

आलम्बनेन कालेन, मार्गेण यतनया च ।
चतुष्कारणपरिशुद्धां, संयत ईर्यां रीयते ॥ ४ ॥

तत्रालम्बनं ज्ञानं, दर्शनं चरणं तथा ।
कालश्च दिवस उक्तो, मार्ग उत्पथवर्जितः ॥ ५ ॥

द्रव्यतः क्षेत्रतश्चैव, कालतो भावतस्तथा ।
यतना चतुर्विधोक्ता, तां मे कीर्तयतः श्रृणु ॥ ६ ॥

द्रव्यतश्चक्षुषा प्रेक्षेत, युगमात्रं च क्षेत्रतः ।
कालतो यावद्रीयेत, उपयुक्तश्च भावतः ॥ ७ ॥

इन्द्रियार्थान् विवर्ज्य, स्वाध्यायं चैव पञ्चधा ।
तन्मूर्तिस्तत्पुरस्कार, उपयुक्त ईर्यां रीयेत ॥ ८ ॥ पञ्चभिः कुलकम् ॥

**અર્થ – ઈર્યાસમિતિનું સ્વરૂપ :–** આલંબનકારણે, કાલકારણે, માર્ગકારણથી અને યતનાકારણથી પરિશુદ્ધ ગતિને સાધુ કરે ! જેને આલંબીને ગમનની અનુજ્ઞા કરાય તે આલંબન એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર. જ્ઞાનના આલંબન સિવાય ગમનની અનુજ્ઞા નથી. (૧) ઈર્યાવિષયકાલ 'દિવસ' જિનોએ કહેલ છે. રાતમાં તો આંખ દેખી શકે નહિ, માટે પુષ્ટ આલંબન સિવાય ગમનની અનુજ્ઞા કરેલ નથી. (૨) ઉન્માર્ગને છોડી માર્ગમાં ગમનની અનુજ્ઞા કરી છે, કેમ કે-ઉન્માર્ગમાં આત્મવિરાધના આદિ દોષો થાય છે. (૩) યતના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ એમ ચાર પ્રકારે છે. દ્રવ્યથી આંખે જીવ વગેરે દ્રવ્યને જુએ અને ક્ષેત્રથી ધુંસરાપ્રમાણ જગ્યાને જુએ, તેમજ કાલથી જેટલા કાલ સુધી જવાનું હોય તેટલો કાલ અને ઉપયોગપૂર્વક સાવધાન થઈને ચાલે તે ભાવયતના જાણવી. (૪) શબ્દાદિ પાંચ વિષયોને છોડી, વાચના વગેરે

પાંચ પ્રકારના સ્વાધ્યાયને છોડી (કેમ કે-તે ગતિના ઉપયોગમાં ઘાતક છે.) અને ઈર્યામાં તન્મય બનેલો તેને આગળ કરી, કાય-મનની એકાગ્રતાપૂર્વક સાધુ ઈર્યા-ગમન કરે ! (૪ થી ૮-૯૧૭ થી ૯૨૧)

**कोहे माणे य मायाए, लोभे य उवउत्तया ।**
**हासे भये मोहरिए, विकहासु तहेव य ॥ ९ ॥**

**एयाइ अट्ठ ठाणाइं, परिवज्जित्तु संजओ ।**
**असावज्जं मियं काले, भासं भासिज्ज पण्णवं ॥ १० ॥ युग्मम् ॥**

**क्रोधे माने च मायायां, लोभे च उपयुक्तता ।**
**हास्ये भये मौखर्ये, विकथासु तथैव च ॥ ९ ॥**

**एतान्यष्टौ स्थानानि, परिवर्ज्य संयतः ।**
**असावद्यां मितां काले, भाषां भाषेत प्रज्ञावान् ॥ १० ॥ युग्मम् ॥**

**અર્થ –** ભાષાસમિતિ :- ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, મુખરતા (વાચાલપણું) અને વિકથાઓમાં એકાગ્રતાનો અભાવ કરી યાને ક્રોધાદિ સ્થાનોને છોડી, બુદ્ધિમાન સાધુએ નિર્દોષ-પરિમિત-સમયોચિત વાણી બોલવી જોઈએ. (૯+૧૦-૯૨૨+૯૨૩)

**गवेसणाए गहणे य, परिभोगेसणा य जा ।**
**आहारोवहिसिज्जाए, एए तिन्नि विसोहए ॥ ११ ॥**

**उग्गमुप्पायणं पढमे, बीए सोहिज्ज एसणं ।**
**परिभोगंमि चउक्कं, विसोहिज्ज जयं जइ ॥ १२ ॥ युग्मम् ॥**

**गवेषणायां ग्रहणे च, परिभोगैषणा च या ।**
**आहारोपधिशय्यासु, एतास्तिस्रो विशोधयेद् ॥ ११ ॥**

**उद्गमोत्पादनं प्रथमायां, द्वितीयायां शोधयेदेषणाम् ।**
**परिभोगे चतुष्कं, विशोधयेत् यतमानो यतिः ॥ १२ ॥ युग्मम् ॥**

**અર્થ – એષણાસમિતિ :-** આહાર, ઉપધિ અને શય્યાના વિષયમાં પ્રથમ ગવેષણા-એષણામાં આધાકર્મ આદિ સોલ દોષો અને ધાત્રી વગેરે ઉત્પાદના દોષોને શુદ્ધ કરે-દૂર કરે ! બીજી ગ્રહણ-એષણામાં શંકિત વગેરે દશ એષણા દોષોને શુદ્ધ કરે-દૂર કરે ! ત્રીજી પરિભોગ-એષણામાં સંયોજના-પ્રમાણ-અંગારધૂમ-કારણ રૂપ ચાર દોષોને શોધે-શુદ્ધિ કરે-દૂર કરે ! આ પ્રમાણે યતના કરતો મુનિ એષણાસમિતિનું પાલન કરે ! (૧૧+૧૨-૯૨૪+૯૨૫)

**ओहोवहोवग्गहियं, भंडयं दुविहं मुणी ।**
**गिण्हंतो निक्खिवंतो अ, पउंजिज्ज इमं विहिं ॥ १३ ॥**

चक्खुसा पडिलेहित्ता, पमजिज्ज जयं जई ।
आइए निक्खिवेज्ज वा, दुहओवि समिए सया ॥ १४ ॥ युग्मम् ॥

ओघोपध्यौपग्रहिकं भाण्डकं द्विविधं मुनिः ।
गृह्णन्निक्षिपंश्च, प्रयुञ्जीत इमं विधिम् ॥ १३ ॥

चक्षुषा प्रत्युत्प्रेक्ष्य, प्रमार्जयेद्यतमानो यतिः ।
आददीत निक्षिपेद्वा, द्विधापि समितस्सदा ॥ १४ ॥ युग्मम् ॥

**અર્થ – આદાનનિક્ષેપસમિતિ** :- ઓઘ ઉપધિ રૂપ રજોહરણ વગેરે અને ઔપગ્રહિક ઉપધિ રૂપ દંડ વગેરે બે પ્રકારના ઉપકરણને મુનિ લેતાં અને મૂકતાં કહેવાતી વિધિનો ઉપયોગ કરે ! બંને પ્રકારની ઉપધિને પહેલાં આંખથી જુએ અને પછી રજોહરણ વગેરેથી પ્રમાર્જે; ત્યારબાદ લે અથવા મૂકે ! આ પ્રમાણેની યતનાવાળો યતિ સદા ઉપયોગવાળો બનેલો 'સમિત' કહેવાય છે. (૧૩+૧૪-૯૨૬+૯૨૭)

उच्चारं पासवणं खेलं, सिंघाण जल्लिअं ।
आहारं उवहिं देहं अन्नं वावि तहाविहं ॥ १५ ॥

अणावायमसंलोए, अणावाए चेव होइ संलोए ।
आवायमसंलोए, आवाए चेव संलोए ॥ १६ ॥

अणावायमसंलोए परस्सऽणुवघाइए ।
समे अज्झुसिरे वावि, अचिरकालकयंमि अ ॥ १७ ॥

विच्छिन्ने दूरमोगाढे, णासण्णे बिलवज्जिए ।
तसपाणबीअरहिए, उच्चाराईणि वोसिरे ॥ १८ ॥ चतुर्भिः कलापकम् ॥

उच्चारं प्रश्रवणं, खेलं श्लेष्माणं मलम् ।
आहारमुपधिं देहं, अन्यत् वाऽपि तथाविधम् ॥ १५ ॥

अनापातमसंलोकं, अनापातं चैव भवति संलोकम् ।
आपातमसंलोकं, आपातं चैव संलोकम् ॥ १६ ॥

अनापाते असंलोके, परस्यानुपघातिके ।
समे अशुषिरे वाप्यचिरकालकृते च ॥ १७ ॥

विस्तीर्णे दूरमवगाढे, नासन्ने बिलवर्ज्जिते ।
त्रसप्राणबीजरहिते, उच्चारादीनि व्युत्सृजेत् ॥ १८ ॥ चतुर्भिः कलापकम् ॥

**અર્થ – પરિષ્ઠાપનાસમિતિ** :- પુરીષ, મૂત્ર, મુખનો શ્લેષ્મ, નાકનો શ્લેષ્મ, મલ, આહાર, ઉપધિ, દેહ અને બીજું કારણસર ગ્રહણ કરેલ છાણ

વગેરે જે કાંઈ પરિષ્ઠાપન યોગ્ય હોય, તે ચોક્ખી જગ્યામાં વિધિપૂર્વક પરઠવી દેવું જોઈએ. (૧) જયાં-સ્વ-પર ઉભય પક્ષનું સમીપ આવવારૂપ આપાત નથી તે સ્થાન 'અનાપાત' : દૂર એવા પણ સ્વપક્ષ વગેરેના દેખવા રૂપ આલોક જયાં નથી તે સ્થાન 'અસંલોક' : આ અનાપાત-અસંલોક સ્થાન કહેવાય છે. (૨) જયાં પૂર્વોક્ત આપાત નથી પણ સંલોક છે, તે અનાપાત-સંલોક સ્થાન કહેવાય છે.(૩) જયાં આપાત છે પણ સંલોક નથી, તે આપાત-અસંલોક સ્થાન કહેવાય છે. (૪) જયાં આપાત છે અને સંલોક છે, તે સ્થાનનો ચોથો પ્રકાર સમજવો. આ ચાર પ્રકારના સ્થાનોમાંથી પહેલા પ્રકારવાળા સ્થાનમાં ઉચ્ચાર વગેરે પરઠવે ! (अ) સંયમ-આત્મા-પ્રવચનના ઉપઘાતરહિત સ્થાનમાં. (आ) જે ઉંચું કે નીચું સ્થાન ન હોય તેવા સ્થાનમાં, (इ) ઘાસ-પાંદડાં આદિ રહિત અશુષિર સ્થાનમાં, (ई) દાહ વગેરે જેમાં થયેલ હોય અને પછી થોડો કાળ ગયો હોય તેવા અચિરકાલકૃત સ્થાનમાં, (કેમ કે-ઘણો કાળ થયા પછી તેમાં પૃથ્વી વગેરે પેદા થાય છે.) (उ) વિસ્તીર્ણ સ્થાન અને જઘન્યથી હાથ પ્રમાણ સ્થાનમાં, (ऊ) દૂર અવગાઢ સ્થાનમાં અને જઘન્યથી નીચે બાર આંગળપ્રમાણ જગ્યા અચિત્ત થયેલી હોય એવા સ્થાનમાં, (ए) ગામ, બગીચા વગેરે દૂર રહેલ સ્થાનમાં, (ऐ) ઉંદર આદિ બીલ વગરની જગ્યામાં, (ओ) બેઈન્દ્રિય વગેરે ત્રસ જીવોથી, શાલિ વગેરે બીજથી અને સકલ એકેન્દ્રિય જીવોથી રહિત સ્થાનમાં : આ પ્રમાણે દશ પ્રકારના સ્થાનમાં ઉચ્ચાર વગેરે પરઠવે ! (૧૫ થી ૧૮-૯૨૯ થી ૯૩૧)

**एआओ पंच समिईओ समासेण वियाहिआ ।**
**इत्तो उ तओ गुत्तीओ, वुच्छामि अणुपुव्वसो ॥ १९ ॥**

**एता पञ्च समितयः, समासेन व्याख्याताः ।**
**इतस्तु तिस्रो गुप्तीः, वक्ष्याम्यानुपूर्व्या ॥ १९ ॥**

**અર્થ** – આ પાંચ સમિતિ સંક્ષેપમાં કહી. હવે ત્રણ ગુપ્તિઓનું વર્ણન ક્રમશઃ કરવામાં આવે છે. (૧૯-૯૩૨)

**सच्चा तहेव मोसा य, सच्चमोसा तहेव य ।**
**चउत्थी असच्चमोसा य, मणगुत्ती चउव्विहा ॥ २० ॥**

**संरंभसमारंभे, आरम्भे य तहेव य ।**
**मणं पवट्टमाणं तु, निअतिज्ज जयं जई ॥ २१ ॥**

**सच्चा तहेव मोसा य, सच्चा मोसा तहेव य ।**
**चउत्थी असच्चमोसा य, वयगुत्ती चउव्विहा ॥ २२ ॥**

**संरंभसमारंभे, आरंभे य तहेव य ।**
**वयं पवत्तमाणं तु, नियतिज्ज जय जई ॥ २३ ॥**

**ठाणे निसीअणे चेव, तहेव य तुअट्टणे ।**
**उल्लंघण पल्लंघण, इंदियाण य जुंजणे ॥ २४ ॥**

**संरम्भसमारम्भे, आरम्भे य तहेव य ।**
**कायं पवत्तमाणं तु, निअतिज्ज जयं जई ॥ २५ ॥ षड्भिः कुलकम् ॥**

सत्या तथैव मृषा च, सत्यामृषा तथैव च ।
चतुर्थ्यसत्यामृषा च, मनोगुप्तिश्चतुर्विधा ॥ २० ॥

संरम्भसमारम्भे, आरम्भे च तथैव च ।
मनः प्रवर्तमानं तु, निवर्त्तयेद्यतमानो यतिः ॥ २१ ॥

सत्या तथैव मृषा च, सत्यामृषा तथैव च ।
चतुर्थ्यसत्यामृषा च, वाग्गुप्तिश्चतुर्विधा ॥ २२ ॥

संरम्भसमारम्भे, आरम्भे तथैव च ॥
वचः प्रवर्तमानं तु, निवर्त्तयेद्यतमानो यतिः ॥ २३ ॥

स्थाने निषीदने चैव, तथैव च त्वग्वर्त्तने ।
उल्लंघने प्रलंघने, इन्द्रियाणां च योजने ॥ २४ ॥

संरम्भसमारम्भे, आरम्भे तथैव च ।
कायं प्रवर्तमानं तु, निवर्त्तयेद्यतमानो यतिः ॥ २५ ॥ षड्भिः कुलकम् ॥

**અર્થ – મનોગુપ્તિ :-** (૧) સત્ પદાર્થ ચિંતન રૂપ મનોયોગ 'સત્ય' કહેવાય છે. તેના વિષયવાળી મનોગુપ્તિ ઉપચારથી 'સત્યા' કહેવાય છે. (૨) મૃષા. (૩) સત્યામૃષા, અને (૪) અસત્યામૃષા-એમ ચાર પ્રકારની મન રૂપ મનોગુપ્તિ કહેવાય છે. આનું સ્વરૂપ બતાવીને ઉપદેશ આપે છે કે-સંરંભ-'હું તેવો વિચાર કરું કે જેથી આ મરી જાય !'-આવા પ્રકારના માનસિક સંકલ્પ રૂપ સંરંભમાં, પરપીડાકર ઉચ્ચાટન વગેરે માટેનું જે ધ્યાન તે સમારંભમાં અને પરને મારવામાં સમર્થ અશુભ ધ્યાન રૂપ આરંભમાં પ્રવર્ત્તતા મનને યતનાશીલ યતિ પાછું વાળી દે, અટકાવી દે. અને શુભ સંકલ્પોમાં મન પ્રવર્તાવે ! આ પ્રમાણે અશુભ મનથી નિવૃત્તિ અને શુભ મનની પ્રવૃત્તિ રૂપ મનોગુપ્તિ સમજવી. **વચનગુપ્તિ :-** (૧) 'સત્યા'-યથાર્થ અર્થ પ્રતિપાદન કરનારી, (૨) 'અસત્યા'-તેનાથી વિપરીત, (૩) ગાય-બળદના સમુદાયમાં 'આ ગાયો જ છે'-એમ પ્રતિપાદન કરનારી 'સત્યા-મૃષા' અને (૪) 'સ્વાધ્યાયને તું કર'-એમ કહેનારી ભાષા 'અસત્યામૃષા' એ રીતિએ ભાષા રૂપ વચનગુપ્તિ ચાર પ્રકારની છે.

સંરંભમાં-પરને મારવામાં સમર્થ મંત્રાદિ પરાવર્તનાના સંકલ્પસૂચક શબ્દ રૂપ વાચિક સંરંભ, સમારંભમાં-પરપીડાકર મંત્રાદિ પરાવર્તન રૂપ સમારંભ અને આરંભમાં-પરને મારવામાં કારણભૂત મંત્ર વગેરેના જાપરૂપ આરંભમાં પ્રવર્તતા વચનને યતનાવાળો સાધુ પાછું વાળે, અટકાવી દે અને શુભ વચનયોગ પ્રવર્તાવે ! અર્થાત્ અશુભ વચનવ્યાપારથી નિવૃત્તિ અને શુભ વચનવ્યાપારમાં પ્રવૃત્તિ રૂપ વચનગુપ્તિ સમજવી. **કાયગુપ્તિ :-** ઉભા રહેવામાં, બેસવામાં, સૂવામાં, તેવા હેતુથી ખાડા વગેરેના ઉલ્લંઘનમાં, સતત્પણે ગમન કરવામાં, ઇન્દ્રિયોને શબ્દાદિમાં જોડવામાં યાને કાયા સંબંધી સમસ્ત વ્યાપારોમાં, અભિઘાત માટે આંખ, મુષ્ટિ આદિ આકાર રૂપ સંકલ્પસૂચક સંરંભમાં પરિતાપકર મુષ્ટિ આદિના અભિઘાત રૂપ સમારંભમાં અને જીવહિંસા રૂપ આરંભમાં પ્રવર્તતી કાયાને જયણાશીલ મુનિ પાછી વાળે, અટકાવી દે ! અને શુભ વ્યાપારમાં પ્રવર્તાવે ! અર્થાત્ કાયિક અશુભ વ્યાપારથી નિવૃત્તિ અને શુભ વ્યાપારમાં પ્રવૃત્તિરૂપ કાયગુપ્તિ સમજવી. (૨૦ થી ૨૫-૯૩૩ થી ૯૩૮)

**एयाओ पंच समिईओ, चरणस्स य पवत्तणे ।**
**गुत्ती नियत्तणे वुत्ता असुभत्थेसु य सव्वसो ॥ २६ ॥**

**एताः पञ्च समितयः, चरणस्य च प्रवर्तने ।**
**गुप्तयो निवर्त्तने उक्ता, अशुभार्थेभ्यश्च सर्वतः ॥ २६ ॥**

**અર્થ –** આ પાંચ સમિતિઓ સત્ 'ચેષ્ટા' રૂપ ચારિત્રની પ્રવૃત્તિમાં કહેવાયેલી છે, અર્થાત્ ચારિત્રમાં પ્રવૃત્તિ રૂપ સમિતિઓ છે. જ્યારે સર્વ અશુભ મનોયોગ વગેરેથી નિવૃત્તિમાં પણ એટલે સર્વ શુભ મનોયોગ વગેરેમાં પ્રવૃત્તિ રૂપ અને સર્વ અશુભ મનોયોગ વગેરેથી નિવૃત્તિ રૂપ ગુપ્તિઓ કહેવાય છે. આ પ્રમાણે સમિતિ અને ગુપ્તિ વચ્ચે ભેદ છે. (૨૬+૯૩૯)

**एयाओ पवयणमायाओ, जे सम्मं आयरे मुणी ।**
**सो खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पंडिए त्तिबेमि ॥ २७ ॥**

**एताः प्रवचनमातुः, यस्सम्यगाचरेन्मुनिः ।**
**स क्षिप्रं सर्वसंसाराद्विप्रमुच्यते पण्डित इति ब्रवीमि ॥ २७ ॥**

**અર્થ –** આ આઠ પ્રવચનમાતાઓનું જે મુનિ સારી રીતિએ આચરણ કરશે, તે પંડિત મુનિ, જલદી-જલદી સર્વ સંસારથી મૂકાય છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૨૭-૯૪૦)

**ચોવીશમું શ્રી પ્રવચન માતૃ અધ્યયન સંપૂર્ણ.**

## श्री यज्ञीयाध्ययन-२५

माहणकुलसंभूओ, आसि विप्पो महायसो ।
जायाई जमजन्नंमि, जयघोसेत्ति नामओ ॥ १ ॥

इंदिअग्गामनिग्गाही, मग्गगामी महामुणी ।
गामाणुगामं रीअंतो, पत्तो वाणारसीं पुरिं ॥ २ ॥

वाणारसीए बहिआ, उज्जाणंमि मणोरमे ।
फासुए सिज्जसंथारे, तत्थ वासमुवागए ॥ ३ ॥ त्रिभिर्विशेषकम् ॥

ब्राह्मणकुलसम्भूतः आसीत् विप्रः महायशाः ।
यायाजी यमयज्ञे, जयघोषः इति नाम्ना ॥ १ ॥

इन्द्रियग्रामनिग्राही, मार्गगामी महामुनिः ।
ग्रामानुग्रामं रीयमाणः, प्राप्तो वाणारसी पुरीम् ॥ २ ॥

वाणारस्या बहिः, उद्याने मनोरमे ।
प्रासुकशय्यासंस्तारे, तत्र वासमुपागतः ॥ ३ ॥ त्रिभिर्विशेषकम् ॥

**અર્થ** – જે બ્રાહ્મણકુલમાં જન્મેલા મહાયશ બ્રાહ્મણ હતા, તે જયઘોષ નામના મહામુનિ પંચમહાવ્રત રૂપી યજ્ઞ કરનારા. ઇન્દ્રિયસમુદાયનો નિગ્રહ કરનારા અને મુક્તિમાર્ગગામી એક ગામથી બીજા ગામે વિહાર કરતાં વાણારસી નગરીમાં પધાર્યા. વાણારસી નગરીની બહારના સુંદર ઉદ્યાનમાં પ્રાસુકશય્યાસંથારાવાળી જગ્યામાં તેમણે નિવાસ કર્યો. (૧ થી ૩-૯૪૧ થી ૯૪૩)

अह तेणेव कालेणं, पुरीए तत्थ माहणे ।
विजयघोसेत्ति नामेण, जन्नं जयइ वेअवी ॥ ४ ॥

अह से तत्थ अणगारे, मासक्खमणपारणे ।
विजयघोसस्स जन्नंमि, भिक्खमट्ठा उवट्ठिए ॥ ५ ॥ युग्मम् ॥

अथ तस्मिन्नेव काले, पुर्यां तत्र ब्राह्मणः ।
विजयघोष इति नाम्ना, यज्ञं यजति वेदवित् ॥ ४ ॥

अथ स तत्रानगारो, मासक्षपणपारणे ।
विजयघोषस्य यज्ञे, भिक्षार्थमुपस्थितः ॥ ५ ॥ युग्मम् ॥

**अर्थ –** હવે તે કાલમાં તે નગરમાં વેદવેત્તા વિજયઘોષ નામના બ્રાહ્મણે યજ્ઞ શરૂ કર્યો છે. તે યજ્ઞમંડપમાં તે જયઘોષ મુનિ માસખમણના પારણા નિમિતે ભિક્ષા માટે પધાર્યા. (૪+૫-૯૪૪+૯૪૫)

**समुवट्ठिअं तहिं सन्तं, जायगो पडिसेहए ।**
**न हु दाहामि ते भिक्खं, भिक्खू जायाहि अन्नओ ॥ ६ ॥**

**जे अ वेअविऊ विप्पा, जन्नट्ठा य जे दिआ ।**
**जोइसंगविऊ जे अ, जे अ धम्माण पारगा ॥ ७ ॥**

**जे समत्था समुद्धत्तुं परं अप्पाणमेव य ।**
**तेसिं अन्नमिणं देयं, भो भिक्खू सव्वकामिअं ॥ ८ ॥ त्रिभिर्विशेषकम् ॥**

समुपस्थितं तत्र संतं, याजकः प्रतिषेधति ।
नैव दास्यामि ते भिक्षां, भिक्षो ! याचस्व अन्यतः ॥ ६ ॥

ये च वेदविदो विप्रा, यज्ञार्थाश्च ये द्विजाः ।
ज्योतिषाङ्गविदो ये च, ये च धर्माणां पारगाः ॥ ७ ॥

ये समर्थाः समुद्धर्त्तुं, परमात्मानमेव च ।
तेभ्योऽन्नमिदं देयं, भो भिक्षो ! सर्वकामितं ॥ ८ ॥

**अर्थ –** ત્યાં ભિક્ષા માટે આવેલા સાધુને યજ્ઞ કરનારો વિજયઘોષ ભિક્ષાનો નિષેધ કરે છે, અને હે ભિક્ષુ ! હું તમને ભિક્ષા નહિ આપું, માટે તમે અહીંથી બીજે ઠેકાણે યાચના કરો ! કેમ કે-હે ભિક્ષુ ! જેઓ વેદવેત્તાઓ જાતિબ્રાહ્મણો છે, જેઓ યજ્ઞપ્રયોજનવાળા યજ્ઞને જ કરે છે, જેઓ સંસ્કારની અપેક્ષાએ બીજા જન્મવાળા-દ્વિજ છે, જેઓ જ્યોતિઃશાસ્ત્ર અને શિક્ષાદિ અંગોને જાણે છે, જેઓ ધર્મશાસ્ત્ર-સર્વ વિદ્યાઓમાં પારંગત છે અને જેઓ સંસારસાગરથી સ્વ-પરનો ઉદ્ધાર કરવા સમર્થ છે, તેઓને જ આ ષટ્રસભરપૂર અન્ન આપવાનું છે પણ બીજાઓને નહિ જ. (૬ થી ૮-૯૪૬ થી ૯૪૮)

**सो तत्थ एवं पडिसिद्धो जायगेण महामुणी ।**
**नवि रुट्ठो नवि तुट्ठो, उत्तमट्ठगवेसओ ॥ ९ ॥**

**नन्नट्ठं पाणहेउं वा, नवि निव्वाहणाय वा ।**
**तेसिं विमोक्खणट्ठाए, इमं वयणमब्बवी ॥ १० ॥**

**नवि जाणसि वेअमुहं, नवि जण्णाण जं मुहं ।**
**नक्खत्ताण मुहं जं च, जंच धम्माण वा मुहं ॥ ११ ॥**

जे समत्था समुद्धत्तुं, परं अप्पाणमेव य ।
न ते तुमं विआणासि, अह जाणासि तो भण ॥ १२ ॥ चतुर्भिः कलापकम् ॥

स तत्रैव प्रतिषिद्धः, याजकेन महामुनिः ।
नाऽपि रुष्टो नाऽपि तुष्टः, उत्तमार्थगवेषकः ॥ ९ ॥

नान्नार्थं पानहेतुं वा, नापि निर्वाहणाय च ।
तेषां विमोक्षणार्थं, इदं वचनमब्रवीत् ॥ १० ॥

नापि जानासि वेदमुखं, नापि यज्ञानां यन्मुखम् ।
नक्षत्राणां मुखं यच्च यच्च धर्माणां वा मुखम् ॥ ११ ॥

ये समर्थास्समुद्धर्तुं, परमात्मानमेव च ।
न तांस्त्वं विजानास्यथ जानासि ततो भण ॥ १२ ॥ चतुर्भिः कलापकम् ॥

અર્થ – તે યજ્ઞમંડપમાં યજ્ઞ કરાવનાર વિજયઘોષદ્વારા આ પ્રમાણે પ્રતિષેધ કરાયેલ શ્રી જયઘોષમુનિ, રાગ-દ્વેષ વગરના થઈ, મોક્ષાર્થી સમતાભાવે ઉભા રહેલ છે. તેઓ અન્ન માટે નહિ, પાન માટે નહિ, પોતાના વસ્ત્ર વગેરેથી નિર્વાહ માટે નહિ, પરન્તુ તે યાજ્ઞિકોના મોક્ષ માટે આ વચન બોલ્યા કે-તું વેદોના મુખ્ય વેદને જાણતો નથી, વળી યજ્ઞોના ઉપાયને તું જાણતો નથી, નક્ષત્રોના પ્રધાન નક્ષત્રને તું જાણતો નથી, ધર્મોના ઉપાયને તું જાણતો નથી અને જેઓ સ્વ-પરનો ઉદ્ધાર કરવા માટે સમર્થ છે તેઓને તું જાણતો નથી. જો તું સત્ય જાણતો હોય તો બોલ ! (૯ થી ૧૨-૯૪૯ થી ૯૫૨)

तस्सक्खेवपमुक्खं च, अचयंतो तहिं दिओ ।
सपरिसो पंजली होउं, पुच्छई तं महामुणिं ॥ १३ ॥

वेआणं च मुहं बूहि, बूहि जण्णाण जं मुहं ।
नक्खत्ताण मुहं बूहि, बूहि धम्माण जं मुहं ॥ १४ ॥

जे समत्था समुद्धत्तुं, परं अप्पाणमेव य ।
एयं मे संसयं सव्वं, साहू कहसु पुच्छिओ ॥ १५ ॥ त्रिभिर्विशेषकम् ॥

तस्याक्षेपप्रमोक्षं च, अशक्नुवन् तस्मिन् द्विजः ।
सपर्षत् प्राञ्जलिर्भूत्वा, पृच्छति तं महामुनिम् ॥ १३ ॥

वेदानां च मुखं ब्रूहि, ब्रूहि यज्ञानां च मुखम् ।
नक्षत्राणां मुखं ब्रूहि, ब्रूहि धर्माणां च मुखम् ॥ १४ ॥

ये समर्थास्समुद्धर्तुं, परमात्मानमेव च ।
एतन्मे संशयं सर्वं, साधो ! कथय पृष्टं ॥ १५ ॥ त्रिभिर्विशेषकम् ॥

**અર્થ** – આ પ્રમાણે તે મુનિના પ્રશ્નનો જવાબ આપવા અસમર્થ થતો તે બ્રાહ્મણ, યજ્ઞમંડપમાં સભા સહિત બે હાથ જોડીને તે મહામુનિને પૂછે છે કે-આપ કહો કે-વેદોમાં મુખ્ય વેદ કયો છે ?, યજ્ઞોનો ઉપાય કયો છે ?, નક્ષત્રોમાં પ્રધાન કોણ છે ?, ધર્મોનો ઉપાય કયો છે ? અને સ્વ-પરનો ઉદ્ધાર કરવા સમર્થ કોણ છે ? હે મુનીશ્વર ! આ પૂછેલા સઘળા પ્રશ્નોનો આપ જવાબ આપો ! (૧૩ થી ૧૫-૯૫૩ થી ૯૫૫)

**अग्गिहुत्तमुहा वेआ, जण्णट्ठी वेअसां मुहं ।**
**नक्खत्ताण मुहं चंदो, धम्माणं कासवो मुहं ॥ १६ ॥**

**जहा चन्दं गहाईआ, चिट्ठन्ति पंजलीउडा ।**
**वंदमाणा नमंसंता, उत्तमं मणहारिणो ॥ १७ ॥**

**अजाणगा जण्णवाई, विज्जामाहाण संपया ।**
**गूढा सज्झायतवसा, भासछन्ना इवग्गिणो ॥ १८ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**अग्निहोत्रमुखा वेदाः, यज्ञार्थी वेदसां मुखम् ।**
**नक्षत्राणां मुखं चन्द्रः, धर्माणां काश्यपो मुखम् ॥ १६ ॥**

**यथा चन्द्रं ग्रहादिकाः, तिष्ठन्ति प्राञ्जलिपुटाः ।**
**वन्दमानाः नमस्यन्तो, उत्तमं मनोहारिणः ॥ १७ ॥**

**अजानाना यज्ञवादिनो, विद्याब्राह्मणसम्पदाम् ।**
**गूढा स्वाध्यायतपसा, भस्मच्छन्ना इवाग्नयः ॥ १८ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ** – અગ્નિહોત્ર (કર્મ રૂપ કાષ્ઠને બાળવા માટે દઢ સદ્ભાવનાની આહૂતિવાળો ધર્મધ્યાન રૂપ અગ્નિહોત્ર કહેવાય છે.) રૂપ પ્રધાનવાળા વેદો છે. અર્થાત્ દહીંના માખણની જેમ વેદોના નવનીત સમાન આરણ્યકમાં સત્ય તપ વગેરે દશ પ્રકારનો ધર્મ તે જ અગ્નિહોત્ર પ્રધાન છે. યજ્ઞોના ઉપાય તરીકે સંયમ રૂપ ભાવયજ્ઞનો અર્થી પુરૂષ છે. નક્ષત્રોમાં પ્રધાન ચંદ્ર છે. ધર્મોનું મુખ-મૂલ ઉપાય તરીકે યુગાદિદેવશ્રી ઋષભદેવ ભગવાન છે, કેમ કે-તેઓશ્રી ધર્મના પ્રથમ પ્રરૂપક છે. જેમ ચંદ્રને હાથ જોડી સ્તુતિ-નમસ્કાર કરતા ગ્રહ વગેરે નક્ષત્રો પ્રધાન રીતિએ અતિ વિનયવાળાા ચિત્તાકર્ષક દેખાતા ઉભા રહે છે, તેમ શ્રી ઋષભદેવ ભગવાનને પણ દેવેન્દ્ર વગેરે સ્તુતિ-નમસ્કાર આદિ કરે છે અર્થાત્ માહાત્મ્યશાલી શ્રી ઋષભદેવસ્વામી ધર્મના મૂલ રૂપે છે. વિદ્યા રૂપ બ્રાહ્મણ-સંપત્તિવાળાઓ યજ્ઞવાદીઓ જે તારા વડે પાત્રપણાએ માનેલ છે. તેઓ અજ્ઞાની છે, કેમ કે-સાચા બ્રાહ્મણોને નિષ્પરિગ્રહતા હોવાથી વિદ્યા એ જ સંપત્તિ હોય. તેઓ બૃહદ્ આરણ્યક કથિત દશ પ્રકારના ધર્મને જાણતા હોવા છતાં આ લોકો બાહ્ય યજ્ઞને કરે ? વેદ, અધ્યયન, ઉપવાસ વગેરે બહારથી શાન્ત સંવરવાળા

આ અજ્ઞાનીઓ, ભસ્મ નીચે ઢંકાયેલ અગ્નિની માફક ભીતરમાં કષાયની આગથી ભભૂકતા જ છે. તમે માનેલ આ બ્રાહ્મણો કેવી રીતિએ સ્વ-પરનો ઉદ્ધાર કરી શકે? અર્થાત્ ન જ શકે. (૧૬ થી ૧૮-૯૫૬ થી ૯૫૮)

**जो लोए बंभणो वुत्तो, अग्गी वा महिओ जहा ।**
**सया कुसलसदिट्ठं, तं वयं बूम माहणं ॥ १९ ॥**

**जो न सज्जइ आगंतुं, पव्वयंतो न सोअइ ।**
**रमए अज्जवयणंमि, तं वयं बूम माहणं ॥ २० ॥**

**जायरूवं जहामट्ठं, निद्धंतमलपावगं ।**
**रागद्दोसभयाइअं, तं वयं बूम माहणं ॥ २१ ॥**

**तसे पाणे विआणित्ता, संगहेण य थावरे ।**
**जो न हिंसइ तिविहेणं, तं वयं बूम माहणं ॥ २२ ॥**

**कोहा वा जइ वा हासा, लोहा वा जइ वा भया ।**
**मुसं न वयई जो उ, तं वयं बूम माहणं ॥ २३ ॥**

**चित्तमंतमचित्तं वा, अप्पं वा जइ वा बहुं ।**
**न गिण्हइ अदत्तं जो, तं वयं बूम माहणं ॥ २४ ॥**

**दिव्वमाणुसतेरिच्छं, जो न सेवइ मेहुणं ।**
**मणसा कायवक्केणं, तं वयं बूम माहणं ॥ २५ ॥**

**जहा पउमं जले जायं नोवलिप्पई वारिणा ।**
**एवं अलित्तं कामेहिं, तं वयं बूम माहणं ॥ २६ ॥**

**अलोलुअं मुहाजीवी, अणगारं अकिंचणं ।**
**असंसत्तं गिहत्थेसु, तं वयं बूम माहणं ॥ २७ ॥**

**जहित्ता पूव्वसंजोगं, नातिसंगे अ बंधवे ।**
**जो न सज्झइ एएसु, तं वयं बूम माहणं ॥ २८ ॥ दशभिः कुलकम् ॥**

योो लोके ब्राह्मण उक्तः, अग्निः वा महितो यथा ।
सदा कुशलसन्दिष्टं, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥ १९ ॥

यो न स्वजत्यागन्तुं, प्रव्रजन् न शोचति ।
रमते आर्यवचने, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥ २० ॥

जातरूपं यथार्थं, निर्ध्मातमलपापकम् ।
रागद्वेषभयातीतं, तं वय ब्रूमो ब्राह्मणम् ॥ २१ ॥

त्रसप्राणिनो विज्ञाय, संग्रहेण च स्थावरान् ।
यो न हिनस्ति त्रिविधेन, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥ २२ ॥

क्रोधात् वा यदि वा, हास्याल्लोभात् वा यदि वा भयात् ।
मृषां न वदति यस्तु, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥ २३ ॥

चित्तवन्तमचित्तं वाऽल्पं वा यदि वा बहुम् ।
न गृह्णात्यदत्तं यो, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥ २४ ॥

दिव्यमानुष्यतिरश्चीनं, यो न सेवेत मैथुनम् ।
मनसा कायेन वाक्येन, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥ २५ ॥

यथा पद्मं जले जातं, नोपलिप्यते वारिणा ।
एवं अलिप्तं कामैः, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥ २६ ॥

अलोलुपं मुधाजीविनं, अनगारमकिञ्चनम् ।
असंसक्तं गृहस्थैः, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥ २७ ॥

हित्वा पूर्वसंयोगं, ज्ञातिसंगांश्च बान्धवान् ।
यो न सजति एतेषु, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥ २८ ॥ दशभिः कुलकम् ॥

**અર્થ** – લોકમાં જે બ્રાહ્મણ તરીકે કહેવાય છે અને જે બ્રાહ્મણે જેવી રીતિએ અગ્નિ પૂજેલ છે, તે બ્રાહ્મણ અને અગ્નિનું સત્ય સ્વરૂપ તત્વજ્ઞ કુશલોએ કહેલ છે. તેમાં પહેલાં અમે બ્રાહ્મણનું સ્વરૂપ જણાવીએ છીએ. જે સ્વજન વગેરે સ્નેહ-સંબંધીને મળવા માટે આસક્તિ-રાગ કરતો નથી અને સ્વજનો આવીને મળીને જાય છતાં એમના વગર હું કેવી રીતિએ રહી શકીશ-એમ શોક કરતો નથી, પરન્તુ તીર્થંકર રૂપ આર્યના વચનમાં રમતો રહે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જેમ તેજના ઉત્કર્ષ માટે મનઃશિલ વગેરેથી ઘસેલું સોનું અને અગ્નિમાં નાખેલું સોનું તેજસ્વી અને મલ વગરનું થાય છે, તેમ બાહ્ય-અભ્યંતર ગુણસંપન્ન અને એથી જ રાગ દ્વેષના ભય વગરનો જે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે ત્રસ-સ્થાવર જીવોને સંક્ષેપથી અને વિસ્તારથી જાણીને મન-વચન-કાયાના યોગથી હણતો નથી, તેને-અહિંસકને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે ક્રોધથી, હાસ્યથી લોભથી અને ભયથી મૃષા-અસત્ય બોલતો નથી, તેને-સત્યવાદીને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે દ્વિપદ-ચતુષ્પદ વગેરે સચિત્ત અને સોનું આદિ અચિત્તને થોડી કે ઘણી કોઈ પણ ચીજને કોઈના દીધા વગર લેતો નથી, તેને-અચૌર્યવ્રતધારી અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી મૈથુનને ત્રિવિધે સેવતો નથી. તેને-બ્રહ્મચારીને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જેમ પાણીમાં કમલ પેદા થયેલું છે, છતાં પાણીથી લેપાતું નથી, તેમ કામોથી પેદા થયો છતાં જે કામોમાં લેપાતો નથી-જલકમલવત્ અલિપ્ત હોય છે, તેને-નિષ્કામને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે આહાર આદિમાં લંપટતા વગરનો છે, ભેષજ-મંત્ર આદિના ઉપદેશથી આજીવિકા નહિ કરનારો-મુધાજીવી છે, પૂર્વે કે પાછળથી પરિચિત ગૃહસ્થોની સાથે સંબંધ વગરનો છે, અકિંચન છે અને અનગાર છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

જે માતા આદિના સંબંધ રૂપ પૂર્વસંયોગને, લોક વગેરેના સંબંધ રૂપ જ્ઞાતિસંગોને, બાંધવોને અને ભોગોને છોડીને ફરીથી પણ તેમાં રાગ કરનારો બનતો નથી, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ. (૧૯ થી ૨૮-૯૫૯ થી ૯૬૮)

**पसुबंधा सव्ववेआ, जट्ठं च पावकम्मुणा ।**
**न तं तायंति दुस्सीलं, कम्माणि बलवंतिह ॥ २९ ॥**

**नवि मुंडिएण समणो, न ॐकारेण बम्भणो ।**
**न मुणी रण्णवासेणं, कुसचीरेण न तावसो ॥ ३० ॥**

**समयाए समणो होई, बंभचेरेण बंभणो ।**
**नाणेण य मुणी होइ, तवेणं होइ तावसो ॥ ३१ ॥**

**कम्मुणा बंभणो होइ, कम्मुणा होइ खत्तिओ ।**
**कम्मुण वइसो होइ, सुद्दो हवइ कम्मुणा ॥ ३२ ॥**

**एए पाउकारे बुद्धे, जेहिं होइ सिणायओ ।**
**सव्वसंगविणिमुक्कं, तं वयं बूम माहणं ॥ ३३ ॥**

**एवं गुणसमाउत्ता, जे भवंति दिउत्तमा ।**
**ते समत्था उ उद्धत्तुं, परं अप्पाणमेव य ॥ ३४ ॥ षड्भिः कुलकम् ॥**

**पशुबन्धा सर्ववेदाः, इष्टं च पापकर्मणा ।**
**न तं त्रायन्ते दुश्शीलं, कर्माणि बलवन्तीह ॥ २९ ॥**

**नापि मुण्डितेन श्रमणो, ओंकारेण न ब्राह्मणः ।**
**न मुनिररण्यवासेन, कुशचीवरेण न तापसः ॥ ३० ॥**

**समतया श्रमणो भवति, ब्रह्मचर्येण ब्राह्मणः ।**
**ज्ञानेन च मुनिर्भवति, तपसा भवति तापसः ॥ ३१ ॥**

कर्मणा ब्राह्मणो भवति, कर्मणा भवति क्षत्रियः ।
वैश्यः कर्मणा भवति, शूद्रो भवति कर्मणा ॥ ३२ ॥

एतान्प्रादुरकार्षीद् बुद्धः, यैः भवति स्नातकः ।
सर्वसंगविनिर्मुक्तं, तं वयं ब्रूमो ब्राह्मणम् ॥ ३३ ॥

एवं गुणसमायुक्ता, ये भवन्ति द्विजोत्तमाः ।
ते समर्थाः तूद्धर्तुं, परमात्मानमेव च ॥ ३४ ॥ षड्भिः कुलकम् ॥

**અર્થ** – પશુઓના વિનાશ માટે બંધનના કારણભૂત ઋગ્વેદ વગેરે સર્વ વેદો, પાપના હેતુભૂત પશુના વધ વગેરેના અનુષ્ઠાનથી કરેલ યજ્ઞ, તે દુરાચારી યજ્ઞ કરનારને સંસારબંધનથી બચાવી તારી શકતા નથી; કેમ કે-પશુવધ વગેરેમાં પ્રવર્તક હોઈ તે વેદ અને યજ્ઞ કર્મબલવર્ધક છે.

વળી માથું મુંડાવા માત્રથી 'શ્રમણ' કહેવાતો નથી, ૐકાર માત્રથી 'બ્રાહ્મણ' બનતો નથી, અરણ્યમાં રહેવાથી 'મુનિ' થતો નથી અને વલ્કલ વગેરે કુશના વસ્ત્ર માત્રથી 'તાપસ' થતો નથી.

વળી સમતાથી શ્રમણ થાય છે, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ બને છે, જ્ઞાનથી મુનિ બને છે અને તપથી તાપસ બને છે.

તેમજ જ્ઞાન-ધ્યાન વગેરે ક્રિયા રૂપ કર્મથી બ્રાહ્મણ બને છે, પીડિતના રક્ષણ રૂપ કર્મથી ક્ષત્રિય થાય છે, વ્યાપાર-પશુ રાખવાં-ખેતી આદિથી વૈશ્ય બને છે અને શોકના હેતુભૂત નોકરી વગેરે કરવા રૂપ કર્મથી શૂદ્ર બને છે.

આ પૂર્વોક્ત અહિંસા આદિ અર્થો શ્રી સર્વજ્ઞ ભગવાને પ્રગટ કરેલ છે, કે જે અર્થોથી કેવલી રૂપ સ્નાતક બને છે. આથી આસન્નમુક્તિ હોઈ સર્વકર્મરહિત સિદ્ધ જેવા સ્નાતકકેવલીને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

આ પ્રમાણે જેઓ અહિંસા આદિ ગુણોથી યુક્ત હોય છે, તેઓ સ્વ-પરનો ઉદ્ધાર કરવા માટે સમર્થ ઉત્તમ બ્રાહ્મણો થઈ શકે છે પણ બીજા નહિ. (૨૯ થી ૩૪-૯૬૯ થી ૯૭૪)

एवं तु संसये छिन्ने, विजयघोषे अ माहणे ।
समुदाय तओ तं तु, जयघोसं महामुणिं ॥ ३५ ॥

तुट्ठे अ विजयघोसे, इणमुदाहु कयञ्जली ।
माहणत्तं जहाभूअं, सुट्ठु मे उवदंसिअं ॥ ३६ ॥

तुब्भे जइआ जण्णाणं, तुब्भे वेअविऊ विऊ ।
जोइसंगविउ तुब्भे, तुब्भे धम्माण पारगा ॥ ३७ ॥

**तुब्भे समत्था उद्धत्तुं, पर अप्पाणमेव य ।**
**तमणुग्गहं करेहमं, भिक्खेणं भिक्खुउत्तमा ॥ ३८ ॥ चतुर्भिः कलापकम् ॥**

**एवं तु संशये छिन्ने, विजयघोषश्च ब्राह्मणः ।**
**समाज्ञाय ततः तं तु, जयघोषं महामुनिम् ॥ ३५ ॥**

**तुष्टश्च विजयघोषः, इदमुदाहृतवान् कृतांजलिः ।**
**ब्राह्मणत्वं यथाभूतं, सुष्ठु मे उपदर्शितम् ॥ ३६ ॥**

**यूयं यष्टारो यज्ञानां, यूयं वेदविदो विदः ।**
**ज्योतिषाङ्गविदो यूयं, यूयं धर्माणां पारगाः ॥ ३७ ॥**

**यूयं समर्था उद्धर्तुं, परमात्मानमेव च ।**
**तदनुग्रहं कुरुतास्माकं, भैक्ष्येण भिक्षूत्तम ! ॥ ३८ ॥ चतुर्भिः कलापकम् ॥**

**અર્થ –** આ પ્રમાણે કહીને જ્યારે મુનીશ્વર ઉભા રહ્યા છે, ત્યારે આ પ્રમાણે કહેલ નીતિથી-સંશય છેદાવાથી, 'આ જયઘોષ મહામુનિ મારા ભાઈ છે' એમ ઓળખીને, સંતુષ્ટ થયેલો વિજયઘોષ નામનો બ્રાહ્મણ હાથ જોડીને કહેવા લગ્યો કે-આપે મને સારી રીતિએ સાચા બ્રાહ્મણનું સ્વરૂપ બતાવ્યું છે. વળી તેમણે જણાવ્યું કે-હે યથાર્થ તત્ત્વના જણ ! આપ સાચા યજ્ઞોને કરનારા યાજ્ઞિક છો, આપ સાચા વેદને જાણનાર છો, આપ સાચા જ્યોતિષના અંગના જાણ છો, આપ ધર્મોના પારને પામેલા છો અને આપ સાચે જ સ્વ-પરનો ઉદ્ધાર કરવા માટે સમર્થ છો. હે ઉત્તમ ભિક્ષુક ! કૃપા કરો !, પધારો ! અને અમને ભિક્ષાનો લાભ આપો. આ પ્રમાણે વિજયઘોષ બ્રાહ્મણે મુનીશ્વરને સ્તુતિપૂર્વક ભિક્ષાનું આમંત્રણ આપ્યું. (૩૫ થી ૩૮-૯૭૫ થી ૯૭૮)

**न कज्जं मज्ज भिक्खेणं, खिप्पं निक्खमसू दिआ ।**
**मा भमिहिसि भयावत्ते, घोरे संसारसागरे ॥ ३९ ॥**

**उवलेओ होइ भोगेसु, अभोगी, नोवलिप्पइ ।**
**भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चइ ॥ ४० ॥**

**उल्लो सुक्को अ दो छूढा, गोलया मट्टिआमया ।**
**दोवि आवडिआ कुड्डे, जो उल्लो सोऽत्थ लग्गइ ॥ ४१ ॥**

**एवं लग्गंति दुम्मेहा, जे नरा कामलालसा ।**
**विरत्ता उ न लग्गंति, जहा सुक्के उ गोलए ॥ ४२ ॥ चतुर्भिः कलापकम् ॥**

**न कार्यं मम भैक्ष्येण, क्षिप्रं निष्क्राम द्विज ! ।**
**मा भ्रमीः भयावर्त्ते, घोरे संसारसागरे ॥ ३९ ॥**

उपलेपो भवति भोगेषु, अभोगी नोपलिप्यते ।
भोगी भ्रमति संसारे, अभोगी विप्रमुच्यते ॥ ४० ॥

आर्द्रः शुष्कश्च द्वौ क्षिप्तौ, गोलकौ मृत्तिकामयौ ।
द्वावप्यापतितौ कुड्ये, यः आर्द्रः सोऽत्र लगति ॥ ४१ ॥

एवं लगन्ति दुर्मेधसः, ये नराः कामलालसाः ।
विरक्तास्तु न लगन्ति, यथा शुष्कः तु गोलकः ॥ ४२ ॥ चतुर्भिः कलापकम् ॥

**અર્થ –** હવે વિજયઘોષ બ્રાહ્મણને મુનીશ્વર કહે છે કે-મારે ભિક્ષાનું કોઈ કાર્ય નથી, પરન્તુ તમે સાચા બ્રાહ્મણ બનો !, શ્રી ભાગવતી દીક્ષા સ્વીકારો ! અને ભયના આવર્ત્તવાળા ઘોર સંસારસાગરમાં ભ્રમણ કરો નહિ. ભોગો ભોગવવાથી કર્મવૃદ્ધિ રૂપ ઉપલેપ થાય છે. ભોગ વગરનો કર્મસંબંધથી લેપાતો નથી. ભોગી સંસારમાં ભમે છે, જયારે અભોગી સંસારથી મુક્ત બને છે. જો ભીનો-લીલો માટીનો એક ગોળો અને બીજો માટીનો સુકો ગોળો ભીંત ઉપર ફેંકાયેલો હોય, તો તેમાં લીલો ભીનો ગોળો ભીંતમાં લાગે છે-ચોંટે છે. જયારે સુકો ગોળો ભીંતમાં લાગતો નથી-ચોંટતો નથી. એ રીતિએ દુષ્ટ બુદ્ધિવાળા-કામભોગોમાં લાલસાવાળા મનુષ્યો કર્મની સાથે લાગે છે, પરન્તુ વૈરાગી મનુષ્યો કર્મની સાથે સુકા ગોળાની માફક લાગતા નથી. (૩૯ થી ૪૨-૯૭૯ થી ૯૮૨)

**एवं सो विजयघोसो, जयघोस्स अंतिए ।**
**अणगारस्स निक्खंतो, धम्मं, सोच्चा अणुत्तर ॥ ४३ ॥**

एवं स विजयघोषः, जयघोषस्यान्तिके ।
अनगारस्य निष्क्रान्तः, धर्मं श्रुत्वानुत्तरम् ॥ ४३ ॥

**અર્થ –** આ પ્રમાણે તે વિજયઘોષ શ્રી જયઘોષ મુનિની પાસે અનુપમ ધર્મ સાંભળીને શ્રી ભાગવતી પ્રવ્રજયા ગ્રહણ કરનાર થયા. (૪૩-૯૮૩)

**खवित्ता पूव्वकम्माइं, संजमेण तवेण य ।**
**जयघोसविजयघोसा, सिद्धिं पत्ता अणुत्तरं त्तिबेमि ॥ ४४ ॥**

क्षपयित्वा पूर्वकर्माणि, संयमेन तपसा च ।
जयघोषविजयघोषौ, सिद्धिं प्राप्तावनुत्तराम् ॥ इति ब्रवीमि ॥ ४४ ॥

**અર્થ –** સંયમ અને તપથી પૂર્વકર્મોને ખપાવીને શ્રી જયઘોષ અને શ્રી વિજયઘોષ મુનિ અનુત્તર સિદ્ધિગતિને પામ્યા. આ પ્રમાણે હે જંબુ ! હું તને કહું છું. (૪૪-૯૮૪)

## પચીશમું શ્રી યજ્ઞીયાધ્યયન સંપૂર્ણ.

# શ્રી સામાચારી અધ્યયન-૨૬

सामायारिं पवक्खामि, सव्वदुक्खविमोक्खणिं ।
जं चरित्ताण निग्गंथा, तिण्णा संसारसागरं ॥ १ ॥

सामाचारीं प्रवक्ष्यामि, सर्वदुःखविमोक्षणीम् ।
यां चरित्वा निर्ग्रंथाः, तीर्णाः संसारसागरम् ॥ १ ॥

અર્થ – જે સામાચારીને આચરી નિર્ગ્રન્થો સંસારસાગરને તરે છે, તરશે અને તરી ગયા, તે સર્વ દુઃખોથી મૂકાવનારી સાધુજનકર્ત્તવ્ય રૂપ સામાચારીને હું કહીશ. (૧-૯૮૫)

पढमा आवस्सिआ नाम १, बिइआ य निसीहिआ २ ।
आपुच्छणा य तइआ ३, चउत्थी पडिपुच्छणा ४ ॥ २ ॥

पंचमा छंदणा नामं ५, इच्छाकारो अ छट्ठओ ६ ।
सत्तमो मिच्छकारो उ ७, तहक्कारो अ अट्ठमो ८ ॥ ३ ॥

अब्भूट्ठाणं नवमं ९, दसमा उवसंपया १० ।
एसा दसंगा साहूणं, सामायारी पवेइआ ॥ ४ ॥ त्रिभिर्विशेषकम् ॥

प्रथमाऽऽवश्यकी नाम्नी, द्वितीया च नैषेधिकी ।
आपृच्छना च तृतीया, चतुर्थी प्रतिपृच्छना ॥ २ ॥

पञ्चमी छन्दना नाम्नी, इच्छकारश्च षष्ठी ।
सप्तमी मिथ्याकारस्तु, तथाकारश्चाष्टमी ॥ ३ ॥

अभ्युत्थानं नवमी, दशम्युपसंपद् ।
एषा दशाङ्गा साधूनां, सामाचारी प्रवेदिता ॥ ४ ॥ त्रिभिर्विशेषकम् ॥

અર્થ – પહેલી આવશ્યકી, બીજી નૈષેધિકી, ત્રીજી આપ્રચ્છના, ચોથી પ્રતિપ્રચ્છના, પાંચમી છંદના, છઠ્ઠી ઈચ્છાકાર, સાતમી મિથ્યાકાર, આઠમી તથાકાર, નવમી અભ્યુત્થાન અને દશમી ઉપસંપદા-એમ સાધુઓની આ દશાંગી-દશવિધ સામાચારી ભગવંતોએ કહેલી છે. (૨ થી ૪-૯૮૬ થી ૯૮૮)

**गमणे आवस्सिअंकुज्जा, ठाणे कुज्जा णिसीहिअं ।**
**आपुच्छणा सयं करणे, परकरणे पडिपुच्छणा ॥ ५ ॥**

**छंदणा दव्वजाएणं, इच्छाकारो अ सारणे ।**
**मिच्छाकारो अ निंदाए, तहक्कारो पडिस्सुए ॥ ६ ॥**

**अब्भुट्ठाणं गुरुपूआ, अच्छणे उवसंपया ।**
**एवं दुपंचसंजुत्ता, सामायारी पवेइआ ॥ ७ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**गमने आवश्यकीं कुर्यात्, स्थाने कुर्यान्नैषेधिकीम् ।**
**आपृच्छना स्वयं करणे, परकरणे प्रतिपृच्छना ॥ ५ ॥**

**छन्दना द्रव्यजातेन, इच्छाकारश्च सारणे ।**
**मिथ्याकारश्च निन्दायां, तथाकारः प्रतिश्रुते ॥ ६ ॥**

**अभ्युत्थानं गुरुपूजायां, अवस्थाने उपसम्पत् ।**
**एवं द्विपञ्चकसंयुक्ता, सामाचारी प्रवेदिता ॥ ७ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ –** હવે વિષય-વિભાગથી આ સામાચારી કહે છે. (૧) તથાવિધ જ્ઞાનાદિ આવશ્યક હેતુ ઉપસ્થિતિ થવાથી ઉપાશ્રય વગેરે સ્થાનોમાંથી બહાર નીકળતાં 'આવશ્યકી' નામની પહેલી સમાચારી સાચવવી, અર્થાત્ આવસ્સહી બોલીને ગુરુઆજ્ઞાપૂર્વક બહાર જવું.

(૨) ઉપાશ્રય વગેરે સ્થાનમાં પ્રવેશ કરતાં ગમન આદિના નિષેધ રૂપ 'નૈષેધિકી' નામની બીજી સામાચારી સાચવવી યાને પ્રવેશતાં 'નિસીહિ' શબ્દ બોલવો.

(૩) 'આ કાર્ય હું કરૂં કે નહિ' ઈત્યાદિ પૂછવા રૂપ અર્થાત્ પોતાના કોઈ પણ કાર્યને સ્વયં કરવામાં ગુરુને પૂછવા રૂપ 'આપ્રચ્છના' નામની ત્રીજી સામાચારી સાચવવી.

(૪) અન્ય કાર્ય કરવામાં પણ ગુરુને પૂછવું. ગુરુએ જોડ્યો હોય છતાં ફરીથી પ્રવૃત્તિના કાળમાં ગુરુને પૂછવા રૂપ 'પ્રતિપ્રચ્છના નામની ચોથી સામાચારી જાણવી.

(૫) પૂર્વે ગ્રહણ કરેલા આહારાદિ દ્રવ્ય સમુદાયમાંથી શેષ સાધુઓને 'આ આહારાદિ હું લાવ્યો છું, તો જો કોઈને ઉપયોગી થાય તો ઈચ્છા પ્રમાણે લો.'-એમ આપવા માટે આમંત્રણ કરવું, તે 'છંદના' નામની પાંચમી સામાચારી સમજવી.

(૬) પોતાની ઈચ્છાથી તે તે કાર્ય કરવું તે 'ઈચ્છાકાર.' જો કે-'તમે કરવા માટે ઈચ્છેલું આ કાર્ય છે પણ મારી ઈચ્છા છે.' 'હું આ કામ કરૂં, મારા પાત્રલેપાદિ કાર્યને તમે ઈચ્છાથી કરો.' આ પ્રમાણે ક્રમશઃ સ્વ-પર સારણમાં 'ઈચ્છાકાર' સામાચારી છઠ્ઠી જાણવી.

(૭) જયારે કોઈ પણ પ્રવૃત્તિમાં ભૂલ થાય, ત્યારે ભૂલના સ્વીકારપૂર્વક 'મિથ્યા દુષ્કૃત' આપે. અર્થાત્ અસત્ય આચરણ થતાં ધિક્કાર છે મને, કે જે મેં આ અસત્ય કરેલ છે.'-આવા પ્રકારની નિંદામાં 'મિથ્યાકાર' નામની સાતમી સામાચારી સમજવી.

(૮) જયારે ગુરુમહારાજ વાંચના વગેરેનું દાન કરે, ત્યારે 'આ આ પ્રમાણે જ છે.'-એવા સ્વીકાર રૂપ પ્રતિશ્રુતમાં અર્થાત્ ગુરુ આદિ જે કહે તે સાંભળી તે તરત જ 'તહત્તિ' કહી સ્વીકાર રૂપ પ્રતિશ્રુતમાં 'તથાકાર' નામની આઠમી સામાચારી છે.

(૯) બહુમાનયોગ્ય આચાર્ય, ગ્લાન આદિને યથોચિત આહાર આદિ સંપાદન રૂપ ગુરુપૂજામાં 'અભ્યુત્થાન' નિમંત્રણા રૂપ નવમી સામાચારી જાણવી.

(૧૦) બીજા આચાર્યની સમીપમાં 'આટલા કાળ સુધી આપની પાસે હું રહીશ.'-એવી 'ઉપસંપદા' નામની દશમી સામાચારી સમજવી. આ પ્રમાણે દશવિધ સામાચારી કહેલી છે. (૫ થી ૭-૯૮૯ થી ૯૯૧)

**पुव्विल्लंमि चउब्भागे, आइच्चंमि समुट्ठिए ।**
**भंडगं पडिलेहित्ता, वंदित्ता य तओ गुरुं॥ ८ ॥**

**पुच्छिज्जा पंजलीउडो, किं कायव्वं मए इह ।**
**इच्छं निओइउं भंते, वेआवच्चे व सज्झाए ॥ ९ ॥**

**वेआवच्चे निउत्तेणं, कायव्वं अगिलायओ ।**
**सज्झाए वा निउत्तेणं, सव्वदुक्खविमोक्खणे ॥ १० ॥ त्रिभिर्विशेषकम् ॥**

**पूर्वस्मिश्चतुर्भागे, आदित्ये समुत्थिते ।**
**भाण्डकं प्रतिलिख्य, वन्दित्वा च ततो गुरुम् ॥ ८ ॥**

**पृच्छेत् प्राञ्जलिपुटः, किं कर्त्तव्यं मयेह ? ।**
**इच्छामि नियोजयितुं, भदन्त ! वैयावृत्ये वा स्वाध्याये ॥ ९ ॥**

**वैयावृत्त्ये नियुक्तेन, कर्त्तव्यमग्लान्यैव ।**
**स्वाध्याये वा नियुक्तेन, सर्वदुःखविमोक्षणे ॥ १० ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ** – બુદ્ધિથી આકાશનો ચાર પ્રકારનો વિભાગ કરાય છે. ત્યાં પૂર્વદિશા સંબંધી કાંઈક ન્યૂન આકાશના ચોથા ભાગમાં જ્યારે સૂર્ય આવે છે, ત્યારે પાદોનપોરિસિમાં (સૂર્યોદય પછી ૨ ક.-૨૪ મિ. થાય ત્યાર પછી) પાત્રા વગેરે ઉપકરણનું પડિલેહણ કરીને અને આચાર્ય આદિ ગુરુને વંદના કરીને ભાલતલ ઉપર બે હાથ જોડીને પૂછે કે-આ સમયમાં હું ઇચ્છું છું કે-હે ભગવન્ ! આપ વૈયાવચ્ચ કે સ્વાધ્યાયમાં જેમાં મને જોડવા ઇચ્છો, તેમાં હું જોડાવા ઇચ્છું છું. જો ગુરુમહારાજ વૈયાવચ્ચમાં જોડે, તો શરીરના શ્રમનો વિચાર કર્યા સિવાય વૈયાવચ્ચ કરવી. જો ગુરુજી સ્વાધ્યાયમાં નિયુક્ત કરે, તો સર્વ દુઃખોથી મૂકાવનાર સ્વાધ્યાયમાં શરીરશ્રમની ચિન્તા કર્યા સિવાય પ્રયત્ન કરવો જોઈએ. (૮ થી ૧૦-૯૯૨ થી ૯૯૪)

**दिवसस्स चउरो भाए, कुज्जा भिक्खू विअक्खणो ।**
**तओ उत्तरगुणे कुज्जा, दिणभागेसु चउसु वि ॥ ११ ॥**
**पढमं पोरिसि सज्जायं, बिइअं झाणं झिआयइ ।**
**तइयाए भिक्खायरियं, पुणो चउत्थिए सज्झायं ॥ १२ ॥**
**आसाढे मासे दुपया, पोसे मासे चउप्पया ।**
**चित्तासोएसु मासेसु, तिपया हवइ पोरिसी ॥ १३ ॥**
**अंगुलं सत्तरत्तेणं, पक्खेणं तु दुअंगुलं ।**
**वड्ढए हायए आवि, मासेणं चउरंगुलं ॥ १४ ॥ चतुर्भिः कलापकम् ॥**

दिवसस्य चतुर्भागान्, कुर्याद् भिक्षुः विचक्षणः ।
ततः उत्तरगुणान्कुर्याद्दिनभागेषु चतुर्ष्वपि ॥ ११ ॥
प्रथमां पौरुषी स्वाध्यायं, द्वितीयायां ध्यानं ध्यायेत् ।
तृतीयायां भिक्षाचर्यां, पुनश्चतुर्थ्यां स्वाध्यायम् ॥ १२ ॥
आषाढे मासे द्विपदा, पोषमासे चतुष्पदा ।
चैत्राश्विनयोर्मासयोः, त्रिपदा भवति पौरुषी ॥ १३ ॥
अङ्गुलं सप्तरात्रेण, पक्षेण च द्व्यङ्गुलम् ।
वर्द्धते हीयते वाऽपि, मासेन चतुरङ्गुलम् ॥ १४ ॥ चतुर्भिः कलापकम् ॥

**અર્થ** – વિચક્ષણ સાધુ દિવસના ચાર ભાગ કરે. દિવસના ચાર ભાગોમાં પણ સ્વાધ્યાય વગેરે ઉત્તર ગુણો કરે ! પહેલી પોરિસીમાં સ્વાધ્યાય-સૂત્રાભ્યાસ. બીજી પોરિસીમાં ધ્યાન-અર્થચિંતન, ત્રીજી પોરિસીમાં ભિક્ષાચર્યા અને ચોથી પોરિસીમાં ફરીથી સ્વાધ્યાય કરે ! આષાઢ પૂર્ણિમા દિને જાનુછાયા બે પદવાળી

હોય, ત્યારે પોરિસીનું માપ નીકળે છે. આવી રીતિએ પોષ માસની પૂર્ણિમા દિને જ્યારે ચાર પદવાળી જાનુછાયા હોય, ત્યારે પોરિસીનું માપ નીકળે છે. ચૈત્ર અને આસો માસની પૂર્ણિમા દિને જ્યારે ત્રણ પદવાળી જાનુછાયા હોય, ત્યારે પોરિસીનું માપ નીકળે છે. વળી દક્ષિણાયનમાં સાત અહોરાત્રી બાદ પોરિસીના માપમાં એક આંગળ વધે છે અને ઉત્તરાયનમાં ઘટે છે. પખવાડીયા બાદ આંગળ પોરિસીના માપમાં દક્ષિણાયનમાં વધે છે અને ઉત્તરાયનમાં ઘટે છે. એ રીતિએ એક મહિના બાદ ચાર આંગળ પોરિસીના માપમાં દક્ષિણાયનમાં વધે છે અને ઉત્તરાયનમાં ઘટે છે. (૧૧ થી ૧૪-૯૯૫ થી ૯૯૮)

**आसाढबहुलपक्खे, भद्दवए कत्तिए अ पोसे अ ।**
**फग्गुण-वइसाहेसु अ, नायव्वा ओमरत्ताओ ॥ १५ ॥**

**जेट्ठामूले असाढ-सावणे, छहि अंगुलेहिं पडिलेहा ।**
**अट्ठहिं बीअतिअम्मि, तइए दस अट्ठहिं चउत्थे ॥ १६ ॥ युग्मम् ॥**

**आषाढबहुलपक्षे, भाद्रपदे कार्तिके च पौषे च ।**
**फाल्गुनवैशाखयोश्च, ज्ञातव्या अवमरात्रयस्तु ॥ १५ ॥**

**ज्येष्ठामूले आषाढश्रावणे, षड्भिरंगुलैः प्रतिलेखा ।**
**अष्टभिर्द्वितीयात्रिके, तृतीये दशभिरष्टभिश्चतुर्थे ॥ १६ ॥ युग्मम् ॥**

**અર્થ –** આષાઢ, ભાદરવો, કાર્ત્તિક, પોષ, ફાગણ અને વૈશાખ માસનો વદ પક્ષ ચૌદ દિવસનો કહેવાય છે. પૂર્વોક્ત પોરિસીના માનમાં આષાઢ અને શ્રાવણમાં ૬ આંગળ, ભાદરવો-આસો-કાર્ત્તિકમાં ૮ આંગળ, માગશર-પોષ-માહમાં ૧૦ આંગળ અને ફાગણ-ચૈત્ર-વૈશાખમાં ૮ આંગળ ઉમેરવાથી પાદોનપોરિસી પાત્રાના પડિલેહણનો કાળ સમજવો. (૧૫+૧૬-૯૯૯+૧000)

**रत्तिंपि चउरो भाए, भिक्खू कुज्जा विअक्खणो ।**
**तओ उत्तरगुणे कुज्जा, राईभागेसु चउसु वि ॥ १७ ॥**

**पढमं पोरिसि सज्झायं, बिइअं झाणं झिआयइ ।**
**तइआए निद्दमोक्खं तु चउत्थीए भुज्जोविसज्झायं ॥ १८ ॥**

**जं नेइ जया रत्तिं नक्खत्तं तम्मि नहचउब्भाए ।**
**संपत्ते विरमिज्जा, सज्झाय पओसकालंमि ॥ १९ ॥**

**तम्मेव य नक्खत्ते, गयणचउब्भागसावसेसंमि ।**
**वेरत्तिअंपि कालं, पडिलेहित्ता मुणी कुज्जा ॥ २० ॥ चतुर्भिः कलापकम् ॥**

रात्रेरपि चतुरो भागान्कुर्याद्भिक्षुर्विचक्षणः ।
ततः उत्तरगुणान्कुर्याद्रात्रिभागेषु चतुर्ष्वपि ॥ १७ ॥

प्रथमपौरुष्यां स्वाध्यायं, द्वितीयायां ध्यानं ध्यायति ।
तृतीयायां निद्रामोक्षं तु, चतुर्थ्यां भूयोऽपि स्वाध्यायम् ॥ १८ ॥

यन्नयति यदा रात्रिं, नक्षत्रं तस्मिन्नभश्चतुर्भागे ।
सम्प्राप्ते विरमेत्, स्वाध्यायात् प्रदोषकाले ॥ १९ ॥

तस्मिन्नेव च नक्षत्रे, गगनचतुर्भागासावशेषे ।
वैरात्रिकमपि कालं, प्रत्युपेक्ष्य मुनिः कुर्यात् ॥ २० ॥ चतुर्भिः कलापकम् ॥

**અર્થ** – વિચક્ષણ મુનિ રાત્રિના પણ ચાર ભાગ કરે ! ત્યાર પછી રાત્રિના ચાર ભાગોમાં સ્વાધ્યાયાદિ રૂપ ઉત્તર ગુણોનું આરાધન કરે ! પહેલી પોરિસીમાં સ્વાધ્યાય કરે, બીજી પોરિસીમાં અર્થચિંતન રૂપ ધ્યાન કરે, ત્રીજી પોરિસીમાં નિદ્રા બાદ ઉઠે અને ચોથી પોરિસીમાં પુનઃસ્વાધ્યાય કરે ! પ્રાયઃ સૂર્ય નક્ષત્રથી ચૌદમું નક્ષત્ર આખી રાત્રિ સુધી આકાશમાં રહે છે. જ્યારે તે નક્ષત્ર આથમી જાય છે, ત્યારે રાત્રિની સમાપ્તિ થાય છે. જ્યારે આકાશના ચોથા ભાગમાં તે નક્ષત્ર આવે, ત્યારે પ્રદોષકાળમાં આરંભેલ સ્વાધ્યાયથી મુનિ અટકી જાય ! નક્ષત્રને આકાશનો ચોથો ભાગ ફરવાનો જ્યારે બાકી હોય, ત્યારબાદ ફરવાના ચોથા ભાગમાં નક્ષત્ર ફરે ત્યારે ત્રીજો પહોર પૂરો થયો છે એમ જાણી, જાગીને ફરીથી સ્વાધ્યાયની પ્રવૃત્તિ ચાલુ કરે ! અર્થાત્ જ્યારે આ નક્ષત્ર આકાશના કલ્પેલા પહેલા ભાગમાં ફરી લે ત્યારે પહેલો પ્રહર, બીજો ભાગ ફરી લે ત્યારે બીજો પ્રહર, ત્રીજો ભાગ ફરી લે ત્યારે ત્રીજો પ્રહર અને ચોથો ભાગ ફરી લે ત્યારે ચોથો પ્રહર સમાપ્ત થયો-એમ સમજવું. (૧૭ થી ૨૦-૧૦૦૧ થી ૧૦૦૪)

**पुव्विल्लंमि चउब्भागे, पडिलेहित्ताण भंडगं ।**
**गुरुं वंदित्तु सज्जायं, कुज्जा दुक्खविमोक्खणं ॥ २१ ॥**

**पोरिसीए चउब्भागे, वंदित्ताण तओ गुरुं ।**
**अपडिक्कमित्ता कालस्स, भायणं पडिलेहए ॥ २२ ॥ युग्मम् ॥**

पूर्वस्मिन् चतुर्भागे, प्रत्युपेक्ष्य भाण्डकं ।
गुरुं वन्दित्वा स्वाध्यायं, कुर्याद्दुःखविमोक्षणम् ॥ २१ ॥

पौरुष्याश्चतुर्भागे, वन्दित्वा ततो गुरुं ।
अप्रतिक्रम्य कालस्य, भाजनं प्रतिलेखयेत् ॥ २२ ॥ युग्मम् ॥

**અર્થ** – દિવસના પ્રથમ ચોથા ભાગમાં-પહેલી પોરિસીમાં સૂર્યોદય

સમયે વર્ષાકલ્પ વગેરે ઉપધિનું પડિલેહણ કરી અને ગુરુને વંદના કરી, દુઃખથી છોડાવનાર સ્વાધ્યાયને કરે ! સૂર્યોદયથી ૨ ક.-૨૪ મિ. રૂપ પાદોનપોરિસીમાં ગુરુજીને વંદના કરી, કાલ પ્રતિક્રમણ પછી થતું હોવાથી કાલના પ્રતિક્રમણ વગર પાત્રા વગેરેનું પડિલેહણ કરે ! (૨૧+૨૨-૧૦૦૫+૧૦૦૬)

**मुहपोत्तिअं पडिलेहित्ता, पडिलेहिज्ज गोच्छगं ।**
**गोच्छगलइअंगुलिओ, वत्थाइं पडिलेहए ॥ २३ ॥**

**उड्ढं थिरं अतुरिअं, पुव्वंता वत्थमेव पडिलेहे ।**
**तो बिइअं पप्फोडे, तइअं च पुणो पमज्जिजज्जा ॥ २४ ॥**

**अणच्चाविअं अवलियं, अणाणुबंधिं अमोसलिं चेव ।**
**छप्पुरिमा नव खोडा, पाणी पाणिविसोहणं ॥ २५ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**मुखवस्त्रिकां प्रतिलिख्य, प्रतिलेखयेत् गोच्छकम् ।**
**अङ्गुलिलातगोच्छकः, वस्त्राणि प्रतिलेखयेत् ॥ २३ ॥**

**ऊर्ध्वं स्थिरमत्वरितं, पूर्वं तावद्वस्त्रमेव प्रत्युपेक्षेत ।**
**ततः द्वितीयं प्रस्फोटयेत्, तृतीयं च पुनः प्रमृज्यात् ॥ २४ ॥**

**अनर्तितमवलितं, अनुबन्ध्यामर्शवत् चैव ।**
**षट्पूर्वाः नवखोटकाः पाणौ प्राणिविशोधनम् ॥ २५ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ** – પહેલાં મુહપત્તિનું પડિલેહણ કરીને પાત્રા ઉપરના ઉપકરણ રૂપ ગોચ્છાનું પડિલેહણ કરે. અંગુલિઓથી ગુચ્છાને પકડનારો મુનિ પટલક રૂપ પલ્લા રૂપ વસ્ત્રોનું પડિલેહણ પ્રમાર્જન કરે. બાદ શરીરની અપેક્ષાએ ઉત્કુટુક બનેલો (બે પગ વાળીને બંને ઘુંટણ ઉંચા રહે તેવી રીતિએ ઉભા પગે ભૂમિથી અદ્ધર બેસવું, તે ઉત્કુટુકાસન કહેવાય છે.) તિર્ચ્છા વસ્ત્રોને ફેલાવનારો, વસ્ત્રને મજબૂત પકડી અને ઉતાવળ કર્યા સિવાય પહેલા પડલ રૂપ વસ્ત્રને પડિલેહે, (આ સિવાય બીજી વખતે વસ્ત્ર વગેરેની આ મુજબ પડિલેહણ વિધિ સમજવી.) પણ પપ્ફોડા કરે નહિ, જો તેમાં જંતુઓ દેખાય, તો તેને યતનાથી બીજે ઠેકાણે મૂકી દે. ત્યાર બાદ શુદ્ધ વસ્ત્રને પપ્ફોડા કરે. આ બીજું કૃત્ય સમજવું. ત્યાર પછી ફરીથી ત્રીજું કાર્ય કરે કે-જોઈને હાથમાં રહેલા પ્રાણીઓનું પ્રમાર્જન કરે. શરીર કે કપડાં નચાવ્યા સિવાય, કપડાં વાળ્યા સિવાય,જોવાતો ભાગ બરાબર દેખાય તેવી રીતિએ ઉંચું, નીચું કે તીર્ચ્છું જોયા સિવાય અથવા ભીંત વગેરે પદાર્થોનો વિચાર કર્યા સિવાય, વસ્ત્રને બંને પાસાં

બદલીને દૃષ્ટિથી જોયા બાદ, વસ્ત્રને બે હાથથી પકડીને પહેલાં ડાબા હાથે અને પછીથી જમણા હાથે નચાવવા રૂપ ત્રણ-ત્રણ પફ્ખોડા કરવા. અર્થાત્ પૂર્વે કરતા હોઈ તીર્ચ્છા કરેલ વસ્ત્રોના પફ્ખોડા રૂપ ક્રિયાવિશેષોને છ પૂર્વના પ્રસ્ફોટ કહેવાય છે. જમણા હાથની આંગળીમાં વસ્ત્ર ભરાવી, હાથને સ્પર્શે નહિ તેમ ડાબા હાથની હથેલીથી કોણી સુધી વસ્ત્રને લઈ જતાં ત્રણ વાર અક્ખોડા (નચાવવા રૂપે) કરવા અને તે પછી કોણીથી હથેલી તરફ લઈ જતાં વસ્ત્ર સ્પર્શે તેમ હાથને પ્રમાર્જવો. એમ ત્રણ પ્રમાર્જના કરવી. ત્રણ અક્ખોડા પછી ત્રણ પ્રમાર્જના, પુનઃ ત્રણ અક્ખોડા અને પ્રમાર્જના અને ત્રીજી વાર અક્ખોડા અને ત્રણ પ્રમાર્જના કરવી. એમ આંતરે આંતરે નવ અક્ખોડા અને નવ પ્રમાર્જના સમજવી. અર્થાત્ પ્રમાર્જન એટલે હાથમાં કુંથુ આદિ જીવોની વિશુદ્ધિ કરવી અને તેને જયણાપૂર્વક અન્ય સ્થળે મૂકવાં. (૨૩ થી ૨૫-૧૦૦૭ થી ૧૦૦૯)

**आरभडा सम्मद्दा, वज्जेअव्वा य मोसली तइआ ।**
**पप्फोडणा चउत्थी, विक्खित्ता वेइआ छट्ठी ॥ २६ ॥**

**पसिढिलपलंबलोला, एगामोसा अणेगरूवधुणा ।**
**कुणइ पमाणि पमायं, संकिए गणणोवगं कुज्जा ॥ २७ ॥ युग्मम् ॥**

**आरभडा सम्मर्द्दा, वर्जयितव्या च मोसली तृतीया ।**
**प्रस्कोटना चतुर्थी, विक्षिप्ता वेदिका षष्ठी ॥ २६ ॥**

**प्रशिथिलप्रलम्बलोलैकामर्शानेकरूपधूनना ।**
**करोति प्रमाणे प्रमादं, शङ्किते गणनोपगं कुर्यात् ॥ २७ ॥ युग्मम् ॥**

**અર્થ – પ્રતિલેખનાના દોષના ત્યાગ કહે છે.**

(૧) આરભડા-વિપરીત પ્રતિલેખના અથવા ઝપાટાબંધ બીજા બીજા વસ્ત્રોને ગ્રહણ કરવા રૂપ પ્રતિલેખના.

(૨) સંમર્દા-વસ્ત્રના છેડાના ખુણાઓ વાળવા રૂપે કે ઉપધિ ઉપર બેસવા રૂપ સંમર્દા નામક દોષ.

(૩) મૌશલી-તિર્ચ્છો, ઉંચે કે નીચે સંઘટ્ટો કરવો તે મૌશલી દોષ.

(૪) પ્રસ્ફોટના-ધૂળવાળા વસ્ત્રની જેમ પ્રકર્ષથી વસ્ત્રો ખંખેરવા તે પ્રસ્ફોટના દોષ.

(૫) વિક્ષિપ્તા-પડિલેહણા જેની થયેલી છે-એવા વસ્ત્રોને પડિલેહણ વગરના વસ્ત્રોમાં મૂકવા તે વિક્ષિપ્તા દોષ.

(૬) વેદિકા-બંને ઢીંચણ ઉપર બંને હાથ રાખીને પડિલેહણ કરવી તે ઊર્ધ્વ વેદિકા, બંને ઢીંચણ નીચે હાથ રાખીને પડિલેહણ કરવી તે અધોવેદિકા, તીર્ચ્છા હાથ રાખીને પડિલેહણ કરવી તે તિર્યગ્ વેદિકા. બે હાથની અંદર બે ઢીંચણ રાખીને પડિલેહણ કરવી તે ઉભય વેદિકા અને બે હાથની અંદર એક ઢીંચણ રાખીને પડિલેહણ કરવી તે એક વેદિકા. આમ પાંચ પ્રકારની વેદિકા રૂપ દોષ.

(૭) પ્રશિથિલ-જે મજબૂત રીતિએ નહિ અને તીર્ચ્છું નહિ તેમ જ લાંબું કરીને વસ્ત્રગ્રહણ રૂપ દોષ.

(૮) પ્રલંબ-વિષમ રીતિએ પકડીને પડિલેહણ કરાતા વસ્ત્રોના ખૂણાઓના લટકાવવા રૂપ દોષ.

(૯) લોલ-જમીન ઉપર કે હાથમાં પડિલેહણ કરાતા વસ્ત્રોને હલાવવા રૂપ દોષ.

(૧૦) અનેકરૂપધૂનના-એકી સાથે અનેક વસ્ત્રો પકડીને હલાવવા રૂપ દોષ.

(૧૧) પ્રમાદ-પ્રસ્ફોટના વગેરેની સંખ્યા રૂપ પ્રમાણમાં ઉપયોગના અભાવ રૂપ દોષ.

(૧૨) ગણનોપગ-પ્રમાદથી પ્રમાણ પ્રતિ શંકા થતાં, હાથની અંગુલિ-રેખાસ્પર્શન વગેરેથી એક-બે-ત્રણ સંખ્યા રૂપ ગણના કરી પ્રસ્ફોટના વગેરે કરે છે તે પણ દોષ છે. (૨૬+૨૭-૧૦૧૦+૧૦૧૧)

**अणूणाइरित्तपडिलेहा, अविवच्चासा तहेव य ।**
**पढमं पयं पसत्थं, सेसाणि उ अप्पसत्थाणि ॥ २८ ॥**

**अनूनातिरिक्ता प्रतिलेखा, अविव्यत्यासा तथैव च ।**
**प्रथमं पदं प्रशस्तं, शेषाणि तु अप्रशस्तानि ॥ २८ ॥**

**અર્થ** – વેળાની અપેક્ષાએ અન્યૂન પ્રસ્ફોટ પ્રામાર્જના અને અનતિરિક્ત-અનધિક પ્રસ્ફોટના પ્રમાર્જના (ગુરુ આદિ અને રત્નાધિકની ઉપધિની ક્રમસર પ્રતિલેખના કરવી નહિ તે પુરૂષવ્યત્યય અને સવારે તથા સાંજે રજોહરણ આદિ કે ઉપધિને પૂર્વોક્ત સ્થાનમાં પ્રતિલેખના નહિ કરવી તે ઉપધિવ્યત્યય. પુરૂષ-ઉપધિના વિપર્યાસ વગરની પ્રતિલેખના રૂપ પ્રથમ ભંગ રૂપ પ્રથમ પદ પ્રશસ્ત છે. બાકીના સાત ભાંગા અપ્રશસ્ત છે.

ऽऽऽ-।ऽऽ-ऽ।ऽ-।।ऽ-ऽऽ।-।ऽ।-ऽ।।-।।। આ મુજબ આઠ ભાંગા સમજવા. અહીં અન્યૂન, અનતિરિક્ત અને અવિપર્યાસ-એમ ત્રણ વિશેષણ પદોથી આઠ ભાંગા કરવાના છે. (૨૮-૧૦૧૨)

**पडिलेहणं कुणंतो, मिहो कहं कुणइ जणवयकहं वा ।**
**देइ व पच्चक्खाणं वाएइ सयं पडिच्छइ वा ॥ २९ ॥**

**पुढवि आउक्काए, तेउ वाऊ वणस्सइ तसाणं ।**
**पडिलेहणापमत्तो, छण्हंपि विराहओ होई ॥ ३० ॥**

**पुढवि आउ क्काए, तेउ वाऊ वणस्सइतसाणं ।**
**पडिलेहणा आउत्तो, छण्हंपि आराहओ होइ ॥ ३१ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**प्रतिलेखनां कुर्वन् मिथः कथां करोति जनपदकथां वा ।**
**ददाति वा प्रत्याख्यानं, वाचयति स्वयं प्रतीच्छति वा ॥ २९ ॥**

**पृथ्व्यप्कायतेजोवायुवनस्पतित्रसानाम् ।**
**प्रतिलेखनाप्रमत्तः षण्णामपि विराधको भवति ॥ ३० ॥**

**पृथ्व्यप्कायतेजोवायुवनस्पतित्रसानाम् ।**
**प्रतिलेखनायुक्तः षण्णां आराधको भवति ॥ ३१ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ –** પડિલેહણ કરતાં જો પરસ્પર સ્ત્રીકથા આદિ અથવા વાતચીત કરે, બીજાને પચ્ચક્ખાણ આપે, બીજાને વાચના આપે, પોતે વાચના લે, તો પરસ્પર કથા વગેરેથી પ્રતિલેખનામાં અસાવધ બનેલો, પૃથ્વી-અપ્-તેજસ્-વાયુ-વનસ્પતિ-ત્રસકાય રૂપ ષડ્જીવનિકાયનો પણ વિરાધક થાય છે. પ્રતિલેખનામાં સાવધ-અપ્રમાદી બનેલો સાધુ પૃથ્વીકાય વગેરે છ જીવનિકાયનો આરાધક બને છે. (૨૯ થી ૩૧-૧૦૧૩ થી ૧૦૧૫)

**तइआए पोरिसीए, भत्तपाणं गवेसए ।**
**छण्हमन्नयरागंमि, कारणंमि समुट्ठिए ॥ ३२ ॥**

**वेअण वेआवच्चे, इरिअट्ठाए अ संजमट्ठाए ।**
**तह पाणवत्तिआए, छट्ठं पुण धम्मचिंताए ॥ ३३ ॥ युग्मम् ॥**

**तृतीयस्यां पौरुष्यां, भक्तपानं गवेषयेत् ।**
**षण्णामन्यतरस्मिन् कारणे समुपस्थिते ॥ ३२ ॥**

**वेदन-वैयावृत्यायेर्यार्थाय च संयमार्थाय ।**
**तथा प्राणप्रत्ययाय, षष्ठं पुनः धर्मचिन्तायै ॥ ३३ ॥ युग्मम् ॥**

**અર્થ –** ત્રીજી પોરિસીમાં ભાતપાણીની ગવેષણા કરવી. આ ઔત્સર્ગિક વચન સમજવું, કારણ કે-સ્થવિરકલ્પિકોને કાલ પ્રમાણે ભોજન વગેરેનું ગવેષણ કહેલું છે. યાને છ કારણોમાંથી કોઈ એક કારણ ઉપસ્થિત હોય ત્યારે ભાતપાણી લેવા જાય, પણ કારણ વગર લેવા ન જાય. હવે છ કારણો બતાવે છે. (૧) ભૂખ-તરસ વગેરેની વેદના છેદવા માટે વહોરવા જાય. (૨) ભૂખ વગેરેથી બાધિત હોવાથી વૈયાવચ્ચ કરવા અસમર્થ થાય માટે. (૩) ભૂખ વગેરેથી આકુલ બનેલો હોઈ બે આંખોથી જોઈ શકતો નહિ હોવાથી ઈર્યાસમિતિ માટે. (૪) આહાર આદિ સિવાય કચ્છ-મહાકચ્છ વગેરેની માફક સંયમ દુ:સાધ્ય થાય માટે સંયમપાલનાર્થે.(૫) પ્રાણોની રક્ષા ખાતર. (૬) ભૂખ-તરસથી કૃશ બનેલો ધર્મચિંતન ક્યાંથી કરી શકે તેથી ધર્મધ્યાનને માટે. આ કારણોસર ભિક્ષા લેવા જાય. (૩૨+૩૩-૧૦૧૬+૧૦૧૭)

**निग्गंथो धिइमंतो, निग्गंथी वि न करिज्ज छहिं चेव ।**
**ठाणेहिं तु इमेहिं, अणतिक्कमणा य से होई ॥ ३४ ॥**

**आयंके उवसग्गे, तितिक्खया बंभचेरगुत्तीसु ।**
**पाणिदया तवहेउं, सरीरवोच्छेअणट्ठाए ॥ ३५ ॥ युग्मम् ॥**

**निर्ग्रन्थो धृतिमानिर्ग्रन्थ्यपि न कुर्यात् षड्भिश्चैव ।**
**स्थानैरेभिरनतिक्रमणं च तस्य भवति ॥ ३४ ॥**

**आतङ्के उपसर्गे तितिक्षायां ब्रह्मचर्यगुप्तिषु ।**
**प्राणिदयातपोहेतोः, शरीरव्यवच्छेदार्थम् ॥ ३५ ॥ युग्मम् ॥**

**અર્થ –** જે કારણોથી ભાતપાણી લેવા ન જાય, તેની વિગત કહે છે કે-ધર્મપાલન પ્રતિ સ્થિરતાવાળો ધીર સાધુ અને સાધ્વી પણ કહેવાતા છ સ્થાનોથી ભિક્ષાની ગવેષણા ન કરે, કેમ કે-સંયમયોગોનું ઉલ્લંઘન થતું નથી; નહિતર સંયમયોગોનું અતિક્રમણ થઈ જાય. હવે છ સ્થાનો જણાવે છે. (૧) જ્વર વગેરે રોગમાં, તેના નિવારણાર્થે. (૨) દિવ્ય આદિ અથવા વ્રતથી છોડાવવા સ્વજનો વગેરેએ કરેલ ઉપસર્ગમાં, તેના નિવારણાર્થે. (૩) બ્રહ્મચર્યની ગુપ્તિ વિષયમાં, સહનશીલતા હોવાથી, કારણ કે-તે ગુપ્તિઓ મનના મહા તોફાનની ઉત્પત્તિમાં બીજા પ્રકારે અસહ્ય બને છે. (૪) વરસાદ વગેરેમાં અપ્‌કાય જીવોની રક્ષા માટે. (૫) એક ઉપવાસ આદિ તપના હેતુથી. (૬) ઉચિત કાલમાં અનશન કરનારને શરીરનો વ્યવચ્છેદ હેતુ હોવાથી. આ કારણોએ ભિક્ષાની ગવેષણા કરવી નહિ. (૩૪+૩૫-૧૦૧૮+૧૦૧૯)

**अवसेसं भंडगं गिज्झा चक्खुसा पडिलेहए ।**
**परमद्धजोअणाओ, विहारं विहरए मुणी ॥ ३६ ॥**

**अवशेषं भाण्डकं गृहीत्वा, चक्षुषा प्रतिलेखयेत् ।**
**परमार्द्धयोजनाद्विहारं, विहरेन्मुनिः ॥ ३६ ॥**

**अर्थ –** સમગ્ર ઉપગરણને લઈને આંખથી જોયા બાદ પડિલેહણ કરે. ત્યાર બાદ ઉપગરણને લઈને ઉત્કૃષ્ટ અર્ધ યોજન સુધી, કેમ કે-અર્ધ યોજન ઉપરાન્ત ગયેલ અશન આદિ માર્ગાતીત થાય, માટે તેટલા ક્ષેત્રમાં ગોચરી માટે મુનિ પર્યટન કરે. (૩૬-૧૦૨૦)

**चउत्थीए पोरिसीए, निक्खिवित्ताण भायणं ।**
**सज्झायं च तओ कुज्जा, सव्वभावविभावणं ॥ ३७ ॥**

**पोरिसीए चउब्भाए, वंदित्ताण तओ गुरुं।**
**पडिक्कमित्ता कालस्स, सिज्जं तं पडिलेहए ॥ ३८ ॥**

**पासवणुच्चारभूमिं च, पडिलेहिज्ज जयं जइ ।**
**काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्खविमोक्खणं ॥ ३९ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**चतुर्थ्यां पौरुष्यां, निक्षिप्य भाजनम् ।**
**स्वाध्यायं च ततः कुर्यात्सर्वभावविभावनम् ॥ ३७ ॥**

**पौरुष्याश्चतुर्भागे, वन्दित्वा ततो गुरुम् ।**
**प्रतिक्रम्य कालस्य, शय्यां तु प्रतिलेखयेत् ॥ ३८ ॥**

**प्रश्रवणोच्चारभूमिं च, प्रतिलेखयेद्यतं यतिः ।**
**कायोत्सर्गं ततः कुर्यात्सर्वदुःखविमोक्षणम् ॥ ३९ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**अर्थ –** હવે ચોથી પોરિસીમાં પડિલેહણા પૂર્વક પાત્રાને બાંધી અને ઉપધિની પડિલેહણા કરી જીવ વગેરે સર્વભાવપ્રકાશક સ્વાધ્યાયને કરે. જ્યારે ચોથી પોરિસીનો ચોથો ભાગ બાકી રહે, ત્યારે ગુરુને વંદના કરી અને કાલનું પ્રતિક્રમણ કરી વસતિ રૂપ શય્યાનું પડિલેહણ કરે. પ્રશ્રવણભૂમિ, ઉચ્ચારભૂમિ તથા કાલભૂમિને નિરારંભપૂર્વક યતિ પડિલેહે. બાદ સર્વ દુઃખોથી છોડાવનાર કાઉસ્સગ્ગને કરે. (૩૭ થી ૩૯-૧૦૨૧ થી ૧૦૨૩)

**देवसिअं च अइआरं, चिंतिज्ज अणुपुव्वसो ।**
**नाणे अ दंसणे चेव, चरित्तंमि तहेव य ॥ ४० ॥**

**पारिअकाउस्सग्गो, वंदित्ताण तओ गुरुं।**
**देवसिअं तु अइआरं, आलोइज्ज जहक्कमं ॥ ४१ ॥**

**पडिक्कमित्तु निस्सल्लो, वंदित्ताण तओ गुरुं।**
**काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्खविमोक्खणं ॥ ४२ ॥**

**पारियकाउस्सग्गो, वंदित्ताण तओ गुरुं।**
**थुइमंगलं च काउणं, कालं संपडिलेहए ॥ ४३ ॥**

**पढमं पोरिसि सज्झायं, बिइअं झाणं झिआयइ ।**
**तइआए निद्दमोक्खं तु, सज्झायं तु चउत्थीए ॥ ४४ ॥ पंचभिः कुलकम् ॥**

दैविसकं चातिचारं चिन्तयेदनुपूर्वशः ।
ज्ञाने दर्शने चैव, चारित्रे तथैव च ॥ ४० ॥

पारितकायोत्सर्गो, वन्दित्वा ततो गुरुम् ।
दैवसिकं त्वतिचारं, आलोचयेद्यथाक्रमम् ॥ ४१ ॥

प्रतिक्रम्य निःशल्यो, वन्दित्वा ततो गुरुम् ।
कायोत्सर्गं ततः कुर्यात्सर्वदुःखविमोक्षणम् ॥ ४२ ॥

पारितकायोत्सर्गो, वन्दित्वा ततो गुरुम् ।
स्तुतिमङ्गलं च कृत्वा, कालं संप्रतिलेखयेत् ॥ ४३ ॥

प्रथमपौरुष्यां स्वाध्यायं, द्वितीयायां ध्यानं ध्यायति ।
तृतीयायां निद्रामोक्षं तु, चतुर्थ्यां तु स्वाध्यायम् ॥ ४४ ॥ पञ्चभिः कुलकम् ॥

**અર્થ** – કાઉસ્સગ્ગમાં રહેલો જે કરે તે કહે છે કે-સવારના પ્રતિક્રમણમાં પહેલી મુહપત્તિના પડિલેહણથી માંડી કાયોત્સર્ગ સુધી દિવસ સંબંધી અતિચારનું ચિંતન કરે, અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્રમાં લાગેલ અતિચારનું ચિંતન કરે. કાઉસ્સગ્ગ પાર્યા બાદ ગુરુજીને વંદન કરી, ગુરુની સમક્ષ યથાક્રમ દિવસ સંબંધી અતિચારનો પ્રકાશ કરે. અપરાધસ્થાનોનું પ્રતિક્રમણ કરી, માયાશલ્ય વગેરે શલ્ય વગરનો બની વંદનાપૂર્વક ખમાવી, ગુરુવંદનથી ગુરુને વંદના કરી, પછી ચારિત્ર-દર્શન-જ્ઞાનની શુદ્ધિ નિમિત્તે સર્વ દુઃખોથી મૂકાવનાર કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગ પારી, ગુરુને વંદના કરી અને સિદ્ધિસ્તવ રૂપ સ્તુતિત્રય રૂપ સ્તુતિમંગલ કરી પ્રાદોષિક કાલમાં જાગે-કાલગ્રહણ લે. અર્થાત્ પહેલી પોરિસીમાં સ્વાધ્યાય, બીજી પોરિસીમાં અર્થચિંતન રૂપ ધ્યાન, ત્રીજી પોરિસીમાં નિદ્રાથી મુક્તિ અને ચોથી પોરિસીમાં ફરીથી સ્વાધ્યાયને કરે. (૪૦ થી ૪૪-૧૦૨૪ થી ૧૦૨૮)

पोरिसीए चउत्थीए, कालं तु पडिलेहिआ ।
सज्झायं तु तओ कुज्जा, अबोहंतो असंजए ॥ ४५ ॥

पोरिसीए चउब्भाए, वन्दित्ताण तओ गुरुं।
पडिक्कमित्ता कालस्स, कालं तु पडिलेहए ॥ ४६ ॥

आगए कायवुस्सग्गे, सव्वदुक्खविमोक्खणे ।
काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्खविमोक्खणं ॥ ४७ ॥

राइअं व अईआरं चिंतिज्ज अणुपुव्वसो ।
नाणम्मि दंसणम्मि, चरित्तम्मि तवंमि य ॥ ४८ ॥

पारिअकाउस्सग्गो, वंदित्ताण तओ गुरुं।
राइअं तु अईआरं आलोएज्ज जहक्कमं ॥ ४९ ॥

पडिक्कमित्तु णिस्सल्लो, वंदित्ताणं तओ गुरुं।
काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्खविमोक्खणं ॥ ५० ॥

किं तवं पडिवज्जामि, एवं तत्थ विचिंतए ।
काउस्सग्गं तु पारित्ता, वंदइ उ तओ गुरुं॥ ५१ ॥

पारिअकाउस्सग्गो, वंदित्ताण तओ गुरुं।
तव संपडिवज्जित्ता, कुज्जा सिद्धाण संथवं ॥ ५२ ॥ अष्टभिः कुलकम् ॥

पौरुष्यां चतुर्थ्यां, कालं तु प्रतिलेखयेत् ।
स्वाध्यायं तु ततः कुर्यादबोधयन्नसंयतान् ॥ ४५ ॥

पौरुष्याश्चतुर्भागे, वन्दित्वा ततो गुरुम् ।
प्रतिक्रम्य कालस्य, कालं, तु प्रतिलेखयेत् ॥ ४६ ॥

आगते कायव्युत्सर्गे, सर्वदुःखविमोक्षणे ।
कायोत्सर्गं ततः कुर्यात्सर्वदुःखविमोक्षणम् ॥ ४७ ॥

रात्रिकं चातिचारं चिन्तयेदनुपूर्वशः ।
ज्ञाने दर्शने च, चारित्रे तपसि च ॥ ४८ ॥

पालितकायोत्सर्गो, वन्दित्वा ततो गुरुम् ।
रात्रिकं त्वतिचारमालोचयेद्यथाक्रमम् ॥ ४९ ॥

प्रतिक्रम्य निःशल्यो, वन्दित्वा ततो गुरुम् ।
कायोत्सर्गं ततः कुर्यात्सर्वदुःखविमोक्षणम् ॥ ५० ॥

**किं तपः प्रतिपद्येऽहमेवं तत्र विचिन्तयेत् ।**
**कायोत्सर्गं तु पारयित्वा, वन्दते च ततो गुरुम् ॥ ५१ ॥**

**पालितकायोत्सर्गो, वन्दित्वा ततो गुरुम् ।**
**तपस्सम्प्रतिपद्य, कुर्यात्सिद्धानां संस्तवम् ॥ ५२ ॥ अष्टभिः कुलकम् ॥**

**અર્થ –** ચોથી પોરિસીમાં-વૈરાત્રિક કાલમાં જાગીને કાલગ્રહણ કરી, અસંયતોને નહિ જગાડતો સ્વાધ્યાયને કરે. જ્યારે ચોથી પોરિસીનો ચોથો ભાગ બાકી રહે, ત્યારે ગુરુવંદના કર્યા બાદ વૈરાત્રિક કાલનું પ્રતિક્રમણ કરી પ્રાભાતિક કાલને જુએ અને ગ્રહણ કરે. વળી જયારે સર્વ દુઃખોથી છોડાવનાર કાઉસ્સગ્ગનો સમય આવે ત્યારે કાયોત્સર્ગ કરે. અહીં કાઉસ્સગ્ગના ગ્રહણથી દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધિ માટે ત્રણ કાઉસ્સગ્ગનું ગ્રહણ કરે. ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિ સંબંધી અતિચારનું ચિંતન કરાય છે, યાને ક્રમસર રાત્રિ સંબંધી જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યમાં જે અતિચાર લાગ્યો હોય તેનું ચિંતન કરે. બાકીના કાઉસ્સગ્ગમાં ચતુર્વિંશતિસ્તવ જે (લોગસ્સ) પ્રસિદ્ધ છે તે સમજવું. ત્યારબાદ કાઉસ્સગ્ગ પારી, વાંદણા દઈ, ગુરુને ખમાવી-વંદન કરી, ગુરુ સમક્ષ યથાક્રમ રાત્રિના અતિચારનો પ્રકાશ કરે. પ્રતિક્રમણ કરી, નિઃશલ્ય થઈ, ગુરુને વંદના કરી સર્વ દુઃખથી છોડાવનાર કાઉસ્સગ્ગ કરે. કાઉસ્સગ્ગમાં રહેલો નવકારશી વગેરે કયો તપ હું સ્વીકારૂં ? યાને શ્રી વીર ભગવાન છ માસ સુધી નિરશન બની વિચર્યા, તો હું પણ શું એટલા કાલ સુધી નિરશન બની રહેવા સમર્થ છું કે નહિ ? - આ પ્રમાણે પાંચ માસથી લઈને નવકારશી પર્યંત વિચાર કરે. આ પ્રમાણે તપચિંતવણી કાઉસ્સગ્ગ પૂરો કરી પારી ગુરુને વાંદણા દે, અર્થાત્ ગુરુવંદન કરી, યથાશક્તિ ધારેલો તપ સ્વીકારી, ત્રણ સ્તુતિ રૂપ સિદ્ધોના સ્તવને કરે. બાદ જ્યાં શ્રી જિનમંદિરો છે ત્યાં શ્રી જિનપ્રતિમાઓને વંદના-ચૈત્યવંદન કરે. (૪૫ થી ૫૨-૧૦૨૯ થી ૧૦૩૬)

**एसा सामायारी, समासेण वियाहिया ।**
**जं चरित्ता बहु जीवा, तिण्णा संसारसागरंत्तिबेमि ॥ ५३ ॥**

**एषा सामाचारी, समासेन व्याख्याता ।**
**यां चरित्वा बहवो जीवास्तीर्णाः संसारसागरमितिब्रवीमि ॥ ५३ ॥**

**અર્થ –** આ સાધુસામાચારી સંક્ષેપથી કહેલી છે અને તેને આચરીને ઘણા જીવો સંસારસાગરને તરી ગયા છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૫૩-૧૦૩૭)

**છવ્વીશમું શ્રી સામાચારી અધ્યયન સંપૂર્ણ.**

# श्री खलुंकीयाध्ययन-२७

थेरे गणहरे गग्गे, मुणी आसि विसारए ।
आइण्णे गणिभावंमि, समाहिं पडिसंधए ॥ १ ॥

स्थविरो गणधरो गर्गो, मुनिरासीत् विशारदः ।
आकीर्णः गणिभावे, समाधिं प्रतिसन्धत्ते ॥ १ ॥

**અર્થ** – ધર્મમાં અસ્થિરોને સ્થિર કરનાર-સ્થવિર, ગુણસમુદાય રૂપ ગણને ધારણ કરનાર-ગણધર, સર્વ સાવદ્ય વિરતિની પ્રતિજ્ઞા કરનાર-મુનિ તેમજ સર્વ શાસ્ત્રોમાં કુશલ-વિશારદ, આચાર્યપણા રૂપ ગણિભાવમાં સ્થિત અને આચાર્ય-ગુણોથી વ્યાપ્ત ગર્ગ નામના આચાર્યભગવાન, ચિત્તસમાધાન રૂપ સમાધિમાં કુશિષ્યોએ તોડેલી આત્માની સમાધિનું સંધાન કરે છે. (૧-૧૦૩૮)

वहणे वहमाणस्स, कंतारं अइवत्तइ ।
जोए वहमाणस्स, संसारं अइवत्तइ ॥ २ ॥

खलुंके जो उ जोइए, विहम्माणो किलिस्सइ ।
असमाहिं च वेएइ, तोत्तओ से च भज्जइ ॥ ३ ॥

एगं डसइ पुच्छंमि, एगं विंधइऽभिक्खणं ।
एगो भंजइ समिलं, एगो उप्पहपट्ठिओ ॥ ४ ॥

एगो पडइ पासेणं, निवेसइ निवज्जइ ।
उक्कुद्दइ उप्फिडइ, सढे बालगवी वए ॥ ५ ॥

माई मुद्धेण पडइ, कुद्धे गच्छइ पडिपहं ।
मयलक्खेण चिट्ठइ, वेगेण य पहावइ ॥ ६ ॥

छिण्णाले छिण्णाई सल्लिं, दुद्दंते भंजई जुगं ।
सेवि अ सुस्सुआइत्ता, उज्जहित्ता पलायए ॥ ७ ॥ षड्भिः कुलकम् ॥

**वहने वाह्यमानस्य, कान्तारमतिवर्त्तते ।**
**योगे वाह्यमानस्य, संसारोऽतिवर्त्तते ॥ २ ॥**

**खलुङ्कान् यस्तु योजयति, विध्यमानः क्लिश्यते ।**
**असमाधिं च वेदयति, तोत्रकः तस्य च भज्यते ॥ ३ ॥**

**एकं दशति पुच्छे, एकं विध्यत्यभीक्ष्णम् ।**
**एको भनक्ति समिलां, एक उत्पथप्रस्थितः ॥ ४ ॥**

**एकः पतति पार्श्वेण, निविशति निपद्यते ।**
**उत्कूर्दति उत्प्लवते, शठो बालगवीं व्रजेत् ॥ ५ ॥**

**मायी मूर्ध्ना पतति, क्रुद्धः गच्छति प्रतिपथम् ।**
**मृतलक्षेण तिष्ठति, वेगेन च प्रधावति ॥ ६ ॥**

**छिन्नालः छिनत्ति सिल्लिं, दुर्दान्तो भनक्ति युगम् ।**
**सोऽपि च सूत्कृत्योद्धाव्य पलायते ॥ ७ ॥ षड्भिः कुलकम् ॥**

**અર્થ –** હવે તે આચાર્ય સમાધિનું સંધાન કરતાં જે વિચાર છે તે કહે છે કે-ગાડા વગેરેમાં વિનીત બળદ આદિને જોડી, ગાડું વગેરે ચલાવનાર પુરૂષ જેમ સુખપૂર્વક અરણ્યનું ઉલ્લંઘન કરે છે, તેમ સંયમવ્યાપાર રૂપ યોગમાં સુશિષ્યોને પ્રવર્ત્તાવનાર આચાર્ય આદિ પ્રવર્ત્તકો સુખપૂર્વક સંસારનું ઉલ્લંઘન કરી જાય છે. આ પ્રમાણે આત્માની સમાધિના સંધાન માટે વિનીતનું સ્વરૂપ વિચારી, જેવું અવિનીતનું સ્વરૂપ છે તે વિચારે છે કે-શક્તિ હોવા છતાં ધુરાને વહન નહિ કરનાર દુષ્ટ બળદો-ગળીઆ બળદોને ગાડા વગેરે વાહનમાં જે જોડે છે, તે તાડન કરતો ક્લેશ પામે છે. એથી જ અસમાધિને અનુભવે છે. એટલું જ નહિ પરન્તુ ગળીયા બળદને જોડનારનો બળદ વગેરે હાંકવાનો પરોણો-ચાબુક આદિ રૂપ તોત્રક પણ ત્રુટી જાય છે. ત્યારબાદ રુષ્ટ થયેલો ગાડાવાળો જે કરે છે તે કહે છે-એકને વારંવાર દાંતોથી પૂંછડે દબાવે છે-કરડે છે અને એકને વારંવાર આરથી વિંધે છે. ત્યાર બાદ પૂંછડે કરડાયેલ કે આરથી વિંધાયેલ બળદો જે કરે છે તે કહે છે-એક બળદ ધૂંસરીની ખીલી તોડી નાખે છે, એક ઉન્માર્ગમાં ચાલ્યો જાય છે, એક પડખેથી પડે છે-બેસી જાય છે-સૂઈ જાય છે-ઉંચે કૂદે છે અને દેડકાની માફક ઠેકડા મારે છે. એક કપટી બળદ, વૃદ્ધ નહિ એવી ગાય તરફ દોડે છે, બીજો માયાવી બળદ માથેથી પડે છે અને નિઃસત્ત્વ જેવો પોતાને બતાવતો અને ક્રોધી થતો પાછો વળે છે. કોઈ મરેલા જેવો રહેલો, કોઈ રીતિએ સાજો થયેલો વેગથી અત્યંત દોડી જાય છે યાને

બીજો બળદ ચાલવા શક્તિમાન ન થાય તેવી રીતિએ જાય છે. તથાવિધ દુષ્ટ જાતિવાળો બળદ નાથને (દોરડાને) તોડે છે, કોઈક દુર્દાંત ધોંસરાને તોડે છે, વળી તે પણ ધૂંસરી તોડી, સૂત્કારો કરી અને સ્વામીન દોડાવી બીજી બાજુએ પલાયન થઈ જાય છે. (૨ થી ૭-૧૦૩૯ થી ૧૦૪૪)

खलुंका जारिसा जोज्जा, दुस्सीसाविहुतारिसा ।
जोइआ धम्मजाणम्मि, भज्जंति धिइदुब्बला ॥ ८ ॥

खलुङ्का यादृशा योज्या, दुःशिष्या अप्येव तादृशाः ।
योजिता धर्मयाने, भज्यन्ते धृतिदुर्बलाः ॥ ८ ॥

**અર્થ –** જેવા ખલુંકો-ધૂંસરી ખેંચનાર બળદો-ગળીયા બળદો, તેવા જ દુષ્ટ શિષ્યો જ અહીં સમજવા. કેમ કે-ધર્મરૂપી વાહનમાં જોડાયેલા અને ધર્મના અનુષ્ઠાનમાં કમજોર-અલ્પ સ્થિરતાવાળા દુષ્ટ શિષ્યો ધર્મયાનમાં સારી રીતિએ પ્રવર્તતા નથી. હવે ધૈર્યની દુર્બલતાને સ્પષ્ટ કરે છે. (૮-૧૦૪૫)

इड्ढी गारविए एगे, एगेत्थ रसगारवे ।
सायगारविए एगे, एगे सुचिरकोहणे ॥ ९ ॥

भिक्खालसीए एगे, एगे ओमाणभीरुए थद्धे ।
एगं च अणुसासम्मि, हेऊहिं कारणेहि अ ॥ १० ॥

सो वि अंतरभासिल्लो, दोसमेव पकुव्वइ ।
आयरिआणं तं वयणं, पडिकूलेइ अभिक्खणं ॥ ११ ॥

न सा ममं विआणाइ, नवि सा मज्झ दाहिइ ।
निग्गइ होहिई मन्ने, साहू अन्नोत्थ वज्जउ ॥ १२ ॥

पेसिआ पलिउंचति, ते परियंति समंतओ ।
रायविट्ठिं व मन्नंता, करिंति भिउडिं मुहे ॥ १३ ॥

वाइआ संगहिआ चेव, भत्तपाणेण पोसिआ ।
जायपक्खा जहा हंसा, पक्कमंति दिसोदिसिं ॥ १४ ॥ षड्भिः कुलकम् ॥

ऋद्धिगौरविक एकः एकोऽत्र रसगौरवः ।
सातगौरविक एकः, एकः सुचिरक्रोधनः ॥ ९ ॥

भिक्षालसिकः एकः, एकोऽपमानभीरुकः स्तब्धः ।
एकमनुशास्मि, हेतुभिः कारणैश्च ॥ १० ॥

**सोऽपि अन्तरभाषावान्दोषमेव प्रकरोति ।**
**आचार्याणां तद्वचनं, प्रतिकूलयत्यभीक्ष्णम् ॥ ११ ॥**

**न सा मां विजानाति, नापि सा मह्यं दास्यति ।**
**निर्गता भविष्यति मन्ये, साधुरन्योऽत्र व्रजतु ॥ १२ ॥**

**प्रेषिताः परिकुञ्चन्ति, ते पर्यटन्ति समन्ततः ।**
**राजवेष्टिमिव मन्यमानाः, कुर्वन्ति भ्रकुटिं मुखे ॥ १३ ॥**

**वाचिताः संगृहीताश्चैव, भक्तपानेन पोषिताः ।**
**जातपक्षा यथा हंसाः, प्रक्रामन्ति दिशोदिशिम् ॥ १४ ॥ षड्भिः कुलक्रम् ॥**

**અર્થ –** કોઈ એક કુશિષ્ય ઋદ્ધિવાળા શ્રાવકો માટે વશ્ય-આધીન છે અને ઈષ્ટ ઉપકરણ આદિ મેળવે છે, જેથી એવો આત્મપ્રશંસા રૂપ ઋદ્ધિવાળો-ઋદ્ધિગૌરવિક અમારા નિયોગમાં પ્રવર્ત્તતો નથી. એક કુશિષ્ય મધુર વગેરે રસોમાં ઉન્મત્ત બનેલો ગ્લાન વગેરેને આહાર આપવામાં અને તપમાં પ્રવર્ત્તતો નથી. કોઈ એક કુશિષ્ય સુખશીલીયો બનેલો અપ્રતિબદ્ધ વિહાર વગેરેમાં પ્રવૃત્તિ કરતો નથી. વળી ભિક્ષા માટે આળસુ બનેલો કુશિષ્ય ગોચરી વહોરવા જતો નથી. કોઈક તો અપમાનથી ડરનારો ભિક્ષા લેવા જાય છે પણ ગમે તેના ઘરે પેસવા ઇચ્છતો નથી. કોઈક તો અભિમાની પોતાના પકડેલા કદાગ્રહથી નમાવી શકાય એવો નથી. વળી એક દુષ્ટ શિષ્યને પૂર્વોક્ત કારણોથી શિખામણ આપું છું, પણ જેને શિખામણ અપાય છે તે કુશિષ્ય ગુરુ-વાક્યની વચ્ચે જ પોતાનો અભિમત બોલનારો અપરાધને જ કરે છે, પરન્તુ શિક્ષા અપાઈ છતાં પણ અપરાધનો વિચ્છેદ કરતો નથી. વળી શિક્ષા આપનાર અમ આચાર્યોના શિક્ષાવચનને તે કુયુક્તિઓથી વારંવાર વિપરીત કરી નાખે છે. 'અમુક શ્રાવિકા ઘરેથી બીમાર આદિ માટે પથ્ય વગેરે તું લઈ આવ !'-એમ અમારાથી કહેવાયેલ છતાં આ દુષ્ટ શિષ્ટ જવાબ આપે છે કે-'તે શ્રાવિકા મને પિછાનતી નથી, જેથી તે મને પથ્ય આદિ આપશે નહિ અથવા હું માનું છું કે-કદાચ ઘરમાંથી નીકળીને બીજે ઠેકાણે ગઈ હશે, માટે આ કામમાં બીજાને મોકલો ! શું હું જ એકલો સાધુ છું ?' વગેરે બોલે છે. કોઈ કાર્ય માટે મોકલેલ હોય અને 'તે કાર્ય કેમ નથી કર્યું ?'-એમ પૂછવામાં આવે, તો તેઓ અપલાપ કરતાં બોલે છે કે-'ક્યારે અમને કહ્યું હતું ? અથવા અમે તો તે શ્રાવિકાને ત્યાં ગયા પણ તેને જોઈજ નહિ.' તે કુશિષ્યો ચારેય બાજુ બધે ભટક્યા કરે છે અને અમારી પાસે રહેતા નથી. 'જો રહીશું તો કદાચ આમનું કામ કરવું પડશે.'-એમ માની તેઓ કામ નહિ કરવા ખાતર ફર્યા કરે છે. કોઈ કરવા માટે જો પ્રવર્તાવ્યા, તો

રાજાની વેઠની માફક માની મ્હોં ઉપર ભવાં ચઢાવે છે. વળી અમારી પાસેથી સૂત્રના પાઠ અને અર્થ પામેલા પાસે રાખ્યા. દીક્ષિત બનાવ્યા અને ભક્તપાનથી પોષ્યા તો પણ તે કુશિષ્યો પાંખ જેઓને ઉત્તમ થઈ છે એવા હંસો જેમ દરેક દિશામાં ઉડી જાય છે,તેમ સ્વચ્છંદવિહારીઓ બની યથેષ્ટ રીતિએ બધે ફરે છે. (૯ થી ૧૪-૧૦૪૬ થી ૧૦૫૧)

**अह सारही विचिंतेई, खलुंकेहिं समागओ ।**
**किं मज्झ दुट्ठसीसेहिं, अप्पा मे अवसीअइ ॥ १५ ॥**

**जारिसा मम सीसा उ, तारिसा गलिगद्दहा ।**
**गलिगद्दहे चइत्ताणं दढं पगिण्हई तवं ॥ १६ ॥ युग्मम् ॥**

**अथ सारथिर्विचिन्तयति, खलुङ्कैः समागतः ।**
**किं मम दुष्टशिष्यैः, आत्मा ममाऽवसीदति ॥ १५ ॥**

**यादृशाः मम शिष्यास्तु, तादृशा गलिगर्द्दभाः ।**
**गलिगर्द्दभान् त्यक्त्वा दृढं प्रगृह्णाति तपः ॥ १६ ॥ युग्मम् ॥**

**અર્થ** – હવે પૂર્વોક્ત ચિંતન બાદ અસમાધિ અને ખેદ પામેલા ધર્મયાનના સારથી ગર્ગાચાર્ય વિશિષ્ટ ચિંતન કરે છે કે-'આ કુશિષ્યોની સાથે સંબંધવાળો છું અને તેમનાથી કોઈ મારું કાર્ય સિદ્ધ થતું નથી, ઉલટો મારો આત્મા પ્રેરિત કરાયેલા કુશિષ્યોથી અસમાધિ-ખેદને પામે છે. જેવા ગળીયા બળદ કે ગધેડા છે તેવા આ કુશિષ્યો છે. આ લોકોની અત્યંત પ્રેરણામાં કાળ પૂરો થાય છે, લાભ થતો નથી, ઉલટો તોટો થાય છે. આથી ગલિગર્દભ સરખા દુષ્ટ શિષ્યોનો ત્યાગ કરી ગર્ગાચાર્ય દૃઢ અનશન વગેરે તપ ઉત્કૃષ્ટ રીતિએ ગ્રહણ કરે છે. (૧૫+૧૬-૧૦૫૨+૧૦૫૩)

**मिउ मद्दवसंपन्ने, गंभीरे सुसमाहिए ।**
**विहरइ महिं महप्पा, सीईभूएण अप्पणा त्ति बेमि ॥ १७ ॥**

**मृदुः मार्द्दवसम्पन्नो, गम्भीरो सुसमाहितः ।**
**विहरति महीं महात्मा, शीलीभूतेनात्मना इति ब्रवीमि ॥ १७ ॥**

**અર્થ** – બહારથી વિનીત અને મનથી પણ મૃદુતા-સંપન્ન-વિનીત, ગંભીર, શ્રેષ્ઠ સમાધિવાળા, ચારિત્રભૂત કે સ્વભાવ રૂપ આત્માથી યુક્ત મહાત્મા ગર્ગાચાર્ય પૃથ્વીતલ ઉપર વિહાર કરી રહ્યા છે, એમ હે જંબૂ ! હું કહું છું. (૧૭-૧૦૫૪)

**સત્તાવીશમું શ્રી ખલુંકીયાધ્યયન સંપૂર્ણ.**

# શ્રી મોક્ષમાર્ગગતિ અધ્યયન-૨૮

**मोक्खमग्गगइं तच्चं, सुणेह जिणभासिअं ।**
**चउकारणसंजुत्तं, नाणदंसणलक्खणं ॥ १ ॥**

**मोक्षमर्गगतिं तथ्यां, श्रृणुत जिनभाषिताम् ।**
**चतुष्कारणसंयुक्तां, ज्ञानदर्शनलक्षणाम् ॥ १ ॥**

**અર્થ –** સકલ કર્મના ક્ષય રૂપ મોક્ષના જ્ઞાનાદિ રૂપ માર્ગથી સિદ્ધિગમન રૂપ કહેવાતી સત્ય-શ્રી જિનેશ્વર ભગવાને કહેલી ગતિને સાંભળો ! તેમજ કહેવાતા જ્ઞાનાદિ ચાર કારણોથી સંયુક્ત જેના જ્ઞાન અને દર્શન લક્ષણ છે-એવી મોક્ષમાર્ગ-ગતિને સાંભળો ! (૧-૧૦૫૫)

**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**एस मग्गुत्ति पण्णत्तो जिणेहिं वरदंसिहिं ॥ २ ॥**

**ज्ञानं च दर्शनं चैव, चारित्रं च तपस्तथा ।**
**एष मार्ग इति प्रज्ञप्तो जिनैर्वरदर्शिभिः ॥ २ ॥**

**અર્થ –** જ્ઞાનાવરણીય કર્મ ક્ષય-ક્ષયોપશમથી પ્રગટ થયેલ મતિ વગેરે ભેદવાળું સમ્યગ્જ્ઞાન, દર્શનમોહનીયના ક્ષય-ક્ષયોપશમ-ઉપશમથી પ્રગટ થયેલ શ્રી તીર્થંકર ભગવાને કહેલ જીવાદિ તત્ત્વરૂચિ રૂપ ક્ષાયિક વગેરે ભેદવાળું દર્શન, ચારિત્રમોહના ક્ષય વગેરેથી ઉત્પન્ન સામાયિક વગેરે ભેદવાળું સત્પ્રવૃત્તિ-અસત્ નિવૃત્તિ રૂપ ચારિત્ર, જિનોક્ત બાહ્ય-અભ્યંતર ભેદવાળો તપ. અર્થાત્ સમુદિત જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ રૂપ આ મોક્ષમાર્ગ વરદર્શી શ્રી જિનેશ્વરોએ દર્શાવેલ છે. (૨-૧૦૫૬)

**नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**एअं मग्गमणुपत्ता, जीवा गच्छंति सोग्गइं ॥ ३ ॥**

**ज्ञानं च दर्शनं चैव, चारित्रं च तपस्तथा ।**
**एनं मार्गमनुप्राप्ता, जीवा गच्छन्ति सुगतिम् ॥ ३ ॥**

**અર્થ** – આ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ રૂપ માર્ગનો આશ્રય કરનારા જીવો મુક્તિ રૂપ સુગતિને પામે છે. (૩-૧૦૫૭)

**तत्थ पंचविहं नाणं सुअं आभिनिबोहिअं ।**
**ओहिनाणं च तइअं, मणनाणं च केवलं ॥ ४ ॥**

**तत्र पञ्चविधं ज्ञानं, श्रुतं आभिनिबोधिकम् ।**
**अवधिज्ञानं च तृतीयं, मनः ( पर्याय ) ज्ञानं च केवलम् ॥ ४ ॥**

**અર્થ** – તે જ્ઞાનાદિમાં પાંચ પ્રકારનું જ્ઞાન છે. તે આ પ્રમાણે- (૧) શ્રુતજ્ઞાન, (૨) મતિજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવલજ્ઞાન. જો કે શ્રી નંદીસૂત્ર વગેરેમાં મતિ પછી શ્રુત કહેલું છે, તો પણ અહીં શેષ જ્ઞાનોનું પણ સ્વરૂપ પ્રાયઃ શ્રુતને આધીન છે. એથી શ્રુતની પ્રધાનતા દર્શાવવા માટે શ્રુતને પ્રથમ લીધેલું છે. (૪-૧૦૫૮)

**एअं पंचविहं नाणं, दव्वाण च गुणाण च ।**
**पज्जावाणं च सव्वेसिं, नाणं नाणीहिं देसिअं ॥ ५ ॥**

**एतत्पञ्चविधं ज्ञानं, द्रव्याणां च गुणानां च ।**
**पर्यायाणां च सर्वेषां, ज्ञानं ज्ञानिभिः देशितम् ॥ ५ ॥**

**અર્થ** – આ પાંચ પ્રકારનું જ્ઞાન, જીવ વગેરે દ્રવ્યોને, સહજ રૂપાદિ ગુણોને અને ક્રમજન્ય નવત્વ-પુરાણત્વાદિ પર્યાયોને, દ્રવ્ય-ગુણ-અવસ્થા વિશેષ રૂપ સર્વને (કેવલજ્ઞાનની અપેક્ષાએ અહીં સર્વ શબ્દ સમજવો, કેમ કે- શેષ જ્ઞાનો પ્રતિનિયત પર્યાયગ્રાહક છે.) અર્થાત્ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણનારૂં જ્ઞાન છે-એમ કેવલી ભગવંતોએ કહેલ છે. (૫-૧૦૫૯)

**गुणाणमासओ दव्वं, एगदव्वस्सिआ गुणा ।**
**लक्खणं पज्जावाणं तु, उभओ अस्सिआ भवे ॥ ६ ॥**

**गुणानामाश्रयो द्रव्यं, एकद्रव्याश्रिता गुणाः ।**
**लक्षणं पर्यवाणां तु, उभयोराश्रिताः भवेयुः ॥ ६ ॥**

**અર્થ** – જે ગુણોનો આધાર તે 'દ્રવ્ય' કહેવાય છે. આ કથનથી 'રૂપ વગેરે જ વસ્તુ છે,' રૂપ વગેરે સિવાય વસ્તુ નથી,-આવા બૌદ્ધમતનું ખંડન થાય છે. જે એક દ્રવ્ય રૂપ આધારમાં રહેલા હોય, તે 'ગુણ' કહેવાય છે. આ કથન દ્વારા જેઓ માત્ર દ્રવ્યને જ માને છે. તેના સિવાય રૂપ વગેરેને નથી માનતા, તેઓના મતનું ખંડન થાય છે. જે દ્રવ્ય અને ગુણમાં-બંનેમાં રહેલા હોય, તે 'પર્યાય' કહેવાય છે. (૬-૧૦૬૦)

**धम्मो अहम्मो आगासं, कालो पोग्गल जंतवो ।**
**एस लोगुत्ति पण्णत्तो, जिणेहिं वरदंसिहिं ॥ ७ ॥**

**धर्मोऽधर्मः आकाशं कालपुद्गलजन्तवः ।**
**एष लोक इति प्रज्ञप्तो, जिनैर्वरदर्शिभिः ॥ ७ ॥**

**અર્થ** – (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) સમયાદિ આત્મક અદ્ધા-કાલ, (૫) પુદ્ગલાસ્તિકાય અને (૬) જીવાસ્તિકાય-એમ છ દ્રવ્યો જાણવાં. પૂર્વોક્ત દ્રવ્યસમુદાય રૂપ લોક, વરદર્શી શ્રી જિનેશ્વરોએ બતલાવેલ છે. (૭-૧૦૬૧)

**धम्मो अहम्मो आगासं, दव्वं इक्किक्कमाहिअं ।**
**अणंताणि अ दव्वाणि, कालो पुग्गलजन्तवो ॥ ८ ॥**

**धर्मोऽधर्मः आकाशं, द्रव्यमेकैकमाख्यातम् ।**
**अनन्तानि च द्रव्याणि, कालः पुद्गलजन्तवः ॥ ८ ॥**

**અર્થ** – (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય-આ ત્રણ દ્રવ્યો એકેક છે-એકત્વ વિશિષ્ટ સંખ્યાવાળાં છે; તેમજ (૧) પુદ્ગલાસ્તિકાય, (૨) જીવાસ્તિકાય, (૩) કાલ-આ ત્રણ દ્રવ્યો અનંતાનંત છે, અનંતત્વ વિશિષ્ટ સંખ્યાવાળાં છે-એમ શ્રી જિનેશ્વરોએ કહ્યું છે. કાલની અનંતતા અતીત-ભવિષ્યની અપેક્ષાએ સમજવી. (૮-૧૦૬૨)

**गइलक्खणो उ धम्मो, अहम्मो ठाणलक्खणो ।**
**भायणं सव्वदव्वाणं, नहं ओगाहलक्खणं ॥ ९ ॥**

**गतिलक्षणस्तु धर्मः, अधर्मस्स्थानलक्षणः ।**
**भाजनं सर्वद्रव्याणां, नभोऽवगाहलक्षणम् ॥ ९ ॥**

**અર્થ** – પોતે જ ગમનના તરફ પ્રવૃત્તિવાળા બનેલા જીવો અને પુદ્ગલોની દેશાન્તર પ્રાપ્તિ રૂપ ગતિમાં સહાય કરનાર 'ધર્માસ્તિકાય' દ્રવ્ય છે, સ્થિતિમાં પરિણત જીવ અને પુદ્ગલોની સ્થિતિ ક્રિયામાં ઉપકારી દ્રવ્ય 'અધર્માસ્તિકાય' દ્રવ્ય છે અને સર્વ દ્રવ્યોના આધાર રૂપ આકાશ, અવકાશ લક્ષણવાળું છે યાને અવગાહવા પ્રવૃત્તિવાળા બનેલ જીવાદિને જગ્યા-અવકાશ આપનાર 'આકાશાસ્તિકાય' દ્રવ્ય છે. (૯-૧૦૬૩)

**वत्तणालक्खणो कालो, जीवो उवओगलक्खणो ।**
**नाणेण दंसणेण च, सुहेण य दुहेण य ॥ १० ॥**

**वर्त्तनालक्षणो कालो, जीवो उपयोगलक्षणः ।**
**ज्ञानेन दर्शनेन च, सुखेन च दुःखेन च ॥ १० ॥**

**અર્થ –** તે તે રૂપે વર્તે-થાય તે ભાવો કહેવાય છે. તે ભાવોના પ્રતિ પ્રયોજકત્વ રૂપ વર્તના લક્ષણવાળો 'કાલ' કહેવાય છે. વૃક્ષ વગેરેના પુષ્પોના ઉદ્‌ભેદ આદિના નિયમમાં હેતુ 'કાલ' છે. મતિજ્ઞાન વગેરે રૂપ ઉપયોગ રૂપી લક્ષણવાળો 'જીવ' કહેવાય છે. અર્થાત્‌ વિશેષગ્રાહી જ્ઞાન વડે, સામાન્ય વિષયવાળા દર્શન વડે, સુખ વડે અને દુઃખ વડે 'જીવ' લક્ષિત થાય છે-ઓળખાય છે. (૧૦-૧૦૬૪)

**नाणं च दंसणं चेव, चरित्तं त तवो तहा ।**
**वीरिअं उवओगो अ, एअं जीवस्स लक्खणं ॥ ११ ॥**

**ज्ञानं च दर्शनं चैव, चारित्रं च तपस्तथा ।**
**वीर्यमुपयोगश्चैतज्जीवस्य लक्षणम् ॥ ११ ॥**

**અર્થ –** વળી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ-આ લક્ષણો જીવ સિવાય બીજામાં રહેતાં નથી અર્થાત્‌ જીવ માત્રમાં રહે છે, માટે આ લક્ષણોથી જીવનો નિશ્ચય થાય છે. (૧૧-૧૦૬૫)

**सद्दंधयार उज्जोओ, पहा छायाऽऽतवेइ वा ।**
**वण्णरसगंधफासा, पुग्गलाणं तु लक्खणं ॥ १२ ॥**

**शब्दोऽन्धकारः उद्योतः, प्रभा छायाऽऽतप इति वा ।**
**वर्णरसगन्धस्पर्शाः, पुद्गलानां तु लक्षणम् ॥ १२ ॥**

**અર્થ –** ધ્વનિ (શબ્દ), અંધકાર, રત્ન વગેરેના પ્રકાશ રૂપ ઉદ્યોત, ચંદ્ર વગેરેની કાન્તિ રૂપ પ્રભા, શીતલતા ગુણવાળી છાયા, સૂર્યબિંબજન્ય ઉષ્ણ પ્રકાશ રૂપ આતપ (તડકો), કૃષ્ણ વગેરે વર્ણ, તીખો વગેરે રસ,સુગંધ વગેરે ગંધ અને શીત વગેરે સ્પર્શ-આ બધા સ્કંધાદિ પુદ્‌ગલોનું લક્ષણ (અસાધારણ ધર્મ) છે. (૧૨-૧૦૬૬)

**एगत्तं च पुहत्तं च, संखा संठाणमेव य ।**
**संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं ॥ १३ ॥**

**एकत्वं च पृथक्त्वं च, संख्या संस्थानमेव च ।**
**संयोगाश्च विभागाश्च, पर्यवाणां तु लक्षणम् ॥ १३ ॥**

**અર્થ –** એકત્વ=ભિન્ન હોવા છતાં પણ પરમાણુ વગેરેમાં 'જે આ એક ઘટ આદિ છે'-આવી પ્રતીતિમાં કારણભૂત તે 'એકત્વ' કહેવાય છે.

પૃથક્ત્વ='આ આનાથી પૃથક્-ભિન્ન છે'-આ પ્રતીતિમાં નિમિત્ત તે 'પૃથક્ત્વ' કહેવાય છે. સંખ્યા=એક-બે-ત્રણ આદિ રૂપ પ્રતીતિમાં કારણ તે 'સંખ્યા' કહેવાય છે. સંસ્થાન=આ પરિમંડલ (ગોળ આકૃતિવાળો) છે. ઇત્યાદિ બુદ્ધિના કારણભૂત 'સંસ્થાન' કહેવાય છે. સંયોગ='આ બે આંગળીનો સંયોગ' ઇત્યાદિ વ્યવહારના હેતુભૂત તે 'સંયોગ' કહેવાય છે. વિભાગ='આ આનાથી વિભક્ત છે'-આવી મતિના હેતુભૂત 'વિભાગ' કહેવાય છે. તથા નવ-પુરાણત્વ વગેરે પર્યાયોના લક્ષણો સમજવા. (૧૩-૧૦૬૭)

**जीवाऽजीवा य बंधो अ, पुण्णं पावासवो तहा ।**
**संवरो निज्जरा मोक्खो, संतेए तहिआ नव ॥ १४ ॥**

**जीवाऽजीवाश्च, बन्धश्च पुण्यं पापाश्रवस्तथा ।**
**संवरो निर्जरा मोक्षः, सन्त्येते तथ्या नव ॥ १४ ॥**

**અર્થ –** જીવ, ધર્માસ્તિકાયાદિ અજીવ, જીવ-કર્મના સંશ્લેષ રૂપ બંધ, શુભ પ્રકૃતિ રૂપ શાતા વગેરે રૂપ પુણ્ય, અશુભ પ્રકૃતિ રૂપ મિથ્યાત્વાદિ રૂપ પાપ, કર્મના ગ્રહણમાં હેતુ રૂપ હિંસાદિ રૂપ આશ્રવ, મહાવ્રત આદિથી આશ્રવનિરોધ રૂપ સંવર, વિપાકથી કે તપથી કર્મના નાશ રૂપ નિર્જરા, સકલ કર્મક્ષય રૂપ મોક્ષ-એમ આ નવ ભાવો સત્ય-તત્ત્વ રૂપ છે. અર્થાત્ આ નવ તત્ત્વો કહેવાય છે. (૧૪-૧૦૬૮)

**तहिआणं तु भावाणं, सब्भावे उवएसणं ।**
**भावेण सद्दहंतस्स, संमत्तं ति विआहिअं ॥ १५ ॥**

**तथ्यानां तु भावानां, सद्भावे उपदेशनम् ।**
**भावेन श्रद्दधतः, सम्यक्त्वं इति व्याख्यातम् ॥ १५ ॥**

**અર્થ –** આ જીવાદિ નવ તત્ત્વોને સત્ય રૂપે સત્ છે-એમ કહેનાર, ગુરૂ વગેરેના ઉપદેશને અંતઃકરણથી તહત્તિ કરી સ્વીકારનાર પ્રાણીને, સમ્યક્ત્વમોહનીય ક્ષય વગેરેથી જન્ય આત્મપરિણામ રૂપ સમકિત અર્થાત્ જીવાદિ પદાર્થની શ્રદ્ધા રૂપ સમકિત હોય છે, એમ શ્રી જિનેશ્વરોએ કહ્યું છે. (૧૫-૧૦૬૯)

**निस्सग्गुवएसरुई, आणारुइ सुत्त-बीअरुइमेव ।**
**अभिगमवित्थाररुइ, किरिआसंखेवधम्मरुइ ॥ १६ ॥**

**निसर्गोपदेशरुचिराज्ञारुचिस्सूत्रबीजरुचिरेव ।**
**अभिगमविस्ताररुचिः क्रियासंक्षेपधर्मरुचिः ॥ १६ ॥**

**અર્થ – નિસર્ગરૂચિ** = સ્વભાવથી તત્ત્વાભિલાષ રૂપ રૂચિવાળું સમ્યક્ત્વ, **ઉપદેશરૂચિ** = ગુરૂ વગેરેના કથન રૂપ ઉપદેશજન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, **આજ્ઞારૂચિ** = સર્વવચન રૂપ આજ્ઞાથી જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, **સૂત્રરૂચિ** = આગમ રૂપ સૂત્રથી જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, **બીજરૂચિ** = એક પણ વચન અનેક અર્થના પ્રબોધોત્પાદક વચન રૂપ બીજથી જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, **અભિગમરૂચિ** = વિજ્ઞાન રૂપ અભિગમથી જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, **વિસ્તારરૂચિ** = વિસ્તારથી જન્ય રૂચિવાળું સમ્યક્ત્વ, **ક્રિયારૂચિ** = અનુષ્ઠાન રૂપ ક્રિયામાં રૂચિવાળું સમ્યક્ત્વ, **સંક્ષેપરૂચિ** = સંગ્રહ રૂપ સંક્ષેપમાં રૂચિવાળું સમ્યક્ત્વ તથા **ધર્મરૂચિ** = શ્રુતધર્માદિ રૂપ ધર્મમાં રૂચિવાળું સમ્યક્ત્વ. (૧૬-૧૦૭૦)

**भूअत्थेणाहिगया, जीवाऽजीवा य पुण्ण पावं च ।**
**सहसंमुइआसवसंवरो य, रोएइ उ निसग्गो ॥ १७ ॥**

**भूतार्थत्वेनाधिगताः जीवाऽजीवाश्च पुण्यपापं च ।**
**सहसंमत्याऽऽश्रवसंवरौ च, रोचते तु निसर्गः ॥ १७ ॥**

**અર્થ** – નિસર્ગરૂચિ = જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ રૂપ નવ તત્ત્વોને અર્થાત્ પરોપદેશનિરપેક્ષ-જાતિસ્મરણ વગેરે રૂપ બુદ્ધિથી 'આ પદાર્થો સત્ય છે'-આવા નિર્ણયથી જાણેલા નવ તત્ત્વોને જે સદ્દહે છે, તે નિસર્ગરૂચિ રૂપ સમ્યક્ત્વવાળો કહેવાય છે. (૧૭-૧૦૭૧)

**जो जिणदिट्ठे भावे, चउव्विहे सद्दहाइ सयमेव ।**
**एमेव नन्नहत्ति अ, निसग्गरुइत्ति नायव्वो ॥ १८ ॥**

**यो जिनदृष्टान्भावांश्चतुर्विधान्, श्रद्दधाति स्वयमेव ।**
**एवमेव नान्यथेति च, निसर्गरुचिरिति ज्ञातव्यः ॥ १८ ॥**

**અર્થ** – દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ રૂપ ભેદોથી અથવા નામ વગેરે ભેદોથી ચાર પ્રકારના શ્રી જિનેશ્વરોએ જોયેલા પદાર્થોને સ્વયમેવ-બીજાના ઉપદેશ વગર જે 'જે પ્રકારે શ્રી જિનેશ્વરોએ જોયેલ જીવાદિ છે, તે એમજ છે-અન્યથા નહિ,'- આવી રીતિએ શ્રદ્ધા કરે છે, તે આત્મા 'નિસર્ગરૂચિ' કહેવાય છે. (૧૮-૧૦૭૨)

**एए चेव उ भावे, उवइट्ठे जो परेण सद्दहाई ।**
**छउमत्थेण जिणेण व, उवएसरुइत्ति नायव्वो ॥ १९ ॥**

**एतांश्चैव तु भावानुपदिष्टान् यः परेण श्रद्दधाति ।**
**छद्मस्थेन जिनेन वा, उपदेशरुचिरिति ज्ञातव्यः ॥ १९ ॥**

**અર્થ –** ઉપદેશરૂચિ=છદ્મસ્થ કે જિન રૂપ પરથી ઉપદેશેલ પૂર્વોક્ત જીવાદિ પદાર્થોની જે શ્રદ્ધા કરે છે, તે 'ઉપદેશરૂચિ' જાણવો. (૧૯-૧૦૭૩)

**रागो दोसो मोहो, अण्णाणं जस्स अवगयं होइ ।**
**आणाए रोअंतो, सो खलु आणारुइ नाम ॥ २० ॥**

**रागो द्वेषो मोहोऽज्ञानं, यस्यापगतं भवति ।**
**आज्ञया रोचमानः, स खलु आज्ञारुचिर्नाम ॥ २० ॥**

**અર્થ –** આજ્ઞારૂચિ=જેના રાગ, દ્વેષ, મોહ અને અજ્ઞાન સર્વથા નષ્ટ થયા છે, એવા સર્વજ્ઞના વચન રૂપ આજ્ઞા (અથવા અંશતઃ રાગાદિ દોષ વગરના આચાર્ય વગેરેની આજ્ઞા)થી જ ક્યાંય કદાગ્રહ નહિ હોવાથી, માષતુષ મુનિ વગેરેની માફક 'જીવાદિ તત્ત્વો સત્ય છે'-આવી રૂચિવાળો આત્મા 'આજ્ઞારૂચિ' કહેવાય છે. (૨૦-૧૦૭૪)

**जो सुत्तमहिज्जंतो, सुएण ओगाहई उ सम्मत्तं ।**
**अंगेण बाहिरेण व, सो सुत्तरुइत्ति नायव्वो ॥ २१ ॥**

**यस्सूत्रमधीयानः, श्रुतेनावगाहते तु सम्यक्त्वम् ।**
**अङ्गेन बाह्येन च, स सूत्ररुचिरिति ज्ञातव्यः ॥ २१ ॥**

**અર્થ –** સૂત્રરૂચિ=જે સૂત્રને ભણતો, ભણાતા આચારાંગ આદિ અંગથી કે અનંગ પ્રવિષ્ટ રૂપ બાહ્ય ઉત્તરાધ્યયન વગેરે શ્રુત-શાસ્ત્રથી ગોવિંદવાચકની માફક સમ્યક્ત્વ પામે છે, તે સૂત્રરૂચિ' જાણવો. (૨૧-૧૦૭૫)

**एगेण अणेगाइं, पयाइं जो पसरई उ सम्मत्तं ।**
**उदयव्व तिल्लबिंदु, सो बीअरुइत्ति नायव्वो ॥ २२ ॥**

**एकेनानेकेषु पदेषु, यः प्रसरति तु सम्यक्त्वम् ।**
**उदक इव तैलबिन्दुः, स बीजरुचिरिति ज्ञातव्यः ॥ २२ ॥**

**અર્થ –** બીજરૂચિ=એક જીવાદિ પદથી અનેક અજીવાદિ પદોમાં જે શ્રદ્ધાને ફેલાવે છે; અર્થાત્ જેમ તેલનું બિંદુ પાણીના એક ભાગમાં રહેલું હોવા છતાં સકલ પાણીમાં વ્યાપ્ત થાય છે, તેમ એક દેશમાં ઉત્પન્ન રૂચિવાળો જીવ તથાવિધ ક્ષયોપશમથી સકલ તત્ત્વોમાં રૂચિવાળો થાય છે. આવા પ્રકારનો તે જીવ 'બીજરૂચિ' જાણવો. (૨૨-૧૦૭૬)

**सो होई अभिगमरुई, सुअनाणं जेण अत्थओ दिट्ठं ।**
**एक्कारस अंगाइं, पईण्णगं दिट्ठिवाओ अ ॥ २३ ॥**

**स भवत्यभिगमरुचिः, श्रुतज्ञानं येनार्थतो दृष्टम् ।**
**एकादशाङ्गानि, प्रकीर्णकं दृष्टिवादश्च ॥ २३ ॥**

**અર્થ** – અભિગમરૂચિ=જે અર્થની અપેક્ષાએ અગિયાર અંગ રૂપ, ઉત્તરાધ્યયન વગેરે પ્રકીર્ણક રૂપ, દષ્ટિવાદ નામના બારમા અંગ રૂપ અને ઉપપાતિક આદિ ઉપાંગ રૂપ શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરે છે, તે આત્મા 'અભિગમરૂચિ' જાણવો. (૨૩-૧૦૭૭)

**दव्वाणं सव्वभावा, सव्वपमाणेहिं जस्स उवलद्धा ।**
**सव्वाहिं नयविहिहि अ, वित्थाररुइत्ति नायव्वो ॥ २४ ॥**

**द्रव्याणां सर्वभावाः, सर्वप्रमाणैर्यस्योपलब्धाः ।**
**सर्वैर्नयविधिभिश्च, विस्ताररुचिरिति ज्ञातव्यः ॥ २४ ॥**

**અર્થ** – વિસ્તારરૂચિ=જેણે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોના એકત્વ-પૃથક્ત્વ આદિ સકલ પર્યાય રૂપ સર્વ ભાવો, પ્રત્યક્ષ વગેરે સર્વ પ્રમાણોથી અને નૈગમ વગેરે નયભેદ રૂપ સર્વ નયવિધિઓથી જાણ્યા છે, તે આત્મા 'વિસ્તારરૂચિ' જાણવો. (૨૪-૧૦૭૮)

**दंसणनाणचरित्ते, तवविणए सच्चसमिइगुत्तीसु ।**
**जो किरिआ भावरुई, सो खलु किरियारुइ नाम ॥ २५ ॥**

**दर्शनज्ञानचारित्रे, तपोविनये सत्यसमितिगुप्तिषु ।**
**यो क्रियाभावरुचिः, स खलु क्रियारुचिर्नाम ॥ २५ ॥**

**અર્થ** – ક્રિયારૂચિ=જે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં, તપ અને વિનયમાં તથા સત્ય એવી સમિતિઓ અને ગુપ્તિઓમાં ક્રિયાભાવ રૂચિવાળો અર્થાત્ દર્શનાદિ આચાર અનુષ્ઠાનમાં જે આત્માની ભાવથી રૂચિ છે, તે આત્મા 'ક્રિયારૂચિ' જાણવો. (૨૫-૧૦૭૯)

**अणभिग्गहिअकुदिट्ठि संखेवरुइत्ति होइ नायव्वो ।**
**अविसारओ पवअणे, अणभिग्गहिओ अ सेसेसु ॥ २६ ॥**

**अनभिग्रहितकुदृष्टिः, संक्षेपरुचिरिति भवति ज्ञातव्यः ।**
**अविशारदः प्रवचने, अनभिगृहीतश्च शेषेषु ॥ २६ ॥**

**અર્થ** – સંક્ષેપરૂચિ=જેણે સૌગત વગેરે મત રૂપ કુદષ્ટિનો સ્વીકાર કર્યો નથી, તે 'સંક્ષેપરૂચિ' જાણવો. અર્થાત્ શ્રી જિનમતપ્રવચનમાં અકુશલ, કપિલ વગેરે રચિત પ્રવચનોમાં અનભિજ્ઞ, ચિલાતીપુત્રની માફક જે ત્રણ પદમાંથી તત્ત્વની શ્રદ્ધા કરે છે, તે 'સંક્ષેપરૂચિ' કહેવાય છે. (૨૬-૧૦૮૦)

**जो अत्थिकायधम्मं, सुअधम्मं खलु चरित्तधम्मं च ।**
**सद्दहइ जिणाभिहिअं, सो धम्मरुइत्ति नायव्वो ॥ २७ ॥**

**योऽस्तिकायधर्मं, श्रुतधर्मं खलु चारित्रधर्मं च ।**
**श्रद्दधाति जिनाभिहितं, स धर्मरुचिरिति ज्ञातव्यः ॥ २७ ॥**

**અર્થ –** ધર્મરૂચિ=જે ધર્માસ્તિકાય આદિ અસ્તિકાયોનો, ગતિ સહાય વગેરે ધર્મને, આગમ રૂપ શ્રુતધર્મન તથા સામાયિક વગેરે ભેદવાળા ચારિત્રધર્મને સદહે છે અર્થાત્ પૂર્વોક્ત ધર્મની શ્રદ્ધા કરે છે, તે 'ધર્મરૂચિ' જાણવો. (૨૭-૧૦૮૧)

**परमत्थसंथवो वा, सुदिट्ठपरमत्थसेवणा वावि ।**
**वावण्णकुदंसणवज्जणा य, सम्मत्तसद्दहणा ॥ २८ ॥**

**परमार्थसंस्तवो या, सुदृष्टपरमार्थसेवनं वाऽपि ।**
**व्यापन्नकुदर्शनवर्जनं च, सम्यक्त्वश्रद्धानम् ॥ २८ ॥**

**અર્થ –** તાત્ત્વિક જીવાદિ પદાર્થોના સ્વરૂપના વારંવાર ચિંતનથી કરેલ પરિચય રૂપ પરમાર્થ સંસ્તવ, પરમાર્થજ્ઞાતા આચાર્ય આદિની યથાશક્તિ વૈયાવચ્ચ કરવા રૂપ સુદષ્ટ પરમાર્થસેવા, વિનષ્ટ દર્શનવાળા નિહ્નવોનો અને કુદર્શની-બૌદ્ધ વગેરેનો ત્યાગ, જેના દ્વારા સમ્યક્ત્વનો નિશ્ચય થાય છે, તે ચાર સમ્યક્ત્વશ્રદ્ધાન રૂપ લિંગો છે. (૨૮-૧૦૮૨)

**नत्थि चरित्तं सम्मत्त-विहूणं, दंसणे उ भइअव्वं ।**
**सम्मत्तचरित्ताइं, जुगवं पुव्वं व सम्मत्तं ॥ २९ ॥**

**नादंसणिस्स नाणं, नाणेण विणा न होन्ति चरणगुणा ।**
**अगुणिस्सनत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥ ३० ॥ युग्मम् ॥**

**नास्ति चारित्रं सम्यक्त्वविहीनं, दर्शने तु भक्तव्यम् ।**
**सम्यक्त्वचारित्रे, युगपत्पूर्वं वा सम्यक्त्वम् ॥ २९ ॥**

**नाऽदर्शनिनो ज्ञानं, ज्ञानेन विना न भवन्ति चरणगुणाः ।**
**अगुणिनो नास्ति मोक्षः, नास्त्यमुक्तस्य निर्वाणम् ॥ ३० ॥ युग्मम् ॥**

**અર્થ –** જ્યાં સુધી સમ્યક્ત્વપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ભાવચારિત્ર નથી, પરંતુ સમ્યક્ત્વ હોય તો ભાવચારિત્રની ભજના (વિકલ્પ) જાણવી. સમ્યક્ત્વ અને ચારિત્ર-બંને એકી સાથે પેદા થાય છે અથવા ચારિત્રની ઉત્પત્તિ પહેલાં સમ્યક્ત્વ પેદા થાય છે. જ્યારે એકી સાથે બંનેની ઉત્પત્તિ થાય, ત્યારે

સમ્યક્ત્વ અને ચારિત્રનો સહભાવ સમજવો. જ્યારે પહેલાં સમ્યક્ત્વ થાય, ત્યારે ત્યાં ચારિત્રની ભજના સમજવી. વળી સમ્યક્ત્વરહિતને સમ્યગ્જ્ઞાન નથી. જ્ઞાન વગરના ચારિત્રગુણો નથી હોતા, (અહીં ચરણ એટલે વ્રત વગેરે અને ગુણો એટલે પિંડવિશુદ્ધિ વગેરે સમજવું.) પૂર્વોક્ત ચરણગુણરહિતને સકલ કર્મક્ષય રૂપ મોક્ષ નથી. જે કર્મથી મુક્ત નથી, તેને નિર્વાણપદની પ્રાપ્તિ નથી. (૨૯+૩૦-૧૦૮૩-૧૦૮૪)

**निस्संकिय निक्कंखिय निव्वितिगिच्छा अमूढदिट्ठि अ ।**
**उववूह-थिरीकरणे, वच्छल्ल-पभावणे अट्ठ ॥ ३१ ॥**

**निःशङ्कितं निष्काङ्क्षितं, निर्विचिकित्समूढदृष्टिश्च ।**
**उपबृंहास्थिरीकरणे, वात्सल्यप्रभावने अष्ट ॥ ३१ ॥**

**અર્થ –** દેશ અને સર્વશંકા રૂપ શંકિતનો અભાવ તે નિઃશંકિત આચાર, બીજા બીજા ધર્મોની અભિલાષા રૂપ કાંક્ષિતનો અભાવ તે નિષ્કાંક્ષિત આચાર, ફલ પ્રતિ સંદેહ રૂપ વિચિકિત્સાનો અથવા જ્ઞાનવંત સાધુઓની નિંદા રૂપ જુગુપ્સાનો અભાવ તે નિર્વિજુગુપ્સ આચાર, ઋદ્ધિમાન કૂતીર્થિકોના દર્શનમાં પણ અમારું દર્શન નિંદ્ય છે-આવા મોહથી શૂન્ય એવી જે બુદ્ધિ રૂપ દૃષ્ટિ તે અમૂઢદૃષ્ટિ આચાર, દર્શન વગેર ગુણવંતોની પ્રશંસાથી તે તે ગુણોના પરિવર્ધન રૂપ ઉપબૃંહા આચાર, સ્વીકારેલા ધર્મના અનુષ્ઠાન પ્રતિ સીદાતા જનોની સ્થિરતાના સંપાદન રૂપ સ્થિરીકરણાચાર, ધાર્મિક જનની ઉચિત સેવા કરવા રૂપ વાત્સલ્યાચાર અને સ્વતીર્થની ઉન્નતિની ક્રિયાઓમાં પ્રવૃત્તિ તે પ્રભાવના,- આ આઠ દર્શનાચારો હોય છે. (૩૧-૧૦૮૫)

**सामाइअत्थ पढमं, छेओवट्ठावणं भवे बीअं ।**
**परिहारविसुद्धीअं, सुहुमं तह संपरायं च ॥ ३२ ॥**

**अकसाय-अहक्खायं, छउमत्थस्स जिणस्स वा ।**
**एअं चयरित्तकरं, चारित्तं होइ अहिअं ॥ ३३ ॥ युग्मम् ॥**

**सामायिकं प्रथमं, छेदोपस्थापनं भवेत् द्वितीयम् ।**
**परिहाराविशुद्धिकं, सूक्ष्मं तथा संपरायं च ॥ ३२ ॥**

**अकषायं यथाख्यातं, छद्मस्थस्य जिनस्य वा ।**
**एतच्चयरिक्तकरं, चारित्रं भवत्याख्यातम् ॥ ३३ ॥ युग्मम् ॥**

**અર્થ –** સર્વ સાવદ્ય યોગના પરિહાર રૂપ સામાયિક નામક પ્રથમ ચારિત્ર, છેદોપસ્થાપના (વડી દીક્ષા) નામક બીજું ચારિત્ર, પરિહારવિશુદ્ધિ

નામક ત્રીજું ચારિત્ર, સૂક્ષ્મસંપરાય નામક ચોથું ચારિત્ર અને કષાયના ઉદય વગરનું ક્ષપિત ઉપશમિત કષાયની અવસ્થામાં થનારું યથાખ્યાત નામક પાંચમું ચારિત્ર, ઉપશાન્તમોહ-ક્ષીણમોહ ગુણસ્થાન દ્વયવર્તી છદ્મસ્થને અથવા સયોગી-અયોગી ગુણસ્થાન દ્વયસ્થાયી કેવલી-જિનને હોય છે. આ પૂર્વોક્ત પાંચ ભેદોવાળું ચારિત્ર એટલે ચય-કર્મરાશિ, રિક્ત-અભાવ અર્થાત્ કર્મરાશિના અભાવના હેતુભૂત ચારિત્ર, શ્રી જિન આદિ મહાપુરુષપુંગવોએ કહેલ છે. (૩૨+૩૩-૧૦૮૬+૧૦૮૭)

**तवो अ दुविहो वुत्तो, बाहिरब्भिंतरो तहा ।**
**बाहिरो छव्विहो वुत्तो, एवमब्भिंतरो तवो ॥ ३४ ॥**

**तपश्च द्विविधमुक्तं, बाह्यमाभ्यन्तरं तथा ।**
**बाह्यं षड्विधमुक्तमेवमभ्यन्तरं तपः ॥ ३४ ॥**

**અર્થ** – તપ, બાહ્ય-અભ્યંતર રૂપે બે પ્રકારનો કહેલો છે. બાહ્ય તપ છ પ્રકારનો અને અભ્યંતર તપ છ પ્રકારનો કહેલો છે. (૩૪-૧૦૮૮)

**नाणेण जाणई भावे, दंसणेण सद्दहे ।**
**चरित्तेण न ( च ) गिण्हाइ, तवेण परिसुज्झइ ॥ ३५ ॥**

**ज्ञानेन जानाति भावान्, दर्शनेन श्रद्धत्ते ।**
**चारित्रेण न ( च ) गृह्णाति तपसा परिशुध्यति ॥ ३५ ॥**

**અર્થ** – શ્રુત વગેરે જ્ઞાનથી આત્મા, જીવ વગેરે ભાવોને જાણે છે અને દર્શનથી તેજ ભાવોની શ્રદ્ધા (નિર્ણય) કરે છે, તેમજ આશ્રવદ્વારનિરોધ રૂપ ચારિત્રથી કર્મને ગ્રહણ કરતો નથી, તથા તપથી પૂર્વે ભેગા કરેલ કર્મોનો ક્ષય કરી શુદ્ધ થાય છે. (૩૫-૧૦૮૯)

**खवित्ता पुव्वकम्माइं, संजमेण तवेण य ।**
**सव्वदुक्खपहीणट्ठा, पक्कमंति महेसिणो त्तिबेमि ॥ ३६ ॥**

**क्षपयित्वा पूर्वकर्माणि, संयमेन तपसा च ।**
**सर्वदुःखप्रहीणार्थाः, प्रक्रामन्ति महर्षय इति ब्रवीमि ॥ ३६ ॥**

**અર્થ** – સંયમ અને તપથી પૂર્વકર્મોને ખપાવી, સર્વ દુઃખોથી શૂન્ય એવા મોક્ષની યાચનાવાળા અથવા સર્વ દુઃખો અને કાર્યો જેઓના અત્યંત ક્ષીણ-સમાપ્ત થયા છે, એવા મહર્ષિઓ મુક્તિને વરે છે-પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૩૬-૧૦૯૦)

**અટ્ઠાવીશમું શ્રી મોક્ષમાર્ગગતિ અધ્યયન સંપૂર્ણ.**

# શ્રી સમ્યક્ત્વપરાક્રમાધ્યયન-૨૯

**सुअं मे आउसं ! तेणं भगवया एवमक्खायं, इह खलु सम्मत्तपरक्कमे नामज्झयणे समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइए । जं सम्मं सद्दहित्ता पत्तिआइत्ता रोअइत्ता फासित्ता पालइत्ता तीरइत्ता किट्टइत्ता सोहइत्ता आराहइत्ता आणाए अणुपालइत्ता बहवे जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिणिव्वायंति सव्वदुक्खाणमंतं करेंति ॥ १ ॥**

**श्रुतं मयाऽऽयुष्मन् ! तेन भगवता एवमाख्यातम्-इह खलु सम्यक्त्वपराक्रमं नामाध्ययनं श्रमणेन भगवता महावीरेण काश्यपेन प्रवेदितम् । यं सम्यक् श्रद्धाय प्रतीत्य रोचयित्वा स्पृष्ट्वा पालयित्वा तीरयित्वा कीर्त्तयित्वा शोधयित्वाऽऽराध्याज्ञयाऽनुपाल्य बहवो जीवास्सिद्ध्यन्ति बुध्यन्ते मुच्यन्ते परिनिर्वान्ति सर्वदुःखानामन्तं कुर्वन्ति ॥ १ ॥**

**અર્થ –** શ્રી સુધર્માસ્વામી શ્રી જંબૂસ્વામીને કહે છે કે-હે આયુષ્મન્ ! તે ત્રણ જગતમાં પ્રસિદ્ધ ભગવાન મહાવીરે કહેવાતા પ્રકારથી કહેલું મેં સાંભળેલ છે, તેજ પ્રકારને કહે છે. આ પ્રવચનમાં જો ચોક્કસ સમ્યક્ત્વ હોય, તો જ ઉત્તરોત્તર ગુણના સ્વીકારથી કર્મશત્રુના જયના સામર્થ્ય રૂપ જીવનું પરાક્રમ, જે અધ્યયનમાં વર્ણવાય છે, તે સમ્યક્ત્વપરાક્રમ નામનું અધ્યયન, શ્રમણભગવાન શ્રી મહાવીર કાશ્યપ શ્રી વર્ધમાનસ્વામીજીએ પ્રરૂપેલ જે સમ્યક્ત્વપરાક્રમ નામના અધ્યયનને, અવિપરીતપણે શબ્દ અને અર્થ રૂપે સામાન્યથી આદરીને, વિશેષથી 'આ આ પ્રમાણે જ છે'-એમ નિશ્ચય કરીને, તેના પઠન વગેરેના વિષયની અભિલાષા આત્મામાં પેદા કરીને, સૂત્ર-અર્થના ચિંતન દ્વારા મનથી, વાંચન વગેરે દ્વારા વચનથી, ભંગકરચના વગેરે દ્વારા કાયથી સ્પર્શ કરીને, પરાવર્ત્તન વગેરેથી ચારેય બાજુથી રક્ષીને, અધ્યયન આદિથી પરિસમાપ્ત કરીને, ગુરુને વિનયપૂર્વક 'આ હું આ પ્રમાણે ભણી ગયો' એમ નિવેદન કરી ગુરુની માફક અનુભાષણ આદિથી શુદ્ધ કરીને, ઉત્સૂત્ર-પ્રરૂપણાના પરિહારથી, ઉત્સર્ગ-અપવાદની કુશલતાથી, જાવજ્જીવ સુધી તેના

અર્થની સેવનાથી આરાધીને, ગુરુના નિયોગ રૂપ આજ્ઞાથી સતત પાલન કરી, ઘણા જીવો, અહીં જ આગમસિદ્ધપણાએ સિદ્ધ થાય છે, ઘાતિકર્મના ક્ષયથી કેવલજ્ઞાની થાય છે, અઘાતી ચાર કર્મના ક્ષયથી મુક્ત બને છે, સર્વ કર્મના દાવાનલના ઉપશમથી પરિનિર્વાણપદને પામે છે અને મુક્તિપદની પ્રાપ્તિથી શારીરિક-માનસિક સર્વ દુઃખોનો અંત કરે છે. (૧-૧૦૯૧)

**तस्स णं अइमट्ठे एवमाहिज्जइ तं जहा संवेगे १, निव्वेए २, धम्मसद्धा ३, गुरुसाहम्मियसुस्सूसणया ४, आलोअणया ५, निंदणया ६, गरिहणया ७, सामाइए ८, चउव्वीसत्थए ९, वंदणे १०, पडिक्कमणे ११, काउस्सग्गे १२, पच्चक्खाणे १३, थयथुइमंगले १४, कालपडिलेहणया १५, पायच्छित्त-करणे १६, खमावणया १७, सज्झाए १८, वायणया १९, पडिपुच्छणया २०, परिअट्टणया २१, अणुप्पेहा २२, धम्मकहा २३, सुअस्सआराहणया २४, एगग्गमणसन्निवेसणया २५, संजमे २६, तवे २७, वोदाणे २८, सुहसाए २९, अप्पडिबद्धया ३०, विवित्तसयणासणसेवणया ३१, विणीअट्टणया ३२, संभोगपच्चक्खाणे ३३, उवहिपच्चक्खाणे ३४, आहारपच्चक्खाणे ३५, कसायपच्चक्खाणे ३६, जोगपच्चक्खाणे ३७, सरीरपच्चक्खाणे ३८, सहायपच्चक्खाणे २९, भत्तपच्चक्खाणे ४०, सब्भावपच्चक्खाणे ४१, पडिरूवया, ४२, वेआवच्चे ४३, सव्वगुण-संपन्नया ४४, वीअरागया ४५, खंत्ती ४६, मुत्ती ४७, मद्दवे ४८, अज्जवे ४९, भावसच्चे ५०, करणसच्चे ५१, जोगसच्चे ५२, मणगुत्तया ५३, वयगुत्तया ५४, कायगुत्तया ५५, मणसमाधारणया ५६, वयसमाधारणया ५७, कायसमाधारणया ५८, नाणसंपन्नया ५९, दंसणसंपन्नया ६०, चरित्तसंपन्नया ६१, सोइंदिअनिग्गहे ६२, चक्खिदिअनिग्गहे ६३, घाणिंदिअनिग्गहे ६४, जिब्भिदिअनिग्गहे ६५, फासिंदिअनिग्गहे ६६, कोहविजए ६७, माणविजए ६८, मायाविजए ६९, लोभविजए ७०, पिज्जदोसमिच्छादंसणविजए ७१, सेलेसी ७२, अकम्मया ७३ ॥ २ ॥**

तस्य अयमर्थ एवमाख्यायते तद्यथा संवेगो १, निर्वेदो २, धर्मश्रद्धा ३, गुरुसाधर्मिकशुश्रूषणं ४, आलोचना ५, निन्दा ६, गर्हा ७, सामायिकं ८, चतुर्विंशतिस्तवो ९, वन्दनं १०, प्रतिक्रमणं ११, कायोत्सर्गः १२, प्रत्याख्यानं १३, स्तवस्तुतिमङ्गलं १४, कालप्रत्युपेक्षणा १५, प्रायश्चित्तकरणं १६, क्षामणा १७, स्वाध्यायो १८, वाचना १९, प्रतिप्रच्छना २०, परावर्त्तना २१, अनुप्रेक्षा २२, धर्मकथा २३, श्रुतस्याराधना

२४, एकाग्रमनःसंनिवेशना २५, संयमः २६, तपो २७, व्यवदानं २८, सुखशायः २९, अप्रतिबद्धता ३०, विविक्तशयनासनसेवना ३१, विनिवर्त्तना ३२, सम्भोगप्रत्याख्यानं ३३, उपधिप्रत्याख्यानं ३४, आहारप्रत्याख्यानं ३५, कषायप्रत्याख्यानं ३६, योगप्रत्याख्यानं ३७, शरीरप्रत्याख्यानं ३८, सहायप्रत्याख्यानं ३९, भक्तप्रत्याख्यानं ४०, सद्भावप्रत्याख्यानं ४१, प्रतिरूपता ४२, वैयावृत्यं ४३, सर्वगुणसम्पन्नता ४४, वीतरागता ४५, क्षान्तिः ४६, मुक्तिः ४७, मार्दवं ४८, आर्जवं ४९, भावसत्यं ५०, करणसत्यं ५१, योगसत्यं ५२, मनोगुप्तता ५३, वाग्गुप्तता ५४, कायगुप्तता ५५, मनःसमाधारणा ५६, वाक्समाधारणा ५७, कायसमाधारणा ५८, ज्ञानसम्पन्नता ५९, दर्शनसम्पन्नता ६०, चारित्रसम्पन्नता ६१, श्रोत्रेन्द्रियनिग्रहः ६२, चक्षुरिन्द्रियनिग्रहः ६३, घ्राणेन्द्रियनिग्रहः ६४, जिह्वेन्द्रियनिग्रहः ६५, स्पर्शनेन्द्रियनिग्रहः ६६, क्रोधविजयो ६७, मानविजयो ६८, मायाविजयो ६९, लोभविजयः ७०, प्रेमद्वेषमिथ्यादर्शनविजयः ७१, शैलेशी ७२, अकर्मता ७३ ॥ २ ॥

**અર્થ** – તે સમ્યક્ત્વપરાક્રમ નામના અધ્યયનનો આ હમણાં જ કહેવાતો અર્થ આ કહેવાતા પ્રકાર વડે શ્રી મહાવીરસ્વામી વડે કહેવાય છે. તે આ પ્રમાણે :–

(૧) સંવેગ, (૨) નિર્વેદ, (૩) ધર્મશ્રદ્ધા, (૪) ગુરૂ સાધર્મિકશુશ્રૂષણ, (૫) આલોચના, (૬) નિંદા, (૭) ગર્હા, (૮) સામાયિક (૯) ચતુર્વિંશતિસ્તવ, (૧૦) વંદન, (૧૧) પ્રતિક્રમણ, (૧૨) કાયોત્સર્ગ, (૧૩) પ્રત્યાખ્યાન, (૧૪) સ્તવસ્તુતિમંગલ, (૧૫) કાલપ્રત્યુપેક્ષણા, (૧૬) પ્રાયશ્ચિત્તકરણ, (૧૭) ક્ષામણા, (૧૮) સ્વાધ્યાય, (૧૯) વાચના, (૨૦) પ્રતિપ્રચ્છના, (૨૧) પરાવર્ત્તના, (૨૨) અનુપ્રેક્ષા, (૨૩) ધર્મકથા, (૨૪) શ્રુતસ્યારાધના, (૨૫) એકાગ્રમનઃસંનિવેશના, (૨૬) સંયમ, (૨૭) તપ, (૨૮) વ્યવદાન, (૨૯) સુખશાય, (૩૦) અપ્રતિબદ્ધતા, (૩૧) વિવિકત શયનાસનસેવના, (૩૨) વિનિવર્ત્તના, (૩૩) સંભોગપ્રત્યાખ્યાન, (૩૪) ઉપધિપ્રત્યાખ્યાન, (૩૫) આહારપ્રત્યાખ્યાન, (૩૬) કષાયપ્રત્યાખ્યાન, (૩૭) યોગપ્રત્યાખ્યાન, (૩૮) શરીરપ્રત્યાખ્યાન, (૩૯) સહાયપ્રત્યાખ્યાન, (૪૦) ભક્તપ્રત્યાખ્યાન, (૪૧) સદ્ભાવપ્રત્યાખ્યાન, (૪૨) પ્રતિરૂપતા, (૪૩) વૈયાવૃત્ત્ય, (૪૪) સર્વગુણ-સંપન્નતા, (૪૫) વીતરાગતા, (૪૬) ક્ષાન્તિ, (૪૭) મુક્તિ, (૪૮) માર્દવ, (૪૯) આર્જવ, (૫૦) ભાવસત્ય, (૫૧) કરણસત્ય, (૫૨) યોગસત્ય, (૫૩) મનોગુપ્તતા, (૫૪) વાગ્ગુપ્તતા, (૫૫) કાયગુપ્તતા, (૫૬) મનઃસમાધારણા, (૫૭) વાક્સમાધારણા, (૫૮) કાયસમાધારણા, (૫૯) જ્ઞાનસંપન્નતા, (૬૦) દર્શનસંપન્નતા, (૬૧) ચારિત્રસંપન્નતા, (૬૨) શ્રોત્રેન્દ્રિયનિગ્રહ, (૬૩) ચક્ષુરિન્દ્રિયનિગ્રહ, (૬૪) ઘ્રાણેન્દ્રિયનિગ્રહ, (૬૫) જિહ્વેન્દ્રિયનિગ્રહ, (૬૬)

સ્પર્શનેન્દ્રિયનિગ્રહ, (૬૭) ક્રોધવિજય, (૬૮) માનવિજય, (૬૯) માયાવિજય, (૭૦) લોભવિજય, (૭૧) પ્રેમદ્વેષમિથ્યાદર્શનવિજય, (૭૨) શૈલેશી, (૭૩) અકર્મતા. (૨-૧૦૯૨)

**संवेगेणं भंते ! जीवे किं जणयइ ? संवेगेणं अणुत्तरं धम्मसद्धं जणयइ अणुत्तराए धम्मसद्धाए संवेगं हव्वमागच्छइ, अणंताणुबंधिकोहमाण-मायालोहे खवेइ ( नवं ) कम्मं न बंधइ, तप्पच्चइअं च णं मिच्छत्तविसोहिं-काऊण दंसणाराहक भवइ, दंसणविसोहीएणं विसुद्धाए अत्थेगइया तेणेव भवग्गहणेणं सिज्झइ, सोहीए अ णं विशुद्धाए तच्चं पुणो भवग्गहणं नाइक्कमइ ॥ ३ ॥**

**संवेगेन भदन्त ! जीवः किं जनयति ? संवेगनानुत्तरां धर्मश्रद्धां जनयति, अनुत्तरधर्मश्रद्धया संवेगं शीघ्रमागच्छत्यनन्तानुबन्धिक्रोधमानमायालोभान् क्षपयति, ( नवं ) कर्म न बध्नाति, तत्प्रत्ययिकां च मिथ्यात्वविशुद्धिं कृत्वा दर्शनाराधको भवति, दर्शनविशुद्ध्या च विशुद्धकोऽस्त्येकक: कश्चित्तेनैव भवग्रहणेन सिद्ध्यति, शुद्ध्या च नु विशुद्ध्या तृतीयं पुनर्भवग्रहणं नातिक्रामति ॥ ३ ॥**

**અર્થ –** મોક્ષના અભિલાષ રૂપ સંવેગથી હે પૂજ્ય ! ભગવન્ ! જીવ કયા ગુણને ઉત્પન્ન કરે છે ? સંવેગથી જીવ અનુત્તર ધર્મશ્રદ્ધાને ઉત્પન્ન કરે છે અને અનુત્તર ધર્મશ્રદ્ધાથી વિશિષ્ટતર સંવેગ શીઘ્ર આવે છે. ત્યાર બાદ જીવ અનંતાબુંધી ક્રોધ-માન-માયા-લોભને ખપાવે છે, તેમજ તે નવું અશુભ કર્મ બાંધતો નથી. તે પછી તે કષાયક્ષય અને સર્વથા મિથ્યાત્વક્ષય રૂપ મિથ્યાત્વ-વિશુદ્ધિ કરી ક્ષાયિક સમ્યક્ત્વના આરાધક-દર્શનારાધક થાય છે. દર્શન-વિશુદ્ધિથી વિશુદ્ધ થયેલ, કોઈ એક તેજ ભવમાં મરૂદેવીની માફક સિદ્ધ થાય છે. તેજ ભવથી જે સિદ્ધ ન થાય, તે દર્શનની શુદ્ધિથી ત્રીજા ભવમાં અવશ્ય મુક્ત થાય છે. ઉત્કૃષ્ટ દર્શનારાધનાની અપેક્ષાએ આ સમજવું. (૩-૧૦૯૩)

**निव्वेएणं भंते ! जीवे किं जणयइ ? निव्वेएणं दिव्वमाणुस्सतेरिच्छि-एसु कामभोगेसु निव्वेअं हव्वमागच्छइ, सव्वविसएसु विरज्जइ, सव्वविसएसु विरज्जमाणे आरंभपरिच्चायं करेइ, आरंभरिच्चायं करेमाणे संसारमग्गं वुच्छिदइ, सिद्धिमग्गपडिवण्णे अ भवइ ॥ ४ ॥**

**निर्वेदेन भदन्त ! जीवः किं जनयति ? निर्वेदन दिव्यमानुषतैरश्चेषु कामभोगेषु निर्वेदं शीघ्रमागच्छति सर्वविषयेषु विरज्यते सर्वविषयेषु विरज्यमानश्चारम्भपरित्यागं कुर्वन्संसारमार्गं व्यवच्छिन्नत्ति सिद्धिमार्गप्रतिपन्नश्च भवति ॥ ४ ॥**

**અર્થ** – સંવેગથી નિર્વેદ થાય છે. તો નિર્વેદથી હે ભગવન્ ! જીવ કયા ગુણને ઉત્પન્ન કરે છે ? સામાન્યથી સંસાર પ્રત્યેના વૈરાગ્યથી કોઈ કાળે આ સંસાર ત્યાજ્ય છે-આવી બુદ્ધિથી દેવતા-મનુષ્ય-તિર્યંચ સંબંધી કામભોગોમાં નિર્વેદ એટલે આ અનર્થકારી કામભોગોથી સર્યું,-આવા ભાવને જીવ શીઘ્ર પામે છે. વળી સઘળી સાંસારિક વસ્તુઓમાં વૈરાગ્યને પામતો જીવ આરંભનો પરિત્યાગ કરે છે અને આરંભનો પરિત્યાગ કરતો આત્મા મિથ્યાત્વ, અવિરતિ આદિ રૂપ સંસારમાર્ગનો વ્યવચ્છેદ કરે છે. બાદ તેનો મિથ્યાત્વાદિ સંસારમાર્ગના વ્યવચ્છેદમાં જ સમ્યગ્દર્શનાદિ મુક્તિમાર્ગ સુલભ બને છે અને તે મોક્ષમાર્ગને પામનારો બને છે. (૪-૧૦૯૪)

**धम्मसद्धाए णं भंते ! जीवे किं जणयइ ? धम्मसद्धाएणं सायासोक्खेसु रज्जमाणे विरज्जइ, अगारधम्मं च णं चयइ अणगारे णं जीवे सारीरमाणसाणं दुक्खाण छेयण-भेयण-संजोगाईणं वुच्छेअं करेइ, अव्वाबाहं च सुहं निव्वत्तेइ ॥ ५ ॥**

**धर्मश्रद्धया भदन्त ! जीवः किं जनयति ? धर्मश्रद्धया सातसौख्येषु रज्यमानो विरज्यते अगारधर्मं च नु त्यजत्यनगारो जीवः शारीरमानसानां दुःखानां छेदनभेदनसंयोगादीनां व्यवच्छेदं करोति अव्याबाधं च सुखं निर्वर्त्तयति ॥ ५ ॥**

**અર્થ** – નિર્વેદ પણ ધર્મશ્રદ્ધાવંતને જ થાય છે. તો હે ભગવન્ ! ધર્મશ્રદ્ધાથી જીવ કયો ગુણ મેળવે છે ? ધર્મશ્રદ્ધાથી, શાતાવેદનીયથી પેદા થયેલ વિષયસુખોમાં પહેલાં રાગ કરતો જીવ વૈરાગ્યને પામે છે. ગૃહસ્થાવસ્થાને છોડી સાધુ થતો જીવ, શારીરિક-માનસિક દુઃખોનો વ્યવચ્છેદ કરે છે અને આખરે અવ્યાબાધ સુખ મેળવે છે. (૫-૧૦૯૫)

**गुरुसाहम्मियसुस्सूसणयाए णं भंते ! जीवे किं जणयइ ? गुरुसाहम्मियसुस्सूणयाए णं विणयपडिवत्ति जणयइ, विणयपडिवण्णे अ णं जीवे अणच्चासायणासीले नेरइअतिरिक्ख जोणिअ-मणुस्स-देव-दुग्गइओ निरुंभइ वण्णसंजलणभत्तिबहुमाणयाए मणुस्सदेवसुग्गइओ निबंधइ, सिद्धिसोग्गइं च विसोहेइ, पसत्थाइं च णं विणयमूलाइं सव्वकज्जाइं, साहेइ, अन्ने अ बहवे जीवे विणइत्ता भवइ ॥ ६ ॥**

**गुरुसाधर्मिकशुश्रूषणेन भदन्त ! जीवः किं जनयति ? गुरुसाधर्मिकशुश्रूषणेन नु विनयप्रतिपर्ति जनयति, प्रतिपन्नविनयश्च नु जीवोऽनत्याशातन्नाशीलः,**

**नैरयिकतिर्यग्योनिकमानुष्य-देवदुर्गतीः निरुणद्धि, वर्णसंज्वलन भक्तिबहुमानतया मनुष्यदेवसुगतीः निबध्नाति, सिद्धिसुगतिं च विशोधयति, प्रशस्तानि विनयमूलानि सर्वकार्याणि साधयति, अन्यांश्च बहून् जीवान् विनेता भवति ॥ ६ ॥**

**અર્થ** – ધર્મની શ્રદ્ધાવાળાએ ગુરૂ વગેરેની શુશ્રૂષા અવશ્ય કરવી જોઈએ. તો હે ભગવન્ ! ગુરૂ-સાધર્મિકની ઉપાસનાથી જીવ કયો ગુણ પેદા કરે છે ? ગુરૂ-સાધર્મિકની ઉપાસનાથી ઉચિત કર્ત્તવ્ય કરવાના અંગીકાર રૂપ જીવ વિનય-પ્રતિપત્તિને પામે છે. વિનીત જીવ, ગુરૂની નિંદા વગેરેના પરિહારથી અત્યંત આશાતનાનો ત્યાગી થતો, નારક, તિર્યંચની મ્લેચ્છ રૂપ મનુષ્યની, કિલ્બિષિકત્વ રૂપ દેવની દુર્ગતિને રોકે છે, ગુરૂઓની પ્રશંસાથી ગુણોનું પ્રગટીકરણ-અભ્યુથત્થાન વગેરેથી ભક્તિ-આંતર પ્રીતિ રૂપ બહુમાનથી સુકુલ-ઐશ્વર્ય વગેરેથી યુક્ત મનુષ્ય-દેવની સુગતિ પામે છે, તેમજ મોક્ષમાર્ગભૂત સમ્યગ્દર્શનાદિની વિશુદ્ધિથી પ્રશંસાપાત્ર-વિનય રૂપ મૂલવાળા-શ્રુત અધ્યયન વગેરે રૂપ અહીં સર્વ કાર્યો અને પરલોકમાં મોક્ષ વગેરે સાધે છે, જેથી બીજા ઘણા જીવોને વિનય પમાડનાર બને છે. (૬-૧૦૯૬)

**आलोयणयाए णं भंते ! जीवे किं जणयइ ? आलोयणयाए णं मायानियाणमिच्छादंसणसल्लाणं मोक्खमग्गविग्घाणं अणंतसंसारवद्धणाणं उद्धरणं करेइ, उज्जुभावं च णं जणयइ, उज्जुभावपडिवन्ने अ णं जीवे अमाई इत्थिवेयं नपुंसगवेयं च न बंधइ, पुव्वबद्धं च णं निज्जरेइ ॥ ७ ॥**

**आलोचनया नु भदन्त ! जीवः किं जनयति ? आलोचनया मायानिदानमिथ्यादर्शनशल्यानां मोक्षमार्गविघ्नानामनन्तसंसारवर्द्धनानामुद्धरणं करोति, ऋजुभावं च जनयति, ऋजुभावं प्रतिपन्नश्च नु जीवोऽमायी स्त्रीवेदं नपुंसकवेदं च न बध्नाति, पूर्वबद्धं च निर्जरयति ॥ ७ ॥**

અર્થ – ગુરૂશુશ્રુષા કરનારને દોષનો સંભવ થતાં આલોચના કરવી જોઈએ. તો હે ભગવન્ ! આલોચનાથી જીવ કયો ગુણ પેદા કરે છે ? ગુરૂની આગળ સ્વદોષોના પ્રકાશન રૂપ આલોચનાથી, જીવ મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત-અનંત સંસાર વધારનાર માયા-નિદાન-મિથ્યાદર્શન શલ્ય રૂપ ત્રણ શલ્યોનો ઉદ્ધાર-વિનાશ કરે છે, સરલ ભાવને પેદા કરે છે. સરલતાને પામેલો જીવ, માયા વગરનો થતો સ્ત્રીવેદને-નપુંસકવેદને બાંધતો નથી, કેમ કે-માયાનો અભાવ પુરૂષવેદનું કારણ છે, અને પૂર્વે બાંધેલ સ્ત્રી-નપુંસકવેદને અથવા સકલ કર્મોને ખપાવે છે. (૭-૧૦૯૭)

**निंदणयाए णं भंते ! जोवे किं जणयइ ? निंदणयाएछा णं पच्छ णुतावं जणयइ पच्छाणुतावेणं विरज्जमाणे करणगुणसेढिं पडिवज्जइ, करणगुणसेढिं पडिवन्ने अ अणगारे मोहणिज्जं कम्मं उग्घाएइ ॥ ८ ॥**

**निन्दनेन नु भदन्त ! जीवः किं जनयति ? निन्दनेन पश्चादनुतापं जनयाति, पश्चादनुतापेन विरज्यमानः करणगुणश्रेणिं प्रतिपद्यते, करणगुणश्रेणिं प्रतिपन्नश्चानगारो, मोहनीयं कर्म उद्घातयति ॥ ८ ॥**

**અર્થ –** આલોચના સ્વદોષોની નિંદા કરનારને સફળ છે. તો સ્વદોષની નિંદાથી હે ભગવન્ ! જીવ કયો ગુણ પેદા કરે છે ? સ્વદોષની નિંદાથી જીવ પોતે જ પોતાના દોષના ચિંતન દ્વારા 'હા ! મેં ખરાબ કર્યું'-એવા પશ્ચાત્તાપને પાછળથી પેદા કરે છે. પાછળથી પશ્ચાત્તાપ કરવાથી જીવ, વૈરાગી બની અપૂર્વકરણાદિ માહાત્મ્ય રૂપ કરણગુણથી ક્ષપકશ્રેણીને પામે છે. ક્ષપકશ્રેણીને પામનારો સાધુ મોહનીયકર્મને ખપાવે છે. (૮-૧૦૯૮)

**गरहणयाए णं भंते ! जीवे किं जणयइ ? गरहणयाए णं अपुरक्कारं जणयइ, अपुरक्कारगए अ णं जीवे अप्पसत्थेहिंतो जोगेहिंतो निअत्तइ, पसत्थजोगे अ पवत्तइ, पसत्थजोगपडिवण्णे अ णं अणगारे अणंतघाई पज्जवेइ खवेइ ॥ ९ ॥**

**गर्हणेन नु भदन्त ! जीवः किं जनयति ? गर्हणेन नु अपुरस्कारं जनयति, अपुरस्कारगतश्च जीवोऽप्रशस्तेभ्यो योगेभ्यो निवर्त्तते, प्रशस्तयोगान्प्रतिपद्यते, प्रशस्तयोगप्रतिपन्नश्चाऽ-नगारोऽनन्तघातिनः पर्यवान् क्षपयति ॥ ९ ॥**

**અર્થ –** ઘણા દોષોના સદ્ભાવમાં નિંદા બાદ ગર્હા પણ કરવી જોઈએ. તો હે ભગવાન્ ! ગર્હા કરવાથી જીવ કયા ગુણને પેદા કરે છે ? ગુરૂ વગેરે પરની રૂબરૂમાં જીવ, પોતાના દોષ પ્રગટ કરવા રૂપ ગર્હાથી, 'આ ગુણવાન છે,-એવી પ્રસિદ્ધિ રૂપ પુરસ્કારના અભાવને યાને-અવજ્ઞાના સ્થાનને પોતે પામે છે. અવજ્ઞાના સ્થાનભૂત બનેલો જીવ, કદાચ અશુભ અધ્યવસાયની ઉત્પત્તિમાં પણ અપુરસ્કારના ભયથી જ અશુભ યોગોથી અટકી જાય છે અને પ્રશસ્ત યોગોમાં પ્રવર્તે છે. પ્રશસ્ત યોગને પામેલો સાધુ, જ્ઞાનાવરણ આદિ ઘાતિકર્મોને ખપાવે છે-મુક્તિને પામે છે. (૯-૧૦૯૯)

**सामाइएणं भंते ! जीवे किं जणयइ ? ।**
**सामाइए णं सव्वसावज्जजोगविरइं जणयई ॥ १० ॥**

**सामायिकेन भदन्त ! जीवः किं जनयति ? ।**
**सामायिकेन सर्वसावद्ययोगविरतिं जनयति ॥ १० ॥**

**અર્થ** – આલોચના આદિ, સામાયિકવાળાને જ હોય. તો હે ભગવન્ ! સામાયિકવાળો જીવ કયા ગુણને મેળવે છે ? સામાયિકથી સઘળા પાપવાળા વ્યાપારોના ત્યાગ રૂપ, જીવ, સર્વસાવદ્યયોગવિરતિને પામે છે. (૧૦-૧૧૦૦)

**चउवीसत्थएणं भंते ! जीवे किं जणयइ ? ।**
**चउवीसत्थएणं दंसणविसोहिं जणयइ ॥ ११ ॥**

**चतुर्विंशतिस्तवेन भदन्त ! जीवः किं जनयति ? ।**
**चतुर्विंशतिस्तवेन दर्शनविशुद्धिं जनयति ॥ ११॥**

**અર્થ** – સામાયિક પામનાર, તેના રચયિતા અર્હંતો છે અને તેઓ સ્તુતિને યોગ્ય છે-એમ માને છે. તો હે ભગવન્ ! ચોવીશ તીર્થંકરોની સ્તુતિથી જીવ કયા ગુણને પામે છે ? ચોવીશ તીર્થંકરોની સ્તુતિથી જીવ, દર્શનવિશુદ્ધિને પામે છે. (૧૧-૧૧૦૧)

**वंदणएणं भंते ! जीवे किं जणयइ ? वंदणएणङ्ग नीआगोअं कम्मं खवेइ, उच्चागोअं कम्मं निबंधइ, सोहग्गं च णं अप्पडिहयं आणाफलं निव्वत्तेई, दाहिणभावं च णं जणयइ ॥ १२ ॥**

**वन्दनकेन भदन्त ! जीवः किं जनयति ? वन्दनकेन नीचैर्गोत्रं कर्म क्षपयति, उच्चैर्गोत्रं कर्म निबघ्नाति, सौभाग्यं च नु अप्रतिहतमाज्ञाफलं निर्वर्त्तयति, दक्षिणभावं च नु जनयति ॥ १२ ॥**

**અર્થ** – જિનોની સ્તુતિ કરવા છતાં ગુરૂવંદનપૂર્વક જ સામાયિકનો સ્વીકાર છે. તો હે ભગવન્ ! ગુરૂવંદનથી જીવ કયા ગુણને ઉત્પન્ન કરે છે ? જીવ ગુરૂવંદનથી નીચ ગોત્ર નામના કર્મને ખપાવે છે; ઉચ્ચ ગોત્રકર્મને બાંધે છે; અસ્ખલિત, આજ્ઞાપ્રધાન અને સર્વજનસ્પૃહણીય એવું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે તથા લોકો અનુકૂળ થાય છે. (૧૨-૧૧૦૨)

**पडिक्कमणेणं भंते ! जीवे किं जणयइ ? पडिक्कमणेणं वयछिद्दाइं पिहेइ, पिहियवयछिद्दे पुण जीवे निरुद्धासवे असबलचरित्ते अट्ठसु पवयणमायासु उवउत्ते अपुहत्ते सुप्पणिहिए विहरइ ॥ १३ ॥**

**प्रतिक्रमणेन भदन्त ! जीवः किं जनयति ? प्रतिक्रमणेन व्रतछिद्राणि पिदधाति, पिहितव्रतछिद्रः पुनर्जीवो निरुद्धाश्रवोऽशबलचारित्रोऽष्टासु प्रवचनमातृषूपयुक्तोऽपृथकत्वः सुप्रणिहितो विहरति ॥ १३ ॥**

**અર્થ** – સામાયિક વગેરેવાળા ગુણવંત, પહેલા-છેલ્લા તીર્થંકરોના સમયમાં હંમેશાં અને મધ્યમ તીર્થંકરોના સમયમાં સાધુઓ અપરાધ હોયે છતે

પ્રતિક્રમણ કરે. તો હે ભગવન્ ! પ્રતિક્રમણથી જીવ કયા ગુણને મેળવે છે ? પ્રતિક્રમણ એટલે અપરાધોથી પીછેહઠ કરવાથી જીવ, અતિચાર રૂપ વ્રતના છિદ્રોને ઢાંકે છે. વ્રતના છિદ્રોને ઢાંકનાર જીવ, આશ્રવનો નિરોધક બની, ચારિત્રમાં શબલપણું-મલીનતાને કરનારા એકવીશ સ્થાન રૂપ શબલ સ્થાનોથી રહિત-પવિત્ર ચારિત્રવાળો, આઠ પ્રવચનમાતાઓના પાલનમાં દત્તચિત, સંયમયોગના વિયોગરૂપ પૃથક્ત્વથી રહિત, સારી રીતે સંયમમાં પ્રણિધાનવાળો સંયમમાર્ગમાં વિચરે છે. (૧૩-૧૧૦૩)

**काउस्सग्गेणं भंते ! जीवे किं जणयइ ? काउस्सग्गेणं तीअपडुपन्नं पायच्छित्तं विसोहेइ विसुद्धपायच्छित्ते अ जीवे नियहिअए ओहरियभरुव्व भारवहे पसत्थज्झाणोवगए सुहंसुहेणं विहरइ ॥ १४ ॥**

**कायोत्सर्गेन भदन्त ! जीवः किं जनयति ? कायोत्सर्गेन अतीतप्रत्युत्पन्नं प्रायश्चित्तं विशोधयति, विशुद्धप्रायश्चित्ताश्च जीवो निवृत्तहृदयोऽपहृतभर इव भारवहः, प्रशस्तध्यानोपगतः सुखंसुखेन विहरति ॥ १४ ॥**

**અર્થ** – પ્રતિક્રમણમાં અતિચારની શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ કરવો જોઈએ. તો હે ભગવન્ ! કાયોત્સર્ગથી જીવ કયા ગુણને મેળવે છે ? કાઉસ્સગ્ગથી લાંબા અને નજીક કાળના પ્રાયશ્ચિત્તયોગ્ય અપરાધોને દૂર કરે છે. વિશુદ્ધ પ્રાયશ્ચિત્તવાળો જીવ, હૃદયની સ્વસ્થતાવાળો બનેલો, જેમ ભાર વગરનો ભારવાહક, સ્વસ્થ હૃદયી બને છે, તેમ અતિચારના ભાર વગરનો સ્વસ્થ ચિત્તવાળો થાય. પ્રશસ્ત ધ્યાનથી સંપન્ન બનેલો તે સુખપૂર્વક સંયમમાં રમે છે. (૧૪-૧૧૦૪)

**पच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ? ।**
**पच्चक्खाणेणं आसवदाराइं निरुंभइ ॥ १५ ॥**

**प्रत्याख्यानेन भदन्त ! जीवः किं जनयति ? ।**
**प्रत्याख्यानेन आश्रवद्वाराणि निरुणद्धि ॥ १५ ॥**

**અર્થ** – કાઉસ્સગ્ગથી જો અશુદ્ધિ રહી ગઈ હોય તો પચ્ચક્ખાણ કરવું જોઈએ. તો હે ભગવન્ ! પચ્ચક્ખાણથી જીવ કયા ગુણને મેળવે છે ? પચ્ચક્ખાણથી આશ્રવદ્વારોને જીવ રોકે છે. (૧૫-૧૧૦૫)

**थयथुइमंगलेणं भंते ! जीवे किं जणयइ ? थयथुइमंगलेणं नाणदंसणचरित्तबोहिलाभं जणयइ, नाणदंसणचरित्तबोहिलाभसंपण्णे अ णं जीवे अंतिकिरिअं कप्पविमाणोववत्तिअं आराहणं आराहेइ ॥ १६ ॥**

स्तवस्तुतिमङ्गलेन भदन्त ! जीवः किं जनयति ? स्तवस्तुतिमङ्गलेन ज्ञानदर्शन-चारित्रबोधिलाभं जनयति, ज्ञानदर्शनचारित्रबोधिलाभसम्पन्नश्च नु जीवोऽन्तक्रियां कल्पविमानो-पपत्तिकामाराधनामाराधयति ॥ १६ ॥

**અર્થ** – પચ્ચક્ખાણ કરીને ચૈત્યના સદ્ભાવમાં ચૈત્યવંદન કરવું અને તે સ્તુતિસ્તવમંગલ વિના ન હોય. તો હે ભગવન્ ! સ્તુતિસ્તવમંગલથી જીવ કયા ગુણને મેળવે છે ? એકથી લઈને સાત શ્લોક પર્યંતના દેવેન્દ્રસ્તવ વગેરે સ્તવો અને સ્તુતિઓ રૂપ મંગલથી જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ બોધિના લાભને જીવ પેદા કરે છે. જ્ઞાનાદિ બોધિલાભને પામેલો જીવ, અંતક્રિયા રૂપ મુક્તિના હેતુ રૂપ, તુરતના ફલ રૂપ દેવલોક રૂપ અને કલ્પોમાં ગ્રૈવેયક-અનુત્તર વિમાન રૂપ વિમાનોમાં ઉત્પત્તિ જેનાથી છે તેવી તથા પરંપરાએ મુક્તિને પમાડનારી જ્ઞાનાદિ આરાધના રૂપ આરાધનાને સાધે છે. (૧૬-૧૧૦૬)

**कालपडिलेहणयाएणं भंते ! जीवे किं जणयइ ? ।**
**कालपडिलेहणयाएणं नाणावरणिज्जं कम्मं खवेइ ॥ १७ ॥**

कालप्रत्युत्प्रेक्षणया भदन्त ! जीवः किं जनयति ? ।
कालप्रत्युत्प्रेक्षणया ज्ञानावरणीयं कर्म क्षपयति ॥ १७ ॥

**અર્થ** – શ્રી અરિહંતોના નમસ્કાર બાદ સ્વાધ્યાય કરવો જોઈએ અને તે સ્વાધ્યાય કાલમાં જ કરવો જોઈએ. તો હે ભગવન્ કાલપ્રત્યુપ્રેક્ષણાથી જીવ કયા ગુણને મેળવે છે ? પ્રાદોષિક વગેરે કાલના ગ્રહણ પ્રતિ જાગરણ રૂપ પ્રત્યુપ્રેક્ષણાથી જીવ જ્ઞાનાવરણીય કર્મ ખપાવે છે. (૧૭-૧૧૦૭)

**पायच्छित्तकरणेणं भंते ! जीवे किं जणवइ ? पायच्छित्तकरणेणं पावकम्मविसोहिं जणयइ, निरइआरे आविभवइ, सम्मं च णं पायच्छित्तं पडिवज्जमाणे मग्गं च मग्गफलं च विसोहेइ, आयारं आयारफलं च आराहेइ ॥ १८ ॥**

प्रायश्चित्तकरणेन भदन्त ! जीवः किं जनयति ?, प्रायश्चित्तकरणेन पापकर्म-विशुद्धिं जनयति, निरतिचारश्चापि भवति, सम्यक्त्वं नु हे प्रायश्चित्तं प्रतिपद्यमानो मार्गं च मार्गफलं च विशोधयति, आचारमाचारफलं चाराधयति ॥ १८ ॥

**અર્થ** – અકાલે પાઠ કરવાથી પ્રાયશ્ચિત્ત આવે છે. તો હે ભગવન્ ! પ્રાયશ્ચિત્ત કરવાથી જીવ કયા ગુણને પામે છે ? આલોચન વગેરે વિધાન રૂપ પ્રાયશ્ચિત્ત કરવાથી જીવ, નિષ્પાપતા રૂપ પાપકર્મની વિશુદ્ધિને પામે છે-અતિચાર વગરનો બને છે. સારી રીતે પ્રાયશ્ચિત્તને પામનારો જીવ સમ્યક્ત્વ

રૂપ માર્ગને તથા માર્ગફલ રૂપ જ્ઞાનને વિશુદ્ધ બનાવે છે અને ચારિત્ર અને ચારિત્રફલ રૂપ મુક્તિને સાધે છે. (૧૮-૧૧૦૮)

**खमावणयाएणं भंते ! जीवे किं जणयइ ? खमावणयाएणं पल्हायणभावं जणयइ, पल्हायणभावमुवगए अ जीवे सव्वपाणभूयजीव-सत्तेसु मित्तीभावं उप्पाएइ, मित्ताभावमुपगए आवि जीवे भावविसोहिं काऊण निब्भए भवइ ॥ १९ ॥**

**क्षमणया भदन्त ! जीवः ककि जनयति ? क्षमणया प्रह्लादनभावं जनयति, प्रह्लादनभावमुपगतश्च जीव, सर्वप्राणभूतजीवसत्त्वेषु मैत्रीभावमुत्पादयति, मैत्रीभावमुपगतश्चापि जीवो भावविशुद्धिं कृत्वा निर्भयो भवति ॥ १९ ॥**

**અર્થ –** પ્રાયશ્ચિત્તકરણ ખામણા કરવાથી થાય છે. તો હે ભગવન્ ! ખામણાથી જીવ કયા ગુણને મેળવે છે ? દુષ્કૃત થયા બાદ, 'આ મારે ખમાવવું જોઈએ' ઇત્યાદિ રૂપ ક્ષામણાથી જીવ ચિત્તની પ્રસન્નતાને પામે છે. ચિત્તની પ્રસન્નતાને પામેલો જીવ, સર્વ બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય રૂપ પ્રાણોમાં, વનસ્પતિ રૂપ ભૂતોમાં, પંચેન્દ્રિય રૂપ જીવોમાં અને બાકીના જીવરૂપ સત્ત્વોમાં પરહિતચિંતા રૂપ મૈત્રીભાવને પામે છે. મૈત્રીભાવને પામેલો જીવ, રાગ-દ્વેષના અભાવ રૂપ ભાવવિશુદ્ધિ કરીને, સમસ્ત ભયના હેતુઓનો અભાવ થવાથી નિર્ભય બને છે. (૧૯-૧૧૦૯)

**सज्झाएणं भंते ! जीवे किं जणयइ ? ।**
**सज्झाएण नाणावरणिज्जं कम्मं खवेइ ॥ २० ॥**

**स्वाध्यायेन भदन्त ! जीवः किं जनयति ?**
**स्वाध्यायेन ज्ञानावरणीयं कर्म क्षपयति ॥ २० ॥**

**અર્થ –** ઉક્ત ગુણવંતે સ્વાધ્યાય કરવો જોઈએ. તો હે ભગવન્ ! સ્વાધ્યાયથી જીવ કયા ગુણને મેળવે છે ? સ્વાધ્યાયથી જીવ જ્ઞાનાવરણીય વગેરે સકલ કર્મને ખપાવે છે. (૨૦-૧૧૧૦)

**वायणाएणं भंते ! जीवे किं जणवइ ? वायणाएणं निज्जरं जणयइ, सुअस्स अणासायणाए वट्टति सुअस्स अणासायणाए वट्टमाणे तित्थधम्मं अवलंबइ, तित्थधम्मं अवलंबमाणे महानिज्जरे महापज्जवसाणे भवइ ॥२१॥**

वाचनया भदन्त ! जीवः किं जनयति ? वाचनया निर्जरां जनयति, श्रुतस्यानाशातनायां वर्तते, श्रुतस्यानाशातनायां वर्तमानः तीर्थधर्ममवलम्बते तीर्थधर्मभवलम्बमानो महानिर्जरो महापर्यवसानो भवति ॥ २१ ॥

**અર્થ –** સ્વાધ્યાયની શરૂઆતમાં વાચના કરવી જોઈએ. તો હે ભગવન્ ! વાચના વડે જીવ કયા ગુણને પામે છે ? ભણાવવા રૂપ વાચનાથી કર્મપરિશાટન રૂપ નિર્જરાને પામે છે, શ્રુતની અનાશાતનામાં વર્તે છે. તેને નહિ કરવામાં અવજ્ઞા થવાથી શ્રુતની આશાતના કરેલી કહેવાય ! શ્રુતની અનાશાતનામાં વર્તતો જીવ, શ્રુતના પ્રદાન રૂપ તીર્થગણધરના ધર્મ-આચારને અવલંબે છે. શ્રુતપ્રદાન રૂપ તીર્થધર્મનું અવલંબન કરનારો જીવ મોટી નિર્જરાવાળો બની મહાન્ કર્મના અંતવાળો બને છે. (૨૧-૧૧૧૧)

**पडिपुच्छणयाएणं भंते ! जीवे किं जणयइ ? पडिपुच्छणयाएणं सुत्तत्थतदुभयाइं विसोहेइ, कंखामोहणिज्जं कम्मं वोच्छिन्दइ ॥ २२ ॥**

**प्रतिप्रच्छनेन भदन्त ! जीवः किं जनयति ? प्रतिप्रच्छनेन सूत्रार्थतदुभयानि विशोधयति काङ्क्षामोहनीयं कर्म व्युच्छिनत्ति ॥ २२ ॥**

**અર્થ –** વાચના કરનારો સંશય થતાં ફરી પૂછે તે પ્રચ્છના કહેવાય. હે ભગવન્ ! પ્રચ્છનાથી જીવ કયા ગુણને મેળવે છે ? પૂર્વે કથિત સૂત્રાદિને ફરીથી પૂછવા રૂપ પ્રતિપ્રચ્છનાથી સૂત્રને-અર્થને અને તે બંનેને વિશુદ્ધ બનાવે છે. 'આ આમ મારે ભણવું ઉચિત છે કે આમ ?'-આવી રીતની ઇચ્છા રૂપ, અનાભિગ્રહિક મિથ્યાત્વ રૂપ કાંક્ષામોહનીય કર્મ ખપાવે છે. (૨૨-૧૧૧૨)

**परिअट्टणयाएणं भंते ! जीवे किं जणयइ ?**
**परि० वंजणाइं जणयइ वंजणलद्धिं च उप्पाएइ ॥ २३ ॥**

**परावर्त्तनया भदन्त ! जीवः किं जनयते ? ।**
**परा० व्यञ्जनानि जनयति, व्यञ्जनलब्धिं चोत्पादयति ॥ २३ ॥**

**અર્થ –** સ્થિર કરેલ શ્રુતનું વિસ્મરણ ન થાય માટે પરાવર્ત્તન કરવું જોઈએ. તો હે ભગવન્ ! પરાવર્ત્તનથી જીવ કયા ગુણને પામે છે ? પરાવર્ત્તન-ગુણવાથી અક્ષર રૂપ વ્યંજનો પેદા થાય છે અર્થાત્ પરાવર્ત્તન કરનારને ભૂલાઈ ગયેલા તે અક્ષરો જલદી ઉત્પન્ન થાય છે. તેમજ તથાવિધ ક્ષયોપશમના કારણે અક્ષરલબ્ધિને, પદાનુસારિતા રૂપ પદલબ્ધિને જીવ ઉત્પન્ન કરે છે. (૨૩-૧૧૧૩)

**अणुप्पेहाएण भंते ! जीवे किं जणयइ ? अणुप्पेहाएणं आउवज्जाओ सत्त कम्मप्पगडिओ धणिअबंधणबद्धाओ पकरेइ, दीहकालट्ठिआओ हस्सकालट्ठिइआओ पकरेइ, तिव्वाणुभावाओ मंदाणुभावाओ पकरेइ, बहुप्पएसग्गाओ, अप्पपएसग्गाओ पकरेइ, आउयं च णं कम्मं सिअ बंधइ**

**सिअ नो बंधइ, असायावेअणिज्जं च णं कम्मं नो भुज्जो भुज्जो उवचिणाइ, अणाइअं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं खिप्पामेव वीईवयइ ॥ २४ ॥**

**अनुप्रेक्षया भदन्त ! जीवः किं जनयति ? अनुप्रेक्षयाऽऽयुर्वर्ज्जाः सप्तकर्मप्रकृतीर्गाढ-बन्धनबद्धा शिथिलबन्धनबद्धाः प्रकरोति दीर्घकालस्थितिकाः ह्रस्वकालस्थितिकाः प्रकरोति, तीव्रानुभावाः मन्दानुभावाः प्रकरोति, बहुप्रदेशाग्रा अल्पप्रदेशाग्राः प्रकरोति, आयुः कर्म च स्यात् बध्नाति स्यान्न बध्नाति, असातवेदनीयं च नु कर्म नो भूयो भूयः उपचिनोति, अनादिकं च नु अनवदग्रं दीर्घाद्धं चतुरन्तं संसारकान्तारं क्षिप्रमेव व्यतिव्रजति ॥ २४ ॥**

**અર્થ –** સૂત્રની માફક અર્થના અવિસ્મરણ માટે અનુપ્રેક્ષા કરવી જોઈએ. તો હે ભગવન્ ! અનુપ્રેક્ષાથી જીવ કયા ગુણને મેળવે છે ? અર્થના ચિંતન રૂપ અનુપ્રેક્ષાથી આયુષ્યકર્મ સિવાયની ગાઢબંધને બાંધેલી સાત કર્મપ્રકૃતિઓને શિથિલબંધને બદ્ધ અર્થાત્ અપવર્ત્તનાદિ કરણયોગ્ય કરે છે, કારણ કે-આ અનુપ્રેક્ષા તપના ભેદ રૂપે હોઈ, તપની તો નિકાચિત કર્મને ખપાવવામાં શક્તિ છે. વળી દીર્ઘકાળની સ્થિતિવાળી અશુભ કર્મપ્રકૃતિઓને હ્રસ્વકાળની સ્થિતિવાળી બનાવે છે, કારણ કે-શુભ આશયના વશે સ્થિતિકંડકોનો અપહાર થાય છે. વળી તીવ્ર રસવાળી અશુભ કર્મપ્રકૃતિઓને મંદ રસવાળી બનાવે છે. બહુ પ્રદેશવાળી અશુભ પ્રકૃતિઓને અલ્પ પ્રદેશવાળી બનાવે છે. આયુષ્યકર્મને બાંધે ખરો અને ન પણ બાંધે, કારણ કે-તે જીવને ત્રીજો ભાગ વગેરે શેષ આયુષ્યપણામાં જ બંધાય છે. જો બાંધે તો દેવનું આયુષ્ય જ બાંધે, કારણ કે-મુનિને દેવના આયુષ્યના બંધનો જ સંભવ છે. તથા અશાતા વેદનીય-કર્મ અને બીજી અશુભ પ્રકૃતિઓને વારંવાર બાંધતો નથી. વારંવારનો નિષેધ એટલા માટે છે કે-કોઈ એક પ્રમાદથી પ્રમત્ત મુનિને તે અશુભ પ્રકૃતિના બંધનો પણ સંભવ છે. તથા અનાદિઅનંત દીર્ઘ કાળવાળા ચતુર્ગતિરૂપ સંસારજંગલને જલદી-જલદી પાર કરી જાય છે-ઉલ્લંઘી જાય છે. (૨૪-૧૧૧૪)

**धम्मकहाएणं भंते ! जीवे किं जणयइ ? धम्मकहाएणं पवयणं पभावेइ, पवयणपभावएणं जीवे आगमेसस्स भद्दत्ताए कम्मं निबंधइ ॥२५॥**

**धर्मकथया नु भदन्त ! जीवः किं जनयति ? धर्मकथया प्रवचनं प्रभावयति, प्रवचनप्रभावनया नु जीवः आगामिशःभद्रतया कर्म निबध्नाति ॥ २५ ॥**

**અર્થ –** શ્રુતના અભ્યાસીએ ધર્મકથા પણ કરવી, તો હે ભગવન્ ! ધર્મકથાથી જીવ કયા ગુણને પામે છે ? વ્યાખ્યાન રૂપ ધર્મકથાથી શ્રી જૈનશાસન રૂપ પ્રવચનની

પ્રભાવના થાય છે. પ્રવચનપ્રભાવક આત્મા આગામી કાળમાં નિરંતર કલ્યાણકારી કર્મ બાંધે છે યાને શ્રેષ્ઠ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જે છે. (૨૫-૧૧૧૫)

**सुअस्स आराहणयाए णं भंते ! जीवे किं जणयइ ? सुअस्स आराहणयाएणं अण्णाणं खवेइ न य संकिलिस्सइ ॥ २६ ॥**

**श्रुतस्याराधनया नु भदन्त ! जीवः किं जनयति ? श्रुतस्याराधनया अज्ञानं क्षपयति, न च संक्लिश्यते ॥ २६ ॥**

**અર્થ** – આ પ્રમાણે પંચવિધ સ્વાધ્યાયની રમણતાથી શ્રુતારાધના થાય છે. તો હે ભગવન્ ! શ્રુતની આરાધનાથી જીવ કયા ગુણને મેળવે છે ? શ્રુતની સમ્યગ્ આરાધના કરવાથી વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા અજ્ઞાનને ખપાવે છે. શ્રુતારાધનાથી નવા નવા સંવેગની પ્રાપ્તિ થવાથી જીવ રાગ વગેરેથી પેદા થયેલ સંક્લેશને ભજનારો થતો નથી. (૨૬-૧૧૧૬)

**एगग्गमनसंनिवेसणयाए णं भंते ! जीवे किं जणयइ ?**
**एगग्गमणसंनिवेसणयाए णं चित्तनिरोधं करेइ ॥ २७ ॥**

**एकाग्रमनः सन्निवेशनया नु भदन्त ! जीवः किं जनयति ? ।**
**एकाग्रमनः सन्निवेशनया नु चित्तनिरोधं करोति ॥ २७ ॥**

**અર્થ** – શ્રુતારાધના, એકાગ્ર મનની સ્થાપનાથી જ થાય છે. તો હે ભગવન્ ! એકાગ્ર મનઃસંનિવેશનાથી જીવ કયા ગુણને મેળવે છે ? એક શુભ આલંબન રૂપ અગ્રમાં-ધ્યેયમાં સ્થાપના રૂપ એકાગ્ર મનઃસંનિવેશનાથી કદાચ ઉન્માર્ગમાં ગયેલ ચિત્તના નિયંત્રણ રૂપ નિરોધને જીવ કરે છે. (૨૭-૧૧૧૭)

**संजमेणं भंते ! जीवे किं जणयइ ? ।**
**संजमेणं अणण्हयत्तं जणयइ ॥ २८ ॥**

**संयमेन भदन्त ! जीवः किं जनयति ? ।**
**संयमेनानंहस्कत्वं जनयति ॥ २८ ॥**

**અર્થ** – આ બધું સંયમવંતને સફળ છે. તો હે ભગવન્ ! સંયમથી જીવ કયા ગુણને મેળવે છે ? આશ્રવોની વિરતિ રૂપ સંયમથી પાપકર્મોના અભાવવાળો જીવ બને છે. સંયમ હોવા છતાં તપ વગર કર્મનો ક્ષય નથી માટે તપને કરે છે. (૨૮-૧૧૧૮)

**तवेणं भंते ! जीवे किं जणयइ ? ।**
**तवेणं वोदाणं जणयइ ॥ २९ ॥**

**तपसा भदन्त ! जीवः किं जनयति ? ।
तपसा व्यवदानं जनयति ॥ २९ ॥**

**अर्थ** – સંયમ હોવા છતાં તપ વગર કર્મનો ક્ષય નથી. તો હે ભગવન્ તપથી જીવ કયો ગુણ મેળવે છે ? તપસ્યાથી જીવ, પૂર્વે બાંધેલ કર્મમલના નાશથી વિશિષ્ટ શુદ્ધિ રૂપ વ્યવદાનને પામે છે. (૨૯-૧૧૧૯)

**वोदाणेणं भंते ! जीवे किं जणयइ ? वोदाणेणं अकिरिअं जणयइ, अकिरिआए भवित्ता तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिनिव्वाइ, सव्वदुक्खाणमंतं करेइ ॥ ३० ॥**

**व्यवदानेन भदन्त ! जीवः किं जनयति ? व्यवदानेनाक्रियां जनयति, अक्रियाको भूत्वा ततः पश्चात् सिध्यति बुध्यते मुच्यते परिनिर्वाति सर्वदुःखानामन्तं करोति ॥ ३० ॥**

**अर्थ** – હે ભગવન્ ! વ્યવદાનથી જીવ કયું ફળ મેળવે છે ? વ્યવદાનથી વ્યુપરતક્રિયા નામના શુક્લધ્યાનના ચોથા ભેદને પામે છે. વ્યુપરતક્રિયા નામના શુક્લધ્યાનવર્તી બનીને જીવ અર્થની સિદ્ધિવાળો જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગથી વસ્તુતત્ત્વને જાણનારો અને સંસારથી છૂટનારો થઈ પરિનિર્વાણપદ પામી સર્વ દુઃખોનો અંત કરે છે. (૩૦-૧૧૨૦)

**सुहासएणं भंते ! जीवे किं जणयइ ? सुहसाएणं अणुस्सुअत्तं जणयइ, अणुस्सुएणं जीवे अणुकंपए अणुब्भडे विगयसोए चरित्तमोहणिज्जं कम्मं खवेइ ॥ ३१ ॥**

**सुखशातेन भदन्त ! जीवः किं जनयति ? सुखशातेन अनुत्सुकत्वं जनयति, अनुत्सुकश्च जीवो अनुकम्पकोऽनुद्भटो विगतशोकश्चारित्रमोहनीयं कर्म क्षपयति ॥ ३१॥**

**अर्थ** – વ્યવદાન વિષયસુખની સ્પૃહાના નાશથી થાય છે. તો હે ભગવન્ ! સુખશાતથી જીવ કયો ગુણ મેળવે છે ? વિષય સંબંધી સુખના, સુખગત સ્પૃહાના અભાવ દ્વારા વિનાશ રૂપ સુખશાતથી વિષયસુખ તરફ નિઃસ્પૃહતા રૂપ અનુત્સુકપણાને જીવ પામે છે. અનુત્સુક જીવ દુઃખિયા તરફ દયાળુ બને છે, (સુખોત્સુક જીવ મારતા પણ પ્રાણીને જોતાં સ્વસુખમાં રસિક જ થાય, પરંતુ દયાળુ બનતો નથી.) ઉદ્ભટ બનતો નથી અને ઐહિક વસ્તુનો નાશ થવા છતાં પણ શોક કરતો નથી, કેમ કે-મુક્તિપદમાં સ્પૃહા બાંધેલી છે. આવા પ્રકારનો આત્મા ઉત્કૃષ્ટ શુભ ભાવના કારણે ચારિત્રમોહનીય કર્મ ખપાવે છે. (૩૧-૧૧૨૧)

**अप्पडिबद्धयाएणं भंते ! जीवे किं जणयइ ? अप्पडिबद्धयाएणं निस्संगत्तं जणयइ, निस्संगत्तए अ णं जीवे एगे एगग्गचित्ते दिआ अ राओ असज्जमाणे अप्पडिबद्धे आवि विहरइ ॥ ३२ ॥**

अप्रतिबद्धतया भदन्त ! जीवः किं जनयति ? अप्रतिबद्धतया निःसङ्गत्वं जनयति निःसङ्गत्वगतश्च नु जीव एको एकाग्रचित्तो दिवा च रात्रौ चाऽसजनप्रतिबद्धश्चापि विहरति ॥३२॥

**અર્થ** – સુખનું શાતન અનાસક્તિ-અપ્રતિબદ્ધતાથી થાય, તો હે ભગવન્ ! અપ્રતિબદ્ધતાથી જીવ કયા ગુણને પામે છે ? મનની અનાસક્તિ રૂપ અપ્રતિબદ્ધતાથી જીવ બાહ્ય સંગના ત્યાગ રૂપ નિઃસંગતાને પામે છે. નિઃસંગતાને પામેલો જીવ, રાગ વગેરેથી રહિત-એકલો, ધર્મમાં એકતાન ચિત્તવાળો બની, દિવસ અને રાત્રિ-હંમેશાં બાહ્ય સંગનો ત્યાગ કરતો માસકલ્પ વિગેરે ઉદ્યતવિહારથી અપ્રતિબદ્ધ વિહારી બને છે. (૩૨-૧૧૨૨)

**विवित्तसयणासणयाए णं भंते ! जीवे किं जणयइ ? विवित्तसयणासणयाए णं चरित्तगुत्तिं जणयइ, चरित्तगुत्ते अणं जीवे विवित्ताहारे दढचरित्त एगंतरए मोक्खभावपडिवण्णे अट्ठविहं कम्मगंठिं निज्जरेइ ॥ ३३ ॥**

विविक्तशयनासनतया भदन्त ! जीवः किं जनयति ? विविक्तशयनासनतया नु चरित्रगुप्तिं जनयति, चरित्रगुप्तश्च नु जीवो विविक्ताहारो दृढचरित्रः एकान्तरतो मोक्षभावप्रतिपन्नोऽ-ष्टविधकर्मग्रन्थिं निर्जरयति ॥ ३३ ॥

**અર્થ** – અપ્રતિબદ્ધતાનો હેતુ વિવિક્ત શયનાસનતા છે. તો હે પ્રભુ ! વિવિક્ત શયનાસનતાથી જીવ કયા ગુણને મેળવે છે ? સ્ત્રી વગેરેથી રહિત શયન-આસન ઉપાશ્રયથી જીવ ચારિત્રની રક્ષા પામે છે. ચારિત્રની રક્ષાને પામેલો જીવ, વિગઈ વગેરે ઉત્તેજક વસ્તુરહિત આહારવાળો, ચારિત્રની દઢતાવાળો, એકાન્તે સંયમમાં પરાયણ અને 'મોક્ષ જ મારે સાધવાનો છે'- એવા અભિપ્રાયવાળો, આઠપ્રકારી કર્મની ગાંઠને ક્ષપકશ્રેણીના સ્વીકારથી ખપાવે છે. (૩૩-૧૧૨૩)

**विणिवट्टणयाएणं भंते ! जीवे किं जणयइ ? विणिवट्टणयाएणं पावकम्माणं अकरणयाए अब्भुट्ठेइ, पूव्वबद्धाण य निज्जरणयाए तं निअत्तेइ तओ पच्छा चाउरंतसंसारकंतारं विईवयइ ॥ ३४ ॥**

विनिवर्त्तनया भदन्त ! जीवः किं जनयति ? विनिवर्त्तनया पापकर्मणामकरणेनाभ्युत्तिष्ठति पूर्वबद्धानां च निर्जरणया तन्निवर्त्तयति, ततः पश्चाच्चतुरन्तं संसारकान्तारं व्यतिव्रजति ॥ ३४ ॥

**અર્થ** – વિવિક્ત શયનાસનતામાં જ વિનિવર્ત્તના હોય છે. તો હે ભગવન્ ! વિનિવર્ત્તનાથી જીવ કયા ગુણને પામે છે ? વિષયોમાંથી આત્માને

પરાઙ્મુખ કરવા રૂપ વિનિવર્ત્તનાથી જ્ઞાનાવરણીય વગેરે પાપકર્મોને નહિ કરવાથી યાને નવાં પાપકર્મોને નહિ ઉપાર્જન દ્વારા મોક્ષ માટે જીવ ઉભો થાય છે. પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરાથી તે પાપકર્મોનો નાશ કરે છે. ત્યાર પછી તે ચાર ગતિ રૂપ સંસારકાન્તારને લંઘી જાય છે-મોક્ષ પામે છે. (૩૪-૧૧૨૪)

**संभोगपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ? संभोगपच्चक्खाणेणं आळंबणाइं खवेइ, निराळंबणस्सय आययट्ठिआ जोगा भवंति, सएणं लाभेणं तुस्सइ, परस्स लाभं नो आसाएइ, नो तक्केइ, नो पत्थइ, नो अभिलसइ । परस्स लाभं अणासाएमाणे अतक्केमाणे अपीहेमाणे अपत्थेमाणे अणभिलसेमाणे दोच्चं सुहसिज्जं उपसंपज्जित्ताणं विहरइ ॥ ३५ ॥**

सम्भोगप्रत्याख्यानेन भदन्त ! जीवः किं जनयति ? सम्भोगप्रत्याख्यानेन आलम्बनानि क्षपयति, निरालम्बनस्य चायतार्थिका योगा भवन्ति, स्वकेन लाभेन तुष्यति, परस्य लाभं नो आस्वादयति, नो तर्कयति, नो स्पृहयत, नो अभिलषति । परस्य लाभमनास्वादयन्नतर्कयन्नऽ-स्पृहयन्नऽप्रार्थयमानोऽनभिलषन् द्वितीयां सुखशय्यामुपसम्पद्य विहरति ॥ ३५ ॥

**अर्थ** – વિષયોથી વિરત કોઈ એકને સંભોગપ્રત્યાખ્યાન થાય છે. તો હે ભગવન્ ! સંભોગપ્રત્યાખ્યાનથી જીવ કયો ગુણ મેળવે છે ? એક મંડલીમાં ભોજન રૂપ-અન્ય મુનિએ આપેલ આહાર આદિના ગ્રહણ રૂપ સંભોગના ગીતાર્થ પણામાં જિનકલ્પ વગેરે ઉદ્યતવિહારના સ્વીકાર દ્વારા પ્રત્યખ્યાનપરિહારથી ગ્લાનપણા વગેરે રૂપ આલંબનો જીવ દૂર કરે છે. નિરાલંબનને મોક્ષ રૂપ પ્રયોજનવાળા વ્યાપારો થાય છે. જીવ પોતાના લાભથી ખુશ થાય છે, પરના લાભને ભોગવતો નથી-વિચારતો નથી-પ્રાર્થના કરતો નથી કે ઇચ્છતો નથી. પરના લાભને નહિ ભોગવતો-વિચારતો-પ્રાર્થતો કે ઇચ્છતો જીવ બીજી સુખશય્યાને પામી વિચરે છે. (૩૫-૧૧૨૫)

**उवहिपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ? उवहिपच्चक्खाणेणं अपलिमंथं जणयइ, निरुवहिएणं जीवे निक्कंखे उवहिभंतरेण य न संकिलिस्सइ ॥ ३६ ॥**

उपधिप्रत्याख्यानेन भदन्त ! जीवः किं जनयति ? उपधिप्रत्याख्यानेनाऽपरिमन्थं जनयति, निरुपधिको नु जीवो निष्कांक्षो उपधिमन्तरेण च न संक्लिश्यते ॥ ३६ ॥

**अर्थ** – સંભોગપ્રત્યાખ્યાન કરનારને ઉપધિપ્રત્યાખ્યાન પણ થાય છે. તો હે પ્રભુ ! ઉપધિપ્રત્યાખ્યાનથી જીવ કયો ગુણ પામે છે ? રજોહરણ અને મુહપત્તિ

સિવાયની ઉપધિના પ્રત્યાખ્યાનથી સ્વાધ્યાયની ક્ષતિ રૂપ પરિમંથના અભાવને જીવ પામે છે. ઉપધિ વગરનો જીવ, વસ્ત્ર વગેરેની અભિલાષા વગરનો બની ઉપધિ સિવાય શારીરિક કે માનસિક સંકલેશને અનુભવતો નથી. (૩૬-૧૧૨૬)

**आहारपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ? आहारपच्चक्खाणेणं जीविआसंसप्पओगं वोच्छिंदइ, जीविआसंसप्पओगं वोच्छिंदित्ता जीवे आहारमंतरेणं न संकिलिस्सइ ॥ ३७ ॥**

**आहारप्रत्याख्यानेन भदन्त ! जीवः किं जनयति ? आहारप्रत्याख्यानेन जीविताशंसाप्रयोगं व्यवच्छिनत्ति, जीविताशंसाप्रयोगं व्यवच्छिद्य जीव आहारमन्तरेण न संक्लिश्यते ॥ ३७ ॥**

**अर्थ** – ઉપધિપ્રત્યાખ્યાનવાળા જિનકલ્પી વગેરેને આહાર આદિના અલાભમાં ઉપવાસ પણ થાય, કે જે ઉપવાસ આહાર-પ્રત્યાખ્યાન રૂપ હોય છે. તો હે ભગવન્ ! આહારપ્રત્યાખ્યાનથી જીવ કયા ગુણને મેળવે છે ? આહારપ્રત્યાખ્યાનથી જીવનમાં અભિલાષા કરવા રૂપ જીવિતાશંસા પ્રયોગને જીવ તેડે છે અર્થાત્ જીવન આહારને આધીન છે. આહારના પ્રત્યાખ્યાનમાં જીવિતની આશંસાનો અભાવ થાય છે જ. તે જીવિતાશંસા પ્રયોગને છેદીને જીવ, આહાર વિના સંક્લેશને અનુભવતો નથી યાને ઉત્કૃષ્ટ તપ કરવા છતાંય બાધાનો અનુભવ કરતો નથી. (૩૭-૧૧૨૭)

**कसायपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ? कसायपच्चक्खाणेणं वीयरागभावं जणयइ, वीयरागभावं पडिवण्णे अणं जीवे समसुहदुक्खे भवइ ॥ ३८ ॥**

**कषायप्रत्याख्यानेन भदन्त ! जीवः किं जनयति ? कषायप्रत्याख्यानेन वीतरागभावं जनयति, वीतरागभावं प्रतिपन्नश्च नु जीवः समसुखदुःखो भवति ॥ ३८ ॥**

**अर्थ** – આ ત્રણ પ્રત્યાખ્યાનો કષાયના અભાવમાં સફલ છે. તો હે ભગવન્ ! કષાયના પ્રત્યાખ્યાનથી જીવ કયો ગુણ મેળવે છે ? ક્રોધ વગેરેના નિવારણ રૂપ કષાયના પ્રત્યાખ્યાનથી જીવ વીતરાગભાવને પામે છે. વીતરાગભાવને પામેલો જીવ, રાગ અને દ્વેષનો અભાવ થવાથી સરખા સુખ અને દુઃખવાળો થાય છે. (૩૮-૧૧૨૮)

**जोगपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ? जोगपच्चक्खाणेणं अजोगित्तं जणयइ, अजोगीणं जीवे नवं कम्मं न बंधइ, पुव्वबद्धं च निज्जरेइ ॥ ३९ ॥**

योगप्रत्याख्यानेन भदन्त ! जीवः किं जनयति ? योगप्रत्याख्यानेन अयोगित्वं जनयति, अयोगी नु जीवो नवं कर्म न बध्नाति, पूर्वबद्धं च निर्जरयति ॥ ३९ ॥

**અર્થ** – કષાય વગરનો પણ યોગપ્રત્યાખ્યાનથી મુક્ત થાય છે. તો હે પ્રભુ ! યોગપ્રત્યાખ્યાનથી જીવ કયા ગુણને પામે છે ? મન-વચન-કાયાના વ્યાપારના નિરોધ રૂપ યોગપ્રત્યાખ્યાનથી જીવ અયોગીપણાને પામે છે. અયોગી જીવ, સકલ બંધના હેતુઓનો અભાવ હોવાથી નવીન કર્મ બાંધતો નથી અને પૂર્વે બાંધેલ ભવોપગ્રાહી-અઘાતી ચાર કર્મોને ખપાવે છે. (૩૯-૧૧૨૯)

**सरीरपच्चक्खाणेणं भन्ते ! जीवे किं जणयइ ? सरीरपच्चक्खाणेणं सिद्धाइसयगुणत्तं निव्वत्तेइ, सिद्धाइसयगुणसंपन्ने अ णं जीवे लोगग्गमुवगए परमसुही भवइ ॥ ४० ॥**

शरीरप्रत्याख्यानेन भदन्तः, जीवः किं जनयति ? शरीरप्रत्याख्यानेन सिद्धातिशयगुणत्वं निर्वर्त्तयति सिद्धातिशयगुणसम्पन्नश्च नु जीवो लोकाग्रमुपगतः परमसुखी भवति ॥ ४० ॥

**અર્થ** – યોગપ્રત્યાખ્યાન કરનારને શરીરપ્રત્યાખ્યાન થાય છે. તો હે ભગવન્ ! શરીરપ્રત્યાખ્યાનથી જીવ કયો ગુણ મેળવે છે ? ઔદારિક આદિ શરીરના પ્રત્યાખ્યાનથી કૃષ્ણ નહિ, નીલ નહિ વગેરે સિદ્ધોના અતિશય ગુણોને જીવ પામે છે. સિદ્ધોના અતિશય ગુણોને પામેલો આત્મા, મુક્તિપદ રૂપ લોકના અગ્રને પામેલો પરમ સુખી બને છે. (૪૦-૧૧૩૦)

**सहायपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ? सहायपच्चक्खाणेणं एगीभावं जणयइ एगीभावभूए अ जीवे एगग्गं भावेमाणे अप्पझंझे अप्पकसाए अप्पकलहे अप्पतुमंतुमे संजमबहुले संवरबहुले समाहिए आवि भवइ ॥ ४१ ॥**

सहायप्रत्याख्यानेन भदन्त ! जीवः किं जनयति ? सहायप्रत्याख्यानेनैकोभावं जनयति, एकीभावभूतश्च जीव एकाग्र्यं भावयन्नल्पद्वंद्वोऽल्पकषायोऽल्पकलहोऽल्पत्वंत्वः संयमबहुलः समाहितश्चापि भवति ॥ ४१ ॥

**અર્થ** – સંભોગ વગેરે પ્રત્યાખ્યાનો પ્રાયઃ સહાયપ્રત્યાખ્યાનમાં જ સુકર બને છે. તો હે ભગવન્ ! સહાયપ્રત્યાખ્યાનથી જીવ કયો ગુણ મેળવે છે ? સહાયકારી સાધુઓના પ્રત્યાખ્યાન રૂપ સહાયપ્રત્યાખ્યાનથી તથાવિધ યોગ્યતાથી થનાર અભિગ્રહવિશેષથી એકત્વ રૂપ એકીભાવને જીવ પામે છે. એકત્વને પામેલો આત્મા, એક ધ્યેયનું ધ્યાન કરતો, જીભાજોડી-ઝઘડાથી પર

બનેલો, કષાયથી દૂર રહેલો અને સ્વલ્પ અપરાધી પ્રત્યે પણ 'તેં જ આ કર્યું, તું જ આમ કરે છે.' ઇત્યાદિ વારંવાર પ્રલાપથી પર બનેલો, સંયમની પ્રધાનતાવાળો, સંવર પુષ્કલતાવાળો અને જ્ઞાનાદિ સમાધિવાળો પણ બને છે. (૪૧-૧૧૩૧)

**भत्तपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ?**
**भत्त० अणेगाइं भवसयाइं निरुंभइ ॥ ४२ ॥**

**भक्तप्रत्याख्यानेन भदन्त ! जीवः किं जनयति ? ।**
**भक्त० अनेकानि भवशतानि निरुणद्धि ॥ ४२ ॥**

**અર્થ** – આવો આત્મા અંતે ભક્તપ્રત્યાખ્યાન કરે છે. તો હે પ્રભુ ! ભક્તપ્રત્યાખ્યાનથી જીવ કયા ગુણને પામે છે ? આહાર રૂપ ભક્તના પ્રત્યાખ્યાનથી અર્થાત્ ભક્તપરિજ્ઞા વગેરેથી અનેક સેંકડો ભવોના ભ્રમણને રોકે છે, કેમ કે-દૃઢ શુભ અધ્યવસાયથી સંસારને અલ્પ બનાવે છે-ટૂંકાવે છે. (૪૨-૧૧૩૨)

**सब्भावपच्चक्खाणेणं भंते ! जीवे किं जणयइ ? सब्भावपच्चक्खाणेणं अनिअट्टिं जनयति, अनियट्टिं पडिवन्ने अ अणगारे चत्तारि केवलिकम्मंसे खवेइ । तं जहा-वेअणिज्जं, आउअं, नामं, गोत्तं । तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिनिव्वाइ, सव्वदुक्खाणमंतं करेइ ॥ ४३ ॥**

**सद्भावप्रत्याख्यानेन भदन्त ! जीवः किं जनयति ? सद्भावप्रत्याख्यानेनानिवृत्तिं जनयति, अनिवृत्तिं प्रतिपन्नश्चानगारश्चत्वारि केवलिसत्कर्माणि क्षपयति । तद्यथा वेदनीयमायुर्नाम गोत्रं च, ततः पश्चात्सिध्यति, बुध्यते, परिनिर्वाति, सर्वदुःखानामन्तं करोति ॥ ४३ ॥**

**અર્થ** – સર્વ પ્રત્યાખ્યાનોમાં ઉત્તમ સદ્ભાવપ્રત્યાખ્યાન છે. તો હે ભગવન્ ! સદ્ભાવપ્રત્યાખ્યાનથી જીવ કયો ગુણ મેળવે છે ? સર્વથા ફરીથી કરવાનો અસંભવ હોવાથી પરમાર્થથી પ્રત્યાખ્યાન અર્થાત્ સર્વસંવર રૂપ-શૈલેશી રૂપ સદ્ભાવ-પ્રત્યાખ્યાનથી વ્યુપરતક્રિયા નામક શુક્લધ્યાનના ચોથા ભેદ રૂપ અનિવૃત્તિને જીવ પામે છે. અનિવૃત્તિને પામેલો અણગાર, વેદનીય-આયુષ્ય-નામ-ગોત્ર રૂપ ચાર કેવલીસત્કર્મ રૂપ ભવોપગ્રાહી કર્મોને ખપાવે છે. ત્યાર બાદ તે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-નિર્વાણપદસંપન્ન-સર્વ દુઃખોનો અંતકારી બને છે. (૪૩-૧૧૩૩)

**पडिरूवयाए णं भंते ! जीवे किं जणयइ ? पडिरूवयाए लाघविअं जणयइ, लहुब्भुए अ णं जीवे अप्पमत्त पागडलिंगे पसत्थलिंगे विसुद्धसम्मत्ते**

**सत्तसमिइसम्मत्ते सव्वपाणभूअजीवसत्तेसु वीससणिज्जरूवे अप्पडिलेहे जिइंदिए विउलतवसमिइसमन्नागए आवि भवइ ॥ ४४ ॥**

**प्रतिरूपतया भदन्त ! जीवः किं जनयति ? प्रतिरूपतया लाघविकतां जनयति, लघुभूतश्च नु जीवोऽप्रमत्तः प्रकटलिङ्गः प्रशस्तलिङ्गो विशुद्धसम्यक्त्वः समाप्त सत्यसमितिः सर्वप्राणभूतजीवसत्त्वेषु विश्वसनीयरूपोऽप्रत्युपेक्षो जितेन्द्रियो विपुलतपःसमितिसमन्वागतश्चापि भवति ॥ ४४ ॥**

**अर्थ –** સદ્ભાવપ્રત્યાખ્યાન પ્રાયઃ પ્રતિરૂપતામાં જ થાય. તો હે પ્રભુ ! પ્રતિરૂપતાથી જીવ કયો ગુણ મેળવે છે ? અધિક ઉપકરણત્યાગ રૂપ પ્રતિરૂપતાથી, દ્રવ્યથી સ્વલ્પ ઉપકરણ રૂપ અને ભાવથી મૂર્ચ્છાના અભાવ રૂપ લઘુતાવાળો જીવ બને છે. વળી લઘુતાવાળો જીવ, અપ્રમત્ત, સ્થવિરકલ્પીકાદિ રૂપથી જણાતા હોઈ પ્રકટ લિંગવાળો, જીવરક્ષાના હેતુભૂત રજોહરણ વગેરે ધારક હોઈ પ્રશસ્ત લિંગવાળો, વિશુદ્ધ સમકિતવાળો, પરિપૂર્ણ સત્ય અને સમિતિવાળો, સર્વ પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વોના વિશ્વસનીય રૂપ, કેમ કે-તેઓની પીડાનો પરિહાર કરનાર છે, અલ્પ ઉપધિવાળો હોઈ અલ્પ પ્રત્યુપેક્ષણાવાળો તથા જિતેન્દ્રિય, વિસ્તીર્ણ તપ અને સમિતિઓથી યુક્ત પણ થાય છે. (૪૪-૧૧૩૪)

**वेयावच्चेणं भंते ! जीवे किं जणयइ ? ।**
**वेया० तित्थयरनामगोअं कम्मं निबंधइ ॥ ४५ ॥**

**वैयावृत्त्येन भदन्त ! जीवः किं जनयति ? ।**
**वैया० तीर्थंकरनामगोत्रं कर्म निबध्नाति ॥ ४५ ॥**

**अर्थ –** પ્રતિરૂપતામાં વૈયાવૃત્યથી જ ઇષ્ટસિદ્ધિ છે. તો હે ભગવન્ ! વૈયાવૃત્યથી જીવ કયા ગુણને પામે છે ? વૈયાવૃત્યથી જીવ શ્રી તીર્થંકરનામકર્મને બાંધે છે અર્થાત્ તીર્થંકર બને છે. (૪૫-૧૧૩૫)

**सव्वगुणसंपन्नयाए णं भंते ! जीवे किं जणयइ ? सव्वगुणसंपन्नयाए णं अपुणरावत्तिं जणयइ, अपुणरावत्तिं पत्तए अ णं जीवे सारीरमाणसाणं दुक्खाणं नो भागी भवइ ॥ ४६ ॥**

**सर्वगुणसम्पन्नतया भदन्त ! जीवः किं जनयति ? सर्वगुणसम्पन्नतया अपुनरावृत्तिं जनयति, अपुनरावृत्तिप्राप्तकश्च नु जीवः शारीरमानसानां दुःखानां नो भागी भवति ॥ ४६ ॥**

**અર્થ –** તીર્થંકર ભગવાન સર્વગુણસંપન્ન હોય છે. તો હે પ્રભુ ! સર્વગુણસંપન્નતાથી જીવ કયો ગુણ મેળવે છે ? જ્ઞાનાદિ સર્વગુણસંપન્નતાથી જીવ અપુનરાવૃત્તિ રૂપ મુક્તિને પામે છે. મુક્તિને પામેલો જીવ, દુઃખના હેતુભૂત શરીર-મનનો અભાવ હોવાથી શારીરિક-માનસિક દુઃખોનો ભાગી બનતો નથી. (૪૬-૧૧૩૬)

**वीअरागयाए णं भंते ! जीवे किं जणयइ ? वीअरागयाए णं णेहाणुबंधणाणि तण्हाणुबंधणाणि अ वोच्छिदइ मणुण्णामणुण्णेसु सद्द-फरिस-रूव-रस-गंधेसु विरज्जइ ॥ ४७ ॥**

**वीतरागतया भदन्त ! जीवः किं जनयति ? वीतरागतया स्नेहानुबन्धनानि तृष्णानुबन्धनानि च व्यवच्छिनत्ति । मनोज्ञाऽमनोज्ञेषु शब्दस्पर्शरूपरसगन्धेषु विरज्यते ॥ ४७ ॥**

**અર્થ –** સર્વ ગુણવત્તા શ્રી વીતરાગતામાં જ થાય છે. તો હે ભગવન્ ! વીતરાગતાથી જીવ કયો ગુણ મેળવે છે ? રાગ-દ્વેષના વિનાશ રૂપ વીતરાગતાથી પુત્રાદિ વિષયક સ્નેહ રૂપ અનુકૂલ બંધનોને અને લોભ-તૃષ્ણા રૂપ અનુકૂલ બંધનોને જીવ છેદે છે. તે શુભાશુભ શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધોમાં વૈરાગ્યવાળો બને છે. (૪૭-૧૧૩૭)

**खंतीए णं भंते ! जीवे किं जणयइ ? ।**
**खंतीए णं परीसहे जिणइ ॥ ४८ ॥**

**क्षान्त्या भदन्त ! जीवः किं जनयति ? ।**
**क्षान्त्या परीषहान् जयति ॥ ४८ ॥**

**અર્થ –** વીતરાગનું મૂલ ક્ષમા છે. તો હે પ્રભુ ! ક્ષમાથી જીવ કયા ગુણને પામે છે ? ક્રોધના જય રૂપ ક્ષમાથી વધ વગેરે પરીષહોને જીવ જીતે છે. (૪૮-૧૧૩૮)

**मुत्तीए णं भंते ! जीवे किं जणयइ ? मुत्तीए णं अकिंचणं जणयइ, अकिंचणे अ जीवे अत्थलोलाणं पुरिसाणं अपत्थणिज्जो हवइ ॥ ४९ ॥**

**मुक्त्या भदन्त ! जीवः किं जनयति ? मुक्त्या नु अकिंचनत्वं जनयति, अकिंचनश्च जीवोऽर्थलोलानां पुरुषाणामप्रार्थनीयो भवति ॥ ४९ ॥**

**અર્થ –** ક્ષમા, સંતોષથી દૃઢ થાય છે. તો હે ભગવન્ ! મુક્તિથી જીવ કયો ગુણ મેળવે છે ? નિર્લોભતા રૂપ મુક્તિથી જીવ નિષ્પરિગ્રહણપણું પામે છે. અપરિગ્રહી આત્મા અર્થલોભી ચોર આદિ પુરૂષોને અનિચ્છનીય બને છે. (૪૯-૧૧૩૯)

**अज्जवयाए णं भंते ! जीवे किं जणयइ ? अज्जवयाए णं काउज्जुअयं भावुज्जुअयं भासुज्जुअयं अविसंवायणं जणयइ, अविसंवायणसंपन्नाए अ णं जीवे धम्मस्स आराहए भवइ ॥ ५० ॥**

**आर्जवेन भदन्त ! जीवः किं जनयति ? आर्जवेन नु कायर्जुकतां भावर्जुकतां भाषर्जुकतामविसंवादनं जनयति, अविसंवादनसम्पन्नतया च नु जीवो धर्मस्याराधको भवति ॥ ५० ॥**

**અર્થ –** લોભના અભાવમાં માયાનો પણ અભાવ થાય છે. તો હે પ્રભુ ! આર્જવથી જીવ કયા ગુણને પામે છે ? માયાના અભાવ રૂપ ઋજુતાથી કુબ્જ વગેરે વેષ, ભ્રૂવિકાર આદિ નહિ કરવાથી કાયાની સરલતાને, બીજું વિચારતો લોકભક્તિ વગેરેના નિમિત્તે બીજું બોલે કે કરે તેના પરિહાર રૂપ ભાવની સરલતાને, ઉપહાસ વગેરેના હેતુએ અન્ય દેશની ભાષાથી બોલવાના ત્યાગ રૂપ ભાષાની સરલતાને અને બીજાને નહિ ઠગવા રૂપ અવિસંવાદને જીવ પામે છે. કાયા આદિની સરલતાને અને અવિસંવાદને પામેલો આત્મા ધર્મનો આરાધક બને છે, કેમ કે-ભવાન્તરમાં પણ ઋજુતાની પ્રાપ્તિ થાય છે. (૫૦-૧૧૪૦)

**मद्दवयाए णं भंते ! जीवे किं जणयइ ? ।**
**मद्द० मिउमद्दवसंपन्ने अट्ठमयट्ठाणाइं निट्ठवेइ ॥ ५१ ॥**

**मार्दवेन भदन्त ! जीवः किं जनयति ? ।**
**मा० मृदुमार्दवसम्पन्नोऽष्टमदस्थानानि निष्ठापयति ॥ ५१ ॥**

**અર્થ –** આવા ગુણની વિનયથી જ ઇષ્ટસિદ્ધિ થાય છે તો હે ભગવન્ ! મૃદુતાથી જીવ કયો ગુણ મેળવે છે ? મૃદુતાના અભ્યાસથી, દ્રવ્યથી કોમલ તે મૃદુ અને ભાવથી નમનશીલ મૃદુની સદા કોમલતા રૂપ મૃદુતાથી સંપન્ન બનેલો જીવ મદના આઠ સ્થાનોને ખપાવે છે. (૫૧-૧૧૪૧)

**भावसच्चे णं भंते ! जीवे किं जणयइ ? भावसच्चेणं भावविसोहिं जणयइ, भावविसोहिए वट्टमाणे जीवे अरहंतपण्ण-त्तस्स धम्मस्स आराहणयाए अब्भट्ठेइ अरहंतपण्णत्तस्स धम्मस्स आराहणयाए अब्भुट्ठित्ता परलोअधम्मस्स आराहए भवइ ॥ ५२ ॥**

**भावसत्येन भदन्त ! जीवः किं जनयति ? भावसत्येन भावविशुद्धिं जनयति, भावविशुद्धया च वर्तमानो जीवोऽर्हत्प्रज्ञप्तस्य धर्मस्याराधनायाभ्युत्तिष्ठते, अर्हत्प्रज्ञप्तस्य धर्मस्याराधनायाभ्युत्थाय परलोकधर्मस्याराधको भवति ॥ ५२ ॥**

**અર્થ –** તત્ત્વથી સત્યસ્થિતને મૃદુતા હોય, માટે પ્રધાનભૂત ભાવસત્ય છે. તો હે પ્રભુ ? ભાવસત્યથી જીવ કયા ગુણને પામે છે ? પારમાર્થિક સત્યતા રૂપ-શુદ્ધ અંતરાત્મતા રૂપ ભાવસત્યથી જીવ અધ્યવસાયની વિશુદ્ધિને પામે છે. ભાવવિશુદ્ધિમાં વર્તતો આત્મા શ્રી અરિહંત ભગવંતકથિત ધર્મની આરાધના માટે ઉત્સાહી બને છે. શ્રી અરિહંત-પ્રજ્ઞપ્ત ધર્મની આરાધનાથી અને આરાધના માટે ઉત્સાહી બની, પરલોકમાં શ્રી જિનધર્મની પ્રાપ્તિ દ્વારા કે વિશિષ્ટ ભવાન્તરની પ્રાપ્તિ દ્વારા જીવ, પરલોકહિતકારી ધર્મનો આરાધક બને છે. (૫૨-૧૧૪૨)

**करणसच्चेणं भंते ! जीवे किं जणयइ ? करणसच्चेणं करणसत्तिं जणयइ करणसच्चे अ वट्टमाणे जीवे जहावाई तहाकारी आवि भवइ ॥५३॥**

**करणसत्येन भदन्त ! जीवः किं जनयति ? करणसत्येन करणशक्तिं जनयति, करणसत्ये च वर्तमानो यथावादी तथाकारी चापि भवति ॥ ५३ ॥**

**અર્થ –** ભાવસત્ય હોય તો જ કરણસત્ય થાય છે. તો હે ભગવન્ ! કરણસત્યથી જીવ કયો ગુણ મેળવે છે ? જીવ, પ્રતિલેખના વગેરે ક્રિયાને ઉપયોગવાળો બની કરે છે. તદ્રૂપ કરણસત્યથી અપૂર્વ અપૂર્વ શુભ ક્રિયાને અને ક્રિયા સામર્થ્ય રૂપ કરણશક્તિને જીવ પામે છે. (૫૩-૧૧૪૩)

**जोगसच्चेणं भंते ! जीवे किं जणयइ ? ।**
**जोगसच्चेणं जोगे विसोहेइ ॥ ५४ ॥**

**योगसत्येन भदन्त ! जीवः किं जनयति ? ।**
**योगसत्येन योगान् विशोधयति ॥ ५४ ॥**

**અર્થ –** કરણસત્યમાં વર્તતો યથાવાદી તથાકારી થાય છે, માટે તે મુનિના યોગસત્યને કહે છે. તો હે ભગવન્ ! યોગસત્યથી જીવ કયા ગુણને પામે છે ? જીવ, મન-વચન-કાય-સત્ય રૂપ યોગસત્યથી યોગોને વિશુદ્ધ બનાવે છે, અર્થાત્ ક્લિષ્ટ કર્મના બંધનો અભાવ થવાથી નિર્દોષ, યોગોને કરે છે. (૫૪-૧૧૪૪)

**मणगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ? मणगुत्तयाए णं जीवे एगग्गं जणयइ एगग्गचित्ते णं जीवे मणगुत्ते संजमाराहए भवइ ॥ ५५ ॥**

**मनोगुप्ततया भदन्त ! जीवः किं जनयति ? मनोगुप्ततया जीवः ऐकाग्रय जनयति, एकाग्रचित्तो नु जीवो मनोगुप्तः संयमाराधको भवति ? ॥ ५५ ॥**

**અર્થ –** યોગસત્ય, ગુપ્તિવાળાને થાય છે. તો હે પ્રભુ ! મનોગુપ્તતાથી જીવ કયા ગુણને પામે છે ? મનોગુપ્તિ રૂપ મનોગુપ્તતાથી જીવ ધર્મમાં એકતાનચિત્તપણા રૂપ એકાગ્રતાને પામે છે. એકાગ્ર ચિત્તવાળો આત્મા અશુભ

અધ્યવસાયોમાં જતા ચિત્તની રક્ષા કરનારો-મનોગુપ્ત સંયમનો આરાધક બને છે. (૫૫-૧૧૪૫)

**वइगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ? वइगुत्तयाए णं निव्विआरत्तं जणयइ, निव्विआरेणं जीवे वइगुत्तो अज्झप्पजोगसाहणजुत्ते आवि भवइ ॥ ५६ ॥**

**वाग्गुप्ततया भदन्त ! जीवः किं जनयति ? वाग्गुप्ततया निर्विकारत्वं जनयति, निर्विकारो जीवो वाग्गुप्तोऽध्यात्मयोगसाधनयुक्तश्चापि भवति ॥ ५६ ॥**

**અર્થ –** વચોગુપ્તતાથી હે ભગવન્ ! જીવ કયા ગુણને પામે છે ? શુભ વચનના ઉચ્ચારણ રૂપ વાગ્ગુપ્તતાથી વિકથા વગેરે રૂપ વાણીવિકારના અભાવ રૂપ જીવ નિર્વિકારપણાને પામે છે. નિર્વિકારી જીવ સર્વથા વચનનિરોધ રૂપ વાગ્ગુપ્તિવાળો મનોવ્યાપાર રૂપ ધર્મધ્યાનાદિના એકાગ્રતા આદિ સાધનોથી યુક્ત બને છે, અર્થાત્ વિશિષ્ટ વચનગુપ્તિ વગરનો ચિત્તની એકાગ્રતા આદિને ભજનારો થતો નથી. (૫૬-૧૧૪૬)

**कायगुत्तयाए णं भंते ! जीवे किं जणयइ ? कायगुत्तयाए णं संवरं जणयइ, संवरेणं कायगुत्ते पुणो पावासवनिरोहं करेइ ॥ ५७ ॥**

**कायगुप्ततया भदन्त ! जीवः किं जनयति ? कायगुप्ततया संवरं जनयति, संवरेण कायगुप्तः पुनः पापाश्रवनिरोधं करोति ॥ ५७ ॥**

**અર્થ –** હે ભગવન્ ! કાયગુપ્તતતાથી જીવ કયા ગુણને પામે છે ? શુભ યોગપ્રવૃત્તિ રૂપ કાયગુપ્તિથી અશુભ યોગ નિરોધ રૂપ સંવરને જીવ પામે છે. સંવરના અભ્યાસથી કાયગુપ્ત બનેલો જીવ, ફરીથી સર્વથા કાયિક વ્યાપારનો નિરોધ કરનારો પાપકર્મના ઉપાદાન રૂપ પાપ આશ્રવનો નિરોધ કરે છે. (૫૭-૧૧૪૭)

**मणसमाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ? मणसमाहारणयाए णं एगग्गं जणयइ, एगग्गं जणइत्ता नाणपज्जवे जणयइ, नाणपज्ज वे जणइत्ता सम्मत्तं विसोहेइ, मिच्छत्तं विनिज्जरेइ ॥ ५८ ॥**

**मनः समाधारणया भदन्त ! जीवः किं जनयति ? मनःसमाधारणया ऐकाग्रयं, जनयति ऐकाग्रयं जनयितत्वा ज्ञानपर्यवान् जनयति, ज्ञानपर्यवान् जनयित्वा सम्यक्त्वं विशोधयति, मिथ्यात्व निर्जरयति ॥५८॥**

**અર્થ –** ગુપ્તિઓથી ક્રમશઃ મનઃસમાધારણ વગેરેનો સંભવ છે. તો હે પ્રભુ ! મનઃસમાધારણાથી જીવ કયો ગુણ મેળવે છે ? સારી રીતે આગમમાં કહેલ ભાવની વ્યાપ્તિથી મનની વ્યવસ્થાપના રૂપ મનઃસમાધારણાથી જીવ

એકાગ્રતાને પામે છે. એકાગ્રતાને પેદા કરીને જીવ વિશિષ્ટ-વિશિષ્ટતર શ્રુત-તત્ત્વના અવબોધ રૂપ જ્ઞાનપર્યાયોને પેદા કરે છે. જીવ જ્ઞાનપર્યાયોને ઉત્પન્ન કરી સમ્યક્ત્વને શુદ્ધ બનાવે છે, કેમ કે-તત્ત્વજ્ઞાનની શુદ્ધિમાં તત્ત્વવિષય શ્રદ્ધાની પણ શુદ્ધિ થાય છે અને એથી જ મિથ્યાત્વની નિર્જરા કરે છે. (૫૮-૧૧૪૮)

**वयसमाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ? वयसमाहारणयाए णं वयसाहारणदंसणपज्जवे विसोहेइ, वयसाहारणदंसणपज्जवे विसोहित्ता सुलहबोहित्तं निव्वत्तेइ, दुल्लहबोहित्तं निज्जरेइ ॥ ५९ ॥**

**वाक्समाधारणया भदन्त ! जीवः किं जनयति ? वाक्समाधारणया वाक्साधारणदर्शनपर्यवाः विशोधयति, वाक्साधारणदर्सनपर्यवान्विशोधयित्वा ( विशोध्य ), सुलभबोधित्वं निर्वर्तयति, दुर्लभबोधित्वं निर्जरयति ॥ ५९ ॥**

**અર્થ** – હે ભગવન્ ! વચનસમાધારણાથી જીવ કયા ગુણને પામે છે ? જીવ, સ્વાધ્યાયમાં જ વચનની સ્થાપના રૂપ વચનસમાધારણાથી વાણીના વિષય રૂપ પ્રજ્ઞાપનીય પદાર્થ વિષય સમ્યક્ત્વ વિશેષ રૂપ વાક્સાધારણ દર્શનપર્યાયોને વિશુદ્ધ કરે છે, અર્થાત્ દ્રવ્યાનુયોગના અભ્યાસથી તે પદાર્થ રૂપ વિષયની શંકાદિ રૂપ મલિનતાને દૂર કરવા દ્વારા વિશુદ્ધ બનાવે છે. જીવ, વાક્સાધારણ દર્શનપર્યાયોને વિશુદ્ધ બનાવી સુલભબોધિતાને પામે છે અને દુર્લભબોધિતાની નિર્જરા કરે છે. (૫૯-૧૧૪૯)

**कायसमाहारणयाए णं भंते ! जीवे किं जणयइ ? कायसमाधारणयाए णं चरित्तपज्जवे विसोहेइ, चरित्तपज्जवे विसोहित्ता अहक्खायचरित्तं विसोहेइ अहक्खायचरित्तं विसोहित्ता चत्तारिकेवलीकम्मंसे खवेइ तओ पच्छा सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिनिव्वाइ सव्वदुखाणमंतं करेइ ॥ ६० ॥**

**कायसमाधारणया भदन्त ! जीवः किं जनयति ? कायसमाधारणया चरित्रपर्यवान्विशोधयति, चरित्रपर्यवान्विशोध्य यथाख्यातचारित्रं विशोधयति यथाख्यातचारित्रं विशोध्य चत्वारि केवलिसत्कर्माणि क्षपयति, ततः पश्चात्सिध्यति, बुध्यते, मुच्यते, परिनिर्वाति, सर्वदुःखानामन्तं करोति ॥ ६० ॥**

**અર્થ** – હે ભગવન્ ! કાયસમાધારણાથી જીવ કયા ગુણને પામે છે ? જીવ સંયમના યોગોમાં શરીરને સારી રીતિએ વાપરવા રૂપ કાયસમાધારણાથી ક્ષાયોપશમિક ચારિત્રના ભેદ રૂપ ચારિત્રપર્યાયોને વિશુદ્ધ કરે છે, ચારિત્રપર્યાયોને વિશુદ્ધ બનાવી યથાખ્યાત ચારિત્રને વિશુદ્ધ કરે છે, યથાખ્યાત ચારિત્રને વિશુદ્ધ કરી ચાર-કેવલીમાં વિદ્યમાન ભવોપગ્રાહી વેદનીયાદિ અઘાતી કર્મોને ખપાવે છે

અને ત્યાર બાદ સિદ્ધ બુદ્ધ-મુક્ત-પરિનિર્વાણપદસંપન્ન-સર્વ દુઃખોનો અંતકારી બને છે. (૬૦-૧૧૫૦)

**नाणसंपन्नयाए णं भंते ! जीवे किं जणयइ ? नाणसंपन्नयाए णं सव्वभावाहिगमं जणयइ, नाणसंपन्ने अ णं जीवे चाउरंते संसारकंतारे न विणस्सइ,**

**"जहा सूई ससुत्ता पडिआवि न विणस्सइ ।**
**तहा जीवे ससुत्ते संसारे न विणस्सइ ॥"**
**नाणविणयतवचरित्तजोगे संपाउणइ ।**
**ससमयपरसमयसंघायणिज्जे भवइ ॥ ६१ ॥**

ज्ञानसम्पन्नतया भदन्त ! जीवः किं जनयति ? ज्ञानसम्पन्नतया सर्वभावाभिगमं जनयति, ज्ञानसम्पन्नश्च जीवश्चतुरन्ते संसारकान्तारे न विनश्यति,

"यथा सूची ससूत्रा पतितापि न विनश्यति ।
तथा जीवः ससूत्रः संसारे न विनश्यति ॥"
ज्ञानविनयतपश्चारित्रयोगान् सम्प्राप्नोति ।
स्वसमयपरसमयसंघातनीयो भवति ॥ ६१ ॥

**અર્થ** – ત્રણ સમાધારણાઓથી ત્રણ જ્ઞાન વગેરેની વિશુદ્ધિ કહી. હવે તેનું ફલ દર્શાવે છે. હે ભગવન્ ! જ્ઞાન સંપન્નતાથી જીવ કયો ગુણ મેળવે છે ? શ્રુતજ્ઞાન રૂપ જ્ઞાનસંપન્નતાથી સર્વ પદાર્થવિષયક બોધને જીવ પામે છે. જ્ઞાનસંપન્ન જીવ ચાર ગતિ રૂપ સંસાર-વનમાં મોક્ષમાર્ગથી વિશેષ દૂર થતા નથી. "જેમ દોરાથી બંધાયેલી સોય ઉકરડા વગેરેમાં પડેલી હોવા છતાં દૂર થતી નથી, તેમ શ્રુતરૂપી દોરાથી બંધાયેલ આત્મા સંસારમાં મોક્ષમાર્ગથી દૂર થતો નથી." એથી જ જીવ અવધિ વગેરે જ્ઞાન, વિનય, તપ અને ચારિત્રના વ્યાપારોને જીવ સારી રીતિએ પામે છે. સ્વશાસ્ત્ર-પરશાસ્ત્રવેત્તાઓને પ્રધાન પુરુષ હોઈ મળવાને યોગ્ય બને છે યાને શાસ્ત્રવેત્તાઓ આ મહાપુરુષને મેળવે છે. (૬૧-૧૧૫૧)

**दंसणसंपन्नयाए णं भंते ! जीवे किं जणयइ ? दंसणसंपन्नयाए णं भवमिच्छत्तच्छेअणं करेइ, परं न विज्जायइ, अणुत्तरेणं नाणदंसणेणं अप्पाणं संजोएमाणे सम्मं भावेमाणे विहरइ ॥**

दर्शनसम्पन्नतया भदन्त ! जीवः किं जनयति ? दर्शनसम्पन्नतया भवमिथ्यात्वच्छेदनं करोति, परं न विध्यायति, अनुत्तरेण ज्ञानदर्शनेनात्मानं संयोजयन्सम्यग्भावयन् विहरति ॥६२॥

**અર્થ –** હે ભગવન્ ! દર્શનસંપન્નતાથી જીવ કયા ગુણને પામે છે ? જીવ, ક્ષાયોપશમિક સમ્યક્ત્વપ્રાપ્તિ રૂપ દર્શનસંપન્નતાથી સંસારના હેતુભૂત મિથ્યાત્વનો ક્ષય કરે છે યાને ક્ષાયિક સમ્યક્ત્વને પામે છે. ત્યાર પછી ઉત્કૃષ્ટથી તેજ ભવમાં, મધ્યમ-જઘન્યની અપેક્ષાએ ત્રીજા કે ચોથા ભવમાં, કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં જ્ઞાન-દર્શન રૂપ પ્રકાશના અભાવ રૂપ વિધ્યાનને તે ક્ષાયિક સમકિતી પામતો નથી. પરંતુ ક્ષાયિક જ્ઞાન અને દર્શનની સાથે આત્માને જોડતો ક્ષાયિક સમકિતી અર્થાત્ જ્ઞાનની-દર્શનની સાથે આત્માને તન્મય બનાવતો ક્ષાયિક સમકિતી ભવસ્થ કેવલીપણાએ વિચરે છે. (૬૨-૧૧૫૨)

**चरित्तसंपन्नयाए ण भंते ! जीवे किं जणयइ ? चरित्तसंपन्नयाए णं सेलेसीभावं जणयइ, सेलेसीपडिवन्ने अ अणगारे चत्तारि केवलिकम्मंसे खवइ, तओ पच्छा सिज्झइ बुज्झइ मुच्चइ परिनिव्वाइ सव्वदुक्खाणमंतं करेइ ॥ ६३ ॥**

**चारित्रसम्पन्नतया भदन्त ! जीवः किं जनयति ? चारित्रसम्पन्नतया शैलेशीभावं जनयति, शैलेशीप्रतिपन्नश्चानगारो चत्वारि केवलिसत्कर्मणि क्षपयति, ततः पश्चात् सिध्यति, बुध्यते, मुच्यते, परिनिर्वाति, सर्वदुःखानामन्तं करोति ॥ ६३ ॥**

**અર્થ –** હે ભગવન્ ! ચારિત્રસંપન્નતાથી જીવ, કયો ગુણ મેળવે છે ? જીવ, ચારિત્રસંપન્નતાથી યોગનિરોધ કરનાર હોઈ, અત્યંત સ્થિરતાની અપેક્ષાએ શૈલેશ એટલે મેરૂપર્વત જેવો હોઈ મુનિ પણ શૈલેશ કહેવાય છે. તેની આ અવસ્થા શૈલેશી કહેવાય છે. શૈલેશી રૂપ અવસ્થાની ઉત્પત્તિ રૂપ શૈલેશી ભાવને જીવ પામે છે. શૈલેશી ભાવને પામેલો સાધુ કેવલીમાં વિદ્યમાન ચાર વેદનીયાદિ અઘાતી કર્મોને ખપાવે છે. બાદ જીવ, સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિર્વાણપદસંપન્ન સર્વ દુઃખોનો અંતકારી બને છે. (૬૩-૧૧૫૩)

**सोइंदियनिग्गहेणं भंते ! जीवे किं जणयइ ? सोइंदिअनिग्गहेणं मणुण्णामणुण्णेसु सद्देसु रागद्दोसनिग्गहं जणयइ, तप्पच्चइअं च नवं कम्मं न बंधइ, पुव्वबद्धं च निज्जरेइ ॥**

**श्रोत्रेन्द्रियनिग्रहेण भदन्त ! जीवः किं जनयति ? श्रोत्रेन्द्रियनिग्रहेण मनोज्ञामनोज्ञेषु शब्देषु रागद्वेषनिग्रहं जनयति, तत्प्रत्ययिकं च नवं कर्म न बध्नाति, पूर्वबद्धं च निर्जरयति ॥६४॥**

**અર્થ –** ચારિત્ર, પાંચેય ઈન્દ્રિયોના નિગ્રહથી જ થાય છે. તો હે પ્રભુ ! શ્રોત્રેન્દ્રિયનિગ્રહથી જીવ કયો ગુણ મેળવે છે ? વિષય સન્મુખ દોડતી શ્રોત્રેન્દ્રિયના

નિયમન રૂપ શ્રોત્રેન્દ્રિય નિગ્રહથી શુભાશુભ શબ્દોમાં રાગ અને દ્વેષના નિગ્રહને જીવ પામે છે. વળી તેથી શ્રોત્રેન્દ્રિય નિમિત્તે નવું કર્મ બંધાતું નથી એટલું જ નહિ, પરંતુ તે નિમિત્તે પૂર્વે બાંધેલું કર્મ ક્ષીણ થાય છે. (૬૪-૧૧૫૪)

**चक्खिदिअनिग्गहेणं भंते ! जीवे किंजणयइ ? चक्खिदियनिग्गहेणं मणुण्णामणुण्णेसु रूवेसु रागद्दोसनिग्गहं जणयइ, तप्पच्चइअं नवं कम्मं न बंधइ, पुव्वबद्धं च निज्जरेइ ॥ ६५॥ घाणिंदिएणं एवं चेव ॥ ६६ ॥ जिब्भिदिएवि ॥ ६७ ॥ फासिंदिएवि ॥ ६८ ॥ नवरं गंधेसु रसेसु फासेसु वत्तव्वं ॥ चतुर्भिःकलापकम् ॥**

**चक्षुरिन्द्रियनिग्रहेण भदन्त ! जीवः किं जनयति ? चक्षुरिन्द्रियनिग्रहेण मनोज्ञामनोज्ञेषु रूपेषु रागद्वेषनिग्रह जनयति, तत्प्रत्ययिकं नवं कर्म न बध्नाति, पूर्वबद्धं च निर्जरयति ॥ ६५ ॥ घ्राणेन्द्रियेणैवं चैव ॥ ६६ ॥ जिह्वेन्द्रियेणापि ॥ ६७ ॥ स्पर्शनेन्द्रियेणापि ॥ ६८ ॥ नवरं गन्धेषु रसेषु स्पर्शेषु वक्तव्यम् ॥ चतुर्भिःकलापकम् ॥**

**અર્થ –** હે ભગવન્ ! ચક્ષુરિન્દ્રિયનિગ્રહથી, ઘ્રાણેન્દ્રિયનિગ્રહથી, જિહ્વેન્દ્રિયનિગ્રહથી અને સ્પર્શેન્દ્રિયનિગ્રહથી જીવ કયા ગુણો મેળવે છે ? ચક્ષુરિન્દ્રિયનિગ્રહથી શુભાશુભ રૂપોમાં, ઘ્રાણેન્દ્રિયનિગ્રહથી શુભાશુભ ગંધોમાં, જિહ્વેન્દ્રિયનિગ્રહથી શુભાશુભ રસોમાં અને સ્પર્શેનેન્દ્રિયનિગ્રહથી શુભાશુભ સ્પર્શોમાં જીવને રાગ અને દ્વેષનો નિગ્રહ થાય છે, તેમજ તેને તે તે ઈન્દ્રિયોથી જન્ય નવું કર્મ બંધાતું નથી અને પૂર્વે બાંધેલ કર્મની નિર્જરા થાય છે. (૬૫ થી ૬૮-૧૧૫૫ થી ૧૧૫૮)

**कोहविजएणं भंते ! जीवे किं जणयइ ? कोहविजएणं खंतिं जणयइ, कोहवेअणिज्जं कम्मं न बंधइ, पुव्वबद्धं च निज्जरेइ ॥ ६९ ॥**

**क्रोधविजयेन भदन्त ! जीवः किं जनयति ? क्रोधविजयेन क्षान्ति जनयति, क्रोधवेदनीयं कर्म न बध्नाति, पूर्वबद्धं च निर्जरयति ॥ ६९ ॥**

**અર્થ –** હે ભગવન્ ! ક્રોધવિજયથી જીવ કયો ગુણ મેળવે છે ? જીવ, દુરંતપણા વગેરેના વિચારથી ક્રોધના ઉદયના નિરોધ રૂપ ક્રોધવિજયથી, ક્રોધહેતુભૂત પુદ્ગલ રૂપ કર્મ રૂપ ક્રોધવેદનીયને બાંધતો નથી અને પૂર્વે બાંધેલ તે કર્મની નિર્જરા કરે છે. (૬૯-૧૧૫૯)

**एवं माणेणं ॥ ७० ॥ मायाए ॥ ७१ ॥ लोहेणं ॥ ७२ ॥ नवरं मद्दवं, उज्जुभावं, संतोसं च जणयइत्ति वत्तव्वं ॥**

**एवं मानेन ॥ ७० ॥ मायया ॥ ७१ ॥ लोभेन ॥ ७२ ॥ नवरं मार्दवं, ऋजुभावं, सन्तोषं च जनयति इति वक्तव्यम् ॥**

**અર્થ –** હે ભગવન્ ! માનવિજયથી, માયાવિજયથી અને લોભવિજયથી જીવ કયા ગુણને પામે છે ? જીવ, માનવિજયથી મૃદુતાને, માયાવિજયથી ઋજુતાને અને લોભવિજયથી સંતોષને પામે છે તેને તે તે કષાયો જન્ય નવું કર્મ બંધાતું નથી અને પૂર્વે બાંધેલ કર્મની નિર્જરા થાય છે. (૭૦ થી ૭૨ ૧૧૬૦ થી ૧૧૬૨)

**पेज्जदोसमिच्छादंसणविजएणं भंते ! जीवे किं जणयइ ? पेज्जदोसमिच्छादंसणविजएण नाणदंसणचरित्ताराहणयाए अब्भुट्ठेइ, अट्ठविहस्स कम्मगंठिविमोअणयाए, तप्पढमयाए जहाणुपुव्वीए अट्ठावीसइविहं मोहणिज्जं कम्मं उग्घाएइ, पंचविहं नाणावरणिज्जं नवविहं दंसणावरणिज्जं पंचविहं अंतराइअं एए तिण्णिवि कम्मंसे जुगवं खवेइ, तओ पच्छा अणुत्तरं अणंत कसिणं पडिपुण्णं निरावरणं वितिमिरं विसुद्धं लोगालोगप्पभावगं केवलवरनाणदंसणं समुप्पाडेइ, जाव सजोगी भवइ ताव य इरिआवहिअं कम्मं बधइ, सुहफरिसं दुसमयट्ठितिअं, तं पढमसमए बद्धं बिइअ समए वेइअं तइअसमए निज्जिजण्णं तं बद्धं पुट्ठं उईरिअं वेइअं निज्जिजण्णं सेअकाले अकम्मं चावि भवइ ॥ ७३ ॥**

**प्रेमद्वेषमिथ्यादर्शनविजयेन भदन्त ! जीवः किं जनयति ? प्रेमद्वेषमिथ्यादर्शन-विजयेन ज्ञानदर्शनचारित्राराधनायामभ्युत्तिष्ठते, अष्टविधस्य कर्मणः कर्मग्रन्थिविमोचनायै तत्प्रथमतया यथानुपूर्व्याऽष्टाविंशतिविधं मोहनीयं कर्मोद्घातयति, पञ्चविधं ज्ञानावरणीयं, नवविधं दर्शनावरणीयं, पञ्चविधमन्तरायमेतानि त्रीण्यपि सत्कर्माणि युगपत्क्षपयति, ततः पश्चादनुत्तरमनन्तं कृत्स्नं प्रतिपूर्णं निरावरणं वितिमिरं विशुद्धं लोकालोकप्रभावकं केवलवरज्ञानदर्शनं समुत्पादयति, यावत्सयोगी भवति, तावच्चैर्यापथिकं कर्म बध्नाति, सुखस्पर्शं द्विसमयस्थितिकं तत्प्रथमसमये बद्धं द्वितीयसमये वेदितं तृतीयसमये निर्जीर्णं, तद्बद्धं स्पष्टमुदीरित्तं वेदितं निर्जीर्णमेष्यत्काले अकर्म चापि भवति ॥ ७३ ॥**

**અર્થ –** આ કષાયવિજય, પ્રેમ-દ્વેષ-મિથ્યાદર્શનના વિજય સિવાય નથી થતો. તો હે ભગવન્ ! પ્રેમ-દ્વેષ-મિથ્યાદર્શનના વિજયથી જીવ કયા ગુણને પામે છે ? રાગ રૂપ પ્રેમ, અપ્રીતિરૂપ દ્વેષ અને મિથ્યાદર્શન-એમ ત્રણના વિજયથી જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં સોત્સાહ જીવ ઉદ્યમશીલ બને છે. આઠ કર્મ મધ્યે ઘાતીકર્મ રૂપ કર્મગ્રંથિને ખપાવવા માટે પુરુષાર્થ કરવાને

તે ઉભો થાય છે. ઉભો થઈને તે પહેલાં ક્રમસર અટ્ઠાવીશ પ્રકારના મોહનીય કર્મને ખપાવે છે ત્યાર પછી પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ, નવ પ્રકારનું દર્શનાવરણીય કર્મ અને પાંચ પ્રકારનું અંતરાય કર્મ-એમ ત્રણ વિદ્યમાન કર્મોને એકીસાથે ખપાવે છે. ત્યાર બાદ જેનાથી કોઈ બીજું પ્રધાન નથી એવું અનુત્તર અવિનાશી હોઈ અનંત, સમસ્ત અર્થગ્રાહક હોઈ સમસ્ત, સર્વ સ્વ-પરપર્યાયપૂર્ણ વસ્તુપ્રકાશક હોઈ પ્રતિપૂર્ણ, સમગ્ર આવરણના વિગમથી નિરાવરણ, તે હોવાથી ક્યાંય પણ અજ્ઞાનતિમિરનો અભાવ હોઈ વિતિમિર, સર્વ દોષના અભાવથી વિશુદ્ધ અને તેના સ્વરૂપનો પ્રકાશક હોઈ લોકાલોકપ્રભાવક કેવલવર જ્ઞાન-દર્શનને તે પામે છે. તે જ્યાં સુધી મન-વચન-કાયવ્યાપારવાળો-સયોગી તરીકે રહે છે, ત્યાં સુધી ઐર્યાપથિક-આત્માના પ્રદેશોની સાથે સુખકારી સંબંધવાળું-બે સમયની સ્થિતિવાળું સાતાવેદનીય કર્મ બાંધે છે. તે કર્મ પ્રથમ સમયમાં બાંધ્યું, બીજા સમયે ભોગવ્યું અને ત્રીજા સમયમાં નિર્જરાવાળું બન્યું, છતાં તે બાંધેલું કર્મ (આકાશની સાથે ઘટની માફક જીવપ્રદેશોની સાથે શ્લેષવાળું) સ્પર્શવાળું (મણિની ભીંત ઉપર લાગેલ શુષ્ક સ્થૂલ ચૂર્ણની માફક) ઉદયમાં આવેલું, તેના ફલ રૂપ સુખના અનુભવ દ્વારા ભોગવેલું, ક્ષયને પામેલું, ભવિષ્યકાળમાં અર્થાત્ ચોથા સમય વગેરે ભવિષ્યકાળમાં કર્મપણારહિત થાય છે, કેમ કે-તે જીવની અપેક્ષાએ ફરીથી તેને તથાવિધ પરિણામનો અસંભવ છે. (૭૩-૧૧૬૩)

**अहाउअं पालइत्ता अंतोमुहुत्तावसेसाउए जोगनिरोहं करेमाणे सुहुमकिरिअं अप्पडिवाइ सुक्कज्झाणं झियायमाणे तप्पढमयाए मणजोगं निरुंभइ २ त्ता वइजोगं निरुंभइ २ त्ता आणपाणनिरोहं करेइ २ त्ता ईसिं पंचहस्सक्खरुच्चारणद्धाए अ णं अणगारे समुच्छिन्नकिरिअं अनिअट्टि सुक्कज्झाणं झियायमाणे वेअणिज्जं आऊयं नामं गोत्तं च एए चत्तारिवि कम्मंसे जुगवं खवेइ ॥ ७४ ॥ तओ ओरालिअ कम्माइं च सव्वाहिं विप्पजहणाहिं विप्पजहित्ता उज्जुसेढिपत्ते अफुसमाणगई उड्ढं एगसमएणं अविग्गहेणं तत्थ गंता सागारोवउत्ते सिज्झइ जाव अंतं करेइ ॥ ७५ ॥**

अथायुष्कं पालयित्वाऽन्तर्मुहूर्तावशेषायुष्को योगनिरोधं करिष्यमाणः सूक्ष्मक्रियमप्रतिपाति शुक्लध्यानं ध्यायंस्तत्प्रथमतया मनोयोगं निरुणद्धि, निरुध्य वाग्योगं निरुणद्धि, निरुध्यानपाननिरोधं करोति कृत्वा ईषत्पञ्चह्रस्वाक्षरोच्चारणाद्धायां च न्वनगारः समुच्छिन्नक्रियमनिवृत्ति शुक्लध्यानं ध्यायन् वेदनीयमायुर्नाम गोत्रं चैतानि चत्वार्यपि सत्कर्माणि युगपत्क्षपयति ॥ ७४ ॥ ततः औदारिककार्मणे च सर्वाभिः

**विप्रहीयमाणाभिः विप्रहायर्जुश्रेणिं प्राप्तोऽस्पृशद्गतिरूर्ध्वमेकसमयेनाविग्रहेण तत्र गत्वा साकारोपयोगोपयुक्तः सिध्यति, यावदन्तं करोति ॥ ७५ ॥**

**અર્થ** – વળી તે આયુષ્યના અંતે શૈલેશીને પામીને અકર્મા થાય, માટે શૈલેશી અને અકર્મતા દ્વારને અર્થથી કહે છે. હવે કેવલી થયા બાદ જેટલું આયુષ્ય હોય તેટલું પાળીને, જ્યારે અંતર્મુહૂર્ત્તનું આયુષ્ય શેષ રહે, ત્યારે યોગનિરોધને કરતાં સૂક્ષ્મ ક્રિયાવાળા-અપ્રતિપાતિ-શુકલધ્યાનના ત્રીજા ભેદનું ધ્યાન કરતાં પહેલાં તે મનોયોગનો નિરોધ કરે છે. મનોયોગનો નિરોધ કરીને તે વચનયોગનો નિરોધ કરે છે. વચનયોગનો નિરોધ કરીને અનગાર, સકલ કાયયોગનિરોધની સાથે ઉચ્છ્વાસનિઃશ્વાસનો તે નિરોધ કરે છે. ત્રણ યોગનો નિરોધ કરીને, ઈષત્ (સ્વલ્પ પ્રયત્નથી) પાંચ अ-इ-उ-ऋ-लृ-આવા હ્રસ્વ અક્ષરોના ઉચ્ચારણકાલ જેટલા કાળમાં, સમુચ્છિન્નક્રિય નામના અનિવૃત્તિ-શુક્લધ્યાનના ચોથા ભેદનું ધ્યાન કરતાં, વેદનીય-આયુ-નામ-ગોત્ર-એમ ચાર વિદ્યમાન કર્મોને તે એકીસાથે ખપાવે છે. ત્યાર બાદ ઔદારિક-કાર્મણ-તૈજસ શરીરનો સર્વથા ત્યાગ કરી, ઋજુશ્રેણીને (આકાશપ્રદેશ-પંક્તિને) પામેલો, સ્વઅવગાહથી ભિન્ન આકાશપ્રદેશોને નહિ સ્પર્શ કરતો, જેટલા આકાશપ્રદેશોમાં અવગાહીને રહેલો છે તેટલા જ આકાશપ્રદેશોને જ સમશ્રેણીથી સ્પર્શ કરનારો અર્થાત્ અસ્પૃશદ્ ગતિવાળો, ઉપર એક સમયમાં જ અર્થાત્ બીજા વગેરે સમયોને નહિ સ્પર્શ કરવા દ્વારા, વક્રગતિ રૂપ વિગ્રહના અભાવપૂર્વક, તે મુક્તિપદમાં જઈને જ્ઞાનોપયોગવાળો બની સિદ્ધ-બુદ્ધ-મુક્ત-નિર્વાણપદસંપન્ન-સર્વ દુઃખોનો અંતકારી બને છે. (૭૪+૭૫-૧૧૬૪+૧૧૬૫)

**एस खलु सम्मत्तपराक्कमस्स अज्झयणस्स अट्ठे समणेणं भगवया महावीरेणं आघविए पण्णविए परूविए निदंसिए उवदंसिए त्ति बेमि ॥७६॥**

**एष खलु सम्यक्त्वपराक्रमस्याध्ययनस्यार्थो श्रमणेन भगवता महावीरेणाख्यातः प्रज्ञापितः प्ररूपितः निदर्शित उपदर्शित इति ब्रवीमि ॥ ७६ ॥**

**અર્થ** – ચોક્કસ, આ પૂર્વોક્ત સમ્યક્ત્વપરાક્રમ નામના અધ્યનનો અર્થ શ્રમણ ભગવાન મહાવીરે સામાન્ય વિશેષો દ્વારા પર્યાયોની વ્યાપ્તિથી કથન રૂપે કહેલ છે, હેતુ-ફલ વગેરે જણાવવા દ્વારા જણાવેલ છે, સ્વરૂપ નિરૂપણ દ્વારા પ્રરૂપેલ છે, દૃષ્ટાન્તો દર્શાવવા દ્વારા દર્શાવેલ છે અને ઉપસંહાર દ્વારા ઉપદર્શિત છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૭૬-૧૧૬૬)

## ઓગણત્રીશમું શ્રી સમ્યક્ત્વપરાક્રમાધ્યયન સંપૂર્ણ

# શ્રી તપોમાર્ગગતિ અધ્યયન-૩૦

**जहा उ पावगं कम्मं, रागद्दोससमज्जियं ।**
**खवेइ तवसा भिक्खू, समेगग्गमणो सुण ॥ १ ॥**

**यथा तु पापकं कर्म, रागद्वेषसमर्जितं ।**
**क्षपयति तपसा भिक्षुः, तमेकाग्रमनाः शृणु ॥ १ ॥**

**અર્થ –** રાગદ્વેષથી ઉપાર્જિત કરેલ જ્ઞાનાવરણીય આદિ પાપકર્મને જે પ્રકારે તપ વડે સાધુ ખપાવે છે, તે તપને હે શિષ્ય ! એકાગ્ર મનવાળો બની સાંભળજે ! (૧-૧૧૬૭)

**पाणिवहमुसावाए, अदत्तमेहुणपरिग्गहा विरओ ।**
**राईभोअणविरओ, जीवो होइ अणासवो ॥ २ ॥**

**पंचसमिओ तिगुत्तो, अकसाओ जिइंदिओ ! ।**
**अगारवो अ निस्सल्लो, जीवो होइ अणासवो ॥ ३ ॥ युग्मम् ॥**

**प्राणिवधमृषवादादत्तमैथुनपरिग्रहाद्विरतः ।**
**रात्रिभोजनविरतो जीवो भवत्यनाश्रवः ॥ २ ॥**

**पञ्चसमितो त्रिगुप्तोऽकषायो जितेन्द्रियः ।**
**अगौरवश्च निःशल्यो जीवो भवत्यनाश्रवः ॥ ३ ॥ युग्मम् ॥**

**અર્થ –** પ્રાણિવધ-મૃષાવાદ-અદત્ત-મૈથુન અને પરિગ્રહથી વિરતિવાળો તથા રાત્રિભોજનથી વિરતિવાળો જીવ અનાશ્રવ બને છે. પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિવાળો, કષાય વગરનો, જિતેન્દ્રિય, ગારવ વગરનો અને નિઃશલ્ય બનેલો જીવ અનાશ્રવ બને છે. (૨+૩-૧૧૬૮+૧૧૬૯)

**एएसिं तु विवच्चासे, रागद्दोससमज्जिअं ।**
**खवेइ उ जहा भिक्खू, तं मे एगमणो सुण ॥ ४ ॥**

**जहा महातलागस्सु, सन्निरुद्धे जलागमे ।**
**उस्सिंचणाए तवणाए, कमेणं सोसणा भवे ॥ ५ ॥**

**एवं तु संजयस्सावि, पावकम्मनिरासवे ।**
**भवकोडिसंचिअं कम्मं, तवसा निज्जरिज्जइ ॥ ६ ॥ त्रिभिर्विशेषकम् ॥**

एतेषां तु विपर्यासे, रागद्वेषसमर्जितम् ।
क्षपयति नु यथा भिक्षुः, तन्मे एकाग्रमनाः शृणु ॥ ४ ॥
यथा महातटाकस्य, सन्निरुद्धे जलागमे ।
उत्सिञ्चनया तपनेन, क्रमेण शोषणा भवेत् ॥ ५ ॥
एवं तु संयतस्यापि, पापकर्मनिराश्रवे ।
भवकोटिसञ्चितं कर्म, तपसा निर्जीर्यते ॥ ६ ॥ त्रिभिर्विशेषकम् ॥

**અર્થ** – આ પાંચ મહાવ્રતોના, સમિતિ વગેરેના અર્થાત્ અનાશ્રવ હેતુઓના વિપર્યાસમાં, રાગ-દ્વેષથી ઉપાર્જિત કરેલ કર્મને જે પ્રકારે તપથી મુનિ ખપાવે છે, તેને એક મનવાળા બની હે શિષ્ય ! કહેનાર એવા મારી પાસેથી તમે સાંભળો ! જેમ મોટા તળાવના પાણીનું આગમન પાળ વગેરેથી રોકાયે છતે, અરઘટ્ટ ઘટી વગેરેથી પાણીના ખેંચવાથી અને સૂર્યના કિરણોના તાપથી ક્રમે કરી પાણીના અભાવ રૂપ શોષણ થાય, તેમ સંયતનું પણ પાપકર્મોના આશ્રવનો અભાવ થવાથી ક્રોડો ભવોનું સંચિત કર્મ તપથી ક્ષીણ થાય છે. (૪ થી ૬-૧૧૭૦ થી ૧૧૭૨)

**सो तवो दुविहो वुत्तो, बाहिरब्भिंतरो तहा ।**
**बाहिरो छव्विहो वुत्तो, एवमब्भिंतरो तवो ॥ ७ ॥**

तत्तपो द्विविधं प्रोक्तं, बाह्यमाभ्यन्तरं तथा ।
बाह्यं षड्विधं प्रोक्तमेवमभ्यन्तरं तपः ॥ ७ ॥

**અર્થ** – તે તપ બાહ્ય અને અભ્યંતર ભેદથી બે પ્રકારનું છે. બાહ્ય તપના તેમજ અભ્યંતર તપના છ-છ ભેદો છે. (૭-૧૧૭૩)

**अणसणमुणोअरिआ, भिक्खायरिया अ रसपरिच्चाओ ।**
**कायकिलेसो संलीणया य, बज्झो तवो होइ ॥ ८ ॥**

अनशनमुनोदरिका, भिक्षाचर्या च रसपरित्यागः ।
कायक्लेशः संलीनता च, बाह्यं तपो भवति ॥ ८ ॥

**અર્થ** – અનશન, ઉનોદરિતા, ભિક્ષાચર્યા, રસપરિત્યાગ, કાયકલેશ અને સંલીનતા-આ પ્રમાણે બાહ્ય તપના છ ભેદો છે. (૮-૧૧૭૪)

**इत्तरिअ मरणकाल य, दुविहा अणसणा भवे ।**
**इत्तरिआ सावकंखा, निरवकंखा, उ बिइज्जिआ ॥ ९ ॥**

**इत्वरिकं मरणकालं च, द्विविधमनशनं भवेत् ।**
**इत्वरिकं सावकाङ्क्षं, निरवकाङ्क्षं तु द्वितीयम् ॥ ९ ॥**

**अर्थ –** થોડા કાળ સુધી અને યાવજ્જીવ સુધીનો મરણકાળ આ પ્રમાણે બે પ્રકારે અનશન છે. બે ઘડી વગેરે પછી ભોજનની અભિલાષાવાળું તે સાવકાંક્ષ ઈત્વરિક કહેવાય છે. જ્યારે તે ભવમાં ભોજનની ઇચ્છા વગરનું હોઈ, તે નિરવકાંક્ષ મરણકાળ અનશન કહેવાય છે. (૯-૧૧૭૫)

**जो सो इत्तरिअतवो, सो समासेण छव्विहो ।**
**सेढितवो पयरतवो, घणो अ तह होइ वग्गो अ ॥ १० ॥**
**तत्तो अ वग्गवग्गो उ, पंचमओ छट्ठओ पइण्णतवो ।**
**मणइच्छिअचित्तत्थो, नायव्वो होइ इत्तरिओ ॥ ११ ॥ युग्मम् ॥**

**यत्तदित्वरकतपः, तत्समासेन तु षड्विधम् ।**
**श्रेणितपः प्रतरतपः, घनश्च तथा भवति वर्गश्च ॥ १० ॥**
**ततश्च वर्गवर्गस्तु, पञ्चमः षष्ठकं प्रकीर्णतपः ।**
**मनसःईप्सितचित्रार्थं, ज्ञातव्यं भवति इत्वरकम् ॥ ११ ॥ युग्मम् ॥**

**अर्थ –** ઈત્વરાનશન રૂપ ઇત્વરિક તપ સંક્ષેપમાં છ પ્રકારે છે. (૧) **શ્રેણિતપ**-પંક્તિપૂર્વકનો તપ 'શ્રેણિતપ' કહેવાય છે. એક ઉપવાસ આદિના ક્રમથી છ મહિના સુધીનો કરાતો તપ લેવાય છે. (૨) **પ્રતરતપ**-શ્રેણિ વડે ગુણાયેલી શ્રેણિ પ્રતર કહેવાય છે, પ્રતરપૂર્વકનો તપ 'પ્રતરતપ' કહેવાય છે. ૧-૨-૩-૪ નામના ચાર પદની એક શ્રેણિ કલ્પો અને તેને ચારથી ગુણો તો સોલ પદ રૂપ પ્રતર થાય છે. લંબાઈથી અને પહોળાઈથી આ પ્રતર સરખો છે. આનો સ્થાપનાનો ઉપાય દર્શાવાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨ | ૩ | ૪ | ૧ |
| ૩ | ૪ | ૧ | ૨ |
| ૪ | ૧ | ૨ | ૩ |

પહેલી એકાદ્યા, બીજી દ્વિકાદ્યા, ત્રીજી ત્રિકાદ્યા અને ચોથી ચતુષ્કાદ્યા-એમ ચાર પંક્તિની આ પ્રમાણે સ્થાપના કરવી. આમ સોલ પદથી યુક્ત તપ 'પ્રતરતપ' થાય. (૩) **ઘનતપ**-સોલ પદ રૂપ પ્રતરને ચાર પદ રૂપ શ્રેણિથી ગુણવાથી ઘન થાય છે. (૬૪) સંખ્યા આવી. સ્થાપના પૂર્વવત્. આ (૬૪) પદપૂર્વકનો તપ 'ઘનતપ' કહેવાય છે.

(૪) **વર્ગતપ**-ઘનને ઘનથી ગુણવાથી વર્ગ થાય છે, તેથી (૬૪) ચોસઠને ચોસઠે ગુણવાથી ૪૦૯૬ થાય છે. ૪૦૯૬ આટલા ૧-૨-૩-૪ તપ પદોથી યુક્ત તપ 'વર્ગતપ' થાય છે.

(૫) **વર્ગવર્ગતપ**-વર્ગને વર્ગથી ગુણવાથી વર્ગવર્ગ થાય છે. ૪૦૯૬ ને ૪૦૯૬ થી ગુણવાથી એક ક્રોડ સડસઠ લાખ સીત્તોતેર હજાર બસો ને સોલ

(૧૬૭૭૭૨૧૬) આટલા તપ પદોથી યુક્ત તપ 'વર્ગવર્ગ તપ' કહેવાય છે. ૧-૨-૩-૪ ઉપવાસ રૂપ તપ પદોની અપેક્ષાએ શ્રેણિ વગેરે તપ દર્શાવેલ છે. આના અનુસારે પાંચ વગેરે તપ પદોમાં આ ભાવના કરવી.

(૬) **પ્રકીર્ણતપ**-શ્રેણિ વગેરેની નિયત રચના વગરનો સ્વશક્તિથી જે તે કરાય છે, તે નવકારશી-પોરસી-સાઢપોરસી વગેરે, એકાસન-આયંબિલ-નીવી વગેરે 'પ્રકીર્ણતપ' પરચુરણ તપ કહેવાય છે.

આ ઇત્વરાનશન રૂપ ઇત્વરિક તપ, મનને ઇષ્ટ, સ્વર્ગાપવર્ગ વગેરે રૂપ અર્થ અથવા તેજોલેશ્યા વગેરે અનેક પ્રકારવાળા અર્થને સાધનાર તપ થાય છે-એમ જાણવું. (૧૦+૧૧-૧૧૭૬+૧૧૭૭)

**जा सा अणसणा मरणे, दुविहा सा विआहिया ।**
**सवियारमवियारा कायचिट्ठं पई भवे ॥ १२ ॥**

**अहवा सपरिक्कम्मा अपरिक्कम्मा य आहिआ ।**
**नीहारिमनीहारि आहारच्छेओ दोसुवि ॥ १३ ॥ युग्मम् ॥**

**यत्तदनशनं मरणे, द्विविधं तद् व्याख्यातम् ।**
**सविचारमविचारं, कायचेष्टां प्रति भवेत् ॥ १२ ॥**

**अथवा सपरिकर्मापरिकर्म चाख्यातम् ।**
**निर्हार्यनिर्हार्याहारच्छेदो द्वयोरपि ॥ १३ ॥ युग्मम् ॥**

**અર્થ** – મરણ અવસરે જે અનશન થાય છે તે બે પ્રકારનું કહેલું છે.

(૧) **સવિચાર**–ચેષ્ટા રૂપ વિચાર સહિત અનશન અર્થાત્ પડખું ફેરવવું વગેરે કાયચેષ્ટાવાળું અનશન.

(૨) **અવિચાર**–પડખું ફેરવવું વગેરે કાયચેષ્ટા વગરનું અનશન.

ભક્તપ્રત્યાખ્યાન અને ઇંગિનીમરણને 'સવિચાર' તરીકે ઓળખાવે છે. પાદપોપગમનને 'અવિચાર' તરીકે ઓળખાવે છે અથવા **સપરિકર્મ** - ઉભા રહેવું-બેસવું-સૂવું-પડખું ફેરવવું વગેરે રૂપ પરિકર્મથી યુક્ત 'સપરિકર્મ' અનશન કહેવાય છે. આમાં ભક્તપ્રત્યાખ્યાન અને ઇંગિનીમરણનો સમાવેશ થાય છે. 'અપરિકર્મ'માં પાદપોપગમનનો સમાવેશ થાય છે. ગિરિકંદર વગેરેમાં ગમન હોવાથી ગ્રામ આદિથી બહાર જ્યાં જવું છે, તે પાદપોપગમન અનશન 'નિર્હારિ' કહેવાય છે. જે પાદપોપગમન અનશનમાં ક્યાંય પણ મનનો અભાવ હોવાથી 'અનિર્હારિ' કહેવાય છે. સવિચાર અને અવિચારમાં, સપરિકર્મ અને અપરિકર્મમાં, નિર્હારિ અને અનિર્હારિ અનશનમાં અશન આદિ આહારનો ત્યાગ સમાન છે. (૧૨+૧૩-૧૧૭૮+૧૧૭૯)

**आमोअरणं पंचधा, समासेण विआहिअं ।**
**दव्वओ खित्तकालेणं, भावेणं पज्जवेहि अ ॥ १४ ॥**

**अवमौदर्यं पञ्चधा, समासेन व्याख्यातम् ।**
**द्रव्यतो क्षेत्रकालेन, भावेन पर्यायैः ॥ १४ ॥**

**અર્થ** – ન્યૂનોદરતા રૂપ અવમૌદર્ય નામક બાહ્ય તપ સંક્ષેપમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ઉપાધિભૂત પર્યાયોથી પાંચ પ્રકારનો છે. (૧૪-૧૧૭૦)

**जो जस्स उ आहारो, तत्तो ओमं तु जो करे ।**
**जहण्णेणेगसित्थाइ, एवं दव्वेण ऊ भवे ॥ १५ ॥**

**यो यस्य त्वाहारः, ततः ऊनं तु यः कुर्यात् ।**
**जघन्येनैकसिक्थाद्येनं, द्रव्येण तु भवेत् ॥ १५ ॥**

**અર્થ** – બત્રીશ કવલવાળો આહાર પુરૂષને અને અઠ્ઠાવીશ કવલવાળો આહાર સ્ત્રીને હોય છે. જેનો જેટલો આહાર હોય તેટલા માનવાળા આહારમાંથી જે ઓછું ખાય છે, તેને આ પ્રકારે ઉપાધિભૂત દ્રવ્યથી જઘન્યથી એક કોળીયો ન્યૂન વગેરે રૂપ અવમૌદર્ય તપ થાય. આઠ કોળીયા જેટલો જ આહાર લેવા રૂપ ઉત્કૃષ્ટ 'અવમૌદર્ય', બાર કોળીયા જેટલો આહાર લેવા રૂપ 'ઉપાર્ધ અવમૌદર્ય અને બત્રીશ કોળીયા જેટલો આહાર લેવાને બદલે એક કોળીયા જેટલો આહાર ઓછો લેવો તે 'જઘન્ય અવમૌદર્ય' કહેવાય. (૧૫-૧૧૮૧)

**गामे नगरे तह रायहाणि, निगमे अ आगरे पल्ली ।**
**खेडे कब्बड-दोणमुह-पट्टण-मडंब-संबाहे ॥ १६ ॥**

**आसमपए विहारे, सन्निवेसे समाय-घोसे अ ।**
**थलि-सेणा खंधारे, सत्थे संवट्ट-कोट्टे अ ॥ १७ ॥**

**वाडेसु वा रत्थासुवा, घरेसु वा एवमेत्तिअं खेत्तं ।**
**कप्पइ उ एवमाई, एवं खेत्तेण ऊ भवे ॥ १८ ॥**

**पेडा य अद्धपेडा, गोमुत्ति पयंगवीहिआ चेव ।**
**संबुक्कावट्टायय-गंतु पच्चागया छट्ठा ॥ १९ ॥ चतुर्भिः कलापकम् ॥**

**ग्रामे नगरे तथा राजधानी, निगमश्च आकरे पल्ल्यां ।**
**खेटे-कर्बटं-द्रोणमुखं-पत्तनं-मडम्बं-सम्बाधः ॥ १६ ॥**

**आश्रमपदे विहारे, सन्निवेशे समाजघोषे च ।**
**स्थलीसेनास्कंन्धावारः, सार्थे संवर्त्तकोट्टः च ॥ १७ ॥**

**वाटेषु वा रथ्यासु वा, गृहेषु वा एतमेतावत्क्षेत्रम् ।**
**कल्पते तु एवमाद्येवं, क्षेत्रेण तु भवेत् ॥ १८ ॥**

**पेटा चार्द्धपेटा, गोमूत्रिका पतङ्गदवीथिका चैव ।**
**शम्बूकावर्त्तायतं-गत्वा प्रत्यागता षष्ठी ॥ १९ ॥ चतुर्भिः कलापकम् ॥**

**અર્થ –** ગામમાં, નગરમાં, રાજધાનીમાં, નિગમમાં, આકરમાં, પલ્લીમાં, ખેટમાં, કર્બટમાં, દ્રોણમુખમાં, પત્તનમાં, મડંબમાં, સંબાધમાં, આશ્રમપદમાં, વિહારપ્રધાન ગામ વગેરેમાં, સંનિવેશમાં, સમાજમાં, ઘોષમાં, સ્થલીમાં, સેનાપ્રધાન સ્કંધાવારમાં, સાર્થમાં, સંવર્ત્તમાં કોટ્ટમાં, વાટક-પાટકોમાં, શેરીઓમાં અને ઘરોમાં, એ પ્રકારના પ્રમાણમાં મારી ભિક્ષા માટે પર્યટન કરવા ક્ષેત્ર કલ્પે છે. અર્થાત્ આ પ્રમાણે ક્ષેત્ર હેતુક અવમૌદર્ય થાય.

**હવે બીજા પ્રકારે ક્ષેત્રહેતુક અવમૌદર્યકહે છે.**

(૧) મંજુષાની માફક સંલગ્ન સર્વ દિશામાં રહેલ ગૃહોના પર્યટનમાં 'પેટા', (૨) તેના અર્ધ વિભાગમાં ભ્રમણમાં 'અર્ધપેટા', (૩) ગોમૂત્રિકાના આકારે ડાબી-જમણી બાજુથી ભ્રમણમાં 'ગોમૂત્રિકા', (૪) તીડની માફક વચ્ચે ઘણાં ઘરો છોડી છોડી ભ્રમણમાં 'પતંગવીથિકા', (૫) શંખની માફક આવર્ત્ત રીતે ભ્રમણમાં 'શંબૂકાવર્ત્તા' અને (૬) સીધે સીધા આગળ જઈને વળતાં ભ્રમણમાં 'આયતંગત્વાપ્રત્યાગતા' કહેવાય છે.

આ ભિક્ષાચર્યા ગોચરી રૂપ હોવાથી ક્ષેત્રકૃત અવમૌદર્ય કેવી રીતે ? એ પ્રશ્નના જવાબમાં કહે છે કે-'અવમૌદર્ય મને હો.'-આવા આશયથી કરાતી હોવાથી આ ભિક્ષાચર્યાને અવમૌદર્ય તરીકેનો વ્યવહાર કરવામાં આવે છે. એવી રીતે ગામ વગેરેના વિષયના અને હવે પછી કહેવાતા કાળ આદિ વિષયના નિયમનના અભિગ્રહપણાએ ભિક્ષાચર્યાત્વ પ્રસંગમાં અવમૌદર્યના વ્યવહારનો જવાબ સમજવો. (૧૬ થી ૧૯-૧૧૮૨ થી ૧૧૮૫)

**दिवसस्स पोरिसीणं चउण्हंपि उ जत्तिओ भवे कालो ।**
**एवं चरमाणो खलु, कालो माणं मुणेअव्वं ॥ २० ॥**

**अहवा तइआए पोरिसीए, ऊणाए घासमेसंतो ।**
**चउभागूणाए वा, एवं कालेण ऊ भवे ॥ २१ ॥ युग्मम् ॥**

**दिवसस्य पौरुषीणां, चतसृणामपि यावान् भवेत् कालः ।**
**एवं चरन् खलु, कालः मानं ज्ञातव्यम् ॥ २० ॥**

**अथवा तृतीयायां पौरुष्यां, ऊनायां ग्रासमेषमाणः ।**
**चतुर्भागेनायां वा, एवं कालेन तु भवेत् ॥ २१ ॥ युग्मम् ॥**

**અર્થ –** દિવસની ચાર પોરસીઓની મધ્યમાં 'અમુક કાળમાં ભિક્ષા માટે ગમન કરીશ.'-એવો અભિગ્રહ કરીને પર્યટન કરનાર મુનિને 'કાલહેતુક અવમૌદર્ય' સમજવું. અથવા આ કાળવિષય અભિગ્રહ રૂપ પ્રકારથી ચોથા કે પાંચમા ભાગે ન્યૂન ત્રીજી પોરસીમાં આહાર માટે પર્યટન કરનારને 'કાલકૃત અવમૌદર્ય' સમજવું. (૨૦+૨૧-૧૧૮૬+૧૧૮૭)

**इत्थी वा पुरिसो वा, अलंकिओ वाऽणलंकिओ वावि ।**
**अन्नयरवयत्थो वा, अन्नयरेणं वा वत्थेणं ॥ २२ ॥**

**अन्नेण विसेसेणं, वण्णेणं भावमणुमुअंते उ ।**
**एवं चरमाणो खलु भावोमाणं मुणेअव्वं ॥ २३ ॥ युग्मम् ॥**

**स्त्री वा पुरुषो वा, अलङ्कृतो वाऽनलङ्कृतो वापि ।**
**अन्यतरवयःस्थो वा, अन्यतरेण वा वस्त्रेण ॥ २२ ॥**

**अन्येन विशेषेण, वर्णेन भावमनुन्मुञ्चन्नेव ।**
**एवं चरतः खलु, भावावमौदर्यं ज्ञातव्यम् ॥ २३ ॥ युग्मम् ॥**

**અર્થ –** સ્ત્રી કે પુરૂષ, અલંકારવાળો કે અલંકાર વિનાનો, યુવાની વગેરે ઉંમરમાં વર્ત્તમાન, અમુક વસ્ત્રવાળો, હસતો. કોપ કરતો આદિ અવસ્થાવિશેષવાળો, અમુક રંગવાળો, અર્થાત્ અલંકૃત્વ આદિ રૂપ ભાવને નહિ છોડતો, 'જો દાતા આપશે તો હું આહાર ગ્રહણ કરીશ, નહિતર નહિ.' - આવા અભિગ્રહને કરી ભિક્ષા માટે પર્યટન કરનાર મુનિનું 'ભાવાવમૌદર્ય' સમજવું. (૨૨+૨૩-૧૧૮૮+૧૧૮૯)

**दव्वे खित्ते काले, भावंमि अ आहिआ उ जे भावा ।**
**एएहिं ओमचरओ, पज्जवचरओ भवे भिक्खु ॥ २४ ॥**

**द्रव्ये क्षेत्रे काले, भावे चाख्याताः तु ये भावाः ।**
**एतैरवमचरकः, पर्यवचरको भवेद्भिक्षुः ॥ २४ ॥**

**અર્થ –** અશનાદિ દ્રવ્યમાં, ગ્રામાદિક્ષેત્રમાં, પોરસી વગેરે કાળમાં અને સ્ત્રીત્વાદિ ભાવમાં કહેલા જે એક કોળીયાનું ન્યૂનપણું વગેરે ભાવો-પર્યાયોથી અવમૌદર્યને પામનારો-પર્યવચરકા ભિક્ષુ હોય. જ્યાં દ્રવ્યથી ઉદરની ન્યૂનતા નથી, ત્યાં પણ પ્રધાનતાથી ક્ષેત્રાદિ ન્યૂનતાની અપેક્ષા કરીને અવમૌદર્ય કહેવાય છે. (૨૪-૧૧૯૦)

**अट्ठविहगोअरग्गं तु, तहा सत्तेव एसणा ।**
**अभिग्गहाय जे अन्ने, भिक्खायरिआमाहिआ ॥ २५ ॥**

**अष्टविधाग्रगोचरस्तु, तथा सप्तैवैषणा ।**
**अभिग्रहाश्च येऽन्ये, भिक्षाचर्याऽऽख्याता ॥ २५ ॥**

**અર્થ** — આઠ પ્રકારના, પ્રધાન, ભિન્ન ભિન્ન કુલોમાં સામાન્ય રૂપે ભ્રમણ રૂપ (પેટા-અર્ધપેટા-ગોમૂત્રિકા-પતંગવીથિકા, બે પ્રકારની શંબૂકાવર્ત્તા, ગમને આયતા, વલમાનત્વે આયતા, એમ પૂર્વોક્ત ભિક્ષાચર્યા રૂપ ભ્રમણ સમજવું.) સાત એષણા (સંસૃષ્ટ, અસંસૃષ્ટ ઉધ્ધૃત, અલ્પલેપા, ઉદ્‌ગૃહીતા, પ્રગૃહીતા અને ઉજ્ઝિતધર્મા) અને બીજા જે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવવિષયવાળા અભિગ્રહો, તે વૃત્તિસંક્ષેપ જેનું બીજું નામ છે, એવી ભિક્ષાચર્ચા નામનો બાહ્ય તપ કહેવાય છે. (૨૫-૧૧૯૧)

**खीरदहिसप्पिमाई, पणीअं पाणभोअणं ।**
**परिवज्जणं रसाणं तु, भणिअं रसविवज्जणं ॥ २६ ॥**

**क्षीरदधिसर्पिरादि, प्रणीतं पानभोजनम् ।**
**परिवर्जनं रसानां तु, भणितं रसविवर्जनम् ॥ २६ ॥**

**અર્થ** — દૂધ, દહીં, ઘી, ગોળ, પકવાન્ન વગેરે અતિ ઉત્તેજક સ્નિગ્ધપાન ભોજનનો ત્યાગ, તે 'રસત્યાગ' કહેવા છે. (૨૬-૧૧૯૨)

**ठाणा वीरासणाईआ, जीवस्स उ सुहावहा ।**
**उग्गा जहा धरिज्जंति, कायकिलेशं तमाहिअं ॥ २७ ॥**

**स्थानानि वीरासनादिकानि, जीवस्य तु सुखावहानि ।**
**उग्राणि यथा धार्यन्ते, कायक्लेशः स आख्यातः ॥ २७ ॥**

**અર્થ** — સુખ અને શુભ કરનાર, દુષ્કર હોઈ ઉત્કટ, વીરાસન વગેરે સ્થાનો અને લોચ આદિ જે પ્રકારે આચરાય છે, તે પ્રકારે 'કાયક્લેશ' કહેવાય છે. (૨૭-૧૧૯૩)

**एगंतमणावाए, इत्थीपसुविवज्जिए ।**
**सयणासणसेवणया, विवित्तसयणासणं ॥ २८ ॥**

**एकान्तेऽनापाते, स्त्रीपशुविवर्जिते ।**
**शयनासनसेवनं, विविक्तशयनासनम् ॥ २८ ॥**

**અર્થ** — જન વગરના, સ્ત્રી વગેરેના આગમન વગરના, સ્ત્રી-પશુ રહિત શૂન્ય આગાર વગેરેમાં શયન-આસનનું સેવન, તે વિવિક્તશય્યાસન નામક બાહ્ય તપ કહેવાય છે. આ વિવિક્ત ચર્યા નામની 'સંલીનતા' કહેલ છે. આ પ્રમાણે ઇન્દ્રિય, કષાય, યોગ અને સંલીનતા વિચારવી. (૨૮-૧૧૯૦)

**एसो बाहिरगतवो, समासेण विआहिओ ।**
**अब्भिंतरं तवं एत्तो, वोच्छामि अणुपुव्वसो ॥ २९ ॥**

**पायच्छित्तं विणओ, वेआवच्चं तहेव सज्झाओ ।**
**झाणं च विउस्सग्गो, एसो अब्भितरो तवो ॥ ३० ॥ युग्मम् ॥**

**एषः बाह्यकं तपः, समासेन व्याख्यातम् ।**
**अभ्यन्तरं तप इतो, वक्ष्याम्यानुपूर्व्या ॥ २९ ॥**

**प्रायश्चित्तं विनयो, वैयावृत्त्यं तथैव स्वाध्यायः ।**
**ध्यानं चोत्सर्गः, एषः अभ्यंतरं तपः ॥ ३० ॥ युग्मम् ॥**

**અર્થ** – આ બાહ્ય તપ સંક્ષેપમાં કહેલ છે. હવે અભ્યંતર તપ ક્રમસર હું કહીશ. જેમ કે-પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ-આ અભ્યંતર તપ છે. (૨૯+૩૦-૧૧૯૧+૧૧૯૨)

**आलोअणारिहाईअं, पायच्छित्तं तु दसविहं ।**
**जे भिक्खू वहइ सम्मं, पायच्छित्तं तमाहिअं ॥ ३१ ॥**

**आलोचनार्हादिकं, प्रायश्चित्तं तु दशविधम् ।**
**यो भिक्षुर्वहति सम्यक्, प्रायश्चित्तं तदाख्यातम् ॥ ३१ ॥**

**અર્થ** – જે પાપ આલોચનાથી શુદ્ધ થાય છે, તે આલોચનાર્હ વગેરે પ્રાયશ્ચિત્ત દશ પ્રકારનું છે. (આલોચનાર્હ, પ્રતિક્રમણાર્હ, મિશ્ર, વિવેકાર્હ, વ્યુત્સર્ગાર્હ, તપાડર્હ, છેદાર્હ, મૂલાર્હ, અનવસ્થાપ્ય અને પારાંચિત્ત). આ પ્રમાણે દશવિધ પ્રાયશ્ચિત્તને સાધુ સારી રીતે સેવે છે. તે પ્રાયશ્ચિત્ત કહેવાય છે. (૩૧-૧૧૯૩)

**अब्भुट्ठाणं अंजलिकरणं, तहेवासणदायणं ।**
**गुरुभत्तिभावसुस्सूआ विणओ एस विआहिओ ॥ ३२ ॥**

**अभ्युत्थानमञ्जलिकरणं, तथैवासनदानम् ।**
**गुरुभक्तिर्भावशुश्रुषा, विनय एष व्याख्यातः ॥ ३२ ॥**

**અર્થ** – અભ્યુત્થાન, અંજલિ કરવી, તેમજ આસન આપવું, ગુરુભક્તિ, ભાવ-અંતઃકરણપૂર્વક ગુરૂના આદેશ પ્રતિ સાંભળવાની ઇચ્છા અથવા ઉપાસના, ભાવશુશ્રૂષા આ બધું 'વિનય' તરીકે કહેવાયેલ છે. (૩૨-૧૧૯૪)

**आयरिअमाइअंमि, वेआवच्चंमि दसविहे ।**
**आसेवणं जहाथामं वेआवच्चं तमाहिअं ॥ ३३ ॥**

**आचार्यादिके वैयावृत्त्ये च दशविधे ।**
**आसेवनं यथास्थामं, वैयावृत्त्यं तदाख्यातम् ॥ ३३ ॥**

**અર્થ** – આચાર્ય વગેરે વિષયમાં ઉચિત વિધિપૂર્વક આહારાદિ સંપાદન રૂપ વૈયાવૃત્ત્ય, આ વૈયાવચ્ચ વિષય વિભાગથી દશ પ્રકારે છે. જેમ કે-આચાર્ય,

ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન, નવદીક્ષિત, સાધર્મિક કુલ, ગણ અને સંઘ. આ વૈયાવૃત્ત્યમાં યથાશક્તિ આસેવન 'વૈયાવૃત્ત્ય' તરીકે કહેલ છે. (૩૩-૧૧૯૫)

**वायणा पुच्छणा चेव, तहेव परिअट्टणा ।**
**अणुप्पेहा धम्मकहा, सज्झाओ पंचहा भवे ॥ ३४ ॥**

**वाचना पृच्छना चैव, तथैव परिवर्तना ।**
**अनुप्रेक्षा धर्मकथा, स्वाध्यायः पञ्चधा भवेत् ॥ ३४ ॥**

**અર્થ** – વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા-એમ પાંચ પ્રકારનો 'સ્વાધ્યાય' થાય છે. (૩૪-૧૧૯૬)

**अट्टरुद्दाणि वज्जित्ता, झाएज्जा, सुसमाहिओ ।**
**धम्मसुक्काइं झाणाइं, झाणं तं तु बुहा वए ॥ ३५ ॥**

**आर्त्तरौद्रे वर्जयित्वा, ध्यायेत्सुसमाहितः ।**
**धर्मशुक्ले ध्याने, ध्यानं तत्तु बुधा वदन्ति ॥ ३५ ॥**

**અર્થ** – આર્ત્ત અને રૌદ્રધ્યાનને છોડીને સુસમાધિવાળો બની, સ્થિર અધ્યવસાય રૂપ ધર્મ્ય-શુક્લધ્યાનને વિચારવું જોઈએ. તે 'ધ્યાન' નામના તપને પંડિતો કહે છે. (૩૫-૧૧૯૭)

**सयणासण ठाणे वा, जे उ भिक्खू ण वावरे ।**
**कायस्स विउस्सग्गो, छट्ठो सो परिकित्तिओ ॥ ३६ ॥**

**शयनासनस्थाने वा, यस्तु भिक्षुर्न व्याप्रियते ।**
**कायस्य व्युत्सर्गः षष्ठं तत्परिकीर्तितम् ॥ ३६ ॥**

**અર્થ** – સૂવામાં, બેસવામાં અને વીરાસન વગેરે સ્થાનોમાં સ્વશક્તિની અપેક્ષાથી રહેલ જે સાધુ, ચલન વગેરે ક્રિયાને કરતો નથી, તે મુનિની કાયાનો વ્યુત્સર્ગ અર્થાત્ ચેષ્ટાત્યાગને છઠ્ઠા 'તપ' તરીકે કહેવાય છે. (૩૬-૧૧૯૮)

**एअं तवं तु दुविहं, जे सम्मं आयरे मुणी ।**
**से खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पंडिएत्तिबेमि ॥ ३७ ॥**

**एतत्तपस्तु द्विविधं, यः सम्यगाचरेन्मुनिः ।**
**स क्षिप्रं सर्व संसाराद्विप्रमुच्यते पंडित इति ब्रवीमि ॥ ३७ ॥**

**અર્થ** – આ બે પ્રકારના તપને જે મુનિ સારી રીતે આચરે છે, તે પંડિત મુનિ જલદી સઘળા સંસારથી મુક્ત બને છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૩૭-૧૧૯૯)

## ત્રીશમું શ્રી તપોમાર્ગગતિ-અધ્યયન સંપૂર્ણ.

# શ્રી ચરણવિધિ-અધ્યયન-૩૧

चरणविहिं पवक्खामि, जीवस्स उ सुहावहं ।
जं चरित्ता बहू जीवा, तिण्णा संसारसागरं ॥ १ ॥

चरणविधिं प्रवक्ष्यामि, जीवस्य तु सुखावहम् ।
यं चरित्वा बहवो जीवाः, तीर्णाः संसारसागरम् ॥ १ ॥

અર્થ – જીવને સુખ કરનાર ચરણવિધિને હું કહીશ. જે ચરણવિધિને આરાધી જીવો સંસારને તરી ગયા છે. (૧-૧૨૦૦)

एगओ विरइं कुज्जा, एगओ अ पवत्तणं ।
असंजमे निअत्तिं च, संजमे अ पवत्तणं ॥ २ ॥

रागद्दोसे अ दो पावे, पावकम्मपवत्तणे ।
जे भिक्खू रुंभइ निच्चं, से न अच्छइ मंडले ॥ ३ ॥

दंडाणं गारवाणं च, सल्लाणं च तियं तियं ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ ४ ॥

दिव्वे अ जे उवसग्गे, तहा तेरिच्छमाणुसे ।
जे भिक्खू सहई निच्चं, से न अच्छइ मंडले ॥ ५ ॥

विगहाकसायसण्णाणं, झाणाणं च दुअं तहा ।
जे भिक्खू वज्जई निच्चं, से न अच्छइ मंडले ॥ ६ ॥

वएसु इंदियत्थेसु, समिईसु किरियासु अ ।
जे भिक्खू जयइ निच्चं, से न अच्छई मंडले ॥ ७ ॥

लेसासु छसु काएसु, छक्के आहारकारणे ।
जे भिक्खू जयइ निच्चं से न अच्छइ मंडले ॥ ८ ॥

पिंडुग्गहपडिमासु, भयठाणेसु सत्तसु ।
जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ ९ ॥

**मएसु बंभगुत्तीसु, भिक्खुधम्मंमि दसविहे ।**
**जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ १० ॥ नवभिः कुलकम् ॥**

**एकतो विरतिं कुर्यादेकतश्चप्रवर्त्तनम् ।**
**असंयमान्निवृत्तिं च, संयमे च प्रवर्त्तनम् ॥ २ ॥**

**रागद्वेषौ च द्वौ पापौ, पापकर्मप्रवर्त्तकौ ।**
**यो भिक्षुः रुणद्धि नित्यं, स नास्ते मण्डले ॥ ३ ॥**

**दण्डानां गारवाणां च, शल्यानां च त्रिकंत्रिकम् ।**
**यो भिक्षुः त्यजति नित्यं, स नास्ते मण्डले ॥ ४ ॥**

**दिव्यांश्च यानुपसर्गान्, तथा तैरश्चमानुषान् ।**
**यो भिक्षुस्सहते सम्यक्, स नास्ते मण्डले ॥ ५ ॥**

**विकथाकषायसंज्ञानां, ध्यानयोश्च द्विकं तथा ।**
**यो भिक्षुः वर्जयति नित्यं, स नास्ते मण्डले ॥ ६ ॥**

**व्रतेष्विन्द्रियार्थेषु, समितिषु क्रियासु च ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ ७ ॥**

**लेश्यासु षट्सु कायेषु, षट्के आहारकारणे ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ ८ ॥**

**पिण्डावग्रहप्रतिमासु, भयस्थानेषु सप्तसु ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ ९ ॥**

**मदेषु ब्रह्मगुप्तिषु, भिक्षुधर्मे दशविधे ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ १० ॥ नवभिर्कुलकम् ॥**

અર્થ – એક બાજુથી વિરતિ કરે, એક બાજુથી પ્રવૃત્તિ કરે અર્થાત્ હિંસાદિ રૂપ અસંયમથી નિવૃત્તિ કરે અને સંયમમાં પ્રવૃત્તિ કરે.

જે સાધુ જ્ઞાનાવરણીયાદિ પાપકર્મમાં પ્રવૃત્તિ કરાવનાર, પાપપ્રકૃતિ રૂપ હોઈ રાગ-દ્વેષ રૂપ પાપનો તિરસ્કાર કરે છે, તે મુનિ સંસાર રૂપ મંડલમાં રહેતો નથી.

ચારિત્રના સર્વસ્વનું અપહરણ કરનાર મન-વચન-કાયાના અશુભ વ્યાપાર રૂપ ત્રણ દંડોને, ઋદ્ધિ-રસ-સાતાગૌરવ રૂપ ત્રણ ગૌરવને અને માયા-નિદાન-મિથ્યાત્વશલ્ય રૂપ ત્રણ શલ્યોને જે ભિક્ષુ છોડે છે, તે સંસાર રૂપ મંડલમાં રહેતો નથી.

જે સાધુ હંમેશાં દેવ-તિર્યંચ-મનુષ્યકૃત ઉપસર્ગોને સહન કરે છે, તે સંસાર રૂપ મંડલમાં રહેતો નથી.

જે મુનિ, ચાર વિકથા, ચાર કષાયો, ચાર સંજ્ઞાઓ અને આર્ત્ત-રૌદ્રધ્યાન બે અશુભ ધ્યાનોને છોડે છે, તે સંસાર રૂપ મંડલમાં રહેતો નથી.

જે સાધુ હંમેશાં પ્રાણાતિપાતવિરમણ વગેરે પાંચ મહાવ્રતોમાં, શબ્દાદિ પાંચ વિષયોમાં, ઈર્યા વગેરે પાંચ સમિતિઓમાં અને કાયિકી વગેરે પાંચ ક્રિયાઓમાં અર્થાત્ મહાવ્રત અને સમિતિઓમાં સમ્યક્ પાલન, પાંચ વિષયોમાં રાગ-દ્વેષના ત્યાગ રૂપ માધ્યસ્થ્યપણું અને પાંચ ક્રિયાઓમાં તેઓનો પરિહાર દ્વારા જે પ્રયત્ન કરે છે, તે સાધુ સંસારચક્રમાં રહેતો નથી.

કૃષ્ણ વગેરે છ લેશ્યાઓમાં અશુભના નિરોધ અને શુભના ઉત્પાદન રૂપે, પૃથ્વી વગેરે છ જીવનિકાયોમાં તેઓને રક્ષા કરવા રૂપે અને પૂર્વોક્ત આહારના છ કારણોમાં અનુરોધ કરવા રૂપે જે મુનિ પ્રયત્ન કરે છે, તે સંસારચક્રમાં રહેતો નથી.

આહારગ્રહણવિષયાભિગ્રહ રૂપ પૂર્વોક્ત સંસૃષ્ટ વગેરે સાત પિંડાવગ્રહ પ્રતિમાઓમાં પાલન રૂપે અને ઈહલોક ભયાદિ સાત ભયોમાં નહિ કરવા રૂપે જે મુનિ પ્રયત્ન કરે છે, તે સંસારચક્રમાં રહેતો નથી.

જાતિમદ આદિ આઠ મદોમાં પરિહાર રૂપે, વસતિ વગેરે નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓમાં પાલન રૂપે અને ક્ષમાદિ દશવિધ સાધુધર્મમાં પાલન રૂપે જે સાધુ પ્રયત્ન કરે છે, તે સંસાર સર્કલમાં રહેતો નથી. (૨ થી ૧૦-૧૨૦૧ થી ૧૨૦૯)

**उवासगाणं पडिमासु भिक्खूणं पडिमासु अ ।**
**जे भिक्खू जयइ निच्चं, से न अच्छइ मंडले ॥ ११ ॥**

**उपासकानां प्रतिमासु, भिक्षूणां प्रतिमासु च ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ ११ ॥**

**અર્થ** – શ્રાવકોની અભિગ્રહવિશેષ રૂપ, દર્શન વગેરે અગીયાર પ્રતિમાઓમાં યથાર્થ જાણી ઉપદેશદાન રૂપે, સાધુઓની માસિકી વગેરે બાર પ્રતિમાઓમાં યથાર્થ જાણ ઉપદેશદાન આચરણ આદિ રૂપે જે સાધુ હંમેશાં પ્રયત્ન કરે છે, તે સંસારમંડલમાં રહેતો નથી. (૧૧-૧૨૧૦)

**किरिआसु भूअग्गामेसु, परमाहम्मिएसु य ।**
**जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ १२ ॥**

**क्रियासु भूतग्रामेषु, परमाधार्मिकेषु च ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ १२ ॥**

**અર્થ –** કર્મના બંધમાં મૂલ કારણભૂત ૧૩ ક્રિયાઓ છે. તે આ પ્રમાણે : (૧) 'અર્થક્રિયા'-સ્વ-પરના કાજે પૃથિવી વગેરે જીવની હિંસા રૂપ ક્રિયા. (૨) 'અનર્થક્રિયા'-સ્વ-પરના પ્રયોજન વગર પણ વનના વેલા વગેરે તોડવારૂપ જીવહિંસાની ક્રિયા. (૩) 'હિંસાક્રિયા'-આણે મને માર્યો, મારે છે કે મારશે, માટે આને હું મારું-આવી બુદ્ધિથી માર મારવા રૂપ ક્રિયા. (૪) 'અકસ્માત ક્રિયા'-કોઈ બીજાને હણવા માટે બાણ આદિ શસ્ત્રો ફેંકવા જતાં બીજાને હણે છે. (૫) 'દષ્ટિવિપર્યાસ ક્રિયા'-મિત્ર છતાં શત્રુ જાણીને હણે છે. (૬) 'મૃષાક્રિયા'-પોતાના માટે કે પોતાના જનોને માટે અસત્ય બોલવા રૂપ ક્રિયા. (૭) 'અદત્તગ્રહણ ક્રિયા'-સ્વ-પરાદિ માટે ચોરી કરવા રૂપ ક્રિયા. (૮) 'અધ્યાત્મ ક્રિયા'-જ્યાં બાહ્ય હેતુ સિવાય ખરાબ મન કરવા રૂપ ક્રિયા. (૯) 'માનક્રિયા'-જાતિમદ વગેરેથી મત્ત બની બીજાની અવહેલના કરવા રૂપ ક્રિયા. (૧૦) 'મિત્રદ્વેષવૃત્તિ ક્રિયા'-માતા-પિતા-મિત્ર આદિ સ્વજનોનો અલ્પ અપરાધ હોવાથી તાડન-તર્જન-દહનાદિ સખ્ત દંડ કરવા રૂપ ક્રિયા. (૧૧) 'માયાક્રિયા'-માયાથી બીજાઓની હિંસા વગેરે ક્રિયા. (૧૨) 'લોભક્રિયા'-લોભથી બીજાઓની હિંસા આદિ કરવા રૂપ ક્રિયા. (૧૩) 'ઐર્યાપથિકી' જે વળી નિરંતર અપ્રમત્ત ભગવાન વીતરાગ યોગીન્દ્રને યોગથી થતી ક્રિયા.

આ ૧૩ ક્રિયાઓમાં પરિહાર કરવા દ્વારા તથા ૧૪ જીવોના સમુદાયોમાં અર્થાત્ સૂક્ષ્મ અને બાદર રૂપે બે પ્રકારના એકેન્દ્રિયો, વિકલેન્દ્રિયો તથા સંજ્ઞી અને અસંજ્ઞી-એમ બે પ્રકારના પંચેન્દ્રિયો મળી કુલ સાત પ્રકારના જીવોના પ્રત્યેકના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી ચૌદ ભૂતગ્રામોમાં રક્ષણ કરવા દ્વારા, ૧૫ પરમાધામીઓમાં અર્થાત્ અંબ, અંબરીષ, શ્યામ શબલ, રૌદ્ર, ઉપરૌદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધનુષ્ય, કુંભ, વાલુકા, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ. (સ્વ-સ્વ નામ પ્રમાણે નારકોને ઘણાં દુ:ખો આપે છે.) સમ્યગ્જ્ઞાન દ્વારા જે સાધુ પ્રયત્ન કરે છે, તે સંસારચક્રમાં રહેતો નથી. (૧૨-૧૨૧૧)

**गाहासोलसएहिं, तहा अस्संजमम्मि य ।**
**जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ १३ ॥**

**गाथाषोडशकानि, तथाऽसंयमे च ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ १३ ॥**

**અર્થ –** જેમાં ગાથા નામનું સોલમું અધ્યયન છે, તે શ્રી સૂયગડાંગ સૂત્રના પહેલા શ્રુતસ્કંધના સોલ અધ્યયનોમાં, અર્થાત્ સમય, વૈતાલીય, ઉપસર્ગપરિજ્ઞા, સ્ત્રીપરીજ્ઞા, નરકવિભક્તિ, વીરસ્તવ, કુશીલપરિભાષા, વીર્ય, ધર્મ, સમાધિ, માર્ગ, સમવસરણ, અવિતથ, ગ્રંથ, યદતીત અને ગાથારૂપ અધ્યયનોમાં કહેલા અનુષ્ઠાન દ્વારા, પૃથિવી વગેરે વિષયવાળા સત્તર ભેદના અસંયમમાં, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય-એમ નવ પ્રકારના જીવોને સંઘટ્ટો આદિ કરવો, પુસ્તકાદિ અજીવનો જયણા નહિ પાળવાથી થતો **અસંયમ;** આંખોથી જોયા વગર કરવું તે **પ્રેક્ષ્ય-અસંયમ;** ગૃહસ્થોના સાવદ્ય વ્યાપારોની પ્રેરણા કરવી તે **ઉપેક્ષ્ય-અસંયમ;** વસ્ત્ર-પાત્ર વગેરેને નહિ પ્રમાર્જવાં તે **પ્રમાર્જના અસંયમ;** સ્થંડિલ-પ્રશ્રવણ આદિ અશુદ્ધ ભૂમિમાં પરઠવવાં તે **પરિષ્ઠાપના-અસંયમ;** મનને દ્રોહ-ઈર્ષ્યા-અભિમાનાદિઅશુભ ભાવોમાં જોડવું તે **મન-અસંયમ;** સાવદ્ય-દુષ્ટ વચન બોલવું તે **વાણીનો અસંયમ;** તેમજ ગમનાગમનાદિ ક્રિયામાં ઉપયોગશૂન્ય વર્તવું તે **કાયાનો અસંયમ.** આવી રીતે સત્તર પ્રકારના અસંયમમાં પરિત્યાગ કરવા રૂપે જે મુનિ પ્રયત્ન કરે છે, તે સંસારચક્રમાં રહેતો નથી. (૧૩-૧૨૧૨)

**बंभंमि नायज्झयणेसु, ठाणेसु असमाहिए ।**
**जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ १४ ॥**

**ब्रह्मणि ज्ञाताध्ययनेषु, स्थानेष्वसमाधेः ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ १४ ॥**

**અર્થ –** અઢાર પ્રકારના બ્રહ્મચર્યમાં એટલે ઔદારિક અને વૈક્રિય શરીરના ભોગોનો મન-વચન-કાયાએ કરવા-કરાવવા-અનુમોદવા રૂપે ત્યાગ. (૨x૩=૬x૩=૧૮) તેના પાલન દ્વારા; ઓગણીશ ઉત્ક્ષિપ્તજ્ઞાદિ જ્ઞાનાધ્યયનોમાં જ્ઞાન દ્વારા (ઉત્ક્ષિપ્ત, સંઘાટક, અંડક, કૂર્મ, સેલક, તુંબક, રોહિણી, મલ્લી, માકંદી, ચંદ્રમસ, દાવદ્રવ, ઉદક, મંડુક્ક, તેતલી, નંદીફળ, અપરકંકા, આકીર્ણ, સુંસુમા અને પુંડરીકજ્ઞાત.) અસમાધિના કારણ રૂપ વીશ સ્થાનોમાં પરિત્યાગ દ્વારા [વીશ સ્થાનો-(૧) જલદી જલદી ચાલવું. (૨) અપ્રમાર્જિત સ્થાનમાં બેસવું, સૂવું વગેરે. (૩) બરાબર નહિ પ્રમાર્જેલા સ્થાનમાં બેસવું વગેરે. (૪) શાસ્ત્રાજ્ઞાથી વધારે શય્યા-આસન આદિ વાપરવાં. (૫) વડીલ વર્ગનો અપમાનાદિ-પરાભવ કરવો. (૬) શ્રુત-પર્યાય-વય રૂપ સ્થવિર

વર્ગનો પરાભવ કરવો. (૭) પ્રમાદથી એકેન્દ્રિયાદિ જીવોની હિંસા કરવી. (૮) ક્ષણે ક્ષણે કોપ કરવો. (૯) લાંબા કાળ સુધી ક્રોધ કરવો. (૧૦) પરોક્ષમાં બીજાની નિંદા કરવી. (૧૧) વારંવાર અવધારણી (જકાર પૂર્વકની) ભાષા બોલવી. (૧૨) શાન્ત થયેલા કષાયની ફરીથી ઉદીરણા કરવી. (૧૩) બીજા બીજા કજીયાની પરંપરા ચાલુ રાખવી. (૧૪) અકાલમાં સ્વાધ્યાય કરવો. (૧૫) સચિત્ત રજથી ખરડાયેલા હાથ-પગ છતાં પ્રવૃત્તિ કરવી. (૧૬) રાત્રિ વગેરેના વિકાલે મોટો શબ્દ કરવો. (૧૭) કજીયો કરવો. (૧૮) ગચ્છમાં-પરસ્પર સાધુઓમાં ભેદ કરવો. (૧૯) સૂર્યોદયથી માંડી સૂર્યાસ્ત સુધી આહાર-પાણી વાપરવાં. (૨૦) એષણાસમિતિનું પાલન નહિ કરવું.] જે સાધુ હંમેશાં પ્રયત્ન કરે છે, તે સંસારચક્રથી પર થાય છે. (૧૪-૧૨૧૩)

**इक्कवीसाए सबलेसु, बावीसाए परीसहे ।**
**जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ १५ ॥**

**एकविंशतौ शबलेषु, द्वाविंशतौ परीषहेषु ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ १५ ॥**

**અર્થ** – ચારિત્રને મલિન બનાવનાર એકવીશ સબલ ક્રિયાઓમાં પરિહાર કરવા રૂપે, [તે આ પ્રમાણે-(૧) હસ્તક્રિયા કરવા કરાવવારૂપ અબ્રહ્મનું સેવવું. (૨) અતિક્રમ-વ્યતિક્રમ-અતિચાર રૂપે મૈથુન સેવવું. (૩) રાત્રિભોજન. (૪) આધાકર્મનું ભોજન. (૫) રાજપિંડનું ભોજન. (૬) ક્રીતભોજન. (૭) પ્રામિત્ય ભોજન. (૮) અભ્યાહૃત ભોજન. (૯) આચ્છેદ્ય ભોજન. (૧૦) છ મહિનામાં એક ગચ્છમાંથી બીજા ગણમાં જવું. (૧૧) એક મહિનામાં ત્રણ વાર દગલેપ-નાભિ જેટલા પાણીમાં ઉતરવું. (૧૨) એક મહિનામાં અપરાધો છૂપાવવા રૂપ માયાસ્થાનોનું સેવન. (૧૩-૧૪-૧૫) ઈરાદાપૂર્વક જીવહિંસા-જૂઠું-ચોરી કરવી. (૧૬) કશુંય વચ્ચે ન હોય તેવી સચિત્ત પૃથિવી ઉપર સૂવું-બેસવું વગેરે. (૧૭) સચિત્ત પત્થર કે કીડાઓએ ખાધેલ લાકડા ઉપર આંતરા વિના ઉભા રહેવું વગેરે. (૧૮) ઈંડાવાળી-ત્રસવાળી જમીનમાં બેસવું વગેરે. (૧૯) નિર્દયતાપૂર્વક કંદમૂળ-ફૂલ આદિ લીલી વનસ્પતિનું ભોજન કરવું. (૨૦) એક વર્ષમાં દશ વાર દગલેપ-માયાસ્થાનો કરવાં. (૨૧) ઈરાદાપૂર્વક સચિત્ત જલથી ભીંજાયેલા હાથ કે પાત્રવાળા ગૃહસ્થ પાસેથી ભોજન વહોરીને વાપરવું.] પૂર્વોક્ત બાવીશ પરીષહોમાં સહન કરવા રૂપે જે મુનિ હંમેશાં પ્રયત્ન કરે છે, તે સંસારચક્રમાં રહેતો નથી. (૧૫-૧૨૧૪)

**तेवीसइ सूअगडे, रूवाहिएसु सुरेसु य ।**
**जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ १६ ॥**

**त्रयोविंशति सूत्रकृते, रूपाधिकेषु सुरेषु च ।**
**यो भिक्षुर्यतते नित्यं स नास्ते मण्डले ॥ १६ ॥**

**અર્થ –** શ્રી સૂયગડાંગ સૂત્રના ત્રેવીશ અધ્યયનો, તેમાં પહેલા શ્રુતસ્કંધના સોલ કહ્યાં અને બીજા શ્રુતસ્કંધના પુંડરીક, ક્રિયાસ્થાન, આહારપરિજ્ઞા, અપ્રત્યાખ્યાન ક્રિયા, અનગાર, આર્દ્રકીય અને નાલંદીય-એમ સાત મળીને ત્રેવીશ અધ્યયનોમાં, તેમજ રૂપાધિક દશ ભવનપતિ, આઠ વ્યંતર, પાંચ જ્યોતિષી અને એક પ્રકારે વૈમાનિકો મળી કુલ ચારેય નિકાયના ચોવીશેય જાતિના દેવોને વિષે યથાર્થ પ્રરૂપણા વગેરે દ્વારા જે સાધુ પ્રયત્ન કરે છે, તે સંસારચક્રમાં રહેતો નથી. (૧૬-૧૨૧૫)

**पणवीसभावणाहिं, उद्देसेसु दसाइणं ।**
**जे भिक्खू जयइ निच्चं, से न अच्छइ मंडले ॥ १७ ॥**

**पञ्चविंशतौ भावनासु, उद्देशेषु दशादीनाम् ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ १७ ॥**

**અર્થ –** પાંચ મહાવ્રતોના રક્ષણ માટે દરેક વ્રતમાં ભાવવાની પાંચ-પાંચ મળીને પચીશ ભાવનાઓમાં, પરિભાવનારૂપે, સૂત્રાદિના ઉદ્દેશ-સમુદ્દેશ અને અનુજ્ઞા માટે ગુરૂને છ વંદના દેવાં, ત્રણ વાર કાઉસ્સગ્ગ કરવો, ઇત્યાદિ શાસ્ત્રોક્ત ક્રિયા કરવી તે ઉદ્દેશના કાળ જાણવા. તે શ્રી દશાશ્રુતસ્કંધના દશ અધ્યયનોમાં દશ, શ્રી કલ્પસૂત્રના દશ અધ્યયનોમાં દશ અને વ્યવહારના છ ઉદ્દેશાના-એમ છવ્વીશને અંગે કાલગ્રહણાદિ તે તે ક્રિયા વગેરેમાં પ્રરૂપણા દ્વારા જે ભિક્ષુ હંમેશાં પ્રયત્ન કરે છે, તે સંસારચક્રમાં રહેતો નથી. (૧૭-૧૨૧૬)

**अणगारगुणेहिं च, पकप्पंमि तहेव य ।**
**जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ १८ ॥**

**अनगारगुणेषु च, प्रकल्पे तथैव च ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ १८ ॥**

**અર્થ –** સાધુના વ્રત વગેરે સત્તાવીશ ગુણોમાં અર્થાત્ છ વ્રત, પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ, ભાવશુદ્ધિ, ક્રિયાશુદ્ધિ, ક્ષમા, વૈરાગ્ય, મન-વચન-કાયાની દુષ્ટ પ્રવૃત્તિનો નિરોધ, છ જીવનિકાયની રક્ષા, યોગયુક્તતા, વેદનાદિનું સહન

અને પ્રાણાન્ત ઉપસર્ગ આદિમાં પણ સમાધિ રાખવી. આ ગુણોમાં યથાર્થ સેવન કરવા દ્વારા થતા શસ્ત્રપરિજ્ઞા આદિ અઠ્ઠાવીશ અધ્યયનાત્મક શ્રી આચારાંગ રૂપ પ્રકલ્પમાં, (જ્યાં યતિવ્યવહાર પ્રકૃષ્ટ છે.) (૨૮ અધ્યયનો- શસ્ત્રપરિજ્ઞા, લોકવિજય, શીતોષણીય, સમ્યક્ત્વ, આવંતી લોકસાર, ધૂત, વિમોહ, ઉપધાનશ્રુત, મહાપરિજ્ઞા, પિંડૈષણા, શય્યા, ઈર્યા, ભાષાજાત, વસ્ત્રૈષણા, પાત્રૈષણા, અવગ્રહ પ્રતિમા, (સ્થાન, નૈષેધિકી, ઉચ્ચારપ્રશ્રવણ, શબ્દ, રૂપ, પરક્રિયા અને અન્યોન્ય ક્રિયા.) આ સાત સપ્તિક ભાવના, વિમુક્તિ ઉદ્ઘાત (નાનું પ્રાયશ્ચિત્ત), અનુદ્ઘાત (મોટું પ્રાયશ્ચિત્ત) અને આરોપણા (આપેલા પ્રાયશ્ચિત્તમાં વધારો કરવો તે.) યથાર્થ પ્રરૂપણા દ્વારા જે મુનિ હંમેશાં પ્રયત્ન કરે છે, તે સંસારચક્રમાં રહેતો નથી. (૧૮-૧૨૧૭)

**पावसुयपसंगेसु मोहट्ठाणेसु चेव य ।**
**जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ १९ ॥**

**पापश्रुतप्रसङ्गेषु, मोहस्थानेषु चैव च ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ १९ ॥**

**અર્થ** – પાપના કારણભૂત શ્રુતોમાં તથાવિધ આસક્તિ રૂપ પ્રસંગોમાં અર્થાત્ ૨૯ પ્રકારના પાપશ્રુત પ્રસંગોમાં–(૧) વ્યંતરાદિ દેવોના અટ્ટહાસ્ય આદિના ફળનું વર્ણન જેમાં હોય. (૨) અકસ્માત લોહીનો વરસાદ, વૃષ્ટિ વગેરેના ફળનું જેમાં વર્ણન હોય. (૩) આકાશમાં થતા ગ્રહોના ભેદ વગેરેના ફળનું જેમાં વર્ણન હોય. (૪) ભૂમિકંપ વગેરે પૃથ્વીનો વિકાર જોઈને જ 'આનું આમ થશે' આદિ ફળ જણાવનાર. (૫) અંગસ્ફુરણ આદિના ફળનું વર્ણન જેમાં હોય તે અંગશાસ્ત્ર. (૬) ષડ્જ વગેરે સ્વરોનું કે પક્ષી વગેરેના સ્વરોનું વર્ણન જેમાં હોય તે સ્વરશાસ્ત્ર. (૭) વ્યંજન-શરીર ઉપરના મસ, તલ વગેરે ઉપરથી તેનું ફળ જણાવનાર. (૮) લક્ષણ-અવયવોની રેખાઓ ઉપરથી તેનું ફળ જણાવનાર. એ નિમિત્તશાસ્ત્રના આઠ અંગોના દરેકના ત્રણ ત્રણ ભેદો છે. ૧-સૂત્ર, ૨-વૃત્તિ, ૩-વાર્ત્તિક-એ ત્રણથી ગુણતાં (૮x૩=૨૪) ચોવીશ, (૨૫) સંગીતશાસ્ત્ર, (૨૬) નૃત્યુશાસ્ત્ર, (૨૭) શિલ્પશાસ્ત્ર, (૨૮) વૈદકશાસ્ત્ર, (૨૯) ધનુર્વેદ (શસ્ત્રકલાજ્ઞાપક) શાસ્ત્ર. આવા પાપશાસ્ત્રોમાં ત્યાગ કરવા દ્વારા તેમજ મોહનીય રૂપ મોહના ત્રીશ સ્થાનોમાં અર્થાત્ (૧) નદી વગેરે જળમાં પેસીને રૌદ્ર અધ્યવસાયથી ત્રસ જીવની હિંસા. (૨) હાથ વતી મુખ વગેરે ઢાંકીને દુઃખ નાદપૂર્વક રાડ પાડતાં બોકડા આદિ જીવોને હૃદયમાં માર

મારવો (૩) રોષથી લીલી વાધર વગેરેથી માથું વીંટીને મારી નાખવો (૪) ક્રૂરતાથી મસ્તકે મોગર-હથોડો-ઘણ વગેરે મારીને-માથું આદિ ફોડીને મારી નાખવા. (૫) બહુ જનોના નેતા-રક્ષક જે હોય તેને મારી નાખવા. (૬) છતી શક્તિએ ગ્લાન વગેરેની ઔષધાદિ દ્વારા સેવા ન કરે. (૭) કુયુક્તિઓ દ્વારા સાધુને કે દીક્ષાર્થી ગૃહસ્થને ધર્મભ્રષ્ટ કરે. (૮) શ્રી જિનેશ્વરોની નિંદા કરે. (૯) આચાર્ય વગેરેની જાતિ આદિથી નિંદા કરે. (૧૦) આચાર્ય આદિની વૈયાવચ્ચ ન કરે. (૧૧) પુનઃ પુનઃ નિમિત્ત કથનાદિ દ્વારા અધિકરણ મેળવી તીર્થનો ભેદ (કુસંપ) કરાવે. (૧૨) તેના દોષને જાણવા છતાં વશીકરણાદિ પ્રયોગ કરે. (૧૩) ત્યાગ કરેલા ભોગોની ઈચ્છા કરે. (૧૪) અબહુશ્રુત હોવા છતાં 'હું બહુશ્રુત છું'-એમ બોલે. (૧૫) અતપસ્વી હોવા છતાં 'હું તપસ્વી છું'-એમ બોલે. (૧૬) ગૃહ વગેરેમાં લોકને મૂકી ધૂમાડા સહિત અગ્નિ સળગાવવો. (૧૭) પોતે અકાર્ય કરીને 'બીજાએ એ કર્યું છે'-એમ કહેવું. (૧૮) ભિક્ષા વગેરે માટે આવેલ મુનિનો નિર્દયતાપૂર્વક ઘાત કરવો. (૧૯) અશુભ મન કરીને પ્રચૂર માયાપ્રયોગથી સકલ લોકને ઠગવા. (૨૦) સત્ય બોલનારને પણ જુઠ્ઠો ઠરાવે. (૨૧) નિત્ય કજીયો કરે. (૨૨) માર્ગમાં લોકોને લઈ જઈને તેઓનું ધન વગેરે લૂંટી લે. (૨૩) લોકોને વિશ્વાસ પમાડી તેઓની સ્ત્રીઓનો ઉપભોગ કરવો. (૨૪) કુંવારો નહિ છતાં 'હું કુંવારો છું'-એમ કહેવું. (૨૫) બ્રહ્મચારી નહિ છતાં 'હું બ્રહ્મચારી છું'-એમ કહેવું. (૨૬) જેનાથી ઐશ્વર્યવાન્ થયો હોય, તેના જ ધનનું હરણ કરવું તે. (૨૭) રાજા, સેનાપતિ, પાઠક કે શેઠનું ખૂન કરવું. (૨૮) દેવોને નહિ જોવા છતાં 'હું જોઉં છું' એવું કથન કરવું. (૨૯) 'કામગર્દભ દેવોનું શું પ્રયોજન છે ?'-એમ બોલીને દેવોની અવજ્ઞા કરવી. (૩૦) જેના પ્રભાવથી યશસ્વી કે ઉંચે ચઢ્યો હોય, તેના જ ભોગ આદિમાં અંતરાય કરવો. આવા સ્થાનોના ત્યાગ દ્વારા જે સાધુ હંમેશાં પ્રયત્ન કરે છે, તે સંસારચક્રમાં રહેતો નથી. (૧૯-૧૨૧૮)

**सिद्धाइगुणजोएसु, तित्तीसासायणासु य ।**
**जे भिक्खू जयई निच्चं, से न अच्छइ मंडले ॥ २० ॥**

**सिद्धातिगुणयोगेषु, त्रयस्त्रिंशदाशातनासु च ।**
**यो भिक्षुर्यतते नित्यं, स नास्ते मण्डले ॥ २० ॥**

**અર્થ** –સિદ્ધોના અતિશાયી એકત્રીશ ગુણોમાં, અર્થાત્ પાંચ સંસ્થાનો, શુક્લાદિ પાંચ વર્ણો, બે પ્રકારની ગંધ, મધુરાદિ પાંચ રસો, ગુરૂ, લઘુ આદિ

આઠ સ્પર્શો, પુરૂષવેદાદિ ત્રણ વેદો-એમ અઠ્ઠાવીશનો અભાવ, તેમજ અશરીરીપણું, અસંગપણું, જન્મરહિતપણું-એમ એકત્રીશ ગુણોમાં શ્રદ્ધા દ્વારા, મન-વચન-કાયાના પ્રશસ્ત યોગોના સંગ્રહ માટે નિમિત્તભૂત 'આલોચના' આદિ યોગસંગ્રહના બત્રીશ પ્રકારોમાં, અર્થાત્–(૧) શિષ્યે પોતાના અપરાધો ગુરૂને-આચાર્યને યથાર્થ કહી સંભળાવવા. (૨) આચાર્યે પણ શિષ્યકથિત અપરાધ બીજાને નહિ જણાવવા. (૩) આપત્તિના પ્રસંગોમાં ધર્મમાં દઢતા કેળવવી. (૪) દુન્યવી સુખની એષણા વગર તપ કરવો. (૫) જ્ઞાન ભણવા રૂપ **ગ્રહણ** અને ક્રિયામાં અપ્રમાદ રૂપ **આસેવન**–આ બે શિક્ષાનું પાલન કરવું. (૬) શરીરની શોભા વગેરે નહિ કરવું. (૭) ગુપ્ત તપ કરવો. (૮) સંતોષ ધારવો. (૯) પરીષહાદિનો જય. (૧૦) સરલતા. (૧૧) સંયમ વિષયમાં પવિત્રતા. (૧૨) સમ્યક્ત્વશુદ્ધિ. (૧૩) ચિત્તસમાધિ. (૧૪) આચારપાલનમાં દંભ નહિ કરવો. (૧૫) વિનીત બની અભિમાન નહિ કરવું. (૧૬) ધીરજવાળી બુદ્ધિ ધારવી. (૧૭) મોક્ષની અભિલાષામાં પરાયણ રહેવું. (૧૮) સ્વદોષ ઢાંકવા માટે માયા નહિ કરવી. (૧૯) પ્રત્યેક અનુષ્ઠાનોમાં સારી રીતે વિધિ કરવી. (૨૦) સંવર કરવો. (૨૧) સર્વ કામભોગોથી વૈરાગ્ય થાય તેવી ભાવના કરવી. (૨૨) મૂલગુણોને અંગે સવિશેષ પચ્ચક્ખાણ કરવાં. (૨૩) ઉત્તરગુણોને અંગે સવિશેષ પચ્ચક્ખાણ કરવાં. (૨૪) આત્માના દોષનો ઉપસંહાર (ઘટાડો) કરવો. (૨૫) દ્રવ્ય-ભાવવિષય વ્યુત્સર્ગ-વિવિધ ત્યાગ કરવો. (૨૬) અપ્રમત્તભાવ કેળવવો. (૨૭) ક્ષણે ક્ષણે સામાચારીનું પાલન કરવું. (૨૮) ધ્યાનમાં સ્થિરતા. (૨૯) પ્રાણાન્ત વેદનાના ઉદયે પણ મનમાં ક્ષોભ ન કરવો. (૩૦) પૌદ્ગલિક સંગ-સંબંધોનું પચ્ચક્ખાણ કરવું. (૩૧) અપરાધોનું પ્રાયશ્ચિત્ત કરવું. (૩૨) મરણાન્ત આરાધના (સંલેખના) કરવી. આ બત્રીશમાં સેવન દ્વારા, તેત્રીશ આશાતનાઓમાં, અર્થાત્ (૧ થી ૯) આચાર્ય આદિની આગળ, પડખે, પાછળ અથવા અત્યંત નજીક ચાલવું[૩]-ઉભા રહેવું[૩]-બેસવું[૩] (૧૦) ઉભય સાધારણ પાણીથી ગુરૂની પહેલાં બહિર્ભૂમિમાં ગયેલ શિષ્યે શૌચ કરવું. (૧૧) ગુરૂની પહેલાં ગમનાગમનની આલોચના કરવી. (૧૨) રાત્રે ગુરૂએ બોલાવ્યા છતાં, જાગતા એવા શિષ્યે ગુરૂને જવાબ નહિ આપવો. (૧૩) બોલાવવા યોગ્ય શ્રાવક વગેરેની ગુરૂની પહેલાં બોલાવવા. (૧૪) આહાર આદિ લાવીને બીજાઓની આગળ પહેલાં આલોચીને પછી ગુરૂની પાસે આલોચે. (૧૫) એ પ્રમાણે બીજાઓને પહેલાં બતાવે. (૧૬) એ પ્રમાણે ગુરૂને આમંત્રણ પહેલાં આપ્યા સિવાય અશનાદિ

દ્વારા બીજાઓને આમંત્રે. (૧૭) ગુરૂની રજા લીધા સિવાય જે જે વસ્તુ આવે, તે તે તેને પ્રચુર-પ્રચુર આપે. (૧૮) સારૂં સારૂં પોતે વાપરે છે. (૧૯) દિવસે ગુરૂએ બોલાવ્યા છતાંય જવાબ આપતો નથી. (૨૦) ગુરૂ તરફ વારંવાર કઠોર રીતે બોલે છે. (૨૧) ગુરૂએ બોલાવ્યા છતાં, જ્યાં રહ્યો રહ્યો ગુરૂવચન સાંભળે ત્યાં જ રહ્યો રહ્યો જવાબ આપે છે. (૨૨) 'શું તું કહે છે ?'-એમ ગુરૂને બોલે છે. (૨૩) જેવું ગુરૂ બોલે તેવો જ જવાબ આપે છે. જેમ કે-ગુરૂએ કહ્યું કે-'હે આર્ય ! ગ્લાન વગેરેની વૈયાવચ્ચ કેમ કરતો નથી ? ત્યારે શિષ્ય સામે જવાબ આપે છે કે-'તું જ કેમ વૈયાવચ્ચ કરતો નથી ?' (૨૪) ગુરૂ જ્યારે ધર્મકથા કરતા હોય ત્યારે મન બગાડી નાખે. (૨૫) 'તું આ અર્થને ભૂલી જાય છે'- એમ ગુરૂ કહે. (૨૬) ગુરૂ ઉપદેશદાન કરતા હોય તે વખતે પોતે જ ડાહ્યો થઈને કથા કરવા બેસી જાય. (૨૭) 'ભિક્ષાકાળ થઈ ગયો છે' ઈત્યાદિ વાક્યથી અકાળે પણ સભાને તોડી પાડે. (૨૮) ચાલુ સભામાં જ ગુરૂએ કહેલ અર્થને પોતાની કુશળતા બતાવવા માટે સવિશેષ અર્થને કહેવા મંડી પડે. (૨૯ થી ૩૧) ગુરૂના સંથારાને પગથી સંઘટ્ટો કરે, બેસે કે સૂવે. (૩૨) ગુરૂના કરતાં ઉંચા આસને બેસે. (૩૩) ગુરૂના સમાન આસને બેસે. આ તેત્રીશ આશાતનાઓમાં પરિવર્જન દ્વારા જે સાધુ પ્રયત્ન કરે છે, તે સંસારચક્રમાં રહેતો નથી. (૨૦-૧૨૧૯)

**इइ एएसु ठाणेसु, जो भिक्खू जयई सया ।**
**खिप्पं से सव्वसंसारा, विप्पमुच्चइ पंडिए त्तिवेमि ॥ २१ ॥**

**इत्येतेषु स्थानेषु, यो भिक्षुर्यतते सदा ।**
**क्षिप्रं स सर्वसंसाराद्विप्रमुच्यते पण्डितः इति ब्रवीमि ॥ २१ ॥**

**અર્થ –** આ પ્રમાણે પૂર્વોક્ત સ્થાનોમાં જે મુનિ હંમેશાં પ્રયત્ન કરે છે, તે પંડિત આત્મા જલદીથી સઘળા સંસારમાંથી મુક્ત બની જાય છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૨૧-૧૨૨૦)

## એકત્રીશમું શ્રી ચરણવિધિ-અધ્યયન સંપૂર્ણ.

# श्री प्रमादस्थानाध्ययन-३२

**अच्चंतकालस्स समूलयस्स, सव्वस्स दुक्खस्स उ जो पमोक्खो ।**
**तं भासओ मे पडिपुण्णमवित्ता, सुणेह एगंतहियं हियत्थं ॥ १ ॥**

**अत्यन्तकालस्य समूलकस्य, सर्वस्य दुःखस्य तु यः प्रमोक्षः ।**
**तं भाषमाणस्य मे प्रतिपूर्णचित्ताः श्रृणुतैकान्तहितं हितार्थम् ॥ १ ॥**

**અર્થ** – અનાદિકાળવાળા, કષાય-અવિરતિ રૂપ મૂલવાળા અને સર્વને દુઃખ કરનાર સંસારથી મુક્તિ રૂપ કહેવાતા મોક્ષતત્ત્વને, એકાન્ત હિતકારી મોક્ષ ખાતર, અખંડિત ચિત્તવાળા બની તમે સાંભળો. (૧-૧૨૨૧)

**नाणस्स सव्वस्स पगासणाए, अण्णाणमोहस्स विवज्जणाए ।**
**रागस्स दोसस्स य संखएणं, एगंतसोक्खं समुवेइ मोक्खं ॥ २ ॥**

**ज्ञानस्य सर्वस्य प्रकाशनयाऽज्ञानमोहस्य विवर्जनया ।**
**रागस्य द्वेषस्य च संक्षयेणैकान्तसौख्यं समुपैति मोक्षम् ॥ २ ॥**

**અર્થ** – મતિજ્ઞાનાદિ સર્વ જ્ઞાનને નિર્મલ કરવા દ્વારા, મતિઅજ્ઞાન આદિ રૂપ અજ્ઞાન અને દર્શનમોહનીય રૂપ મોહ એ બન્નેની, મિથ્યાશ્રુતના શ્રવણના ત્યાગ અને કુદષ્ટિસંગના ત્યાગ દ્વારા વિવર્જનાથી, રાગ અને દ્વેષના વિનાશથી અર્થાત્ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ મોક્ષમાર્ગથી એકાન્ત સુખવાળા મોક્ષને આત્મા પામે છે. જ્ઞાનાદિથી દુઃખપ્રમોક્ષ ભલે હો, પણ જ્ઞાનાદિની પ્રાપ્તિનો હેતુ કયો છે ? તે કહે છે. (૨-૧૨૨૨)

**तस्सेस मग्गो गुरुविद्धसेवा, विवज्जणा बालजणस्स दूरा ।**
**सज्झायएगंतनिसेवणा य, सुत्तत्थसंचिंतणया धिई य ॥ ३ ॥**

**तस्यैष मार्गः गुरुवृद्धसेवा, विवर्जना बालजनस्य दूरात् ।**
**स्वाध्यायैकान्तनिषेवणा च, सूत्रार्थसञ्चिन्तना धृतिश्च ॥ ३ ॥**

**અર્થ** – યથાર્થ શાસ્ત્રકથક ગુરુઓની અને શ્રુતપર્યાય વગેરેથી સ્થવિર એવા વૃદ્ધોની સેવા, પાર્શ્વસ્થ વગેરેનો દૂરથી ત્યાગ કેમકે-તેઓનો સ્વલ્પ પણ

સંગ મહાદોષ છે, એકાન્તથી સ્વાધ્યાયનું સેવન, સૂત્રાર્થનો વિચાર, મનની સ્વસ્થતા રૂપ ધૃતિ-આ બધા કારણો-ઉપાયો જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ મોક્ષમાર્ગના છે-એમ સમજવું. (૩-૧૨૨૩)

**आहारमिच्छे मिअमेसणिज्जं, सहायमिच्छे निउणट्ठबुंद्धि ।**
**निकेअमिच्छेज्ज विवेगजोगं, समाहिकामे समणे तवस्सी ॥ ४ ॥**

**आहारमिच्छेन्मितमेषणीयं, सहायमिच्छेन्निपुणार्थबुद्धिम् ।**
**निकेतमिच्छेद्विवेकयोग्यं, समाधिकामः श्रमणः तपस्वी ॥ ४ ॥**

**અર્થ –** મિત અને એષણીય આહારને ઇચ્છે પણ એનાથી ઉલટાને ન ઇચ્છે, જીવાદિ પદાર્થવિષયક નિપુણ જ્ઞાનવાળાને સહાયક તરીકે ઇચ્છે અને સ્ત્રી આદિના સંસર્ગરહિત-ઉચિત આશ્રયને ઇચ્છે. સમાધિની કામનાવાળો શ્રમણ તપસ્વી, ઉપરોક્ત આહાર, સહાયક અને આશ્રયને ઇચ્છે પણ એનાથી વિપરીતની ઇચ્છા ન કરે. (૪-૧૨૨૪)

**ण वा लभिज्जा निउणं सहायं, गुणाहिअं वा गुणओ समं वा ।**
**एक्कोऽवि पावाइं विवज्जयंतो, विहरिज्ज कामेसु असज्जमाणो ॥ ५ ॥**

**न वा लभेन्निपुणं सहाय्यं, गुणाधिकं वा गुणतस्समं वा ।**
**एकोऽपि पापानि विवर्जयन्विहरेत्कामेष्वसजन् ॥ ५ ॥**

**અર્થ –** જો કદાચ જ્ઞાનાદિથી અધિક કે સમાન નિપુણ સાથીદાર-સહાયક ન મળે, કામભોગોમાં આસક્તિને નહિ કરતો અને પાપના હેતુભૂત અનુષ્ઠાનોનો ત્યાગ કરતો, ગીતાર્થ બનેલો એકલો પણ વિહાર કરે ! હવે જ્ઞાનાદિના અવરોધક અને દુઃખહેતુભૂત મોહાદિનો જે પ્રકારે ઉત્પાદ, જે પ્રકારે ક્ષય અને જે પ્રકારે તેના ક્ષયમાં દુઃખનો ક્ષય છે, એ વિષય કહે છે. (૫-૧૨૨૫)

**जहा य अंडप्पभवा बलागा, अंडं बलागप्पभवं जहा य ।**
**एमेव मोहाययणं खु तण्हा, मोहं च तण्हाययणं वयंति ॥ ६ ॥**

**रागो य दोसोवि य कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयंति ।**
**कम्मं च जाईमरणस्स मूलं, दुक्खं च जाई मरणं वयंति ॥ ७ ॥**

**दुक्खं हयं जस्स न होइ मोहो, मोहो हओ जस्स न होइ तण्हा ।**
**तण्हा हया जस्स न होइ लोहो, लोहो हओ जस्स न किंचणाइ ॥ ८ ॥**

**॥ त्रिभिर्विशेषकम् ॥**

**यथा चाण्डप्रभवा बलाका, अण्डं बलाकाप्रभवं यथा च ।**
**एवमेव मोहायतना खु तृष्णां मोहं च तृष्णायतनं वदन्ति ॥ ६ ॥**

**रागश्च द्वेषोपि च कर्मबीजं, कर्म च मोहप्रभवं वदन्ति ।**
**कर्म च जातिमरणस्य मूलं दुःखं च जातिमरणं वदन्ति ॥ ७ ॥**

**दुःखं हतं यस्य न भवति मोहो, मोहो हतो यस्य न भवति तृष्णा ।**
**तृष्णा हता यस्य न भवति लोभः, लोभो हतो यस्य न किञ्चनानि ॥ ८ ॥**

**॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ –** જે પ્રકારે ઈંડાથી પેદા થનારી-બગલી કુકડી છે અને ઈંડું બગલી-કુકડીથી પેદા થનાર છે, તે જ પ્રકારે અજ્ઞાન અને મિથ્યાદર્શન રૂપ મોહના ઉત્પત્તિસ્થાનવાળી તૃષ્ણા છે. અર્થાત્ મોહ તૃષ્ણાથી પેદા થયો અને તૃષ્ણાની ઉત્પત્તિસ્થાનવાળો મોહ છે, યાને મોહથી રાગ-દ્વેષ રૂપી તૃષ્ણા પેદા થાય છે. અહીં તૃષ્ણા અને મોહનો પરસ્પર કાર્ય-કારણભાવ-જન્ય-જનકભાવ છે. રાગ અને દ્વેષ જ્ઞાનાવરણાદિ કર્મનું બીજ-કારણ છે અને કર્મ રાગ-દ્વેષ રૂપ મોહનું કારણ છે. અહીં કર્મ અને રાગ-દ્વેષ રૂપ મોહનો પરસ્પર કાર્ય-કારણભાવ છે. જન્મ-મરણનું મૂળ કારણ કર્મ છે અને જન્મ-મરણ દુઃખનું કારણ છે. જેની પાસે દુઃખમૂલ મોહ નથી, તેનું દુઃખ હત-પ્રહત થયું. જેને મોહ હણ્યો તેને રાગ-દ્વેષ રૂપ તૃષ્ણા હોતી નથી. જેણે તૃષ્ણા હણી, તેણે લોભ હણ્યો જ. જેનો લોભ હણાયો, તેની પાસે કાંઈ દ્રવ્યો હોતાં નથી અર્થાત્ અકિંચન બને છે. જો દ્રવ્યો હોય તો પ્રાયઃ અભિલાષા થાય. દ્રવ્યાભાવ, નિરીહ-અકિંચન બનાવે છે. (૬ થી ૮-૧૨૨૬ થી ૧૨૨૮)

**रागं च दोसं च तहेव मोहं, उद्धत्तुकामेण समूलजालं ।**
**जे जे उवाया पडिवज्जियव्वा, ते कित्तइस्सामि अहाणुपुव्विं ॥ ९ ॥**

**रागं च द्वेषं च तथैव मोहं, उद्धर्त्तुकामेन समूलजालम् ।**
**ये ये उपायाः प्रतिपत्तव्याः, तान् कीर्त्तयिष्यामि यथानुपूर्वि ॥ ९ ॥**

**અર્થ –** તીવ્ર કષાય વગેરે અને વિષય વગેરે મૂલોની જાલ સહિત, રાગ, દ્વેષ અને મોહનું ઉન્મૂલન કરવાની ઇચ્છાવાળાએ, જે જે ઉપાયો સ્વીકારવા યોગ્ય છે, તે તે ઉપાયોને હું ક્રમસર કહીશ. (૯-૧૨૨૯)

**रसा पकामं न निसेविअव्वा, पायं रसा दित्तिकरा नराणं ।**
**दित्तं च कामा समभिद्दवंति, दुमं जहा सादुफलं व पक्खी ॥ १० ॥**

**जहा दवग्गी पउरिंधणे वणे, समारुओ नोवसमं उवेइ ।**
**एविंदिअग्गीविपगामभोइणो, न बंभयारिस्स हिआय कस्सइ ॥ ११ ॥**

**विवित्तसेज्जासणजंतिआणं ओमासणाणं दमिइंदिआणं ।**
**न रागसत्तू धरिसेइ चित्तं, पराइओ वाहिरिवोसहेहिं ॥ १२ ॥**
**जहा बिरालावसहस्स मूले, न मूसगाणं वसही पसत्था ।**
**एमेव इत्थीनिलयस्स मज्झे, न बंभयारिस्स खमो निवासो ॥ १३ ॥**
**॥ चतुर्भिः कलापकम् ॥**

**रसा प्रकामं न निषेवितव्या, प्रायो रसा दृप्तिकरा नराणाम् ।**
**दृप्तं च कामाः समभिद्रवन्ति, द्रुमं यथा स्वादुफलमिव पक्षी ॥ १० ॥**
**यथा दवाग्निः प्रचुरेन्धने वने, समारुतो नोपशममुपैति ।**
**एवमिन्द्रियाग्निरपि प्रकामभोजिनो, न ब्रह्मचारिणो हिताय कस्यचित् ॥ ११ ॥**
**विविक्तशय्यासनयंत्रितानामवमाशनानां दमितेन्द्रियाणाम् ।**
**न रागशत्रुर्धर्षयति चित्तं, पराजितो व्याधिरिवौषधैः ॥ १२ ॥**
**यथा बिडालावसथस्य मूले, न मूलकानां वसतिः प्रशस्ता ।**
**एवमेव स्त्रीनिलयस्य मध्ये, न ब्रह्मचारिणः क्षमो निवासः ॥ १३ ॥**
**॥ चतुर्भिःकलापकम् ॥**

**અર્થ –** દૂધ વગેરે વિગઈઓ રૂપ રસો અત્યંત વાપરવા નહિ, કેમ કે-બહુધા રસો નર-નારીઓને ધાતુઓનો ઉદ્રેક કરનારા છે. દૃપ્ત મનુષ્યને કામો-વિષયો ઘેરે છે-વળગે છે. જેમ સ્વાદુ ફળવાળા વૃક્ષને પંખીઓ આક્રમણ કરે છે, તેમ ધાતુઓની અત્યંત વૃદ્ધિવાળાને કામ આક્રમણ કરે છે. જેમ પ્રચુર ઇંધનવાળા વનમાં વાયુ સહિત દાવાનળ શાન્ત થતો નથી, તેમ ધર્મવૃક્ષનો દાહક હોઈ ઇન્દ્રિયજનિત રાગનો અગ્નિ અત્યંત આહારી ગમે તેવા સુસ્થિત બ્રહ્મચારીને હિત માટે થતો નથી. જેમ ગડૂચી આદિ ઔષધોથી પરાભૂત કુષ્ઠાદિ વ્યાધિ દેહને નુકશાન કરતો નથી, તેમ સ્ત્રી વગેરેથી રહિત વસતિમાં રહેલા અલ્પભોજી જિતેન્દ્રિયોના ચિત્તને રાગ રૂપી શત્રુ પરાભવ કરતો નથી. જેમ બિલાડાના સ્થાનથી નજીકમાં ઉંદરોનું રહેવું પ્રશસ્ત નથી, કેમ કે-તેથી તેને અવશ્ય હાનિનો સંભવ છે, તેમ સ્ત્રીઓના નિવાસ મધ્યે બ્રહ્મચારીનો નિવાસ યુક્ત નથી, કેમ કે-ત્યાં બ્રહ્મચર્યની બાધાનો સંભવ છે. (૧૦ થી ૧૩-૧૨૩૦ થી ૧૨૩૩)

**न रूवलावण्णविलासहासं, न जंपिअं इंगिअ पेहिअं वा ।**
**इत्थीण चित्तंसि निवेसइत्ता, दट्ठुं ववस्से समणे तवस्सी ॥ १४ ॥**
**अदंसणं चेव अपत्थणं च, अचिंतणं चेव अकित्तणं च ।**
**इत्थीजणस्सारियझाणजुग्गं, हिअं सया बंभचेरे रयाणं ॥ १५ ॥**

कामं तु देवीहिं विभूसिआहिं, न चाइआ खोभइउं तिगुत्ता ।
तहावि एगंतहिअंति नच्चा, विवित्तभावो मुणिणं पसत्थो ॥ १६ ॥
मोक्खाभिकंखिस्सऽवि माणवस्स, संसारभीरुस्स ठियस्स धम्मे ।
नेयारिसं दुत्तरमत्थि लोए, जहित्थिओ बालमणोहराओ ॥ १७ ॥
॥ चतुर्भिःकलापकम् ॥

न रूपलावण्यविलासहासं, न जल्पितमिङ्गितप्रेक्षितं वा ।
स्त्रीणां चित्ते निवेश्य द्रष्टुं, व्यवस्येद् श्रमणः तपस्वी ॥ १४ ॥
अदर्शनं चैवाऽप्रार्थनं चाचिन्तनं चैवाऽकीर्तनं च ।
स्त्रीजनस्यार्यध्यानयोग्यं, हितं सदा ब्रह्मचर्ये रतानाम् ॥ १५ ॥
कामं तु देवीभिर्विभूषिताभिः न शकिताः क्षोभयितुं त्रिगुप्ताः ।
तथाप्येकान्तहितमितिज्ञात्वा, विविक्तभावो मुनीनां प्रशस्तः ॥ १६ ॥
मोक्षाभिकाङ्क्षिणोऽपि मानवस्य, संसारभीरोः स्थितस्य धर्मे ।
नैतादृशं दुस्तरमस्ति लोके, यथा स्त्रियो बालमनोहराः ॥ १७ ॥ चतुर्भिःकलापकम् ॥

**અર્થ** – શ્રમણ તપસ્વી, સ્ત્રીઓ સંબંધી સારી આકૃતિવાળું રૂપ, નયન અને મનને આનંદપ્રદ ગુણ રૂપ લાવણ્ય, વિશિષ્ટ વેષરચનાદિ રૂપ વિલાસો, હાસ્ય વગેરેને, અહો ! આ કેવું સુંદર છે ?—એમ વિકલ્પથી મનમાં સ્થાપીને જોવા માટે પ્રયાસ કરે નહિ. તેમજ સ્ત્રી સંબંધી અંગનું મરડવું આદિ, કટાક્ષપૂર્વક જોવું વગેરે, ઇશારા વગેરે અને લલિત વાણી વગેરેને જોવા માટે પ્રયાસ કે વિચાર કરે નહિ. સ્ત્રીજનને નહિ જોવી એ જ કે નહિ ઇચ્છવી એ જ, સ્ત્રીજનના રૂપ આદિનું સ્મરણમાં નહિ લાવવું એ જ તથા નામની કે ગુણની અપેક્ષાએ સ્ત્રીજનની પ્રશંસા નહિ કરવી એ જ, બ્રહ્મચર્યમા પરાયણ મુનિઓને ધર્માદિ રૂપ આર્યધ્યાનને યોગ્ય હંમેશાં હિતકારી છે. અર્થાત્, સ્ત્રીઓના રૂપ આદિને રાગ પૂર્વક જોવા પ્રયાસ નહિ કરવો. જો કે ત્રિગુપ્તિથી ગુપ્ત-ધીર મુનિઓને અલંકારવાળી દેવીઓ પણ ચલિત કરી શકતી નથી, તો પણ મુનિઓને માટે એકાન્ત હિતકારી જાણી વિવિક્ત ભાવ (સ્ત્રી વગેરેથી રહિત સ્થાન) શ્રી જિન વગેરે મહાપુરૂષોએ વિહિત-પ્રશંસિત કરેલ છે. અર્થાત્ સ્ત્રી આદિના સંગમાં પ્રાયઃ યોગીઓ પણ ચલિત થાય છે. જે ચલિત થતા નથી તે પણ અપકીર્તિ આદિના દોષના ભાગીદાર થાય છે, માટે વિવિક્તતા શ્રેયસ્કર છે. શ્રુતધર્મમાં રહેલ, સંસારથી ડરનાર અને મોક્ષના અભિલાષી માનવને

પણ જો દુસ્તરમાં દુસ્તર હોય તો આ લોકમાં સ્ત્રીઓ છે. આવું બીજું કોઈ દુસ્તર નથી, કેમ કે-નિર્વિવેક બાલોને મનોહર લાગતી સ્ત્રીઓ દુરતિક્રમ છે અર્થાત્ સ્ત્રીનું બંધન એ પરમ બંધન છે. (૧૪ થી ૧૭-૧૨૩૪ થી ૧૨૩૭)

**एए अ संगे समइक्कमिता, सुहुत्तरा चेव हवंति सेसा ।**
**जहा महासागरमुत्तरित्ता, नई भवे अवि गङ्गा समाणा ॥ १८ ॥**

**कामाणुगिद्धिप्पभवं खु दुक्खं, सव्वस्स लोगस्स सदेवगस्स ।**
**जं काइअं माणसिअं च किंचि तस्संतरां गच्छइ वीअरागो ॥ १९ ॥**

**जहा य किंपागफला मणोरमा, रसेण वण्णेण य भुज्जमाणा ।**
**ते खुद्दए जीविअ पच्चमाणा, एओवमाकामगुणा विवागे ॥ २० ॥**

**जे इंदिआणं विषयामणुण्णा, न तेसु भावं निसिरे कयाई ।**
**न यामणुण्णेसु मणंऽपि कुज्जा, समाहिकामे समणे तवस्सी ॥ २१ ॥**

**॥ चतुर्भिःकलापकम् ॥**

**एतांश्च सङ्गान्समतिक्रम्य, सुखोत्तराश्चैव भवन्ति शेषाः ।**
**यथा महासागरमुत्तीर्य, नदी भवेदपि गङ्गासमाना ॥ १८ ॥**

**कामानुगृद्धिप्रभवं खु दुःखं, सर्वस्य लोकस्य सदेवकस्य ।**
**यत्कायिकं मानसिकं च, किंचित्तस्यांतकं गच्छति वीतरागः ॥ १९ ॥**

**यथा च किम्पाकफलानि मनोरमाणि, रसेण वर्णेन भुज्यमानानि ।**
**तानि क्षोदयन्ति जीवितं, पच्यमानान्येतदुपमाः कामगुणा विपाके ॥ २० ॥**

**ये इन्द्रियाणां विषया मनोज्ञाः, न तेषु भावं निसृजेत्कदाचित् ।**
**नैवाऽमनोज्ञेषु मनोऽपि, कुर्यात्समाधिकामः श्रमणस्तपस्वी ॥ २१ ॥ चतुर्भिःकलापकम् ॥**

**અર્થ** – આ પૂર્વોક્ત સ્ત્રી વિષયના સંબંધોની અતિક્રમી, દ્રવ્ય વગેરેના સંબંધો સુખપૂર્વક ઉલ્લંઘી શકાય છે. જેમ કે-સ્વયંભૂરમણ રૂપ મહાસાગર તરી ગયા બાદ ગંગા સમાન નદી સુખપૂર્વક તરી શકાય છે, તેમ અહીં સમજવું. અર્થાત્ સ્ત્રીનો સંબંધ છૂટ્યો તો બીજા સંબંધો છૂટતાં વાર લાગતી નથી. દેવ સહિત સકલ લોકનું માનસિકકાયિક જે કાંઈ દુઃખ છે, તે દુઃખ માત્ર કામભોગની-વિષયની નિરંતર આસક્તિથી પેદા થાય છે. તે સકલ દુઃખ માત્રના અંતને કામાસક્તિ વગરનો-વીતરાગ આત્મા પામે છે. જેમ વર્ણ-રસ-ગંધ-સ્પર્શથી મનોહર એવાં કિંપાક વૃક્ષનાં ફળો ભોજન સમયે સુખ આપે છે પરંતુ પરિણામે પ્રાણ ખલાસ કરે છે, તેમ દેખાવમાં મનોહર આ કામભોગ-વિષયો પ્રારંભમાં ભોગવેલા સુખ રૂપ

લાગે છે પરંતુ પરિણામે દુઃખદ જન્મ-મરણ આપે છે. જે ઇન્દ્રિયોના મનોહર વિષયો છે, તેમાં ઇન્દ્રિયો પ્રવર્તાવવા માટે કદાચિત્ રાગભાવવાળું મન કરે ! તથા જે ઇન્દ્રિયોના અમનોહર વિષયો છે, તેમાં ઇન્દ્રિયો પ્રવર્તાવવા દ્વેષભાવવાળું પણ મન કરે ! અર્થાત્ રાગ-દ્વેષના અભાવ રૂપ સમાધિની ઇચ્છાવાળો શ્રમણ-તપસ્વી બને ! (૧૮ થી ૨૧-૧૨૩૮ થી ૧૨૪૧)

**चक्खुस्स रूवं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो उ जो तेसु स वीअरागो ॥ २२ ॥**

**रूवस्स चक्खुं गहणं वयंति, चक्खुस्स रूवं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्सहेउं अमणुण्णमाहु ॥ २३ ॥**

**रूवेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे से जह वा पयंगे, आलोअलोले समुवेइ मच्चुं ॥ २४ ॥**

**जे यावि दोसं समुवेइतिव्वं, तंसि क्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंतदोसेण सएण जंतू, न किंचि रूवं अवरज्झई से ॥ २५ ॥**

**॥ चतुर्भिःकलापकम् ॥**

चक्षुषो रूपं ग्रहणं वदन्ति, तद्रागहेतुं तु मनोज्ञमाहुः ।
तद्द्वेषहेतुममनोज्ञमाहुः, समस्तु यस्तेषु स वीतरागः ॥ २२ ॥

रूपस्य चक्षुर्ग्रहणं वदन्ति, चक्षुषो रूपं ग्रहणं वदन्ति ।
रागस्य हेतुं समनोज्ञमाहुः, द्वेषस्य हेतुममनोज्ञमाहुः ॥ २३ ॥

रूपेषु यो गृद्धिमुपैति तीव्रामकालिकं प्राप्नोति स विनाशम् ।
रागातुरः स यथैव पतङ्गः, आलोकलोलः समुपैति मृत्युम् ॥ २४ ॥

यश्चापि द्वेषं समुपैति तीव्रं, तस्मिन्क्षणे स तु उपैति दुःखम् ।
दुर्दान्तद्वेषेण स्वकेन जन्तुः, न किञ्चिद्रूपमपराध्यति तस्य ॥ २५ ॥ चतुर्भिःकलापकम् ॥

**અર્થ** – આંખથી રૂપ ગ્રહણયોગ્ય બને છે અને તે મનોહર રૂપ રાગનો હેતુ તથા અમનોહર રૂપ દ્વેષનો હેતુ બને છે-એમ કહેવાય છે. જે મનોહર અને અમનોહર રૂપમાં રાગ-દ્વેષ વગરનો છે, તે વીતરાગ-વીતદ્વેષ કહેવાય છે. અર્થાત્ જો તે બન્નેમાં આંખ ન પ્રવર્તાવે અને કદાચ પ્રવૃત્તિ થાય, તો સમતાનું અવલંબન કરે ! આંખ રૂપને ગ્રહણ કરે છે અર્થાત્ ગ્રાહક છે. આંખથી રૂપ ગ્રહણ કરાય છે અર્થાત્ રૂપ ગ્રાહ્ય છે. આ બંનેનો પરસ્પર ગ્રાહ્ય-ગ્રાહક સંબંધ છે. રૂપની માફક રાગ-દ્વેષનું કારણ ચક્ષુ છે, તેથી મનોહર રૂપ ગ્રાહક

ચક્ષુ-રાગનો હેતુ અમનોહર રૂપ ગ્રાહક ચક્ષુ દ્વેષનો હેતુ છે, માટે ચક્ષુનો નિગ્રહ વ્યાજબી છે. જેમ પતંગીયું અતિ સ્નિગ્ધ દીપશિખાના દર્શનમાં લંપટ બની મૃત્યુને પામે છે, તેમ જે રાગાતુર બનેલો આત્મા મનોહર રૂપમાં તીવ્ર આસક્તિ રૂપ રાગને કરે છે તે અકાળે વિનાશને પામે છે. જે અમનોહર રૂપમાં તીવ્ર દ્વેષને કરે છે, તે આત્મા તે જ ક્ષણે મનસંતાપ આદિ રૂપ દુઃખને પામે છે. પોતાના દુર્દાન્ત ચક્ષુના દોષથી જંતુ અપરાધી બને છે, પરન્તુ તે જંતુને થોડું પણ રૂપ અપરાધી બનાવતું નથી. (૨૨ થી ૨૫-૧૨૪૨ થી ૧૨૪૫)

**एगंतरत्तो रुइरंसि रूवे, अतालिसे से कुणई पओसं ।**
**दुक्खस्स संपीलमुवेइ बालो, न लिप्पइ मुणी विरागो ॥ २६ ॥**

**एकान्तरक्तो रुचिरे रूपेऽतादृशे स करोति प्रद्वेषम् ।**
**दुःखस्य सम्पीडमुपैति बालो, न लिप्यते तेन मुनिर्विरागः ॥ २६ ॥**

**અર્થ** – જે મનોહર રૂપમાં એકાન્તે રાગ થાય, તે અમનોહર રૂપમાં અવશ્ય દ્વેષ કરે છે તથા મોહમૂઢ દુઃખના ડુંગરાઓને પામે છે. વૈરાગી-વીતરાગી મુનિ તે દુઃખથી લેપાતો નથી-દુઃખરહિત બને છે. (૨૬-૧૨૪૬)

**रूवाणुगासाणुगए अ जीवे, चराचरे हिंसइ णेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥ २७ ॥**

**रूवाणुवाए ण परिग्गहेण, उप्पायणे रक्खण सन्निओगे ।**
**वए विओगे अ कहिं सु हसे, संभोगकाले अ अतित्तिलाभे ॥ २८ ॥ युग्मम् ॥**

**रूपानुगाशानुगतश्च जीवश्चराचराह्निनस्त्यनेकरूपान् ।**
**चित्रैस्तान्परितापयति बालः, पीडयत्यात्मार्थगुरुः क्लिष्टः ॥ २७ ॥**

**रूपानुपाते परिग्रहेनोत्पादने, रक्षणसन्नियोगे ।**
**व्यये वियोगे च क्व सुखं तस्य, सम्भोगकाले चाऽतृपष्ठतिलाभे ॥ २८ ॥ युग्मम् ॥**

**અર્થ** – મનોહર રૂપની પાછળ આશા અને તેની પાછળ તણાયેલો જીવ, નાના પ્રકારના ઉપાયોથી જાતિ વગેરેના ભેદથી અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરે છે. સ્વાર્થાન્ધ-રાગાન્ધ બની બાલજીવ બીજા જીવોને દુઃખી કરે છે-રડાવે છે-રંજાડે છે. રૂપના અનુરાગથી અને મૂર્ચ્છાના કારણે સુરૂપ વસ્તુને મેળવવામાં, તે મેળવ્યા બાદ રક્ષા કરવામાં અને તેને સ્વ-પર કાર્યોમાં જોડવામાં, સુરૂપ વસ્તુના વિનાશમાં અને વિયોગમાં ક્યાંથી જીવને સુખ હોય ? તે રૂપાનુરાગીને ક્યાંય સુખ મળતું નથી. અર્થાત્ સુરૂપ સ્ત્રી, હાથી, ઘોડા, વસ્ત્ર વગેરેને મેળવવા આદિ માટે તે તે ક્લેશકારણભૂત ઉપાયોમાં

પ્રવૃત્તિ કરતો રૂપાનુરાગી દુઃખને જ માત્ર અનુભવે છે. વળી ઉપભોગના સમય રૂપ સંભોગકાળમાં પણ તૃપ્તિની પ્રાપ્તિ નહિ થવાથી તેને ક્યાંથી સુખ મળે ? કેમ કે-વિવિધ રૂપના દર્શનમાં પણ રાગીઓને તૃપ્તિ થતી નથી, પરંતુ તેનાથી વધારે ને વધારેની ઇચ્છાથી રાગી ખેદ જ પામે છે અને સુખી થતો નથી. (૨૭+૨૮-૧૨૪૭+૧૨૪૮)

**रूवे अतित्ते अ परिग्गहे अ, सत्तोवसत्तो न हवेइ तुट्ठिं ।**
**अतुट्ठिदोसेण दुहीपरस्स, लोभाविले आययई अदत्तं ॥ २९ ॥**
**तण्हाभिभूअस्सअदत्तहारिणो, रूवे अतित्तस्स परिग्गहे अ ।**
**मायामुसं वड्ढइ लोभ दोसा, तत्थावि दुक्खा न विमुच्चई से ॥ ३० ॥**
**॥ युग्मम् ॥**

**रूपेऽतृप्तश्च परिग्रहे च, सक्तोपसक्तो नौपैति तुष्टिम् ।**
**अतुष्टिदोषेण दुःखी परस्य, लोभाविलो आदत्ते अदत्तम् ॥ २९ ॥**
**तृष्णाभिभूतस्याऽदत्तहारिणो, रूपेऽतृप्तस्य परिग्रहे च ।**
**मायामृषा वर्द्धते लोभदोषात्तत्रापि दुःखान्न विमुच्यते सः ॥ ३० ॥ युग्मम् ॥**

અર્થ – રૂપમાં તૃપ્તિ વગરનો અને વિષયમૂર્ચ્છા રૂપ પરિગ્રહમાં પહેલાં સામાન્ય અને પછીથી ગાઢ-અત્યંત આસક્તિવાળો બનેલો સંતોષને પામતો નથી; માટે અસંતોષના દોષથી, ‘જો આ રૂપાલી ચીજ મારી પાસે હોય તો બહુ સારૂં’-આવી ઇચ્છાથી અત્યંત દુઃખી થતો અને લોભકલંકી, બીજાની રૂપાળી વસ્તુની ચોરી કરે છે. લોભથી હારેલો અને તેની પર વસ્તુનો ચોર બનેલો, રૂપ અને પરિગ્રહના વિષયમાં અસંતુષ્ટ બને છે. અર્થાત્ લોભના દોષથી લોભી બનેલો પારકું ધન ચોરે છે, તે છૂપાવવા માટે માયાપૂર્વક અસત્ય બોલે છે અને માયાપૂર્વક અસત્ય બોલવા છતાંય દુઃખથી તે છૂટતો નથી, પરંતુ વધુ ને વધુ દુઃખપાત્ર જ બને છે. (૨૯+૩૦-૧૨૪૯+૧૨૫૦)

**मोसस्स पच्छा य पुरत्थओ अ, पओगकाले अ दुही दुरंते ।**
**एवं अदत्ताणि समाययंतो, रूवे अतित्तो दुहिओ अणिस्सो ॥ ३१ ॥**
**रूवाणुरत्तस्स नरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।**
**तत्थोवभोगेवि किलेस दुक्खं, निव्वत्ती ई जस्स कए ण दुक्खं ॥ ३२ ॥**
**॥ युग्मम् ॥**

**मोषस्य पश्चाच्च पुरस्ताच्च, प्रयोगकाले च दुःखी दुरन्तः ।**
**एवमदत्तानि समाददानो, रूपेऽतृप्तो दुःखितोऽनिश्रः ॥ ३१ ॥**

**रूपानुरक्तस्य नरस्यैवं, कुतः सुखं भवेत्कदाचिर्त्किचित् ।**
**तत्रोपभोगेपि क्लेशदुःखं निर्वर्त्तयति यस्य कृते न दुःखम् ॥ ३२ ॥ युग्मम् ॥**

**અર્થ** – અસત્યભાષણ પહેલાં ચિંતાથી, પાછળ પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુઃખી થતો, આ જન્મમાં અનેક વિડંબનાથી અને અન્ય ભવમાં નરકાદિની પ્રાપ્તિથી જેનો અંત દુઃષ્ટ છે, એવો દુરંત જંતુ થાય છે. આ પ્રકારે ચોરી કરતો અને રૂપમાં અતૃપ્ત થતો દુઃખી થાય ! અર્થાત્ કોઈના આધાર વગરનો બની દુઃખી થાય છે. આ પ્રમાણે રૂપાનુરાગી મનુષ્યને કદાચિત્ કોઈ પણ જાતનું સુખ ક્યાંથી હોય ? કેમ કે-રૂપના અનુરાગમાં-ઉપભોગમાં પણ અતૃપ્તિની પ્રાપ્તિ રૂપ બાધાથી પેદા થયેલ દુઃખ થાય છે. પોતે મુસીબત વેઠી ઉપભોગનું ઉપાર્જન કરે છે. જો ઉપભોગની ઉત્પત્તિમાં દુઃખ જ છે, તો તેના ભોગમાં સુખ ક્યાંથી હોય ? (૩૧+૩૨-૧૨૫૧+૧૨૫૨)

**एमेव रूवम्मि गओ पओसं, उवेइ दुक्खोहर परंपराओ ।**
**पदुट्ठचित्तो अ चिणाइकम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥ ३३ ॥**
**रूवे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**न लिप्पई भवमज्झेवि संतो, जलेण वा पुक्खरिणीपलासं ॥ ३४ ॥ युग्मम् ॥**

**एवमेव रूपे गतः प्रद्वेषमुपैति दुःखौघपरम्परा ।**
**प्रद्विष्टचित्तश्च चिनोति कर्म, यत्तस्य पुनर्भवेदुःखं विपाके ॥ ३३ ॥**
**रूपे विरक्तो मनुजो विशोकः, एतेन दुःखौघपरम्परेण ।**
**न लिप्यते भवमध्येपिसन्जलेनेव पुष्करिणीपलाशम् ॥ ३४ ॥ युग्मम् ॥**

**અર્થ** – એવી રીતે અમનોહર રૂપમાં દ્વેષને કરનારો ઉત્તરોત્તર દુઃખ પરંપરાને પામે છે, તેમજ ચિત્તમાં દ્વેષને ધારણ કરનારો અશુભ કર્મને ભેગું કરે છે. તે કર્મ અનુભવકાળમાં અહીં અને ભવાન્તરમાં તેને દુઃખજનક થાય છે. મનોહર રૂપમાં રાગ વગરનો અને અમનોહર રૂપમાં દ્વેષ વગરનો મનુષ્ય શોક વગરનો થાય છે, એટલું જ નહિ પણ સંસાર મધ્યે રહેવા છતાં તે પૂર્વોક્ત દુઃખસમૂહની પરંપરાથી લેપાતો-સ્પર્શાતો નથી. જેમ જલમધ્યમાં રહેવા છતાં કમલદલ જલથી લેપાતો નથી, તેમ અહીં સમજવું. (૩૩+૩૪-૧૨૫૩+૧૨૫૪)

**सोअस्स सद्दं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो अ जो तेसु स वीअरागो ॥ ३५ ॥**

**सद्दस्स सोअं गहणं वयंति, सोअस्स सद्दं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥ ३६ ॥**

**सद्देसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे हरिणमिएव्व मुद्धे, सद्दे अतित्ते समुवेइ मच्चुं ॥ ३७ ॥**

**॥ त्रिभिर्विशेषकम् ॥**

**श्रोत्रस्य शब्दं ग्रहणं वदन्ति, तद्रागहेतुं तु मनोज्ञमाहुः ।**
**तद्द्वेषहेतुममनोज्ञमाहुः, समश्च यस्तेषु स वीतरागः ॥ ३५ ॥**

**शब्दस्य श्रोत्रं ग्रहणं वदन्ति, श्रोत्रस्य शब्दं ग्रहणं वदन्ति ।**
**रागस्य हेतुं समनोज्ञमाहुः, द्वेषस्य हेतुममनोज्ञमाहुः ॥ ३६ ॥**

**शब्देषु यो गृद्धिमुपैति, तीव्रकालिकं प्राप्नोति सः विनाशम् ।**
**रागातुरो हरिणमृग इव मुग्धः, शब्देऽतृप्तः समुपैति मृत्युम् ॥ ३७ ॥ त्रिभिर्विशेषकम् ॥**

અર્થ – શ્રોત્રેન્દ્રિયથી શબ્દ ગ્રાહ્ય છે-એમ કહેવાય છે. મનોહર શબ્દ રાગનો અને અમનોહર શબ્દ દ્વેષનો હેતુ છે-એમ કહેવાય છે. આ બન્નેમાં જે રાગ-દ્વેષ વગરનો સમાન રહે છે, તે વીતરાગ કહેવાય છે. શબ્દનો ગ્રાહક શ્રોત્રેન્દ્રિય અને શબ્દ શ્રોત્રેન્દ્રિયથી ગ્રાહ્ય છે-એમ કહેવાય છે. મનોહર શબ્દ સહિત શ્રોત્ર રાગનો હેતુ અને અમનોહર શબ્દ સહિત શ્રોત્ર દ્વેષનો હેતુ છે-એમ કહેવાય છે. જેમ હરણ વગેરે પશુ શિકારીના ગીત આદિ શબ્દમાં મુગ્ધ બનવાથી અતૃપ્ત બનેલો મૃત્યુને પામે છે, તેમ જે મનોહર શબ્દોમાં તીવ્ર આસક્તિને પામે છે, તે આત્મા રાગાતુર બનવાથી અકાળે વિનાશને પામે છે. (૩૫ થી ૩૭-૧૨૫૫ થી ૧૨૫૭)

**जे आवि दोसं समुवेइ तिव्वं, तंसि क्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंतदोसेण सएण जंतू, न किंचि सद्दं अवरज्झई से ॥ ३८ ॥**

**एगंतरत्तो रुइरंसि सद्दे, अतालिसे से कुणई पओसं ।**
**दुक्खस्स संपीलमुवेइ बाले, न लिप्पइ तेण मुणी विरागो ॥ ३९ ॥**

**सद्दाणुगासाणुगए अ जीवे, चराचरे हिंसइऽणेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥ ४० ॥**

**॥ त्रिभिर्विशेषकम् ॥**

**यश्चापि द्वेषं समुपैति तीव्रं, तस्मिन्क्षणे स तूपैति दुःखम् ।**
**दुर्दान्तद्वेषेण स्वकेन जन्तुः, न किञ्चित् शब्दमपराध्यति सः ॥ ३८ ॥**

एकान्तरक्तः रुचिरे शब्दे, अतादृशे सः करोति प्रद्वेषम् ।
दुःखस्य सम्पीडामुपैति बालः, न लिप्यते तेन मुनिः विरागः ॥ ३९ ॥

शब्दानुगाशानुगतश्च जीवः, चराचरान् हिनस्ति अनेकरूपान् ।
चित्रैस्तान् परितापयति बालः, पीडयति आत्मार्थगुरुः क्लिष्टः ॥ ४० ॥ त्रिभिर्विशेषकम् ॥

અર્થ – જે અમનોહર શબ્દોમાં તીવ્ર દ્વેષ કરે છે, તે તત્ક્ષણ દુઃખને પામે છે. પોતાના દુર્દાન્ત દ્વેષ નામના દોષથી જીવ અપરાધી બને છે, પરન્તુ વાસ્તવિક રીતે શબ્દ કોઈ પણ જાતનો અપરાધનો હેતુ નથી. મનોહર શબ્દમાં એકાન્તે રાગી બનેલો અમનોહર શબ્દમાં જે દ્વેષ કરે છે, તે બાલમૂઢ દુઃખના સમુદાયને પામે છે. રાગ વગરનો મુનિ તે દુઃખના સમુહથી લેપાતો નથી. મનોહર શબ્દ પાછળની આશા પાછળ પડેલો જીવ, અનેક પ્રકારના ઉપાયોથી અનેક જાતિના ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે અને સ્વાર્થાન્ધ-રાગાન્ધ તે બાલજીવ બીજા જીવોને દુઃખ આપે છે. (૩૮ થી ૪૦-૧૨૫૮ થી ૧૨૬૦)

सद्दाणुवाएण परिग्गहेण, उप्पायणे रक्खणसन्निओगे ।
वए विओगे अ कहिं सुहं से, संभोगकाले अ अतित्तिलाभे ॥ ४१ ॥

सद्दे अतित्ते अ अपरिग्गहे अ, सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।
अतुट्ठिदोसेण दुही परस्स, लोभाविले आययई अदत्तं ॥ ४२ ॥

तण्हाभिभूअस्स अदत्तहारिणो, सद्दे अतित्तस्स परिग्गहे अ ।
मायामुसं वड्ढइ लोभदोसा, तत्थावि दुक्खा न विमुच्चई से ॥ ४३ ॥

मोसस्स पच्छा य पुरत्थओ अ, पओगकाले अ दुही दुरंते ।
एवं अदत्ताणि समाययंतो, सद्दे अतित्तो दुहिओ अणिस्सो ॥ ४४ ॥

सद्दाणुरतस्स नरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।
तत्थोवभोगेवि किलेसदुक्खं, निव्वत्तई जस्स कएण दुक्खं ॥ ४५ ॥

एमेव सद्दंमि गओ पओसं, उवेइ दुक्खोहपरंपराओ ।
पदुट्ठचित्तो अ चिणाइ कम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥ ४६ ॥

सद्दे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।
न लिप्पई भवमज्झेवि संतो, जलेण वा पुक्खरिणीपलासं ॥ ४७ ॥

॥ सप्तभिःकुलकम् ॥

शब्दानुपातेन परिग्रहेण, उत्पादने रक्षणसन्नियोगे ।
व्यये वियोगे च क्व सुखं तस्य, सम्भोगकाले चातृप्तिलाभे ॥ ४१ ॥

शब्दे अतृप्तेश्च परिग्रहे च, सक्तोपसक्तो न उपैति तुष्टिम् ।
अतुष्टिदोषेण दुःखी परस्य, लोभाविल आदत्ते अदत्तम् ॥ ४२ ॥

तृष्णाभिभूतस्य अदत्तहरस्य, शब्दे अतृप्तस्य परिग्रहे च ।
मायामोषं वर्द्धते लोभदोषान्, तत्रापि दुःखान्न विमुच्यते सः ॥ ४३ ॥

मोषस्य पश्चात् च पुरतश्च, प्रयोगकाले च दुःखी दुरन्तः ।
एवमदत्तानि समाददत्, शब्दे अतृप्तो दुःखितोऽनिश्रः ॥ ४४ ॥

शब्दानुरक्तस्य नरस्यैवं, कुतः सुखं भवेत् कदाचित् किंचित् ।
तत्रोपभागेपि क्लेशदुःखं, निर्वर्त्तयति यस्य कृते नु दुःखम् ॥ ४५ ॥

एवमेव शब्दे गतः प्रद्वेषं, उपैति दुःखौघपरम्परया ।
प्रद्विष्टचित्तश्च चिनोति कर्म, यद् तस्य पुनः भवेत् दुःखं विपाक ॥ ४६ ॥

शब्दे विरक्तो मनुजो विशोकः, एतेन दुःखौघपरम्परया ।
न लिप्यते भवमध्येपि सन्जलेनेव पुष्करिणीपलासं ॥ ४७ ॥ सप्तभिर्कुलकम् ॥

**અર્થ** – મનોહર શબ્દના અનુરાગથી મૂર્ચ્છાથી, મનોહર શબ્દવાળી વસ્તુના ઉપાર્જનમાં, રક્ષણમાં, સ્વ-પર કાર્યોમાં જોડવામાં, તેના વિયોગમાં અને વિનાશમાં તેને ક્યાંય સુખ નથી. સંભોગકાળમાં પણ અતૃપ્તિની પ્રાપ્તિ હોવાથી સુખ નથી. મનોહર શબ્દમાં અને મનોહર શબ્દવાળી વસ્તુમાં અતૃપ્ત બનેલો હોઈ સામાન્ય આસક્તિવાળો બની, અત્યંત ગાઢ આસક્તિવાળો બનેલો સંતોષને પામતો નથી. આ અસંતોષ નામના દોષથી દુઃખી બનલો, લોભાવિષ્ટ બની પારકી મનોહર શબ્દવાળી વસ્તુની ગીત-ગાયક-દાસી આદિ વીણા-વાંસળી વગેરે વસ્તુની ચોરી કરે છે. તૃષ્ણાથી ઘેરાયેલો, ચોર બનેલો, મનોહરશબ્દમાં અને મનોહર શબ્દવાળી વસ્તુમાં અતૃપ્ત બનેલો માયાપૂર્વક અસત્ય બોલે છે. લોભના દોષથી ત્યાં પણ દુઃખથી તે છૂટતો નથી. અસત્યભાષણ પહેલાં ચિંતાથી, પાછળથી પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુઃખી હોતો દુરંત પ્રાણી બને છે. આ પ્રમાણે ચોરી કરતો, શબ્દમાં અતૃપ્ત બનેલો અનાથ-દુઃખી બને છે. શબ્દાનુરાગી મનુષ્યને એ પ્રમાણે કદાચિત્ કોઈ પણ જાતનું સુખ ક્યાંથી હોય ? મનોહર શબ્દવાળી વસ્તુ રૂપ ઉપભોગની ઉત્પત્તિમાં દુઃખ છે, તો ઉપભોગના ભોગમાં સુખ ક્યાંથી હોય ? યાને દુઃખ જ હોય છે. આ પ્રમાણે અમનોહર શબ્દમાં દ્વેષને કરનારો દુઃખના સમૂહની

પરંપરાને પામે છે. ચિત્તમાં દ્વેષ ધારણ કરનારો અશુભ કર્મ ભેગું કરે છે, કે જે કર્મ અનુભવકાળમાં અહીં અને પરલોકમાં દુઃખી કરે છે. મનોહર શબ્દમાં રાગ વગરનો મનુષ્ય, શોક વગરનો બની આ પૂર્વોક્ત દુઃખસમૂહની પરંપરાથી સંસારમધ્યમાં રહેવા છતાં લેપાતો નથી. જેમ જલમધ્યમાં રહેવા છતાં કમલદલ જલથી લેપાતો નથી, તેમ અહીં સમજવું. (૪૧ થી ૪૭-૧૨૬૧ થી ૧૨૬૭)

**घाणस्स गंधं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो उ जो तेसु स वीअरागो ॥ ४८ ॥**

**गंधस्स घाणं गहणं वयंति, घाणस्स गंधं गहणं वयंति ।**
**तं रागहेउं तु मणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥ ४९ ॥**

**गंधेसु जो गिद्धिमुवेइतिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे ओसहिगंधगिद्धे, सप्पे बिलाओ विव निक्खमंते ॥ ५० ॥**

**जे आवि दोसं समुवेइ तिव्वं, तंसि क्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंतदोसेण सएण जंतु, न किंचि गंधं अवरज्झइ से ॥ ५१ ॥**

**एगंतरत्तो रुइरंसि गंधे, अतालिसे से कुणइ पओसं ।**
**दुक्खस्स सपीलमुवेइ बाले, न लिप्पई तेण मुणी विरागो ॥ ५२ ॥**

**गंधाणुगासाणुगए अ जीवे, चराचरे हिंसइऽणेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥ ५३ ॥**

**गंधाणुवाएण परिग्गहे ण, उप्पायणे रक्खणसन्नियोगे ।**
**वए विओगे अ कहिं सुहं से, संभोगकाले अ अतित्तिलाभे ॥ ५४ ॥**

**गंधे अतित्ते अ परिग्गहे अ, सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।**
**अतुट्ठिदोसेण दुही परस्स, लोभाविले आययई अदत्तं ॥ ५५ ॥**

**॥ अष्टभिःकुलकम् ॥**

घ्राणस्य गंधं ग्रहणं वदन्ति, तं रागहेतुं तु मनोज्ञमाहुः ।
तं द्वेषहेतुममनोज्ञमाहुः, समस्तु यः तेषु स वीतरागः ॥ ४८ ॥

गंधस्य घ्राणं ग्रहणं वदन्ति, घ्राणस्य गंधं ग्रहणं वदन्ति ।
तं रागहेतुं तु मनोज्ञमाहुः, द्वेषस्य हेतुममनोज्ञमाहुः ॥ ४९ ॥

गंधेषु यः गृद्धिमुपैति तीव्रमकालिकं प्राप्नोति सः विनाशम् ।
रागातुरः औषधिगन्धगृद्धः, सर्प इव बिलान्निष्क्रामन् ॥ ५० ॥

यः चापि द्वेषं समुपैति तीव्रं, तस्मिन् क्षणे स तूपैति दुःखम् ।
दुर्दान्तद्वेषेण स्वकेन जन तुः, न किञ्चित् गन्धं अपराध्यति तस्य ५१ ॥
एकान्तरक्तः रुचिरे गन्धे, अतादृशः सः करोति प्रद्वेषम् ।
दुःखस्य सम्पीडामुपैति बालः, न लिप्यते तेन मुनिः विरागः ॥ ५२ ॥
गन्धानुगाशानुगतश्च जीवः, चराचरान् हिनस्ति अनेकरूपान् ।
चित्रैः तान् परितापयति बालः, पीडयति आत्मार्थगुरुः क्लिष्टः ॥ ५३ ॥
गन्धानुपातेन परिग्रहेण, उत्पादने स रक्षणसन्नियोगे ।
व्यये वियोगे च क्व सुखं तस्य, सम्भोगकाले चातृप्तलाभे ॥ ५४ ॥
गन्धश्चातृप्तश्च परिग्रहे च, सक्तोपसक्तो नोपैति तुष्टिम् ।
अतुष्टिदोषेण दुःखी परस्य, लोभाविलाः आदत्ते अदत्तम् ॥ ५५ ॥ अष्टभिःकुलकम् ॥

**અર્થ** – ઘ્રાણેન્દ્રિયથી ગંધ ગ્રાહ્ય છે-એમ કહે છે. તે મનોહર ગંધ રાગનો હેતુ અને અમનોહર ગંધ દ્વેષનો હેતુ છે-એમ કહે છે. જે મનોહર-અમનોહર ગંધોમાં સમાન છે-રાગ-દ્વેષ વગરનો છે, ત વીતરાગ કહેવાય છે. ગંધની ગ્રાહક ઘ્રાણેન્દ્રિય અને ગંધ ઘ્રાણેન્દ્રિયગ્રાહ્ય છે-એમ કહે છે. તે મનોહર ગંધ સહિત ઘ્રાણ રાગહેતુ અને અમનોહર ગંધ સહિત ઘ્રાણ દ્વેષ હેતુ છે-એમ કહે છે. જે મનોહર-અમનોહર ગંધવાળી વસ્તુઓમાં રાગાતુર તીવ્ર આસક્તિ કરે છે, તે અકાળે વિનાશને પામે છે. જેમ કે-નાગદમની આદિ ઔષધીઓના ગંધમાં આસક્ત બનેલો નાગ, બીલમાંથી નીકળતો ગારૂડિક વગેરેને પરવશ બની દુઃખને અનુભવે છે, તેમ અહીં મનોહર ગંધમાં રાગાતુર મનુષ્ય વિનાશને પામે છે. જે અમનોહર ગંધમાં તીવ્ર દ્વેષને કરે છે, તે તત્કાલ દુઃખને પામે છે. તે પોતાના દુર્દાન્ત અમનોહર ગંધના દ્વેષરૂપ દોષથી પ્રાણી અપરાધી બને છે, પરંતુ અમનોહર ગંધ તેને કાંઈ અપરાધી બનાવતું નથી. મુખ્ય તો પોતાનો જ દોષ કારણ છે. રૂચિરાગંધમાં એકાન્તેરાગી બનેલો અમનોહર ગંધમાં પ્રદ્વેષ કરે છે. તે બાલમૂઢ દુઃખ સમુદાયને પામે છે. પણ વૈરાગી મુનિ તે દુઃખ-સમુદાયથી લેપાતો નથી. મનોહર ગંધની પાછળ રહેલી આશાનો પરવશ જીવ, અનેકવિધ ઉપાયોથી અનેક જાતિના ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે. રાગાન્ધ-સ્વાર્થાન્ધ બાલમૂઢ બીજા જીવોને દુઃખી બનાવે છે. મનોહર ગંધના અનુરાગથી અને તે ગંધવાળી વસ્તુની મૂર્ચ્છાથી, તે વસ્તુઓના ઉપાર્જનમાં, રક્ષણમાં, સ્વ-પર કાર્યોમાં જોડવામાં, વિનાશમાં અને વિયોગમાં સુખ ક્યાંથી હોય ? વળી સંભોગકાળમાં પણ તૃપ્તિની પ્રાપ્તિ નહિ થવાથી સુખ ક્યાંથી હોય ? મનોહર ગંધ અને તેની વસ્તુઓમાં સામાન્યથી આસક્તિવાળો બની,

પછીથી અત્યંત ગાઢ આસક્તિવાળો બનેલો સંતોષ પામતો નથી. તે લોભાવિષ્ટ અસંતોષ નામના દોષથી દુઃખી બની પારકી મનોહર ગંધવાળી વસ્તુની ચોરી કરે છે. (૪૮ થી ૫૫-૧૨૬૮ થી ૧૨૭૫)

**तण्हाभिभूयस्स अदत्तहारिणो, गंधे अतित्तस्स परिग्गहे अ ।**
**मायामुसं वड्ढइ लोभदोसा, तत्थावि दुक्खा न विमुच्चई से ॥ ५६ ॥**

**मोसस्स पच्छा य पुरत्थओ अ, पओगकाले अ दुही दुरंते ।**
**एवं अदत्ताणि समाययंतो, गंधे अतित्तो दुहिओ अणिस्सो ॥ ५७ ॥**

**गंधाणुरत्तस्स नरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।**
**तत्थोवभोगेवि किलेसदुक्खं, निव्वत्तई जस्स कएण दुक्खं ॥ ५८ ॥**

**एमेव गंधम्मि गओ पओसं, उवेइ दुक्खोहपरंपराओ ।**
**पदुट्ठचित्तो अ चिणाइकम्मं जं से पुणो होइ दुहं विवागे ॥ ५९ ॥**

**गंधे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**न लिप्पई भवमज्झेवि संतो, जलेण पुक्खरिणीपलासं ॥ ६० ॥**

**॥ पंचभिःकुलकम् ॥**

**तृष्णाभिभूतस्य अदत्तहरस्य, गंधे अतृप्तस्य परिग्रहे च ।**
**मायामृषां वर्द्धते लोभदोषान्, तत्रापि दुःखान्न विमुच्यते सः ॥ ५६ ॥**

**मोषस्य पश्चात् सः पुरस्तश्च, प्रयोगकाले च दुःखी दुरंतः ।**
**एवमदत्तानि समाददत्, गंधे अतृप्तः दुःखितः अनिश्रः ॥ ५७ ॥**

**गंधानुरक्तस्य नरस्यैवं, कुतः सुखं भवेत् कदाचित् किंचित् ।**
**तत्रोपभोगेपि क्लेशदुःखं, निर्वर्त्तयति यस्य कृते नु दुःखम् ॥ ५८ ॥**

**एवमेव गंधे गतः प्रद्वेषं, उपैति दुःखौघपरंपराः ।**
**प्रद्विष्टचित्तश्च चिनोति कर्म, यत् तस्य पुनः भवेत् दुःखं विपाके ॥ ५९ ॥**

**गंधे विरक्तः मनुजो विशोकः, एतेन दुःखौघपरम्परया ।**
**न लिप्यते भवमध्येऽपि, सन्जलेनेव पुष्करिणीपलाशम् ॥ ६० ॥ पञ्चभिःकुलकम् ॥**

**અર્થ –** તૃષ્ણાથી ઘેરાયેલો ચોર, મનોહર ગંધ અને ગંધવાળી વસ્તુઓમાં અતૃપ્ત બનેલો, લોભના દોષથી માયાપૂર્વક અસત્ય બોલે છે. ત્યાં પણ અસત્ય બોલવા છતાં તે દુઃખથી છૂટતો નથી. અસત્યભાષણ પહેલાં ચિન્તાથી, પછીથી પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુઃખી દુરત પ્રાણી બને છે. આ પ્રમાણે ચોરી કરતો, મનોહર ગંધ કે ગંધવાળી વસ્તુમાં અતૃપ્ત બનેલો દુઃખી-અનાથ બને

છે. આ મુજબ મનોહર ગંધાનુરાગી મનુષ્યને ક્યાંથી કોઈ પણ જાતનું સુખ હોય ? જેના ઉપાર્જનમાં પણ દુઃખ હોય, તે દુઃખજન્યવસ્તુના ઉપભોગમાં પણ ક્લેશકારી દુઃખ જ હોય. આ પ્રમાણે અમનોહર ગંધમાં દ્વેષને કરનારો દુઃખસમૂહની પરંપરાને પામે છે. ચિત્તમાં પ્રદ્વેષ ધારણ કરનારો તે અશુભ કર્મ ભેગું કરે છે. તે તેના અનુભવકાળમાં અહીં કે ભવાન્તરમાં ફરી ફરી દુઃખને અનુભવે છે. મનોહર ગંધમાં રાગ વગરનો મનુષ્ય, શોક વગરનો બની, આ પૂર્વોક્ત દુઃખસમૂહની પરંપરાથી ભવમધ્યમાં રહેવા છતાં પણ લેપાતો નથી. જેમ જલમધ્યમાં રહેવા છતાં કમલદલ જલથી લેપાતું નથી, તેમ અહીં સમજવું. (૫૬ થી ૬૦ - ૧૨૭૬ થી ૧૨૮૦)

**जीहाए रसं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो अ जो तेसु स वीअरागो ॥ ६१ ॥**

**रसस्स जिहं गहणं वयंति, जीहाए रसं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥ ६२ ॥**

**रसेसु जो गिद्धिमुवेइतिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे बडिसविभिन्नकाए, मच्छे जहा आमिसभोगगिद्धे ॥ ६३ ॥**

**जे आवि दोसं समुवेइ तिव्वं, तंसिक्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंतदोसेण सएण जंतू, न किंचि रस्सं अवरज्झई से ॥ ६४ ॥**

**एगंतरत्तो रुइरे रसंमि, अतालिसे से कुणई पओसं ।**
**दुक्खस्स संपीलमुवेइ बाले, न लिप्पई तेण मुणी विरागो ॥ ६५ ॥**

**रसाणुगासाणुगए अ जीवे, चराचरे हिंसइऽणेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥ ६६ ॥**

**रसाणुवाए ण परिग्गहेण, उप्पायणे रक्खणसन्निओगे ।**
**वए विओगे अ कहिं सुहं से, संभोगकाले अ अतित्तिलाभे ॥ ६७ ॥**

**रसे अतित्ते अ परिग्गहे अ, सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।**
**अतुट्ठिदोसेण दुही परस्स, लोभाविले आययई अदत्तं ॥ ६८ ॥**

**॥ अष्टभिःकुलकम् ॥**

जिह्वया रसं ग्रहणं वदन्ति, तं रागहेतुं तु मनोज्ञमाहुः ।
तं द्वेषहेतुममनोज्ञमाहुः, समश्च यः तेषु सः वीतरागः ॥ ६१ ॥

रसस्य जिह्वं ग्रहणं वदन्ति, जिह्वाया रसं ग्रहणं वदन्ति ।
रागस्य हेतुं समनोज्ञमाहुः, द्वेषस्य हेतुममनोज्ञमाहुः ॥ ६२ ॥
रसेषु यः गृद्धिमुपैति, तीव्रामकालिकं प्राप्नोति सः विनाशम् ।
रागातुरः बडिशविभिन्नकायः, मत्स्यो यथा आमिषभोगगृद्धः ॥ ६३ ॥
यश्चापि द्वेषं समुपैति तीव्रं, तस्मिन् क्षणे स तूपैति दुःखम् ।
दुर्दान्तद्वेषेण स्वकेन जन्तुः, न किञ्चित् रसमपरादयति तस्य ॥ ६४ ॥
एकान्तरक्तः रुचिरे रसे, अतादृशे सः करोति प्रद्वेषम् ।
दुःखस्य सम्पीडामुपैति बालः, न लिप्यते तेन मुनिः विरागः ॥ ६५ ॥
रसानुगाशानुगतश्च जीवः, चराचरान् हिनस्ति अनेकरूपान् ।
चित्रैः तान् परितापयति बालः, पीडयति आत्मार्थगुरुः क्लिष्टः ॥ ६६ ॥
रसानुपातेन परिग्रहेण, उत्पादने रक्षणसन्नियोगे ।
व्यये वियोगे च क्व सुखं तस्य, सम्भोगकाले चातृप्तिलाभे ॥ ६७ ॥
रसे अतृप्तश्च परिग्रहे च, सक्तोपसक्तो न उपैति तुष्टिम् ।
अतुष्टिदोषेण दुःखी परस्य, लोभाविल आदत्ते अदत्तम् ॥ ६८ ॥ अष्टभिःकुलकम् ॥

**અર્થ** – જિહ્વેન્દ્રિયથી રસ ગ્રાહ્ય છે-એમ કહે છે. મનોહર રસને રાગહેતુ અને અમનોહર રસને દ્વેષહેતુ કહે છે. તે મનોહર-અમનોહર રસોમાં સમાન રાગ-દ્વેષરહિત વીતરાગ કહેવાય છે. રસની જિહ્વેન્દ્રિય ગ્રાહક અને જીભથી રસ ગ્રાહ્ય છે-એમ કહે છે. મનોહર રસ સહિત જીભ રાગનો હેતુ અને અમનોહર રસ સહિત જીભ દ્વેષહેતુ છે. જેમ માંસભક્ષણમાં આસક્ત મત્સ્ય, માછલાં પકડવાના આંકડા, કે જેના અંતે સ્થાપિત માંસવાળા લોઢાના ખીલાથી ચીરાયેલી કાયાવાળો બને છે, તેમ જે રસોમાં તીવ્ર આસક્તિ કરે છે, તે રાગાતુર અકાળે વિનાશને પામે છે. જે અમનોહર રસોમાં તીવ્ર દ્વેષને કરે છે, તે તત્કાળ દુઃખને પામે છે. પોતાના દુર્દાન્ત અમનોહર રસગત દ્વેષ નામના દોષથી પોતે પ્રાણી અપરાધી બને છે, પરંતુ કાંઈ તેને રસ અપરાધી બનાવતું નથી. જે મનોહર રસમાં એકાન્તરાગી અમનોહર રસમાં પ્રદ્વેષને કરે છે, તે બાલમૂઢ દુઃખના સમુદાયને પામે છે, પણ રાગ વગરનો મુનિ તે દુઃખસમૂહથી લેપાતો નથી. મધુર રસની અને આશાની પાછળ તણાયેલ જીવ, ભક્ષણોપયોગી હરણ, પશુ, મીન, પંખી વગેરેને તથા કંદમૂલ-ફળ આદિને હણે છે; અનેક પ્રકારના ઉપાયોથી વિવિધ જાતિના ત્રસ-સ્થાવર જીવોને હણે છે, તેમજ રાગાન્ધ અને સ્વાર્થાન્ધ બાલમૂઢ બીજા જીવોને દુઃખ આપે છે. મધુર રસના અનુરાગથી-મૂર્છાથી, રસવાળી વસ્તુના

ઉપાર્જનમાં, રક્ષણમાં, સ્વ-પર કાર્યોમાં જોડવામાં, વિનાશમાં અને વિયોગમાં તેને ક્યાંય સુખ મળતું નથી. વળી સંભોગકાળમાં તૃપ્તિની પ્રાપ્તિ નહિ થવાથી સુખ થતું નથી. મધુર રસ, તે રસવાળી વસ્તુઓમાં સામાન્યથી આસક્તિવાળા બની, પછીથી અત્યંત ગાઢ આસક્તિવાળો બની સંતોષને પામતો નથી. અસંતોષ નામના દોષથી દુઃખી બની લોભાવિષ્ટ બનેલો, મિષ્ટાન્ન-પકવાન્ન, ફળ વગેરે મધુરી રસવાળી વસ્તુની ચોરી કરે છે. (૬૧ થી ૬૮-૧૨૮૧ થી ૧૨૮૮)

**तण्हाभिभूअस्स अदत्तहारिणो, रसे अतित्तस्स परिग्गहे अ ।**
**मायामुसं वड्ढइ लोभदोसा, तत्थावि दुक्खा न विमुच्चई से ॥ ६९ ॥**

**मोसस्स पच्छा य पुरत्थओ अ, पओगकाले अ दुही दुरंते ।**
**एवं अदत्तानि समाययंतो, रसे अतित्तो दुहिओ अणिस्सो ॥ ७० ॥**

**रसाणुरत्तस्स नरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।**
**तत्थोवभोगेवि किलेसदुक्खं, निव्वत्तई जस्स कए ण दुक्खं ॥ ७१ ॥**

**एमेव रसंमि गओ पओसं, उवेइ दुक्खोहपरंपराओ ।**
**पदुट्ठचित्तो अ चिणाइ कम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥ ७२ ॥**

**रसे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**न लिप्पइ भवमज्झेवि संतो, जलेण वा पुक्खरिणीपलासं ॥ ७३ ॥**

**॥ पंचभिःकुलकम् ॥**

**तृष्णाभिभूतस्य अदत्तहरस्य, रसे अतृप्तस्य परिग्रहे च ।**
**मायामृषां वर्द्धते लोभदोषान्, तत्रापि दुःखान्न विमुच्यते सः ॥ ६९ ॥**

**मोषस्य पश्चात् च पुरस्तश्च, प्रयोगकाले च दुःखी दुरन्तः ।**
**एवमदत्तानि समाददत्, रसे अतृप्तः दुःखितः अनिश्रः ॥ ७० ॥**

**रसानुरक्तस्य नरस्य एवं, कुतः सुखं भवेत् कदाचित् किंचित् ।**
**तत्रोपभोगेऽपि क्लेशदुखं, निर्वर्त्तयति यस्य कृते नु दुःखम् ॥ ७१ ॥**

**एवमेव रसे गतः प्रद्वेषं, उपैति दुःखौघपरम्पराः ।**
**प्रद्विष्टचित्तश्च चिनोति कर्म, यद् तस्य पुनः भवेत् दुःखं विपाके ॥ ७२ ॥**

**रसे विरक्तः मनुजो विशोकः, एतेन दुःखौघपरम्परया ।**
**न लिप्यते भवमध्येऽपि सन्जलेनेव पुष्करिणीपलाशम् ॥ ७३ ॥ पञ्चभिःकुलकम् ॥**

**અર્થ –** તૃષ્ણાથી ઘેરાયેલો ચોર, રસમાં-રસવાળી વસ્તુરૂપ પરિગ્રહમાં અતૃપ્ત, લોભના દોષથી માયાપૂર્વક અસત્ય બોલે છે. અસત્ય બોલવા છતાંય

તે દુઃખથી મૂકાતો નથી. અસત્ય ભાષણ પહેલાં ચિંતાથી, પાછળથી પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુઃખી દુરંત પ્રાણી બને છે. આ પ્રમાણે ચોરી કરતો રસમાં અતૃપ્ત બનેલો દુઃખી-અનાથ બને છે. મધુર રસાનુરાગી મનુષ્યને આ મુજબ જરા પણ કોઈ પણ જાતનું સુખ ક્યાંથી હોય ? જેના ઉપાર્જન રૂપ મૂળમાં દુઃખ છે, તે ઉપભોગનો વિપાક અત્યંત દુઃખ-ક્લેશ રૂપ હોય એમાં શું પૂછવું ? આ પ્રમાણે અમનોહર રસમાં દ્વેષને પામેલો દુઃખસમૂહની પરંપરાને પામે છે. જેના ચિત્તમાં પ્રદ્વેષ છે, તે અશુભ કર્મ ભેગું કરે છે. તે અશુભ કર્મ અનુભવકાળમાં અહીં અને ભવાન્તરમાં ફરી ફરી દુઃખ આપે છે. જે જલમધ્યમાં રહેવા છતાં કમલદલ જળથી લેપાતું નથી, તેમ મધુર રસમાં રાગ વગરનો મનુષ્ય, શોક વગરનો બનેલો, ભવમધ્યમાં રહેવા છતાં દુઃખના સમૂહની પરંપરાથી લેપાતો નથી. (૬૯ થી ૭૩-૧૨૮૯ થી ૧૨૯૩)

**कायस्स फासं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो अ जो तेसु स वीअरागो ॥ ७४ ॥**

**फासस्स कायं गहणं वयंति, कायस्स फासं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥ ७५ ॥**

**फासस्स जो गिद्धिमुवेइ तिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे सीअजलावसन्ने, गाहग्गहीए महिसे व रण्णे ॥ ७६ ॥**

**जे आवि दोसं समुवेइ तिव्वं, तंसि क्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंतदोसेण सएण जंतू, न किंचि फासं अवरज्झई से ॥ ७७ ॥**

**एगंतरत्तो रुइरंसि फासे, अतालिसे से कुणइ पओसं ।**
**दुक्खस्स संपीलमुवेइ बाले, न लिप्पई तेण मुणी विरागो ॥ ७८ ॥**

**फासाणुगासाणुगए अ जीवे, चराचरे हिंसइऽणेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥ ७९ ॥**

**फासाणुवाए ण परिग्गहेण, उप्पायणे रक्खणसन्निओगे ।**
**वए विओगे अ कहं सुहं से, संभोगकाले अ अतित्तिलाभे ॥ ८० ॥**

**फासे अतित्ते अ परिग्गहे अ, सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।**
**अतुट्ठिदोसेण दुही परस्स, लोभाविले आययई अदत्तं ॥ ८१ ॥**

**॥ अष्टभिःकुलकम् ॥**

कायस्य स्पर्शं ग्रहणं वदन्ति, तं रागहेतुं तु मनोज्ञमाहुः ।
तं द्वेषहेतुममनोज्ञमाहुः, समश्च यस्तेषु सः वीतरागः ॥ ७४ ॥

स्पर्शस्य कायं ग्रहणं वदन्ति, कायस्य स्पर्शं ग्रहण वदन्ति ।
रागस्य हेतुं समनोज्ञमाहुः, द्वेषस्य हेतुममनोज्ञमाहुः ॥ ७५ ॥

स्पर्शेषु यो गृद्धिमुपैति, तीव्रामकालिकं प्राप्नोति सः विनाशम् ।
रागातुरः शीतजलावसन्नो, ग्राहगृहीतो महिष इवाऽरण्ये ॥ ७६ ॥

यश्चापि द्वेषं समुपैति तीव्रं, तस्मिन् क्षणे स तूपैति दुःखम् ।
दुर्दान्तदोषेण स्वकेन जन्तुः, न किञ्चित् स्पर्शां अपराध्यति तस्य ॥ ७७ ॥

एकान्तरक्तः रुचिरे स्पर्शे, अतादृशे सः करोति प्रद्वेषम् ।
दुःखस्य सम्पीडामुपैति बालः, न लिप्यते तेन मुनिः विरागः ॥ ७८ ॥

स्पर्शानुगाशानुगतश्च जीवः, चराचरान् हिनस्ति अनेकरूपान् ।
चित्रैः तान् परितापयति बालः, पीडयति आत्मार्थगुरुः क्लिष्टः ॥ ७९ ॥

स्पर्शानुपातेन परिग्रहेण, उत्पादने रक्षणसन्नियोगे ।
व्यये वियोगे च क्व सुखं तस्य, सम्भोगकाले चाऽतृप्तिलाभे ॥ ८० ॥

स्पर्शे अतृप्तश्च परिग्रहे च, सक्तोपसक्तो नोपैति तुष्टिम् ।
अतुष्टिदोषेण दुःखी परस्य, लोभाविल आदत्ते अदत्तम् ॥ ८१ ॥ अष्टभिःकुलकम् ॥

**અર્થ –** સ્પર્શેન્દ્રિય કાયાથી સ્પર્શ ગ્રાહ્ય છે-એમ કહે છે. તે મનોહર સ્પર્શ રાગનો હેતુ અને અમનોહર સ્પર્શ દ્વેષનો હેતુ કહે છે. જે મનોહર-અમનોહર સ્પર્શોમાં સમાન-રાગ-દ્વેષ વગરનો છે, તે વીતરાગ કહેવાય છે. સ્પર્શની કાયા ગ્રાહક અને કાયાથી સ્પર્શ ગ્રાહ્ય છે-એમ કહે છે. મનોહર સ્પર્શ સહિત કાય રાગનો અને અમનોહર સ્પર્શ સહિત કાય દ્વેષનો હેતુ છે-એમ કહેવાય છે. જે આત્મા મનોહર સ્પર્શમાં રાગાતુર બની તીવ્ર આસક્તિ કરે છે, તે અકાળે વિનાશને પામે છે. જેમ ઠંડા જળમાં નિમગ્ન થયેલ જંગલી પાડો. જલચર વિશેષ ગ્રાહોથી પકડાયેલ વિનાશને પામે છે, તેમ અહીં સમજવું. વળી જે અમનોહર સ્પર્શમાં પ્રદ્વેષ કરે છે. તે આત્મા તત્કાળ દુઃખને પામે છે. પોતાના અમનોહર સ્પર્શના પ્રદ્વેષ રૂપ દોષથી પ્રાણી પોતે જ અપરાધી બને છે, પરન્તુ કોઈ પણ સ્પર્શ અપરાધી બનાવતો નથી. જે મનોહર સ્પર્શમાં એકાન્ત રાગી અને અમનોહર સ્પર્શમાં પ્રદ્વેષ કરે છે, તે બાલમૂઢ દુઃખના સમુદાયને પામે છે, પણ વૈરાગી મુનિ તે દુઃખના સમુદાયથી લેપાતો નથી. મનોહર સ્પર્શ પાછળ રહેલ આશાની પાછળ પડેલો જીવ, (શુભ સ્પર્શવાળા મૃગચર્મ-પુષ્પ-વસ્ત્ર વગેરેના સંગ્રહમાં અને સ્ત્રીસેવન આદિમાં પ્રવર્તતો) અનેક

પ્રકારના ઉપાયોથી વિવિધ જાતિના ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે. સ્વાર્થાન્ધ-રાગાન્ધ બનેલો બાલમૂઢ બીજા જીવોને દુઃખ આપે છે-રંજાડે છે. મનોહર સ્પર્શના અનુરાગથી અને મૂર્ચ્છાથી, તે સ્પર્શવાળી વસ્તુના ઉપાર્જનમાં, રક્ષણમાં, સ્વ-પર કાર્યોમાં જોડવામાં, વિનાશમાં અને વિયોગમાં ક્યાંય સુખ થતું નથી અને સંભોગકાળમાં તૃપ્તિની પ્રાપ્તિ નહિ થવાથી સુખ થતું નથી. મનોહર સ્પર્શમાં અને તે સ્પર્શવાળી વસ્તુ રૂપ પરિગ્રહમાં પહેલાં સામાન્ય આસક્તિવાળો અને પછીથી અત્યંત ગાઢ આસક્તિવાળો સંતોષને પામતો નથી. અસંતોષ નામના દોષથી દુઃખી બનેલો, લોભાવિષ્ટ બની, પારકી મનોહર સ્પર્શવાળી વસ્તુની ચોરી કરે છે. (૭૪ થી ૮૧-૧૨૯૪ થી ૧૩૦૧)

**तण्हाभिभूअस्स अदत्तहारिणो, फासे अतित्तस्स परिग्गहे अ ।**
**मायामुसं वड्ढइ लोभदोसा, तत्थावि दुक्खा न विमुच्चई से ॥ ८२ ॥**

**मोसस्स पच्छा य पुरत्थओ अ, पओगकाले अ दुही दुरंते ।**
**एवं अदत्ताणि समाययंतो, फासे अतित्तो दुहिओ अणिस्सो ॥ ८३ ॥**

**फासाणुरतस्स नरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।**
**तत्थोवभोगेवि किलेसदुक्खं, निव्वत्तई जस्स कए ण दुक्खं ॥ ८४ ॥**

**एमेव फासंमि गओ पओसं, उवेइ दुक्खोहपरंपराओ ।**
**पदुट्ठचित्तो अ चिणाइ कम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥ ८५ ॥**

**फासे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।**
**न लिप्पई भवमज्झेवि संतो, जलेण वा पुक्खरिणीपलासं ॥ ८६ ॥**
**॥ पंचभिःकुलकम् ॥**

तृष्णाभिभूतस्य अदत्तहरस्य, स्पर्शेऽतृप्तस्य परिग्रहे च ।
मायामृषां वर्द्धते लोभदोषात्तत्रापि दुःखान्न विमुच्यते स ॥ ८२ ॥

मोषस्य पश्चाच्च पुरस्ताच्च, प्रयोगकाले च दुःखी दुरन्तः ।
एवमदत्तानि समाददानः, स्पर्शेऽतृप्तो दुःखितोऽनिश्रः ॥ ८३ ॥

स्पर्शानुरक्तस्य नरस्यैवं, कुतः सुखं भवेत्कदाचित्किंचित् ।
तत्रोपभोगेपि क्लेशदुःखं, निर्वर्त्तयति यस्य कृते नु दुःखम् ॥ ८४ ॥

एवमेव स्पर्शे गतः प्रद्वेषमुपैति दुःखौघपरम्परा ।
प्रद्विष्टचित्तश्च चिनोति कर्म, यत्तस्य पुनर्भवेद् दुःखं विपाके ॥ ८५ ॥

स्पर्शे विरक्तो मनुजो विशोक, एतेन दुःखौघपरम्परेण ।
न लिप्यते भवमध्येपि सन्जलेनेव पुष्करिणीपलाशम् ॥ ८६ ॥ पञ्चभिःकुलकम् ॥

**અર્થ** – તૃષ્ણાથી ઘેરાયેલો ચોર મનોહર સ્પર્શમાં અને તે સ્પર્શવાળી વસ્તુ રૂપ પરિગ્રહમાં અતૃપ્ત થયેલો લોભના દોષથી અસત્ય બોલે છે. અસત્ય બોલવા છતાં તે દુઃખથી છૂટતો નથી: અસત્યભાષણ પહેલાં ચિંતાથી, પાછળથી પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુઃખી બની દુરંત જંતુ બને છે. એ પ્રમાણે ચોરી કરનારો મનોહર સ્પર્શમાં અતૃપ્ત બની દુઃખી-અનાથ બને છે. મનોહર સ્પર્શના અનુરાગી મનુષ્યને આ પ્રમાણે ક્યાંથી કદાચિત્ જરા પણ સુખ હોય ? જેના ઉપાર્જન રૂપ મૂળમાં દુઃખ ભરેલું છે, તેના ઉપભોગમાં ક્લેશકારી દુઃખ જ માત્ર હોય એમાં શું પૂછવું ? આ પ્રમાણે અમનોહર સ્પર્શમાં પ્રદ્વેષને પામેલો, આ પૂર્વોક્ત દુઃખના સમૂહની પરંપરાને પામે છે અને ચિત્તમાં અત્યંત દ્વેષવાળો અશુભ કર્મ ભેગું કરે છે. તે અશુભ કર્મ અનુભવકાળમાં આ ભવમાં અને ભવાન્તરમાં ફરી ફરીથી દુઃખ આપે છે. મનોહર સ્પર્શમાં રાગ અને શોક વગરનો મનુષ્ય, ભવમધ્યમાં રહેવા છતાં આ પૂર્વોક્ત દુઃખ-સમૂહની પરંપરાથી લેપાતો નથી. જેમ જલમધ્યમાં રહેવા છતાં કમલદલ જલથી લેપાતું નથી, તેમ અહીં સમજવું. (૮૨ થી ૮૬-૧૩૦૨ થી ૧૩૦૬)

**मणस्स भावं गहणं वयंति, तं रागहेउं तु मणुण्णमाहु ।**
**तं दोसहेउं अमणुण्णमाहु, समो उ जो तेसु स वीअरागो ॥ ८७ ॥**

**भावस्स मणं गहणं वयंति, मणस्स भावं गहणं वयंति ।**
**रागस्स हेउं समणुण्णमाहु, दोसस्स हेउं अमणुण्णमाहु ॥ ८८ ॥**

**भावेसु जो गिद्धिमुवेइ तिव्वं, अकालिअं पावइ से विणासं ।**
**रागाउरे कामगुणेसु गिद्धे, करेणुमग्गावहिएव्व नागे ॥ ८९ ॥**

**जे आवि दोसं समुवेइ तिव्वं, तंसि क्खणे से उ उवेइ दुक्खं ।**
**दुद्दंतदोसेण सएण जंतू, न किंचि भावं अवरज्झई से ॥ ९० ॥**

**एगंतरत्तो रुइरंसि भावे, अतालिसे से कुणई पओसं ।**
**दुक्खस्स संपीलमुवेइ बाले, न लिप्पई तेण मुणी विरागो ॥ ९१ ॥**

**भावाणुगासाणुगए अ जीवे, चराचरे हिंसइणेगरूवे ।**
**चित्तेहिं ते परितावेइ बाले, पीलेइ अत्तट्ठगुरू किलिट्ठे ॥ ९२ ॥**

**॥ षड्भिःकुलकम् ॥**

मनसः भावं ग्रहणं वदन्ति, तं रागहेतुं तु मनोज्ञमाहुः ।
तं द्वेषहेतुममनोज्ञमाहुः, समश्च यस्तयोः स वीतरागः ॥ ८७ ॥

**भावस्य मनः ग्रहणं वदन्ति, मनसः भावं ग्रहणं वदन्ति ।**
**रागस्य हेतुं समनोज्ञमाहुः, द्वेषस्य हेतुममनोज्ञमाहुः ॥ ८८ ॥**
**भावेषु यो गृद्धिमुपैति तीव्रामकालिकं प्राप्नोति स विनाशम् ।**
**रागातुरः कामगुणेषु गृद्धः, करेणु मार्गापहृतो इव नागः ॥ ८९ ॥**
**यश्चापि द्वेषं समुपैति तीव्रं, तस्मिन्क्षणे स तूपैति दुःखम् ।**
**दुर्दान्तद्वेषेण स्वकेन जन्तुः, न किञ्चिद् भावमपराध्यति तस्य ॥ ९० ॥**
**एकान्तरक्तो रुचिरे भावेऽतादृशे करोति द्वेषम् ।**
**दुःखस्य सम्पीडमुपैति बालो, न लिप्यते तेन मुनिर्विरागः ॥ ९१ ॥**
**भावानुगाशानुगतश्च, जीवश्चराचरान्हिनस्त्यनेकरूपान् ।**
**चित्रैस्तान्परितापयति बालः पीडयत्यात्मार्थगुरुः क्लिष्टः ॥ ९२ ॥ षड्भिःकुलकम् ॥**

**અર્થ –** મનના ભાવને (અભિપ્રાયને-સ્મરણ વગેરેના વિષયને) ગ્રાહ્ય તરીકે કહે છે. તે મનોહર રૂપાદિ વિષયવાળા ભાવને રાગનો અને અમનોહર રૂપાદિ વિષયવાળા ભાવને દ્વેષનો હેતુ કહે છે. જે મનોહર-અમનોહર વિષયવાળા અભિપ્રાયમાં રાગ-દ્વેષ વગરના છે, તે વીતરાગ કહેવાય છે. ભાવનો મન ગ્રાહક અને મનથી ભાવ ગ્રાહ્ય છે-એમ કહે છે. મનોહર રૂપાદિ વિષયભાવ સહિત મન રાગનો અને અમનોહર રૂપાદિ વિષયભાવ સહિત મન દ્વેષનો હેતુ છે-એમ કહે છે. જેમ કે-કામાતુર મદોન્મત્ત હાથી, નજીક રહેલી હાથણીને જોઈ, તેના સંગમમાં ઉત્સુક બનેલો, હાથણી જે માર્ગે જાય છે. તેની પાછળ દોડતો રાજા વગેરેથી પકડાય છે. ત્યારબાદ તે હાથી યુદ્ધમાં આદિમાં જેમ વિનાશને પામે છે, તેમ જે મનોહર રૂપાદિ વિષયભાવમાં તીવ્ર આસક્તિ કરે છે, તે રાગાતુર અકાળે વિનાશને પામે છે. જે અમનોહર રૂપાદિ વિષયભાવમાં તીવ્ર દ્વેષ કરે છે, તે તત્કાળ દુઃખને પામે છે. પોતાના અમનોહર રૂપાદિ વિષયભાવમાં તીવ્ર દ્વેષ રૂપી દોષથી પોતે જંતુ અપરાધી બને છે, પણ અમનોહર વિષય રૂપ ભાવ તેને અપરાધી બનાવતું નથી. મનોહર ભાવવિષય વસ્તુમાં એકાન્તે રાગી બનેલો અને અમનોહર ભાવવિષય વસ્તુમાં 'ક્યાં આ હમણાં મારી સ્મૃતિ માર્ગમાં આવ્યો ?' વગેરે રૂપ પ્રદ્વેષને કરે છે, તે બાલમૂઢ દુઃખના સમુદાયને પામે છે, પરન્તુ રાગ વગરનો મુનિ તે દુઃખસમૂહથી લેપાતો નથી. રૂપાદિ વિષય અભિપ્રાયને અનુકૂળ ઇચ્છાને વિવશ બનેલો અથવા અભીષ્ટના અર્જન અને અનિષ્ટના વિધ્વંસ વિષયભાવને અનુકૂળ ઇચ્છાને પરવશ બનેલો, 'મારો ઉદ્વેગ વગેરે ભાવ શાન્ત થાઓ.' - 'હર્ષ વગેરે ભાવ પેદા થાઓ.' એ પ્રમાણે ભાવને અનુસારી આશાની પાછળ રહેલો અને અનેક

ઉપાયોથી હોમ વગેરે કરતો વિવિધ જાતિના ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરે છે. દેખાય છે કે-પોતાના અભિપ્રાયની સિદ્ધિ માટે ત્રસ-સ્થાવર જીવોની હિંસામાં પ્રવર્તતા અનેક જીવો હોય છે. (૮૭ થી ૯૨-૧૩૦૭ થી ૧૩૧૨)

भावाणुवाएण परिग्गहेण, उप्पायणे रक्खणसन्नियोगे ।
वए विभोगे अ कहिं सुहं से, संभोगकाले अ अतित्तिलाभे ॥ ९३ ॥

भावे अतित्ते अ परिग्गहे अ, सत्तोवसत्तो न उवेइ तुट्ठिं ।
अतुट्ठिदोसेण दुहीपरस्स, लोभाविले आययइ अदत्तं ॥ ९४ ॥

तण्हाभिभूअस्स अदत्तहारिणो, भावे अतित्तस्स परिग्गहे अ ।
मायामुसं वड्ढइ लोभदोसा, तत्थावि दुक्खा न विमुच्चई से ॥ ९५ ॥

मोसस्स पच्छा य पुरत्थओ अ, पओगकाले अ दुही दुरंते ।
एवं अदत्ताणि समाययंतो, भावे अत्तितो दुहिओ अणिस्सो ॥ ९६ ॥

भावाणुरतस्स नरस्स एवं, कत्तो सुहं होज्ज कयाइ किंचि ।
तत्थोवभोगेवि किलेसदुक्खं निव्वत्तए जस्स कए ण दुक्खं ॥ ९७ ॥

एमेव भावम्मि गओ पओसं, उवेइ दुक्खोहपरंपराओ ।
पदुट्ठचित्तो अ चिणाइ कम्मं, जं से पुणो होइ दुहं विवागे ॥ ९८ ॥

भावे विरत्तो मणुओ विसोगो, एएण दुक्खोहपरंपरेण ।
न लिप्पई भवमज्झेवि संतो, जलेण वा पुक्खरिणीपलासं ॥ ९९ ॥

॥ सप्तभिःकुलकम् ॥

भावानुपाते परिग्रहेणोत्पादने रक्षणसन्नियोगे ।
व्यये वियोगे च क्व सुखं तस्य, सम्भोगकाले चाऽतृप्तिलाभे ॥ ९३ ॥

भावेऽतृप्तश्च परिग्रहे च, सक्तोपसक्तो नोपैति तुष्टिम् ।
अतुष्टिदोषेण दुःखी परस्य, लोभाविल आदत्ते अदत्तम् ॥ ९४ ॥

तृष्णाभिभूतस्याऽदत्तहारिणो, भावेऽतृप्तस्य परिग्रहे च ।
मायामृषां वर्द्धते लोभदोषात्तत्रापि दुःखान्न विमुच्यते सः ॥ ९५ ॥

मोषस्य पश्चाच्च पुरस्ताच्च, प्रयोगकाले च दुःखी दुरन्तः ।
एवमदत्तानि समाददानो, भावेऽतृप्तो दुःखितोऽनिश्रः ॥ ९६ ॥

भावानुरक्तस्य नरस्यैवं, कुतः सुखं भवेत्कदाचित्किंचित् ।
तत्रोपभोगेपि क्लेशदुःखं, निर्वर्त्तयति यस्य कृते नु दुःखम् ॥ ९७ ॥

**एवमेव भावे गतः, प्रद्वेषमुपैति दुःखौघपरम्परा ।**
**प्रद्विष्टचित्तश्च चिनोति कर्म, यत्तस्य पुनर्भवेद् दुःखं विपाके ॥ ९८ ॥**
**भावे विरक्तो मनुजो विशोक, एतेन दुःखौघपरम्परेण ।**
**न लिप्यते भवमध्येपि सन्जलेनेव पुष्करिणीपलाशम् ॥ ९९ ॥ सप्तभिःकुलकम् ॥**

**અર્થ –** મનોહર રૂપાદિ વિષય રૂપભાવના અનુરાગથી, મૂર્ચ્છાથી ભાવવિષય મનોહર વસ્તુના ઉપાર્જનમાં, રક્ષણમાં, સ્વ-પરકાર્યોમાં જોડવામાં, વિનાશમાં અને વિયોગમાં ક્યાંય સુખ તેને થતું નથી. સંભોગકાળમાં પણ તૃપ્તિની પ્રાપ્તિ નહિ થવાથી સુખ થતું નથી. મનોહર ભાવમાં, તે ભાવવિષય વસ્તુરૂપ પરિગ્રહમાં પહેલાં સામાન્ય આસક્તિવાળો બની, પછી અત્યંત ગાઢ આસક્તિવાળો બનેલો સંતોષને પામતો નથી. અસંતોષ નામના દોષથી દુઃખી બની લોભાવિષ્ટ બનેલો, પોતાના અભિપ્રાયની સિદ્ધિ માટે બીજાની મનોહર રૂપાદિવાળી વસ્તુની ચોરી કરે છે. તૃષ્ણાથી ઘેરાયેલો ચોર, ભાવમાં અને ભાવવિષય રૂપાદિ મનોહર વસ્તુ રૂપ પરિગ્રહમાં અતૃપ્ત બનેલો લોભના દોષથી અસત્ય બોલે છે. અસત્ય બોલવા છતાં પણ તે દુઃખથી મૂકાતો નથી. અસત્યભાષણ પહેલાં ચિંતાથી, પાછળથી પશ્ચાત્તાપથી અને પ્રયોગકાળમાં ક્ષોભથી દુઃખી બની દુરંત પ્રાણી બને છે. આ પ્રમાણે ચોરી કરનારો, અભિપ્રાય રૂપ ભાવમાં કે મનોહર રૂપાદિવાળી વસ્તુ રૂપ ભાવમાં તૃપ્તિ વગરનો દુઃખી-અનાથ બને છે. મનોહર ભાવાનુરાગી મનુષ્યને આ પ્રમાણે કદાચ કોઈ પણ જાતનું જરા પણ સુખ ક્યાંથી હોય ? જેના ઉપાર્જનમાં મૂળથી જ દુઃખી થાય છે, તો તેના ઉપભોગમાં પણ ક્લેશકારી દુઃખ જ હોય એમાં શું કહેવું ? આ મુજબ અનિષ્ટના સ્મરણ આદિ રૂપ ભાવમાં અથવા અનિષ્ટ વસ્તુના વિષય રૂપ ભાવમાં, 'મને આનું નામ પણ યાદ ન આવો.' આદિ પ્રદ્વેષને પામેલો દુઃખના સમુદાયની પરંપરાને પામે છે. ચિત્તમાં પ્રદ્વેષવાળો અશુભ કર્મને ભેગું કરે છે અને તે અશુભ કર્મ તેને અનુભવકાળમાં ફરી ફરીથી દુઃખ આપે છે. અભીષ્ટના સ્મરણ આદિ રૂપ ઈષ્ટ વસ્તુવિષય રૂપ ભાવમાં રાગ અને શોક વગરનો મનુષ્ય, આ પૂર્વોક્ત દુઃખસમુદાયની પરંપરાથી ભવમધ્યે રહેવા છતાં લેપાતો નથી. જેમ જલમધ્યે રહેવા છતાં કમલદલ જલથી લેપાતો નથી, તેમ અહીં સમજવું. (૯૩ થી ૯૯-૧૩૧૩ થી ૧૩૧૯)

**एविंदियत्था य मणस्स अत्था, दुक्खस्स हेऊ मणुअस्स रागिणो ।**
**ते चेव थोवंपि कयाइ दुक्खं, न वीअरागस्स करिंति किंचि ॥ १०० ॥**

**एवमिन्द्रियार्थाश्च मनसोऽर्था, दुःखस्य हेतवो मनुष्यस्य रागिणः ।**
**ते चैव स्तोकमपि कदाचित् दुःखं, न वीतरागस्य कुर्वन्ति किञ्चित् ॥ १०० ॥**

**અર્થ** – પૂર્વોક્ત પ્રકારે ઇન્દ્રિયાર્થ રૂપ, રૂપ આદિ અને મનના સ્મરણ વગેરે ભાવ રૂપ અર્થો, રાગી-દ્વેષી મનુષ્યને દુઃખના હેતુઓ થાય છે. તે ઇન્દ્રિયોના-મનના અર્થો, વીતરાગ-વીતદ્વેષને કદાચિત્ માનસિક કે કાયિક કોઈ પણ જાતનું જરા પણ દુઃખ આપી શકતા નથી કે કરી શકતા નથી. (૧૦૦-૧૩૨૦)

**न कामभोगा समयं उविंति, न यावि भोगा विगइं उविंति ।**
**जे तप्पओसी अ परिग्गही अ, सो तेसु मोहा विगइं उवेइ ॥ १०१ ॥**

**न कामभोगाः समतामुपयान्ति, न चापि भोगाः विकृतिमुपयान्ति ।**
**यस्तत्प्रद्वेषी च परिग्रही च, स तेषु मोहाद्विकृतिमुपैति ॥ १०१ ॥**

**અર્થ** – કામભોગો, રાગ-દ્વેષના અભાવ રૂપ સમતા પ્રતિ હેતુપણાને પામતા નથી અર્થાત્ સમતા પ્રત્યે કામભોગો હેતુ નથી. જો સમતા પ્રતિ કામભોગો હેતુ છે-એમ માનવામાં આવે, તો દુનિયામાં કોઈ પણ રાગી અને દ્વેષી ન હોય ! કામ-ભોગો, ક્રોધાદિ રૂપ વિકૃતિ પ્રત્યે હેતુપણાને પામતા નથી અર્થાત્ માત્ર કામભોગો જ વિકાર પ્રત્યે હેતુ નથી. જો ફક્ત કામ-ભોગોને જ વિકારહેતુ માનવામાં આવે, તો કોઈ પણ વીતરાગ બને નહિ. જે કામભોગોમાં-અનિષ્ટ વિષયોમાં પ્રદ્વેષવાળો છે, તે ઈષ્ટ કામભોગોમાં રાગવાળો રાગ-દ્વેષ રૂપ મોહથી ક્રોધાદિ વિકારને પામે છે અને જે રાગ-દ્વેષરહિત છે તે સમતાને પામે છે. અર્થાત્ મુખ્યતયા ક્રોધાદિ વિકાર પ્રત્યે રાગ-દ્વેષ રૂપ મોહ કારણ છે, જ્યારે સમતા પ્રત્યે રાગ-દ્વેષ રૂપ મોહનો અભાવ કારણ છે. (૧૦૧-૧૩૨૧)

**कोहं च माणं च तहेव मायं, लोहं दुगुंछं अरइं रइं च ।**
**हासं भयं सोग पुमित्थिवेअं, नपुंसवेअं विविहे अ भावे ॥ १०२ ॥**

**आवज्जई एवमणेगरूवे, एवंविहे कामगुणेसु सत्तो ।**
**अन्ने अ एअप्पभवे विसेसे, कारुण्णदीणे हिरिमे वइस्से ॥ १०३ ॥ युग्मम् ॥**

**क्रोधं च मानं च तथैव मायां, लोभं जुगुप्सामरतिं रतिं च ।**
**हासं भयं शोकं पुंस्त्रीवेदं, नपुंसकवेदं विविधांश्च भावान् ॥ १०२ ॥**

**आपद्यते एवमनेकरूपानेवंविधान्कामगुणेषु सक्तः ।**
**अन्यांश्चैतत्प्रभवान्विशेषान्, कारुण्यदीनोह्रीमान् द्वेष्यः ॥ १०३ ॥**

**અર્થ** – આ રાગ-દ્વેષ રૂપ પ્રકારથી, અનંતાનુબંધી વગેરે ભેદથી અને તારતમ્ય ભેદથી ઘણા ભેદવાળા, ક્રોધ, માન, માયા, લોભ, ઘૃણા, બેચેની

રૂપ અરતિ, વિષયાસક્તિ રૂપ રતિ, હાસ્ય, ભય, શોક, સ્ત્રીની ઇચ્છા રૂપ પુરૂષવેદ, પુરૂષની ઇચ્છા રૂપ સ્ત્રીવેદ, ઉભયની ઇચ્છા રૂપ નપુંસકવેદ, આ પ્રમાણે વિવિધ વિકાર રૂપ ભાવોને પામે છે. વળી અત્યંત દીન-લજ્જાવાળો થતો, (ક્રોધ આદિથી પ્રીતિવિનાશ વગેરે દોષોને અહીં અનુભવતો અને પરલોકમાં તેના અતિ કટુક પરિણામને વિચારતો) ક્રોધાદિ દોષથી દુષ્ટ હોઈ, સર્વજનને પણ અપ્રીતિપાત્ર બનતો અને શુભાશુભ શબ્દાદિ કામભોગોમાં રાગી-દ્વેષી, ક્રોધાદિથી જન્ય પશ્ચાત્તાપ-દુર્ગતિપતન વગેરે વિશેષ ફળોને મેળવે છે. (૧૦૨+૧૦૩-૧૩૨૨+૧૩૨૩)

**कप्पं न इच्छेज्ज सहायलिच्छू, पच्छाणुतावेण तवप्पभावं ।**
**एवं विआरे अमिअप्पयारे, आवज्जई इंदियचोरवस्से ॥ १०४ ॥**

**तओ से जायंति पओअणाइं, निम्मज्जिउं मोहमहण्णवंमि ।**
**सुहेसिणो दुक्खविणोअणट्ठा, तप्पच्चयं उजमए अ रागी ॥ १०५ ॥**

**विरज्जमाणस्स य इंदिअत्था, सद्दाइया तावइअप्पयारा ।**
**न तस्स सव्वेवि मणुण्णयं वा, निव्वत्तयन्ति अमणुण्णयं वा ॥ १०६ ॥**
**॥ त्रिभिर्विशेषकम् ॥**

**कल्पं नेच्छेत्सहायलिप्सुः, पश्चादनुतापेन तपः प्रभावम् ।**
**एवं विकारानमितप्रकाशनापद्यते इन्द्रियचौरवश्यः ॥ १०४ ॥**

**ततस्तस्य जायन्ते प्रयोजनानि, निमज्जयितुं मोहमहार्णवे ।**
**सुखैषिणो दुःखविनोदनार्थं, तत्प्रत्ययमुद्यच्छति च रागी ॥ १०५ ॥**

**विरज्यमानस्य चेन्द्रियार्थाः, शब्दादिकास्तावन्तः प्रकाराः ।**
**न तस्य सर्वेऽपि मनोज्ञतां वा, निर्वर्त्तयन्ति अमनोज्ञतां वा ॥ १०६ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ** – 'આ મારી સેવા આદિ રૂપ સહાય કરશે.' આવી સહાયની ઇચ્છાવાળો થકો, વૈયાવચ્ચ વગેરે કાર્ય કરવામાં સમર્થ-યોગ્ય રૂપ કલ્પ શિષ્યને ઇચ્છે નહિ. (ઉપકારની બુદ્ધિમાં દોષ નથી.) તેમજ દીક્ષાનો સ્વીકાર કર્યા બાદ 'શું આટલું બધું કષ્ટ મેં સ્વીકાર્યું ?'-આવી ચિંતા રૂપ પશ્ચાત્તાપથી અને અહીં જ આમર્ષૌષધી આદિ લબ્ધિની ઇચ્છાથી તથા પરલોકમાં ભોગાદિના નિયાણું કરવા દ્વારા તપના પ્રભાવને ન ઇચ્છે ! (સંઘાદિ કાર્ય માટે દોષ નથી.) ધર્મ રૂપી ધનનું અપહરણ કરનાર હોવાથી ઇન્દ્રિય રૂપ ચોરોને આધીન બનેલો, આ પ્રકારે અપરિમિત પ્રકારવાળા દોષ રૂપી વિકારોને પામે છે તે વિકારોની

પ્રાપ્તિથી, તે જ જંતુને મોહ રૂપી મહાસાગરમાં ડૂબાડવા માટે સમર્થવિષયસેવન હિંસા વગેરે પ્રયોજનો પેદા થાય છે. સુખનો ઇચ્છુક થતો દુઃખના નાશ માટે રાગી-દ્વેષી, વિષયસેવનાદિ પ્રયોજન માટે ઉદ્યમશીલ-ઉતસાહી બની વિષયસેવનાદિ પ્રયોજનોમાં પ્રવૃત્તિ કરે છે, કેમ કે-સકલ અનર્થનું મૂળ રાગ-દ્વેષ જ છે. રાગ-દ્વેષ વગરના આત્મા વિષે જેટલા લોકમાં પ્રસિદ્ધ છે, તેટલા પ્રકારવાળા ઇન્દ્રિયના અર્થો મનોહરતા અને અમનોહરતાને પામતા નથી, પરન્તુ રાગ-દ્વેષવાળા વિષે થાય છે. (સ્વરૂપથી રૂપાદિ વિષયો આત્માને મનોહર કે અમનોહર નથી, પરંતુ રાગી-દ્વેષી ગ્રાહકના વિશે મનોહર કે અમનોહર બને છે.) આથી વીતરાગ-દ્વેષવાળા આત્મા વિષે આ વિષયો મનોહર કે અમનોહરતાને પામી શકતા નથી. રાગ-દ્વેષના અભાવમાં વિષયસેવન હિંસા વગેરે પ્રયોજનોની જો ઉત્પત્તિ જ નથી, તો અનર્થની ઉત્પત્તિ ક્યાંથી જ હોય? (૧૦૪ થી ૧૦૬-૧૩૨૪ થી ૧૩૨૬)

**एवं ससंकप्पविकप्पणासु, संजायए समयमुवट्ठिअस्स ।**
**अत्थे अ संकप्पयओ तओ से, पहीअए कामगुणेसु तण्हा ॥ १०७ ॥**

**स वीअरागो कयसव्वकिच्चो, खवेइ नाणावरणं खणेणं ।**
**तहेव जं दंसणमावरेइ, जं चांतरायं पकरेइ कम्मं ॥ १०८ ॥**

**सव्वंतओ जाणइ पासई अ, अमोहणे होइ निरंतराए ।**
**अणासवे झाणसमाहिजुत्ते, आउक्खए मोक्खमुवेइ सुद्धे ॥ १०९ ॥**

**॥ त्रिभिर्विशेषकम् ॥**

**एवं स्वसङ्कल्पविकल्पनासु, सञ्जायते समतामुपस्थितस्य ।**
**अर्थांश्च सङ्कल्पयतस्ततस्तस्य, प्रहीयते कामगुणेषु तृष्णा ॥ १०७ ॥**

**स वीतरागः कृतसर्वकृत्यः, क्षपयति ज्ञानावरणं क्षणेन ।**
**तथैव यद्दर्शनमावृणोति, यच्चान्तरायं प्रकरोति कर्म ॥ १०८ ॥**

**सर्वं ततो जानाति पश्यति चाऽमोहनो भवन्ति निरन्तरायः ।**
**अनाश्रवो ध्यानसमाधियुक्तः, आयुःक्षये मोक्षमुपैति शुद्धः ॥ १० ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ –** આ પ્રમાણે પૂર્વોક્ત નીતિથી આત્માના રાગદ્વેષ-મોહ રૂપ અધ્યવસાય રૂપ સંકલ્પોની, 'આ સકલ દોષોનું મૂળ છે' ઇત્યાદિ વિચારણા રૂપ ભાવનામાં ઉદ્યમશીલ આત્મામાં માધ્યસ્થ્ય રૂપ સમતા પેદા થાય છે. 'આ રૂપાદિ વિષયો કર્મબંધના હેતુ નથી પરન્તુ રાગ વગેરે દોષો કર્મબંધના હેતુ

છે.' અર્થાત્ ઈન્દ્રિયાર્થ રૂપાદિ ગત રાગાદિકર્મબંધના હેતુ છે એમ વિચાર કરનાર સાધુની વિષયાદિ રૂપ કામભોગોની તૃષ્ણા ક્ષીણ થાય છે. તે ક્ષીણ તૃષ્ણાવાળો વીતરાગ બને છે, કારણ કે-તૃષ્ણા એટલે લોભ, તેનો ક્ષય થવાથી ક્ષીણમોહપણાની પ્રાપ્તિ થાય છે. તે પૂર્ણ સર્વ કૃત્યવાળો બનેલો, ક્ષણવારમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મને અર્થાત્ જે જ્ઞાનને આવરે, દર્શનને આવરે અને અંતરાયને કરે છે, તે ત્રણેય કર્મને ખપાવે છે : ચાર ઘાતીકર્મના ક્ષય બાદ વિશેષ રૂપે સર્વને જાણે છે : સામાન્ય રૂપે સર્વને જુએ છે : મોહ વગરનો, અંતરાય વગરનો અને કર્મબંધહેતુ વગરનો બની, શુક્લધ્યાન દ્વારા પરમ સ્વાસ્થ્ય રૂપ સમાધિથી યુક્ત બનેલો, વેદનીય-આયુષ્ય-નામ-ગોત્રકર્મ રૂપી અઘાતી કર્મોનો ક્ષય થવાથી, કર્મમલ વગરનો શુદ્ધ આત્મા મોક્ષને પામે છે. (૧૦૭ થી ૧૦૯-૧૩૨૭ થી ૧૩૨૯)

**सो तस्स सव्वस्स दुहस्समुक्को, जं वाहई सययं जंतुमेअं ।**
**दीहामयविप्पमुक्को पसत्थो, तो होइ अच्चंतसुही कयत्थो ॥ ११० ॥**

**स तस्मात्सर्वस्माद्दुःखान्मुक्तः, यद् बाधते सततं जन्तुमेनम् ।**
**दीर्घामयविप्रमुक्तः प्रशस्तस्ततो भवत्यत्यन्तसुखी कृतार्थः ॥ ११० ॥**

**અર્થ** – તે મોક્ષને પામેલો આત્મા, જે દુઃખ આત્માને નિરંતર દુઃખી કરે છે-બાધા પમાડે છે, તે જાતિ-જરા-મરણ રૂપ સર્વ દુઃખથી મુક્ત પૃથગ્ભૂત બને છે : સ્થિતિની અપેક્ષાએ લાંબા કર્મો રૂપી વિવિધ વિવિધ બાધા કરનાર હોઈ, રોગોથી વિપ્રમુક્ત બનેલો હોઈ, પ્રશસ્ત-પ્રશંસાપાત્ર બને છે : તથા તેથી જ અત્યંત સુખી-કૃતાર્થ થાય છે. (૧૧૦-૧૩૩૦)

**अणाइकालप्पभवस्स एसो, सव्वस्स दुक्खस्स पमोक्खमग्गो ।**
**विआहिओ जं समुवेच्च सत्ता, कमेण अच्चंतसुही हवंति त्तिबेमि ॥ १११ ॥**

**अनादिकालप्रभवस्य एष, सर्वस्य दुःखस्य प्रमोक्षमार्गः ।**
**व्याख्यातो यं समुपेत्य सत्त्वाः, क्रमेणात्यन्तसुखिनो भवन्तीति ब्रवीमि ॥ १११ ॥**

**અર્થ** – આ પૂર્વોક્ત અનાદિકાળથી જન્ય સર્વ દુઃખની અત્યંત મુક્તિનો ઉપાયભૂત માર્ગ કહ્યો. તે મોક્ષમાર્ગને સ્વીકારી આત્માઓ ઉત્તરોત્તર પ્રાપ્તિ રૂપ ક્રમથી અત્યંત સુખી બને છે-એમ હે જંબૂ ! હું કહું છું. (૧૧૧-૧૩૩૧)

**બત્રીસમું શ્રી પ્રમાદસ્થાનાધ્યયન સંપૂર્ણ.**

# શ્રી કર્મ પ્રકૃતિ-અધ્યયન-૩૩

**अट्ठकम्माइं वोच्छामि, आणुपुव्विं जहक्कमं ।**
**जेहिं बद्धो, अयं जीवो, संसारे परिअत्तइ ॥ १ ॥**

**अष्ट कर्माणि वक्ष्यामि, आनुपूर्व्या यथाक्रमम् ।**
**यैः बद्धोऽयं जीवः, संसारे परिवर्त्तते ॥ १ ॥**

**અર્થ** – મિથ્યાત્વ વગેરે હેતુઓથી જીવ વડે કરાતા એવા આઠ કર્મોને પૂર્વાનુપૂર્વી ક્રમથી હું કહીશ. તે કર્મોથી બંધાયેલો આ (દરેક પ્રાણીને સ્વસંવેદન પ્રત્યક્ષ રૂપ)જીવ, સંસારમાં નવા નવા-બીજા બીજા પર્યાયોને અનુભવતો પર્યટન કરે છે. (૧-૧૩૩૨)

**नाणस्सावरणिज्जं, दंसणावरणं तहा ।**
**वेअणिज्जं तहा मोहं, आउकम्मं तहेव य ॥ २ ॥**

**नामकम्मं च गोत्तं च, अंतरायं तहेव य ।**
**एवमेआइं कम्माइं, अट्ठेव उ समासओ ॥ ३ ॥ युग्मम् ॥**

**ज्ञानस्यावरणीयं दर्शनावरणं तथा ।**
**वेदनीयं तथा मोहमायुः कर्म तथैव च ॥ २ ॥**

**नामकर्म च गोत्रं चान्तरायं तथैव च ।**
**एवमेतानि कर्माण्यष्टैव तु समासतः ॥ ३ ॥ युग्मम् ॥**

**અર્થ** – જેમ મેઘમાળાથી સૂર્ય આચ્છાદિત થાય છે, તેમ વિશેષ અવબોધ રૂપ જ્ઞાન (વિદ્યમાન હોવા છતાં) જે કર્મથી આચ્છાદિત થાય, તે '[1]જ્ઞાનાવરણીયકર્મ' કહેવાય છે.

જેમ પ્રતિહાર-દ્વારપાળ વડે રાજાનું દર્શન રોકાય છે, તેમ સામાન્ય અવબોધ રૂપ દર્શન જે કર્મથી આચ્છાદિત કરાય, તે '[2]દર્શનાવરણીયકર્મ' કહેવાય છે.

જેમ મધ વડે લેપાયેલ તલવારની ધાર ચાટતાં પ્રથમ સ્વાદિષ્ટ લાગે છે, પરંતુ જીભ કપાતાં પરિણામે પીડા અનુભવાય છે, તેમ પૌદ્ગલિક સુખ-દુઃખ રૂપે અનુભવાય તે '[3]વેદનીયકર્મ' છે.

જેમ મદિરા પીનારને વિવેકહીન બનાવે છે, તેમ '[4]મોહનીયકર્મ' ચિત્તને વિપરીત બનાવવા દ્વારા અવિવેકી બનાવે છે.

બેડી જેમ નીકળવાની ઇચ્છા કરનારને રોકી રાખે છે, તેમ તે ભવની સ્થિતિ સુધી જે રોકી રાખે તે '[5]આયુષ્યકર્મ' છે.

જેમ ચિત્રકાર, જીવની છબી ચિતરતાં તેના હાથ-પગ ઇત્યાદિ આકારો ચિતરી તેની છબી બનાવે છે, તેમ દેવત્વાદિ, સંહનન ઇત્યાદિ જીવના વિવિધ આકારો-રૂપો ઘડે તે '[6]નામકર્મ' છે.

કુંભારથી મૃત્તિકા દ્રવ્યની માફક ઉંચા-નીચા શબ્દોથી જે વડે જીવ બોલાવાય, તે '[7]ગોત્રકર્મ' છે.

ભંડારીની માફક વિઘ્ન કરનારૂં કર્મ '[8]અંતરાયકર્મ' કહેવાય છે.

આ પ્રકારે આઠ કર્મો સંક્ષેપથી જ સમજવા, જ્યારે વિસ્તારથી જેટલા જીવો છે તેટલા જ કર્મો અનંતા જ સમજવા. આ પ્રમાણે કર્મની મૂળ પ્રકૃતિઓ જણાવી અને હવે ઉત્તર પ્રકૃતિઓ કહે છે. (૨+૩-૧૩૩૩+૧૩૩૪)

**नाणावरणं पंचविहं, सुअं आभिणिबोहिअं ।**
**ओहिनाणं तइयं, मणनाणं च केवलं ॥ ४ ॥**

**ज्ञानावरणं पञ्चविधं, श्रुतमाभिनिबोधिकम् ।**
**अवधिज्ञानं तृतीयं, मनःज्ञानं च केवलम् ॥ ४ ॥**

**અર્થ** – આવરણ યોગ્ય આવાર્યના ભેદથી આવરણનો ભેદ છે. એટલે કહે છે કે-જ્ઞાનાવરણ કર્મ પાંચ પ્રકારનું છે : કેમ કે-આવાર્ય એટલે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન-એમ પાંચ આવાર્યના ભેદ હોઈ, જ્ઞાનાવરણીય=મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય. મનઃપર્યવજ્ઞાનાવરણીય (આ ચાર દેશઘાતી છે.) અને કેવલજ્ઞાનાવરણીય (સર્વઘાતી છે.)-એ રૂપે પાંચ પ્રકારનું છે. (૪-૧૩૩૫)

**निद्दा तहेव पयला, निद्दानिद्दा य पयलपयला य ।**
**तत्तो अ थीणगिद्धी उ, पंचमा होइ नायव्वा ॥ ५ ॥**

**चक्खुमचक्खु ओहिस्स, दंसणे केवले अ आवरणे ।**
**एवं तु नवविगप्पं, नायव्वं दंसणावरणं ॥ ६ ॥ युग्मम् ॥**

**निद्रातथैव प्रचला, निद्रानिद्रा च प्रचलाप्रचला च ।**
**ततश्च स्त्यानगृद्धिः, पञ्चमी भवति ज्ञातव्या ॥ ५ ॥**
**चक्षुरचक्षुरवधेर्दर्शने केवले चावरणे ।**
**एवं तु नवविकल्पं, ज्ञातव्यं दर्शनावरणम् ॥ ६ ॥ युग्मम् ॥**

**अर्थ –** (૧) સુખેથી જાગી શકાય તે 'નિદ્રા.' (૨) કષ્ટે કરીને જાગી જાય તે 'નિદ્રાનિદ્રા.' (૩) ઉભા ઉભા કે બેઠા બેઠા જે ઊંઘ આવે તે 'પ્રચલા.' (૪) ચાલતાં ચાલતાં જે ઊંઘ આવે તે 'પ્રચલાપ્રચલા.' (૫) દિવસમાં ચિંતવેલ અર્થ સાધનારી અને વાસુદેવથી અડધા બળવાળી ઊંઘ તે 'સ્ત્યાનર્દ્ધિ.' નિદ્રાપાંચક રૂપ આ પાંચ પ્રકૃતિઓ દર્શનલબ્ધિ-વિનાશક હોઈ સર્વઘાતી છે.

(૧) ચક્ષુ ઇન્દ્રિયથી થતા સામાન્ય ગ્રહણ રૂપ દર્શનના ઘાતકને 'ચક્ષુર્દર્શનાવરણ' કહેવાય છે.

(૨) અહીં 'नञ्' નો અર્થ પર્યુદાસની અપેક્ષાએ સરખો થતો હોવાથી, ચક્ષુ સરખી શેષ ઇન્દ્રિય અને મન અર્થાત્ નેત્ર સિવાયની બાકીની સર્વ ઇન્દ્રિયો અને મન દ્વારા થતા સ્વસ્વ વિષય સામાન્ય ગ્રહણ રૂપ અચક્ષુર્દર્શનના ઘાતક કર્મને 'અચક્ષુર્દર્શનાવરણ' કહેવાય છે.

(૩) અવધિદર્શનાવરણના ક્ષયોપશમથી થતા રૂપી દ્રવ્યોના સામાન્ય ગ્રહણ રૂપ અવધિદર્શનને જે આવરે, તે 'અવધિદર્શનાવરણ' કહેવાય છે. આ ત્રણ કર્મો દેશઘાતી છે.

(૪) કેવલદર્શનાવરણના ક્ષયથી આત્માનો સાક્ષાત્ સ્વરૂપી સર્વ દ્રવ્યપર્યાયોના સામાન્ય જ્ઞાન રૂપે કેવલદર્શનને જે આવરે તે 'કેવલદર્શનાવરણ' કહેવાય છે. આ કર્મ સર્વઘાતી છે.

આ પ્રમાણે પાંચ નિદ્રા અને ચાર દર્શનાવરણ મળી દર્શનાવરણીયકર્મ નવ પ્રકારનું છે. (૬+૭-૧૩૩૬+૧૩૩૭)

**वेअणिअं पि अ दुविहं, सायमसायं च आहिअं ।**
**सायस्स बहू भेआ, एमेवासायस्सवि ॥ ७ ॥**

वेदनीयमपि च द्विविधं, सातमसातं चाख्यातम् ।
सातस्य बहवो भेदा, एवमसातस्यापि ॥ ७ ॥

**અર્થ** – વેદનીયકર્મ પણ બે પ્રકારનું છે. (૧) સાત, (શરીર-મન સંબંધી સુખ) અહીં ઉપચારથી સાતના નિમિત્તભૂત કર્મ પણ 'સાતવેદનીય' કહેલ છે. (૨) અસાત, (શરીર-મન સંબંધી દુઃખ) તેના નિમિત્તભૂત કર્મ 'અસાત-વેદનીય' કહેલ છે. તે સાતાના હેતુભૂત અનુકંપા આદિ અનેક ભેદો હોઈ તેના ઘણા ભેદો છે. તે મુજબ વિપરીત અશાતાના પણ સમજવા. (૭-૧૩૩૮)

**मोहणिज्जंपि दुविहं, दंसणे चरणे तहा ।**
**दंसणे तिविहं वुत्तं, चरणे दुविहं भवे ॥ ८ ॥**

**सम्मत्तं चेव मिच्छत्तं, सम्मामिच्छत्तमेव य ।**
**एआओ तिण्णि पयडीओ, मोहणिज्जस्स दंसणे ॥ ९ ॥**

**चरित्त मोहणं कम्मं, दुविहं तु विआहिअं ।**
**कसाय वेअणिज्जं तु, नोकसायं तहेव य ॥ १० ॥**

**सोलसविहं भेएणं, कम्मं तु कसायजं ।**
**सत्तविह नवविहं वा, कम्मं नोकसायजं ॥ ११ ॥ चतुर्भिःकलापकम् ॥**

मोहनीयमपि द्विविधं दर्शने चरणे तथा ।
दर्शने त्रिविधमुक्तं, चरणे द्विविधं भवेत् ॥ ८ ॥

सम्यक्त्वं चैव मिथ्यात्वं, सम्यग्मिथ्यात्वमेव च ।
एतास्तिस्त्रः प्रकृतयो, मोहनीयस्य दर्शने ॥ ९ ॥

चारित्रमोहनं कर्म, द्विविधं तु व्याख्यातम् ।
कषायवेदनीयं तु, नोकषायं तथैव च ॥ १० ॥

षोडशविधं भेदेन, कर्म तु कषायजम् ।
सप्तविधं नवविधं वा, कर्म नोकषायजम् ॥ ११ ॥ चतुर्भिःकलापकम् ॥

**અર્થ** – વેદનીયની માફક મોહનીયકર્મ, તત્ત્વરૂચિ રૂપ દર્શનમોહનીય અને ચારિત્રવિષયક ચારિત્રમોહનીય-એમ બે પ્રકારનું છે.

(૧) દર્શનમોહનીયના ત્રણ પ્રકારો છે. તે આ પ્રમાણે (अ) 'મદનકોદ્રવ'ના ન્યાયથી શોધેલ મિથ્યાત્વ પુદ્‌ગલના શુદ્ધ પુંજ રૂપ શુદ્ધ દલિક રૂપ સમ્યક્ત્વ, જેના ઉદયમાં પણ તત્ત્વરૂચિ થાય તે 'સમ્યક્ત્વમોહનીય.'

(आ) અશુદ્ધ દલિક રૂપ મિથ્યાત્વ, કે જેના ઉદયમાં અતત્ત્વોમાં તત્ત્વબુદ્ધિ થાય તે 'મિથ્યાત્વમોહનીય.' (इ) અર્ધશુદ્ધ પુંજ રૂપ શુદ્ધાશુદ્ધ દલિક રૂપ સમ્યગ્મિથ્યાત્વ, કે જેના ઉદયમાં જંતુને તત્ત્વ અને અતત્ત્વ ઉભયમાં સમાન શ્રદ્ધા થાય તે 'મિશ્રમોહનીય' જાણવું. અહીં સમ્યક્ત્વ વગેરે જીવધર્મો છે, પણ તેના હેતુ હોઈ દલિકોમાં પણ સમ્યક્ત્વાદિનો વ્યવહાર કરાય છે.

(૨) ચારિત્રમોહનીયકર્મ કે જેના વડે ચારિત્રફલ વગેરે જાણવા છતાં ચારિત્રને સ્વીકારી શકતો નથી. તેના બે પ્રકાર છે. તે આ પ્રમાણે-(अ) ક્રોધ વગેરે કષાયો ક્રોધાદિ રૂપે જે અનુભવાય તે 'કષાયમોહનીય' અને (૩) કષાય-સહચારી હાસ્ય આદિ રૂપે જે અનુભવાય તે 'નોકષાયમોહનીય' કહેવાય છે.

(૧) અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ-એમ ચાર પ્રકારે.

(૨) અપ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા અને લોભ-એમ ચાર પ્રકારે.

(૩) પ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા અને લોભ-એમ ચાર પ્રકારે.

(૪) સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ-એમ ચાર પ્રકારે.

એમ ભેદથી કષાયજન્ય કષાયમોહનીયકર્મ સોલ પ્રકારે છે અને નોકષાયજન્યમોહનીયકર્મ સાત યા નવ પ્રકારનું છે. (હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સા રૂપ હાસ્યાદિ છ અને વેદ સામાન્ય વિવક્ષાથી એક મળતાં સાત પ્રકારનું અને હાસ્યાદિ છ સાથે ત્રણ વેદ ભેગા ગણતાં નવ પ્રકારનું સમજવું. (૮ થી ૧૧-૧૩૩૯ થી ૧૩૪૨)

**नेरइयतिरिक्खाउं, मणुस्साउं तहेव य ।**
**देवाउअं चउत्थं तु, आउकम्मं चउव्विहं ॥ १२ ॥**

**नैरयिकतिर्यगायुर्मनुष्यायुस्तथैव च ।**
**देवायुश्चतुर्थं तु, आयुः कर्म चतुर्विधम् ॥ १२ ॥**

**અર્થ** – આયુષ્યકર્મ નારક, તિર્યગ્, મનુષ્ય અને દેવાયુ ભેદથી ચાર પ્રકારનું છે. (૧૨-૧૩૪૩)

**नामकम्मं तु दुविहं, सुहं असुहं च आहिअं ।**
**सुहस्स य बहु भेया, एमेव असुहस्सवि ॥ १३ ॥**

**नामकर्म तु द्विविधं, शुभमशुभं चाख्यातम् ।**
**शुभस्य च बहवो भेदा, एवमेवाशुभस्यापि ॥ १३ ॥**

**અર્થ** – નામકર્મ શુભ-અશુભ ભેદથી બે પ્રકારનું છે. શુભ અને અશુભના ઘણા ઘણા ભેદો છે. ત્યાં ઉત્તરભેદોની અપેક્ષાએ અનંત ભેદવાળું છતાં મધ્યમ વિવક્ષાથી શુભના ૩૭ ભેદો છે. (નર-દેવ ગતિ, પંચેન્દ્રિય જાતિ, શરીરપંચક, ત્રણ શરીરનાં અંગોપાંગ, શુભ વર્ણાદિ ચતુષ્ક, પ્રથમ સંહનન, પ્રથમ સંસ્થાન, નર-દેવાનુપૂર્વી, અગુરૂલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ ઉદ્યોત, શુભ વિહાયોગતિ, ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ સુભગ-સુસ્વર-આદેય-યશ, નિર્માણ અને તીર્થ કરનામ. આ શુભ વિપાકવાળી હોઈ શુભ છે.) અશુભ નામના પણ મધ્યમ વિવક્ષાથી ૩૪ ભેદો છે. નરક-તિર્યંચ ગતિ, એકેન્દ્રિયાદિ જાતિચતુષ્ક, પહેલું છોડી બાકીનાં પાંચ સંઘયણો, પહેલું છોડી પાંચ સંસ્થાનો, અશુભ વર્ણાદિ ચતુષ્ક, નરક-તિર્યગાનુપૂર્વી, ઉપઘાત, અશુભ વિહાયોગતિ અને સ્થાવર દશક. આ અશુભ નારકત્વાદિના હેતુ હોઈ અશુભ કહેવાય છે.) (૧૩-૧૩૪૪)

**गोअकम्मं दुविहं, उच्चं नीअं च आहिअं ।**
**उच्चं अट्ठविहं होइ, एवं नीअंपि आहिअं ॥ १४ ॥**

**गोत्रकर्म द्विविधमुच्चं नीचं चाख्यातम् ।**
**उच्चमष्टविधं भवत्येवं नीचमप्याख्यातम् ॥ १४ ॥**

**અર્થ** – ગોત્રકર્મ ઉચ્ચ (ઈક્ષ્વાકુવંશ વગેરેના વ્યવહારના હેતુભૂત) અને નીચ (તેનાથી વિપરીત)-એમ બે પ્રકારનું છે. ત્યાં ઉચ્ચ અને નીચ ગોત્ર આઠ પ્રકારનું કહેલ છે. બંધના હેતુ આઠ હોવાથી આ બન્ને આઠ પ્રકારના છે. ઉચ્ચ ગોત્રના બંધના હેતુઓ જાતિમદ આદિ આઠ મદોનો અભાવ છે. નીચ ગોત્રના બંધના હેતુઓ જાતિમદ આદિ આઠ મદો છે. (૧૪-૧૩૪૫)

**दाणे लाभे अ भोगे अ, उवभोगे वीरिए तहा ।**
**पंचविहमंतरायं, समासेण विआहिअं ॥ १५ ॥**

**दाने लाभे च भोगे चोपभोगे वीर्ये तथा ।**
**पञ्चविधमन्तरायं, समासेन व्याख्यातम् ॥ १५ ॥**

**અર્થ** – આપવા યોગ્યવસ્તુના આપવા રૂપ દાનવિષયક અંતરાય, ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ રૂપ લાભવિષયક અંતરાય, એક વાર ભોગવવા યોગ્ય પુષ્પાદિ રૂપ ભોગવિષયક અંતરાય, વારંવાર ભોગવવા યોગ્ય સ્ત્રી આદિ રૂપ ઉપભોગવિષયક અંતરાય અને પરાક્રમ રૂપ વીર્યવિષયક અંતરાય; એ રીતિએ વિષય ભેદથી પાંચ પ્રકારનું 'અંતરાયકર્મ' કહેલું છે. (૧૫-૧૩૪૬)

**एआओ मूलप्पयडीओ, उत्तराओ अ आहिआ ।**
**पएसग्गं खेत्तकाले अ, भावं चादुत्तरं सुण ॥ १६ ॥**

**एता मूलप्रकृतय, उत्तराश्चाख्याताः ।**
**प्रदेशाग्रं क्षेत्रकालौ च, भावं चातः उत्तरं श्रृणु ॥ १६ ॥**

**अर्थ** – આ મૂલ પ્રકૃતિઓ અને ઉત્તર પ્રકૃતિઓ કહેલ છે. હવે મારા વડે કહેવાતા કર્મના પરમાણુ-પરિમાણને, ક્ષેત્ર-કાલને અને ચતુઃસ્થાનિકાદિ રસ રૂપ અનુભાગ રૂપ ભાવને સાંભળો ! (૧૬-૧૩૪૭)

**सव्वेसिं चेव कम्माणं, पएसग्गमणंतगं ।**
**गंठिअसत्ताईअं, अंतो सिद्धाण आहिअं ॥ १७ ॥**

**सर्वेषां चैव कर्मणां, प्रदेशाग्रमनन्तकम् ।**
**ग्रन्थिकसत्त्वातीतमन्तर्सिद्धानामाख्यातम् ॥ १७ ॥**

**अर्थ** – સર્વ કર્મોના પરમાણુઓનું પરિમાણ પણ અનંત જ છે. તે અનંત પરમાણુઓ, ગ્રંથિક સત્ત્વ એટલે અભવ્યોથી અનંતગુણા અને સિદ્ધોની સંખ્યાના અનંતમા ભાગના કર્મના પરમાણુઓ સમજવા. અર્થાત્ અભવ્યોથી અનંતગુણા, પરંતુ સિદ્ધોની સંખ્યાના અનંતમા ભાગના કર્મવર્ગણાના સ્કંધો પ્રતિ સમય જીવ ગ્રહણ કરે છે. અહીં એક જીવની એક સમયગ્રાહ્ય કર્મ પરમાણુઓની અપેક્ષાએ સમજવું. નહિતર સર્વજીવો કરતાં પણ સર્વ કર્મપરમાણુઓની અનંતાનંત ગુણતા છે, તો આ કેવી રીતે ઘટે? (૧૭-૧૩૪૮)

**सव्वजीवाण कम्मं तु, संगहे छद्दिसागयं ।**
**सव्वेसुवि पएसेसु, सव्वं सव्वेण बद्धगं ॥ १८ ॥**

**सर्वजीवानां कर्म तु, संग्रहे षड्दिशागतम् ।**
**सर्वैरपि प्रदेशैः, सर्वं सर्वेण बद्धकम् ॥ १८ ॥**

**अर्थ** – સર્વ જીવો છ દિશાઓમાં રહેલ કર્મનું ગ્રહણ કરે છે. આ વસ્તુ એકેન્દ્રિય વિના સર્વ જીવોની અપેક્ષાએ નિયમા સમજવું. (એકેન્દ્રિયો ત્રણ, ચાર, પાંચ, યાવત્ છ દિશામાં રહેલ કર્મનું ગ્રહણ કરે છે એ વિશેષ છે.) આ ગ્રહણ કરાયેલું કર્મ, આત્મ સંબંધી સર્વ પ્રદેશોની સાથે, જ્ઞાનાવરણાદિ સર્વ કર્મ, પ્રકૃતિ-સ્થિતિ આદિ સર્વ પ્રકારે અને દૂધની સાથે પાણીની માફક આત્મપ્રદેશોની સાથે એકતાને પામેલું-શ્લિષ્ટ થયેલું, તે જ કર્મબદ્ધ જ કહેવાય છે. (૧૮-૧૩૪૯)

उदहिसरिसनामाणं, तीसई कोडिकोडिओ ।
उक्कोसिआ ठिई होई, अंतोमुहुत्तं जहण्णिआ ॥ १९ ॥

आवरणिज्जाए दुण्हंपि, वेअणिज्जे तहेव य ।
अंतराए अ कम्मंमि, ठिई एसा विआहिआ ॥ २० ॥

उदहिसरिसनामाणं, सत्तरिकोडिकोडिओ ।
मोहणिज्जस्स उक्कोसा, अंतोमुहुत्तं जहण्णिा ॥ २१ ॥

तेत्तीस सागरोवम, उक्कोसेण विआहिआ ।
ठिई उ आउकम्मस्स, अंतोमुहुत्तं जहण्णिआ ॥ २२ ॥

उदहिसरिसनामाणं, वीसई कोडिकोडिओ ।
नामगोत्ताण उक्कोसा, अट्ठमुहुत्ता जहण्णिआ ॥ २३ ॥

सिद्धाणऽणंतभागो अ, अणुभागा भवंति उ ।
सव्वेसुवि पएसग्गं, सव्वज्जीवेसऽइच्छिअं ॥ २४ ॥ षड्भि :कुलकम् ॥

उदधिसदृशनामानि त्रिंशत्कोटाकोट्यः ।
उत्कृष्टा भवति स्थितिरन्तर्मुहूर्त्तं जघन्यका ॥ १९ ॥

आवरणयोर्द्वयोरपि, वेदनीये तथैव च ।
अन्तराये च कर्मणि, स्थितिरेषा व्याख्याता ॥ २० ॥

उदधिसदृशनामानि, सप्ततिकोटाकोट्यः ।
मोहनीयस्योत्कृष्टाऽन्तर्मुहूर्तं जघन्यका ॥ २१ ॥

त्रयस्त्रिंशत्सागरोपमान्युत्कर्षेण व्याख्याता ।
स्थितिस्त्वायुः कर्मणोऽन्तर्मुहूर्तं जघन्यका ॥ २२ ॥

उदधिसदृशनामानि, विंशतिकोटाकोट्यः ।
नामगोत्रयोरुत्कृष्टा, अष्टमुहूर्त्ताः जघन्यका ॥ २३ ॥

सिद्धानामनन्तभागेऽनुभागा भवन्ति तु ।
सर्वेष्वपि प्रदेशाग्रं, सर्वजीवेभ्योऽतिक्रान्तम् ॥ २४ ॥ षड्भिःकुलकम् ॥

અર્થ – જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોડાકોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્ત્તની છે. જો કે અહીં વેદનીયની સ્થિતિ અંતર્મુહૂર્ત્તની કહી, પરન્તુ બીજે ઠેકાણે બાર મુહૂર્ત્તની સકષાયી જીવની સ્થિતિ કહે છે. વળી અકષાયી જીવની અપેક્ષાએ સાતાવેદનીયની સ્થિતિ બે સમયની કહેલ છે. અહીં જે

તત્ત્વ છે, તે તત્ત્વવિદો જાણે છે. મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીત્તેર કોડાકોડી સાગરોપમની અને જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્ત્તની છે. આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની અને જઘન્ય સ્થિતિ એક અંતર્મુહૂર્ત્તની છે. નામકર્મની અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોડાકોડી સાગરોપમની અને જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત્તની છે. વળી રસવિશેષ રૂપ અનુભાગો સિદ્ધોના અનંતમા ભાગે હોય છે. આ અનંતમો ભાગ અનંત સંખ્યાવાળો જ જાણવો. તેમજ સર્વરસવિશેષ રૂપ અનુભાગોમાં પણ પ્રદેશોનું (કર્મસ્કંધની સાથે અવિભક્ત પરમાણુઓનું) પરિમાણ સર્વ જીવો કરતાં અનંતગુણું છે-એમ સમજવું. (૧૯ થી ૨૪-૧૩૫૦ થી ૧૩૫૫)

**तम्हा एएसि कम्माणं, अणुभागे विआणिआ ।**
**एएसिं संवरे चेव, खवणे अ जए बुहेत्ति बेमि ॥ २५ ॥**

**तस्मादेतेषां कर्मणामनुभागान्विज्ञाय ।**
**एतेषां सम्वरे चैव, क्षपणे च यतेत बुधः इति ब्रवीमि ॥ २५ ॥**

**અર્થ –** જેથી આ પ્રકારના પ્રકૃતિબંધ વગેરે છે, તેથી આ કર્મોના અનુભાગોને પ્રકૃતિબંધ વગેરેને વિશેષથી કટુ વિપાક રૂપે અને ભવહેતુ રૂપે જાણીને, નહિ ગ્રહણ કરેલા આ કર્મોના નિરોધ રૂપ સંવરમાં અને પૂર્વે ગ્રહણ કરેલા કર્મની નિર્જરા-ક્ષયમાં બુદ્ધિમાને પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રમાણે હે જંબુ ! હું કહું છું. (૨૫-૧૩૫૬)

## તેત્રીશમું શ્રી કર્મપ્રકૃતિ-અધ્યયન સંપૂર્ણ.

# શ્રી લેશ્યા-અધ્યયન-૩૪

**लेसज्झयणं पवक्खामि, आणुपुव्वि जहक्कमं ।**
**छण्हंपि कम्मलेसाणं, अणुभावे सुणेह मे ॥ १ ॥**

**लेश्याध्ययनं प्रवक्ष्याम्यानुपूर्व्या यथाक्रमम् ।**
**षण्णामपि कर्मलेश्यानामनुभावान् श्रृणुत मे ॥ १ ॥**

**અર્થ** – લેશ્યાવાચક અધ્યયન રૂપ લેશ્યા અધ્યયનને પૂર્વાનુપૂર્વી ક્રમથી હું કહીશ. કર્મસ્થિતિ વિધાયક તે તે વિશિષ્ટ પુદ્‌ગલ રૂપ અને છ કર્મ લેશ્યાઓના રસવિશેષ રૂપ અનુભાવોને કહેનાર એવા મારી પાસેથી સાંભળો ! (૧-૧૩૫૭)

**णामाइं वण्णरसगंधफासपरिणामलक्खणं ठाणं ।**
**ठिइं गइं च आउं लेसाणं तु सुणेह मे ॥ २ ॥**

**नामानि वर्णरसगन्धस्पर्शपरिणामलक्षणं स्थानम् ।**
**स्थितिं गतिं चायुर्लेश्यानां तु श्रृणुत मे ॥ २ ॥**

**અર્થ** – (૧) લેશ્યાનાં નામો, (૨) વર્ણ-રસ-ગંધ-સ્પર્શ પરિણામ (જઘન્યાદિ), (૩) લક્ષણ (પાંચ આશ્રવોના સેવન વગેરે), (૪) ઉત્કર્ષાપકર્ષ રૂપ સ્થાન, (૫) અવસ્થાન કાલ રૂપ સ્થિતિ, અને (૬) જેનાથી જે પ્રાપ્ત થાય છે તે નરકાદિ ગતિ. આયુષ્ય-જીવિત, જેટલું બાકી રહેવાથી આગામી ભવ લેશ્યા પરિણામ, તે અહીં લેવાનું છે. આમ લેશ્યાનાં છ દ્વારોને કહેનાર મારી પાસેથી સાંભળો ! (૨-૧૩૫૮)

**किण्हा नीला य काऊ य, तेऊ पम्हा तहेव य ।**
**सुक्कलेसा य छट्ठा उ, नामाइं तु जहक्कमं ॥ ३ ॥**

**जीमूतनिद्धसंकासा, गवलरिट्ठगसन्निभा ।**
**खंजणनयणनिभा, किण्हलेसा उ वण्णओ ॥ ४ ॥**

**नीलासोगसंकासा, चासपिच्छसमप्पभा ।**
**वेरुलियनिद्धसंकासा, नीललेसा उ वण्णओ ॥ ५ ॥**

अयसीपुप्फसंकासा, कोइलच्छदसन्निभा ।
पारेवयगीवनिभा, काउलेसा उ वण्णओ ॥ ६ ॥

हिंगुलधाउसंकासा, तरुणाइच्चसन्निभा ।
सुअतुंडपईवनिभा, तेउलेसा उ वण्णओ ॥ ७ ॥

हरियालभेयसंकासा, हलिद्दाभेयसन्निभा ।
सणासणकुसुमनिभा, पम्हलेसा उ वण्णओ ॥ ८ ॥

संखंककुंदसंकासा, खीरधारासमप्पभा ।
रययहारसंकासा, सुक्कलेसा उ वण्णओ ॥ ९ ॥ सप्तभिः कुलकम् ॥

कृष्णा नीला च कपोता च, तेजः पद्मा तथैव च ।
शुक्ललेश्या च षष्ठी तु, नामानि तु यथाक्रमम् ॥ ३ ॥

स्निग्धजीमूतसंकाशा, गवलरिष्टकसन्निभा ।
खञ्जनाञ्जननयननिभा, कृष्णलेश्या तु वर्णतः ॥ ४ ॥

नीलाशोकसंकाशा, चासपिच्छसमप्रभा ।
वैडूर्यस्निग्धसंकाशा, नीललेश्या तु वर्णतः ॥ ५ ॥

अतसीपुष्पसंकाशा, कोकिलच्छदसन्निभा ।
पारापतग्रीवानिभा, कापोतलेश्या तु वर्णतः ॥ ६ ॥

हिङ्गुलुकधातुसंकाशा, तरुणादित्यसन्निभा ।
शुकतुण्डप्रदीपनिभा, तेजोलेश्या तु वर्णतः ॥ ७ ॥

हरितालभेदसंकाशा, हरिद्राभेदसन्निभा ।
सणासनकुसुमनिभा, पद्मलेश्या तु वर्णतः ॥ ८ ॥

शंखाङ्ककुन्दसंकाशा, क्षीरधारासमप्रभा ।
रजतहारसंकाशा, शुक्ललेश्या तु वर्णतः ॥ ९ ॥ सप्तभिः कुलकम् ॥

**અર્થ** – **૧-નામદ્વાર**=કૃષ્ણલેશ્યા-૧, નીલલેશ્યા-૨, કાપોતલેશ્યા-૩, તેજોલેશ્યા-૪, પદ્મલેશ્યા-૫ અને શુક્લલેશ્યા-૬.

**૨-વર્ણદ્વાર**=નવીન મેઘ, પાડાનું શીંગડું, કાગડો કે ફલવિશેષ રૂપ રિષ્ટક, ખંજન (ગાડાની મરી), કાજળ, આંખની કીકી વગેરે શ્યામ વસ્તુઓ જેવા વર્ણની અપેક્ષાએ કૃષ્ણ-પરમ 'કૃષ્ણલેશ્યા' છે-૧. નીલ અશોક, ચાસના પીંછાં અને સ્નિગ્ધ વૈડૂર્યની સરખી નીલ-અતિ નીલ રંગવાળી 'નીલલેશ્યા' છે.-૨, અળશીના ફૂલ, તૈલકંટક, કોયલની ચામડી કબુતરની ગરદનની માફક થોડો કાળો અને થોડો લાલ

અર્થાત્ રાતો અને કાળો એમ મિશ્રિત વર્ણવાળી 'કાપોતલેશ્યા' છે.-૩. હિંગલોક, ગેરૂ વગેરે ધાતુ, તરૂણ-ઉગતો સૂર્ય, પોપટનું મુખ, દીવાના સરખા લાલ રંગવાળી 'તેજોલેશ્યા' છે.-૪ હરતાલનો કકડો, હળદર, બપોરિયા યા બીયકનું ફૂલ અને ધાન્યવિશેષ રૂપ સણના ફૂલના સરખા પીત વર્ણવાળી 'પદ્મલેશ્યા' છે.-૫. શંખ, કુંદપુષ્પ, મણિવિશેષ રૂપ અંક, ક્ષીર-દૂધની ધારા અને ચાંદીના હાર સરખી શ્વેત રંગવાળી 'શુક્લલેશ્યા' છે.-૬. (૩ થી ૯-૧૩૫૯ થી ૧૩૬૫)

**जह कडुअतुंबगरसो, निंबरसो कडुअरोहिणिरसो वा ।**
**एत्तोवि अणंतगुणो, रसो उ किण्हाइ णायव्वो ॥ १० ॥**

**जह तिकडुअस्स य रसो, तिक्खो जह हत्थिपिप्पलीए वा ।**
**एत्तोवि अणंतगुणो, रसो उ नीलाइ णायव्वो ॥ ११ ॥**

**जह तरुणअंबगरसो, तुवरकविट्ठस्स वावि जारिसओ ।**
**एत्तोवि अणंतगुणो, रसो उ काऊइ णायव्वो ॥ १२ ॥**

**जह परिणयंबगरसो, पक्ककविट्ठस्स वावि जारिसओ ।**
**एत्तोवि अणंतगुणो, रसो उ तेऊइ णायव्वो ॥ १३ ॥**

**वरवारुणीइ व रसो विविहाण व आसवाण जारिसओ ।**
**महुमेरगस्स व रसो, एत्तो पम्हाए परएणं ॥ १४ ॥**

**खज्जूरमुद्दियरसो, खीररसो खंडसक्कररसो वा ।**
**एत्तोवि अणंतगुणो, रसो उ सुक्काइ णयव्वो ॥ १५ ॥ षड्भिःकुलकम् ॥**

यथा कटुकतुम्बकरसो निम्बरसः कटुकरोहिणीरसो वा ।
इतोप्यनन्तगुणो, रसस्तु कृष्णाया ज्ञातव्यः ॥ १० ॥

यथा त्रिकटुकस्य च रसस्तिक्तः यथा हस्तिपिप्पल्या वा ।
इतोप्यनन्तगुणो, रसस्तु नीलाया ज्ञातव्यः ॥ ११ ॥

यथा तरुणाम्रकरसः, तुवरकपित्थस्य वापि यादृशः ।
इतोप्यनन्तगुणो, रसस्तु कापोताया ज्ञातव्यः ॥ १२ ॥

यथा परिणताम्रकरसः, पक्वकपित्थस्य वापि यादृशः ।
इतोप्यनन्तगुणो रसस्तु तैजस्या ज्ञातव्यः ॥ १३ ॥

वरवारुण्या वा रसः, विविधानां वाऽऽसवानां यादृशः ।
मधुमैरेयस्य वा रसः, अतः पद्मायाः परकेण ॥ १४ ॥

**खर्जुरमृद्वीका रसः, क्षीररसः खण्डशर्करारसो वा ।**
**इतोप्यनन्तगुणो, रसस्तु शुक्लाया ज्ञातव्यः ॥ १५ ॥ षट्भिःकुलकम् ॥**

**અર્થ –** હવે રસને કહે છે. જેમ કડવા તુંબડાનો રસ, લીંબડાનો રસ અને કડવી રોહિણીનો રસ છે, તેના કરતાં અનંત સંખ્યાવાળી રાશિથી ગુણેલો અર્થાત્ અનંતગુણો કડવો રસ 'કૃષ્ણલેશ્યા'નો છે.-૧. જેમ સુંઠ-પીંપળ-મરી રૂપ ત્રિકટુકનો રસ અથવા હસ્તિપીપળનો રસ તીખો છે, તેના કરતાં અનંતગુણો તીખો રસ 'નીલલેશ્યા'નો જાણવો.-૨. જેમ કાચી કેરીનો રસ તૂરા કાંઠાનો રસ છે, તેના કરતાં અનંતગુણો તૂરો રસ 'કાપોત લેશ્યા'નો જાણવો. ૩. જેમ પાકી કેરીનો રસ પાકા કાંઠાનો રસ છે તેવો થોડો ખાટો અને મીઠો રસ છે, તેના કરતાં અનંતગુણો થોડો ખાટો-મીઠો રસ 'તેજોલેશ્યા'નો જાણવો.-૪. જેવો પ્રધાન મદિરાનો રસ અથવા વિવિધ પુષ્પોથી ઉત્પન્ન થયેલ મદ્યના જેવો મહુડાનો દારૂ, મીરા નામના દેશની મદિરા અને શેરડી વગેરેથી બનાવેલા દારૂનો રસ છે, તેના કરતાં અનંતગુણો ઉત્કૃષ્ટ મધુર રસ 'પદ્મલેશ્યા'નો છે.-૫. જેવો ખજૂરનો, દ્રાક્ષનો, ખીરનો અથવા ખાંડ-સાકરનો રસ છે, તેના કરતાં પણ અનંતગુણો મધુર રસ 'શુક્લલેશ્યા'નો જાણવો.-૬. (૧૦ થી૧૫-૧૩૬૬ થી ૧૩૭૧)

**जह गोमडस्स गंधो, सुणगमडस्स व जहा अहिमडस्स ।**
**एत्तोवि अणंतगुणो, लेसाणं अप्पसत्थाणं ॥ १६ ॥**

**जह सुरहिकुसुमगंधो, गंधवासाण पिस्समाणाणं ।**
**एत्तोवि अणंतगुणो, पसत्थलेसाण तिण्हंपि ॥ १७ ॥ युग्मम् ॥**

**यथागोमृतकस्य गन्धः, श्वमृतकस्य वा यथाऽहिमृतकस्य ।**
**इतोऽप्यनन्तगुणो, लेश्यानामप्रशस्तानाम् ॥ १६ ॥**

**यथा सुरभिकुसुमगन्धो, गन्धवासानां पिष्यमाणानाम् ।**
**इतोप्यऽनन्तगुणः प्रशस्तलेश्यानां तिसृणामपि ॥ १७ ॥ युग्मम् ॥**

**અર્થ –** હવે ગંધ જણાવે છે. જેમ ગાયના, કુતરાના અથવા સાપના મૃતકની ગંધ છે, તેના કરતાં અનંતગુણી દુર્ગંધ કૃષ્ણાદિ ત્રણ અપ્રશસ્ત લેશ્યાની તરતમ ભાવથી જાણવી. જેમ સુગંધીદાર પુષ્પોની ગંધ, કોષ્ટ પુટપાકથી બનેલ સુગંધી ચૂર્ણો, અબીલ, કુંકુમ, કેશર, ચૂર્ણ વગેરે પટવાસાદિ સુગંધી ચૂર્ણની ગંધ છે, તેના કરતાં અનંતગુણી સુગંધ તેજોલેશ્યાદિ ત્રણ પ્રશસ્ત લેશ્યાની તરતમ ભાવથી સમજવી. (૧૬+૧૭-૧૩૭૨+૧૩૭૩)

**जह करगयस्स फासो, गोजिब्भाइ व सागपत्ताणं ।**
**एत्तोवि अणंतगुणो, लेसाणं अप्पसत्थाणं ॥ १८ ॥**
**जह बूरस्स व फासो, नवणीअस्स व सिरीसकुसुमाणं ।**
**एत्तोवि अणंतगुणो, पसत्थ लेसाण तिण्हंपि ॥ १९ ॥ युग्मम् ॥**

यथा क्रकचस्य स्पर्शो, गोजिह्वायाः च शाकपत्राणाम् ।
इत्तोऽप्यऽनन्तगुणो, लेश्यानामप्रशस्तानाम् ॥ १८ ॥
यथा बूरस्य वा स्पर्शो, नवनीतस्य वा शिरीषकुसुमानाम् ।
इतोप्यनन्तगुणः प्रशस्तलेश्यानां तिसृणामपि ॥ १९ ॥ युग्मम् ॥

**અર્થ –** હવે સ્પર્શ કહે છે. જેમ કરવતનો, ગાયની જીભનો અને વૃક્ષવિશેષ શાકના પાંદડાનો સ્પર્શ છે, તેના કરતાં અનંતગુણો કર્કશ સ્પર્શ ક્રમસર અપ્રશસ્ત કૃષ્ણાદિ લેશ્યાનો સમજવો. જેમ બરૂનો, માખણનો, શિરીષ ફૂલોનો કોમલ સ્પર્શ છે, તેના કરતાં અનંતગુણો કોમલ સ્પર્શ ક્રમસર પ્રશસ્ત તેજો વગેરે લેશ્યાનો સમજવો. (૧૮+૧૯-૧૩૭૪+૧૩૭૫)

**दिविहो व नवविहो वा, सत्ताविसइविहिक्क सीओ वा ।**
**दुसओ तेआलो वा, लेसाणं होइ परिणामो ॥ २० ॥**

त्रिविधो वा नवविधो वा, सप्तविंशतिविध एकाशीतिविधो वा ।
त्रिचत्वारिंशदधिकद्विशतविधो वा, लेश्यानां भवति परिणामः ॥ २० ॥

**અર્થ –** (૩) **પરિણામદ્વાર**=આ લેશ્યાઓનો પરિણામ (તે તે કૃષ્ણાદિ રૂપે જવું-પરિણમવું તે.) ત્રણ પ્રકારનો, નવ પ્રકારનો, સત્તાવીશ પ્રકારનો, એક્યાશી પ્રકારનો અને બસો તેંતાલીશ પ્રકારનો-એમ ત્રણ ત્રણ ગુણો છે. (૧) જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદથી પરિણામ ત્રણ પ્રકારનો છે. (૨) આ બધા પરિણામોના પ્રત્યેકના પોતાના સ્થાનની તરતમતા આશ્રીને જઘન્યાદિ ત્રણથી ગુણતાં નવ પ્રકારનો છે. (૩) આ પ્રમાણે ફરી ફરી ત્રણથી ગુણતાં ૨૭-૮૧-૨૪૩ ભેદો સમજવા. આ મુજબ તારતમ્યની વિચારણામાં સંખ્યાનો નિયમ નથી. (૨૦-૧૩૭૬)

**पंचासवप्पवत्तो तीहिं अगुत्तो छसु अविरओ अ ।**
**तिव्वारंभपरिणओ, खुद्दो साहस्सिओ नरो ॥ २१ ॥**

**निद्धंसपरिणामो, निस्संसो अजिइंदिओ ।**
**एअजोगसमाउत्तो, किण्ह लेसं तु परिणमे ॥ २२ ॥ युग्मम् ॥**

**पञ्चाश्रवप्रवृत्तः, त्रिभिरगुप्तः षट्ष्वविरतश्च ।**
**तीव्रारम्भपरिणतः, क्षुद्रः साहसिको नरः ॥ २१ ॥**
**निर्ध्वंसपरिणामो, निस्त्रिंशोऽजितेन्द्रियः ।**
**एतद्योगसमायुक्तः, कृष्णलेश्यां तु परिणमेत् ॥ २२ ॥ युग्मम् ॥**

**અર્થ –** (૪) 'લક્ષણદ્વાર'=હિંસાદી પાંચ આશ્રવોમાં પ્રવૃત્તિવાળો, મન-વચન-કાયા દ્વારા અગુપ્ત, છ જીવનિકાયોમાં અવિરતિવાળો, કેમ કે-તે જીવોની હિંસા કરે છે. સ્વરૂપથી અને અધ્યવસાયથી ઉત્કટ, સાવદ્ય વ્યાપારોમાં આસક્ત, સર્વના પણ અહિતૈષી, વિચાર્યા વગર પ્રવૃત્તિ કરનારો, ચોરી વગેરે દુષ્કર્મકારી, નર-સ્ત્રી આદિ, આલોક-પરલોકના અનિષ્ટની શંકા વગરના પરિણામવાળો, જીવોની હિંસા કરતાં જરા પણ ડર નહિ રાખનારો અને અજિતેન્દ્રિય; આ પૂર્વોક્ત વ્યાપારોથી યુક્ત 'કૃષ્ણલેશ્યા'માં પરિણમે છે. અર્થાત્ તથાવિધ દ્રવ્યોના સંબંધથી સ્ફટિકની માફક તદ્રૂપપણાને-કૃષ્ણલેશ્યાને પામે છે. (૨૧+૨૨-૧૩૭૭+૧૩૭૮)

**इस्सा-अमरिस-अतवो, अविज्ज माया अहीरिया ।**
**गेही पओसे य सढे, पमत्ते रसलोलुए ॥ २३ ॥**
**सायगवेसए अ आरंभाविरओ खुद्दो साहस्सिओ नरो ।**
**एअजोगसमाउत्तो, नीललेसं तु परिणमे ॥ २४ ॥ युग्मम् ॥**

**ईर्षाऽमर्षाऽतपश्चाऽविद्या मायाऽह्रीकता ।**
**गृद्धिः प्रद्वेषश्च शठो, प्रमत्तो रसलोलुपः ॥ २३ ॥**
**सातगवेषकश्चारम्भादविरतः क्षुद्रः साहसिको नरः ।**
**एतद्योगसमायुक्तः, नीललेश्यां तु परिणमेत् ॥ २४ ॥ युग्मम् ॥**

**અર્થ –** પારકા ગુણોને નહિ સહવા રૂપ ઈર્ષ્યા, રોષથી અત્યંત આગ્રહ રૂપ અમર્ષ, તપનો અભાવ, કુશાસ્ત્ર રૂપ અવિદ્યા, માયા, લજ્જાનો અભાવ, વિષયલંપટપણું , પ્રદ્વેષ આદિ અવગુણવાળો, ધીઠો, પ્રકર્ષથી જાતિમદ આદિના આચરણથી મત્ત બનેલો, રસોમાં લંપટ, 'મને સુખ કેમ થાય ?'-આવી બુદ્ધિવાળો, જીવહિંસા રૂપ આરંભથી નહિ અટકેલો, ક્ષુદ્રતાવાળો,

સાહસિક નર-સ્ત્રી વગેરે; આ પૂર્વોક્ત વ્યાપારોથી યુક્ત 'નીલલેશ્યા'માં પરિણમે છે-નીલરૂપપણાને પામે છે. (૨૩+૨૪-૧૩૭૯+૧૩૮૦)

**वंके वंकसमायारे, निअडिल्ले अणुज्जुए ।**
**पलिउंचग ओवहिए, मिच्छदिट्ठी अणारिए ॥ २५ ॥**
**उप्फासगदुट्ठवाई अ, तेणे आवि अ मच्छरी ।**
**एयजोग समाउत्तो, काऊलेसं तु परिणमे ॥ २६ ॥ युग्मम् ॥**

**वक्रो वक्रसमाचारो, निकृतिमाननृजुकः ।**
**प्रतिकुञ्चक औपधिकः, मिथ्यादृष्टिरनार्यः ॥ २५ ॥**
**उत्प्रासकदुष्टवादी च, स्तेनश्चापि च मत्सरी ।**
**एतद्योगसमायुक्तः, कापोतलेश्यां तु परिणमेत् ॥ २६ ॥ युग्मम् ॥**

**अर्थ –** વાણીમાં વાંકો, વાંકા આચારવાળો, મનમાં માયાવાળો, સરલતા વગરનો, પોતાના દોષોને ઢાંકનાર, કપટથી બધો વ્યવહાર કરનારો, મિથ્યાદષ્ટિ, અનાર્ય, બીજો ક્રોધ કરે કે હસે એવું દુષ્ટ બોલનારો, ચોર અને પારકી સંપદાને નહિ સહન કરનારો; આ પૂર્વોક્ત ક્રિયાઓથી યુક્ત 'કાપોતલેશ્યા' રૂપ પરિણામવાળો થાય છે-કાપોત રંગે રંગાય છે. (૨૫+૨૬-૧૩૮૧+૧૩૮૨)

**नीआवित्ती अचवले, अमाई अकुतूहले ।**
**विणीयविणए दंते, जोगवं उवहाणवं ॥ २७ ॥**
**पियधम्मे दढधम्मे, वज्जभीरू हिएसए ।**
**एय जोगसमाउत्तो, तेउलेसं तु परिणमे ॥ २८ ॥ युग्मम् ॥**

**नीचैर्वृत्तिरचपलोऽमाय्यकुतूहलः ।**
**विनीतविनयो दान्तो, योगवानुपधानवान् ॥ २७ ॥**
**प्रियधर्मा दृढधर्माऽवद्यभीरुः हितैषकः ।**
**एतद्योगसमायुक्तः, तेजोलेश्यां तु परिणमेत् ॥ २८ ॥ युग्मम् ॥**

**अर्थ –** નમ્રતાવાળો-વિનયી, ચપલતા વગરનો, માયા વગરનો, કુતૂહલ વગરનો, ગુરૂ વગેરે તરફ ઉચિત્ત પ્રવૃત્તિનો સારો અભ્યાસી, દમનવાળો, સ્વાધ્યાય વગેરે વ્યાપારવાળો, યોગોપધાનપૂર્વક શાસ્ત્રની આરાધના કરનાર, પ્રિયધર્મા, દઢધર્મી, પાપભીરૂ અને હિતૈષી-મોક્ષગવેષક;

આ ઉપરોક્ત વ્યાપારોથી યુક્ત તેજોલેશ્યાને પરિણમાવે છે-તેજોલેશ્યાના રંગે રંગાય છે. (૨૭+૨૮-૧૩૮૩+૧૩૮૪)

**पयणुक्कोहमाणे अ, माया लोभे अ पयणुए ।**
**पसंतचित्ते दंतप्पा, जोगवं उवहाणवं ॥ २९ ॥**

**तहा पयणुवाई य, उवसंते जिइंदिए ।**
**एयजोगसमाउत्तो, पम्हलेसं तु परिणमे ॥ ३० ॥ युग्मम् ॥**

**प्रतनुक्रोधमानश्च, मायालोभश्च प्रतनुकः ।**
**प्रशान्तचित्तो दान्तात्मा, योगवानुपधानवान् ॥ २९ ॥**

**तथा प्रतनुवादी चोपशान्तो जितेन्द्रियः ।**
**एतद्योगसमायुक्तः, पद्मलेश्यां तु परिणमेत् ॥ ३० ॥ युग्मम् ॥**

**અર્થ –** ક્રોધ-માન-માયા-લોભ વગેરે કષાયો જેના પતળા-નહિ જેવા હોય છે તેવો, ચિત્તની પ્રશાન્તિવાળો, ઇન્દ્રિયદમનવાળો, યોગોપધાનપૂર્વક શાસ્ત્રનો વિનય કરનારો, સ્વલ્પ-મિત ભાષણ કરનારો, સૌમ્ય આકારવાળો. અને જિતેન્દ્રિય; અર્થાત્ આ ઉપરોક્ત યોગયુક્ત પદ્મલેશ્યા રૂપ પરિણામવાળો થાય છે-પદ્મલેશ્યાના રંગે રંગાય છે. (૨૯+૩૦-૧૩૮૫+૧૩૮૬)

**अट्टरुद्दाणि वज्जित्ता, धम्मसुक्काणि झायए ।**
**पसंतचित्ते दंतप्पा, समिए गुत्ते य गुत्तिसु ॥ ३१ ॥**

**सरागे वीयरागे वा, उवसंते जिइंदिए ।**
**एअजोगसमाउत्ते, सुक्कलेसं तु परिणमे ॥ ३२ ॥ युग्मम् ॥**

**आर्त्तरौद्रे वर्जयित्वा, धर्मशुक्ले ध्यायति ।**
**प्रशान्तचित्तो दान्तात्मा, समितिमान्गुप्तश्च गुप्तिभिः ॥ ३१ ॥**

**सरागो वीतरागो वोपशान्तो जितेन्द्रियः ।**
**एतद्योगसमायुक्तः, शुक्ललेश्यां तु परिणमेत् ॥ ३२ ॥ युग्मम् ॥**

**અર્થ –** આર્ત્ત અને રૌદ્રને છોડી ધર્મ અને શુક્લ રૂપ ધ્યાનવાળો, પ્રશાન્ત ચિત્તવાળો, દાન્તાત્મા, પાંચ સમિતિવાળો, ગુપ્તિઓથી અશુભ યોગને રોકનારો, સરાગ સંયમવાળો, ઉપશાન્ત વીતરાગ અને જિતેન્દ્રિય; અર્થાત્ આ પૂર્વોક્ત યોગસંપન્ન શુક્લલેશ્યામાં પરિણમે છે-શુક્લલેશ્યાના રંગે રંગાય છે. (૩૧+૩૨-૧૩૮૭+૧૩૮૮)

अस्संखेज्जाणोसप्पिणीण, उस्सप्पिणीण जे समया ।
संखाईआ लोगा, लेसाणं हुंति ठाणाइं ॥ ३३ ॥

असंख्येयानामवसर्पिणीनामुत्सर्पिणीनां ये समयाः ।
संख्यातीता लोकाः, लेश्यानां भवति स्थानानि ॥ ३३ ॥

અર્થ – (૫) 'સ્થાનદ્વાર'=અસંખ્યાત અવસર્પિણી તથા ઉત્સર્પિણીઓના જે સમયો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પરિમાણવાળા થાય છે, તેટલા લેશ્યાઓના સ્થાનો એટલે પ્રકર્ષ-અપકર્ષકૃત અશુભોના સંકલેશ રૂપ અને શુભ લેશ્યાઓના વિશુદ્ધિ રૂપ સ્થાનો હોય છે. (૩૩-૧૩૮૯)

मुहुत्तद्धं तु जहन्ना, तेत्तीसं सागरा मुहुत्तहिआ ।
उक्कोसा होइ ठिई, नायव्वा किण्हलेसाए ॥ ३४ ॥

मुहुत्तद्धं तु जहन्ना, दसउदही पलिअमसंखभागमब्भहिआ ।
उक्कोसा होइ ठिई, नायव्वा नीललेसाए ॥ ३५ ॥

मुहुत्तद्धं तु जहन्ना, तिण्णुदही पलिअमसंखभागमब्भहिआ ।
उक्कोसा होई ठिई, नायव्वा काउलेसाए ॥ ३६ ॥

मुहुत्तद्धं तु जहन्ना, दुण्णुदही पलिअमसंखभागमब्भहिआ ।
उक्कोसा होइ ठिई, नायव्वा तेउलेसाए ॥ ३७ ॥

मुहुत्तद्धं तु जहन्ना, दसउदही होइ मुहुत्तमब्भहिआ ।
उक्कोसा होइ ठिई, नायव्वा पम्हलेसाए ॥ ३८ ॥

मुहुत्तद्धं तु जहन्ना, तेत्तीसं सागरा मुहुत्तिहिआ ।
उक्कोसा होइ ठिई, नायव्वा सुक्कलेसाए ॥ ३९ ॥ षड्भिःकुलकम् ॥

मुहूर्त्तार्द्धं तु जघन्या, त्रयस्त्रिंशत्सागरोपमाण्यन्तर्मुहूर्त्ताधिकानि ।
उत्कृष्टा भवति स्थितिः, ज्ञातव्या कृष्णलेश्यायाः ॥ ३४ ॥

मुहू०, दशोदधयः पल्योपमाऽसङ्ख्येयभागाभ्यधिका ।
उत्कृ०, ज्ञातव्या नीललेश्यायाः ॥ ३५ ॥

मुहू०, त्रयः उदधयः पल्योपमाऽसङ्ख्येयभागाभ्यधिका ।
उत्कृ०, ज्ञातव्या कापोतलेश्यायाः ॥ ३६ ॥

मुहू०, द्वावुदधि पल्योपमाऽसङ्ख्येयभागाभ्यधिका ।
उत्कृ०, ज्ञातव्या तेजोलेश्यायाः ॥ ३७ ॥

**मुहू०, दशोदधयो भवति मुहूर्त्तमभ्यधिका ।**
**उत्कृ०, ज्ञातव्या पद्मलेश्यायाः ॥ ३८ ॥**

**मुहू०, त्रयस्त्रिंशत्सागरोपमाणि मुहूर्त्ताधिका ।**
**उत्कृ०, ज्ञातव्या शुक्ललेश्यायाः ॥ ३९ ॥ षट्भिःकुलकम् ॥**

**અર્થ – 'સ્થિતિદ્વાર'**=કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. સાતમી નારકીની અપેક્ષાએ ઉત્કૃષ્ટિ સ્થિતિ બે અંતર્મુહૂર્ત્ત અધિક (એક અંતર્મુહૂર્ત પૂર્વના ભવ સંબંધી અને બીજું આગળના ભવ સંબંધી જાણવું.) તેત્રીશ સાગરોપમની સમજવી. તિર્યંચ અને મનુષ્યોમાં સર્વ લેશ્યાઓની જઘન્ય જ અંતર્મુહૂર્ત્તની સ્થિતિ સમજવી. (૧)

પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક દશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ, ધૂમપ્રભાના ઉપરિતન પ્રસ્તટગત નરકના ઉત્કૃષ્ટ આયુષ્યને અનુલક્ષીને અને જઘન્ય અંતર્મુહૂર્ત્તની બીજી 'નીલ લેશ્યા'ની સમજવી. (૨) જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમની વાલુકાપ્રભાના ઉપરિતન પ્રસ્તટગત નારકના ઉત્કૃષ્ટ આયુષ્યને આશ્રીને ત્રીજી 'કાપોતલેશ્યા'ની સમજવી. (૩)

જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક બે સાગરોપમની, ઈશાન દેવલોકવાસી દેવનું ઉત્કૃષ્ટ આયુષ્ય વિચારતાં ચોથી 'તેજાલેશ્યા'ની સમજવી. (૪)

જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ બે અંતર્મુહૂર્ત્ત અધિક દશ સાગરોપમની, બ્રહ્મલોક સ્વર્ગવાસી દેવના ઉત્કૃષ્ટ આયુષ્યને લક્ષ્યમાં રાખતાં પાંચમી 'પદ્મલેશ્યા'ની સમજવી. (૫)

જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ બે અંતર્મુહૂર્ત્ત અધિક તેત્રીશ સાગરોપમની, અનુત્તર વિમાનવાસી દેવના ઉત્કૃષ્ટ આયુષ્યને અવલંબીને છઠ્ઠી 'શુક્લલેશ્યા'ની સમજવી. (૬) (૩૪ થી ૩૯-૧૩૯૦ થી ૧૩૯૫)

**एसा खलु लेसाणं, ओहेण ठिइ उ वण्णिआ होई ।**
**चउसुऽवि गईसु एत्तो, लेसाण ठिइं तु वोच्छामि ॥ ४० ॥**

**एषा खलु लेश्यानामोघेन, स्थितिस्तु वर्णिता भवति ।**
**चतसृष्वपि गतिष्वितो, लेश्यानां स्थितिस्तु वक्ष्यामि ॥ ४० ॥**

**અર્થ** – આ સ્થિતિ લેશ્યાઓની સામાન્ય રીતે વર્ણવાયેલી છે. હવે ચારેય ગતિઓમાં પણ લેશ્યાઓની સ્થિતિને હું કહીશ. (૪૦-૧૩૯૬)

**दसवाससहस्साइं, काऊए ठिई जहन्निआ होई ।**
**तिण्णुदही पलिओवम-असंखभागं च उक्कोसा ॥ ४१ ॥**

**दशवर्षसहस्राणि, कापोतायाः स्थितिर्जघन्यका भवति ।**
**त्रयः उदधयः पल्योपमासङ्ख्येयभागश्चोत्कृष्टा ॥ ४१ ॥**

**અર્થ** – રત્નપ્રભામાં ઉપરિતન પ્રસ્તટવર્તી નારકોને-દશ હજાર વર્ષની સ્થિતિવાળા નારકીઓને 'કાપોતલેશ્યા' દશ હજાર વર્ષની જઘન્ય જાણવી, જ્યારે વાલુકાપ્રભામાં પ્રથમ પ્રસ્તટમાં પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમ સ્થિતિવાળા નારકીઓને 'કાપોતલેશ્યા'ની પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. (૪૧-૧૩૯૭)

**तिण्णुदही पलिओवमसंखभागो उ जहण्ण नीलठिई ।**
**दस उदही पलिओवम-असंखभागं च उक्कोसा ॥ ४२ ॥**

**त्रयः उदधयः पल्योपमासङ्ख्येयभागस्तु जघन्यानीलस्थितिः ।**
**दशोदधयः पल्योपमाऽसङ्ख्येयभागश्चोत्कृष्टा ॥ ४२ ॥**

**અર્થ** – વાલુકાપ્રભામાં નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક ત્રણ સાગરોપમની જાણવી, જ્યારે ધૂમપ્રભામાં પ્રથમ પ્રસ્તટે પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક દશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ 'નીલલેશ્યા'ની જાણવી. (૪૨-૧૩૯૮)

**दस उदही पलिओवमसंखभागं जहन्निआ होई ।**
**तेत्तीससागराइं, उक्कोसा होई किण्हाए ॥ ४३ ॥**

**दशोदधयः पल्योपमासङ्ख्येयभागो जघन्यका भवति ।**
**त्रयस्त्रिंशत्सागरोपमान्युत्कृष्टा भवति कृष्णायाः ॥ ४३ ॥**

**અર્થ** – ધૂમપ્રભામાં પલ્યોપમના અસંખ્યાત ભાગ અધિક દશ સાગરોપમની કૃષ્ણલેશ્યાની જઘન્યની સ્થિતિ જાણવી. તમસ્તમામાં બે અંતર્મુહૂર્ત અધિક તેત્રીશ સાગરોપમની કૃષ્ણલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી. વળી અહીં નારકોની તથા આગળ ઉપર દેવોની આ દ્રવ્યલેશ્યાની સ્થિતિ

જાણવી. ભાવપરાવર્તનની અપેક્ષાએ દેવ-નારકોને છ લેશ્યાઓ છે-એમ સમજવું. (૪૩-૧૩૯૯)

**एसा नेरइआणं, लेसाण ठिई उ वण्णिआ होई ।**
**तेण परं वोच्छामि, तिरिअमणुस्साण देवाणं ॥ ४४ ॥**

**एषा नैरयिकाणां, लेश्यानां स्थितिस्तु वर्णिता भवति ।**
**ततः परं वक्ष्यामि, तिर्यग्मनुष्याणां देवानाम् ॥ ४४ ॥**

**અર્થ –** આ નારકીઓની લેશ્યાઓની સ્થિતિ કહી હવે પછી તિર્યંચોની, મનુષ્યોની અને દેવોની લેશ્યાસ્થિતિને હું કહીશ. (૪૪-૧૪૦૦)

**अंतोमुहुत्तमद्धं, लेसाण ठिई जहिं जहिं जा उ ।**
**तिरिआण नराणं वा, वज्जित्ता केवलं लेसं ॥ ४५ ॥**

**अन्तर्मुहूर्त्ताद्धां, लेश्यानां स्थितिर्यत्र यत्र या तु ।**
**तिरश्चां नराणां वा, वर्जयित्वा केवलं लेश्याम् ॥ ४५ ॥**

**અર્થ –** જયાં જયાં કે જે જે લેશ્યાઓ તિર્યંચો અને મનુષ્યોમાં સંભવિત છે (પૃથ્વી-જલ-વનસ્પતિમાં પહેલી ચાર, અગ્નિ-વાયુ-વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્યાદિમાં પહેલી ત્રણ અને ગર્ભજ તિર્યંચ-મનુષ્યોમાં છ લેશ્યાઓનો સંભવ છે.), તે તમામ લેશ્યાઓની જઘન્ય અથવા ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત્તના કાલમાનવાળી છે. એક કેવલ શુક્લલેશ્યાને છોડીને અર્થાત્ વિશિષ્ટ મનુષ્યની શુક્લલેશ્યામાં અપવાદ છે. (૪૫-૧૪૦૧)

**मुहुत्तद्धं तु जहन्ना, उक्कोसा होइ पुव्वकोडी उ ।**
**नवहिं वरिसेहिं ऊणा, नायव्वा सुक्कलेसाए ॥ ४६ ॥**

**मुहूर्त्ताद्धां तु जघन्योत्कृष्टा भवति पूर्वकोटी तु ।**
**नवभिर्वर्षैरूना ज्ञातव्या शुक्ललेश्यायाः ॥ ४६ ॥**

**અર્થ –** શુક્લલેશ્યાની જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ નવ વર્ષથી ન્યૂન પૂર્વક્રોડ વર્ષની સ્થિતિ છે. અહીં જો કે પૂર્વક્રોડના આયુષ્યવાળો આઠ વર્ષનો થયેલ વ્રતના પરિણામને પામે છે. આટલી ઉંમરવાળાને વર્ષના પર્યાય પહેલાં શુક્લલેશ્યાનો સંભવ નથી, અર્થાત્ એક વર્ષના પર્યાય પછી (કેવલજ્ઞાન સહિત) શુક્લલેશ્યા હોય છે. (૪૬-૧૪૦૨)

**एसा तिरिअनराणां, लेसाण ठिई उ वण्णिआ होइ ।**
**तेण परं वोच्छामि, लेसाण ठिइ उ देवाणं ॥ ४७ ॥**

एषा तिर्यग्नराणां, लेश्यानां स्थितिस्तु वर्णिता भवति ।
ततः परं वक्ष्यामि, लेश्यानां स्थितिस्तु देवानाम् ॥ ४७ ॥

**અર્થ –** આ તિર્યંચોની અને મનુષ્યોની લેશ્યાઓની સ્થિતિ કહી. હવે પછી દેવોની લેશ્યાઓની સ્થિતિને હું કહીશ. (૪૭-૧૪૦૩)

**दसवाससहस्साइं किण्हाइ ठिई जहाण्णिआ होई ।**
**पलिअमसंखिज्जइमो, उक्कोसो होई किण्हाए ॥ ४८ ॥**

**जा किण्हाइ ठिई खलु, उक्कोसा सा उ समयमब्भहिआ ।**
**जहन्नेणं नीलाए, पलिअमसंखेज्ज उक्कोसा ॥ ४९ ॥**

**जा नीलाए ठिई खलु, उक्कोसा सा उ समयमब्भहिआ ।**
**जहन्नेणं काऊण, पलिअमसंखं च उक्कोसा ॥ ५० ॥**

दशवर्षसहस्राणि, कृष्णायाः स्थितिर्जघन्यका भवति ।
पल्योपमासङ्ख्येयतमः, उत्कृष्टो भवति कृष्णायाः ॥ ४८ ॥

या कृष्णायाः स्थितिः खलूत्कृष्टा सा तु समयाभ्यधिका ।
जघन्येन नीलायाः, पल्योपमासङ्ख्येयतमः उत्कृष्टा ॥ ४९ ॥

या नीलायाः स्थितिः खलूत्कृष्टा सा तु समयाभ्यधिका ।
जघन्येन कापोतायाः, पल्योपमासङ्ख्यभागश्चोत्कृष्टा ॥ ५० ॥ त्रिभिर्विशेषकम् ॥

**અર્થ –** દશ હજાર વર્ષની સ્થિતિવાળા ભવનપતિ અને વ્યંતરોની, કૃષ્ણલેશ્યાની દશ હજાર વર્ષની જઘન્ય સ્થિતિ જાણવી. પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ આયુષ્યવાળા ભવનપતિ અને વ્યંતરોની, કૃષ્ણલેશ્યાની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણવાળી ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. જે કૃષ્ણલેશ્યાની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે જ સમય અધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ સ્થિતિ નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ જાણવી. બૃહત્તર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ સ્થિતિ નીલલેશ્યાની ઉત્કૃષ્ટ જાણવી. જે નીલલેશ્યાની બૃહત્તર પલ્યોપમનો અસંખ્યાત ભાગ છે, તે સમય અધિક બૃહત્તર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ રૂપ સ્થિતિ કાપોતલેશ્યાની જઘન્ય જાણવી અને બૃહત્તર પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ સ્થિતિ કાપોતલેશ્યાની ઉત્કૃષ્ટ જાણવી. આ બે નિકાયમાં રહેનારી ત્રણ લેશ્યાની સ્થિતિ જણાવી. હવે સકલ નિકાયમાં રહેલી તેજોલેશ્યાની સ્થિતિ કહે છે. (૪૮ થી ૫૦-૧૪૦૪ થી ૧૪૦૬)

**तेण परं वोच्छामि, तेऊ लेसा जहा सुरगणाणं ।**
**भवणवइवाणमंतर-जोइसवेमाणिआणं च ॥ ५१ ॥**

**पलिओवमं जहन्ना, उक्कोसा सागरा उ दुण्णहिआ ।**
**पलिअमसंखिज्जेणं, होइ भागेण तेऊए ॥ ५२ ॥**

**दसवाससहस्साइं, तेऊइ ठिई जहन्निआ होइ ।**
**दुण्णुदही पलिओवम-असंखभागं च उक्कोसा ॥ ५३ ॥ त्रिभिर्विशेषकम् ॥**

ततः परं प्रवक्ष्यामि, तेजोलेश्यां यथा सुरगणानाम् ।
भवनपतिवानमन्तरज्योतिष्कवैमानिकानां च ॥ ५१ ॥

पल्योपमां जघन्योत्कृष्टा सागरोपमे तु द्वेऽधिके ।
पल्योपमासङ्ख्येयेन, भवति भागेन तैजस्याः ॥ ५२ ॥

दशवर्षसहस्राणि, तैजस्याः स्थितिर्जघन्येनोक्ता ।
द्वावुदधी पल्योपमासङ्ख्येयभागश्चोत्कृष्टा ॥ ५३ ॥ त्रिभिर्विशेषकम् ॥

**અર્થ** – હવે પછી જે પ્રકારે દેવગણોની તેજોલેશ્યા સંભવે છે, તે પ્રકારે ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈજ્ઞાનિકોની તેજોલેશ્યા સ્થિતિ કહે છે, ભવનપતિ અને વ્યંતરોની તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ વ્યંતરોની પલ્યોપમની અને ભવનપતિઓની સાધિક સાગરોપમની છે. જ્યોતિષીઓની તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ લાખ વર્ષથી અધિક પલ્યોપમની, સૌધર્મની અપેક્ષાએ તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમની અને ઈશાનની અપેક્ષાએ બે સાગરોપમની પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ સમજવી. હવે સામાન્યની અપેક્ષાએ દેવ સંબંધી તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી અધિક બે સાગરોપમની જાણવી. (૫૧ થી ૫૩ - ૧૪૦૭ થી ૧૪૦૯)

**जा तेऊण ठिई खलु, उक्कोसा सा उ समयमब्भहिआ ।**
**जहण्णेणं पम्हाए, दस उ मुहुत्ताहिआइं उक्कोसा ॥ ५४ ॥**

या तैजस्याः स्थितिर्खलूत्कृष्टा सा तु समयाभ्यधिका ।
जघन्येन पद्मायाः, दशैव मुहूर्त्ताधिकानि उत्कृष्टा ॥ ५४ ॥

**અર્થ** – એક સમયાધિક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ અધિક બે

સાગરોપમની જઘન્ય સ્થિતિ પદ્મલેશ્યાની સનત્કુમારમાં સમજવી. બે અંતર્મુહૂર્ત્ત અધિક દશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બ્રહ્મલોકમાં સમજવી. (૫૪-૧૪૧૦)

**जा पम्हाई ठिई खलु, उक्कोसा सा उ समयमब्भहिआ ।**
**जहण्णेण सुक्काए, तित्तीसमुहुत्तमब्भहिआ ॥ ५५ ॥**

**या पद्मायाः स्थितिर्खलूत्कृष्टा सा तु समयाभ्यधिका ।**
**जघन्येन शुक्लायाः, त्रयस्त्रिंशन्मुहूर्त्ताभ्यधिकानि ॥ ५५ ॥**

**અર્થ** – એક સમયાધિક બે અંતર્મુહૂર્ત્ત અધિક દશ સાગરોપમની શુક્લલેશ્યાની જઘન્ય સ્થિતિ લાંતકમાં સમજવી. બે મુહૂર્ત્ત અધિક તેત્રીશ સાગરોપમની શુક્લલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુત્તરોમાં સમજવી. (૫૫-૧૪૧૧)

**किण्हा नीला काऊ, तिण्णिऽविएसा उ अहमलेसाओ ।**
**एआहिं तिहिंऽवि जीवो, दुग्गइं उववज्जइ ॥ ५६ ॥**

**तेऊ पम्हा सुक्का, तिण्णिऽवि एआ उ धम्मलेसाओ ।**
**एआहिं तिहिंऽवि जीवो, सुग्गइं उवज्जइ ॥ ५७ ॥ युग्मम् ॥**

**कृष्णा नीला कापोतास्तिस्त्रोऽप्येताऽधमलेश्याः ।**
**एताभिस्तिसृभिरपि जीवो, दुर्गतिमुपपद्यते ॥ ५६ ॥**

**तैजसो पद्मा शुक्लास्तिस्त्रोऽप्येता धर्मलेश्याः ।**
**एताभिस्तिसृभिरपि जीवः, सुगतिमुपपद्यते ॥ ५७ ॥ युग्मम् ॥**

**અર્થ** – કૃષ્ણ, નીલ અને કાપોત અધમ-અપ્રશસ્ત લેશ્યા કહેવાય છે. આ ત્રણ અપ્રશસ્ત લેશ્યાથી જીવ નરક-તિર્યંચગતિ રૂપ દુર્ગતિને પામે છે. તેજો, પદ્મ અને શુક્લલેશ્યા વિશુદ્ધતાના કારણે ધર્મહેતુ હોઈ ધર્મપ્રશસ્ત લેશ્યાઓ કહેવાય છે. આ ત્રણ પ્રશસ્ત લેશ્યાથી જીવ નર-દેવગતિ રૂપ સુગતિને પામે છે, અર્થાત્ જે લેશ્યામાં જીવ મૃત્યુ પામે છે, તે લેશ્યાવાળા સ્થાનોમાં જીવ ઉત્પન્ન થાય છે. (૫૬+૫૭-૧૪૧૨+૧૪૧૩)

**लेसाहिं सव्वाहिं, पढमे समयंमि परिणयाहिं तु ।**
**न हु कस्सवि उववाओ, परे भवे होइ जीवस्स ॥ ५८ ॥**

**लेसाहिं सव्वाहिं, चरमे समयंमि परिणयाहिं तु ।**
**न हु कस्सवि उववाओ, परे भवे होइ जीवस्स ॥ ५९ ॥**

**अंतमुहुत्तंमि गए, अंतमुहुत्तंमि सेसए चेव ।**
**लेसाहिं परिणयाहिं, जीवा गच्छंति परलोगं ॥ ६० ॥ त्रिभिर्विशेषकम् ॥**

**लेश्याभिः सर्वाभिः, प्रथमसमये परिणताभिस्तु ।**
**नैव कस्यापि उपपादः, परे भवे भवति जीवस्य ॥ ५८ ॥**
**लेश्याभिः सर्वाभिः, चरमे समये परिणताभिस्तु ।**
**नैव कस्याप्युपपादः, परे भवे भवति जीवस्य ॥ ५९ ॥**
**अन्तर्मुहूर्त्ते गते, अन्तर्मुहूर्त्ते शेषके चैव ।**
**लेश्याभिः परिणताभिः, जीवाः गच्छन्ति परलोकम् ॥ ६० ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ –** પહેલા સમયમાં પ્રતિપત્તિ (સ્વીકાર) કાલની અપેક્ષાએ જેવી રીતિએ પરિણત-આત્મરૂપપણાએ ઉત્પન્ન સર્વ લેશ્યાઓથી યુક્ત કોઈ પણ જીવની પરભવમાં ઉત્પત્તિ થતી નથી, તેવી રીતિએ અંત્ય સમયમાં પણ ઉત્પત્તિ થતી નથી. અર્થાત્ લેશ્યાપરિણામના પ્રથમ કે અંતિમ સમયમાં કોઈ પણ જીવનું મરણ થતું નથી, પરંતુ અંતર્મુહૂર્ત્તનું આયુષ્ય જ્યારે બાકી રહેલ હોય ત્યારે પરભવ લેશ્યાના પરિણામ થાય છે અને તે લેશ્યાથી યુક્ત બનેલા જીવો પરલોકમાં જાય છે. અહીં વિશેષ એટલું છે કે-તિર્યંચ અને મનુષ્યો આગામી ભવલેશ્યાનું અંતર્મુહૂર્ત ગયા પછી પરલોકમાં જાય છે, જ્યારે દેવ અને નારકીઓ સ્વભવલેશ્યાનું અંતર્મુહૂર્ત્ત બાકી રહેલ હોય ત્યારે પરલોકમાં જાય છે. (૫૮ થી ૬૦-૧૪૧૪ થી ૧૪૧૬)

**तम्हा एयासि ( ण ) लेसाणं, अणुभावे ( गे ) विआणिआ ।**
**अप्पसत्था उवज्जित्ता, पसत्था उ अहिट्ठिए ( ज्जासि ) त्तिबेमि ॥ ६१ ॥**

**तस्मादेतासां लेश्यानामनुभावं विज्ञाय ।**
**अप्रशस्तास्तु वर्जयित्वा, प्रशस्तास्तु अधितिष्ठेद् इति ब्रवीमि ॥ ६१ ॥**

**અર્થ –** જેથી આ દુર્ગતિ-સુગતિ હેતુ રૂપ અપ્રશસ્ત-પ્રશસ્ત લેશ્યાઓના અનુભાવ-પરિણામને જાણીને, અપ્રશસ્ત લેશ્યાઓને છોડી, મુનિ, ભાવપ્રતિપત્તિપૂર્વક પ્રશસ્ત લેશ્યાઓને આશ્રય કરે ! એમ હે જંબૂ ! હું કહું છું. (૬૧-૧૪૧૭)

## ચોત્રીશમું શ્રી લેશ્યા-અધ્યયન સંપૂર્ણ.

# શ્રી અનગાર માર્ગ ગતિ-અધ્યયન-૩૫

**सुणेह मेगग्गमणा, मग्गं बुद्धेहिं देसिअं ।**
**जमायरंतो भिक्खू, दुक्खाणंतकरो भवे ॥ १ ॥**

**श्रृणुत मे एकाग्रमनसः, मार्गं बुद्धैर्देशितम् ।**
**यमाचरन्भिक्षुर्दुःखानामान्तकरो भवेत् ॥ १ ॥**

**અર્થ –** જેને આરાધતાં સાધુ, સકલ કર્મના ક્ષય દ્વારા દુઃખોનો અંત કરનારો થાય છે. એવા શ્રી અરિહંત ભગવંત વગેરેએ કથિત મોક્ષમાર્ગને, હે શિષ્યો ! અનન્ય ચિત્તવાળા બની કહેનાર એવા મારી પાસેથી સાંભળો ! (૧-૧૪૧૮)

**गिहवासं परिच्चिवज्ज, पव्वज्जं अस्सिए मुणी ।**
**इमे संगे विआणेज्जा, जेहिं सज्जंति माणवा ॥ २ ॥**

**गृहवासं परित्यज्य, प्रव्रज्यामाश्रितो मुनिः ।**
**इमान्संगान्विजानीयात्, यैः सज्यन्ते मानवाः ॥ २ ॥**

**અર્થ –** ઘરવાસને છોડી શ્રી ભાગવતી પ્રવ્રજ્યાને પામેલો મુનિ, દરેક પ્રાણીને પ્રસિદ્ધ આ પ્રત્યક્ષ પુત્ર, સ્ત્રી વગેરે સંગોને 'આ ભવના હેતુઓ છે'- એમ વિશેષથી જાણે ! અર્થાત્ જ્ઞાનનું વિરતિ રૂપ ફળ હોવાથી જાણીને તેઓને છોડી દે ! કારણ કે-પુત્ર, સ્ત્રી આદિ સંગોથી માનવો અને બીજા પ્રાણીઓ મમતાભાવને પામે છે અર્થાત્ ભવબંધનથી બંધાય છે. (૨-૧૪૧૯)

**तहेव हिंसं अलिअं चोज्जं अब्बंभसेवणं ।**
**इच्छाकामं च लोभं च, संजओ परिवज्जए ॥ ३ ॥**

**तथैव हिंसामलीकं, चौर्यमब्रह्मसेवनम् ।**
**इच्छाकामं च लोभं च, संयतः परिवर्जयेत् ॥ ३ ॥**

**અર્થ –** તેવી જ રીતે હિંસાને, જૂઠને, ચોરીને અબ્રહ્મસેવનને, ઈચ્છા રૂપ કામ અર્થાત્ અપ્રાપ્ત વસ્તુની વાંચ્છા રૂપ કામને અને પ્રાપ્તવસ્તુવિષયક આસક્તિ રૂપ લોભ-પરિગ્રહને મુનિ છોડી દે ! (૩-૧૪૨૦)

मनोहरं चित्तघरं, मल्लधूवेण वासिअं ।
सकवाडं पंडरुल्लोअं, मणसावि न पत्थए ॥ ४ ॥
इंदियाणि उ भिक्खुस्स, तारिसम्मि उवस्सए ।
दुक्काराई निवारेउं, कामराग विवड्ढणे ॥ ५ ॥
सुसाणे सुन्नगारे वा, रुक्खमूले वा एगगो ।
पइरिक्के परकडे वा, वासं तत्थामिरोअए ॥ ६ ॥
फासुअंमि अणाबाहे, इत्थीहिं अणभिद्दुए ।
तत्थ संकप्पए वासं, भिक्खू परमसंजए ॥ ७ ॥
न सयं गिहाइं कुविज्जा, नेव अन्नेहिं कारवे ।
गिहकम्मसमारम्भे, भूआणं दिस्सए वहो ॥ ८ ॥
तसाणं थावराणं च, सुहुमाणं बायराण य ।
तम्हा गिहकम्मसमारम्भं, संजओ परिवज्जए ॥ ९ ॥ षड्भिःकुलकम् ॥

मनोज्ञं चित्रगृहं, माल्यधूपेन वासितम् ।
सकपाटं पाण्डुरोल्लोचं, मनसापि न प्रार्थयेत् ॥ ४ ॥
इन्द्रियाणि तु भिक्षोः, तादृशे उपाश्रये ।
दुःशकानि निवारयितुं, कामरागविवर्द्धने ॥ ५ ॥
श्मशाने शून्यागारे वा, वृक्षमूले वैककः ।
प्रतिरिक्ते परकृते वा, वासं तत्राभिरोचयेत् ॥ ६ ॥
प्रासुके अनाबाधे,स्त्रीभिरनभिद्रुते ।
तत्र सङ्कल्पयेद्वासं, भिक्षुः परमसंयतः ॥ ७ ॥
न स्वयं गृहाणि कुर्वीत, नैवान्यैः कारयेत् ।
गृहकर्मसमारम्भे, भूतानां दृश्यते वधः ॥ ८ ॥
त्रसाणां स्थावराणां च, सूक्ष्माणां बादराणां च ।
तस्माद्गृहकर्मसमारम्भं संयतः परिवर्ज्जयेत् ॥ ९ ॥ षट्भिःकुलकम् ॥

**अर्थ** – શ્વેત ચંદરવાથી યુક્ત, પુષ્પમાળા અને ધૂપથી સુવાસિત કમાડવાળા અને મનોહર ચિત્રપ્રધાન ઘરની મુનિ ઇચ્છા ન કરે ! જ્યાં પોત પોતાના વિષયોથી સાધુઓને ઈન્દ્રિયો નિવારવી દુઃશક્ય બને છે, તેવા કામરાગ પોષક ઉપાશ્રયમાં મુનિ નિવાસ કરે નહિ, સ્મશાનમાં, શૂન્ય ઘરમાં

અથવા વૃક્ષના નીચે, રાગ વગેરે વગરનો અથવા સાથીદાર વગરનો એકલો, બીજાઓએ પોતાના માટે બનાવેલ અને સ્ત્રી આદિથી રહિત સ્થળમાં રહેવાની મુનિ રૂચિ કરે ! અચિત્ત બનેલા ભૂભાગવાળા, કોઈના પણ ઉપદ્રવ વગરના અને સ્ત્રી, નપુંસક આદિથી અદૂષિત પૂર્વોક્ત સ્થાનમાં, મોક્ષ માટે બનેલ સંયતપરમ સંયત સાધુ નિવાસ કરે ! પોતે ઘરો બનાવે નહિ, બીજાઓ પાસે તે બનાવરાવે નહિ, તેમજ તે બનાવનાર બીજાની અનુમોદના કરે નહિ, કારણ કે-ઈંટ, માટી આદિ લાવવા રૂપ ગૃહકર્મના સમારંભમાં જીવોની હિંસા દેખાય છે, જેથી સાધુ ત્રસ-સ્થાવર નાના-મોટા જીવોની હિંસાવાળા ગૃહકર્મ-સમારંભને છોડી દે ! (૪ થી ૯ - ૧૪૨૧ થી ૧૪૨૬)

**तहेव भत्तपाणेसु, पयणपयावणेसु अ ।**
**पाणभूयदयट्ठाए, न पए न पयायए ॥ १० ॥**
**जलधन्ननिस्सिआ पाणा, पुढविकट्ठनिस्सिआ ।**
**हम्मंति भत्तपाणेसु, तम्हा भिक्खु न पयायए ॥ ११ ॥**
**विसप्पे सव्वओ धारे, बहुपाणिविणासणे ।**
**नत्थि जोइसमे सत्थे, तम्हा जोइं न दीवए ॥ १२ ॥ त्रिभिर्विशेषकम् ॥**

तथैव भक्तपानेषु, पचनपाचनेषु च ।
प्राणभूतदयार्थं, न पचेत् न पाचयेत् ॥ १० ॥
जलधान्यनिश्रिताः प्राणाः, पृथ्वीकाष्ठनिश्रिताः ।
हन्यन्ते भक्तपानेषु, तस्मात् भिक्षुः न पाचयेत् ॥ ११ ॥
विसर्प्यं सर्वतो धारं, बहुप्राणिविनाशनम् ।
नास्ति ज्योतिः समं शस्त्रं, तस्मात् ज्योतिः न दीपयेत् ॥ १२ ॥ त्रिभिर्विशेषकम् ॥

**અર્થ** – પૂર્વની માફક જ આહાર-પાણી વિષયક પચન પાચનોમાં જીવહિંસા દેખાય છે, માટે ત્રસ-સ્થાવર જીવોની દયા ખાતર, ન પોતે આહાર-પાણી બનાવે-પકાવે ! કે ન બીજા પાસે બનાવરાવે-પકાવરાવે કે બનાવનાર પકાવનારની પ્રશંસા કરે ! વળી આહાર-પાણી બનાવતાં-પકાવતાં, જળના આશ્રયે રહેલ પોરા વગેરેની, ધાન્યના આશ્રયે રહેલ ઈયળ, કીડી આદિ જીવોની અને એ પ્રમાણે પૃથ્વી અને લાકડાંના આધારે રહેલ જીવોની હિંસા થાય છે, માટે સાધુ બીજાની પાસે તે પકાવરાવે નહિ, તો પોતે પકાવવાની વાત ક્યાં રહી ? અનુમતિનો નિષેધ તો આવી જ ગયો. થોડા હોવા છતાં બહુ

વ્યાપક રૂપ વિસર્પ સર્વ દિશાઓમાં રહેલ જીવોનો ઉપઘાતક હોઈ સર્વતો ધાર અને તેથી જ બહુ પ્રાણીવિનાશક અગ્નિ સમાન શસ્ત્ર બીજું કોઈ નથી. જો આમ છે, તો અગ્નિને સળગાવે-પ્રગટાવે નહિ. (૧૦ થી ૧૨-૧૪૨૭ થી ૧૪૨૯)

**हिरण्णं जायरूवं च, मणसावि न पत्थए ।**
**समलेट्ठुकंचणे भिक्खू, विरए कयविक्कए ॥ १३ ॥**

**किणंतो कइओ होइ, विकिणंतो अ वाणिओ ।**
**कयविकयंमि वट्टंतो, भिक्खू न हवइ तारिसो ॥ १४ ॥**

**भिक्खिअव्वं न केअव्वं, भिक्खुणा भिक्खवत्तिणा ।**
**कयविक्कओ महादोसो, भिक्खावित्ती सुहावहा ॥ १५ ॥**

**समुआणं उंछमेसिज्जा, जहासुत्तमणिंदिअं ।**
**लाभालाभंमि संतुठे, पिंडवायं चरे मुणी ॥ १६ ॥**

**अलोले न रसे गिद्धे, जिब्भादंते अमुच्छिए ।**
**न रसट्ठाए भुंजिज्जा, जवणट्ठाए महामुणी ॥ १७ ॥ पंचभिःकुलकम् ॥**

हिरण्यं जातरूपं च, मनसापि न प्रार्थयेत् ।
समलेष्टुकाञ्चने भिक्षुर्विरतः क्रयविक्रयं ॥ १३ ॥

क्रीणन्क्रायको भवति, विक्रीणानश्च वणिग् ।
क्रयविक्रये वर्तमानो भिक्षुर्न भवति तादृशः ॥ १४ ॥

भिक्षितव्यं न क्रेतव्यं, भिक्षुणा भिक्षावृत्तिना ।
क्रयविक्रयं महादोषं भिक्षावृत्तिः सुखावहा ॥ १५ ॥

समुदानमुञ्छमेषयेद्यथासूत्रमनिन्दितम् ।
लाभालाभे सन्तुष्टः, पिण्डपातं चरेन्मुनिः ॥ १६ ॥

अलोलो न रसे गृद्धो, दान्तजिह्वोऽमूर्च्छितः ।
न रसार्थं भुञ्जीत, यापनार्थं महामुनिः ॥ १७ ॥ पञ्चभिकुलकम् ॥

**અર્થ** — મમતાનો અભાવ હોઈ સોનું-ઢેફામાં સમાનતાવાળો તથા ખરીદી અને વેચાણ વગરનો મુનિ, સ્વર્ણ-ચાંદી-સમસ્તધન-ધાન્ય વગેરેને મનથી પણ ઇચ્છે નહિ. પારકી ચીજને મૂલ્ય આપી ગ્રહણ કરનારો-ખરીદનારો તથાવિધ ઇતર લોક સરખો મુનિ થાય છે. પોતાની ચીજ મૂલ્ય લઈ બીજાને આપનારો વાણીયો-વેપારી થાય છે. આમ વેપાર કરતો મુનિ વાણીયો બને છે. એથી જ

ક્રય-વિક્રયમાં પ્રવૃત્તિ કરતો, શાસ્ત્ર કથિત જેવો સાધુ હોય છે તેવો મુનિ થતો-બનતો નથી. સાધુએ ખરીદી અને વેચાણનો ધંધો નહિ કરવો, પરંતુ તથાવિધ વસ્તુની ભિક્ષાવૃત્તિથી યાચના કરવી; કારણ કે-ક્રય વિક્રય મહા દોષ રૂપ છે, જ્યારે ભિક્ષાવૃત્તિ સુખકર છે. ભિક્ષાને ઉંછની ઉંછ (ધાન્યના દાણા એકઠા કરવા રૂપ) અર્થાત્ બીજા બીજા ઘરોમાંથી થોડું થોડું એકઠું કરવા રૂપ ઉંછની ઢબે અને આગમાર્થ રૂપ સૂત્રના અનુસારે અનિંદિત (જાતિ વગેરે નિંદિતજન સંબંધી જે ન હોય તે) ઇચ્છે-ગવેષણા કરે. લાભાલાભમાં સંતુષ્ટ બનેલો મુનિ આહાર-પાણી-ગોચરી કરે. સરસ અન્ન પ્રાપ્ત થતાં લંપટતા વગરનો બની, મધુર વગેરે રસ અપ્રાપ્ત થતાં ઇચ્છા વગરનો બની અને જિહ્વેન્દ્રિયના દમનવાળો એથી જ અમૂર્ચ્છિત બની (સંનિધિ નહિ કરવા દ્વારા અથવા ભોજનકાળમાં આસક્તિના અભાવવાળા બની) સંયમના નિર્વાહ માટે મહા મુનિ ભોજન કરે, પરન્તુ ધાતુઓની વૃદ્ધિ માટે ભોજન ન કરે ! (૧૩ થી ૧૭-૧૪૩૦ થી ૧૪૩૪)

**अच्चणं रयणं चेव, वंदणं पूअणं तहा ।**
**इड्ढी सक्कारसम्माणं, मणसावि न पत्थए ॥ १८ ॥**

**अर्चनां रचनां चैव, वन्दनं पूजनं तथा ।**
**ऋद्धिसत्कारसन्मानं, मनसापि न प्रार्थयेत् ॥ १८ ॥**

**અર્થ** – પુષ્પ વગેરેથી થતી પૂજા રૂપ અર્ચનાને, નિષદ્યા વગેરે શયનાસન વગેરે) વિષય રૂપ અથવા સ્વસ્તિકાદિરૂપ રચનાને, વંદનાને, વસ્ત્ર વગેરેની પ્રાપ્તિ રૂપ પૂજનને, શ્રાવકોપકરણાદિ સંપદા રૂપ ઋદ્ધિને, અર્થદાન આદિ રૂપ સત્કારને અને અભ્યુત્થાન આદિ રૂપ સન્માનને મનથી પણ ઇચ્છે નહિ. (૧૮-૧૪૩૫)

**सुक्कं झाणं झिआएज्जा, अनिआणे अकिंचणे ।**
**वोसट्ठकाए विहरेज्जा, जाव कालस्स पज्जओ ॥ १९ ॥**

**शुक्लं ध्यानं ध्यायेदनिदानोऽकिञ्चनः ।**
**व्युत्सृष्टकायो विहरेत्, यावत्कालस्य पर्यायः ॥ १९ ॥**

**અર્થ** – જે પ્રકારે શુક્લધ્યાન થાય, તે પ્રકારે ધ્યાન ધરે ! નિયાણા વગરનો, પરિગ્રહશૂન્ય અને શરીરના સંસ્કાર વગરનો બની, અપ્રતિબદ્ધ વિહારીપણે યાવજ્જીવ પર્યંત વિચરે ! (૧૯-૧૫૩૬)

**निज्जूहिऊण आहारं, कालधम्मे उवट्ठिए ।**
**ज़हि( चइ )ऊण माणुसं बोंदिं, पहू दुक्खे विमुच्चई ॥ २० ॥**

**परित्यज्याहारं, कालधर्मे उपस्थिते ।**
**त्यक्त्वा मानुषीं बोन्दिं, प्रभुर्दुःखैर्विमुच्यते ॥ २० ॥**

**અર્થ** – આયુષ્યના ક્ષય રૂપ કાલધર્મ ઉપસ્થિત થયે છતે, સંલેખનાદિ ક્રમથી આહારનો ત્યાગ કરી, મનુષ્ય સંબંધી શરીરને છોડી અને વીર્યાન્તરાય કર્મક્ષયથી સામર્થ્યવાળો-પ્રભુ બનેલો, શારીરિક-માનસિક દુઃખોથી મુક્ત બને છે. (૨૦-૧૪૩૭)

**निम्ममो निरहंकारो वीअरागो अणासवो ।**
**संपत्तो केवलं नाणं, सासयं परिणिव्वुए त्ति बेमि ॥ २१ ॥**

**निर्ममो निरहङ्कारः, वीतरागोऽनाश्रवः ।**
**सम्प्राप्तः केवलं ज्ञानं, शाश्वतं परिनिवृतः इति ब्रवीमि ॥ २१ ॥**

**અર્થ** – નિર્મમ, નિરહંકારી, વીતરાગ, કર્માશ્રવવગરનો, કેવલ-શાશ્વત જ્ઞાનને પામેલો અને અસ્વસ્થતાના હેતુભૂત કર્મનો અભાવ થવાથી સર્વથા સ્વસ્થીભૂત-પરિનિર્વાણપદને પામેલો બને છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૨૧-૧૪૩૮)

**પાંત્રીશમું શ્રી અનગારમાર્ગગતિ અધ્યયન સંપૂર્ણ.**

# શ્રી જીવાજીવવિભક્તિ-અધ્યયન-૩૬

**जीवाजीवविभत्तिं, सुणेह मे एगमणा इओ ।**
**जं जाणिउण भिक्खू, सम्मं जयइ संजमे ॥ १ ॥**

**जीवाजीवविभक्तिं, श्रृणुत मे एकमनसः इतः ।**
**यां ज्ञात्वा भिक्षुः, सम्यग् यतते संयमे ॥ १ ॥**

**અર્થ –** જીવાજીવ વિભક્તિને પ્રરૂપણા દ્વારા જ જાણીને જે સાધુ સારી રીતે સંયમમાં પ્રયત્ન કરે છે, તે અધ્યયનને કહેનાર એવા મારી પાસેથી એકમનવાળા બની તમે સાંભળો ! (૧-૧૪૩૯)

**जीवा चेव अजीवा य, एस लोए विआहिए ।**
**अजीवदेसे आगासे, अलोए से विआहिए ॥ २ ॥**

**दव्वओ खेत्तओ चेव, कालओ भावओ तहा ।**
**परूवणा तेसिं भवे, जीवाणं अजीवाण य ॥ ३ ॥ युग्मम् ॥**

**जीवाश्चैवाजीवाश्चैष लोको व्याख्यातः ।**
**अजीवदेशं आकाशमलोकः स व्याख्यातः ॥ २ ॥**

**द्रव्यतः क्षेत्रतश्चैव, कालतः भावतस्तथा ।**
**प्ररूपणा तेषां भवेज्जीवानामजीवानां च ॥ ३ ॥ युग्मम् ॥**

**અર્થ –** જીવો અને અજીવો તેમજ આ સર્વ પ્રસિદ્ધ લોક શ્રી અરિહંતદેવોએ કહેલ છે. અજીવ દેશ રૂપ આકાશ તે અલોક કહેલ છે, કેમ કે-તે ધર્માસ્તિકાયાદિ રહિત છે. અહીં જીવાજીવોનો વિભાગ પ્રરૂપણાદ્વારથી જ થાય, માટે પ્રરૂપણાને કહે છે. દ્રવ્યની અપેક્ષાએ 'આ દ્રવ્ય આટલા ભેદવાળું છે.' ક્ષેત્રની અપેક્ષાએ 'આ દ્રવ્ય આટલા ક્ષેત્રમાં છે,' કાલની અપેક્ષાએ 'આ દ્રવ્ય આટલા કાળની સ્થિતિવાળું છે' અને ભાવની અપેક્ષાએ 'આ દ્રવ્યના આ પર્યાયો છે.' આ પ્રમાણે દ્રવ્યાદિ ચાર ભેદથી તે જીવાજીવોની પ્રરૂપણા થાય છે. (૨+૩-૧૪૪૦+૧૪૪૧)

**रूविणो चेवऽरूवी अ, अजीवा दुविहा भवे ।**
**अरूवी दसहा वुत्ता, रूविणोऽवि चउव्विहा ॥ ४ ॥**

**धम्मत्थिकाए तद्देसे, तप्पएसे अ आहिए ।**
**अधम्मे तस्स देसे अ तप्पएसे अ आहिए ॥ ५ ॥**

**आगासे तस्स देसे अ, तप्पएसे अ आहिए ।**
**अद्धासमये चेव, अरूवी दसहा भवे ॥ ६ ॥ त्रिभिःविशेषकम् ॥**

**रूपिणश्चैवारूपिणश्च, अजीवा द्विविधा भवेयुः ।**
**अरूपिणो दशधा उक्ताः, रूपिणोऽपि चतुर्विधाः ॥ ४ ॥**

**धर्मास्तिकायस्तद्देशस्तत्प्रदेशश्चाख्यातः ।**
**अधर्मस्तस्य देशश्च, तत्प्रदेशश्चाख्यातः ॥ ५ ॥**

**आकाशस्तस्य देशश्च, तत्प्रदेशश्चाख्यातः ।**
**अद्धासमयश्चैवाऽरूपी दशधा भवेयुः ॥ ६ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**અર્થ** – રૂપી અને અરૂપીના ભેદથી અજીવો બે પ્રકારે થાય છે. અરૂપી અજીવો દશ પ્રકારના છે અને રૂપી અજીવો ચાર પ્રકારના છે. તેમાં અરૂપીઓના દશ પ્રકારોને કહે છે. (૧) સ્વ-સ્વભાવથી ગતિમાં પરિણત જીવ પુદ્ગલોને ગતિના ઉપકારક દ્રવ્ય 'ધર્માસ્તિકાય'. (પ્રદેશસમૂહ રૂપ) (૨) તેનો ત્રીજો ભાગ-ચોથો ભાગ વગેરે દેશ. (૩) તેનો નિર્વિભાગ ભાગ રૂપ પ્રદેશ. (૪) સ્થિતિપરિણત જીવ પુદ્ગલોની સ્થિતિમાં ઉપકારક દ્રવ્ય 'અધર્માસ્તિકાય.' (૫) તેનો દેશ. (૬) તેનો પ્રદેશ. (૭) પદાર્થોને અવકાશદાનમાં ઉપકારક દ્રવ્ય 'આકાશાસ્તિકાય' (પ્રદેશસમૂહ-સ્કંધ રૂપ). (૮) તેનો દેશ. (૯) તેનો પ્રદેશ. (૧૦) અદ્ધા એટલે કાળ, તે રૂપ સમય 'અદ્ધા સમય'. આ અનિર્વિભાગ રૂપ હોઈ અદ્ધા સમયને દેશ અને પ્રદેશનો સંભવ નથી. જે આવલિકા-મુહૂર્ત્ત વગેરે કાલભેદો વ્યવહારથી કહેવાય છે, તેની અહીં વિવક્ષા કરેલ નથી. (૪ થી ૬-૧૪૪૨ થી ૧૪૪૪)

**धम्माधम्मे अ दोवेए, लोगमेत्ताविआहिआ ।**
**लोआलोए अ आगासे, समए समयखेत्तिए ॥ ७ ॥**

**धर्म्माधर्मौ च द्वौ एतौ, लोकमात्रौ व्याख्यातौ ।**
**लोकाऽलोके चाकाशं, समयः समयक्षेत्रिकः ॥ ७ ॥**

**અર્થ** – ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય-આ બે દ્રવ્યો સમસ્ત લોક માત્ર વ્યાપક છે. આકાશાસ્તિકાય દ્રવ્ય લોકાલોક વ્યાપક છે-સર્વગત છે. અદ્ધા

સમય અઢી દ્વીપ અને બે સમુદ્ર રૂપ સમયક્ષેત્ર રૂપ વિષયવાળો 'સમયક્ષેત્રિક' કહેવાય છે. કેમ કે સમયક્ષેત્ર પછી અદ્ધા સમયનો અભાવ છે. (૭-૧૪૪૫)

**धम्माधम्मागासा, तिण्णिऽवि एए अणाइआ ।**
**अपज्जवसिआ चेव, सव्वद्धं तु विआहिआ ॥ ८ ॥**

**समएवि संतइं पप्प, एवमेव विआहिए ।**
**आएसं पप्प साइए, सपज्जवसिएवि अ ॥ ९ ॥ युग्मम् ॥**

**धर्म्माधर्म्माकाशानि, त्रीण्यप्येतान्यनादिकानि ।**
**अपर्यवसितानि चैव, सर्वाद्धां तु व्याख्यातानि ॥ ८ ॥**

**समयोऽपि सन्तर्ति, प्राप्यैवमेव व्याख्यातः ।**
**आदेशं प्राप्य सादिकः, सपर्यवसितोऽपि च ॥ ९ ॥ युग्मम् ॥**

**અર્થ –** ધર્મ, અધર્મ અને આકાશ-આ ત્રણ દ્રવ્યો અનાદિ-અનંત છે, તેમજ સર્વદા સ્વ-સ્વરૂપના ત્યાગનો અભાવ હોવાથી નિત્ય છે. સમય પણ, બીજા બીજા સમયોત્પત્તિ પ્રવાહ રૂપ સંતતિની અપેક્ષાએ અનાદિઅનંત રૂપ પ્રકારવાળો છે, પરન્તુ નિયત વ્યક્તિ રૂપ ઘડી વગેરે વિશેષની અપેક્ષાએ સાદિસાન્ત પણ છે. (૮+૯-૧૪૪૬+૧૪૪૭)

**खंधा य खंधदेसा य, तप्पएसा तहेव य ।**
**परमाणुणो अ बोधव्वा, रूविणो य चउव्विहा ॥ १० ॥**

**स्कन्धाश्च स्कन्धदेशाश्च, तत्प्रदेशास्तथैव च ।**
**परमाणवश्च बोद्धव्याः, रूपिणश्च चतुर्विधाः ॥ १० ॥**

**અર્થ –** પુદ્‌ગલોના ઉપચય અને અપચય રૂપ સ્કંધો જણાવે છે. (૧) સ્તંભ વગેરે, (૨) સ્તંભ વગેરેના બીજો વગેરે ભાગ રૂપ સ્કંધ દેશો, (૩) તે સ્કંધોના સ્તંભાદિ સંબંધી નિરંશ અંશ રૂપ પ્રદેશો-સ્કંધપ્રદેશો, અને (૪) નિરંશ દ્રવ્ય રૂપ પરમાણુઓ. આમ રૂપી અજીવો ચાર પ્રકારના છે. અહીં દેશ-પ્રદેશોનો સ્કંધોમાં જ અન્તર્ભાવ હોવાથી, સ્કંધ અને પરમાણુઓ-એમ બે જ ભેદો સંક્ષેપથી જાણવા. (૧૦-૧૪૪૮)

**एगत्तेण पुहत्तेणं, खंधाय परमाणुणो ।**
**लोएगदेसे लोए अ, भइअव्वा ते उ खेत्तओ ॥ ११ ॥**

**सुहुमा सव्वलोगंमि, लोगदेसे य बायरा ।**
**इत्तो कालविभागं तु तेसिं वोच्छं चउव्विहं ॥ १२ ॥**

**एकत्वेन पृथक्त्वेन, स्कन्धाश्च परमाणवः ।**
**लोकैकदेशे लोके च, भक्तव्या ते तु क्षेत्रतः ॥ ११ ॥**

**सूक्ष्मा सर्वलोके, लोकदेशे च बादराः ।**
**इतः कालविभागं तु तेषां वक्ष्ये चतुर्विधम् ॥ १२ ॥**

**અર્થ –** છૂટા છૂટા રહેલા બે પરમાણુઓના મળવાથી દ્વિપ્રદેશિક, ત્રણ-ચાર-સંખ્યાત-અસંખ્યાત-અનંત અને અનંતાનંત પરમાણુઓના મળવાથી ત્રિપ્રદેશિક, ચતુ:પ્રદેશિક સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક, અનંત પ્રદેશિક અને અનંતાનંત પ્રદેશિક સ્કંધ રૂપ સમાન પરિણતિ સ્વરૂપ એકત્વથી બીજા પરમાણુઓની સાથે અસંઘાત રૂપ પૃથક્ત્વથી-ભેદથી, પરમાણુઓ કહેવાય છે. મોટા સ્કંધોના તૂટવા રૂપ પૃથક્ત્વથી નાના નાના સ્કંધો 'ભેદજન્ય' કહેવાય છે. પરમાણુઓ આકાશના એક પ્રદેશમાં જ રહે છે. સ્કંધો વિચિત્ર પરિમાણવાળા હોઈ, બહુતર પ્રદેશોથી ઉપચિત હોવા છતાં, કેટલાક સ્કંધો આકાશના એક પ્રદેશમાં રહે છે, કેટલાક સ્કંધો સંખ્યાતા પ્રદેશોમાં જ રહે છે, યાવત્ કોઈ સ્કંધ સકલ લોકમાં પણ તથાવિધ અચિત્ત મહા સ્કંધની (આ સ્કંધ સૌથી મોટામાં મોટી અવગાહનાવાળો થાય છે, કેમ કે-તે સમગ્ર લોકાકાશને વ્યાપીને એક સમય રહે છે, આમ છતાં પણ તે અચાક્ષુષ છે. આ લોકપ્રમાણ થનારો અચિત્ત મહાસ્કંધ આઠ સમયની સ્થિતિવાળો છે. અર્થાત્ પુદ્ગલોના સ્વાભાવિક પરિણામથી, નહિ કે જીવના પ્રયોગ વડે ઉત્પન્ન થતો અચિત્ત મહાસ્કંધનો સમુદ્ઘાત કેવલિસમુદ્ઘાતની પેઠે આઠ સમયમાં સમાપ્ત થાય છે.) માફક રહે છે, માટે તે ભજનીય કહેવાય છે. (૧૧-૧૪૪૯)

**संतइं पप्प तेऽणाई, अपज्जवसिआवि अ ।**
**ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ १२ ॥**

**असंखकालमुक्कोसं, एगं समयं जहन्नयं ।**
**अजीवाण य रूविणं, ठिई एसा विआहिआ ॥ १३ ॥**

**अणंतकालमुक्कोसं, एगं समयं जहन्नयं ।**
**अजीवाण य रूविणं, अंतरेअं विआहिअं ॥ १४ ॥ त्रिभिर्विशेषकम् ॥**

**सन्ततिं प्राप्य तेऽनादयोऽपर्यवसिता अपि च ।**
**स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १२ ॥**

**असंख्यकालमुत्कृष्टमेकं समयं जघन्यकम् ।**
**अजीवानां च रूपिणां, स्थित्येषा व्याख्याता ॥ १३ ॥**

**अनंतकालमुत्कृष्टमेकं समयं जघन्यकम् ।**
**अजीवानां च रूपिणां, अन्तरमेतद्व्याख्यातम् ॥ १४ ॥ त्रिभिर्विशेषकम् ॥**

અર્થ – અન્ય અન્ય ઉત્પત્તિ રૂપ સંતતિની અપેક્ષાએ સ્કંધો અને પરમાણુઓ અનાદિઅનંત છે, કારણ કે-પ્રવાહની અપેક્ષાએ સ્કંધ-પરમાણુ રહિત જગત્ કદાપિ હતું નહિ, છે નહિ કે હશે નહિ. વળી પ્રતિનિયત ક્ષેત્રમાં રહેવા રૂપ સ્થિતિની અપેક્ષાએ સ્કંધો અને પરમાણુઓ સાદિસાન્ત છે, કારણ કે-કાલાન્તરે સ્કંધો અને પરમાણુઓ નવા નવા ક્ષેત્રમાં જાય છે અજીવ રૂપી પદાર્થોની એક ક્ષેત્રમાં રહેવા રૂપ સ્થિતિ અસંખ્યાતકાળ સુધીની ઉત્કૃષ્ટ છે, જ્યારે જઘન્ય સ્થિતિ એક સમયની છે તે સ્કંધો કે પરમાણુઓ ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળ બાદ એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં અવશ્ય જાય છે. વિવક્ષિત ક્ષેત્રથી ખસી ગયેલ સ્કંધો કે પરમાણુઓને, ફરીથી તે ક્ષેત્રની પ્રાપ્તિના વ્યવધાન રૂપ આંતરૂં-અંતર ઉત્કૃષ્ટથી અનંતકાળનું છે અને જઘન્યથી એક સમયનું જાણવું. (૧૨ થી ૧૪-૧૪૫૦ થી ૧૪૫૨)

**वण्णओ गंधओ चेव, रसओ फासओ तहा ।**
**संठाणओ अ विण्णेओ, परिणामो तेसिं पंचहा ॥ १५ ॥**

**वण्णओ परिणया जे उ, पंवहा ते पकित्तिआ ।**
**किण्हा नीला य लोहिआ हालिद्दा सुक्किला तहा ॥ १६ ॥**

**गंधओ परिणया जे उ, दुविहा ते विआहिआ ।**
**सुब्भिगंधपरिणामा, दुब्भिगंधा तहेव य ॥ १७ ॥**

**रसओ परिणया जे उ, पंचहा ते पकित्तिया ।**
**तित्तकडुअकसाया, अंबिला महुरा तहा ॥ १८ ॥**

**फासओ परिणआ जे उ, अट्ठहा ते पकित्तिया ।**
**कक्खडा मउआ चेव, गरुआ लहुआ तहा ॥ १९ ॥**

**सीआ उण्हा य, निद्धा य, तहा लुक्खा य आहिआ ।**
**इति फासपरिणया, एए पुग्गला समुदाया ॥ २० ॥**

**संठाणपरिणया जे उ, पंचहा ते पकित्तिया ।**
**परिमंडला य वट्टा, तंसा चउरंसमायया ॥ २१ ॥ सप्तभिःकुलकम् ॥**

**वर्णतो गन्धतश्चैव, रसतः स्पर्शतस्तथा ।**
**संस्थानतश्च विज्ञेयः, परिणामस्तेषां पञ्चधा ॥ १५ ॥**

वर्णतः परिणता ये तु, पञ्चधा ते प्रकीर्तिताः ।
कृष्णाः नीलाश्च लोहिता, हालिद्राश्शुक्लास्तथा ॥ १६ ॥
गन्धतः परिणता ये तु, द्विविधा स्ते व्याख्याता ।
सुरभिगन्धपरिणामा, दुरभिगन्धास्तथैव च ॥ १७ ॥
रसतः परिणता ये तु, पञ्चधा ते प्रकीर्तिताः ।
तिक्ताः कटुकाः कषाया, अम्लाः मधुरास्तथा ॥ १८ ॥
स्पर्शतः परिणता ये त्वष्टधा ते प्रकीर्तिताः ।
कर्कशाः मृदवश्चैव, गुरवो लघवस्तथा ॥ १९ ॥
शीता उष्णाश्च स्निग्धाश्च, तथा रूक्षाश्चाख्याताः ।
इति स्पर्शपरिणता, एते पुद्गलाः समुदाहृताः ॥ २० ॥
संस्थानपरिणताः ये तु, पञ्चधा ते प्रकीर्तिताः ।
परिमण्डलाश्च वृत्तास्त्र्यस्त्राश्चतुरस्त्राऽऽयताः ॥ २१ ॥ सप्तभिःकुलकम् ॥

અર્થ – પરમાણુઓનો અને સ્કંધોનો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ તથા સંસ્થાનથી પરિમાણ (સ્વરૂપાવસ્થિત સ્કંધાદિના જ વર્ણાદિનો અન્યથા ભાવ-બીજા બીજા વર્ણાદિ રૂપે પરિણમવું તે.) પાંચ પ્રકારનો છે.

વર્ણથી પરિણમેલા જે સ્કંધાદિ છે, તે પાંચ પ્રકારના કહેલા છે. કાજલ વગેરેની માફક કાળા, ગળીના જેવા ભૂરા-નીલા, હિંગલોકની જેમ લાલ, હળદરની માફક પીળા અને શંખની જેમ ધોળા-એમ વર્ણની અપેક્ષાએ સ્કંધાદિ પાંચ વર્ણવાળા છે.

ગંધથી પરિણમેલા જે સ્કંધાદિ છે, તે બે પ્રકારના કહેલ છે. સુરભિ ગંધના પરિણામવાળા ચંદન વગેરેની જેમ સુગંધીદાર અને લસણ આદિની જેમ દુરભિ ગંધના પરિણામવાળા-દુર્ગંધી સ્કંધાદિ છે.

રસથી પરિણમેલા જે સ્કંધાદિ છે, તે પાંચ પ્રકારના કહેલ છે. લીંબડા વગેરેની માફક કડવા, સુંઠ આદિની માફક તીખા, કાચા કોઠાની માફક તુરા, આમલીની માફક ખાટા અને સાકરની માફક મીઠા. આમ સ્કંધાદિ પાંચ રસવાળા હોય છે.

સ્પર્શથી પરિણમેલા જે સ્કંધાદિ છે, તે આઠ પ્રકારના કહેલ છે. પત્થર વગેરેની માફક કઠિન, માખણ આદિની માફક કોમલ, વજ્રની માફક ભારે, આકડાની રૂની માફક હલકા, પાણી વગેરેની માફક ઠંડા, અગ્નિ આદિની માફક ગરમ, ઘી આદિની માફક ચીકણા અને રાખ વગેરેની માફક લૂખા સ્કંધાદિ છે.

સંસ્થાન-આકારોથી પરિણમેલા જે સ્કંધાદિ છે, તે પાંચ પ્રકારના કહેલ છે. (૧) **પરિમંડલ**-જે સ્કંધાદિ કેવળ બહારના ભાગમાં મંડલની પેઠે રહેલો હોય, પરન્તુ વચ્ચે ચૂડી-વલય (કંકણ)ની માફક પોલાણ હોય તે. (૨) **વૃત્ત**-જે સ્કંધાદિ મંડલની પેઠે રહેલો હોય, પણ વચલો ભાગ ઝલ્લરી કે કુંભારના ચાકની જેમ ભરેલો હોય-ગોળાકારે હોય તે. (૩) **ત્રિકોણ**-જે સ્કંધાદિ શીંગોડાની જેમ ત્રણ ખુણીયાવાળો હોય તે. (૪) **વર્યપટ્ટ**-(વિરાટ દેશમાં ઉત્પન્ન થયેલ હીરો) જે સ્કંધાદિ કુંભિકા વગેરેની માફક ચતુરસ્ર-ચતુષ્કોણ-ચઉખૂણીયાવાળો હોય તે (૫) **આયત**-જે સ્કંધાદિ દંડ આદિની જેમ દીર્ઘ (લાંબા) હોય તે. (૧૫ થી ૨૧-૧૪૫૩ થી ૧૪૫૯)

**वण्णओ जे भवे किण्हे, भइए से उ गंधओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ २२ ॥**

**वर्णतो यो भवेत्कृष्णो, भाज्यः स तु गन्धतः ।**
**रसतस्स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ २२ ॥**

**અર્થ** – વર્ણની અપેક્ષાએ જે સ્કંધાદિ કૃષ્ણ શ્યામ (વર્ણનો) છે, તે ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનથી ગમે તે ગંધવાળો-રસવાળો-સ્પર્શવાળો-સંસ્થાનવાળો હોય છે. અર્થાત્ ગંધાદિમાં વિકલ્પ છે, નિયમ નથી. (૨૨-૧૪૬૦)

**वण्णओ जे भवे नीले, भइए से उ गंधओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ २३ ॥**

**वण्णओ लोहिए जे उ, भइए से उ गंधओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ २४ ॥**

**वण्णओ पीअए जे उ, भइए से उ गंधओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ २५ ॥**

**वण्णओ सुक्किले जे उ, भइए से उ गंधओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ २६ ॥**

**गंधओ जे भवे सुब्भी, भइए से उ वण्णओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ २७ ॥**

**गंधओ जे भवे दुब्भी, भइए से उ वण्णओ ।**
**रसओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ २८ ॥**

रसओ तित्तए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ २९ ॥
रसओ कडुए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ ३० ॥
रसओ कसाए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ ३१ ॥
रसओ अंबिले जे उ, भइए से उ वण्णओ ।
गंधओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ ३२ ॥
रसओ महुरे जे उ, भइए से उ वण्णओ ।
गंधओ फासओ चेव, भइए संठाणओवि अ ॥ ३३ ॥
फासओ कक्खडे जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओवि अ ॥ ३४ ॥
फासओ मउए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओवि अ ॥ ३५ ॥
फासओ गरुए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओवि अ ॥ ३६ ॥
फासओ लहुए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओवि अ ॥ ३७ ॥
फासओ सीअए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओवि अ ॥ ३८ ॥
फासओ उण्हए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओवि अ ॥ ३९ ॥
फासओ निद्धए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओवि अ ॥ ४० ॥
फासओ लुक्खए जे उ, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए संठाणओवि अ ॥ ४१ ॥

परिमंडलसंठाणे, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए फासओवि अ ॥ ४२ ।

संठाणओ भवे वट्टे, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए फासओवि अ ॥ ४३ ॥

संठाणओ भवे तंसे, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए फासओवि अ ॥ ४४ ॥

संठाणओ अ चउरंसे, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए फासओवि अ ॥ ४५ ॥

जे आययसंठाणे, भइए से उ वण्णओ ।
गंधओ रसओ चेव, भइए फासओवि अ ॥ ४६ ॥ चतुर्विंशतिभिः कुलकम् ॥

वर्णतो यो भवेन्नीलो, भाज्यः स तु गन्धतः ।
रसतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ २३ ॥

वर्णतो लाहितो यस्तु, भाज्यः स तु गन्धतः ।
रसतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ २४ ॥

वर्णतो यो भवेत्पीतो, भाज्यः स तु गन्धतः ।
रसतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ २५ ॥

वर्णतो यो भवेत्शुक्लो, भाज्यः स तु गन्धतः ।
रसतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ २६ ॥

गन्धतो यो भवेत्सुरमिर्भाज्यः स तु वर्णतः ।
रसतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ २७ ॥

गन्धतो यो भवेद्दुरभिः, भाज्यः स तु वर्णतः ।
रसतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ २८ ॥

रसतस्तिक्तो यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ २९ ॥

रसतः कटुको यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ३० ॥

रसतः कषायो यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ३१ ॥

रसतः अम्लो यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ३२ ॥

रसतः मधुरो यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः स्पर्शतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ३३ ॥

स्पर्शतः कर्कशो यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ३४ ॥

स्पर्शतः मृदुको यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ३५ ॥

स्पर्शतः गुरुको यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ३६ ॥

स्पर्शतः लघुको यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ३७ ॥

स्पर्शतः शीतो यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ३८ ॥

स्पर्शतः उष्णो यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ३९ ॥

स्पर्शतः स्निग्धो यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ४० ॥

स्पर्शतः रूक्षो यस्तु, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः संस्थानतोऽपि च ॥ ४१ ॥

परिमण्डलसंस्थानो, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः स्पर्शतोऽपि च ॥ ४२ ॥

संस्थानतो भवेद्वृत्तो, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः स्पर्शतोऽपि च ॥ ४३ ॥

संस्थानतो भवेत् त्र्यस्रो, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः स्पर्शतोऽपि च ॥ ४४ ॥

संस्थानतश्च चतुरस्रः, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः स्पर्शतोऽपि च ॥ ४५ ॥

ये आयतसंस्थानो, भाज्यः स तु वर्णतः ।
गन्धतः रसतश्चैव, भाज्यः स्पर्शतोऽपि च ॥ ४६ ॥ ॥ चतुर्विंशतिभिःकुलकम् ॥

**અર્થ –** વર્ણની અપેક્ષાએ જે સ્કંધાદિ નીલ-ભૂરો છે, તે ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનથી ભાજ્ય અર્થાત્ ગંધાદિમાં વિકલ્પ છે. નિયમ નથી.

ગમે તે વર્ણની અપેક્ષાએ સ્કંધાદિ લાલ-પીળો-શ્વેત છે. તે ગમે તે ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનવાળો હોય છે.

ગમે તે ગંધની અપેક્ષાએ સ્કંધાદિ સુગંધી કે દુર્ગંધી છે, તે ગમે તે વર્ણ-રસ-સ્પર્શ-સંસ્થાનવાળો હોય છે.

ગમે તે રસની અપેક્ષાએ જે સ્કંધાદિ તીખો-કડવો-તુરો-ખાટો-મીઠો હોય, તે ગમે તે વર્ણ-ગંધ-સ્પર્શ-સંસ્થાનવાળો હોય છે.

ગમે તે સ્પર્શની અપેક્ષાએ જે સ્કંધાદિ કઠિન-કોમળ-ભારે-હલકો-ઠંડો-ગરમ-ચીકણો-લૂખો હોય, તે ગમે તે વર્ણ-ગંધ-રસ-સંસ્થાનવાળો હોય છે.

ગમે તે સંસ્થાનની અપેક્ષા જે સ્કંધાદિ પરિમંડલ-વૃત્તિ-ત્રિકોણ-ચતુષ્કોણ કે આયત સંસ્થાનવાળો છે, તે ગમે તે કોઈ એક વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળો હોય છે. (૨૩ થી ૪૬-૧૪૬૧ થી ૧૪૮૪)

**एसा अजीवपविभत्ती, समासेण विआहिआ ।**
**एसो जीवविभत्तीं, वुच्छामि अणुपुव्वसो ॥ ४७ ॥**

**एषाऽजीवप्रविभक्तिः, समासेन व्याख्याता ।**
**एषः जीवविभक्तिं, वक्ष्याम्यानुपूर्व्या ॥ ४७ ॥**

**અર્થ –** આ અજીવવિભક્તિને સંક્ષેપથી કહેલ છે. હવે જીવવિભક્તિને ક્રમસર હું કહીશ. (૪૭-૧૪૮૫)

**संसारत्था य सिद्धा य, दुविहा जीवा विआहिआ ।**
**सिद्धाऽणेगविहा वुत्ता, तं मे कित्तयओ सुण ॥ ४८ ॥**

**संसारस्थाश्च सिद्धाश्च, द्विविधा जीवा व्याख्याताः ।**
**सिद्धाः अनेकधा उक्ताः, तान्मे कीर्त्तयतः श्रृणु ॥ ४८ ॥**

**અર્થ –** જીવો સંસારી અને સિદ્ધ-એમ બે પ્રકારના કહેલ છે. તેમાં અલ્પ વક્તવ્યતા હોવાથી શરૂઆતમાં સિદ્ધોને કહે છે. 'સિદ્ધો અનેક પ્રકારના કહેલ છે.' તે સિદ્ધોના પ્રકારોને કહેનાર મારી પાસેથી હે શિષ્ય ! તું સાંભળ ! (૪૮-૧૪૮૬)

**इत्थी पुरिस सिद्धा य, तहेव य नपुंसगा ।**
**सलिंगे अन्नलिंगे अ, गिहिलिंगे तहेव य ॥ ४९ ॥**

**स्त्रीपुरुषसिद्धाश्च, तथैव च नपुंसकाः ।**
**स्वलिङ्गेऽन्यलिङ्गे च, गृहिलिङ्गे तथैव च ॥ ४९ ॥**

**અર્થ** – પૂર્વભાવની અપેક્ષાએ સ્ત્રીસિદ્ધો, પુરૂષસિદ્ધો, નપુંસકસિદ્ધો, સાધુવેષમાં-સ્વલિંગસિદ્ધો, શાક્યાદિ વેષ રૂપ અન્યલિંગસિદ્ધો અને ગૃહસ્થવેષ રૂપ ગૃહલિંગસિદ્ધો, તેમજ બીજા પણ ભેદો સિદ્ધોના સમજવા. (૪૯-૧૪૮૭)

**उक्कोसोगाहणाए अ, जहन्नमज्झिमाइ अ ।**
**उड्ढे अहे अ तिरिअं च, समुद्दंमि जलंमि अ ॥ ५० ॥**

**उत्कृष्टावगाहनायां च, जघन्यमध्यमायां च ।**
**उर्ध्वमधश्च तिर्यक् च, समुद्रे जले च ॥ ५० ॥**

**અર્થ** – પાંચશો ધનુષ્યમાનવાળી ઉત્કૃષ્ટ અવગાહનામાં અને બે હાથના માનવાળી જઘન્ય અવગાહનામાં, તેમજ ઉત્કૃષ્ટથી નીચેની અને જઘન્યથી ઉપરની અવગાહનામાં સિદ્ધો બને છે. મેરૂચૂલિકાદિ રૂપ ઊર્ધ્વલોકમાંથી, અધોલૌકિક ગ્રામ રૂપ અધોલોકમાંથી, તેમજ અઢી દ્વીપ અને બે સમુદ્ર રૂપ તિર્યગ્લોકમાંથી સિદ્ધો બને છે. ત્યાં પણ કેટલાક સમુદ્રમાંથી અને કેટલાક નદી વગેરે સંબંધી જલમાંથી સિદ્ધો બને છે. (૫૦-૧૪૮૮)

**दस चेव नपुंसेसु, वीसई इत्थिआसु अ ।**
**पुरिसेसु अ अट्ठसयं, समएणेगेण सिज्झई ॥ ५१ ॥**

**चत्तारि अ गिहिलिंगे, अन्नलिंगे दसेव य ।**
**सलिंगेण य अट्ठसयं, समएणेगेण सिज्झई ॥ ५२ ॥**

**उक्कोसोगाहणाए उ, सिज्झंते जुगवं दुवे ।**
**चत्तारि जहण्णाए, जवमज्झट्ठुत्तरं सयं ॥ ५३ ॥**

**चउरुड्ढलोए अदुवे समुद्दे, तओ जले वीसमहे तहेव य ।**
**सयं च अट्ठुत्तर तिरिअलोए, समएणेगेण उ सिज्झई धुवं ॥ ५४ ॥**

**॥ चतुर्भिःकुलकम् ॥**

**दश च नपुंसकेषु, विंशतिः स्त्रीषु च ।**
**पुरुषेषु चाष्टोत्तरशतं, समयेनैकेन सिध्यति ॥ ५१ ॥**

**चत्वारश्च गृहिलिङ्गेऽन्यलिङ्गे दशैव च ।**
**स्वलिङ्गेन चाष्टोत्तरशतं, समयेनैकेन सिद्ध्यन्ति ॥ ५२ ॥**

**उत्कृष्टावगाहनायां तु, सिद्ध्यन्ते युगपद् द्वौ ।**
**चत्वारो जघन्यायां, यवमध्यमष्टोत्तरं शतम् ॥ ५३ ॥**

**चत्वार उर्ध्वलोके च द्वौ समुद्रे, ततः जले विंशतिरधसि तथैव ।**
**शतं चाष्टोत्तरं तिर्यग्लोके, समयेनैकेन तु सिद्ध्यन्ति ध्रुवम् ॥ ५४ ॥ चतुर्भिःकुलकम् ॥**

**અર્થ** – એક સમયમાં ઉત્કૃષ્ટથી નપુંસકો (કૃત્રિમ જ લેવા. જન્મનપુંસકોમાં પ્રવ્રજ્યા પરિણામનો અભાવ હોય છે.) દશ સ્ત્રીઓ વીશ અને પુરૂષો એકસો-આઠ સિદ્ધ થાય છે. ગૃહિ લિંગમાંથી ચાર, અન્ય લિંગમાંથી દશ અને સ્વલિંગમાંથી એકસોઆઠ સિદ્ધ થાય છે. ઉત્કૃષ્ટ અવગાહનામાં એકી સાથે બે, જઘન્યમાં ચાર અને મધ્યમાં એકસોઆઠ સિદ્ધ થાય છે. એક સમયમાં ઊર્ધ્વલોકમાંથી ચાર, સમુદ્રમાંથી બે, જલમાંથી વીશ, અધોલોકમાંથી વીશ અને તિર્યગ્લોકમાંથી એકસોઆઠ સિદ્ધ થાય છે. (૫૧ થી ૫૪-૧૪૮૯ થી ૧૪૯૨)

**कहिं पडिहया सिद्धा, कहिं सिद्धा पइट्ठिआ ।**
**कहिं बोंदिं चइत्ताणं, कत्थ गंतूण सिज्झइ ॥ ५५ ॥**

**अलोए पडिहया सिद्धा, लोअग्गे अ पइट्ठिआ ।**
**इहं बोंदिं चइत्ताणं तत्थ गंतूण सिज्झइ ॥ ५६ ॥ युग्मम् ॥**

**क्व प्रतिहताः सिद्धाः ?, क्व सिद्धाः प्रतिष्ठिताः ? ।**
**क्व बोन्दिं त्यक्त्वा नु ?, क्व गत्वा सिध्यन्ति ? ॥ ५५ ॥**

**अलोके प्रतिहताः सिद्धाः, लोकाग्रे च प्रतिष्ठिताः ।**
**इह बोन्दिं त्यक्त्वा नु, तत्र गत्वा सिध्यन्ति ॥ ५६ ॥ युग्मम् ॥**

**અર્થ** – પ્રશ્ન-સિદ્ધો ક્યાં જઈને અટક્યા છે ?, તેઓ સાદિ અનંતકાળ સુધી ક્યાં રહેલા છે ? તથા તેઓ ક્યાં શરીરને છોડીને ક્યાં જઈને સિદ્ધ-કૃતકૃત્ય બને છે ?

**ઉત્તર** – સિદ્ધો કેવલ અલોક આકાશમાં જઈને અટક્યા છે, કેમ કે-ત્યાં ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી સિદ્ધોની ગતિ નથી. સિદ્ધો સાદિઅનંતકાળ સુધી લોકના અગ્રે રહેલા છે, કેમ કે-જીવોની અધોગતિ અને તીર્ચ્છાગતિ કર્માધીન છે. સિદ્ધો કર્મરહિત હોઈ ઊર્ધ્વગતિગામી છે. અહીં તિર્યગ્લોક વગેરેમાં શરીર છોડી, ત્યાં લોકના અગ્રભાગ ઉપર જઈને કૃતકૃત્ય-સિદ્ધ બને

છે. અહીં જે સમયમાં શરીરનો ત્યાગ, તે જ સમયમાં મોક્ષ, લોકાગ્રે ગમન અને સિદ્ધપણું સમજવું. (૫૫+૫૬-૧૪૯૩+૧૪૯૪)

**बारसहिं जोअणेहिं, सव्वट्ठस्सुवरिं भवे ।**
**इसीपब्भारनामा उ, पुढवी छत्तसंठिआ ॥ ५७ ॥**

**पणयालसयसहस्सा, जोअणाणं तु आयया ।**
**तावइअं चेव विच्छिण्णा, तिगुणो तस्सेव परिरओ ॥ ५८ ॥**

**अट्ठजोअणबाहल्ला सा मज्झंमि विआहिआ ।**
**परिहायंती चरिमंते, मच्छिपत्ताओ तणुअतरी ॥ ५९ ॥**

**अज्जुणसुवण्णगमई, सा पुढवी निम्मला सहावेणं ।**
**उत्ताणगच्छत्तसंठिआ य, भणिआ जिणवरेहिं ॥ ६० ॥**

**संखंककुंदसंकासा, पंडुरा निम्मला सुभा ।**
**सीआए जोअणे तत्तो, लोअंगो उ विआहिओ ॥ ६१ ॥ पंचभिःकुलकम् ॥**

**द्वादशिभिर्योजनैः, सर्वार्थस्योपरि भवेत् ।**
**ईषत्प्राग्भारनामा तु, पृथिवी छत्रसंस्थिता ॥ ५७ ॥**

**पञ्चचत्वारिंशत् शतसहस्राणि, योजनानां तु आयता ।**
**तावतश्चैव विस्तीर्णा, त्रिगुणस्तस्मात्परिरयः ॥ ५८ ॥**

**अष्टयोजनबाहल्या, सा मध्ये व्याख्याता ।**
**परिहीयमाना चरमान्तेषु, मक्षिकापत्रादपि तनुकतरा ॥ ५९ ॥**

**अर्जुनसुवर्णकमयी, सा पृथ्वी निर्मला स्वभावेन ।**
**उत्तानकच्छत्रसंस्थिताश्च, भणिता जिनवरैः ॥ ६० ॥**

**शङ्खाऽङ्ककुन्दसङ्काशा, पाण्डुरा निर्मला शुभा ।**
**शीतायाः योजने ततः, लोकान्तस्तु व्याख्यातः ॥ ६१ ॥ पञ्चभिःकुलकम् ॥**

**અર્થ –** સર્વાર્થ અનુત્તર વિમાન ઉપર બાર યોજન બાદ ઈષત્પ્રાગ્ભાર નામની છત્રના આકારવાળી પૃથ્વી છે. તે પૃથ્વી પિસ્તાલીશ લાખ યોજન લાંબી અને લંબાઈ કરતાં ત્રણ ગુણી પહોળી પરિધિવાળી છે. (એક ક્રોડ, બેંતાલીશ લાખ, ત્રીશ હજાર, બસોઓગણપચાશ જોજન, આ પરિધિમાન છે.) અહીં ત્રિગુણ કહેલ છે, છતાં વિશેષાધિક સમજવાની છે. આ પૃથ્વી મધ્ય પ્રદેશમાં આઠ જોજન જાડી છે. અનુક્રમે પાતળી થતાં થતાં સકલ

દિશાઓમાં રહેલ પર્યંતપ્રદેશ રૂપ ચરમાન્તોમાં તે માખીની પાંખ કરતાં પણ વધુ પાતળી છે. પહેલાં તે છત્ર સરખી સામાન્યથી કહી. અહીં વિશેષ ચત્તા રાખેલ છત્ર સરખી પૃથ્વી છે. અર્જુનસુવર્ણ-શ્વેતસુવર્ણમયી, સ્વભાવથી નિર્મલ (સુરભિ ગંધયુક્ત-મનોહર) અને ઉત્કૃષ્ટ તેજથી તે દેદીપ્યાન છે-એમ શ્રી જિનવરોએ કહેલ છે. તે શંખ-અંક-કંદપુષ્પ સરખી શુક્લ-શુભ છે. તેનું બીજું નામ શીતા છે. એવી પૃથ્વીના ઉપર યોજનામાં લોકાન્ત કહેલ છે. (૫૭ થી ૬૧-૧૪૯૫ થી ૧૪૯૯)

**जोअणस्स उ जो तस्स, कोसो उवरिमो भवे ।**
**तस्स कोसस्स छब्भाए, सिद्धाणोगाहणा भवे ॥ ६२ ॥**

**तत्थ सिद्धा महाभागा, लोगग्गंमि पइट्ठिआ ।**
**भवप्पपंचउम्मुक्का, सिद्धिं वरगइं गया ॥ ६३ ॥**

**उस्सेहो जस्स जो होइ, भवम्मि चरिमम्मि अ ।**
**तिभागहीणा तत्तो अ, सिद्धाणोगाहणा भवे ॥ ६४ ॥**

**एगत्तेण साईआ, अपज्जवसिआवि अ ।**
**पुहत्तेण अणाईआ, अपज्जवसिआवि अ ॥ ६५ ॥**

**अरूविणो जीवघणा, नाणदंसणसन्निआ ।**
**अउलं सुहसंपत्ता, उवमा जस्स नत्थि उ ॥ ६६ ॥**

**लोएगदेसे से सव्वे, नाणदंसणसन्निआ ।**
**संसारपारनित्थिण्णा, सिद्धिं वरगइं गया ॥ ६७ ॥ षड्भिःकुलकम् ॥**

योजनस्य तु यस्तस्य, क्रोश उपरिमो भवेत् ।
तस्य क्रोशस्य षड्भागे, सिद्धानामवगाहना भवेत् ॥ ६२ ॥

तत्र सिद्धा महाभाग, लोकाग्रे प्रतिष्ठिताः ।
भवप्रपञ्चोन्मुक्ताः, सिद्धिं वरगतिं गताः ॥ ६३ ॥

उत्सेधो यस्य यो भवति, भवे चरमे तु ।
त्रिभागहीना ततश्च, सिद्धानामवगाहना भवेत् ॥ ६४ ॥

एकत्वेन सादिकाः, अपर्यवसिताऽपि च ।
पृथक्त्वे अनादिका, अपर्यवसिताऽपि च ॥ ६५ ॥

अरूपिणो जीवघनाः, ज्ञानदर्शनसंज्ञिताः ।
अतुलं सुखं संप्राप्ता उपमा यस्य नास्ति तु ॥ ६६ ॥

**लोकैकदेशे ते सर्वे, ज्ञानदर्शनसंज्ञिताः ।**
**संसारपारं निस्तीर्णाः, सिद्धिं वरगतिं गताः ॥ ६७ ॥ षड्भिःकुलकम् ॥**

**અર્થ** – સિદ્ધશિલાની ઉપર એક યોજનને વિષે જે એક ગાઉ છે, તે ગાઉના છઠ્ઠા ભાગમાં સિદ્ધોની અવગાહના છે. અર્થાત્ તે યોજનના તેવીશ ભાગ ખાલી છે અને એક ચોવીશમા ભાગમાં સિદ્ધોની અવગાહના છે. તે આ પ્રમાણે-એક ગાઉના બે હજાર ધનુષ થાય છે. તેનો છઠ્ઠો ભાગ ત્રણસો-તેત્રીશ ધનુષ ઉપરાન્ત અર્ધ ધનુષના ત્રણ ભાગ કરે તેવા બે ભાગ થાય છે. સિદ્ધ પરમાત્માના આત્મપ્રદેશોની અવગાહના ઉત્કૃષ્ટથી પણ એટલી જ (બત્રીશ અંગુલ, તેત્રીશ ધનુષથી અધિક ત્રણસો ધનુષની) હોય છે.

ત્યાં યોજનના એક ગાઉના છઠ્ઠા ભાગે અતિશય અચિન્ત્ય શક્તિવાળા-મહાભાગ સિદ્ધો લોકના અગ્રે પ્રતિષ્ઠિત છે. તે ભવ-પ્રપંચથી નિર્મુક્ત બનેલા અને વરગતિ-સિદ્ધિને પામેલા કહેવાય છે. ચરમ ભવમાં સિદ્ધોના શરીરની ઊંચાઈ જે પરિમાણવાળી છે, તેના કરતાં ત્રીજા ભાગે ન્યૂન સિદ્ધોની અંવગાહના છે, કેમ કે-શરીરના ત્રીજા ભાગ રૂપ શરીરની અંદર રહેલ છિદ્રો પૂરેલ છે.

એક જીવની અપેક્ષાએ જે કાળમાં તેઓ સિદ્ધ થાય છે, તે કાળે તેઓની આદિ છે અને કદાચિત્ મુક્તિથી ભ્રષ્ટ નહિ થનાર હોઈ અનંત છે. સકલ સિદ્ધોની અપેક્ષાએ સિદ્ધો અનાદિઅનંત છે. આ સિદ્ધો રૂપ-રસાદિથી રહિત હોઈ અરૂપી છે. સતત્ ઉપયોગ હોઈ તે છિદ્રો પૂરવા દ્વારા નિચિત પ્રદેશવાળા હોઈ જીવઘન છે અને જ્ઞાન-દર્શન રૂપ સંજ્ઞાવાળા હોઈ જ્ઞાન-દર્શનસંજ્ઞિત છે, અર્થાત્ જ્ઞાન-દર્શન ઉપયોગ રૂપ અનન્ય સ્વરૂપવાળા છે. તે સુખની ઉપમા નથી તેવા અતુલ સુખને તેઓ પામે છે. તે સઘળા સિદ્ધો લોકના એક દેશ રૂપ લોકાગ્રે રહેલ છે. આવા નિરૂપણથી સઘળે ઠેકાણે મુક્તો-ઈશ્વર છે-એ મતનું ખંડન કર્યું. જ્ઞાન-દર્શનસંજ્ઞિતા, એવા વિશેષણથી જ્ઞાનના ઉચ્છેદમાં મુક્તિ છે-એવા મતનું ખંડન કર્યું. 'સંસારના પારને પામેલા સિદ્ધો છે'-એવા કથનથી, જેઓ માને છે કે-ઈશ્વર અવતાર લે છે-એવા મતનું ખંડન કર્યું છે. અર્થાત્ પુનઃ આગમનના અભાવ રૂપ વિશેષતાથી સંસારનું અતિક્રમણ કરનારા સિદ્ધો છે. 'વરગતિ રૂપ સિદ્ધિને પામેલા સિદ્ધો છે'-એવા વિશેષણથી ક્ષીણકર્મવાળાનું પણ સ્વભાવથી જ ઉત્પત્તિ સમયમાં લોકાગ્રગમન સુધી સક્રિયત્વ પણ છે-એમ જણાવાય છે. (૬૨ થી ૬૭-૧૫૦૦ થી ૧૫૦૫)

संसारत्था उ जे जीवा, दुविहा ते विआहिआ ।
तसा य थावरा चेव, थावरा तिविहा तहिं ॥ ६८ ॥

पुढवी आउ जीवा य, तहेव य वणस्सई ।
इच्चेते थावरा तिविहा, तेसिं भेए सुणेह मे ॥ ६९ ॥ युग्मम् ॥

संसारस्थास्तु ये जीवा, द्विविधास्ते व्याख्याताः ।
त्रसाश्च स्थावराश्चै स्थावरास्त्रिविधास्तत्र ॥ ६८ ॥

पृथ्व्यब्जीवाश्च, तथैव च वनस्पतिः ।
इत्येते स्थावरास्त्रिविधास्तेषां भेदान् श्रृणुत मे ॥ ६९ ॥ युग्मम् ॥

अर्थ – ત્રસ અને સ્થાવરના ભેદથી સંસારી જીવો બે પ્રકારના કહેલ છે. પૃથ્વી, અપ્ અને વનસ્પતિકાય ભેદથી સ્થાવરો ત્રણ પ્રકારના છે. અહીં તેજસ અને વાયુકાયને ગતિ ત્રસ હોવાના કારણે સ્થાવર મધ્યે કહેલ નથી. હવે તે પૃથ્વીકાય વગેરે ભેદોને કહેનાર એવા મારી પાસેથી તમે સાંભળો ! (૬૮+૬૯-૧૫૦૬+૧૫૦૭)

दुविहा पुढवीजीवा उ, सुहुमा बायरा तहा ।
पज्जत्तमपज्जत्ता, एवमे दुहा पुणो ॥ ७० ॥

बायरा जे उ पज्जत्ता, दुविहा ते विअगहिआ ।
सण्हा खरा य बोधव्वा, सण्हा सत्तविहा तहिं ॥ ७१ ॥

किण्हा नीला य रुहिरा य, हालिद्दा सुक्कि तहा ।
पंडू पणगमट्टीआ, खरा छत्तीसईविहा ॥ ७२ ॥

पुढवी स सक्करा वालुगा य, उवले सिलाय लोणूसे ।
अयतंबतउअसीसगरुप्पसुवण्णे य वइरेअ ॥ ७३ ॥

हरिआले हिंगुलए, मनोसिला सासगंजणा पवाले ।
अब्भपडलब्भवालुअ, बायरकाए मणिविहाणा ॥ ७४ ॥

गोमेज्जए अ रुअगे, अंके फलिहे अ लोहिअक्खे अ ।
मरगयमसारगल्ले, भुअभोअग इंदनीले अ ॥ ७५ ॥

चंदण गेरुयहंसगब्भपुलए सोगंधिए अ बोधव्वे ।
चंदप्पभ वेरुलिए, जलकंते सूरकंते अ ॥ ७६ ॥ सप्तभिःकुलकम् ॥

**द्विविधाः पृथिवीजीवास्तु, सूक्ष्माः बादरास्तथा ।**
**पर्याप्तमपर्याप्ता, एवमेते द्विधाः पुनः ॥ ७० ॥**

**बादराः ये तु पर्याप्ताः द्विविधास्ते व्याख्याताः ।**
**श्लक्ष्णाः खराश्च बोद्धव्या, श्लक्ष्णास्सप्तविधाः ॥ ७१ ॥**

**कृष्णा नीला श्च रुधिराश्च, हारिद्रा शुक्लास्तथा ।**
**पाण्डुः पनकमृत्तिका, खरा षट्त्रिंशद्विधाः ॥ ७२ ॥**

**पृथिवी च शर्करा वालुका चोपलो शिला च लवणमुषः ।**
**अयस्ताम्रत्रपुकसीसकरूप्य सुवर्णानि च वज्रं च ॥ ७३ ॥**

**हरितालो हिंगुलको, मनःशिला सासकोऽञ्जनं प्रवालम् ।**
**अभ्रपटलमभ्रवाळुका, बादरकाये मणिविधानानि ॥ ७४ ॥**

**गोमेदक श्च रुचकोऽङ्कस्स्फटिकश्च लोहिताक्षश्च ।**
**मरकतो मसारगल्लो, भुजमोचक ईन्द्रनील श्च ॥ ७५ ॥**

**चन्दनो गेरुगो हंसगर्भः, पुलकः सौगन्धिकश्च बोद्धव्यः ।**
**चन्द्रप्रभो वैडुर्यो, जलकान्तः सूरकान्त श्च ॥ ७६ ॥सप्तभिर्कुलकम् ॥**

**અર્થ –** પૃથિવી જીવો, સૂક્ષ્મ નામકર્મના ઉદયથી સૂક્ષ્મ અને બાદર નામકર્મના ઉદયથી બાદર-એમ બે પ્રકારના છે. સૂક્ષ્મ અને બાદર પૃથ્વી જીવો પણ પર્યાપ્તિવાળા (આહાર-શરીર-ઇન્દ્રિય-ઉચ્છ્વાસ-ભાષા-મનની નિષ્પત્તિ હેતુભૂત દલિક રૂપ પર્યાપ્તિવાળા) પર્યાપ્ત અને પર્યાપ્તિની પૂર્ણતા વગરના અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. વળી પર્યાપ્ત પૃથ્વી જીવો પણ બે પ્રકારના છે. (૧) ચૂર્ણિત ઢેફા સરખી કોમલ પૃથ્વી અર્થાત્ કોમલ પૃથ્વી આત્મકજીવો પણ ઉપચારથી કોમલ કહેવાય છે. આ પ્રમાણે આગળ ઉપર પણ સમજવું. (૨) ખર એટલે કઠિન પૃથ્વી. કોમલ પૃથ્વી સાત પ્રકારની છે. (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) લાલ, (૪) પીળી, (૫) શુક્લ, (૬) પાંડુર-થોડી ધોળી, અને (૭) અત્યંત સૂક્ષ્મ રજ રૂપ પનક રૂપી મૃત્તિકા. કઠિન પૃથ્વી છત્રીશ પ્રકારની છે. (૧) શુદ્ધ પૃથ્વી, (૨) નાના નાના પત્થરોના ટૂકડારૂપ શર્કરા, (૩) રેતી, (૪) પર્વતમાંથી છૂટા પડેલા મોટા પત્થરો-ગંડશૈલ વગેરે, (૫) શિલ-પત્થર, (૬) સમુદ્રલવણ-મીઠું, (૭) ઊષ-ખારી જમીન, (૮) ખારી માટી, (૯) લોખંડ, (૧૦) તાંબુ, (૧૧) કલાઇ, (૧૨) સીસું, (૧૩) રૂપું, (૧૪) સોનું, (૧૫) હીરો, (૧૬) હરિતાલ, (૧૭) હિંગલોક, (૧૮) મનશીલ, (૧૯) પારો, (૨૦) અંજન-

સુરમો આદિ, (૨૧) પરવાળા, (૨૨) અબરખ, (૨૩) અબરખમિશ્રિત વાલુકા (આ ભેદો કહ્યા, તેમજ હવે બાદર પૃથ્વીકાયમાં મણિભેદોને કહે છે.) (૨૪) ગોમેધક-લસણિયું, (૨૫) રૂચક, (૨૬) અંક, (૨૭) સ્ફટિક, (૨૮) લોહિતાક્ષ, (૨૯) મરકત, (૩૦) મસારગલ્લ, (૩૧) ભુજમોચક, (૩૨) ઈન્દ્રનીલ, (૩૩) ચંદન, (૩૪) ગેરૂ, (૩૫) હંસગર્ભ, (૩૬) પુલક, (૩૭) સૌગંધિક, (૩૮) ચન્દ્રકાન્ત, (૩૯) વૈડૂર્ય, (૪૦) જલકાન્ત, (૪૧) સૂર્યકાન્ત. અર્થાત્ પૃથ્વી વગેરે, (૧૪) હરિતાલ વગેરે (૮) અને ગોમેદક વગેરે ક્વચિત્ કથંચિત્ કોઈનામાં અંતર્ભાવ થતો હોવાથી (૧૪), એમ મળીને છત્રીશ ભેદો કહેવાય છે. (૭૦ થી ૭૬-૧૫૦૮ થી ૧૫૧૪)

**एते खरपुढवीए, भेआ छत्तीसमाहिआ ।**
**एगविहमनाणत्ता, सुहुमा तत्थ विआहिआ ॥ ७७ ॥**

**सुहुमा य सव्वलोगंमि, लोगदेसे अ बायरा ।**
**एत्तो कालविभागं तु, तेसिं वोच्छं चउव्विहं ॥ ७८ ॥**

**संतइ पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।**
**ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ ७९ ॥**

**बावीस सहस्साइं, वासाणुक्कोसिआ भवे ।**
**आउठिई पुढवीणं, अंतोमुहुत्तं जहन्नगं ॥ ८० ॥**

**असंखकालमुक्कोसं, अंतोमुहुत्त जहन्नगा ।**
**कायठिई पुढवीणं, तं कायं तु अमुंचओ ॥ ८१ ॥**

**अणंतकाल मुक्कोसं, अंतोमुहुत्तं जहन्नगं ।**
**विजढम्मि सए काए, पुढवीजीवाण अंतरं ॥ ८२ ॥**

**एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥ ८३ ॥ सप्तभिःकुलकम् ॥**

एते खरपृथ्व्या, भेदाः षट्त्रिंशदाख्याताः ।
एकविधाः अनानात्वात्, सूक्ष्मास्तत्र व्याख्याताः ॥ ७७ ॥

सूक्ष्माः सर्वलोके, लोकदेशे च बादराः ।
इतः कालविभागं तु, तेषां वक्ष्ये चतुर्विधम् ॥ ७८ ॥

सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ ७९ ॥

द्वाविंशतिसहस्त्राणि, वर्षाणामुत्कृष्टा भवेत् ।
आयुस्स्थितिः पृथिवीनामन्तर्मुहूर्त्तं जघन्यका ॥ ८० ॥

असङ्ख्यकालमुत्कृष्टाऽन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
कायस्थितिः पृथिवीनां, तं कायं त्वमुञ्चतः ॥ ८१ ॥

अनंतकालमुत्कृष्टाऽन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
त्यक्ते स्वके काये, पृथिवीजीवानामन्तरम् ॥ ८२ ॥

एतेषां वर्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।
संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्त्रशः ॥ ८३ ॥ सप्तभिःकुलकम् ॥

**અર્થ** – આ ખર પૃથ્વીના છત્રીશ ભેદો કહેલ છે. નાનાપણું નહિ હોવાથી સૂક્ષ્મ પૃથ્વીકાયજીવો એક જ-સૂક્ષ્મ પ્રકારના છે-એમ કહેલ છે. ક્ષેત્રની અપેક્ષાએ સૂક્ષ્મ પૃથ્વીકાય જીવો સર્વલોકમાં છે અને બાદર પૃથ્વીકાય જીવો રત્નપ્રભા પૃથિવી આદિ રૂપ લોકના એક દેશમાં છે. હવે તે પૃથ્વીકાય જીવોના ચાર પ્રકારના કાલવિભાગને હું કહીશ. પ્રવાહની અપેક્ષાએ પૃથ્વીકાય જીવો અનાદિ-અનંત છે, કેમ કે-પ્રવાહથી પૃથ્વીકાયિક જીવોનો કદાપિ અસંભવ નથી. વળી તે ભવસ્થિતિ, અને કાયસ્થિતિ રૂપ સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત પણ છે.

**પૃથ્વીકાય જીવોની કાયસ્થિતિ**-પૃથ્વી રૂપ કાયને નહિ છોડનારા અને મરી મરીને ત્યાં જ ઉત્પન્ન થનારા પૃથ્વીકાય જીવોની કાયસ્થિતિ, ઉત્કૃષ્ટથી અસંખ્યાત લોકાકાશ પ્રાણ ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ અસંખ્યાત કાળની, જ્યારે જઘન્યથી અંતર્મુહૂર્ત્ત પ્રમાણવાળી છે.

**પૃથ્વીકાય જીવોની ભવસ્થિતિ**-ઉત્કૃષ્ટ બાવીશહજાર વર્ષોનું અને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું આયુષ્ય છે.

**અંતરકાલદ્વાર**-અસંખ્યાત પુદ્ગલપરાવર્ત્તનરૂપ અનંતકાળનું અંતર ઉત્કૃષ્ટ છે, જ્યારે જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્તનું છે. અર્થાત્ જઘન્ય કે ઉત્કૃષ્ટથી પૂર્વોક્ત કાળસુધી પૃથ્વીજીવ, બીજી કાયોમાં ફરી ફરીને પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય છે. આ પૃથ્વીકાય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અને સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૭૭ થી ૮૩-૧૫૧૫ થી ૧૫૨૧)

**दुविहा आउजीवा उ, सुहुमा बायरा तहा ।**
**पज्जत्तमपज्जत्ता, एवमेए दुहा पुणो ॥ ८४ ॥**

बायरा जे उ पज्जत्ता, पंचहा ते पकित्तिआ ।
सुद्धोदए अ उस्से, हरतणू महिमा ( हिमे ) वि अ ॥ ८५ ॥
एगविहमनाणत्ता, सुहुमा तत्थ विआहिआ ।
सुहुमा सव्वलोगम्मि, लोगदेसे अ बायरा ॥ ८६ ॥
संतइं पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।
ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ ८७ ॥
सत्तेव सहस्साइं, वासाणुक्कोसिआ भवे ।
आउठिई आऊणं, अंतोमुहुत्तं जहन्निआ ॥ ८८ ॥
असंखकालमुक्कोसं, अंतोमुहुत्तं जहन्निआ ।
कायठिई आऊणं तं कायं तु अमुंचओ ॥ ८९ ॥
अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहन्नगं ।
विजढम्मि सए काए, आऊ जीवाण अंतरं ॥ ९० ॥
एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥ ९१ ॥ अष्टभिःकुलकम् ॥

द्विविधाः अप्जीवास्तु, सूक्ष्माः बादरास्तथा ।
पर्याप्ताऽपर्याप्ता, एवमेते द्विधा पुनः ॥ ८४ ॥
बादरा ये तु पर्याप्ताः, पञ्चधा ते प्रकीर्तिताः ।
शुद्धोदकं चावश्यायो, हरतनुः महिका ( हिमं ) अपि च ॥ ८५ ॥
एकविधाः अनानात्वात्, सूक्ष्मास्तत्र व्याख्याताः ।
सूक्ष्माः सर्वलोके, लोकदेशे च बादराः ॥ ८६ ॥
सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ ८७ ॥
सप्तैव सहस्राणि, वर्षाणामुत्कृष्टा भवेत् ।
अप्स्थितिरायुषोऽन्तर्मुहूर्त्तं जघन्यका ॥ ८८ ॥
असङ्ख्यकालमुत्कृष्टाऽन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
कायस्थितिरपां तं कायं त्वमुञ्चतः ॥ ८९ ॥
अनन्तकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
त्यक्ते स्वके काये, अप्जीवानामन्तरम् ॥ ९० ॥

**एतेषां वर्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।**
**संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्रशः ॥ ९१ ॥ अष्टभिःकुलकम् ॥**

**અર્થ** – અપ્‌કાય જીવો સૂક્ષ્મ અને બાદર ભેદથી બે પ્રકારના છે. સૂક્ષ્મ-બાદર અપ્‌કાય જીવો પણ પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારે છે. જે બાદર અપ્‌કાય જીવો પર્યાપ્ત છે, તે પાંચ પ્રકારના કહેલ છે. (૧) શુદ્ધોદક-વરસાદનું પાણી, (૨) ઝાકળ, (૩) પ્રાતઃકાળમાં સ્નિગ્ધ પૃથ્વીજન્ય-ઘાસના અગ્રભાગ ઉપર રહેલ જલબિંદુઓ, (૪) ધુમ્મસ-ધૂમર, અને (૫) બરફ.

સૂક્ષ્મ અપ્‌કાય જીવો નાનાપણાનો અભાવ હોઈ એક પ્રકારના છે. સૂક્ષ્મ અપ્‌કાય જીવો સર્વલોકમાં છે, જ્યારે બાદર અપ્‌કાય જીવો લોકના દેશમાં છે. અપ્‌કાય જીવો પ્રવાહની અપેક્ષાએ અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. અપ્‌કાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત હજાર વર્ષનું અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું છે. અપ્‌કાય જીવોની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ અસંખ્ય કાળની અને જઘન્ય અંતર્મુહૂર્તની છે. આ અપ્‌કાય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૮૪ થી ૯૧-૧૫૨૨ થી ૧૫૨૯)

**दुविहा वणस्सईजीवा, सुहुमा बायरा तहा ।**
**पज्जत्तमपज्जत्ता, एवमेए दुहा पुणो ॥ ९२ ॥**

**बायरा जे उ पज्जत्ता, दुविहा ते विआहिआ ।**
**साहारणसरीरा य, पत्तेगा य तहेव य ॥ ९३ ॥**

**पत्तेअसरीरा उ, णेगहा ते पकित्तिआ ।**
**रुक्खा गुच्छा य गुम्मा य, लया वल्ली तणा तहा ॥ ९४ ॥**

**वलयलया पव्वगा कुहणा, जलरुहा ओसही तहा ।**
**हरिअकाया य बोधव्वा, पत्तेआ इइ आहिया ॥ ९५ ॥ चतुर्भिःकुलकम् ॥**

**द्विविधाः वनस्पतिजीवाः, सूक्ष्मा बादरास्तथा ।**
**पर्याप्ताऽपर्याप्ताः, एवमेव द्विधा पुनः ॥ ९२ ॥**

**बादरा ये तु पर्याप्ता, द्विविधास्ते व्याख्याताः ।**
**साधारणशरीराश्च, प्रत्येकाश्च तथैव च ॥ ९३ ॥**

**प्रत्येकशरीरास्त्वनेकधा ते प्रकीर्तिताः ।**
**वृक्षाः गुच्छाश्च गुल्माश्च, लतावल्ल्यस्तृणानि तथा ॥ ९४ ॥**

**लतावलयानि पर्वजा कुहणा, जलरुहाः औषध्यस्तथा ।**
**हरितकायाश्च बोद्धव्याः, प्रत्येका इत्याख्याताः ॥ ९५ ॥ चतुर्भिःकुलकम् ॥**

**અર્થ** – વનસ્પતિકાયિક જીવો સૂક્ષ્મ-બાદર ભેદથી બે પ્રકારના છે. તે સૂક્ષ્મ-બાદર વનસ્પતિ જીવો પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. જે બાદરપર્યાપ્ત વનસ્પતિ જીવો છે, તે સાધારણ શરીરવાળા (જે અનંત જીવોનું એક શરીર હોય તે) અને પ્રત્યેક શરીરવાળા (એક શરીરમાં એક જીવ હોય તે)-એમ બે પ્રકારના છે. પ્રત્યેક શરીર વનસ્પતિ અનેક પ્રકારની કહેલ છે. (૧) આંબો વગેરે વૃક્ષો, (૨) જેનાં પાંદડાં ગુચ્છા રૂપ હોય તે 'ગુચ્છ' રીંગણી આદિ, (૩) જેમાં થડનો વિકાસ ન હોય પણ નીચેથી જ ડાળીઓ ફૂટે તે 'ગુલ્મ' બટમોગરો વગેરે, (૪) જે વૃક્ષ કે સ્તંભ આદિના આધારે ઉપર ચઢે તે 'લતા' ચંપકલતા વગેરે, (૫) મોટા ભાગે ભોંય ઉપર પથરાય તે 'વેલા' કાકડીનો વેલો વગેરે, (૬) 'તૃણ'-ઘાસ, જેમ કે-ડાભ વગેરે, (૭) 'લતાવલય'-નારીયેલી-કેળઆદિ, કે જેની છાલ ગોળ હોય તે 'વલય' : તેઓનું બીજી શાખાનો અભાવ હોવાથી 'લતાપણું' : વલયનો આકાર હોઈ 'વલયપણું' જાણવું. (૮) 'પર્વજ-પર્વ એટલે ગાંઠોમાંથી પેદા થયેલ શેરડી વગેરે, (૯) 'કુહન'-ભૂમિને ફોડીને નીકળનારી વનસ્પતિ-છત્રના આકારવાળા ભૂમિફોડા વગેરે, (૧૦) 'જલરૂહ'-જલમાં ઊગે તે કમળ આદિ, (૧૧) 'ઔષધિ'-ધાન્યવર્ગ ડાંગર-ઘઉં વગેરે, અને (૧૨) 'હરિતકાય'-શાકભાજી આદિ. આ પ્રમાણે પ્રત્યેક વનસ્પતિકાયના ભેદો કહ્યા. (૯૨ થી ૯૫-૧૫૩૦ થી ૧૫૩૩)

**साहारणसरीरा उ, णेगहा ते पकित्तिआ ।**
**आलूए मूलए चेव, सिंगबेरे तहेव य ॥ ९६ ॥**
**हिरिली सिरिली सिस्सिरिली, जावईकेअकंदली ।**
**पलंडू लसण कंदे, कंदली अ कुहुव्वए ॥ ९७ ॥**
**लोहणी हूआ थीहू अ, कु ( तु ) हगा य तहेव य ।**
**कण्हे य वज्जकन्दे य, कन्दे सूरणए तहा ॥ ९८ ॥**
**अस्सकण्णी अ बोधव्वा, सीह कण्णी तहेव य ।**
**मुसुंढा अ हिलद्दा य, णेगहा ए आयओ ॥ ९९ ॥ चतुर्भिःकलापकम् ॥**

**साधारणशरीरत्वेनैकधा ते प्रकीर्तिताः ।**
**आलुकमूलकश्चैव, श्रृङ्गबेरकं तथैव च ॥ ९६ ॥**

हिरिली सिरिली सिस्सिरीली, यावतिकश्च कन्दली ।
कृष्णश्च वज्रकन्दश्च, कन्दः सूरणस्तथा ॥ ९७ ॥
लोहिनीहुताक्षीहू च, कुहकाश्च तथैव च ।
कृष्णश्च वज्रकन्दश्च, कन्दस्सूरणस्तथा ॥ ९८ ॥
अश्वकर्णी च बोद्धव्या, सिंहकर्णी तथैव च ।
मुसुंढी च हरिद्रा चाऽनेकधा एवमादयः ॥ ९९ ॥ चतुर्भिःकलापकम् ॥

**અર્થ**—તે સાધારણ વનસ્પતિકાય રૂપ સાધારણ શરીરો અનેક પ્રકારના કહેલ છે. (૧) આલુક (ધોળું અને લાલ રતાળું, બટાટા વગેરે), (૨) મૂલક (મૂળાનો કંદ), (૩) શૃંગબેરક-લીલું આદુ, લીલી હળધર-લીલો કચૂરો, (૪) હરિલી, (૫) સિરિલી, (૬) સિસ્સિરિલી, (૭) યાવતિક, (૮) કંદલી, (૯) પલાંડુકંદ, (૧૦) લસણકંદ, (૧૧) કંદલી, (૧૨) કુહુવ્રત, (૧૩) લોહિનીકંદ, (૧૪) હુતાક્ષીકંદ, (૧૫) હુતકંદ, (૧૬) કુહકકંદ, (૧૭) કૃષ્ણકંદ, (૧૮) વ્રજકંદ, (૧૯) સૂરણ-જમીનકંદ, (૨૦) અશ્વકર્ણી, (૨૧) સિંહકર્ણી, (૨૨) મુસંઢી, અને (૨૩) હરિદ્રા; ઇત્યાદિ અનેક પ્રકારના સાધારણ શરીરો જાણવા. (૯૬ થી ૯૯-૧૫૩૪ થી ૧૫૩૭)

एगविहमनाणत्ता, सुहुमा तत्थ विआहिआ ।
सुहुमा सव्वलोगंमि, लोगदेसे अ बायरा ॥ १०० ॥
संतइं पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।
ठिइं पडुच्च साईआ, सपज्जवसिआ वि अ ॥ १०१ ॥
दस चेव सहस्साइं, वासाणुक्कोसिअं भवे ।
वणस्सईण आउं तु, अंतोमुहुत्तं जहन्नगं ॥ १०२ ॥
अणंतकालमुक्कोसा, अंतोमुहुत्तं जहण्णगा ।
कायठिई पणगाणं, तं कायं तु अमुंचओ ॥ १०३ ॥
असंखकालमुक्कोसं, अंतोमुहुत्तं जहन्नगं ।
विजढम्मि सए काए, पणगजीवाण अंतरं ॥ १०४ ॥
एएर्सि वण्णओ चेव गंधओ रस फासओ ।
संठाणादेसओ वावि विहाणाइं सहस्ससो ॥ १०५ ॥

**इच्चेते थावरा तिविहा, समासेण विआहिआ ।**
**एतो उ तसे तिविहे, वोच्छामि अणुपुव्वसो ॥ १०६ ॥ सप्तभिः कुलकम् ॥**

**एकविधाः अनानात्वात्, सूक्ष्मास्तत्र व्याख्याताः ।**
**सूक्ष्माः सर्वलोके, लोकदेशे च बादराः ॥ १०० ॥**

**सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।**
**स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १०१ ॥**

**दश चैव सहस्राणि, वर्षाण्युत्कृष्टा भवेत् ।**
**वनस्पतीनामायुस्त्वन्तर्मुहूर्त्तं जघन्यकम् ॥ १०२ ॥**

**अनन्तकालमुत्कृष्टाऽन्तर्मुहूर्त्तं जघन्यकम् ।**
**कायस्थितिः पनकानां, तं कायं त्वमुञ्चतः ॥ १०३ ॥**

**असङ्ख्यकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।**
**त्यक्ते स्वके काये, पनकजीवानामन्तरम् ॥ १०४ ॥**

**एतेषां वर्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।**
**संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्रशः ॥ १०५ ॥**

**इत्येते स्थावरास्त्रिविधाः, समासेन व्याख्याताः ।**
**इतस्तु त्रसान्त्रिविधान्वक्ष्याम्यानुपूर्व्या ॥ १०६ ॥ सप्तभिः कुलकम् ॥**

**અર્થ –** નાનાપણાનો અભાવ હોઈ, ત્યાં સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય જીવો એક પ્રકારના છે. (સર્વ સૂક્ષ્મોનું એકપણું છે, કેમ કે-તમામનું સાધારણ શરીરપણું છે.) તે સૂક્ષ્મો સર્વલોકમાં છે, જ્યારે બાદર સાધારણ વનસ્પતિકાય જીવો લોકના અમુક ભાગમાં છે. પ્રવાહની અપેક્ષાએ વનસ્પતિકાય જીવો અનાદિઅનંત છે. ભવસ્થિતિ-કાયસ્થિતિ રૂપ સ્થિતિની અપેક્ષાએ સાદિ-સાંત પણ છે. અહીં વનસ્પતિકાય જીવોનું ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષનું આયુષ્ય જે કહેલ છે, તે બાદરપર્યાપ્ત પ્રત્યેક શરીર વનસ્પતિકાય જીવોનું સમજવું. તે સિવાયના સાધારણ વનસ્પતિ વગેરે વનસ્પતિકાય જીવોનું અંતર્મુહૂર્ત્ત જઘન્ય જ આયુષ્ય જાણવું. વળી એ પ્રમાણે પૂર્વોક્ત પૃથ્વી-અપ્કાયનું અને કહેવાતા તેજસ્-વાયુકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય-જ્યેષ્ઠ સ્થિતિ સમજવી, નહિ કે અપર્યાપ્ત કે સૂક્ષ્મોનું. કાયસ્થિતિ-પનકોપલક્ષિત વનસ્પતિ રૂપ અનંતકાય (સાધારણ)ના જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી રૂપ અનંતકાળની છે, જ્યારે જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અહીં સામાન્યથી વનસ્પતિ જીવોની કે નિગોદની અપેક્ષાએ અનંતકાળની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કહે છે, પરંતુ વિશેષ

વિવક્ષામાં પ્રત્યેક વનસ્પતિ અને બાદર નિગોદની સિત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણવાળી કાયસ્થિતિ છે. સ્પૃષ્ટ વ્યવહાર રાશિવાળા સૂક્ષ્મ નિગોદ જીવોની અસંખ્યાત કાલમાન વાળી કાયસ્થિતિ છે. અસંવ્યવહારિક નિગોદ જીવોની અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી રૂપ અનંતકાળની કાયસ્થિતિ છે. વનસ્પતિકાય જીવોનું અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અસંખ્યાત કાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્તનું છે. અર્થાત્ અહીં કેટલાક વનસ્પતિકાય જીવો, વનસ્પતિમાંથી નીકળી, પૃથ્વી વગેરેમાં ભમી, ફરીથી અસંખ્યાત કાળ બાદ વનસ્પતિ રૂપ સ્વકાયમાં પેદા થાય છે. વળી વનસ્પતિ સિવાય સર્વ સ્થાવર જીવોની પણ કાયસ્થિતિ અસંખ્યાત હોઈ, ઉત્કૃષ્ટ પણ અંતર અસંખ્યાત કાલમાનવાળું છે. આ સ્થાવર જીવોના વર્ણ ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. આ ત્રણ પ્રકારના સ્થાવરો સંક્ષેપમાં કહ્યા. હવે ત્રણ પ્રકારના ત્રસ જીવોને હું અનુક્રમે કહીશ. (૧૦૦ થી ૧૦૬-૧૫૩૮ થી ૧૫૪૪)

**तेउ वाऊअ बोधव्वा, उराला य तसा तहा ।**
**इच्चेते तसा तिविहा, तेसिं भेए सुणेह मे ॥ १०७ ॥**

**दुविहा तेउ जीवा उ, सुहुमा बायरा तहा ।**
**पज्जत्तमपज्जत्ता, एवमेए दुहा पुणो ॥ १०८ ॥**

**बायरा जे उ पज्जत्ता, णेगहा ते पकित्तिआ ।**
**अंगारे मुम्मुरे अगणी, अच्ची जाला तहेव य ॥ १०९ ॥**

**उक्का विज्जुअ बोधव्वा, णेगहा एवमाइओ ।**
**एगविहमनाणत्ता, सुहुमा ते विआहिआ ॥ ११० ॥**

**सुहुमा सव्वलोगम्मि, लोगदेसे अ बायरा ।**
**एत्तो कालविभागं तु, तेसिं वोच्छं चउव्विहं ॥ १११ ॥**

**संतइं पप्पऽणाईअ, अपज्जवसिआवि अ ।**
**ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ ११२ ॥**

**तिण्णेव अहोरत्ता, उक्कोसेण विआहिआ ।**
**आउठिई तेऊणं, अंतोमुहुत्तं जहन्निआ ॥ ११३ ॥**

**असंखकालमुक्कोसा, अंतोमुहुत्तं जहन्नगा ।**
**कायठिई तेऊणं, तं कायं तु अमुंचओ ॥ ११४ ॥**

अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहन्नगं ।
विजढंमि सए काए, तेऊजीवाए अंतरं ॥ ११५ ॥

एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥ ११६ ॥ दशभिःकुलकम् ॥

तेजांसि वायवश्च बोद्धव्याः, उदाराश्च त्रसास्तथा ।
इत्येते त्रसास्त्रिविधास्तेषां भेदान् श्रृणुत मे ॥ १०७ ॥

द्विविधास्तेजसो जीवास्तु, सूक्ष्मा बादरास्तथा ।
पर्याप्तमपर्याप्ता, एवमेते द्विधाः पुनः ॥ १०८ ॥

बादरा ये तु पर्याप्ता, अनेकधा स्ते व्याख्याताः ।
अङ्गरो मुर्म्मुरोऽग्निरर्चिर्ज्वालास्तथैव च ॥ १०९ ॥

उल्का विद्युच्च बोद्धव्याः, अनेकधा एवमादयः ।
एकविधाः अनानात्वात्, सूक्ष्मास्ते व्याख्याताः ॥ ११० ॥

सूक्ष्माः सर्वलोके, लोकदेशे च बादरा ।
इतः कालविभागं तु, तेषां वक्ष्ये चतुर्विधम् ॥ १११ ॥

सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ ११२ ॥

त्रिण्येवाऽहोरात्राण्युत्कृष्टेन व्याख्याताः ।
आयुस्स्थितिस्तेजसामन्तर्मुहूर्त्तं जघन्यकम् ॥ ११३ ॥

असङ्ख्यकालमुत्कृष्टाऽन्तर्मुहूर्त्तं जघन्यका ।
कायस्थितिस्तेजसां, तं कायं त्वमुञ्चतः ॥ ११४ ॥

अनन्तकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
त्यक्ते स्वके काये, तेजोजीवानामन्तरम् ॥ ११५ ॥

एतेषां वर्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।
संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्रशः ॥ ११६ ॥ दशभिःकुलकम् ॥

**અર્થ** – તેજસ્-અગ્નિ-વાયુકાય (તેજસ્-વાયુનું સ્થાવર નામકર્મનો ઉદય છતાં ગતિની અપેક્ષાએ ત્રસપણું.) ઉદાર-સ્થૂલ-દ્વીન્દ્રિય વગેરે (ત્રસનામકર્મના ઉદયવાળા દ્વીન્દ્રિયાદિ જીવોનું લબ્ધિથી પણ ત્રસપણું છે.) ત્રસો ત્રણ પ્રકારના છે. એ ત્રસ જીવોને કહેનાર એવા મારી પાસેથી તમે સાંભળો !

સૂક્ષ્મ-બાદર ભેદથી અગ્નિકાયના જીવો બે પ્રકારના છે. સૂક્ષ્મ-બાદર

અગ્નિકાય જીવો પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. બાદરપર્યાપ્ત અગ્નિકાય જીવો અનેક પ્રકારના કહેલ છે. (૧) ધૂમ અને જ્વાલા વગરનો સળગતા લાકડા રૂપ ભાસ્વર સ્વરૂપવાળો અગ્નિ 'અંગાર' કહેવાય છે. (૨) રાખથી મિશ્રિત અગ્નિના કણ રૂપ અગ્નિ 'મુર્મુર' કહેવાય છે. (૩) પૂર્વોક્ત ભેદથી જુદો વહ્નિ 'અગ્નિ' કહેવાય છે. (૪) અગ્નિના મૂળની સાથે મળેલી અગ્નિ શિખા 'અર્ચિઃ' કહેવાય છે. (૫) છિન્ન મૂળવાળી તેજ અગ્નિશિખા 'જ્વાલા' કહેવાય છે. (૬) આકાશમાં ઉત્પન્ન રેખા-લીસોટા રૂપ અગ્નિ 'ઉલ્કા' કહેવાય છે, અને (૭) આકાશમાં ઉત્પન્ન અગ્નિવિશેષ 'વિદ્યુત્' વિજળી કહેવાય છે. સૂક્ષ્મ અગ્નિકાય જીવો અનેકવિધપણાનો અભાવ હોઈ એક પ્રકારના કહેલ છે. સૂક્ષ્મ અગ્નિકાય જીવો સર્વલોકમાં છે, જ્યારે બાદર અગ્નિકાય જીવો લોકના દેશભાગમાં છે. હવે પછી તે અગ્નિકાય જીવોના ચાર પ્રકારના કાલવિભાગને હું કહીશ. પ્રવાહની અપેક્ષાએ અગ્નિકાય જીવો અનાદિઅનંત છે, જ્યારે સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. અગ્નિકાયજીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ અહોરાત્રનું છે અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે.

કાયસ્થિતિ-અગ્નિકાય જીવોની ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળની અને જઘન્ય અંતર્મુહૂર્ત્તની છે.

અંતરમાન-અગ્નિકાય જીવોનું ઉત્કૃષ્ટ અનંતકાળનું અને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું છે.

આ અગ્નિકાય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ ભેદો હજારો-ઘણા ઘણા છે. (૧૦૭ થી ૧૧૬-૧૫૪૫ થી ૧૫૫૪)

**दुविहा वाउजीवा, सुहुमा बायरा तहा ।**
**पज्जत्तमपज्जत्ता, एवमेए दुहा पुणो ॥ ११७ ॥**

**बायरा जे उ, पज्जत्ता, पंचहा ते पकित्तिआ ।**
**उक्कलिआ मंडलिआ, घणगुञ्जा सुद्धवाया य ॥ ११८ ॥**

**संवट्टगवाए अ, णेगहा एवमायओ ।**
**एगविहमनाणत्ता, सुहुमा ते विआहिआ ॥ ११९ ॥**

**सुहुमा सव्वलोगंमि, लोगदेसे अ बायरा ।**
**एत्तो कालविभागं तु, तेसिं वोच्छं चउव्विहं ॥ १२० ॥**

संतइं पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।
ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ १२१ ॥

तिण्णेव सहस्साइं, वासाणुक्कोसिआ भवे ।
आऊठिई आऊणं, अंतोमुहुत्तं जहन्निआ ॥ १२२ ॥

असंख कालमुक्कोसा, अंतोमुहुत्तं जहन्निआ ।
कायठिई वाऊणं, तं कायं तु अमुंचओ ॥ १२३ ॥

अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहन्नयं ।
विजढंमि सए काए, वाउजीवाण अंतरं ॥ १२४ ॥

एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥ १२५ ॥ नवभिःकुलकम् ॥

द्विविधा वायुजीवाश्च, सूक्ष्मा बादरास्तथा ।
पर्याप्ताऽपर्याप्ता, एवमेते द्विधा पुनः ॥ ११७ ॥

बादराः ये तु पर्याप्ताः, पञ्चधा ते प्रकीर्तिताः ।
उत्कलिका मण्डलिका, घनगुञ्जाः शुद्धवाताश्च ॥ ११८ ॥

संवर्तकवाताश्चानेकधैवमादयः ।
एकविधाः अनानात्वात्, सूक्ष्मास्तत्र व्याख्याताः ॥ ११९ ॥

सूक्ष्माः सर्वलोके, लोकदेशे च बादराः ।
इतः कालविभागं तु, तेषां वक्ष्ये चतुर्विधम् ॥ १२० ॥

सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १२१ ॥

त्रिण्येव सहस्राणि, वर्षाणामुत्कृष्टा भवेत् ।
आयुस्स्थितिर्वायूनामन्तर्मुहूर्त्तं जघन्यका ॥ १२२ ॥

असङ्ख्यकालमुत्कृष्टाऽन्तर्मुहूर्त्तं जघन्यका ।
कायस्थितिर्वायूनां, त्वं कायं त्वमुञ्चतः ॥ १२३ ॥

अनन्तकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
त्यक्ते स्वके काये, वायुजीवानामन्तरम् ॥ १२४ ॥

एतेषां वर्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।
संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्रशः ॥ १२५ ॥ नवभिर्कुलकम् ॥

**અર્થ** – વાયુકાયના જીવો સૂક્ષ્મ-બાદર ભેદથી બે પ્રકારના છે. સૂક્ષ્મ-બાદર વાયુકાય જીવો પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. જે બાદરપર્યાપ્ત વાયુકાય જીવો છે, તે પાંચ પ્રકારના કહેલ છે. (૧) 'ઉત્કલિકા'-જે રહી રહીને વાય તે, (૨) 'મંડલિકા'-જે મંડલાકારે વાય તે, (૩) રત્નપ્રભાઆદિના આધાર-ભૂત વાયુ-ઘન-ઘાટો 'ઘનવાત' કહેવાય છે, (૪) 'ગુંજાવાયુ' ગુંજારવ કરતો વાયુ, (૫) 'શુદ્ધવાયુ' સહજવાયુ-જે મંદ મંદ વહેતો વાય તે, અને (૬) 'સંવર્તક-વાયુ' જે બહાર રહેલ તણખલાં વગેરેને પણ વિવક્ષિત ક્ષેત્રની અંદર ઉંચે ચઢાવી ફેંકે છે. આ પ્રમાણે અનેક પ્રકારના વાયુકાય જીવો જાણવા. નાનાપણાનો અભાવ હોઈ સૂક્ષ્મ વાયુકાય જીવો એક પ્રકારના કહેલ છે. સૂક્ષ્મ વાયુકાય જીવો સર્વલોકમાં વ્યાપ્ત છે. બાદરવાયુકાય જીવો લોકના વિશિષ્ટ ભાગમાં છે. હવે પછી વાયુકાય જીવોના ચાર પ્રકારના કાલવિભાગને હું કહીશ. પ્રવાહની અપેક્ષાએ વાયુકાય જીવો અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. ભવસ્થિતિ-વાયુકાય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ હજાર વર્ષોનું છે અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું છે. કાયસ્થિતિ-વાયુકાય જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ અસંખ્યાત કાળની અને જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્તની છે. અંતરમાન-વાયુકાય જીવોનું ઉત્કૃષ્ટ અંતર માન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્તનું છે. આ વાયુકાય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૧૧૭ થી ૧૨૫-૧૫૫૫ થી ૧૫૬૩)

**उरालाय तसा जे उ, चउहा ते पकित्तिआ ।**
**बेइंदिअ तेइंदिअ, चउरो पंचिंदिआ चेव ॥ १२६ ॥**

**बेइंदिआ उ जे जीवा, दुविहा ते पकित्तिआ ।**
**पज्जत्तमपज्जत्ता, तेसिं भेए सुणेह मे ॥ १२७ ॥**

**किमिणो ( सो ) मंगला चेव, अलसा माइवाहया ।**
**वासीमुआ अ सीप्पिआ, संखा संखणया तहा ॥ १२८ ॥**

**पलोगाणुपल्लया चेव, तहेव य वराडगा ।**
**जलूगा जालगा चेव, चन्दणा य तहेव य ॥ १२९ ॥**

**[ इइ ] बेइंदिआ एए, अणेगहा एवमायओ ।**
**लोएग देसे ते सव्वे, न सव्वत्थ विआहिआ ॥ १३० ॥**

संतइं पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।
ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ १३१ ॥

वासाइं बारसेव उ, उक्कोसेण विआहिआ ।
बेइंदिअ आउठिई, अंतोमुहुत्तं जहन्निआ ॥ १३२ ॥

संखेज्जकालमुक्कोसा, अंतोमुहुत्तं जहन्निआ ।
बेइंदिअ कायठिई, तं कायं तु अमुचंओ ॥ १३३ ॥

अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।
बेइंदिआण जीवाणं, अंतरेअं विआहिअं ॥ १३४ ॥

एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥ १३५ ॥ दशभिःकुलकम् ॥

उदारास्त्रसा ये तु, चतुर्धा ते प्रकीर्तिताः ।
द्वीन्द्रियास्त्रीन्द्रियाश्चतुरिन्द्रियाः पञ्चेन्द्रियाश्चैव ॥ १२६ ॥

द्वीन्द्रिया तु ये जीवा, द्विविधास्ते प्रकीर्तिताः ।
पर्याप्ताऽपर्याप्ताः तेषां भेदान् श्रृणुत मे ॥ १२७ ॥

कृमयः मङ्गलाञ्चैवालसा मातृवाहकाः ।
वासीमुखाश्च शुक्तयः, शङ्खाः शङ्खनकास्तथा ॥ १२८ ॥

पल्लोकाणुपल्लकाश्चैव, तथैव च वराटकाः ।
जलूका जालकाश्चैव, चन्दनाश्च तथैव च ॥ १२९ ॥

( इति ) द्वीन्द्रिया एते, अनेकधैवमादयः ।
लोकाग्रदेशे ते सर्वे, न सर्वत्र व्याख्याताः ॥ १३० ॥

सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १३१ ॥

वर्षाणि द्वादशैव तूत्कृष्टा व्याख्याताः ।
द्वीन्द्रियायुस्स्थितिरन्तर्मुहूर्त्तं जघन्यका ॥ १३२ ॥

संख्येयकालमुत्कृष्टान्तर्मुहूर्त्तं जघन्यकम् ।
द्वीन्द्रियकायस्थितिः, तं कायं त्वमुञ्चतः ॥ १३३ ॥

अनन्तकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
द्वीन्द्रियजीवानामन्तरमेतद्व्याख्यातम् ॥ १३४ ॥

**एतेषां वर्ण्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।**
**संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्रशः ॥ १३५ ॥ दशभिर्कुलकम् ॥**

**અર્થ –** હવે ઉદાર એકેન્દ્રિયની અપેક્ષાએ સ્થૂલ ત્રસોને કહે છે. તે ઉદાર ત્રસો ચાર પ્રકારના બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય છે. હવે જે બેઇન્દ્રિય જીવો છે. તે પર્યાપ્ત-અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના કહેલ છે. તે ભેદોને કહેવાતા એવા મારી પાસેથી સાંભળો ! (૧) 'કૃમિઓ'-પેટમાં, ફોડલા વગેરેમાં થનારા નાના જીવો (કરમીયા), (૨) 'મંગલા', (૩) અલસિયાં, (૪) 'માતૃવાહક'-ચૂડેલ, (૫) વાંસલાના આકારના મુખવાળા 'વાસીમુખ' જીવો, (૬) 'શુક્તિકા-મોતીની છીપ', (૭) 'શંખ', (૮) 'શંખનક'-નાના શંખો-શંખલા, (૯) 'પલ્લક', (૧૦) 'અનુપલ્લક', (૧૧) 'વરાટક'-કોડી, (૧૨) 'જલુકા'-જળો, (૧૩) જાલક, અને (૧૪) 'ચંદનક'-'અક્ષ', (તે શંખ અને કોડાની માફક દરિયામાં ઉત્પન્ન થાય છે. તે નિર્જીવ થતાં સ્થાપનાચાર્ય કરવા માટે ઉપયોગમાં લેવાય છે.) આ પ્રમાણે અનેક પ્રકારના બેઇન્દ્રિય જીવો લોકના એક પ્રદેશમાં છે, પણ સર્વ ઠેકાણે નથી. તે પ્રવાહની અપેક્ષાએ અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિ-સાન્ત છે. ભવસ્થિતિ-બેઇન્દ્રિયોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાર વર્ષ અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું કહેલ છે. કાયસ્થિતિ તેજ કાયને નહિ છોડનાર બેઇન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત કાળ અને જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અંતરમાન બેઇન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. આ બેઇન્દ્રિય જીવો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા પ્રકારવાળા છે. (૧૨૬ થી ૧૩૫-૧૫૬૪ થી ૧૫૭૩)

**तेइंदिआ उ जे जीवा, दुविहा ते पकित्तिआ ।**
**पज्जत्तमपज्जत्ता, तेसिं भेए सुणेह मे ॥ १३६ ॥**

**कुंथू पिपीलि उद्दंसा, उक्कलुद्देहिआ तहा ।**
**तणहारकट्ठहारा, मालुगा पत्तहारगा ॥ १३७ ॥**

**कप्पासट्ठिमिंजा य, तिंदुगा तउसमिंजगा ।**
**सद्दावरी अ गुम्मी अ बोधव्वा इंदकाइआ ॥ १३८ ॥**

**इंदगोवगमाइआऽणेगहा एवमायओ ।**
**लोएगदेसे ते सव्वे, न सव्वत्थ विआहिआ ॥ १३९ ॥**

संतइं पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।
ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ १४० ॥

एगूणपण्णहोरत्तां, उक्कोसेण विआहिआ ।
तेइंदिअआउठिई, अंतोमुहुत्तं जहण्णिआ ॥ १४१ ॥

संखेज्जकालमुक्कोसा, अंतोमुहुत्तं जहन्निआ ।
तेइंदिअ कायठिई, तं कायं तु अमुंचओ ॥ १४२ ॥

अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहन्नगं ।
तेइंदिअजीवाणं, अंतरेअं विआहिअं ॥ १४३ ॥

एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥ १४४ ॥ नवभिः कुलकम् ॥

त्रीन्द्रियास्तु ये जीवाः, द्विविधास्ते प्रकीर्तिताः ।
पर्याप्ताऽपर्याप्तास्तेषां भेदान् श्रृणुत् मे ॥ १३६ ॥

कुन्थुः पिपीलिरुद्दंशाः, उत्कलिकउपदेहिकास्तथा ।
तृणहारकाष्टहारकाश्च, मालूकाः पत्रहारकाः ॥ १३७ ॥

कार्पासास्थिमिञ्जाश्च, तिन्दुकास्त्रपुषीमिञ्जकाः ।
सदावरी च गुल्मी च, बोद्धव्या इन्द्रकायिका ॥ १३८ ॥

इन्द्रगोपकादिका अनेकधा एवमादयः ।
लोकैकदेशे ते सर्वे, न सर्वत्र व्याख्याताः ॥ १३९ ॥

सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १४० ॥

एकोनपञ्चाशदहोरात्राण्यायुरुत्कृष्टेन व्याख्याताः ।
त्रीन्द्रियायुस्थितिरन्तर्मुहूर्त्तं जघन्यका ॥ १४१ ॥

सङ्ख्येयकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
त्रीन्द्रियकायस्थितिस्तं कायं त्वमुञ्चकः ॥ १४२ ॥

अनन्तकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
त्रीन्द्रियजीवानामन्तरमेतद्व्याख्यातम् ॥ १४३ ॥

एतेषां वर्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।
संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्रशः ॥ १४४ ॥ नवभिः कुलकम् ॥

અર્થ – તેઇન્દ્રિય જીવો પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. તે જીવોના ભેદોને કહેનાર મારી પાસેથી સાંભળો ! (૧) 'કુંથુ'-કંથવા, તે બહુ જ બારીક ધોળા રંગના હોય છે, (૨) 'પિપીલી'-કીડી, (૩) 'ઉદ્દંશ'-માંકડ, (૪) 'ઉત્કલિકા', (૫) 'ઉપદેહિકા'-ઊધેઈ, અને (૬) તૃણહાર-કાષ્ઠહાર-માલૂક-પત્રહારક-કર્પાસ-અસ્થિમિંજા-તિંદુક-ત્રપુષ મિંજક-શતાવરી-ગુલ્મી (કાનખજુરો)-ઇન્દ્રકાયિક-ઇન્દ્રગોપ (ગોકળગાય). તેમાં કેટલાક પ્રસિદ્ધ અને કેટલાક સંપ્રદાય પ્રમાણે જાણવા. આ પ્રમાણે અનેક પ્રકારના તેઇન્દ્રિય જીવો લોકના એક ભાગમાં તમામ છે, સર્વત્ર નથી-એમ કહેલ છે. પ્રવાહની અપેક્ષાએ તેઇન્દ્રિય જીવો અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. ભવસ્થિતિ-તેઇન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણપચાસ અહોરાત્ર-રાત દિવસોનું અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તનું છે. કાયસ્થિતિ-પોતાની કાયાને નહિ છોડનાર તેઇન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત કાળ અને જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્તની છે. અંતરમાન-તેઇન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્તનું છે. આ તેઇન્દ્રિય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૧૩૬ થી ૧૪૪-૧૫૭૪ થી ૧૫૮૨)

**चउरिंदिआ उ जे जीवा, दुविहा ते पकित्तिआ ।**
**पज्जत्तमपज्जत्ता, तेसिं भेए सुणेह मे ॥ १४५ ॥**

**अंधिआ पोत्तिआ चेव, मच्छिआ मसगा तहा ।**
**भमरे कीडपयंगे अ, ढिंकुणे कुंकुणे तहा ॥ १४६ ॥**

**कुक्कुडे सिंगिरीडी अ, नंदावत्ते अ विच्छिए ।**
**डोले भिंगिरीडी अ, विरिली अच्छिवेधए ॥ १४७ ॥**

**ओच्छले माहए अच्छिरोडए, विचित्ते चित्तपत्तए ।**
**ओहिंजलिआ जलकारि अ, नीआ तंबगावि अ ॥ १४८ ॥**

**इइ चउरिंदिआ, अणेगहा एवमायओ ।**
**लोगस्स एगदेसंमि, ते सव्वे परिकित्तिआ ॥ १४९ ॥**

**संतइं पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।**
**ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ १५० ॥**

छच्चेव य मासाऊ, उक्कोसेण विआहिआ ।
चउरिंदिअआउठिई, अंतोमुहुत्तं जहण्णिआ ॥ १५१ ॥

संखेज्जकालमुक्कोसं, अंतोमुहुत्तं जहन्नगं ।
चउरिंदियकायठिई, तं कायं तु अमुंचओ ॥ १५२ ॥

अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहन्नगं ।
चउरिंदिआण जीवाणं, अंतरेअं विआहिअं ॥ १५३ ॥

एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणदेसओ वावि, विहाणाइं सहस्ससो ॥ १५४ ॥ दशभिःकुलकम् ॥

चतुरिन्द्रियास्तु ये जीवाः, द्विविधास्ते प्रकीर्तिताः ।
पर्याप्ताऽपर्याप्तास्तेषां, भेदान् श्रृणुत् मे ॥ १४५ ॥

अन्धिकाः पौत्तिकाश्चैव, मक्षिका मशकास्तथा ।
भ्रमरः कीटपतङ्गश्च, ढिंकुणः कुंकुणस्तथा ॥ १४६ ॥

कुर्कुटः शृंगरीटी च, नन्दावर्त्तश्च वृश्चिकः ।
डोलश्च भृंगरीटी च, विरिली अक्षिवेधकः ॥ १४७ ॥

अक्षिलो मागधोऽक्षिरोदकः, विचित्रश्चित्रपत्रकः ।
ओघञ्जलिका जलकारी तु, नीचकस्ताम्रकादिकाः ॥ १४८ ॥

इति चक्षुरिन्द्रिया एते, अनेकधा एवमादयः ।
लोकस्यैकदेशे, ते सर्वे प्रकीर्तिताः ॥ १४९ ॥

सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १५० ॥

षडेव च मासानायुरुत्कृष्टेन व्याख्याताः ।
चतुरिन्द्रियायुस्स्थितिरन्तर्मुहूर्त्तं जघन्यका ॥ १५१ ॥

संख्येयकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
चतुरिन्द्रियकायस्थितिस्तं कायं त्वमुञ्चतः ॥ १५२ ॥

अनन्तकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
चतुरिन्द्रियजीवानामन्तरमेतद्व्याख्यातम् ॥ १५३ ॥

एतेषां वर्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।
संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्त्रशः ॥ १५४ ॥ दशभिर्कुलकम् ॥

અર્થ – ચઉરિન્દ્રિય જીવો પર્યાપ્ત અને અપર્યાપ્ત ભેદથી બે પ્રકારના છે. તેના ભેદોને કહેનાર મારી પાસેથી તમે સાંભળો ! અંધિકા, પૌત્તિકા-મક્ષિકા (માખી), ભ્રમર (ભમરો), કીટપતંગ (આગીયો), ઢિંકુણ (બગાઈ), કુંકુણ, કુક્કુટ, શૃંગરીટી, નંદાવર્ત્ત, વૃશ્ચિક (વીંછી), ડોલા (ખડમાંકડી), ભૃંગરીટીકા, ચિરલી, અક્ષિવેધક, અક્ષિલા, માગધ, અક્ષ, રોડક, વિચિત્ર, ચિત્રપત્રક, ઉપધિજલક, જલકારી, નીચક અને તામ્રક વગેરે. આ પ્રમાણે ચઉરિન્દ્રિય જીવો કહેલા છે, જે સર્વે લોકના એક ભાગમાં કહેલ છે. પ્રવાહની અપેક્ષાએ તે અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ તે સાદિસાન્ત છે. ભવસ્થિતિ-ઉત્કૃષ્ટ આયુષ્ય છ મહિનાનું અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે. કાયસ્થિતિ તે કાયને નહિ છોડનાર ઉત્કૃષ્ટ કાયસ્થિતિ સંખ્યાત કાળની અને જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. આ ચઉરિન્દ્રિય જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. ઉપરના વર્ણનમાં ભેદો કેટલાક પ્રસિદ્ધ છે, જ્યારે કેટલાક તો તે દેશની પ્રસિદ્ધિથી સંપ્રદાય મુજબ સમજવા. (૧૪૫ થી ૧૫૩-૧૫૮૩ થી ૧૫૯૨)

**पंचिंदिआ उ जे जीवा, चउव्विहा ते विआहिआ ।**
**नेरइआ तिरिक्खा य, मणुआ देवा य आहिआ ॥ १५५ ॥**

**नेरईआ सत्तविहा, पुढवीसु सत्तसु भवे ।**
**रयणाभसक्कराभा, वालुआभा य आहिआ ॥ १५६ ॥**

**पंकाभा धूमाभा, तमा तमतमा तहा ।**
**इइ नेरइआ एए, सत्तहा परिकित्तिआ ॥ १५७ ॥**

**लोगस्स एगदेसम्मि, ते सव्वे उ विआहिआ ।**
**इत्तो कालविभागं तु, तेसिं वोच्छं चउव्विहं ॥ १५८ ॥**

**संतइं पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।**
**ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ १५९ ॥ पंचभिः कुलकम् ॥**

पञ्चेन्द्रियास्तु ये जीवाश्चतुर्विधास्ते व्याख्याताः ।
नैरयिकास्तिर्यञ्चश्च, मनुजा देवाश्चाख्याताः ॥ १५५ ॥

नैरयिकाः सप्तविधाः, पृथ्वीषु सप्तसु भवेयुः ।
रत्नाभाः शर्कराभाः, वालुकाभाश्चाख्याताः ॥ १५६ ॥

**पङ्काभाः धूमाभास्तमास्तमस्तमस्तथा ।**
**इति नैरयिकाः एते, सप्तधा प्रकीर्तिताः ॥ १५७ ॥**

**लोकस्यैकदेशे, ते सर्वे तु व्याख्याताः ।**
**इतो कालविभागं तु, तेषां वक्ष्ये चतुर्विधम् ॥ १५८ ॥**

**सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।**
**स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १५९ ॥ पञ्चभिः कुलकम् ॥**

**અર્થ** – પંચેન્દ્રિય જીવો નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવોના ભેદથી ચાર પ્રકારના કહેલ છે. તે નારકી જીવો સાત પૃથ્વીમાં હોય છે તેથી તેના સાત ભેદો છે.

(૧) રત્નપ્રભા - રત્નકાંડમાં રહેલ અને ભવનપતિના ભવનમાં રહેલ રત્નોની આભા-પ્રભા (રૂપ) જ્યાં છે, તે રત્નપ્રભા નામની પહેલી પૃથ્વી.

(૨) શર્કરાપ્રભા - નાના પાષાણના ખંડ રૂપ શર્કરાની પ્રભાવાળી બીજી પૃથ્વી.

(૩) વાલુકાપ્રભા - રેતીની પ્રભાવાળી ત્રીજી પૃથ્વી.

(૪) પંકપ્રભા - કાદવની પ્રભાવાળી ચોથી પૃથ્વી.

(૫) ધૂમપ્રભા - ધૂમાડાની પ્રભાવાળી પાંચમી પૃથ્વી. અહીં ધૂમાડો નહિ હોવા છતાં તેના સરખા પુદ્ગલોના પરિણામનો સંભવ છે.

(૬) તમઃપ્રભા - અંધારાની પ્રભાવાળી છઠ્ઠી પૃથ્વી.

(૭) તમસ્તમઃપ્રભા - મહાતમ-ચારેય તરફ ગાઢ અંધકારની પ્રભાવાળી સાતમી પૃથ્વી.

આ મુજબ આ સાત નારકીઓ સાત પ્રકારની કહી છે. આ તમામ નારકીઓ લોકના અધોલોક રૂપ એકદેશમાં કહેલ છે. પ્રવાહની અપેક્ષાએ નારકી જીવો અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. (૧૫૫ થી ૧૫૯-૧૫૯૩ થી ૧૫૯૭)

**सागरोवममेगं तु, उक्कोसेण विआहिआ ।**
**पढमाए जहण्णेणं, दसवाससहस्सिआ ॥ १६० ॥**

**तिण्णेव सागराऊ, उक्कोसेण विआहिआ ।**
**दोच्चाए जहण्णेणं, एगं तु सागरोवमं ॥ १६१ ॥**

सत्तेव सागराऊ, उक्कोसेण विआहिआ ।
तइआए जहण्णेणं, तिण्णेव उ सागरोवमा ॥ १६२ ॥

दस सागरोवमाऊ, उक्कोसेण विआहिआ ।
चउत्थीए जहण्णेणं, सत्तेव उ सागरोवमा ॥ १६३ ॥

सत्तरस सागराऊ, उक्कोसेण विआहिआ ।
पंचमाए जहण्णेणं, दस चेव उ सागरोवमा ॥ १६४ ॥

बावीस सागराऊ, उक्कोसेण विआहिआ ।
छट्ठीए जहण्णेणं, सत्तरस सागरोवमा ॥ १६५ ॥

तेत्तीस सागराऊ, उक्कोसेण विआहिआ ।
सत्तमाए जहण्णेणं, बावीसं सागरोवमा ॥ १६६ ॥

जा चेव उ आउठिई, नेरइआणं विआहिआ ।
सा तेसिं कायठिई, जहण्णुक्कोसिआ भवे ॥ १६७ ॥

अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णगं ।
विजढंमि सए काए, नेरइयाणं तु अंतरं ॥ १६८ ॥

एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥ १६९ ॥ दशभिः कुलकम् ॥

सागरोपममेकं, तृत्कृष्टेन व्याख्याताः ।
प्रथमायां जघन्येन, दशवर्षसहस्त्रिका ॥ १६० ॥

त्रीण्येवसागराण्यायुरुत्कृष्टेन व्याख्याताः ।
द्वितीयायां जघन्येनैकं तु सागरोपमम् ॥ १६१ ॥

सप्तैवसागराण्यायुरुत्कृष्टेन व्याख्याताः ।
तृतीयायां जघन्येन, त्रीण्येव सागरोपमानि ॥ १६२ ॥

दशसागरोपमाण्यायुरुत्कृष्टेन व्याख्याताः ।
चतुर्थ्यां जघन्येन, सप्तैव सागरोपमानि ॥ १६३ ॥

सप्तदशसागराण्यायुरुत्कृष्टेन व्याख्याताः ।
पञ्चम्या जघन्येन, दश चैव तु सागरोपमानि ॥ १६४ ॥

द्वाविंशतिस्सागराण्यायुरुत्कृष्टेन व्याख्याताः ।
षष्ठ्यां जघन्येन, सप्तदशसागरोपमानि ॥ १६५ ॥

त्रयस्त्रिंशत् सागरायुः, उत्कृष्टेन व्याख्यातम् ।
सप्तम्यां जघन्येन, द्वाविंशतिः सागरोपमाणि ॥ १६६ ॥

या चैव त्वायुस्स्थितिर्नैरयिकानां व्याख्याताः ।
सा तेषां कायस्थितिः, जघन्योत्कृष्टा भवेत् ॥ १६७ ॥

अनन्तकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
त्यक्ते स्वके काये, नैरयिकानां त्वन्तरम् ॥ १६८ ॥

एतेषां वर्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।
संस्थानादेशता वाऽपि, विधानानि सहस्त्रशः ॥ १६९ ॥ दशभिः कुलकम् ॥

| અર્થ — સાત નારકીના નામ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧-રત્નપ્રભા | દશ હજાર વર્ષ | ૧ સાગરોપમ |
| ૨-શર્કરાપ્રભા | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ૩-વાલુકાપ્રભા | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪-પંકપ્રભા | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૫-ધૂમપ્રભા | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૬-તમ:પ્રભા | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ૭-તમસ્તમ:પ્રભા | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

આ પ્રમાણે સાતેય નારકીઓની આયુષ્યસ્થિતિ-કાયસ્થિતિ જુદી નહિ હોવાથી ભવસ્થિતિ એ જ કાયસ્થિતિ સમજવી, કારણ કે-સાતેય નારકોમાંથી નારકીઓ ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યોમાં જ પેદા થાય છે. નારકી મરીને તરત જ નારકો થતા નથી. અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે, કેમ કે-જ્યારે કોઈ પણ નારકી જીવ, નરકમાંથી નીકળી, ગર્ભજપર્યાપ્ત મત્સ્યોમાં પેદા થઈ, અંતર્મુહૂર્ત્તના આયુષ્યવાળો પોતાનું આયુષ્ય પૂર્ણ કરી, ક્લિષ્ટ અધ્યવસાયના કારણે ફરીથી નરકમાં જ ઉત્પન્ન થાય છે. ત્યારે જઘન્ય અંતર અંતર્મુહૂર્ત્તનું થાય છે-એમ જાણવું. આ નારકી જીવોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૧૬૦ થી ૧૬૯-૧૫૯૮ થી ૧૬૦૭)

पंचिंदिअतिरिक्खाउ, दुविहा ते विआहिआ ।
समुच्छिमतिरिक्खा य, गब्भवक्कंतिआ तहा ॥ १७० ॥

दुविहावि ते भवे तिविहा, जलयरा थलयरा तहा ।
खहयरा य बोधव्वा, तेसिं भेए सुणेह मे ॥ १७१ ॥

मच्छा य कच्छभा य, गाहा य मगरा तहा ।
सुंसुमारा य बोधव्वा, पंचहा जलयराहिआ ॥ १७२ ॥

लोएगदेसे ते सव्वे, न सव्वत्थ विआहिआ ।
एत्तो कालविभागं तु, तेसिं वोच्छं चउव्विहं ॥ १७३ ॥

संतइं पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।
ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ १७४ ॥

एगा य पुव्वकोडी उ, उक्कोसेण विआहिआ ।
आउठिई जलयराणं, अंतोमुहुत्तं जहण्णिआ ॥ १७५ ॥

पुव्वकोडिपुहुत्तं तु, उक्कोसेण विआहिआ ।
कायठिई जलयराणं, अंतोमुहुत्तं जहन्नयं ॥ १७६ ॥

अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहन्नगं ।
विजढंमि सए काए, जलयराणं तु अंतरं ॥ १७७ ॥ अष्टभिः कुलकम् ॥

पञ्चेन्द्रियतिर्यञ्चश्च, द्विविधास्ते व्याख्याताः ।
संमूर्च्छिमतिर्यञ्चश्च, गर्भव्युत्क्रान्तिकास्तथा ॥ १७० ॥

द्विधा अपि ते भवेयुस्त्रिविधा, जलचराः स्थलचरास्तथा ।
खेचराश्च बोद्धव्याः, तेषां भेदान्श्रृणुत् मे ॥ १७१ ॥

मत्स्याश्च कच्छपाश्च, ग्राहाश्च मकरास्तथा ।
सुंसुमाराश्च बोद्धव्याः, पञ्चधा जलचराश्चाख्याताः ॥ १७२ ॥

लोकैकदेशे ते सर्वे, न सर्वत्र व्याख्याताः ।
इतः कालविभागं तु, तेषां वक्ष्ये चतुर्विधम् ॥ १७३ ॥

सन्ततिं प्राप्याऽनादिका,अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १७४ ॥

एका च पूर्वकोटीतूत्कृष्टेन व्याख्याताः ।
आयुस्स्थितिर्जलचराणामन्तर्मुहूर्त्तं जघन्यका ॥ १७५ ॥

पूर्वकोटीपृथक्त्वं तूत्कृष्टेन व्याख्याताः ।
कायस्थितिर्जलचराणामन्तर्मुहूर्त्तं जघन्यकम् ॥ १७६ ॥

**अनन्तकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।**
**त्यक्ते स्वके काये, जलचराणां तु अन्तरम् ॥ १७७ ॥ अष्टभिः कुलकम् ॥**

**અર્થ –** સંમૂર્ચ્છિમ તિર્યંચ (ઉત્પત્તિને યોગ્ય સંયોગ પ્રાપ્ત થતાં જ દેહના સર્વ અવયવોનું બધી બાજુથી નિર્માણ થઈ જવા રૂપ સંમૂર્ચ્છના ક્રિયાથી જેમનો જન્મ થાય છે તે.) અને ગર્ભજ તિર્યંચો (માતા-પિતાના સંયોગથી શોણિત અને શુક્રનું મિશ્રણ થવા રૂપ ગર્ભધારણની ક્રિયાથી જેમનો જન્મ થાય છે તે.)-એમ બે ભેદો પંચેન્દ્રિય તિર્યંચોના કહેલ છે. તે બે ભેદોવાળા તિર્યંચો જલચર-સ્થલચર-ખેચર ભેદોથી ત્રણ પ્રકારના છે. જલચરાદિ ભેદોને કહેનાર મારી પાસેથી તમે સાંભળો ! (૧) મત્સ્ય-તમામ જાતિના માછલાં, (૨) કચ્છપ-કાચબાની જાતિ, (૩) ગ્રાહ-ઝુંડ, (૪) સુંસુમાર-મગરમચ્છની જાતિ, અને (૫) મકર-મગર. આ પ્રમાણે પાંચ પ્રકારના જલચરો કહેલ છે. આ સર્વે જલચર જીવો લોકના એકદેશમાં છે પણ સર્વત્ર નથી-એમ કહેલ છે. પ્રવાહની અપેક્ષાએ તે અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ તે સાદિસાન્ત છે. ભવસ્થિતિ-ઉત્કૃષ્ટ આયુષ્ય એક પૂર્વક્રોડનું અને જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે. કાયસ્થિતિ-ઉત્કૃષ્ટ કાયસ્થિતિ પૂર્વક્રોડ પૃથક્ત્વ (બે ક્રોડ પૂર્વથી માંડી આઠ પૂર્વક્રોડ) છે, કારણ કે-પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્યોના ઉત્કૃષ્ટથી પણ નિરંતર આઠ જ ભવો થાય છે; તેમનું આયુષ્ય મેળવતાં આટલી જ પૂર્વકોટિઓ થાય. આમાં જુગલિયાઓ ગણવાના નથી : જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. (૧૭૦ થી ૧૭૭-૧૬૦૮ થી ૧૬૧૫)

**चउप्पया य परिसप्पा, दुविहा थलचरा भवे ।**
**चउप्पया चउविहा, ते मे कित्तयओ सुण ॥ १७८ ॥**

**एगखुरा दुखुरा चेव, गंडीपय सणप्पया ।**
**हयमाई गोणमाई, गयमाई सीहमाइणो ॥ १७९ ॥**

**भुओरगपरिसप्पाउ, परिसप्पा दुविहा भवे ।**
**गोहाई अहिमाई अ, एक्केक्काऽणेगहा भवे ॥ १८० ॥**

**लोएगदेसे ते सव्वे, न सव्वत्थ विआहिआ ।**
**एत्तो कालिविभागं तु, तेसिं वोच्छं चउव्विहं ॥ १८१ ॥**

संतइं पप्पणाईआ, अपज्जवसिआवि अ ।
ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ १८२ ॥

पलिओवमा उ तिण्णि उ, उक्कोसेण विआहिआ ।
आउठिई थलयराणं, अंतोमुहुत्तं जहण्णिआ ॥ १८३ ॥

पलिओवमाई तिण्णि उ, उक्कोसेण विआहिआ ।
पुव्वकोडीपुहुत्तेणं, अंतोमुहुत्तं जहण्णिआ ॥ १८४ ॥

कायठिई थलयराणं अंतरं तेसिमं भवे ।
कालं अणंतमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णगं ॥ १८५ ॥

विजढंमि सए काए, थलयराणं तु अंतरं ।
चम्मे उ लोमपक्खी अ, तइआ समुग्गपक्खी अ ॥ १८६ ॥

विततपक्खी अ बोधव्वा, पक्खिणो उ चउव्विहा ।
लोएगदेसे ते सव्वे, न सव्वत्थ विआहिआ ॥ १८७ ॥ दशभिः कुलकम् ॥

चतुष्पदाश्च परिसर्पाः, द्विविधाः स्थलचराः भवेयुः ।
चतुष्पदाश्चतुर्विधास्तु, तान्मे कीर्तयतः श्रृणु ॥ १७८ ॥

एकखुराद्विखुरा श्चैव, गण्डीपदाः सनखपदाः ।
हयादयो गवादयोः गजादयः सिंहादयः ॥ १७९ ॥

भुजोरःपरिसर्पास्तु, परिसर्पा द्विविधा भवेयुः ।
गोधादयोऽहिकादयश्चैकैका अनेकधा भवेयुः ॥ १८० ॥

लोकैकदेशे ते सर्वे, न सर्वत्र व्याख्याताः ।
इतः कालविभागं तु, तेषां वक्ष्ये चतुर्विधम् ॥ १८१ ॥

सन्तर्तिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थिर्तिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १८२ ॥

*पल्योपानि त्रीणि तूत्कृष्टेन व्याख्याताः ।*
आयुस्स्थितिः स्थलचराणामन्तर्मुहूर्त्तं जघन्यकम् ॥ १८३ ॥

पल्योपमानि त्रीणि, तूत्कृष्टेन व्याख्याताः ।
पूर्वकोटिपृथक्त्वान्तर्मुहूर्त्तं जघन्यका ॥ १८४ ॥

कायस्थितिः स्थलचराणामन्तरं तेषामिदं भवेत् ।
कालमनन्तमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ॥ १८५ ॥

**त्यक्ते स्वके काये, स्थलचराणां त्वन्तरम् ।**
**चर्मपक्षिणो रोमपक्षिणश्च, तृतीयाः समुद्गपक्षिणः ॥ १८६ ॥**

**विततपक्षिणश्च बोद्धव्याः, पक्षिणस्तु चतुर्विधा ।**
**लोकैकदेशे ते सर्वे, न सर्वत्र व्याख्याताः ॥ १८७ ॥ दशभिः कुलकम् ॥**

**અર્થ –** સ્થલચર જીવો ચતુષ્પદ અને પરિસર્પ ભેદથી બે પ્રકારના છે. ચતુષ્પદો ચાર પ્રકારના છે. તે ભેદોને કહેનાર મારી પાસેથી સાંભળો ! (૧) એક ખરીવાળા-ઘોડા વગેરે, (૨) બે ખરીવાળા-ઉંટ-ગાય વગેરે, (૩) ગંડીપદા-પદ્મકર્ણિકા અથવા એરણ જેવા ગોળ પગવાળા હાથી વગેરે, અને (૪) સનખપદા-લાંબા નહોરથી યુક્ત પગવાળા સિંહ વગેરે તેમજ ભુજપરિસર્પ અને ઉરઃપરિસર્પ ભેદથી બે પ્રકારના પરિસર્પો સમજવા. (૧) ભુજા વડે ચાલનારા ભુજપરિસર્પ-નોળીયો, ચંદનઘો વગેરે અને (૨) પેટ વડે ચાલનાર ઉરઃપરિસર્પ-સાપ વગેરે. તેઓના દરેકના અનેક ભેદો થાય છે-એમ જાણવું. આ સર્વે સ્થલચર જીવો અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. ભવસ્થિતિ-યુગલિક ચતુષ્પદ તિર્યંચોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ત્રણ પલ્યોપમની છે : ગર્ભજ ભુજપરિસર્પ અને ઉરઃપરિસર્પની ભવસ્થિતિ પૂર્વક્રોડની છે : સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પની ભવસ્થિતિ બેંતાલીશ હજાર વર્ષની છે : સંમૂર્ચ્છિમ ઉરઃપરિસર્પની ભવસ્થિતિ તેપન હજાર વર્ષની છે : સંમૂર્ચ્છિમ સ્થલચરોની ભવસ્થિતિ ચોરાશી હજાર વર્ષની છે, જ્યારે જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્ત છે. કાયસ્થિતિ-યુગલિક ચતુષ્પદ તિર્યંચોની કાયસ્થિતિ ત્રણ પલ્યોપમની અને ભવસ્થિતિ એ જ કાયસ્થિતિ સમજવી, કેમ કે-યુગલિક ભવ પછી તે તરત જ યુગલિક તિર્યંચ તરીકે જન્મતા નથી. આ સિવાય સ્થલચર ચતુષ્પદ તિર્યંચોની કાયસ્થિતિ ઉત્કર્ષથી પૂર્વક્રોડ પ્રમાણના આયુષ્યવાળા સાત ભવોની થાય છે. માટે પૂર્વકોટિ પૃથક્ત્વ માનવાળી સમજવી અને જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તવાળી સમજવી. અંતરમાન-ચતુષ્પદ તિર્યંચોનું ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે.

ખેચર પંખીઓ-(૧) રોમજપક્ષી-રૂંવાટીની બનેલી પાંખવાળા, (૨) ચર્મજપક્ષી-ચામડાની બનેલી પાંખવાળા, (૩) સમુદ્ગપક્ષી-નરલોકની બહાર બીડાયેલી પાંખવાળા અને (૪) વિતતપક્ષી-નરલોકની બહાર સતત ઉઘાડી પાંખવાળા-એમ ચાર પ્રકારના છે. તે સર્વે ખેચર તિર્યંચો લોકના એક ભાગમાં છે પણ સર્વત્ર નથી-એમ કહેલ છે. (૧૭૮ થી ૧૮૭-૧૬૧૬ થી ૧૬૨૫)

संतइं पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।
ठिई पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ १८८ ॥

पलिओवमस्स भागो, असंखिज्जइमो भवे ।
आउठिई खहयराणं, अंतोमुहुत्तं जहण्णिआ ॥ १८९ ॥

असंखभागो पलिअस्स, उक्कोसेण उ साहिओ ।
पुव्वकोडिपुहुत्तेणं, अंतोमुहुत्तं जहण्णिआ ॥ १९० ॥

कायठिई खहयराणं, अंतरं तेसिमं भवे ।
कालं अणंतमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णगं ॥ १९१ ॥

एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहाणाइ सहस्ससो ॥ १९२ ॥ पंचभिः कुलकम् ॥

सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १८८ ॥

पल्योपमस्य भागोऽसङ्ख्येयतमो भवेत् ।
आयुस्स्थितिः खचराणामन्तर्मुहूर्त्तं जघन्यका ॥ १८९ ॥

असङ्ख्यभागः पल्यस्योत्कृष्टेन तु साधिकः ।
पूर्वकोटीपृथक्त्वेनाऽन्तर्मुहूर्त्तं जघन्यका ॥ १९० ॥

कायस्थितिः खचराणामन्तरं तेषामिदं भवेत् ।
कालमनन्तमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ॥ १९१ ॥

एतेषां वर्ण्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।
संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्त्रशः ॥ १९२ ॥ पञ्चभिःकुलकम् ॥

**અર્થ –** પ્રવાહની અપેક્ષાએ ખેચર તિર્યંચો અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ સાદિસાન્ત છે. ભવસ્થિતિ-ગર્ભજ યુગલિક પંખીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલું જાણવું : તે સિવાય ગર્ભજ પંખીઓનું પૂર્વક્રોડ વર્ષનું અને સંમૂર્ચ્છિમ પંખીઓનું બહોંતેર હજાર વર્ષનું આયુષ્ય છે : જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું છે. કાયસ્થિતિ-યુગલિક પંખીઓની પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ઉત્કૃષ્ટ ભવસ્થિતિ એ જ કાયસ્થિતિ સમજવી : તે સિવાયના ખેચરોની કાયસ્થિતિ પૂર્વકોટિ પૃથક્ત્વ છે : જઘન્ય કાયસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. આ જલચર-સ્થલચર-

ખેચરોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૧૮૮ થી ૧૯૨-૧૬૨૬ થી ૧૬૩૦)

**मणुआ दुविहभेया उ, ते मे कित्तयओ सुण ।**
**संमुच्छिमा मणुस्साय य, गब्भवक्कन्तिया तहा ॥ १९३ ॥**

**गब्भवक्कन्तिया जे उ, तिविहा ते वियाहिआ ।**
**कम्मअकम्मभूमा य, अंतरद्दीवया तहा ॥ १९४ ॥**

**पन्नरस तीसइविहा, भेया अ अट्ठवीसई ।**
**संखाउ कमसो तेसिं, इइ एसा वियाहिआ ॥ १९५ ॥**

**संमुच्छिमाण एसेव, भेओ होइ आहिआ ।**
**लोगस्स एगदेसम्मि, ते सव्वे वि विआहिआ ॥ १९६ ॥**

**संतइं पप्पऽणाईया, अपज्जवसियावि अ ।**
**ठिई पडुच्च साईया, सपज्जवसियावि अ ॥ १९७ ॥**

**पलिओवमाइं तिन्नि उ, उक्कोसेण विआहिआ ।**
**आउठिई मणुयाणं, अंतोमुहुत्तं जहण्णिआ ॥ १९८ ॥**

**पलिओवमाइं तिण्णि उ, उक्कोसेण विआहिआ ।**
**पुव्वकोडीपुहुत्तेणं अंतोमुहुत्तं जहण्णगा ॥ १९९ ॥**

**कायठिई मणुआणं, अंतरं तेसिमं भवे ।**
**अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णगं ॥ २०० ॥**

**एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।**
**संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥ २०१ ॥ नवभिःकुलकम् ॥**

मनुजा द्विविधभेदास्तु, तान्मे कीर्तयतः श्रृणु ।
संमूर्च्छिमाश्च मनुजा, गर्भव्युत्क्रान्तिकास्तथा ॥ १९३ ॥

गर्भव्युत्क्रान्तिका ये तु, त्रिविधास्ते व्याख्याताः ।
अकर्मकार्मभूमाश्चान्तरद्वीपजास्तथा ॥ १९४ ॥

पञ्चदशत्रिंशद्विधा, भेदाश्चाष्टाविंशतिः ।
सङ्ख्यास्तु क्रमशस्तेषामित्येषा व्याख्याताः ॥ १९५ ॥

संमूर्च्छिमानामेषैव, भेदो भवत्याख्यातः ।
लोकस्यकदेशे ते, सर्वेऽपि व्याख्याताः ॥ १९६ ॥

सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ १९७ ॥
पल्योपमानि त्रीणि तूत्कृष्टेन व्याख्याताः ।
आयुस्स्थितिर्मनुजानामन्तर्मुहूर्त्तं जघन्यका ॥ १९८ ॥
पल्योपमानि त्रीणि तूत्कृष्टेन व्याख्याताः ।
पूर्वकोटीपृथक्त्वेनान्तर्मुहूर्त्तं जघन्यका ॥ १९९ ॥
कायस्थितिर्मनुजानामन्तरं तेषामिदं भवेत् ।
अनन्तकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ॥ २०० ॥
एतेषां वर्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।
संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्रशः ॥ २०१ ॥ नवभिःकुलकम् ॥

**અર્થ** – સંમૂર્ચ્છિમ મનુષ્ય (જે મન વગરના અને ગર્ભજ મનુષ્યના વમન વગેરે સર્વ અશુચિ સ્થાનકોમાં ઉત્પન્ન થનારા, અંતર્મુહૂર્ત્તના આયુષ્યવાળા અને અપર્યાપ્ત દશામાં મરણ પામનારા છે તે.) અને ગર્ભજ મનુષ્ય-એમ બે પ્રકારે મનુષ્યો છે. તે બન્નેના ભેદોને કહેનાર મારી પાસેથી સાંભળો ! જે ગર્ભજ મનુષ્યો છે, તે આકર્મભૂમ (જ્યાં કૃષિવાણિજ્ય વગેરે કર્મો નથી, તે અકર્મભૂમિ રૂપ હૈમવત વગેરે ક્ષેત્રોમાં ઉત્પન્ન થનારા યુગલિયાઓ આકર્મભૂમ કહેવાય છે.) ભરતાદિ ક્ષેત્રમાં પેદા થયેલ કાર્મભૂમ કહેવાય છે. સમુદ્ર મધ્ય રૂપ અંતરમાં જે દ્વીપો, તે અંતરદ્વીપોમાં પેદા થયેલ અંતરદ્વીપ જ કહેવાય છે. આમ આકર્મભૂમ, કાર્મભૂમ અને અંતરદ્વીપજ ત્રણ પ્રકારના છે. ત્યાં 'કાર્મભૂમો'-પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ રૂપ પંદર કર્મભૂમિમાં પેદા થનાર હોઈ કાર્મભૂમોના પંદર ભેદો છે. 'આકર્મભૂમો'-પાંચ હૈમવત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યકવર્ષ, પાંચ હૈરણ્યવંત, પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂ મળીને ત્રીશ અકર્મભૂમિમાં પેદા થનાર તે આકર્મભૂમો છે.

'અંતરદ્વીપજ'-અંતરદ્વીપોની સંખ્યા અઠ્ઠાવીશ હોવાથી અંતરદ્વીપજો તેટલા છે. હિમવંત પર્વતના પૂર્વ અને પશ્ચિમ પ્રાન્તમાં ચાર વિદિશામાં ફેલાયેલ કોટિઓમાં ત્રણસો ત્રણસો યોજનો અવગાહીને લંબાઈ અને પહોળાઈમાં તેટલા જ યોજનવાળા પહેલા ચાર અંતરદ્વીપો છે. તેના કરતાં એકસો એકસો યોજન વૃદ્ધિવાળી અવગાહનાથી ચારસો યોજન લંબાઈ-પહોળાઈવાળા બીજા છ અંતરદ્વીપો સમજવા. આ અંતરદ્વીપોના ઈશાન વગેરે વિદિશાના ક્રમથી પહેલા

ચતુષ્કના (૧) એકોરૂક, (૨) આભાષિક, (૩) વૈષાણિક અને (૪) લાંગુલિક : બીજા ચતુષ્કના (૧) હયકર્ણ, (૨) ગજકર્ણ, (૩) ગોકર્ણ અને (૪) શષ્કુલીકર્ણ : ત્રીજા ચતુષ્કના (૧) આદર્શમુખ, (૨) મેષમુખ, (૩) હયમુખ અને (૪) ગજમુખ : ચોથા ચતુષ્કના (૧) અશ્વમુખ, (૨) હસ્તિમુખ, (૩) સિંહમુખ અને (૪) વ્યાઘ્રમુખ : પાંચમા ચતુષ્કના (૧) અશ્વકર્ણ, (૨) સિંહકર્ણ, (૩) ગજકર્ણ અને (૪) કર્ણપ્રાવરણ : છઠ્ઠા ચતુષ્કના (૧) ઉલ્કામુખ, (૨) વિદ્યુન્મુખ, (૩) જિહ્વામુખ અને (૪) મેઘમુખ : તેમજ સાતમા ચતુષ્કના (૧) ઘનદંત, (૨) ગૂઢદંત, (૩) શ્રેષ્ઠદંત અને (૪) શુદ્ધદંત : આ દરેકના ચાર ચાર નામો છે. આ દ્વીપોમાં દ્વીપ નામના સરખા નામવાળા જ જુગલિયાઓ રહે છે.

એવી રીતે આ શિખરીના પણ પૂર્વ અને પશ્ચિમ વિદિશાઓમાં ફેલાયેલ કોટિ (કિનારા)માં પૂર્વોક્ત ન્યાયથી અઠ્ઠાવીશ છે. સર્વની સમતા હોવાથી આના ભેદની વિવક્ષા કરેલ નથી.

સંમૂર્ચ્છિમોનો આ જ ભેદ જે ગર્ભજોનો છે, તે ગર્ભજોના વાત-પિત્તાદિમાં પેદા થાય છે, માટે આ સર્વ મનુષ્યો લોકના એકભાગમાં છે-એમ કહેલ છે. પ્રવાહની અપેક્ષાએ તે અનાદિઅનંત અને સ્થિતિની અપેક્ષાએ તે સાદિસાન્ત છે. ભવસ્થિતિ-યુગલિકોની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ ત્રણ પલ્યોપમની અને જઘન્ય ભવસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે, જ્યારે સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્કૃષ્ટ-જઘન્ય ભવસ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે. કાયસ્થિતિ-યુગલિકોની ભવસ્થિતિ એ જ કાયસ્થિતિ સમજવી. તે સિવાયના મનુષ્યોની કાયસ્થિતિ પૂર્વકોટિ પૃથક્ત્વની છે. અંતરમાન-ઉત્કૃષ્ટ અંતરમાન અનંતકાળનું અને જઘન્ય અંતરમાન અંતર્મુહૂર્ત્તનું છે. આ મનુષ્યોના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા ભેદો છે. (૧૯૩ થી ૨૦૧-૧૬૩૧ થી ૧૬૩૯)

**देवा चउव्विहा वुत्ता, ते मे कित्तयओ सुण ।**
**भोमेज्जवाणमंतरजोइसवेमाणिआ तहा ॥ २०२ ॥**

**दसहा भवणवासी, अट्ठहा वणचारिणो ।**
**पंचविहा जोइसिआ, दुविहा वेमाणिआ तहा ॥ २०३ ॥**

**असुरा नाग सुवण्णा, विज्जू अग्गी अ आहिआ ।**
**दीवोदहि दिसावाया, थणिआ भवणवासिणो ॥ २०४ ॥**

**पिसाय भूआ जक्खा य, रक्खसा किन्नरा य किंपुरिसा ।**
**महोरगा य गंधव्वा, अट्ठविहा वाणमंतरा ॥ २०५ ॥**

**चंदा सूरा य नक्खत्ता, गहा तारागणा तहा ।**
**ठिआ विचारिणो चेव, पंचविहा जोइसालया ॥ २०६ ॥ पंचभिः कुलकम् ॥**

देवाश्चतुर्विधा उक्ताः, तान्मे कीर्त्तयतः श्रृणु ।
भौमेया वानव्यन्तराज्योतिष्कावैमानिकास्तथा ॥ २०२ ॥

दशधा तु भवनवासिनोष्टधा वनचारिणः ।
पञ्चविधा ज्योतिष्काः, द्विविधा वैमानिकस्तथा ॥ २०३ ॥

असुराः नागसुवर्णाः, विद्युदग्निश्चाख्याताः ।
द्वीपोदधिदिग्वायुस्तनिता भवनवासिनः ॥ २०४ ॥

पिशाचाः भूताः यक्षाश्च, राक्षसाः किन्नराश्च किंपुरुषाः ।
महोरगाश्च गन्धर्वा अष्टविधा व्यन्तराः ॥ २०५ ॥

चन्द्राः सूर्याश्च नक्षत्राः, ग्रहास्तारागणास्तथा ।
स्थिताविचारिणश्चैव, पञ्चधा ज्योतिष्काः ॥ २०६ ॥ पञ्चभिः कुलकम् ॥

**अर्थ –** ભૌમેય (ભૂમિમાં પેદા થનાર) - ભવનપતિ-વાન મંતર-જ્યોતિષ્ક-વૈમાનિક-એમ ચાર ભેદો દેવના કહેલા છે. તે ભેદોને કહેનાર મારી પાસેથી સાંભળો ! ભવનપતિના દશ, વનચારી-વાનમંતરના આઠ, જ્યોતિષ્કના પાંચ અને વૈમાનિકના બે પ્રકાર છે. દશ ભવનપતિ-(૧) અસુરકુમાર (કુમારની માફક ક્રીડાપ્રિય હોઈ, વેષ-ભાષા-શસ્ત્ર-યાન વગેરે ભૂષાપરાયણ હોઈ કુમાર કહેવાય છે.), (૨) નાગકુમાર, (૩) સુવર્ણકુમાર, (૪) વિદ્યુત્કુમાર, (૫) અગ્નિકુમાર, (૬) દ્વીપકુમાર, (૭) ઉદધિકુમાર, (૮) દિગ્કુમાર, (૯) વાયુકુમાર અને (૧૦) સ્તનિતકુમાર.

આઠ વ્યંતરો-પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરૂષ મહોરગ અને ગંધર્વ. (બીજા પણ આઠ વાણવ્યંતરોનો આમાં અંતર્ભાવ કરવો.)

પાંચ જ્યોતિષ્કો-ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ગ્રહ અને તારા-એમ સ્થિતિ (મનુષ્યક્ષેત્રની બહાર સ્થિર જ છે.) અને વિચારી (મેરૂની પ્રદક્ષિણા દેવા રૂપ વિશેષથી ચાલનાર-ચરજ્યોતિષ્ક છે.) (૨૦૨ થી ૨૦૬-૧૬૪૦ થી ૧૬૪૪)

**वेमाणिआ उ जे देवा, दुविहा ते विआहिआ ।**
**कप्पोवगा य बोद्धव्वा, कप्पातीता तहेव य ॥ २०७ ॥**

कप्पोवगा बारसहा, सोहम्मीसाणगा तहा ।
सणंकुमारा माहिंदा, बंभलोगा य लंतगा ॥ २०८ ॥

महासुक्का सहस्सारा, आणया पाणया तहा ।
आरणा अच्चुआ चेव, इति कप्पोवगा सुरा ॥ २०९ ॥

कप्पातीता उ जे देवा, दुविहा ते विआहिआ ।
गेविज्जाणुत्तरा चेव, गेविज्जा नवविहा तहिं ॥ २१० ॥

हिट्ठिमाहिट्ठिमा चेव, हिट्ठिमा मज्झिमा तहा ।
हिट्ठिमा उवरिमा चेव, मज्झिमा हिट्ठिमा तहा ॥ २११ ॥

मज्झिमा मज्झिमा चेव, मज्झिमा उवरिमा तहा ।
उवरिमा हिट्ठिमा चेव, उवरिमा मज्झिमा तहा ॥ २१२ ॥

उवरिमा उवरिमा चेव, इइ गेविज्जगा सुरा ।
विजय वेजयंता य, जयंता अपराजिआ ॥ २१३ ॥

सव्वट्ठसिद्धगा चेव, पंचहाणुत्तरा सुरा ।
इइ वेमाणिआ एए णेगहा एवमायओ ॥ २१४ ॥

लोगस्स एगदेसम्मि, ते सव्वे परिकित्तिआ ।
इत्तो कालविभागं तु, तेसिं वोच्छं चउव्विहं ॥ २१५ ॥

संतइं पप्पऽणाईआ, अपज्जवसिआवि अ ।
ठिइं पडुच्च साईआ, सपज्जवसिआवि अ ॥ २१६ ॥

साहियं सागरं इक्कं, उक्कोसेण ठिई भवे ।
भोमेज्जाणं जहन्नेणं, दसवास सहस्सिआ ॥ २१७ ॥

पलिओवममेगं तु, उक्कोसेण ठिई भवे ।
वंतराणं जहन्नेणं, दसवास सहस्सिआ ॥ २१८ ॥

पलिओवमं तु एगं, वासलक्खेण साहिअं ।
पलिओवमट्ठभागो, जोईसेसु जहन्निआ ॥ २१९ ॥ त्रयोदशभिः कुलकम् ॥

वैमानिकाः तु ये देवाः, द्विविधास्ते व्याख्याताः ।
कल्पोपगाश्च बोद्धव्या, कल्पातीतास्तथैव च ॥ २०७ ॥

कल्पोपगाः द्वादशधा, सौधर्मेशानगास्तथा ।
सनतकुमाराः माहेन्द्राः, ब्रह्मलोकाश्च लान्तकाः ॥ २०८ ॥

महाशुक्राः सहस्त्राराः, आनताः प्राणतास्तथा ।
आरणा अच्युताश्चैवेति, कल्पोपगाः सुराः ॥ २०९ ॥

कल्पातीताश्च देवाः, द्विविधास्ते व्याख्याताः ।
ग्रैवेयका अनुत्तराश्चैव, ग्रैवेयका नवविधास्तत्र ॥ २१० ॥

अधस्तनाधस्तनाश्चैवाऽधस्तनमध्यमास्तथा ।
अधस्तनोपरितनाश्चैव, मध्यमाधस्तनास्तथा ॥ २११ ॥

मध्यमामध्यमाश्चैव, मध्यमोपरितनास्तथा ।
उपरिमाधस्तनाः चैवोपरिममध्यमास्तथा ॥ २१२ ॥

उपरिमोपरिमाश्चैवेति ग्रैवेयकाः सुराः ।
विजयावैजयन्ताश्च, जयन्तापराजिताः ॥ २१३ ॥

सर्वार्थसिद्धकाश्चैव, पञ्चधाऽनुत्तराः सुराः ।
इति वैमानिका एते, अनेकधैवमादयः ॥ २१४ ॥

लोकस्यैकदेशे, ते सर्वे परिकीर्तिताः ।
इतः कालविभागं तु, तेषां वक्ष्ये चतुर्विधम् ॥ २१५ ॥

सन्ततिं प्राप्याऽनादिका, अपर्यवसिता अपि च ।
स्थितिं प्रतीत्य सादिकाः, सपर्यवसिता अपि च ॥ २१६ ॥

साधिकं सागरमेकमुत्कृष्टेन स्थितिर्भवेत् ।
भौमेयकानां जघन्येन, दशवर्षसहस्त्रिकाः ॥ २१७ ॥

पल्योपममेकं तूत्कृष्टेन व्याख्यातम् ।
व्यंतराणां जघन्येन, दशवर्षसहस्त्रिका ॥ २१८ ॥

पल्योपममेकं तु, वर्षलक्षेणसाधिकम् ।
पल्योपमाष्टभागो, ज्योतिष्केषु जघन्यका ॥ २१९ ॥ त्रयोदशभिः कुलकम् ॥

**અર્થ** – કલ્પોપગ (સૌધર્મ વગેરે દેવલોક રૂપ કલ્પોમાં રહેનારા) અર્થાત્ સૌધર્મ વગેરે દેવલોકના દેવો અને કલ્પાતીત (કલ્પોના ઉપર રહેલ સ્થાનમાં ઉત્પન્ન થતા હોવાથી) ગ્રૈવેયક-અનુત્તર વિમાનવાસી દેવો, એમ જે વમાનિક દેવો છે તે બે પ્રકારના કહેલ છે. કલ્પોપગ દેવો સ્વર્ગના નામવાળા બાર પ્રકારના છે. તે આ પ્રમાણે-સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત જાણવા. હવે જે કલ્પાતીત દેવો છે તે બે પ્રકારના ગ્રૈવેયક (ગ્રૈવેયકમાં પેદા થનાર)

અને અનુત્તર (અનુત્તરોમાં પેદા થનાર) છે. હવે ગ્રૈવેયકો નવ પ્રકારના છે. ગ્રૈવેયકોમાં ત્રણ ત્રિકો (ત્રણનો સમૂહ) છે. પ્રથમ ત્રિક-અધસ્તન (નીચે રહેલ હોઈ) હોઈ હિટ્ઠિમ કહેવાય છે. પ્રથમ ત્રિકમાં પ્રથમ ગ્રૈવેયક અધસ્તન હોઈ હિટ્ઠિમહિટ્ઠિમ કહેવાય છે. ત્યાં ઉત્પન્ન થનાર દેવો હિટ્ઠિમહિટ્ઠિમો કહેવાય છે. (૨) હિટ્ઠિમમધ્યમો અને (૩) હિટ્ઠિમઉપરિમો. બીજી ત્રિક-મધ્યમાહિટ્ઠિમો, મધ્યમામધ્યમો અને મધ્યમાઉપરિમો. ત્રીજી ત્રિક-ઉપરિમાહિટ્ઠિમો, ઉપરિમામધ્યમો અને ઉપરિમાઉપરિમો. આ પ્રમાણે નવ ગ્રૈવેયક સુરો જાણવા. વિજય-વૈજયંત-જયંત-અપરાજિત-સર્વાર્થસિદ્ધ, એમ પાંચ પ્રકારના અનુત્તર સુરો છે. આ મુજબ આ વૈમાનિક દેવો અનેક પ્રકારના કહેલ છે. આ બધા વૈમાનિક દેવો લોકના એકભાગમાં છે-એમ કહેલ છે. હવે પછી તે દેવોના ચાર પ્રકારના કાલવિભાગને હું કહીશ. પ્રવાહની અપેક્ષાએ તે અનાદિઅનંત છે અને સ્થિતિની અપેક્ષાએ તે સાદિસાન્ત છે.

ભવસ્થિતિ-ભવનપતિ દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય કંઈક અધિક એક સાગરોપમનું છે અને જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે. વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક પલ્યોપમનું છે અને જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે. જ્યોતિષી દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય લાખ વર્ષોથી અધિક એક પલ્યોપમનું છે અને જઘન્ય આયુષ્ય એક પલ્યોપમના આઠમા ભાગનું છે.

(આ ઉત્કૃષ્ટ સ્થિતિ ચંદ્રવિમાનના દેવોની અને જઘન્ય સ્થિતિ તારા વિમાનના દેવોની છે-એમ સમજવું.) (૨૦૭ થી ૨૧૯-૧૬૪૫ થી ૧૬૫૭)

**दो चेव सागराइं, उक्कोसेण विआहिआ ।**
**सोहम्मम्मि जहण्णेणं, एगं च पलिओवमं ॥ २२० ॥**

**सागरा साहिआ दुन्नि, उक्कोसेण विआहिआ ।**
**ईसाणंमि जहण्णेणं, साहिअं पलिओवमं ॥ २२१ ॥**

**सागराणि अ सत्तेव, उक्कोसेण ठिई भवे ।**
**सणंकुमारे जहण्णेणं, दुण्णि उ सागरोवमा ॥ २२२ ॥**

**साहिआ सागरा सत्त, उक्कोसेण ठिई भवे ।**
**माहिंदम्मि जहन्नेणं, साहिआ दुण्णि सागरा ॥ २२३ ॥**

**दस चेव सागराइं, उक्कोसेण ठिई भवे ।**
**बंभलोए जहन्नेणं, सत्त उ सागरोवमा ॥ २२४ ॥**

चउद्दस उ सागराइं, उक्कोसेण ठिई भवे ।
लंतगंमि जहन्नेणं, दस उ सागरोवमा ॥ २२५ ॥

सत्तरस सागराइं, उक्कोसेण ठिई भवे ।
महासुक्के जहण्णेणं, चउद्दस सागरोवमा ॥ २२६ ॥

अट्ठारस सागराइं, उक्कोसेण ठिई भवे ।
सहस्सारे जहण्णेणं, सत्तरस सागरोवमा ॥ २२७ ॥

सागरा अउणवीसं तु, उक्कोसेण ठिई भवे ।
आणयम्मि जहण्णेणं, अट्ठारस सागरोवमा ॥ २२८ ॥

वीसं तु सागराइं, उक्कोसेण ठिई भवे ।
पाणयम्मि जहण्णेणं, सागरा अउणवीसई ॥ २२९ ॥

सागरा इक्कवीसं तु, उक्कोसेण ठिई भवे ।
आरणम्मि जहण्णेणं, वीसई सागरोवमा ॥ २३० ॥

बावीस सागराइं, उक्कोसेण ठिई भवे ।
अच्चुअम्मि जहण्णेणं, सागरा इक्कवीसई ॥ २३१ ॥

तेवीस सागराइं, उक्कोसेण ठिई भवे ।
पढमंमि जहण्णेणं, बावीसं सागरोवमा ॥ २३२ ॥

चउवीस सागराइं, उक्कोसेण ठिई भवे ।
बिईअंमि जहण्णेणं, तेवींस सागरोवमा ॥ २३३ ॥

पणवीस सागराइं, उक्कोसेण ठिई भवे ।
तइअंमि जहण्णेणं, चउवीसं सागरोवमा ॥ २३४ ॥

छव्वीस सागराइं, उक्कोसेण ठिई भवे ।
चउत्थंमि जहण्णेणं, सागरा पणवीसई ॥ २३५ ॥

सागरा सत्तवीसं तु, उक्कोसेण ठिई भवे ।
पंचमम्मि जहण्णेणं, सागरा उ छव्वीसई ॥ २३६ ॥

सागरा अट्ठवीसं तु, उक्कोसेण ठिई भवे ।
ड्डुंमि जहण्णेणं, सागरा सत्तवीसई ॥ २३७ ॥

सागरा अउणतीसं तु, उक्कोसेण ठिई भवे ।
सत्तमम्मि जहण्णेणं, सागरा अट्ठवीसई ॥ २३८ ॥
तीसं तु सागराइं, उक्कोसेण ठिई भवे ।
अट्ठमम्मि जहण्णेणं, सागरा अउणतीसई ॥ २३९ ॥
सागरा इक्कतीसं तु, उक्कोसेण ठिई भवे ।
नवमम्मि जहण्णेणं, तीसई सागरोवमा ॥ २४० ॥
तित्तीसं सागराइं, उक्कोसेण ठिई भवे ।
चउसुं पि विजयाईसु, जहन्ना इक्कतीसई ॥ २४१ ॥
अजहण्णमणुक्कोसं, तित्तीसं सागरोवमा ।
महाविमाणे सव्वट्ठे, ठिई एसा विआहिआ ॥ २४२ ॥
जा चेव य आऊठिई, देवाणं तु विआहिआ ।
सा तेसिं कायठिई, जहण्णुक्कोसिआ भवे ॥ २४३ ॥
अणंतकालमुक्कोसं, अंतोमुहुत्तं जहण्णयं ।
विजढंमि सए काए, देवाणं हुज्ज अंतरं ॥ २४४ ॥
एएसिं वण्णओ चेव, गंधओ रसफासओ ।
संठाणादेसओ वावि, विहाणाइं सहस्ससो ॥ २४५ ॥

पञ्चविंशतिभिःकुलकम् ॥

द्वे चैव सागरे, उत्कृष्टेन व्याख्याताः ।
सौधर्मे जघन्येनैकं च पल्योपमम् ॥ २२० ॥
सागरे साधिके द्वे, उत्कृष्टेन व्याख्याताः ।
ईशाने जघन्येन, साधिकं पल्योपमम् ॥ २२१ ॥
सागराणि च सप्तैवोत्कृष्टेन स्थितिर्भवेत् ।
सनत्कुमारे जघन्येन, द्वे तु सागरोपमे ॥ २२२ ॥
सागराणि साधिकानि सप्तोत्कृष्टेन स्थितिर्भवेत् ।
माहेन्द्रे जघन्येन, साधिके द्वे सागरे ॥ २२३ ॥
दश चैव सागराण्युत्कृष्टेन व्याख्याताः ।
ब्रह्मलोके जघन्येन, सप्त तु सागराणि ॥ २२४ ॥
चतुर्दश तु सागराण्युत्कृष्टेन व्याख्याताः ।
लान्तके जघन्येन, दश तु सागरोपमानि ॥ २२५ ॥

सप्तदश सागराण्युत्कृष्टेन व्याख्याताः ।
महाशुक्रे जघन्येन, चतुर्दश सागरोपमानि ॥ २२६ ॥

अष्टादश सागराण्युत्कृष्टेन व्याख्याताः ।
सहस्त्रारे जघन्येन, सप्तदश सागरोपमानि ॥ २२७ ॥

सागराण्येकोनविंशतिस्तूत्कृष्टेन स्थितिर्भवेत् ।
आनते जघन्येनाष्टादशसागरोपमानि ॥ २२८ ॥

विंशतिस्तु सागराण्युत्कृष्टेन स्थितिर्भवेत् ।
प्राणते जघन्येन, सागराण्येकोनविंशतिः ॥ २२९ ॥

सागराण्येकविंशतिस्तूत्कृष्टेनस्थितिर्भवेत् ।
आरणे जघन्येन, विंशतिस्सागरोपमानि ॥ २३० ॥

द्वाविंशतिः सागराण्युत्कृष्टेन स्थितिर्भवेत् ।
अच्युते जघन्येन, सागराण्येकविंशतिः ॥ २३१ ॥

त्रयोविंशतिः सागराण्युत्कृष्टेन स्थितिर्भवेत् ।
प्रथमे जघन्येन, द्वाविंशतिः सागरोपमानि ॥ २३२ ॥

चतुर्विंशतिः सागराण्युत्कृष्टेन स्थितिर्भवेत् ।
द्वितीये जघन्येन, त्रयोविंशतिः सागरोपमानि ॥ २३३ ॥

पञ्चविंशतिः सागराणि तूत्कृष्टेन स्थितिर्भवेत् ।
तृतीये जघन्येन, चतुर्विंशतिः सागरोपमानि ॥ २३४ ॥

षट्विंशतिसागराण्युत्कृष्टेन स्थितिर्भवेत् ।
चतुर्थे जघन्येन, सागराणि पञ्चविंशतिः ॥ २३५ ॥

सागराणि सप्तविंशतिस्तूत्कृष्टेन स्थितिर्भवेत् ।
पञ्चमे जघन्येन, सागराणि तु षट्विंशतिः ॥ २३६ ॥

सागराण्यष्टाविंशतिस्तूत्कृष्टेन स्थितिर्भवेत् ।
षष्ठे जघन्येन, सागराणि सप्तविंशतिः ॥ २३७ ॥

सागराण्येकोनत्रिंशत्तूत्कृष्टेन स्थितिर्भवेत् ।
सप्तमे जघन्येन, सागराण्यष्टाविंशतिः ॥ २३८ ॥

त्रिंशत्तु सागराण्युत्कृष्टेन स्थितिर्भवेत् ।
अष्टमे जघन्येन, सागराण्येकोनत्रिंशत् ॥ २३९ ॥

सागराण्येकत्रिंशत्तूत्कृष्टेन स्थितिर्भवेत् ।
नवमे जघन्येन,त्रिंशत्सागरोपमानि ॥ २४० ॥

त्रयस्त्रिंशत्सागराणि तूत्कृष्टेन स्थितिर्भवेत् ।
चतुर्ष्वपि विजयादिषु, जघन्यैकत्रिंशत् ॥ २४१ ॥

अजघन्यमनुत्कृष्टं, त्रयस्त्रिंशत्सागरोपमानि ।
महाविमाने सर्वार्थे, स्थितिरेषा व्याख्याता ॥ २४२ ॥

या चैव त्वायुः स्थितिर्देवानां तु व्याख्याताः ।
सा तेषां कायस्थितिर्जघन्यमुत्कृष्टा भवेत् ॥ २४३ ॥

अनन्तकालमुत्कृष्टमन्तर्मुहूर्त्तं जघन्यकम् ।
त्यक्ते स्वके काये, देवानां भवति अन्तरम् ॥ २४४ ॥

एतेषां वर्णतश्चैव, गन्धतो रसस्पर्शतः ।
संस्थानादेशतो वाऽपि, विधानानि सहस्त्रशः ॥ २४५ ॥

पञ्चविंशतिभिःकुलकम् ॥

અર્થ —

| ૧૨ દેવલોકનાં નામો | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|
| ૧. સૌધર્મ | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| ૨. ઈશાન | ૧ પલ્યોપમથી અધિક | ૨ સાગરોપમથી અધિક |
| ૩. સનત્કુમાર | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪. માહેન્દ્ર | ૨ સાગરોપમથી અધિક | ૭ સાગરોપમથી અધિક |
| ૫. બ્રહ્મલોક | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૬. લાંતક | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| ૭. મહાશુક્ર | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૮. સહસ્રાર | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |
| ૯. આનત | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| ૧૦. પ્રાણત | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| ૧૧. આરણ | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| ૧૨. અચ્યુત | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| **નવ ગ્રૈવેયકનાં નામો** | **જઘન્ય આયુષ્ય** | **ઉત્કૃષ્ટ આયુષ્ય** |
| ૧. સુદર્શન | ૨૨ સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| ૨. સુપ્રતિબદ્ધ | ૨૩ સાગરોપમ | ૨૪ સાગરોપમ |
| ૩. મનોરમ | ૨૪ સાગરોપમ | ૨૫ સાગરોપમ |

| | | |
|---|---|---|
| ૪. સર્વતોભદ્ર | ૨૫ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| ૫. સુવિશાલ | ૨૬ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| ૬. સુમનસ | ૨૭ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| ૭. સૌમનસ | ૨૮ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| ૮. પ્રિયંકર | ૨૯ સાગરોપમ | ૩૦ સાગરોપમ |
| ૯. આદિત્ય | ૩૦ સાગરોપમ | ૩૧ સાગરોપમ |

વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત-આ ચાર અનુત્તરોમાં ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમનું અને જઘન્ય એકત્રીશ સાગરોપમનું આયુષ્ય છે. મહા વિમાન સર્વાર્થસિદ્ધમાં ઉત્કૃષ્ટ કે જઘન્ય તેત્રીશ સાગરોપમનું આયુષ્ય સમજવું. જે દેવોની આયુષ્યસ્થિતિ કહી તે જ ભવસ્થિતિ સમજવી, કેમ કે-દેવો મરીને ફરીથી દેવપણામાં ઉત્પન્ન થતા નથી.

અંતરદ્વાર-ઉત્કૃષ્ટ અનંતકાળનું અને જઘન્ય અંતર્મુહૂર્ત્તનું અંતરદ્વાર છે. આ દેવોના ભેદો વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનની અપેક્ષાએ હજારો-ઘણા ઘણા છે. (૨૨૦ થી ૨૪૫-૧૬૫૮ થી ૧૬૮૩)

**संसारत्था य सिद्धा य, इइ जीवा विआहिआ ।**
**रूविणो चेवऽरूवी य, अजीवा दुविहावि अ ॥ २४६ ॥**

**संसारस्थाश्च सिद्धाश्च, इति जीवा व्याख्याताः ।**
**रूपिणश्चैवाऽरूपिणश्च, अजीवा द्विविधा अपि च ॥ २४६ ॥**

**અર્થ** – સિદ્ધ અને સંસારસ્થ-એમ બે પ્રકારના આ પ્રમાણે જીવો કહેલ છે. અજીવો પણ રૂપી અને અરૂપી ભેદથી બે પ્રકારના છે. (૨૪૬-૧૬૮૪)

**इइ जीवमजीवे अ, सुच्चा सद्दहिऊण य ।**
**सव्वनयाण अणुमए, रमिज्जा संजमे मुणी ॥ २४७ ॥**

**इति जीवाऽजीवांश्च, श्रुत्वा श्रद्धाय च ।**
**सर्वनयानामनुमतः, रमेत संयमे मुनिः ॥ २४७ ॥**

**અર્થ** – આ પ્રમાણે જીવ અને અજીવોને સાંભળીને તથા તેની શ્રદ્ધા કરીને, જ્ઞાન અને ક્રિયામાં અંતર્ગત નૈગમ વગેરે સર્વનયસંમત સંયમમાં મુનિ રમે ! (૨૪૭-૧૬૮૫)

**तओ बहुणि वासाणि, सामण्णमणुपालिआ ।**
**इमेण कम्मजोगेणं, अप्पाणं संलिहे मुणी ॥ २४८ ॥**

बारसेव उ वासाइं, संलेहुक्कोसिआ भवे ।
संवच्छरं मज्झिमिआ, छम्मासे अ जहण्णिआ ॥ २४९ ॥

पढमे वासचउक्कम्मि, विगई निज्जूहणं करे ।
बिइए वासचउक्कम्मि, विचित्तं तु तवं चरे ॥ २५० ॥

एगंतरमायामं कट्टू, संवच्छरे दुवे ।
तओ संवच्छरद्धं तु, नाइविगिट्ठं तवं चरे ॥ २५१ ॥

तओ संवच्छरद्धं, तु, विगिट्ठं तु तवं चरे ।
परिमिअं चेव आयामं, तंमि संवच्छरे करे ॥ २५२ ॥

कोडीसहिअमायामं, कट्टू संवच्छरे मुणी ।
मासद्धमासिएणं तु, आहारेणं तवं चरे ॥ २५३ ॥ षड्भिःकुलकम् ॥

ततो बहूनि वर्षाणि, श्रामण्यमनुपाल्य ।
क्रमयोगेना अनेनत्मानं, संलिखेन्मुनिः ॥ २४८ ॥

द्वादशैव तु वर्षाणि, संलेखोत्कृष्टा भवेत् ।
संवत्सरं मध्यमा, षण्मासांश्च जघन्यका ॥ २४९ ॥

प्रथमे वर्षचतुष्के, विकृति निर्यूहनं कुर्यात् ।
द्वितीये वर्षचतुष्के, विचित्रं तु तपश्चरेत् ॥ २५० ॥

एकान्तरमाचाम्लं, कृत्वा संवत्सरौ द्वौ ।
ततः संवत्सरार्द्धं तु, नातिविकृष्टं तपश्चरेत् ॥ २५१ ॥

ततः संवत्सरार्द्धं तु, विकृष्टं तु तपश्चरेत् ।
परिमितं चैवाचाम्लं, तस्मिन्संवत्सरे कुर्यात् ॥ २५२ ॥

कोटीसहितमाचाम्लं, कृत्वा संवत्सरे मुनिः ।
मासार्द्धमासिकेनेत्वाहारेण तपश्चरेत् ॥ २५३ ॥ षडभिःकुलकम् ॥

**અર્થ –** ઘણાં વર્ષો સુધી શ્રમણ અવસ્થાનું પાલન કરી આ ક્રમયોગથી (તપના અનુષ્ઠાન રૂપ યોગ) દ્રવ્ય અને ભાવથી સંલેખના કરે ! દ્રવ્યને અને ભાવને કૃશ-પાતળા કરે ! બાર વર્ષો સુધીની સંલેખના-દ્રવ્યથી શરીરને કૃશ બનાવવા રૂપ અને ભાવથી કષાયોને કૃશ-પાતળા બનાવવા રૂપ સંલેખના ઉત્કૃષ્ટ થાય છે. એક વર્ષની મધ્યમ થાય છે, જયારે છ મહિના સુધીની જઘન્ય થાય છે. ઉત્કૃષ્ટ સંલેખનાના ક્રમયોગને કહે છે કે-પહેલાંના ચાર વર્ષોમાં વિચિત્ર તપના પારણામાં વિગઇઓનો ત્યાગ કરે ! બીજા ચાર વર્ષોમાં વિચિત્ર

જ-છટ્ઠ-અઠ્ઠમ આદિ તપ કરે અને પારણામાં સર્વ કલ્પનીય લઈ શકે છે. બે વર્ષોમાં એકાન્તરે ઉપવાસ કરી પારણામાં આયંબીલનો તપ કરે. છ મહિના સુધી અતિ ઉત્કૃષ્ટ અઠ્ઠમ-દશમ વગેરે તપ ન કરે ! છ મહિના સુધી વિકૃષ્ટ-ચતુર્થાદિ ઉત્કૃષ્ટ તપ કરે અને પારણામાં પરિમિત જ આયંબીલ કરે ! બારમે વર્ષે નિરંતર આયંબીલનો તપ કરે ! અર્થાત્ વિવક્ષિત દિને આયંબીલ કરીને ફરીથી બીજા દિવસે આયંબીલનું જ પચ્ચક્ખાણ કરે છે, તેથી પ્રથમની પર્યંત કોટિ અને બીજાની પ્રારંભ કોટિ-એમ બે કોટિ ભેગી થાય છે. તેથી તે કોટિ સહિત આયંબીલ-નિરંતર આયંબીલ કરીને, બારમે વર્ષે છેવટના માસખમણ કે પાસખમણ દ્વારા ભક્તપરિજ્ઞા આદિ રૂપ અનશન તપ મુનિ કરે ! આ પ્રમાણે અનશન પામનારને પણ મિથ્યાત્વ આદિ અશુભ ભાવનાઓ અનર્થ હેતુ છે, જ્યારે તેનાથી વિપર્યય રૂપ સમ્યક્ત્વ વગેરે શુભ ભાવનાઓ શુભ હેતુ છે-એ વિષયને કહે છે. (૨૪૮ થી ૨૫૩-૧૬૮૬ થી ૧૬૯૧)

**कंदप्पमाभिओगं च, किब्बिसिअं मोहमासुरत्तं च ।**
**एयाओ दुग्गईओ, मरणम्मि विराहया हुंति ॥ २५४ ॥**

**मिच्छादंसणरत्ता, सनिआणा हु हिंसगा ।**
**इइ जे मरंति जीवा, तेसिं पुण दुल्लहा बोही ॥ २५५ ॥**

**सम्मदंसणरत्ता, अनिआणा सुक्कलेसमोगाढा ।**
**इइ जे मरंति जीवा, सुलभा तेसिं भवे बोही ॥ २५६ ॥**

**मिच्छादंसणरत्ता, सनिआणा कण्हलेसमोगाढा ।**
**इइ जे मरंति जीवा, तेसिं पुण दुल्लहा बोही ॥ २५७ ॥ चतुर्भिःकलापकम् ॥**

कन्दर्प्याभियोगी च, किल्बिषिकी मोहमासुरत्वं च ।
एता दुर्गतयो, मरणे विराधिका भवन्ति ॥ २५४ ॥

मिथ्यादर्शनरक्ताः, सनिदानाः तु हिंसकाः ।
इति ये म्रियन्ते जीवास्तेषां पुनर्दुर्लभा बोधिः ॥ २५५ ॥

सम्यग्दर्शनरक्ताः, अनिदानाः शुक्ललेश्यामवगाढाः ।
इति ये म्रियन्ते जीवाः, सुलभा तेषां भवेद् बोधिः ॥ २५६ ॥

मिथ्यादर्शनरक्ताः, सनिदानाः कृष्णलेश्यामवगाढाः ।
इति ये म्रियन्ते जीवाः, तेषां पुनर्दुर्लभा बोधिः ॥ २५७ ॥ चतुर्भिःकलापकम् ॥

**અર્થ** – કંદર્પ ભાવના, આભિયોગ્ય ભાવના, કિલ્બિષ ભાવના, મોહ ભાવના અને આસુર ભાવના-આ પાંચ ભાવનાઓ દુર્ગતિના હેતુ રૂપ હોઈ દુર્ગતિ તરીકે કહેવાય છે. (આ ભાવના કરનારાઓ દુર્ગતિ રૂપ તથાવિધ દેવનિકાયોમાં જ ઉત્પન્ન થાય છે.) મરણકાળે સમ્યગ્દર્શન વગેરેના વિરાધકને આ ભાવનાઓ થાય છે. (આ ભાવના પહેલાં હોય પણ પછી અંત કાળે શુભ ભાવના થાય, તો સુગતિ પણ થાય.) અતત્ત્વમાં તત્ત્વના આગ્રહ રૂપ મિથ્યાદર્શનમાં આસક્ત, ભોગની પ્રાર્થના કરનારાઓ અને જીવની હિંસા કરનારાઓ-આવા જીવો જે મરે છે, તે જીવોની ફરીથી શ્રીજિનધર્મની પ્રાપ્તિ રૂપ બોધિ દુર્લભ છે. સમ્યગ્દર્શનમાં સુદૃઢ, ભોગની ઈચ્છા વગરના અને શુક્લલેશ્યામાં પેસનારા-આવા જીવો જે મરે છે, તે જીવોને બોધિ સુલભ છે. મિથ્યાદર્શનમાં આસક્ત, ભોગની ઈચ્છાવાળા અને કૃષ્ણલેશ્યામાં પ્રવિષ્ટ (કૃષ્ણલેશ્યા રૂપ વિશિષ્ટ સંકલેશ હોવાથી જ દુર્લભબોધિપણું છે, એટલે પુનરૂક્તિદોષ નથી.) જે જીવો છે, તે જીવોને ફરીથી બોધિ દુર્લભ બને છે. (૨૫૪ થી ૨૫૭-૧૬૯૨ થી ૧૬૯૫)

**जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करिंति भावेणं ।**
**अमला असंकिलिट्ठा, ते होंति परित्त संसारी ॥ २५८ ॥**

**बालमरणाणि बहुसो, अकाममरणाणि चेव बहुआणि ।**
**मरिहिंति ते वराया, जिणवयणं जे न याणंति ॥ २५९ ॥ युग्मम् ॥**

**जिनवचनेऽनुरक्ता, जिनवचनं ये कुर्वन्ति भावेन ।**
**अमला असंक्लिष्टाः, ते भवन्ति परित्तसंसारिणः ॥ २५८ ॥**

**बालमरणैः बहुशोऽकाममरणैश्चैव बहूनि ।**
**मरिष्यन्ति ते वराका, जिनवचनं ये न जानन्ति ॥ २५९ ॥ युग्मम् ॥**

**અર્થ** – શ્રી જિનવચનમાં અનુરાગવાળા અને ભાવપૂર્વક શ્રી જિનવચનને જે આત્માઓ કરે છે, તે આત્માઓ શ્રદ્ધાની મલિનતાના હેતુભૂત મિથ્યાત્વ વગેરે ભાવમલથી રહિત-અમલો રાગ વગેરે સંક્લેશ વગરના પરમિતિ સંસારી બને છે. ફાંસો ખાવો વગેરેના કારણભૂત અનેક બાલમરણો, ઘણી વાર અનિચ્છા રૂપ ઘણાં મરણો તથા અકામ મરણો વડે તે જીવો મરે છે, કે જે બીચારા જીવો શ્રી જિનવચનને જાણતા નથી અને આચરતા નથી. જો આમ છે, તો શ્રી જિનવચન ભાવપૂર્વક આચરવું જોઈએ ! ત્યાં અતિચારનો સંભવ થતાં, આલોચના તેના શ્રવણયોગ્યોને સંભળાવવી. તે શ્રવણયોગ્યો જે હેતુઓથી થાય છે તેને કહે છે. (૨૫૮+૨૫૯-૧૬૯૬+૧૬૯૭)

**बहुआगमविण्णाणा, समाहि उप्पायगा य गुणगाही ।**
**एएण कारणेणं, अरिहा आलोअणं सोउं ॥ २६० ॥**

**बह्वागमविज्ञानाः, समाधेरुत्पादका श्च गुणग्राहिणः ।**
**एतैः कारणैरर्हा आलोचनां श्रोतुम् ॥ २६० ॥**

**અર્થ** – સૂત્રની અને અર્થની અપેક્ષાએ ઘણા આગમના વિશિષ્ટ જ્ઞાનધારક, જે દેશ અને કાળ-અભિપ્રાય વગેરેના જાણકાર હોઈ, મધુર વાક્ય આદિથી આલોચકોને સમાધિને જ ઉત્પન્ન કરનાર છે અને ઉપબૃંહણ માટે બીજાઓના સત્ય ગુણને ગ્રહણ કરવાના સ્વભાવવાળા છે, માટે બહુશ્રતત્વ-સમાધિ ઉત્પાદકત્વ-ગુણગ્રહણ આદિ કારણોથી આચાર્ય આદિ આલોચના શ્રવણયોગ્ય થાય છે. (૨૬૦-૧૬૯૮)

**कंदप्पकुक्कुआइं, तह सीलसहावहासविगहाहिं ।**
**विम्हायंतो अ परं, कंदप्पं भावणं कुणइ ॥ २६१ ॥**

**कन्दर्प्पकौकुच्ये, तथा शीलस्वभावहसनविकथाभिः ।**
**विस्मापयंश्च परं, कान्दर्प्पी भावनां करोति ॥ २६१ ॥**

**અર્થ** – કંદર્પ (અટ્ટહાસ્યપૂર્વક હસવું, ગુરૂ વગેરેની સાથે કઠોર વક્રોક્તિ આદિ રૂપ આલાપો, કામકથા, ઉપદેશ, પ્રશંસા વગેરે કંદર્પ.) કૌકુચ્ય કાયથી અને વચનથી બે પ્રકારનું છે. કાયકૌકુચ્ય-પોતે નહિ હસીને ભવાં, આંખો આદિના વિકારોને એવી રીતે કરે, કે જેથી બીજો હસ્યા જ કરે. તેવી રીતે બોલે, કે જેથી બીજો હસે. નાનાવિધ જીવોના અવાજો કરે છે અને મુખથી વાજિંત્રનું વાદન કરે છે, તે વાક્કૌકુચ્ય કહેવાય છે. જે પ્રકારે બીજાને આશ્ચર્ય ઉત્પન્ન થાય તથા સ્વભાવ અટ્ટહાસ વગેરે હાસ્ય, પરને આશ્ચર્ય પમાડનાર વિવિધ આલાપના સમુદાય રૂપ વિકથાઓથી તથા શીલસ્વભાવ હાસ્ય વિકથાઓથી બીજાઓને આશ્ચર્ય પેદા કરનાર, કંદર્પ દેવોની ઉત્પત્તિમાં હેતુભૂત કાંદર્પ્પી ભાવનાને કરે છે. (૨૬૧-૧૬૯૯)

**मंताजोगं काउं, भूईकम्मं च जे पउंजंति ।**
**सायरसइड्ढिहेउं, अभिओगं भावणं कुणइ ॥ २६२ ॥**

**मंत्रयोगं कृत्वा, भूतिकर्म च यः प्रयुंक्ते ।**
**सातरसर्द्धिहेतोराभियोगीं भावनां करोति ॥ २६२ ॥**

**અર્થ** – મંત્રો અને યોગો (તથાવિધિ દ્રવ્યસંયોગ રૂપ યોગ)ને કરી ભસ્મથી (માટી-દોરાથી) રક્ષા માટેની ક્રિયા ભૂતિકર્મ-કૌતુક વગેરેનો જે સુખ

આદિ માટે પ્રયોગ કરે છે. અર્થાત્ પુષ્ટ આલંબનમાં નિઃસ્પૃહ મુનિને આમ કરનારને પણ દોષ નથી, પરન્તુ શ્રી જિનશાસનની પ્રભાવના રૂપ ગુણ જ થાય છે. તે અભિયોગી ભાવનાને કહે છે. (૨૬૨-૧૭૦૦)

**नाणस्स केवलीणं, धम्मायरिअस्स संघसाहूणं ।**
**माई अवण्णवाई, किव्विसिअं भावणं कुणइ ॥ २६३ ॥**

**ज्ञानस्य केवलिनां, धर्माचार्यस्य संघसाधूनाम् ।**
**मायी अवर्णवादी, किल्बिषिकी भावनां करोति ॥ २६३ ॥**

**અર્થ** – શ્રુતાદિ જ્ઞાનના, કેવલીઓના, ધર્માચાર્યના તથા સંઘ-સાધુઓના અવર્ણ (નિંદા) વાદી અને માયાવાળો, કિલ્બિષિકી ભાવનાને કરે છે. (૨૬૩-૧૭૦૦)

**अणुबद्धरोसपसरो, तह य निमित्तम्मि होइ पडिसेवी ।**
**एएहिं कारणेहिं, आसुरिअं भावणं कुणइ ॥ २६४ ॥**

**अनुबद्धरोषप्रसरः, तथा च निमित्ते भवति प्रतिसेवी ।**
**एताभ्यां कारणाभ्यामासुरीं भावनां करोति ॥ २६४ ॥**

**અર્થ** – અવિચ્છિન્ન રોષના ફેલાવાવાળો, તથા અપુષ્ટ આલંબનમાં પણ અતીત આદિનિમિત્તના વિષયમાં ભાષણ કરનારો-ભવિષ્યભાષી-જ્યોતિષીનું કાર્યકરનારો, એ બે કારણોથી આસુરી ભાવના કરે છે. (૨૬૪-૧૭૦૨)

**सत्थग्गहणं विसभक्खणं च, जलणं च जलप्पवेसो अ ।**
**अणायार भंडसेवा, जम्मणमरणाणि बंधंति ॥ २६५ ॥**

**शस्त्रग्रहणं विषभक्षणं च, ज्वलनं च जले प्रवेशश्च ।**
**अनाचारभाण्डसेवा, जन्ममरणानि बध्नन्ति ॥ २६५ ॥**

**અર્થ** – આપઘાતમાં શસ્ત્રનો પ્રયોગ, ઝેરનું ભક્ષણ, અગ્નિપ્રવેશ, જલપ્રવેશ, ભૃગુપાતાદિ અને અનાચાર ભાંડસેવા (હાસ્ય, મોહ આદિથી શાસ્ત્રવિહિત વ્યવહાર રૂપ આચારવિરુદ્ધ ઉપકરણોનો પરિભોગ), એ કારણોને સેવનારા જન્મ-મરણોના નિમિત્તભૂત કર્મોને બાંધે છે, કેમ કે-શસ્ત્રગ્રહણ વગેરે સંક્લેશના હેતુભૂત હોઈ અનંત ભવના મૂળ કારણો છે અહીં ઉન્માર્ગના સેવનથી અને માર્ગનો વિરોધ હોઈ અર્થની અપેક્ષાએ મોહી ભાવના કહેલ છે. આ અશુભ ભાવનાઓનું તાત્કાલિક ફળ દેવદુર્ગતિમાં ગમન અને પરંપર ફળ અનંત સંસારસાગરમાં ભમવાનું છે. (૨૬૫-૧૭૦૩)

**इइ पाउकरे बुद्धे, नायए परिनिव्वुए ।**
**छत्तीसं उत्तरज्झाए, भवसिद्धियसंमएत्ति बेमि ॥ २६६ ॥**

**इति प्रादुष्कृत्य बुद्धः, ज्ञातजः परिनिर्वृतः ।**
**षट्त्रिंशदुत्तराध्यायान्भवसिद्धिकसंमतान् इति ब्रवीमि ॥ २६६ ॥**

અર્થ – બુદ્ધ (કેવલજ્ઞાન દ્વારા સકલ વસ્તુતત્ત્વના જાણકાર) જ્ઞાતજ (સિદ્ધાર્થનંદન-જ્ઞાતકુલમાં ઉત્પન્ન થનાર) પરિનિર્વૃત્ત (કષાય વગેરેના તાપના ઉપશમથી પરમ સ્વસ્થ) શ્રીવર્ધમાનસ્વામીએ, ભવસિદ્ધિક રૂપ ભવ્યોને પરમ પ્રિય એવા છત્રીશ ઉત્તર (પ્રધાન) અધ્યયનો પ્રકાશિત કરેલ છે. આ પ્રમાણે હે જંબૂ ! હું કહું છું. (૨૬૬-૧૭૦૪)

ધર્મકલ્પવૃક્ષસ્કંધ રૂપ શ્રતસ્કંધનું નિર્યુક્તિકાર પણ માહાત્મ્ય જણાવતાં કહે છે કે-જે ખરેખર આસન્નસિદ્ધિવાળા રત્નત્રયીના આરાધક અને ગ્રંથિભેદવાળા ભવ્ય આત્માઓ છે, તે આ છત્રીશ ઉત્તરાધ્યયનોને ભણે છે.

જે અભવસિદ્ધિક (અભવ્ય) અને ગ્રંથિનો ભેદ નહિ કરનારા છે, તે ક્લિષ્ટ અનંતસંસારી છે. તે સંક્લિષ્ટ કર્મવાળાઓ ઉત્તરાધ્યયનના પઠનમાં અભવ્ય-અયોગ્ય છે.

આથી શ્રી જિનકથિત, અર્થભેદ રૂપ, અનંતગમોથી અને શબ્દપર્યાય રૂપ પર્યવોથી સંયુક્ત ઉત્તરાધ્યયનો, ઉપધાન આદિ ઉચિત ક્રિયા રૂપ યોગ પ્રમાણે ગુરૂના પ્રસાદથી ભણવા જોઈએ. તેમાં પ્રમાદ કરવો નહિ. શ્રતના અધ્યયનના અર્થીએ અવશ્ય ગુરૂઓને પસંદ કરવા જોઈએ-એમ અહીં ગર્ભિત સૂચન છે.

વિઘ્નરહિત જે આત્માના આરંભેલ આ ઉત્તરાધ્યયનો મહા મુશ્કેલીએ સમાપ્ત થાય છે, તે ભવ્ય આત્મા આ ઉત્તરાધ્યયનોને મેળવે છે. આ પ્રમાણે પૂર્વ ઋષિઓ કહે છે.

## છત્રીશમું શ્રી જીવાજીવવિભક્તિ-અધ્યયન સંપૂર્ણ

# સમાપ્ત

श्री ॐकाराय नमः श्री आदीश्वराय नमः श्री शांतिनाथाय नमः
॥ श्री लब्धि-भुवन-भद्रंकरसूरिश्वरेभ्यो नमः ॥

**आपका गौरवशाली दान....**
**बढाता है शासनकी शान....**
**और आप बनते हो महान....**

तीर्थमें आपका आगमन शासन की शोभा शुभ भावों से तीर्थ यात्रा करके भवोभव की मात्रा कम करने जरूर श्री ॐकार तीर्थमें पधारिये.....पधारिये.....

# श्री ॐकार तीर्थमें पधारिये

शुभाशिष : ॐकारतीर्थ स्थापक आ. श्री पुण्यानंदसूरीश्वरजी म.सा.

- श्री ॐकार तीर्थ बरोडा-अहमदाबाद हाईवे टच पदमला गांव के निकट छाणी तीर्थ से 8 कि.मी. की दूरी पर स्थित है ।
- विश्व की अजब अजायबी के समान विश्व में प्रथम 11 फुट लम्बाई, 8 फुट चौड़ाई ऐसे विशाल 'ॐ' में पंचपरमेष्ठी मूल गम्भारे में स्थापन ।
- आजू-बाजू दो गम्भारे में 41-41 इंच की परिकर सह श्री शंखेश्वर पार्श्वनाथ, श्री ॐकार पार्श्वनाथ प्रभु, जिनालय के भूमिगृह में कल्पसूत्र मन्दिर में सुवर्णमय 120 प्लेटों में बारसासूत्र तथा 134 फोटू 20''-30'' साइझ में विशाल आर्ट गैलेरी ।
- 25-25 इंच की अद्भुत श्री पुंडरीकस्वामी, श्री गौतमस्वामी की प्रतिष्ठा ।
- मुख्य रंग मंडप में 4 मंत्राक्षरों के विशाल कलायुक्त गौख ।
- आराधना भवन, श्री लब्धिभुवनविक्रम प्रवचन अतिथि होल, आराधना अतिथि भवन ।
- श्री पुण्यानंद भोजनशाला सह विशाल ॐकार दर्शन धर्मशाला 30 कमरे युक्त ।
- गुरू मंदिर, श्री माणिभद्रदेव, श्री पद्मावती माताजी के सुरम्य विशाल मन्दिर ।
- रायण वृक्ष के निचे [illegible] लात्मक देव कुलिका में श्री शत्रुंजय पट्ट तथा लक्ष[illegible]र दादा की चरण पादुका ।
- सुरम्य प्राकृतिक सौन्द[illegible] का जाप हेतु यात्रा करने पधारे ।
- तीर्थ सम्पर्क :- 026[illegible] A-२७८१ - वडोदरा.
- अग्रिम सूचना देने पर [illegible]गी ।

rving JinShasan
119011
gyanmandir kobatirth.or

: पावन स्थल :

**श्री ॐकार जैन तीर्थ**
( भद्रंकरनगर ) बड़ौदा-अहमदाबाद नेशनल हाईवे नं.-8,
( हाईवे स्थीत ) छाणी-वासद के मध्यमे, मु. पदमला.

Printed by - Kirit Graphics - 079-25352602